ઔદાર્યમય વ્યવહાર અન્યોઅન્યના સંશય હરે!
આ વર્ષ સચરાચર જગતને હર્ષ પરિપૂરિત કરે!

(૩)

જે યોગ્ય છે, તેને અભીપ્સિત શુભ ફળોની પ્રાપ્તિ હો!
જે છે અયોગ્ય અગણ્ય તેમાં યોગ્યતાની વ્યાપ્તિ હો!
ચિન્તાગ્નિના ઉત્તાપથી સુર્ણો હૃદય સહુ થાજો હરે!
આ વર્ષ સચરાચર જગતને હર્ષ પરિપુરિત કરે!

(૪)

અનુકરણ અતિ સદ્‌વૃત્તિઓનું સર્વથા સર્વત્ર હો!
દુર્વૃત્તિઓનું પરિહરણ પણ સર્વથા સર્વત્ર હો!
વિદ્વેષ વળી વૃથા વિવાદોથી રહે સહુ જન હરે!
આ વર્ષ સચરાચર જગતને હર્ષ પરિપૂરિત કરે!

'શારદા-વિહાર"
મંજાજરાંડ—સુરત

છોટુભાઇ દાજીભાઈ દેશાઈ.

પરમ પિતાને:—

(પૃથ્વી છંદ)

અનેક ભવનાં અહો! વિષય પાપ તું! કાપજે!
સદૈવ શિશુને વિભો! વિશદ બુદ્ધિ તું! આપજે!
મલિન મનના સદા કઠિન કલેશ તું! ટાળજે!
અનંત મમ પાપડાં તુજ મ્હેરથી બાળજે!
હજાર મમ દોષની વિબુધ! માફ તું આપજે!
વિદગ્ધ દિલમાં પિતા! પરમ શાંતિ તું! સ્થાપજે!
વિવેકહત-હું સદા વિપથચારી ને ભૂર્ણ છું.
દયાળુ, દીનનો ધણી, સગુણ સર્વનો ઈશ તું!
વિદારી વસમો મહા [illegible] પ્રભો! હાથ લે!
પ્રસાદી કરુણાનિધિ! અધમ બાળને નાથ દે!
અનેક ભવબંધનો પળમહિં કરી નાશ તું!
નિહાળ નિજદાસને ફરી ફરી કહું નાથ! હું.

રતુત્તમ ઉદ્દેશોને અમલમાં મૂકવા કરી આપેલી સરળતા માટે અમો તેનો આભાર માનીએ છીએ. ગતવર્ષ પ્રમાણે આ વર્ષમાં પણ રા. ભા. હીરાચંદ નેમચંદ ઝવેરી મોતીના ધર્મના કાંટાના પ્રમુખ-મુંબાઇ, રા. રા. ઇંદુભાઇ બાલમુકુંદદાસ, સુરત. શ્રીમાન શેઠ દુર્લભરામ રામજી, રા. શેઠ મણિલાલ રતનચંદ વગેરે તરફથી થતી ઉદાર સખાવતો ચાલુ રાખી અમોને અમારા કાર્યમાં ઉત્સાહ તથા અમારી આશાઓને, અમારા મંડળના હેતુઓને અમલમાં મૂકવા જે ઉત્તેજન આપ્યું છે, તે માટે તે સર્વનો અમો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ. તેમજ અમને આશા છે કે એવી રીતે હજી પણ અમને મદદ આપતા રહેશે.

આવી રીતે "દુર્વ્યસન નિષેધક, જીવદયા પ્રબોધક, અને નીતિ વર્ધક મંડળ તરફથી જીવદયા માટે, દુર્વ્યસન માટે તેમ નીતિના પ્રચાર માટે માજી તંત્રીએ પોતાથી બનતા પ્રયત્ન કીધા છે. અમો પરમ કૃપાળુ પ્રભુ પ્રત્યે સપ્રેમ પ્રાર્થના કરીએ છીએ કે, અમને અમારા સાતમા વર્ષમાં આ પારમાર્થિક કાર્યમાં સહાયભૂત થાઓ ! અમારા ઉત્સાહમાં પ્રતિદિન વૃદ્ધિ કરો ! અને ઉન્નતિક્રમના વિશ્વ નિયમને અનુસરી હજી એ વધારે ઉન્નતિ પથે અમને દોરો ! આ મંડળ લોકોની સંપાદન કરેલી પ્રીતિ જાગતી રાખી હજી વધારે પ્રીતિ પાત્ર થાઓ ! છેવટે જેમના લેખો અમો પ્રકટ કરી શક્યા નથી, તેમજ લેખોના દબાણથી ઘણા લેખો લાંબે સમયે પ્રકટ થયા પામ્યા છે, તે માટે અમો દીલગીરી જાહેર કરીએ છીએ !

દલતરાય દાંજીભાઇ દેશાઇ.

શ્રીમદ્ભગવદ્ગીતા.

(લેખક:—રા. રા. ભગવાન શિવશંકર ભટ્ટ—સુરત.)

અધ્યાય ૧૬ મો.

શ્રુણુ ! અભય, અન્તર શુદ્ધિ જ્ઞાન યોગવિષે સ્થિતિ;
સ્વાધ્યાય, દમ, તમ, યજ્ઞ, આર્જવ, દાન દૈવી સંપતિ. ૧

વળી અહિંસા, અક્રોધ, શાન્તિ, સત્ય, ત્યાગ, અપૈશુનિ;
અંકુશ, અકૂર, દયા, લજ્જા, સુદૃઢ દૈવી સંપતિ. ૨

વળી શૌચ, તેજ, ક્ષમા, ધૃતિ, અદ્રોહ નિર્માનિત અતિ.
છે પ્રાપ્ત એ જન્મેલ જે સંપાદી દૈવી સંપતિ. ૩

અતિમાન, ક્રોધ, હુંભાવ દંભજ, મદ્‌ગર્વજ, અજ્ઞાનતા,
છે પ્રાપ્ત એ જન્મેલ જે સંપાદી આસુરીસંપદા. ૪

છે દૈવી સંપદ મોક્ષ માટે, આસુરી કર્દ બંધને;
જન્મેલ દૈવી સંપતિ સહ, પાર્થ! ના કર શોકને; ૫

આ લોકમાં ભૂતસર્ગ, અર્જુન! દૈવને આસુર બે;
કહ્યો દૈવ મેં વિસ્તારથી હવે આસુરી મુજથી સુણે. ૬

આસુરીજન નથી જાણતા શું ધર્મ! તેમ અધર્મ શું!
તે માટ તેમાં શૌચ કે આચાર, સત્ય નથી રહ્યું. ૭

તે અસત્યને અપ્રતિષ્ટ માને અનીશ્વર આ જગ રહ્યું;
વળી પરસ્પર સમ્બન્ધ સંભૂત, કામ હેતુક—અન્ય નહિ ૮

એ દૃષ્ટિને આશ્રય કરી નષ્ટાત્મ, અલ્પમતિજ જે;
તે ઉગ્રકર્મી શત્રુ જન્મે જગતના ક્ષય કારણે ૯

વળી અસંતુષ્ટજ કામ-આશ્રિત, દંભ, [illegible], મદે કરી;
થઇ અશુચિવ્રત તે અવિવેકે પ્રવર્તે [illegible]. ૧૦

આ મરણ જેહ અમાપ ચિન્તાને રહ્યા [illegible] આશ્રયી;
વળી 'વિષયના ઉપભોગ, છે પુરૂષાર્થી'—[illegible] નિશ્ચયી. ૧૧

વળી બદ્ધ આશાપાશ શતથી, કામ-[illegible] જે,
રહે અર્થસંચય ઇચ્છતા, અન્યાયથી વિષયાર્થ તે. ૧૨

કહે-હાલ આ મેં મેળવ્યું વળી-અન્ય [illegible] પામીશ હું;
છે આટલું તો, કરીશ વળી હું-પ્રાપ્ત કરીને આટલું. ૧૩

મેં હણ્યો છે આ શત્રુને, વળી-અન્યને [illegible] હણીશ હું;
હું ભોગી, હું ઈશ્વર વળી, હું-બલીન, સિદ્ધ, સુખીજ છું. ૧૪

ધનવાન ને કુલવાન છું, મુજ તુલ્ય બીજો કો નથી;
યશું યાગ-દાને મુદિત, કહે-અજ્ઞાન [illegible] મોહિત આસુરી. ૧૫

વિભ્રાન્ત અતિ સંકલ્પમાં, મોહ (મોહ) જાળે આવૃત થતાં;
આસક્ત ભોગ વિલાસમાં, તે-અશુચિ નરકે જતા. ૧૬

વળી આત્મસંભાવિત મૂઢ-ધન, માન. [illegible] યજ્ઞો યુક્ત જે;
તે નામ માત્રજ યજ્ઞને વિધિ રહિત બહુ વટે કરે. ૧૭

બલ, કામ, ક્રોધ, અહંમતિ, દર્પાશ્રયી, [illegible]-અશુચ જે;
તે-સ્વ-પર-દેહે સ્થિત હુને દ્વેષી નરકે જાય છે. ૧૮

નર અધમ, દ્વેષી ક્રૂર, નિત્યજ અશુભ-કર્મી-તેહને;
સર્જ્યા વી - આ સંસારમાં હું નાંખું આસુર યોનિએ. ૧૯
હે પાર્થ! આસુર યોનિ પામી મૂઢ જન્મે જન્મમાં;
નવ કરે પ્રાપ્તજ મને તેથી-અધમ ગતિને પામતા. ૨૦
વળી આત્મનાશન ત્રિવિધ આ છે નરકનું દ્વારજ ખરે;
તે કામ, ક્રોધનજ, લોભ, માટે-એ ત્રણે ત્યાગજ કરે. ૨૧
હે પાર્થ આ ત્રણ નરક કેરાં દ્વારથી નર મુક્ત જે;
તે આત્મશ્રેયજ આચરે તે થકી પરમ ગતિ જ લહે. ૨૨
વળી શાસ્ત્ર વિધિ પરિત્યાગી ઇચ્છા માત્રથી જે વર્તતો;
તે હૃદય શુદ્ધિ, પરમ સુખ, નથી પરમગતિને પામતો. ૨૩
તે માટ કાર્ય-અકાર્ય સમજી, શાસ્ત્ર તુંજ પ્રમાણજે;
શાસ્ત્રોક્ત કર્મજ જાણી હ્યાં યુદ્ધાદિ કરવા યોગ્ય છે. ૨૪

અમીના

(ગતાંકથી ચાલુ)

ષષ્ઠ પરિચ્છેદ.

દિવસ ગયે રાત થાય છે, રાત તિતે દિવસ. ગમે તો તોફાન થાય, ગમે તો વરસાદ વરસે, તેથી તે નિયમનું ઉલ્લંઘન નથી થતું. કાળી રાત પણ વીતી ગઇ, ફરી સવાર થયું. જેની રાત સુખની હતી તેને માલૂમ નહિં પડે કે રાત્રિ કેવી રીતે વીતી મીરજાની સુખની રાત કોણ જાણે કેવી રીતે વીતી ગઇ-કેવી રીતે સવાર થયું, તે તેમને કશું પણ જણાયું નહિં. અને તેમના ઘેરના લોઢાની રાત દુઃખની હતી, તે લોઢાની આખી રાત કેવી રીતે ગઇ તે તેમને સારી રીતે યાદ છે.

સવાર થતાંજ મીરજાની શોધ માટે ચારે તરફ સમાચાર મોકલવામાં આવ્યા. પરંતુ દિવસના દશ વાગ્યા સુધી કંઇ પણ ભાળ મળી નહિં. હમો તો એમ સમજીએ છીએ કે મીરજાનું સવાર હજુ પણ થયું નથી. તે હજુ કયાં સુખની નિદ્રામાં અચેત પડયાં હશે.

કંઈ પંણ હોય, દશ થઇ ગયા, પણ મીરજાંના સમાચાર મળ્યા નહિં. બાર વાગતાં લગભગ મીરજાંના એક દોસ્તે કહેવડાવી મોકલ્યું કે તે હમારે ત્યાં છે, અને આજ હમારે ત્યાંજ ભોજન પણ કરશે. સંધ્યાના સમયે હમો જાને તેમને ઘેર મુકી જઇશું કંઈ ચિંતા જેવું નથી. મીરજાંની માતા જાણતી હતી કે મીરજાનો મિત્ર લક્ષ્મીશંકર એક સારી ચાલચલણનો યુવાન છે, તેથી આ સમાચારથી તે ઘણાં સુચિત્ત થઈ ગયા.

ઘરની દાસી સવારમાં ઉઠી મકાન સાફ કરવા લાગી. રાતે તેની ઉંઘમાં વિઘ્ન પડયું હતું તેમજ માલીક કોણ જાણે ઘરમાંથી કયાં જતા રહ્યા તેની ચિન્તામાં પડી હતી. તેથી મંછીના મનની દશા સારી ન હતી. મંછીનો પહેલો શિકાર મળ્યો ઘરનો નોકર ગોપીઓ. ગોપીઆના આવતાંજ મંછીએ મધુર ભાષામાં તેનું સ્વાગત કર્યું. તે સ્વાગતનો થોડોક ભાગ જરા સાંભળો. મંછી ગોપીઆને જોતાંજ બોલી ઉઠી–"ભવાની તારો ભોગ લે! નિમકહરામ માલીકનો પગાર નથી ખાતો! સાંજ થતાં વાર નથી થતી કે કયાં ગંછતી કરે છે? કાલે રાતે કની હું ન હોત તો ભાઇ જીવતા રહેત નહિં. ત્યારે પગાર ગણી ગણીને કોણ આપત? નિમકહરામી!"

ગોપીઓ મંછીથી આવો હાર્દિક સ્વાગત પામી આશ્ચર્ય પામ્યો. મનમાં વિચારવા લાગ્યો–કાલે રાત્રે કંઈ ભારે ઉપદ્રવ આવી પડી હશે. હું અહિં રાત્રે ન રહ્યો, એ અનુચિત થયું છે. તેથી મંછીના સંભાષણનો તેણે કંઈ ઉત્તર આપ્યો નહિં. પરંતુ કોઇને કંઈ પૂછી જોવાનું સાહસ પણ થયું નહિં. અન્તમાં કંઈ વિચાર કરી ધીરે ધીરે હુસીના પાસે જઇ પૂછવા લાગ્યો–"રાત્રે ભાઇને શું થયું હતું?"

હુસીના શો ઉત્તર આપે, તે સમજી શકી નહિં. થોડા સમય બાદ બોલી–"ભાઇ બીમાર થઇ ગયા હતા."

બીમારીની વાત સાંભળી ઝટપટ ગોપીઓ ભાઇના સુવાના કમરામાં ગયો. પરંતુ ત્યાં તેમને જોયા નહિં. અમીના ત્યાં બેઠી હતી. તેને કંઈ પૂંછવાનું સાહસ ગોપીઆને થયું નહિં. અમીનાએ ગોપીઆને જોતાંજ પોતાના માલીકને શોધી લાવવા કહ્યું. તેથી હજુ પણ ગોપીઆને ભાઇની બીમારીની પાકી વાત મળી નહિં. આ તરફ હુસીના મંછીનો ઢંગ જોઇ બ્હી ગઇ કંઈ પોતાના ભાઇના કલંકની વાત બ્હાર પ્રકાશ કરી ન દે. તેથી તેને એકાંતમાં લઇ જઇ કહ્યું–"મંછી! તને મારા માથાના સમ, કાલ રાત વાળી વાત કોઇને કહીશ નહિ!"

હુસીના અને ગોપીઓ–આ મકાનમાં, મંછીના શિકાર હતા, તે બન્નેપર તે પોતે પોતાનો ગુસ્સો ઉતારતી હતી. ગોપીઆની વારી આવી–હવે હુસીનાને જોઇ ગર્જી ઉઠી–"મારી વાત જરા સાંભળો. આખો દિવસ હમો કામ દોડી કરીને, વાસણ માંજી માંજીને મરી જઇએ અને પેલો મુવો ગોપીઓ આખો દિવસ ફરતો ફરે અને રાત્રે પણ કોણ જાણે કયાં ભટકે તેને તો કાંઇ કહેતાં નથી. આ મુઇ ડીક સહેલી મુખરો જડી ગઇ છે કે તેનેજ [illegible] કરવું. ખરસાંડીની વાડમાં કૈંક ઝોક હોય બાકી, હેરામણીની વાડમાં કોઇ નહિં. મને બોલવાનું ના કહેજો–શું બોદામાં દાઝો માર? તે જુલમ કે બીજું કાંઇ!"

હુસીના મંછીનો સ્વભાવ સારી પેઠે જાણતી હતી. કોઇ તેને કહેતું તો તેનો અર્થ તે સીધી રીતે નથી લેતી. તેનો પોતાનો એ સ્વતંત્ર ઢંગ હતો. જ્યારે તે ધુનમાં રહેતી,

ત્યારે બીજાની ભલાઇ બૂરાઇ પણ તે ધૂનમાં લક્ષ લેતી હતી. તેના આ રોગની વાત હુસીના જાણતી હતી; તેમ તે રોગની દવા પણ તેને માલૂમ હતી. જેથી હુસીનાએ ગભરાઇ, પોતાના ભાઇની ભલાઇ વિચારી તેવી દવાથી કામ લીધું. મંછીના હાથમાં એક રૂપીઓ મૂકી કહ્યું–" મંછી તને તો હમો એક ઘરના માણસ તરીકે માનીએ છીએ; જો, કાલની વાત કોઇને કહીશ તો, ભાઇની નિંદા થશે. તું જાણી જોઇને ભાઇની નિંદા કેમ કરીશ ? મંછી ! "

ચમકદાર ગોળ ગોળ ચાંદીના ટુકડાની મોહિની શક્તિથી સૌ વાતો ભૂલી જઇ મંછી આનંદથી ગદ ગદ કંઠે બોલી–" હે દાદી ! તમે. આ શું બોલો છો ? ભાઇની નિંદા હમો કરીએ–તો મારા બાપની બેટી શાની. ભાઇની નિંદા કરે, તેના હું નાક કાપી લઉં, ગાળો દઇને તેની સાત પેઢીની ખબર લઉ–ત્યારે પાણી પીઉં. "

હુસીનાએ ધીરેથી કહ્યું–" કોઇને ગળા બાળ દેવાની કશી જરૂર નથી, તું કોઇને આ વાત કહીશ નહિં. બસ, હું વધારે કાંઇ ઇચ્છતી નથી. "

મંછી બોલી–" તે વાત શા માટે બીજાને કહું, મારૂં મોઢું તે વાત કહેતાં બળી જાએ. હે ભવાની માતા મારી વ્હારે ધાજે ! "

હુસીના નિશ્ચિંત થઇને ચાલી ગઇ. પણ મંછી આપત્તિમાં ફસઇ ગઇ. હવે તેનાથી બોલી શકાતું નથી. કેમકે જ્યારે તે કોઇને કંઇ કહેવા જાય છે તો તેજ રાતની વાત પહેલાં તેના મુખમાંથી નિકળે છે. આજ ચૂપચાપ તેણે વાસણ માંજી, ઘરમાંથી પુંજો કાઢયો, પણ ઓટલામાં તેનું પેટ ફુલવા લાગ્યું તેના પેટમાં ગોટા વળવા લાગ્યા, તે ત્યાં સુધી ઘરના અંદર રહી, બહારના કોઇ માણસની ભેટ થઇ નહિં. જેથી રાતની વાત કોઇને કહી શકાઇ નહિં. પણ તેથી શું ! હુસીનાએ પોતાના માથાના સમ દઇને કોઇને તે વાત ન કહેવા કહ્યું છે, ઉપરથી એક રૂપીઓ નગદ પણ આપ્યો છે, તો આજ વાંચક તમોજ બતાવો, કોઇને કહ્યાં સિવાય કેમ રહી શકાય ? હવે તે કોઇને કહેશે નહિં તો તેના પ્રાણ સુધ્ધાં પણ જતા રહેશે. તો આપ લોકજ બતાવો, હુસીનાનું માથું મોટું છે, રૂપિઓ મોટો છે, અથવા મંછીનો પોતાનો જીવ મોટો છે ? બતાવો, આપજ લોક ! બતાવો, પ્રાણથી વધીને બીજી કઇ વસ્તુ દુનિઆમાં મોટી છે ?

પરંતુ પરમેશ્વર મહા કરૂણામય છે; દુખિયાનું દુઃખ દૂર કરનાર નારાયણથી વધીને બીજો કોઇ નથી. મંછીનું પેટ ફુલેલું દયાસાગરથી કેમ જોઇ શકાય, સાક્ષાત્ પરમેશ્વરે મંછીનું દુઃખ દૂર કરવાનો, ઉપાય કરી દીધો. ગોપીઓ મીરજાની શોધ માટે ધૂમી રહ્યો હતો, જેથી શાક લેવા બજાર કોણ જાય ! આજે બજાર જવું મંછીને માથે આવી પડયું. મંછી બજાર જવા માટે ઘરમાંથી બહાર નીકળી. પહેલાં તો કોઇના સાથે કંઇ બોલી નહિં, દાંતો પર દાંત દબાવી મોંઢું સંતાડી જવા લાગી. ઓટલામાં મહોલ્લાની એક દાસીની ભેટ થઇ ગઇ. તેણે પૂછયું–"કેમ છો બ્હેન ! આજે તમો બજાર કેમ જાવો છો ?

મંછી બિચારીથી હવે બોલ્યા વગર કેવી રીતે રહી શકાય. વિવશ થઇને તેને કહેવું પડયું–"શું કરૂં બ્હેન ! ગોપીઓ ભાઇને શોધવા ગયો છે જેથી મારે આવવું પડયું, બ્હેનો નહિં તો બજાર મારે શા માટે આવવું પડે."

. દાસી આટલું સાંભળી આગળ વધી. પણ તે ચાલી જતે તો મંછીની દશા શી થાય. તે દાસી એક બે વાતો બીજી પૂછી લેત તો ધર્મના દરબારમાં મંછીને છુટકારો મલત, પરંતુ તે દાસી ખંધી હતી. તે મોટી મોટી ફલંગો મારતી આગળ જવા લાગી. તે ઉતાવળી જતી જોઇ મંછી બોલાવવા લાગી "હે બ્હેન ! અરે સાંભળ તો ખરી ! કાલે રાતે મીરબંભાઇ દારૂ પી બેહોશ થઇ ગયા હતા. પંખો નાખી, પાણી છાંટી છાંટી હોશમાં લાવ્યા. જોયી બ્હેન ! તેમનાં બ્હેને મને તેમના માથાનાં સમ દઇને કહ્યું કે આ વાત કોઇને કહિશ નહિં, ત્યારે આ વાત ચર્ચાવીને શી મતલબ બ્હેન ! તમોજ કહો હમો નિમકહરામી કેમ થઇએ " દાસી આ વાત સાંભળી હસતી હસતી ગઇ. મંછીએ એક મોટો શ્વાસ લીધો. તેનું પેટ ચડયું હતું તે ઉતરી ગયું, ત્યારે તે જોની સાથે બેટ થઇ. તેને તે મન મુકીને તે રાતની વાત કહેવા લાગી. અગ્નિ હોલવવા હુસીનાએ જે પાણી નાખ્યું હતું દુર્ભાગ્યથી તે પાણી ઘી બની ગયું. (અપૂર્ણ)

જગત્ ખ્વાર કીધું તમાકુને ભૂકે!

(જગત્ ખ્વાર કીધું તમાકુને ભૂકે–એ લોકગીત ઉપરથી સૂચિત)

જગત્ ખ્વાર કીધું તમાકુને ભૂકે !
આબાલ વૃદ્ધ શુદ્ધ–સાન ખોઇ સહુ પૂકે !
અરરે નહિ બુદ્ધ કે અબુદ્ધ કોઈ ચૂકે !
જગત્ ખ્વાર કીધું તમાકુને ભૂકે ! ટેક

(૧)

નથી આદ્ય કે ક્ષુધા જરાય જાય !
નથી પેય કે તૃષાય તૃપ્ત થાય !
નથી સ્વાદ્ય વા સુગંધ કે સુંઘાય !
ક્ષુધા જાય તૃપ્તિ થાય ના, ન ભૂકે !
અરરે નહિ બુદ્ધ કે અબુદ્ધ કોઈ ચૂકે.—જગત

(૨)

જો ખવાય તો મુખ ખરાબ થાય !
થાય ગંદુ ઘરજ આખું, જો પીવાય !

થાય લૂગડાં મલીન ને સુંવાય!
થાય ખાનાખરાબી સર્વ ચૂકે!
* * *
અરરે નહિ શુદ્ધ કે અશુદ્ધ કોઇ ચૂકે!—જગત્

(૩)

હાય કેટલી અનુપ ફળદ્રુપ ભૂમિ જાય
ભૂમિ જાય તમાકુમાં, જાર બાજરી ન થાય!
જાર બાજરી ન થાય, રંક ભૂખથી પીડાય!
બહુ ભૂખથી પીડાય કાળ ચૂકે!
* * *
અરરે નહિ શુદ્ધ કે અશુદ્ધ કોઇ ચૂકે!—જગત્

(૪)

ગૃહે ગૃહથી અપ્રમાણ દ્રવ્ય જાય!
વહી જાય નદી, ઉદધિ ભરાય!
ઉદધિ ભરાય, અમેરિકા ધની થાય!
થાય રંક ભરતખંડ શંખ ફૂંકે!
અરરે નહિ શુદ્ધ કે અશુદ્ધ કોઇ ચૂકે!
* * *
જગત્ ખ્વાર કીધું તમાકુને ભૂકે!

કાલિયાવાડી. } મણિભાઇ ખંડુભાંઇ દેશાઈ.

જાનવરોને અભયદાન આપવા માટે નામદાર દેશી રાજ્યકર્તાઓની હજુર અરજ.

નેક નામદાર સાહેબ,

દયા, ઉદારતા, અને દેશની આબાદાની વગેરે માટે આપ નામદાર સાહેબ જાણીતા હોવાથી આજે મુંબઈના શ્રી જીવદયા જ્ઞાનપ્રસારક ફંડ તરફથી હું નીચે સહી કરનાર આપની સેવામાં નીચે પ્રમાણે અરજ ગુજારવાની રજા લઉં છું.

ઇંગ્લાંડ, ફ્રાન્સ, અમેરિકા, જરમની વગેરે પાશ્ચાત્ય દેશોમાં જુદી જુદી શોધખોળોને પરિણામે વિદ્વાન વિજ્ઞાનશાસ્ત્રીઓ (Scientists) તથા ડૉકટરો એવા

નિર્ણય ઉપર આવ્યા છે કે માંસાહારથી કેટલીક વખત ભયંકર, અસાધ્ય અને અસહ્ય દરદોના સપાટામાં આપણા માંસાહારી ભાઇઓ ફસાઈ પડે છે, કારણ કે તે તત્ત્વ એટલું બધું રોગીષ્ટ છે કે તેને માટે ગમે તેટલી સંભાળ રાખવામાં આવે તોપણ જે જાનવરને કાપવામાં આવ્યું હોય તે નીરોગી જાનવર હોય છતાં તેનું માંસ વેચતી વખતે બીજા રોગી જાનવરોના માંસ સાથે તે મળી જવાથી રોગી જાનવરોના જુદા જુદા ચેપી અથવા તેવાં બીજા દરદોના નાશકારક જંતુ તેમાં મળી જાય છે અને પરિણામે ખાનારને ભિન્ન ભિન્ન પ્રકારની વ્યાધિને શરણ થવું પડેછે.

એ બાબતમાં હજારો અભિપ્રાયોમાંથી આ ટુંકી અરજીમાં હું આપની હજુરમાં વિલાયતના એક ઘણાજ વિદ્વાન અને જાણીતા બાહોશ વિજ્ઞાનશાસ્ત્રી ડૉકટર અલેકઝાંડર હેગ, એમ. એ., એમ. ડી., એફ્. આર. સી. પી. ના માત્ર એકજ અભિપ્રાયનો જાણવા જેવો ફકરો આ નીચે રજુ કરવાની રજા લઉં છું:—

"આપણે જેટલાં ઘણુંજ ભયંકર દરદો સહન કરીએ છીએ તે સેંકડે ૭૫ ટકા (કે જે દરદો ખરૂં પુછાવો તો બીલકુલ દરદ છેજ નહિ પણ અકુદરતી ઓરાકનાં ઝેર છે), આપણી વધતી જતી ઘેલછા, આપણામાં વધતાં જતાં નાસુરનાં દરદો, નબળાઈ અને આપણી અધોગાત એ સર્વે કુદરતના શિક્ષણને આપણે વેગળે મુકીએ છીએ, તે હોવું જોઇએ અને કુદરત કહે છે તેમાં કાંઈ ખોટું નથી કે માણસ એક ફળાહારી પ્રાણી છે પણ માંસાહારી નથીજ."

એ રીતે માંસાહાર શરીરને રોગીષ્ટ બનાવે છે તેના અસંખ્ય અને અગણિત દાખલાઓ વ્યવહારિક રીતે હવે તો સાબીત થઇ ચુકેલા હોવાથી હિંદુસ્થાન તો શું પણ દેશના જુદા જુદા માંસાહારી દેશોમાં પણ માંસાહારને સદાને માટે તિલાંજલિ મળતી જાય છે અને તેમ થવાથી ખેતીને ઉપયોગી તેમજ બીજાં જાનવરોનું રક્ષણ થવાથી ખેતીકારો, રાજા–પ્રજા વગેરે ખેતી દુધ, દહીં તેમજ જાનવરોની મહેનત તથા જાતથી મળતી કીમતી વસ્તુઓનો છુટથી ઉપયોગ કરવાનો, પરમાત્મા પ્રસંગ પ્રાપ્ત કરાવશે એવી આશા રાખી શકાય છે.

આપ નામદાર તો સહેજ સમજી શકો તેમ છો કે રાજ્ય અને પ્રજાની જાહોજલાલી આપણા દેશમાં તો ખાસ કરીને ખેતીવાડીનાજ પ્રતાપે છે, અને તેમાં જાનવરોની પહેલી મદદની જરૂર પડે છે. બીજાઓ કરતાં ખેતીકાર તેની કીંમત વધુ સમજી શકે છે અને તેવાં જાનવરોનો જ્યારે દિનપ્રતિદિન નાશ વધતો ગયો ત્યારે ખેતીનાં જાનવરોની અછત થતી ગઇ તથા ઓલાદ નબળી પડતી ગઈ કે જેને પરિણામે પ્રથમ કરતાં ખેતીકારો તથા જાનવરો હાલ નિસ્તેજ, બલહીન, અને ગરીબ થઇ પડયા છે અને તેનો ઉદ્ધાર કરવો એ દયાળુ રાજ્યકર્તાની એક

પવિત્ર ફરજ છે. કારણ કે નિર્દોષ, ઉપકારી, મુંગાં પ્રાણીઓ પણ રાજ્યની એક રૈયત છે બલ્કે ખેતીવાડીના કામમાં પોતાની સેવાનો અગત્યનો ભાગ ભજવનારાં કીમતી પ્રાણીઓ છે.

કેળવાયલા રાજકર્તાઓએ પોતાના રાજ્યનું હિત ખેતીનાં જનવરોનું તેમજ માણસોનું રક્ષણ કરવામાંજ સમાયેલું ગણ્યું છે. અર્થ શાસ્ત્રની રૂએ મહારે આપ નામદાર હજુર હુંજી પણ ભાર દઇને અરજ કરવાની અગત્ય લાગે છે કે આબાદીવાળા રાજ્યકર્તા થવામાં મૂળ મદદ ખેતીની મહેસુલજ છે.

ખેતી ઉપરાંત દુધ, દહીં, ઘી વીગેરે કીમતી અને ઉપયોગી વસ્તુઓનો ભાવ તાલ તરફ નજર કરવાથી માલુમ પડે છે કે ગરીબોને તેનો લાભ મળી શકતો નથી, એટલુંજ નહિ પણ શ્રીમંતોને પણ દેતે પૈસે ચોખ્ખું દુધ વગેરે પ્રાપ્ત થઈ શકતું નથી, એ શું દુધાળાં જનવરોની અછત બતાવતું નથી ? દુધ દહીં તો શું પણ છાશ જેવી સાધારણ પણ ઉપયોગી વસ્તુઓ કે જે ગરીબ લોકોના નિર્વાહ તુલ્ય હતી તેનાં પણ અફસોસ કે હવે દર્શન માત્ર પણ ગરીબોને દુર્લભ થઈ પડવાનો વખત આવી પહોંચ્યો છે, અને તેથી આવાં સબળ કારણોને લઇનેજ મુંબઇના નામદાર દીલસોજ ગવર્નર સાહેબ લોર્ડ વીલીંગડન સાહેબ ખેતીનાં તથા દુધાળાં જનવરોને બચાવી તેને આશ્રય આપવાની જાહેર પ્રજાને ખેતીવાડી કોન્ફરન્સો લેગી કરીને તેમજ જુદી જુદી રીતે આગ્રહપૂર્વક ભલામણ કરે છે–નેક સલાહ આપે છે.

માંસાહારથી દારૂની તલપ પણ વધે છે એવો પણ વિદ્વાનોનો મત છે અને દારૂના વ્યસનથી થતી અનેક હાનિઓ તો આપ નામદારના ધ્યાન બહાર હોવીજ નોઇએ નહિ, સબબ તે બદી પણ અટકાવવી આવશ્યક છે. અર્થાત્ દારૂની બદી વનસ્પત્યાહાર વગર અટકી શકતી નથીજ.

ઉપર પ્રમાણે ખેતીવાડીની, અધમ અવસ્થા, દરદો, નિર્દયતા વગેરેનું મુખ્ય કારણ માંસાહારજ છે પણ તેને ખોરાક તરીકે લોકો ગણતા હોવાથી સત્તાવાર રીતે તો તે બનવું કદાચ મુશકેલ થઇ પડે. તેમાં શક નથી, અને તેવી માંગણી આપ નામદારના દયાળુ સ્વભાવનો લાભ લઈ કરવી એ પણ મુનાસબ નથી, તોપણ માંસાહારથી થતાં દરદો તથા ખેતીવાડીનાં જનવરોનું રક્ષણ કરવાથી થતા ફાયદા વગેરે પ્રકારનું જ્ઞાન લોકોમાં આપ નામદારના રાજ્યની નિશાળો મારફત આપવામાં આવ્યું હોય તો મને ખાત્રી છે કે તેથી ઘણોજ ફાયદો થવાનો દેખીતી રીતે સંભવ છે, અને તેમ થવાથી ભવિષ્યમાં મનુષ્ય તથા મુંગા જનવરોરૂપી આપ નામદારની પ્રજાને પણ ફાયદોજ થવાનો તેમાં

શકજ નથી તો તે બાબતનું કાંઇ પણ સાહિત્ય આપ નામદારના રાજ્યમાં જોઇતું હોય તો તેનું પ્રોસ્પેકટસ પણ આ સાથે સામેલ રાખવામાં આવ્યું છે તે ઉપરથી આપ નામદાર જે સાહિત્ય મંગાવવા મહેરબાની કરશો તે ત્વરાથી આપ નામદારની હજુરમાં જેટલું જોઇશે તેટલું રવાના કરવામાં આવશે.

છેવટમાં અરજ એજ કે કેટલીક વખતે ખટારાવાળાઓ પોતે જાનવરો ઉપર હદ ઉપરાંત બોજો ભરે છે અને તેથી જાનવરો જ્યારે તે તાણી શકવા અસમર્થ નીવડે છે અને સાધારણ ઝડપથી ચાલી શકતાં નથી ત્યારે તે સ્વાર્થી અને નિર્દય ખટારાવાળાઓ તેના ઉપર પરોણી (આર) નો ઉપયોગ કરી દુઃખ ઉપર ડામ દેવા જેવું કરે છે અને તેથી તેને પરોણી (આર) વાગી હોય તે જગ્યા લોહી લુહાણ થઇ જાય છે અને કેટલીક વખતે પાકી પડે છે. ઘણીક વખત કાંધ પાકેલા તેમજ બીજી વ્યાધિવાળાં દરદીઓની પાસેથી પણ જાનવરોના તે જુલમી માલેકો કામ લે છે, માટે તેવાં જાનવરોની ઉપર તેવા પ્રકારનું પણ નિર્દય ઘાતકીપણું અટકાવવાનો જોકે આપ નામદારના રાજ્યમાં કાયદો તો હશેજ તોપણ તે બાબત હું આપ નામદારનું મુબારક ધ્યાન ખેંચવા રજા લઉં છું.

આવાં ઘાતકીપણાં નામદાર બ્રીટીશ સરકાર તથા દેશી રાજ્યો જેવાં કે વડોદરા, જુનાગઢ, તેમજ તેવાં સ્થળોએ અટકાવવા સખ્ત બંદોબસ્ત થયો છે, અને દયાના કાયદાનો ભંગ કરનાર ગુન્હેગાર ઉપર મેજીસ્ટ્રેટની કોર્ટમાં જીવદયાના એજંટો કેસ ચલાવી તેને શિક્ષા કરાવે છે, માટે એવી શૈલી આપ નામદારના રાજ્યમાં પણ દાખલ થવા પામે એવી મ્હારી નમ્ર અરજ છે.

આપ દયાળુ રાજ્યકર્તા હોવાથી મનુષ્ય તથા જાનવરોનાં દુઃખ સહેજે સમજી શકવા સમર્થ છો, તેથી આપ નામદારને વિશેષ લખી આપ નામદારનો ઘણોજ કીમતી વખત રોકવાની જરૂર નથી. તોપણ આ મ્હારી નમ્ર અરજી ઉપર આપ નામદાર ધ્યાન આપવાની મહેરબાની કરશો તો શ્રી જીવદયા જ્ઞાનપ્રસારક ફંડ પોતાને કૃતાર્થ થયેલું માનશે તેમાં કાંઇ પણ શક નથી. હાલ એજ અરજ. તસ્દી માફ.

હું છું,
આપ નામદારનો નમ્ર સેવક,
લલ્લુભાઇ ગુલાબચંદ ઝવેરી,
ઑનરરી મેનેજર,
શ્રી જીવદયા જ્ઞાનપ્રસારક ફંડ, મુંબઇ.

શ્રી જીવદયા જ્ઞાનપ્રસારક ફંડ,
૩૦૬, રાજા બજાર-મુંબઇ નં. ૨.

વીરબાળા.

(એક સત્ય ઘંટના)

ચંદ્રપ્રભા લખનૌ છાવણીની એક કુલીન ક્ષત્રીયની કન્યા હતી, તેનો વિવાહ સંબન્ધ એજ જાતિના એક સાધારણ શિક્ષિત યુવક સાથે થયો હતો. ચંદ્રપ્રભાનાં માતાપિતા શિક્ષિત અને સંસ્કારી હોવાથી પોતાની કન્યાને વીર અને શીલવતી બનાવવા માટે તેને શિશુ વયથીજ નૈતિક અને ધાર્મિક શિક્ષણ આપ્યું હતું. ચંદ્રપ્રભાના ઈશ્વરદત્ત સૌંદર્યે તેને અતિ પ્રસિદ્ધીમાં આણી હતી. તે સાથે તેનું આત્મિક બંધન પણ ઓછું નહોતું. "પુત્રના લક્ષણ પારણામાંથી" એ સુત્રાનુસાર ચંદ્રપ્રભાના પરિચયમાં આવતાં સર્વ તેના ચરિત્રની મુક્ત કંઠે પ્રશંસા કરતાં, અને ધારતાં કે ચંદ્રપ્રભા ભવિષ્યમાં દેવીરૂપે ઓળખાશે.

(૨)

આજે ચંદ્રપ્રભા પોતાના અંગપર નવીન શુભોભિત અને કીમતી વસ્ત્રાભૂષણો પરિધાન કરી આનંદમાં ફરતી દેખાય છે. પોતાના કોઇ સંબંધીને ત્યાં બીજે ગામ લગ્ન પ્રસંગપર જવાનું હોવાથી પોતાના પ્રિયપતિની માર્ગ પ્રતીક્ષા કરી રહી છે, એટલામાં શુભોભિત વસ્ત્રોથી સજ્જ થઈ પોતાના પતિને આવતાં દેખી તેના આનંદમાં અપૂર્વ વૃદ્ધિ થઇ, અને થોડા સમયમાંજ અતિ ઉત્કંઠાથી એ પતિ-પત્ની સામેના ગામ જવા માટે વિદાય થયાં. માર્ગ ઉજડ અને વિકટ હોવાથી રૈયતના રક્ષણાર્થે દયાળુ સરકારે તેવી ભયાનક જગ્યાએ એક પોલીસ થાણું બંધાવ્યું હતું, ત્યાં એક અમલદાર અને પાંચેક પોલીસ સિપાઇઓ બદમાસ ચોર અને લુટારૂઓથી રૈયતનું રક્ષણ કરવા રહેતા. ચંદ્રપ્રભા અને તેના પતિ તે ગેટ નજીક આવી પહોંચ્યાં, ગેટના અમલદારની દૃષ્ટિ ચંદ્રપ્રભા પર પડી. તેની સૌંદર્યયુક્ત મુખમુદ્રાએ અમલદારના હૃદયને વીંધી નાંખ્યું. અમલદાર તે અતુલ રૂપયુક્ત સુન્દરીને દેખી વિક્ષિપ્ત થઇ ગયો. ચંદ્રપ્રભાની સૌંદર્યપ્રભાથી આંખોને તૃપ્ત કરવા માટે અમલદારે તેના પતિને રોકવાના બરાદાથી બોલાવ્યો.

" એ.....આમ આવો ! તમે કોણ છો ? ક્યાં જાઓ છો ? તમારી આ, આ સ્ત્રી કોણ છે ?"

" હું જાતે ક્ષત્રિય છું, આ સામેના ગામમાં રહું છું અને સામે ગામ મારા સંબંધીને ત્યાં લગ્ન પ્રસંગે જાઉં છું. આ મારી સ્ત્રી છે."

" તમારા બોલવાપર મને શક જાય છે, તમો કોઇ અન્યની સ્ત્રીને નસાડી જાઓ છો !"

" નહિજી આપ ભૂલ ખાઓ છો !"

" તમારા જેવા ઘણા માણસો અહીં થઇને જાય છે, અને તમારા જેવુંજ તેઓ કહે છે, મારા ધારવા પ્રમાણે આ તમારી સ્ત્રી નથી, જો હોય તો પુરાવો લાવો."

"આ જંગલમાં કોનો પુરાવો લાવું ?"

"સામેના ગામમાં જઈ લઇ આવો, અને ત્યાં સુધી આ સ્ત્રીને સામેની ઓરડીમાં બેસાડી બારણા બંધ કરી તેને તાળું મારી ચાવી તમારી સાથે લેતા જાઓ."

"આપ અમને નાહક હેરાન કરો છો."

"તેમ કરવા મને હક છે."

ચંદ્રપ્રભાના પતિએ વિચાર્યું કે—આ હડીયો મદોન્મત્ત અમલદાર સમજ્યો સમજ્યો નહિ, માટે સાસરેના ગામમાં પાછો જઈ પોલીસ પટેલની ચિઠ્ઠી લખાવી લાવું. ચંદ્રપ્રભાને ઓરડીમાં પુરી તેની ચાવી મારી પાસે રાખવા કહ્યું છે એટલે કંઈ હરકત જેવું નથી. સત્તા આગળ શાણપણ શા કામનું ?

(૩)

અહા ! મારાપર ખુદાની ઘણી નિગાહ છે, મહેનત બર આવી, આખરે પ્રપંચજાળમાં શિકાર સપડાયો તો ખરો ! ! જંગલની ગેટનો ખરો લાભ તે આજ ! બસ હવે તો આનંદ અને મોજ મજાહ ! પુરાવો લઇ પાછો આવતાં ચારેક કલાક લાગશે, તેટલા સમયમાં કોણ છે કહેનાર કે ટોકનાર ! એમ વિચારમાં ને વિચારમાં ઓરડી નજીક જઈ દરવાજો ખોલી તાળું તોડી ફેંકી દીધું. અને ઉપરથી આનંદ પરંતુ અંદરથી ધડકતે હૃદયે ઓરડી અંદર દાખલ થયો.

ચંદ્રપ્રભા પોતાના પતિ માફક તદ્દન ભોળી નહોતી, તેમજ ઉપર જણાવી ગયાં પ્રમાણે તે શિક્ષિત અને વીર સ્ત્રી હતી, પ્રાચીન ઇતિહાસ પુરાણોમાં એવી ઘણી ઘટનાઓ તેના વાંચનમાં આવી હતી. તેમજ અમલદારની હૃદય ઇચ્છા તે સમજી ચુકી હતી, તેથી તે એ સમય માટે તદ્દન તૈયાર હતી તેણે વિચાર્યું કે ભલે ગમે તેમ થાઓ, પણ હું મારા સતીત્વનું રક્ષણ કરી શકીશ ! મરવું એ મનુષ્યને એકજ વાર હોય છે, તો પછી ચિંતા શા માટે કરવી જોઇએ ? જોઉં છું હવે શું થાય છે ? વિચાર યુક્ત ચંદ્રપ્રભા ઓરડીની એક બાજુએ ઉભી હતી. અમલદારને અંદર આવેલો જોઇ તેની આંખો લાલચોળ થઇ તેમાંથી અગ્નિ ઝરવા લાગ્યો, શરીર કંપવા લાગ્યું. હૃદય ઉછાળા મારવા લાગ્યું ! અને તે એક ભીષણ મૂર્તિ જુની. અમલદાર તરફ કઠોર દૃષ્ટિથી જોઇ રહી. અમલદારે ઓરડીમાં દાખલ થઇ હાથમાંની તરવાર એક ખૂંટી ઉપર ભેરવી. ચંદ્રપ્રભા તરફ જોઇ બોલ્યોઃ—

પ્યારી ! મનમાં ગભરાઇશ, હું મૂર્ખ નથી, તેમજ તને હેરાન કરવા મારી ઇચ્છા નથી, હું તારા પ્રેમ અને જોબનરસનો યાચક છું: અત્યારે ગેટના એક અમલદાર તરીકે તારી સામે ઉભો નથી ! પરંતુ એક દીન-ભિક્ષુક તારી દયા યાચતો અને તારાં મીઠાં મોહક અને મધુર વચનો સાંભળવાની જીજ્ઞાસાવાળો તારો સેવક છું. પ્યારી ! બોલ-ચાલી નજરથી જો ! હું કોણ છું તેનો વિચાર કર ! ધારું તો ત્રણ દિવસ તને અને તારા પતિને કેદ કરી શકું છું. માટે મારી સામું જો અને હસતે વદને મને બોલાવ !!

ઉપર જણાવી ગયા પ્રમાણે ભવિષ્યમાં ઉપસ્થિત થનારી ઘટનાને માટે ચંદ્રપ્રભા તૈયાર જ હતી. જેટ અમલદારનાં તુચ્છતાયુક્ત દીન વચનો તેને બાણસમ હૃદયમાં ભોંકાતાં વીર જુસ્સાથી તેનું આખું હૃદય ધ્રુજી ઉઠયું હતું. તેણે એક શબ્દ પણ ઉચ્ચાર્યા સિવાય જુસ્સાથી અમલદારને એવો તો ધક્કો માર્યો કે અમલદાર બા ખુદા પોકારતાં જમીનપર પટકાઇ પડયો! તો પણ "ભીંયાં પડયા પણ તંગડી ઉંચી" એ મુજબ જાણે કંઇપણ ન થયું હોય તેમ કૃત્રિમ આનંદ ધારણ કરી ચંદ્રપ્રભાને પકડવા આગળ વધ્યો. અમલદાર જમીનપર પટકાઇ પડયો; તે વખતે લાગ જોઇ સામે ખીંટીપર લટકાવેલી તરવાર ચંદ્રપ્રભાએ પોતાની પાસે લઇ લીધી હતી. અમલદારને પોતાની સામે પુનઃ આવતો જોઇ તરવારને જરાક બહાર કાઢી અતિ ક્રોધથી બોલી;—"નૃશંસ! ખબરદાર! એક તસુ પણ આગળ વધ્યો તો! પાપી! તારા પાપનો ઘડો આજે ભરાઇ ગયો છે! બિચારી ઘણી સ્ત્રીઓનાં સતીત્વને તેં આ ઠેકાણે નષ્ટ કર્યાં હશે, પરંતુ ઇશ્વર કૃપાથી આજે આજ ઠેકાણે તારે નષ્ટ થવાનો સમય સમીપ આવી પહોંચ્યો છે! દુષ્ટ! તું સિંહણને છેડી સાર નથી કાઢવાનો! હજી પણ હું દયા આણું છું, તો તારા પ્રત્યે સમજતો નહિ, પણ તારાં સ્ત્રી-પુત્રોની! તે તને વ્હાલાં હોય તેમને ભેટવાની તારી અભિલાષા હોય તો સીધો સીધો ઓરડી બહાર નીકળી જા, અને તારા નીચ વર્તન માટે પસ્તાવો કર! બોલ શું ઇચ્છે છે? જીવન કે મોત?"

ચંદ્રપ્રભાના સતીત્વના જુસ્સાભર્યા શબ્દો સાંભળી અમલદાર અચકાયો, અને ઝંખવાણો પડી ગયો. થોડી પળો સુધી તે ત્યાંથી એક તસુ પણ આગળ વધી શકયો નહિ. બહાવરા સરખો. કાષ્ટ પુતળી સમ ઉભો રહ્યો.

"ચંદ્રપ્રભાનાં બોલી રહેવા બાદ તેનો હાથ પકડી લેવાના ઇરાદાથી અમલદાર એકદમ આગળ ધસ્યો, તેવીજ ચંદ્રપ્રભા એકદમ ચાર ડગલા પાછળ હટી ગઇ, અને જુસ્સાથી તરવારનો એક એવો તો સખત પ્રહાર કર્યો કે તરતજ "મર ગયો; મેરા બાવા"ની હૃદયભેદક ચીસ પાડી અમલદાર જમીનપર પટકાઇ પડયો! ખુની બનેલી ચંદ્રપ્રભાએ ક્રોધથી કહ્યું; "દુષ્ટ! પાપાત્મા! તારા કર્મનું ફળ ભોગવ! દુરાત્મા તું આ શિક્ષાનેજ લાયક હતો! મને અબળા સમજી મારૂં સતીત્વ નષ્ટ કરવા તૈયાર થયો હતો, પણ જો નીચ! નષ્ટ આખરે તુંજ થયો!

(૪)

તલવાર હાથમાં લઇ ચંદ્રપ્રભા અતિ ભયાનક સ્વરૂપમાં ઉભી હતી, તેની આંખોમાંથી રક્ત ટપકી રહ્યું હતું. જાણે આ વખતે તેણે સાક્ષાત્ ચંડીનું સ્વરૂપ ધારણ ન કર્યું હોય! તેમ દેખાતું. અમલદારની ચીસ સાંભળી આજુબાજુથી સિપાઇઓ દોડી-દોડી આવ્યા હતા. પરંતુ ઓરડીમાં જવા કોઇની હીંમત ચાલતી ન હતી. તરવારના પ્રહારથી જમીનપર પડેલો અમલદાર બેભાન હાલતમાં જમીનપર હાથપગ પછાડતો આમતેમ આળોટતો પડયો હતો. આખી ઓરડી દોહીથી ભરાઇ ગઇ. થોડા સમયમાંજ પોતાનાં પાપકર્મોનો હીસાબ આપવા અમલદાર ઇશ્વર દરબારમાં પહોંચી ગયો! ચંદ્રપ્રભા પોતાની પતિની માર્ગ પ્રતીક્ષા કરવા લાગી.

થોડા સમયબાદ પોતાના પતિને દૂરથી આવતા દીઠા. જે ઓરડીમાં ચંદ્રપ્રભાને પુરી મૂકેલી હતી, તે ઓરડીના દ્વાર ખુલ્લાં જોઇ તે ચમકયો. તેનું હૃદય ધબકવા લાગ્યું અને એકદમ દોટ મૂકી આગળ વધ્યો. ઓરડી આગળ આવતાંજ ચંદ્રપ્રભાને ચંડીના સ્વરૂપમાં જોઇ! જમીનપર મૃત હાલતમાં પડેલા ગેટ અમલદારને જોઇ તે એકદમ દિમૂઢ બની ગયો, તેનાથી ચંદ્રપ્રભા પ્રત્યે એક શબ્દ પણ બોલી શકાયો નહિ.

પોતાના પતિને સમીપ આવી પહોંચેલો જોઇ ચંદ્રપ્રભાએ તરવારને જમીનપર ફેંકી દીધી અને એકદમ ઓરડી બહાર આવી પતિને ભેટી પડી. તેની આંખોમાંથી ધોધસમ અશ્રુ પ્રવાહ વહેવા લાગ્યો. અસ્ખિ લોહી સ્વસ્થ થઇ તે બોલી, "આ દુરાત્મા મારૂં એ સતીત્વ નષ્ટ કરવા માટે પુરાવાનું બહાનું કાઢી આપને પાછા મોકલ્યા. બાદ તાળું તોડી ઓરડી અંદર દાખલ થયો. મેં તેની નહિ પણ તેનાં સ્ત્રી-પુત્રોની દયા ખાઇ સમજાવ્યો, પરંતુ તેના પાપનો ઘડો ભરાઇ રહેલો હોવાથી સમજ્યો નહિ, અને મારા સતીત્વને બદલે તે પોતેજ મારા હાથથી નષ્ટ થયો છે. હવે ભલે મારૂં જોઇએ તો થાય! ફાંસી કે જન્મટેપ નિકાલનો મને લેશમાત્ર પણ ભય નથી. ભલે કદાચ સરકાર મને દોષિત ઠરાવશે, પરંતુ ઇશ્વરના દરબારમાં નિર્દોષ છું! આપ શા માટે ઉદાસ થાઓ છો! હવે આપ મારાથી દૂર રહી જાઓ! જુઓ, સામેથી પેલી પોલીસપાર્ટી મને બંધન કરવા આવી પહોંચી.

પતિ-પત્ની પોલીસને આધીન થયાં, તેમના હાથમાં મજબુત લોઢાની બેડીઓ નંખાઇ, લગ્ન પ્રસંગપર મેહાલવાને બદલે તેઓ એકાન્તવાસ ભોગવવા વિદાય થયાં, ત્યારબાદ અમલદારના મૃતક શબનો પંચકયાસ કરી તેને અવલ મજલે પહોંચાડવાની ગોઠવણ થઇ ગઇ.

બસ આખા ગામમાં, મહોલ્લે મહોલ્લે અને ઘેરેઘેર એજ વાત ચર્ચાવા લાગી. નવરા મનુષ્યોને પાંચ દિવસનો મિસાલ મળ્યો. કેસ ચાલ્યા પૂર્વેજ જેને જેમ ભાવ્યું તેમ જજમેન્ટ આપવા માંડયું. ત્યારે બાદ સેસન કોર્ટમાં અમલદારના ખુન કેસની તપાસ શરૂ થઇ. ચંદ્રપ્રભાના પિતાએ પ્રખ્યાત બારીશ્ટરોને કેસ માટે રોકયા હતા. ચંદ્રપ્રભાની બેહદ બહાદુરીએ અધિકારીઓના હૃદયપર એવી તો અસર કરી હતી, કે નામદાર ન્યાયી સેસન જજે તેને 'નોટ-ગીલ્ટિ' (ગુનેગાર નથી) એમ ઠરાવી છોડી મૂકી, એટલુંજ નહિ પણ તેના વીરત્વની મુક્ત કંઠે પ્રશંસા કરી. તેણે કરેલા પ્રેમાણિક સાહસ માટે રૂા. ૪૦૦) ઇનામ આપ્યું. અચળ રહો એ બ્રિટીશ રાજ્ય અને તેનો ન્યાય! આ પતિવ્રતા દેવીની એ વીરતાભર્યા બનાવને વીતે હજી પૂરાં પંદર વર્ષ પણ થયાં નથી.*

આમલીરાન, સુરત. છગનલાલ મેતાપભાઇ ખંભાતી.

* 'માસ્કર' નામક હિન્દી માસિકમાંથી અનુવાદ.

રાઓનો રાફડો આજકાલ તો ગુજરાતમાં જબરો ફાટયો છે. અને પછી થોડા સમયમાં કંટાળી, કોઇ સારા માણસના સમાગમમાં આવવાથી "કંઇક કરવું" એવો અભિલાષ મનમાં ને મનમાં સમાવી, જ્યાંના ત્યાંજ રહી જવાના. સ્વાશ્રયથી દરેક બાબતનું સંપૂર્ણ જ્ઞાન થતાં કેટલી મહેનતે કેટલું થાય છે, તે ખ્યાલ આવવાથી સ્વભાવ શાંત ધીરો, અને આશાવાદી થાય છે અને સાથે સાથે, modest પણ થાય છે તેથી કામ કરવું તે કામને માટેજ, અને કામ કરવામાંજ ધર્મ છે, ફળ મેળવવામાં નથી. कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन । એ મહાન સૂત્ર જીવનમાં જોવવી દેવાય છે.

સમસ્ત જીવન વૃત્તાંતપર રતંજ દૃષ્ટિપાત કરતાં માલૂમ પડે છે કે આત્મ ચરિત્ર હોવાથી વિનયને લીધે લેખક પોતે શું શું કેવી રીતે કર્યું અને દરેક સ્વાર્થ ત્યાગ કરી આત્મબળ કેમ મેળવ્યું તેનો બરાબર ખુલાસો થતો નથી, અને ફક્ત ટસ્કેજી સંસ્થાના હેવાલ તરફ (પરિશિષ્ટ) ન જોતાં જીવન વૃત્તાંતજ જોઇએ તો બુકર-ટી-વોશીંગ્ટનના પોતાના શબ્દો "જીવન વૃતાંત લખવા જેવું મેં શું કર્યું છે." એ વાક્ય ખરાં લાગે.

પણ એક ગરીબ ગુલામડીને પેટે અવતરી યુનાઇટેડ સ્ટેટસના પ્રમુખ સાહેબ સાથે હસ્ત ધુનન કરવાનું સુભાગ્ય પ્રાપ્ત કરનાર, ગોરાઓ પાસે મુક્ત કંઠે પોતાને પણ કાંઈક શિખવા જેવું ટસ્કેજી સંસ્થામાંથી મળે છે એવું ઉચ્ચરાવનાર, " હેમ્પટન સંસ્થાએ બુકર-ટી-ને એન્યુએટ કર્યા સિવાય અન્ય કાંઇ પણ ન કર્યું હોત તો પણ બસ છે. એમ પેપરો પાસે લખાવનાર, અમેરિકાના ગવર્નરો અને એન્ડ્રુકારનેગી જેવા કરોડપતિ સાથે બેસનાર, પોતાની હયાતીમાંજ દેશ વિદેશના સાહિત્યમાં સ્થાન મેળવનાર બુકર ટેલીફર વોશીંગ્ટનનાં જીવનનું રહસ્યજ સ્વાશ્રય—

છોટાલાલ ભીમભાઇ દેશાઇ.

એક આદર્શરૂપ જીવન

—(૦)—

પ્રભુના પરમભક્ત નરસિંહ મહેતા.

(ગતાંકથી ચાલુ)

સજ્જનો ! આ બુદ્ધિવાદના જમાનામાં "નરસિંહ મહેતાને મહાદેવજી પ્રસન્ન થયા," "વિમાનમાં બેસાડી તેમને સ્વર્ગમાં લઇ ગયા," "ત્યાં વિષ્ણુ ભગવાને તેમને રાસ બતાવ્યો" વગેરે વગેરે બાબતો આપણને અસંભવિત લાગે છે. વળી પૌરાણિક કથાઓ તેમજ રામાયણ મહાભારતના કેટલાક આલંકારિક ભાષામાં વર્ણવાયલા પ્રસંગો પણ એવાજ અસંભવિત લાગે છે, અજ્ઞાનને લીધે અસંભવિત માને છે એટલુંજ નહિ પરંતુ તેવી બાબતોને કેવળ ગપ્પાં

સમજી તેના તરફ તિરસ્કારની નજરથી જોવા જેવી ઘેલાઇ કરવામાં પણ કેટલાક ચૂકતા નથી. ગૃહસ્થો ! વિષય મણો ગહન હોવાથી એનો સંપૂર્ણ ખુલાસો કરવાની તો મારી બુદ્ધિ-શક્તિ નથી, પરંતુ જે કંઇ વિચાર ઉદ્ભવે છે તે આપની સમક્ષ રજુ કરવો એ મારી ફરજ સમજું છું.

સામાન્ય બુદ્ધિ નથી સ્વીકારતી એવી બાબતો અસંભવિત છે એમ ઠોકી બેસાડી તેના તરફ તિરસ્કાર બુદ્ધિથી જોવું, તે બાબતો સમજવા તરફ બેદરકાર રહેવું, એને પ્રથમથીજ એ તો પુરાણી બાવાની બડબડજ છે, એમ મનમાં હાંસી પછી તેના તરફ ઉપલક દૃષ્ટિએ જોવું એ ખરેખર એક પ્રકારની ધૃષ્ટતાજ છે. સૂક્ષ્મ બુદ્ધિવાળા તત્ત્વજ્ઞ વિદ્વજ્જનો એવી બાબતોને ગપ્પાં સમજતા નથી, પરંતુ તેને યથાયોગ્ય સમજવા પ્રયત્ન કરે છે. એવી સૂક્ષ્મ રીતે જોનારા તત્ત્વવેત્તાઓ આપણાં સકળ ધર્મશાસ્ત્રોના ત્રણ વર્ગ પડે છે; શબ્દપ્રધાન, અર્થપ્રધાન અને ધ્વનિપ્રધાન. જેમાં દર્શાવેલી આજ્ઞાને સંપૂર્ણ રીતે અનુસરવાનું છે, અને જેમાં ભિન્નભિન્ન રીતે અર્થ બેસાડવાની જરૂર પડતી નથી, પરંતુ સર્વ કોઇ એકસરખી રીતેજ જેની શબ્દ રચના ઉપરથી ઉદ્ભવતા અર્થને સ્વીકારે છે તે શાસ્ત્રો શબ્દપ્રધાન જેના શબ્દે શબ્દને અનુસરવાનું એવાં કહેવાય છે. વેદાદિ સર્વ શ્રુતિગ્રંથોનો આમાં સમાવેશ થઇ જાય છે. બીજા પ્રકારના ગ્રંથો કે જેને અર્થપ્રધાન ગણવામાં આવે છે, તેમાં લખેલી બાબતો બહુ આલંકારિક ભાષામાં વર્ણવાએલી છે જેના ઉપલક દૃષ્ટિએ નીકળી આવતા અર્થને અનુસરવાનું નથી, પરંતુ સૂક્ષ્મ રીતે વિચારનારા વિદ્વાન પુરૂષો તેમાંથી વ્યાવહારિક ઉપયોગિતાનો અર્થ ફલિત કરી તેના પોષણ અર્થે વપરાએલો સર્વ શબ્દ ચમત્કૃતિ મૂકે છે. પુરાણ ઇતિહાસાદિનો આ પ્રકારમાં સમાવેશ થઇ જાય છે. એ પ્રકારનાં પુસ્તકોમાં બોધકંચનો રૂપષ્ટ શબ્દોમાં કહેવામાં આવેલાં હોતાં નથી, પરંતુ દૃષ્ટાંતદ્વારા મનુષ્ય જાતિને નીતિમાન ભક્તિમાન અને બુદ્ધિમાન બનાવવાનો કીમતી બોધ આપવામાં આવેલો હોય છે. નીતિ ખુલ્લા શબ્દોમાં દર્શાવવા કરતાં એક દૃષ્ટાંતદ્વારા કર્તવ્ય અને અકર્તવ્યનું ભાન કરાવવાથી તેની વધારે બળવાન અસર થાય છે. આથી મનુષ્યની જુદી-જુદી સદ્વૃત્તિઓને પોષણ આપવામાં અને દુર્વૃત્તિઓનું છેદન કરવામાં આ પ્રકારનાં પુસ્તકો ઘણાં ઉપકારક નીવડે છે. ત્રીજા પ્રકારમાં કાવ્ય માત્રનો સમાવેશ થાય છે. એમાં શબ્દ અને અર્થગૌણ હોય છે અને શબ્દશક્તિ અને અર્થશક્તિને આધારે રહેલા વ્યંજના વ્યાપારથીજ સહૃદય જનોનાં હૃદયને આકર્ષી કાર્યાકાર્ય તરફ યથાયોગ્ય રાગદ્વેષ ઉત્પન્ન કરાવવાની તેમાં શક્તિ હોય છે માટે તેને ધ્વનિપ્રધાન કહેવામાં આવે છે. દૃષ્ટાંતમાં શબ્દપ્રધાન ગ્રંથો પ્રભુ સંમિત હોઇ રાજાની આજ્ઞા પેઠે અસત્ય માર્ગે જતા રોકી સત્ય માર્ગે વાળે છે; અર્થપ્રધાન ગ્રંથો મિત્રસંમિત્ત હોઇ રૂપષ્ટ શબ્દોમાં કલ્યાણ માર્ગે વાળવાનો બોધ ન કરતાં સારાંસાર વસ્તુથી મિશ્રિત દૃશ્યો આપણી સમક્ષ રજુ કરી તેમાંની સારયુક્ત વસ્તુ તરફ આપણને પ્રીતિ ઉપજાવે છે, અને અસાર વસ્તુ તરફ અપ્રીતિ ઉપજાવી તેને ગ્રહણ કરતાં રોકે છે; અને ધ્વનિપ્રધાન ગ્રંથો કાન્તા સંમિત હોઇ પ્રીતિ પેઠે આલ્હાદ પમાડી વ્યંગ્ય રીતે કર્તવ્યનું ભાન કરાવે છે. નરસિંહ મહેતા સંબંધી જે

બુદ્ધિવાદ ન સ્વીકારે. એવી બીના આપણે સાંભળીએ છીએ તે આમ અર્થદૃષ્ટિએ જોતાં સંપૂર્ણ લાગે છે. નરસિંહ મહેતાને મહાદેવજી પ્રસન્ન થયા. ' ' તેમને સ્વર્ગમાં લઈ ગયા; ' વિષ્ણુ પરમાત્માના દર્શન કરાવ્યા, ' દિવ્ય રાસલીલા બતાવી,' એ વસ્તુઓ ખરેખર સત્ય નથી; પરંતુ એના ઉપરથી ઉદ્ભવ પામતાં તત્ત્વજ સત્ય સમજવાનાં છે.

સજ્જનો ! આ ઉપરથી સ્પષ્ટ રીતે આપણે એટલું તો સમજી શકીએ જ કે જંગલમાં ગયા પછી મહેતાને કોઇ સાધુસંતદ્વારા અથવા સ્વાનુભવથી શુદ્ધ ભક્તિની પ્રાપ્તિ થએલી હોવી જોઇએ, અને દુનીઆના સંપાટા સહન કરવા જેટલી શક્તિ તેમનાં હૃદયમાં આવેલી હોવી જોઇએ, કેમકે ભાઇભોજાઇના મહેણાંથીજ પોતે રિસાઇને દૃઢ નિશ્ચય કરીને બહાર નીકળી પડયા હતા, તે પોતાને ઘેર પાછા આવ્યા; અને ભાઇભોજાઇની તથા અન્ય નાતીલાઓનાં મહેણાંની દરકાર કર્યા વિના પોતાના કુટુંબ સાથે ભાઇથી જુદા રહી પોતાનો બાહ્ય દૃષ્ટિથી ગરીબ દેખાતો સંસાર શરૂ કર્યો હતો. મહેતા પોતે સંસારનું મિથ્યાપણું સારી રીતે સમજતા હતા, તો પણ તેમાં રહીનેજ પોતાના આત્માનું કલ્યાણ કરીને ભાવિ પ્રજાને માટે પોતાનો બોધપ્રદ ઉમદા આદર્શ મૂકયો છે; એથીજ સર્વ ભક્તજનોમાં તેમને આગળ પડતું સ્થાન આપવામાં આવે છે. સંસાર વ્યવહાર ત્યાગ કરીને, જંગલમાં જઇને, માયાનાં આવરણથી દૂર રહીને પ્રભુભક્તિમાં લીન થનાર કરતાં, સંસારના સર્વ વ્યવહારો નીતિથી ચલાવીને અને તેમાં સફળતા પ્રાપ્ત કરીને નિરંતર ભક્તિ પરાયણ જીવન ગાળનારે ભાગ્યવંત પુરૂષ હજાર ગણો પ્રશંસનીય અને પૂજનીય છે. તેમજ ઘરમાં એક ખૂણેજ બેસી રહીને સત્યવ્રત ધારણ કરી પોતાને હરિશ્ચંદ્ર સમજનાર કરતાં, સંસારની અનેક ધમાલોમાં પડયા છતાં તેમાં પોતાનું વ્રત દૃઢપણે પાળનાર પુરૂષજ ખરો સત્યશીળ ગણવાને યોગ્ય છે. કેમકે સંસારની ઉપાધિમાં રહેવાથી ઘણાક એવા પ્રસંગો પ્રાપ્ત થાય છે. સત્યવ્રત તજી દેવાનું મન થઇ જાયછે, પરંતુ એવી સંકડામણમાં પણ જે અંગપણે કમરકસી ઉભો રહે તેજ ખરો સત્યવાદી છે. નરસિંહ મહેતાના આ પ્રકારના વર્તનથી આપણને બીજો બોધ એ મળે છે કે આપણી પાસે ઘણું ધન હોય, જોઇતી સર્વ સામગ્રી હોય એવે પ્રસંગે લુચ્ચાઇથી દ્રવ્ય પ્રાપ્ત કરવાના વિચાર ન રાખીએ એ તો એક સહેલી વાત છે; પરંતુ ખરેખરી ભીડને વખતે, ખરેખરી આફતને વખતે પણ ટેક રાખી, ઇશ્વર ઉપર શ્રદ્ધા રાખી નીતિને માર્ગેજ દ્રવ્ય પ્રાપ્ત કરવા પ્રયત્ન કરીએ એજ આચરણની ખરી પવિત્રતા છે અને એમાંજ પ્રભુની કૃપા વસે છે. ત્રીજી બાબત એ છે કે ઇશ્વરકૃપાથી આપણે સારી સ્થિતિમાં મુકાયા હોઇએ અર્થાત્ આપણી દ્રવ્ય સંબંધી સ્થિતિ સારી હોય ત્યારે તો પરોપકારને અર્થે, સામાજિક સેવાને અર્થે દ્રવ્ય ખરચીએજ, પરંતુ જ્યારે આપણી સ્થિતિ સાધારણ હોય, મુશ્કેલીથીજ આપણા કુટુંબનું પોષણ કરતા હોઇએ એવે સંકડામણને સમયે પણ આપણું દીલ ઉમદા રહે અને પરમાર્થને માટે તત્પર રહેવાય એજ ખરી સાધુતા, એજ ખરૂં કલ્યાણ, અને એજ વિશ્વવ્યાપી પ્રેમનો ખરો અનુભવ છે.

ભાઇઓ ! આ ભક્તરાજના જીવનના દરેક દરેક ભાગમાં એવોજ બોધ રહેલો છે. જંગલમાંથી શુદ્ધ જ્ઞાન પામી જુનાગઢમાં પાછા આવી ભાઇ-ભોજાઇથી જુદા રહ્યા. તેમણે કૃષ્ણ પરમાત્માની મૂર્તિની સ્થાપના કરીને સમગ્ર ઇશ્વરની ભક્તિ કરી અને પૂર્ણ ભક્તિભાવથી

પૂજા કરવા માંડી. નિરંતર મહેતાજીના અખાડામાં તાલ, પખાજ વાગતાં અને શંખ ફુંકાતા. મહેતાજી સાધુસ તેનાં ટોળાં વચ્ચે પગે ઘુઘરા, કંઠમાં તુળસીની માળાઓનો મોટો થોકડો, માથે મોરપીછનો મુગટ અને કપાળમાં મોટું ઉભું ટીલું એવા વેરાગીના વેષમાં નાચતા અને કૃષ્ણકીર્તન કરતા. દુનીઆદારીવાળા લોકોને મહેતાજીની આ રીતભાત તદ્દન ગાંડા જેવી અને માયાના આવરણને લીધે અંધ બનેલા, ભક્તના હૃદયને અને પ્રભુના ખરા સ્વરૂપને નહિ ઓળખનારા અજ્ઞજનો, રસ્તે જતાં આવતાં મહેતાજીની અનેક પ્રકારે ચેષ્ટા કરતા, ઘરમાં તેમની સ્ત્રી માણેક મહેતી પણ વખતે વખતે સંતાપજનક શબ્દો કહેતી, પરંતુ મહેતાજીએ કશાની દરકાર રાખ્યા વિના પોતાનું દૃઢ શ્રદ્ધાવાળું ભક્તિપરાયણ જીવન શાંતપણે ગુજારતા હતા; અને પ્રભુના ભાવિક ભક્તોને ઈશ્વરના સત્ય જ્ઞાનનો બોધ કરી આનંદ પામતા. આવા પ્રકારની મનની એકાગ્રતા, હૃદયની ઉચ્ચ ભાવના અને સંસારની અસારતાની દૃઢ માન્યતાને લીધે તેમનું હૃદય એવું તો સરળ થઇ ગયું હતું, અને તેમની વૃત્તિઓ એવી તો શાંત થઇ ગઇ હતી કે સંસારની અનેક વિટંબણાઓમાં પણ આ ભક્ત કવિને કંઇજ લાગતું નહિ. નિરંતર ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખતા, અને પ્રભુ એમણે વિટંબણાઓમાંથી દરેક પ્રસંગે બચાવી લેતા.

નરસિંહ મહેતાના પુત્ર સામળનાં વિવાહ સંબંધી હકીકત એમ છે વડનગરના દીવાન મદનમહેતાએ પોતાની દીકરી જુડીબાઇનું વેવિશાળ કરવા માટે જબરા રસાલા સાથે એક દીક્ષિતને જુનાગઢ મોકલ્યો. મદનમહેતાએ જુનાગઢના પોતાના એક બાળસ્નેહી સારંગધર ઉપર ભલામણ-પત્ર લખી આપ્યો હતો. એમ કહેવાય છે કે સારંગધર જુનાગઢમાં એક એકને ભુલાવે તેવા ઘણાક રૂપગુણવાળા વર બતાવ્યા, પરંતુ ભાવી પ્રબળ છે. દીક્ષિતને એક પણ પસંદ ન પડ્યો, અને બધા નાગરો ટીલવો ટીલવો કહીને જેને ચીડવતા તે નરસિંહ મહેતાનો પુત્ર સામળ તેને સર્વ રૂપગુણનો ભંડાર લાગ્યો. અહા! ઈશ્વરની લીલા ન્યારીજ છે. આ બાબત કેટલી બધી અસંભવિત લાગે છે કે એક વેરાગીના અખાડા જેવું મુંપડું, ચંદનના ઢગલા અને તુળસીકાષ્ટના ભારારૂપી મીલકત, અને પગમાં ઘુઘરા બાંધી વેરાગીના ટોળા વચ્ચે નાચનારનો પુત્ર પસંદ થયો, અને તેની સાથે લક્ષ્મીપતિની કન્યાનું વેવિશાળ! પ્રભુના અનેક ચમત્કારોમાંનો આ ચમત્કાર નહિ તો બીજું શું? "ભાવી પ્રબળ છે" એની ખાતરી શું આ ઉપરથી આપણને નથી થતી? વેવિશાળ્યા દીક્ષિતને નરસિંહમહેતાએ શું કહ્યું હતું તે યાદ કરો.

દીક્ષિતે જ્યારે સામળ સાથે મદનમહેતાની દીકરી જુડીબાઇના વેવિશાળની પોતાની ઇચ્છા જણાવી ત્યારે પ્રત્યુત્તરમાં નરસિંહમહેતાએ કહ્યું કે "અરર! આ શું બોલ્યા? કંઇક વિચાર તો કરો. ઘર ભૂલ્યા, ગામ ભૂલ્યા કે દિશા ભૂલ્યા? દીક્ષિતજી, અમારી જ્ઞાતમાં ઘણા પૈસાવાળાનાં ઘર છે, જેમને હીરા-મોતીની માળાઓ છે, તથા તેમના દીકરા કસબી પીતાંબર અને કીંમતી દાગીના પહેરી જ્ઞાતમાં જમવા જાય છે. એવા તમારી નજરમાં ન બેઠા તો બાવા ટોપી પહેરનાર તથા લંગોટીવાળા, ગોપીચંદનનાં ટીલાં કરી, તુલસીની માળા ઘાલનાર છે તે તમારી નજરમાં શું આવશે? વળી બિચારી એ ગર્ભશ્રીમંતાઇમાં ઉછરેલી કન્યા અહીં આવીને ખાશે શું? અહીં તો કદાપિ ગોપ સેવકનું સાધું આવે તો લાડવાએ કરીએ, નહીં

તો ત્રણ ત્રણ દિવસના ઉપાડાએ થાય." અહો આ તે કેવું નિખાલસ હૃદય! આ તે કેવી સ્વાર્પણવૃત્તિ! પોતાની સત્ય સ્થિતિનું નિવેદન કરી પોતાનાજ પુત્રના વેવિશાળની નાખુશી બતાવવી એ તે કેવી ઉન્નત હૃદયની સાધુતા!

ભાઇઓ! આનું નામજ ખરી ઉદારતા! ખરૂં જોતાં આવા પુરૂષોનાં ઉંચાં વર્તન એજ ભાવી પ્રજાને માટે મોટો વારસો છે. અનેક પ્રકારના છળપ્રપંચ કરીને, અનેકનાં ગળાં રૂંસીને, પોતાની શક્તિ પ્રમાણે જનકલ્યાણનાં કામોમાં ખરચવી જોઇતી રકમ ન ખરચીને પોતાનાં છોકરાં માટે હજારો કે લાખો રૂપીઆનો વારસો મૂકી જાય તેના કરતાં નીતિએ વર્તીને દ્રવ્ય પ્રાપ્ત કરે, અને તેનો પોતાના કુટુંબના કલ્યાણને અર્થે અને સામાજિક સેવાને અર્થે યોગ્ય વ્યય કરી પોતાની સુકીર્તિનો વારસો મૂકી જાય તે હજાર દરજ્જે શ્રેષ્ઠ છે.

વળી નરસિંહમહેતાની ઉદારવૃત્તિનો એક બીજો પ્રસંગ જોઇએ. નરસિંહમહેતાનું હૃદય એટલું તો પવિત્ર હતું કે જેને બદ્ધારની ઉપાધિઓ અપવિત્ર કરી શકેજ નહિ. દૃઢ ભક્તિભાવવાળાં સર્વ મનુષ્યો એકસરખીજ રીતે પ્રભુની કૃપાને પાત્ર છે, એવા ઉદાર વિચારવાળા નરસિંહમહેતાએ કેટલ વૈષ્ણવોને ત્યાં જાહેર રીતે કૃષ્ણકીર્તન કરેલું, જેથી નાતીલાઓએ તેમને ઘણી ઘણી પજવણી કરી હતી તથા નાતબહાર મૂકયા હતા. પ્રભુએ એવો ચમત્કાર બતાવ્યો કે નાગરની એક પંગત જમવા બેઠેલી ત્યાં દરેક નાગર સાથે એક એક કેટલ જમવા બેઠો હોય એમ સર્વેએ જોયું. આથી શરમીંદા બની છેવટે નરસિંહમહેતાની ક્ષમા યાચી નાતમાં લીધા, અને પ્રભુએ પ્રસન્ન થઇ મહેતાને વરદાન આપ્યું ત્યારે તેમણે માગ્યું કે "નાગરી નાતમાં કોઇ નાગો ભૂખ્યો રહે નહિ." ખરેખર, મહાન પુરૂષોનાં હૃદય પણ મહાનજ હોય છે. નરસિંહમહેતાની એ માગણીથી કહો કે તેમની શુભાશીષથી કહો, ગમે તેમ કહો પરંતુ તેમના નાતીલાઓમાં અદ્યાપિ કોઇ પણ નાગર એક રંક સ્થિતિનો જોવામાં આવતો નથી, અને સઘળા નાગરો ઉંચા પ્રકારની કેળવણી લઇ રાજકાજમાં આગળ પડતો ભાગ લે છે.

ક્યાં એ પ્રભુમય જીવન ગાળનાર મહાત્મા અને ક્યાં તારૂં મારૂં કરી મરી જનારા આપણા જેવા પામર જીવો! ક્યાં એ દિવ્ય હૃદયવાળા આર્યપ્રજાના પુરૂષો અને ક્યાં પોતાનાજ ભાઇઓનું હિત કરવા કોઇ તત્પર થતું હોય તેમાં આડે આવનાર અને તેને તોડી પાડનાર કમનશીબ માણસો! ભાઇઓ! નરસિંહ મહેતાનું આખુ જીવન આપણને કીમતી બોધ આપનારૂં છે એટલે તેના એવા પ્રસંગો ગણવાનો પાર આવે તેમ નથી આથી છેવટ એકજ પ્રસંગનું દિગ્દર્શન કરાવી આ વ્યાખ્યાન પૂરૂં કરીશ.

મહેતાજીને પ્રભુ ઉપર એવો તો દૃઢ વિશ્વાસ હતો કે પોતાની સાંસારિક ઉપાધિ માટે તેઓ નિરંતર બેદરકાર રહેતા. આપણે સર્વ દૃઢપણે માનીએ છીએ કે સંસાર સુખરૂપ ચલાવવાને માટે દ્રવ્યનો બીલકુલ સંચય કર્યા વગર હજારો રૂપીઆનાં ખર્ચ પોતાના જીવનના જુદા જુદા પ્રસંગોમા (સામળનો વિવાહ, કુંવરબાઇનું મોમરૂં, પિતાનું શ્રાદ્ધ વગેરેમાં) કાઢયાં છે. તેમના જીવનનો એ ખુબી ભર્યો ભાગ આપણાં હૃદયને બહુ અજબ રીતે આકર્ષે છે. જ્યારે દીક્ષિત સામળનો વિવાહ કરવા આવ્યો ત્યારે ગોળધાણા વગેરે વહેંચવા માટે તેણે મહેતાને અમુક રકમ આપી કે તરતજ તે પ્રભુના યાગ માટે સાધુસંતોને આપી દીધી! ખરેખર "ધનનો વૈરાગ એજ કીર્તિ કમાવાનું પ્રથમ પગથીઉં છે." ધનની લમણા રાખેલા આપણે ધનવાન થવાના નથી, પરંતુ સર્વ કોઇને તેની યથાશક્તિ મળીજ રહે છે એવી દૃઢ ભાવના રાખી મળેલી સંપત્તિનો આપણાથી અને તેટલો સામાજિક સેવા અર્થે ઉપયોગ કરવો એજ એક માર્ગ છે.

પોષ શુક્લપક્ષ પૂર્ણિમા—
વિક્રમાર્ક ૧૯૭૧ } નારણભાઇ વાયજીભાઇ પટેલ.

સ્વીકાર અને સમાલોચના.

યોગવાસિષ્ઠ મહારામાયણ ભાગ ૧ લો—પ્રકાશક સ્વામી શ્રી ભિક્ષુ અખંડાનંદજી-મંત્રી, સ્વરૂપ સાહિત્યવર્ધક કાર્યાલય, મુંબાઈનં ૨ અને અમદાવાદ. પૃષ્ઠ ૯૧૨ (રોયલ આઠ પેજી) કિંમત રૂ. ૩)

મનુષ્ય માત્રની અંતિમ ઇચ્છા જીવન્મુક્ત થવાની છે. અને તે કારણથી દરેક ભાષામાં અતિ માનનીય ગ્રંથોમાં આધ્યાત્મિકવિષયપ્રધાન ગ્રંથો અગ્ર સ્થાને વિરાજતા હોય છે. બંગાળીમાં "કૃત્તવાસી રામાયણ" મરાઠીમાં "દાસબોધ" અને "જ્ઞાનેશ્વરી ગીતા" હિંદીમાં "રામચરિત્ માનસ" "વિચાર સાગર," તેમજ ગુજરાતીમાં ઉપર્યુક્ત ગ્રંથો સાથે બેસી શકે, એવો એકે ગ્રંથ નથી, તથાપિ "મુક્તશાસ્ત્ર" અને 'ચંદ્રકાંત' આદિ ગ્રંથો ગુર્જર પ્રજામાં અતિ આદર પામેલા છે.

સંસ્કૃત સાહિત્યમાં આવા અધ્યાત્મ વિષયના પંચદશી, પંચદશ ગીતા, બ્રહ્મસૂત્ર શાંકર ભાષ્ય, યોગવાશિષ્ટ મહારામાયણ આદિ નાના મોટા ઘણાં ગ્રંથો છે, પરંતુ તે સર્વમાં યોગવાસિષ્ટ મહારામાયણની મહત્તા વિશેષ છે. આજ હજારો વર્ષથી ભારત સમસ્તમાં તે સર્વપ્રિય ગ્રંથ છે, એટલે એને વિષે અભિપ્રાય આપવાનું અમારા સુધી રહ્યું નથી. અમારે તેનાં ભાષાંતર બાબતજ જણાવવાનું છે,અને તે એજ કે આ ભાષાંતર તદ્દન સરળ સામાન્ય પ્રજા પણ વાંચવા માત્રથી સમજી શકે એવી શૈલિમાં થએલું છે. આની પહેલી આવૃત્તિ મુંબાઇ વેદપ્રચારક સભાએ તૈયાર કરાવી બહાર પાડી હતી. તેનુ આ દ્વિતીય સંસ્કરણ ઘણા સુધારા તથા શોધના અંક સાથે બહાર પાડવામાં આવ્યું છે. મૂળની કીંમત રૂ. ૧૮, હતી તેને બદલે આ આખા ગ્રંથની કીંમત પણ માત્ર જો બને ભાગના સાથે માગવા થાય તો-રૂ. ૫.)જ રાખી છે. જે કીંમત એવી છે, કે જો એકે સામટી બધી નકલો ખપી જાય, તો ખર્ચ સાથે આવક મળી રહે તે એ પુસ્તકના આરંભમાં આપેલા ખર્ચના આંકડાથી સહજ પ્રતીત થાય એમ છે. બ્રહ્મ વિદ્યાનું જ્ઞાન પ્રાપ્ત કરવા જેમના મગજમાં સહજપણ આશાના અંકુર ફુટેલા હોય, તેમણે આ પુસ્તક કે જે તદ્દન નજીવી જેવી કીંમતમાં મળે છે, તેની એક નકલ પોતાની પાસે રાખવી અવશ્ય ઘટે છે.

નવજીવન અને સત્ય—(માસિક) તંત્રી રા. રા. ઉંદુલાલ કનૈયાલાલ યાજ્ઞિક. બી. એ., એલ.એલ. બી. ગીરગામ, મુબાઇ વાર્ષિક લવાજમ રૂ. ૨-૦-૦

ગુજરાતી ગિરાના નવજીવનમય કાળમાં રા. ઉદુલાલે "નવજીવન" માસિકને જન્મ આપ્યો છે. "સત્ય" માસિક કે જે રા. મોતિલાલ ત્રિ. દલાલ પ્રકટ કરતાં હતાં, તેને આની સાથે જોડી દેવામાં આવ્યું છે, અર્થાત્ ગુજરાતી પ્રજામાં પ્રચાર પામવા આરંભમાં કરકત ન નડે તત્કારણ સુલભ રસ્તો યોજ્યો છે. "સત્ય" કરતાં આ તદ્દન નવી શૈલિમાં યોજાએલું છે. એનો પ્રથમ અંક જોતાં જો એના ઉત્સાહી તંત્રીઓને ગુજરી પ્રજા આવકાર આપે, તો આગળ જતાં ઘણું સારું કામ કરી બતાવશે એમ લાગે છે. પ્રથમ અંકમાં

'નવજીવન' તથા "સાહિત્યના પ્રેરક તત્ત્વો" એ વિષય ઘણું મનન કરવા જેવા છે, "શામળશાનો વિવાહ" એક સુંદર હાસ્ય રસનો લેખ છે, અમો આ નવા માસિકને વધાવી લેવા ગુર્જરી વાચક ગણને વિનવીએ છીએ.

શ્રીમાળી અભ્યુદય (માસિક)—સંપાદક શ્રીયુત જટાશંકર ઇશ્વરલાલ ત્રિવેદી, મહુવા—કાઠિયાવાડ વાર્ષિક લવાજમ રૂા. ૧-૪-૦.

શ્રીમાળી બ્રાહ્મણ જ્ઞાતિની ઉન્નતિને માટે આ માસિક પત્ર પ્રકટ થાય છે. જ્ઞાતિ માસિક છે, છતાં "શીલ અથવા સદાચાર" આદિ વિષયો સર્વને ઉપયોગી છે, પૃષ્ટ સંખ્યા ૫૬ છે, છતાં લવાજમ સવા રૂપીઓ છે જે જોતાં એ જ્ઞાતિ હિતના કાર્યમાં દરેકે ફાળો આપવાની જરૂર છે.

ભાગ્ય મહોદય નાટકઃ—ભાષાંતર કરનાર રા. નાગરદાસ મોહનલાલ પાઠક, સંપાદક રા. દેવશંકર વૈકુંઠજી ભટ્ટ ભાવનગર પૃષ્ટ ૨૪+૧૨૪ (ઉભી આઠપેજી) જાડા કાગળ, બોર્ડપેપરનું પૂઠું કિં. રૂા. ૧-૮-૦

આ નાટક સંસ્કૃતમાં શીઘ્રકવિ જગન્નાથ પંડિતે રચેલું, તેનું આ ભાષાંતર છે. જગન્નાથ પંડિત ભાવનગરના રાણા વખતસિંહના આશ્રિત કવિ હતા, અને તેથી તેમણે આ કાવ્યશાસ્ત્રનો બોધક ગ્રંથ રાણા વખતસિંહને ભાગ્યસિંહનું નામ આપી તેની સભા રૂપે વર્ણવેલો ગ્રંથ છે, વાચક જાણે ભાગ્યસિંહના અભ્યુદયનો નાટકજ જાણે વાંચે છે, એમ ઉપલક દૃષ્ટિથી જણાય છે, પરંતુ વસ્તુતઃ આ કાવ્યશાસ્ત્રનો ગ્રંથ છે.ના ટકની શરૂઆતમાંજ. **અર્થ** નામક પાત્ર પ્રવેશ કરી કહે છે.

" વૃત્ત, અલંકાર અને ગુણ એ કાવ્યના મુખ્ય ત્રણ ગુણોના રસને નહિં જાણવાવાળા મંદમતિ દુષ્ટ કવિઓ ! દુર રહો ! બાજુપર ખસો....

આ પુસ્તક કાવ્ય રચનારાઓને ખાસ અભ્યાસ કરવા જેવું છે, પુસ્તકના વાચનથી પિંગલ તથા અલંકારનું સારૂં જ્ઞાન મળે તેમ છે. પિંગલ કે અલંકાર શાસ્ત્રથી અજાણ રહી કવિતા લખવા બેસી જનારાને આવાં પુસ્તક વાંચવા ખાસ ભલામણ છે. રા. નાગરદાસને આવાં સંસ્કૃત પુસ્તકનું ગુજરાતીમાં સરળ ભાષાંતર કરવા માટે તથા રા. દેવશંકરને તેને પ્રકાશમાં મૂકવા માટે ધન્યવાદ આપીએ છીએ.

અમોને નીચેના પુસ્તકો મળ્યા છે, જેનો આભાર સ્વીકાર કરીએ છીએ. જેની સમાલોચના યથાવકાશે કરીશું.

	લેખક.
સસ્તી વાર્તામાળા તરફથી	
૧ બ્રહ્મચારણી	રા. ડાહ્યાભાઇ રામચંદ્ર મહેતા.
૨ જહાંગીર	રા. ચીમનલાલ રતનલાલ દેશાઇ
૩ મહારાષ્ટ્રીય કથાકુંજ	ભાઇ છોટુભાઈ દાજીભાઇ દેશાઇ.
'ચંદ્રપ્રકાશ' તરફથી.	
૪ શ્રી રૂદ્રાક્ષ જાબાલોપનિષદ્	રા. દુર્ગેશ્વર નટવરજી ત્રિવેદી.
" દિગંબર જૈન તરફથી"	
૫ ચેતનકર્મ ચરિત્ર	રા. જીવણલાલ કસનદાસ કાપડીઆ.
૬ શ્રાવિકા સુબોધ.	રા. આશાલાલ અમુલખ શાહ.
૭ રૂપ સુંદરી.	રા. આશાલાલ અમુલખ શાહ.
સસ્તાં સાહિત્ય તરફથી	
૮ સાચું સ્વર્ગ.	રા. અમૃતલાલ સુંદરજી પદિયાર.
૯ ભૂગોળ શિક્ષક	રા. છગનલાલ મોતીરામ શાહ,

તંત્રી.

અશકતાશ્રમની પહોંચ.

લેડી વિલિંગ્ડન અશકતાશ્રમ—રામપુરા—સુરત.

મહેરબાન "સત્સંગ" પત્રના અધિપતિ સાહેબ,

તા૦ ૧૧મી જુલાઇ ૧૯૧૫થી તા૦ ૩૧મી જુલાઇ ૧૯૧૫ સુધીમાં આશ્રમને મળેલી ભેટની યાદી.

નમ્રતાપૂર્વક સલામ સાથે વિજ્ઞપ્તિ જે સદરહુ આશ્રમમાં નીચે મુજબની મદદ દેશદાઝવ વીરપુરૂષોએ મોકલવા કૃપા કરી તે બા. સેક્રેટરી ડો૦ ડી. જે. એદલજીહરામ ઘણા માન તથા આભારસહ સ્વીકારે છે. રૂપીઆ એકની અંદરની પહોંચ રવાનાભાવથી લીધી નથી, પરંતુ તેમનો આભાર પણ ઓછો નથી.

૧-૦-૦ શેઠ લલ્લુભાઇ હરગોવીંદદાસ ઠે. ગવર્નર સાહેબના બંગલા પાસે જુની પરેલ—મુંબાઇ.

૧-૦-૦ અંકલેશ્વરના ચોટાના નેરતી મહાજન તરફથી હા. શા. શુકલાલ નંદલાલ

૬-૧૧-૯ શા. કસનદાસ પુનેમચંદ કાપડીયા ઠે. મોટા મંદીરનું કાપડ બજાર સુરત.

૨૧-૦-૦ શેઠ સાહેબ એદલજી ખરશેદજી વાડીયા ઠે. માછલીપીઠ પરમાનંદ ડૉકટરની ગલીમાં—સુરત.

૩-૦-૦ કુંટાકટર જીવણ અને દેવરાજ વલસાડ

૪-૦-૦ ખત્રી સમસ્તના પંચ તરફથી હા. સુંદર વીઠલ ઠે. ખત્રીવાડ વલસાડ

૧-૦-૦ અંબારામ મોરારજી ઠે ખત્રીવાડ, વલસાડ

૧૭-૦-૦ અશકત ઇચ્છારામ જમનાદાસ પોરવાડ વાણીયાના અનામત ખાતે

૧૦૧-૦-૦ એક સખી ગૃહસ્થ તરફથી.

૧-૦-૦ શેઠ એમ૦ કે૦ નવસારી

૧-૦-૦ શેઠ બી૦ આર૦ વખારીયા જીનીંગ ફેકટરી

૩૩-૧૪-૩ શેઠ ગુલાબદાસ જમનાદાસે ભાઇ નલિનીકાન્તના પૂન્યાર્થે ત્રણ કટકે અશકતોને સારૂ ગાદલાં તથા ઓશીકાં કરવા સારૂ ઠે.—માછલીપીઠ

૨-૦-૦ મહેરબાન વ્હીટલ સાહેબની મુ. બારડોલી

૧-૦-૦ હકર ત્રિભુવનદાસ ગોવીંદજી ધોલા રાવાળા—બારડોલી

૨-૦-૦ પટેલ દુલ્લભભાઇ વીરાભાઇ તથા પટેલ બીખાભાઇ કસન મુ. ઉમરખા

૧-૦-૦ પટેલ ઇશ્વરલાલ નવનીતરામ મુ. મોતા.

૧-૦-૦ ગુલાબચંદ ડાહ્યાજી મુ. સરભોણ.

૧-૦-૦ માણેકચંદ રેખાચંદ ,,

૧-૦-૦ દેશાઇ મગનલાલ ડાહ્યાભાઇ ,,

૬-૦-૦ સદાજી ભુદરજી મુ. મોતા

૧-૦-૦ શા. ગલજી પેમાજી ,,

૩-૦-૦ કણબીઓની પંચ સમસ્ત હા. કુંવરજી વસનજી ગામ સરભોણ.

૪-૦-૦ કણબીઓના પંચ સમસ્ત હા. દાજીભાઇ વશનજી ગામ બાજલા

૧-૦-૦ શા. નેમચંદ માનાજી સરભોણ

૧-૮-૦ દરજીઓના પંચ સમસ્ત હા. દલપત લાલજી—સરભોણ

૧-૦-૦ શા. મુળચંદ નાથા સરભોણ

૧-૦-૦ પટેલ મકનજી કલ્યાણજી સરભોણ

૨-૦-૦ કુંભારોના પંચ સમસ્ત હા. નારણ જોવન સરભોણ

૫-૦-૦ ગામ પંચ સમસ્ત હા. ભકતી

સુરત રામપુરામાં અરદેશર કોટવાળની વાડીમાં આવેલા અશક્તાશ્રમનો તા. ૧ લી. એપ્રીલ સને ૧૯૧૫ થી તા. ૩૦ મી જુન સને ૧૯૧૫ સુધીનો જમાખર્ચનો હીશાબ.

જ

૩૧૭૭ ૧૦	શ્રીપુરાંત માસ. ગુદસ્તની
૧૧-૨-૭	વીલસવાડી તરફથી ત્રણ માસમાં
૨૨-૮-૦	ડાંપા દવાખાનું
૪૯-૭-૦	માસિક મદદ
	૩૦) સચીન
	૧૮) વડજ સાહેબ
	૧) ખાડવાળા
૧૦-૦-૦	વાર્ષિક મદદ
૧૩૭૩-૬-૧૦	પરચુરણ મદદ
૮૭-૭-૦	અશક્તના વાલી તરફથી તેના ખોરાકીના આવ્યા તે.
૧૭૫૧-૦-૦	બીલ્ડીંગ ફંડ
૧૦-૦-૦	અનામત
૪-૧૪-૬	શ્રી રામચંદ્રજીના મંદીરની ભેટનું
૧૪૦૧-૮-૦	મુંબાઇ બેંકમાંથી ઉપાડયા તે.
૫૦૩૮-૯-૬	

ઉ

૩૧૬-૧૦-૬	નોકરોનો પગાર.
૧૦૩-૪-૮	આશ્રમનો નોકર
૧૮૭-૬-૦	ઉપદેશકો.
૬૯-૦-૦	ભજનમંડળ
૩૧૬-૧૦-૮	
૧૨૯-૧૨-૪	ખોરાકી ખાતે.
૫-૬-૦	છોબામણી ખાતે
૩-૬-૬	કપડા ખરીદી તથા સીલાઇ
૫૫-૫-૧	બજાતણ
૨૨૭૪-૧૩-૦	મકાન ઘરાઅતનું ચાલતા ખર્ચ.
૨૧-૧૫-૦	ફરનીચર
૯-૪-૪	કંદીજંટ
૨૨-૧૨-૬	મેથતે ખર્ચ
૬-૧૦-૦	હજામત
૪૫-૧૧-૦	ઉપદેશકોને મુસાફરી ખર્ચ
૪૧-૧૨-૧૦	પરચુરણ
૭-૬-૩	કપડાંની સીલાઇ
૧૧-૧૨-૦	દીવાબત્તી
૧૯૨૬-૦-૦	મુંબાઇ બેંકમાં મુકયા તે
૧૧-૦-૬	વાસણ ખરીદી
૦-૨-૦	દવા
૨-૧૩-૦	શ્રી રામચંદ્રજીના મંદીર ખાતે
૯૩-૦-૪	આખર સીલક
૫૦૩૮-૯-૬	

આશ્રમની નક્કી મુડી.

૯૩-૦-૪	રોકડ સીલક હાથપર
૬૫૭-૮-૭	મુંબાઇ બેંકમાંથી આપ તે કરતાં રહેલી નક્કી રકમ
૧૦૦૦-૦-૦	પુજય પવિત્ર શ્રી પૂર્ણાનંદજી મહારાજે સારંગપોર મીલનો આપેલો સેર ના. ૫૮ ની કીમતના
૨૦૫૦-૮-૧૧	

આશ્રમનું તા. ૩૦-૬-૧૫ સુધીનું દેવું.

૬૩૫-૦-૦	ધમારતી સામાનની કીમતના જુદા જુદા વેપારીઓના હીસાબ કરી આપવાના બાકી છે તે.
૧૪૧૫-૮-૧૧	નક્કી પુરાંત શેરની કીમત મુદલ

सत्संग.

काव्य शास्त्र विनोदेन कालो गच्छति धीमताम् ।
व्यसनेन तु मूर्खाणाम् निद्रया कलहेन वा ॥

પુસ્તક ૭ મું. અંક ૨ જો.	[માસિક.]	ભાદ્રપદ સં. ૧૯૭૨

દુઃખીને દિલાસો !

(હરિગીત.)

આપું દિલાસો દુઃખીને સહુ દુઃખમાં સુખ માનજો !
છે દુઃખ સાધન એકલું જે તારશે ભવ પાર જો !
દુઃખો થકી ક્ષતિ થાય છે, અતિ પૂર્વના પાપો તણી !
ને સુખથી ક્ષતિ થાય છે પૂર્વે કર્યાં પુણ્યો તણી !
જાણો સહુ પ્રભુ ન્યાયમાં ઠેને કદી માફી નથી !
પામ્યા સજા જે પાપની તે સહ્યા વિણ છુટકો નથી !
દુઃખો પડો અતિશય સહીશું તે બ્સહુ આનંદથી !
રાખો હૃદય એ સૂત્ર રમતું એજ શ્રેયષ્કર મતિ !
વળી દુઃખમાં થાએ કસોટી ધર્મ ધીર શીલ સત્યની !
જ્યમ કાગ ઠાચને કોયલાથી કોકિલા ભણિ રત્નની !
પાપો પૂરા થાતાં રહેશે શેષ સુકૃત તમ તણાં !
ચહોંચાડશે અક્ષય અવિચળ સ્થાન જે સોહામણાં !

"શારદા-ઘરદ્વાર"
અંબાજીરોડ-સુરત.

છોટુભાઇ દાજીભાઇ દેશાઇ.

સત્સંગને !

પ્રિય ! પત્ર તું અવિરત રસે, જનમન મલિન અજવાળજે;
ખળ ખળ વિમળ અમીમય રસે, વળી વિશ્વ આ છલકાવજે.
રસ બોધ અમ પર ઢોળજે,
અજ્ઞાન અમ બસ બોળજે;
વિણી શુષ્ક દિલ પ્રિય! પોષજે,
પ્રણયાંકુરે રસ સીંચજે.
રવિકિરણસમ હણી તિમિરગણ તુજ રશ્મિ અહિં પ્રસરાવજે,
સ્વમિષ્ટ કોકિલકુજન સમ અમ કર્ણમાં રેલાવજે.
મંજુલ કવન ઉચ્ચારજે,
ઘન સમ ગિરા ગર્જાવજે;
સાહિત્ય કુલ વિકસાવજે,
સૌરભ બધે પ્રસરાવજે.
અમ જીવનમાં શીત સમિર નવલો ઐક્યનો ફેલાવજે,
તુજ નામ સાર્થક કરી અહિં. પ્રિય ! પત્ર દીર્ઘાયુ થજે.
ઔદાસ્ય અમ અટકાવજે,
કુડ-કપટ ઝટ ભૂલાવજે.
કાતિલ કમાવલિ કાપજે,
જય ધ્વજ બધે ફરકાવજે.
કમનીય અનુપમ ઈશકૃતિ પ્રતિદિન મધુર ઉચ્ચારજે,
જગમાં ચિરાયુ થઈ પ્રકાશકને યશસ્વી બનાવજે.

ભારતી મંદિર
બરવાળા (ખંભા.) } ધીરજ.

લોકોમાં તે સંન્યાસીના નામથી પ્રસિદ્ધ હતા. એના વિશાલ નેત્રોમાંથી જ્યોતિ નીકળતી માલૂમ પડતી હતી, એના શબ્દો મધુર અને તત્ત્વપૂર્ણ હતા, પરંતુ એના નેત્ર ઘણો થોડો વખતજ ખુલ્લાં રહેતાં, તથા એના શબ્દ કદી કદીજ સાંભળવામાં આવતા હતા.

સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી તે હિમાલયની અંધારી ગુફામાં પદ્માસન લગાવી સમાધિમાં મગ્ન રહેતા હતા.

ભગવાન ભુવનભાસ્કર અસ્ત થવાની તૈયારીપર હતા, સંન્યાસીના આશ્રમમાં ચાર યુવક બેઠા હતા, એ યુવકો ઘણા દૂરના દેશોથી ગુરૂદેવ પાસે દીક્ષા લેવા ને માટે આવ્યા હતા ઘણી ઉત્સુકતાથી એ યુવકો સંન્યાસીની સમાધિ છૂટવાની રાહ જોઇ રહ્યા હતા.

સંન્યાસીની સમાધિ છૂટી, નેત્ર ખૂલ્યાં. મહાત્માએ મધુર શબ્દોમાં કહ્યું, "વ્હાલા મિત્રો, કહો, તમો શું ઇચ્છો છો ?"

એક યુવકે આગળ વધી કહ્યું, "શ્રદ્ધેય મુનિરાજ ! આપના શિષ્ય થવાની મને મહાન્ અભિલાષા છે. જ્યારથી મેં એક સ્વપ્ન જોયું છે, ત્યારથી પ્રતિક્ષણ આપના દર્શનને માટે ઉત્સુક થઇ રહ્યો છે. સ્વપ્નની વિગત એવી છે કે એક મોટા મેદાનમાં હું એકલો ઉભો હતો, તેવામાં પૂર્વ દિશા તરફથી એકાએક શ્વેત પક્ષીઓનું એક મોટું ટોળું આવતું નજરે પડ્યું. પાસે આવી એઓમાંનું એક સૌથી વધારે સુન્દર પક્ષી નીચે ઉતર્યું, અને મારા શિરની છેક પાસે આવી અંતર્ધ્યાન થઇ ગયું. મને એવું જણાયું કે મારા શરીરમાં એક નવીન શક્તિનો સંચાર થયો છે. ધીરે ધીરે હું જમીનથી ઉંચે જવા લાગ્યો. ઉપર જઈ વાયુ મંડલમાં હું વિચરવા લાગ્યો. આ મારૂં સ્વપ્ન છે. શું આથી મને અસીમ-જ્ઞાન પ્રાપ્તિની સૂચના મળી છે, એમ નથી સંભવતું ? જો એમ ન હોય, તો આપ બતાવશો, એનો બીજો શો અર્થ હોય ?"

શાંત ભાવથી સંન્યાસીએ ઉત્તર આપ્યો, 'માયા'. જિજ્ઞાસુનું મુખમંડલ નિરાશાથી પીળું પડી ગયું, અને પાછો ફરી ચૂપચૂપ અલગ જઇ બેઠો.

બીજો યુવક આગળ આવ્યો, અને કહેવા લાગ્યો, 'મેં પણ એક સ્વપ્ન જોયું છે. હું ગંગાને કિનારે બેસી સંધ્યા કરતો હતો, એવે એક રાજ હંસ પોતાની ચાંચમાં એક નવ વિકસિત કમળ પુષ્પ લઇ મારી તરફ આવતો નજરે પડ્યો. મારી પાસે આવી કમળ મારી આગળ મૂકી દીધું. યોગીરાજ ! શું રાજ હંસ અને કમળ દીક્ષાના સૂચક નથી ? શું મને દીક્ષા ન મળે ? યદિ ન મળે તો આ સર્વ શું હતું ?"

સંન્યાસીએ પુનઃ ઉત્તર આપ્યો' "માયા". આ યુવક પણ અસંતુષ્ટ થઇ સંન્યાસી કેવો છે, જે કંઇ સમજતો એ નથી, એમ મનમાં બબડતો દૂર જઇ બેઠો.

સંન્યાસીએ પછી બાકીના બે યુવકોની તરફ નજર નાંખી. તેમાંના એકે આગળ વધી પ્રણામ કરી કહ્યું', "મહાત્મન્! ઘણા દિવસથી હું આપની પ્રશંસા સાંભળતો હતો, અને આપના દર્શન માટે ઉત્સુક હતો, અને ત્યારથી એક સ્વપ્ન જોયું છે, ત્યારથી આપની સેવા કરવાની આકાંક્ષા એથીએ અતિ તીવ્ર થઇ ગઇ છે. એ સ્વપ્નમાં મેં જોયું કે આપ મને કહી રહ્યા છો, કે " આવ, હું તને મારો દીક્ષિત - શિષ્ય બનાવવાનો સ્વીકાર કરું છું. આપની આજ્ઞાનુસાર સ્વપ્નમાંજ હું આપનો શિષ્ય થઇ ગયો, ત્યારે મેં ગુરૂ કૃપાનો અપૂર્વ આનંદ અનુભવ્યો. ગુરૂદેવ! હવે આ સ્વપ્નાવસ્થાના અનુગ્રહને પ્રત્યક્ષ રૂપમાં સાર્થક કરો!"

સંન્યાસીએ પુનઃ તેજ ઉત્તર આપ્યો "માયા" યુવક હતાશ બની રડવા લાગ્યો, અને એક બાજુએ જઇ બેઠો. સંન્યાસીએ ચોથા યુવકને કહ્યું', "ભાઇ, તું શું કહેવા માગે છે?"

બ્હીતાં બ્હીતાં એ યુવકે સાષ્ટાંગ પ્રણામ કર્યા, અને કહેવા લાગ્યો, મેં એક સ્વપ્ન જોયું છે, જે આપ સમક્ષ નિવેદન કરું છું "એક મોટું મેદાન હતું, જેમાં હજારો નરનારી એકત્ર થયાં હતાં, એમાં કેટલાંક તો એવાં હતાં, કે જેને જોઇ બ્હીક લાગતી હતી, કેટલાંક એવાં હતાં. કે જે એટલાં ભયાનક ન હતાં, પણ કેટલાંએકના મુખપર સૌન્દર્ય પણ હતું, એ સર્વ આકાશની તરફ દૃષ્ટિ કરી પ્રાર્થના કરતાં અને કરાવતાં હતાં. આકાશમાં એક અત્યન્ત તેજોમય મૂર્તિ હાજર હતી. આ મૂર્તિના હાથોમાંથી જ્યોતિપૂંજ રત્નોની વર્ષા થઇ રહી હતી, પરંતુ નીચે પહોંચતાં પહેલાંજ વચમાંજ એ રત્નો લુપ્ત થઇ જતાં હતાં. થોડા વખત બાદ ચારે તરફથી દિવ્ય શરીર ધારી દેવ ગણો આવે પોતાના હાથોની એક શૃંખલા એ મૂર્તિના હાથોથી નીચે સુધી બનાવી દીધી, જેથી પેલાં રત્ન-બુન્દ સ્વાભાવિક રીતેજ એ હાથોપર થતાં થતાં પૃથ્વી સુધી પહોંચવા લાગ્યાં, અને સાંસારિક નર નારી ગણ એને પામી આનંદિત થવા લાગ્યાં. પ્રભો! આ દેવગણમાં આપ પણ એક હતા. આ મારું સ્વપ્ન છે."

સંન્યાસીએ પૂછ્યું, "પણ તું ક્યાં હતો?"

યુવકે આશ્ચર્યથી કહ્યું, "હું? આ અસીમ માંણસોની ગર્દીમાં મારો ક્યાં પત્તો? હા, જાગૃત થતાં મને અતિશય આનંદ થયો, અને હું દેવગણને દેવા રત્નોને પૃથ્વી સુધી પહોંચાડવામાં સહાયતા આપવા માટે ધન્યવાદ આપવા લાગ્યો."

સંન્યાસીના મુખપર હાસ્યની મંદ છટા છવાએલી જણાવા લાગી. તેમણે મધુર સ્વરથી કહ્યું, "વત્સ, તું જરૂર મારો શિષ્ય થઇશ"



માયાના "મમત્વ" સાથે ઘણો થોડો સંબંધ છે જાગૃત અથવા સ્વપ્ન, સર્વ અવસ્થામાં એ ઉભયથી ચેતતા રહેવું જોઇએ.*

છોટુભાઇ દાજીભાઇ દેસાઇ.

* એક અમેરિકન પત્રિકાના આધારે લખાયલા હિંદી અનુવાદ પરથી.

શ્રીમદ્ ભગવદ્ગીતા.

(ભાષાંતરકાર:—રા. રા. ભગવાન શિવશંકર ભટ્ટ—સુરત.)

અધ્યાય ૧૭ મો.

પ્રભુ! શાસ્ત્રવિધિ તજી જે યજે શ્રદ્ધા વડે પુરૂષોત્તમ;
તે તણી નિષ્ઠા કેવી છે, કહો સત્ત્વ, વા રજ, કે તમ. ૧
દેહાભિમાનીની સહજ કહે કૃષ્ણ શ્રદ્ધા જે;
સાત્વિકી, રાજસી, તામસી, એ ત્રણ પ્રકારની છેજ તે. ૨
હે પાર્થ શ્રદ્ધા સર્વની અન્તઃકરણ અનુસાર જે;
શ્રદ્ધાળુ થૈ શ્રદ્ધા ધરે જે તત્સદૃશ તે થાય છે. ૩
જે યજે દેવો **સાત્વિકી** તે, યક્ષ રાક્ષસ, **રાજસી**;
પછી પ્રેત ભૂતગણો યજે જે અન્ય તે સહુ **તામસી**. ૪
વળી શાસ્ત્ર અવહિત ઘોર એવાં તપો જે જન આદરે;
દમ દંભ ને અભિમાન તૃષ્ણા, રાગ, બલથી યુક્ત જે. ૫
સહુ શરીર ઇન્દ્રિય કૃશ કરે, મમ અન્તરસ્થ મને સહી;
અવિવેકી અહેવા પુરૂષને તું જાણ **આસુર** નિશ્ચયી. ૬
આહાર વળી સહુ પ્રાણીને પ્રિય ત્રિવિધ તે પણ જાણજે;
મમ યજ્ઞ, **તપ**, ને **દાન** તેના ભેદ આ કહું શૃણ તે. ૭
આયુષ્ય, સત્ત્વ, શરીરબળ, આરોગ્ય, સુખ, પ્રીતિ-વર્ધક;
આહાર સ્વાદુ, સ્નિગ્ધ, સ્થિર, ને હૃદ્ય, તે **સાત્વિક-પ્રિય**. ૮
કટુ, લવણ, અમ્લજ, ઉષ્ણ, તીખું, રૂક્ષ, દાહ-ઉપાદક;
વળી શોક, દુઃખ, આમયપ્રદા, આહાર એ ઇષ્ટ-**રાજસ**. ૯
મમ અર્ધપક્વ, સૂકાયલું, ટાઢું જ, દુર્ગંધીમય;
ઉચ્છિષ્ટ તેમ અમેધ્ય ભોજન, સર્વ તે **તામસ-પ્રિય**. ૧૦
નિષ્કામી નરને અવશ્ય યજવા યોગ્ય એવું નિશ્ચયી;
શાસ્ત્રજ વિધિએ કરેલો જે યજ્ઞ તે **સાત્વિક** સહી. ૧૧
સ્વર્ગાદિ ફળ ઉદ્દેશી વળી દંભે કરેલો યજ્ઞ જે;
હે ભરતવંશે શ્રેષ્ઠ! **રાજસયજ્ઞ** તેને જાણજે. ૧૨

ત્યમ શાસ્ત્ર વિધિહીન અન્નદાન-રહિત મંત્રવિહીન જે;
દક્ષિણા ત્યમ શ્રદ્ધારહિત જે યજ્ઞ **તામસ** જાણુ તે. ૧૩
વળી દેવ, દ્વિજ, ગુરૂ, પ્રાજ્ઞ-પૂજન, શૌચ, આર્જવ, આદિ જે;
ત્યમ બ્રહ્મચર્ય તથા અહિંસા, **શારીરતપ** કહેવાય તે. ૧૪
વળી અનુદ્વેગી, સત્ય, ત્યમ પ્રિયહિત અહેવાં વાકય જે;
સ્વાધ્યાયનું અધ્યયન તેમજ, **વાક-તપ** કહેવાય છે. ૧૫
ચિત-સ્વસ્થતા ને સૌમ્ય પણું; વળી મૌન, મનનિગ્રહ, અને;
વળી હૃદય શુદ્ધિ એ પ્રકારે, **માનસી-તપ** સર્વ તે. ૧૬
નિષ્કામી ને એકાગ્રચિત્તી નરે પૂર શ્રધ્ધા વડે,
જે કરેલું તપ ત્રિવિધ તે, **સાત્વિકતપ** કહેવાય છે. ૧૭
સત્કાર-માન-પૂજાર્થ તપ જે કરેલું દંભજ વડે;
તે **રાજસી** કહેવાય, જે છે ચલ અને અધ્રુવ ખરે. ૧૮
વળી દુરાગ્રહથી આત્મ પીડા વડે તપ જે થાય છે;
વા અન્યપ્રાણી વિના સાર્થે, **તામસી** કહેવાય તે. ૧૯
વળી દેશ-કાળે અનુપકારી પાત્રને દીધેલ જે;
દાતવ્ય અહેવું દાન તે **સાત્વિકીદાન** કહેલ છે. ૨૦
પ્રત્યુપકારાર્થે વળી, ઉદ્દેશી ફળ, દીધેલ જે;
કલેશે કરીને યુક્ત વળી, **રાજસીદાન** કહેલ તે. ૨૧
ત્યમ અદેશે ને અકાળે, વળી અપાત્રે દીધેલ જે;
સત્કાર હીન કરીને અવજ્ઞા દાન તે **તામસ** ખરે. ૨૨
વળી ૐ-તત-સત્ ત્રિવિધ એ, પરબ્રહ્મ નામ સ્મર્યું વિધિ;
બ્રાહ્મણો, વેદો, યજ્ઞ તે ઉત્પન કર્યા તે નામથી. ૨૩
તે માટ ૐ એ શબ્દ સદા ઉચ્ચારી બ્રહ્મવિદો તણા;
જે યજ્ઞ, દાન, તપાદિ કર્મો વિધિયુક્ત પ્રવર્તતાં. ૨૪
મોક્ષાર્થીએ, તત્-શબ્દથી. તપ ફલેચ્છા ત્યાગજ વડે;
જે યજ્ઞ, તપ, દાનાદિ કર્મો વિવિધ કરવા યોગ્ય તે. ૨૫
સત્ શબ્દ યમ જોડાય છે સદ્ભાવ સાધુભાવમાં;
તેમજ વળી જોડાય એ સહુ શ્રેષ્ઠ એવાં કર્મમાં. ૨૬
વળી યજ્ઞ, તપ, ને દાનમાં, જે સ્થિતિ-'સત્' કહેવાય તે;
તે માટ તે કર્મોય 'સત્' એ પ્રકારે કહેવાય છે. ૨૭
હે પાર્થ શ્રધ્ધાહીન થઈ, તપ, દાન, યજ્ઞ કરાય જ્યાં;
તે 'અસત્' સહુ કહેવાય, કારણ-અફળ આ પરલોકમાં. ૨૮

દારૂ વિષે એક અભિપ્રાય.

'દારૂ વિષે એક અંગ્રેજ પોતાના વિચાર નીચે મુજબ જણાવે છે; દેશનો મોટામાં મોટો શત્રુ દારૂ છે. તે જેટલું નુકસાન કરે છે, તેની ગણતરી પણ થઇ શકતી નથી તેમજ પીતી વખતે તો પીનાર પણ સમજી શકતો નથી. તેની સાથે સંબંધમાં આવનાર તેના માતા, પિતા, પત્ની; મિત્રો, સગાં વ્હાલાં એ સર્વને અને દેશને પણ તેને લીધે ખમવું પડે છે.

સારાં ઘર બાંધવા, ગરીબોને મદદ કરવી, સારો ખોરાક ખાવો અને ખવડાવવો, સારા લુગડાં પહેરવાં, ધર્મશાળાઓ બંધાવવી. પુસ્તકાલયો અને વાંચનાલયો ખોલવા વગેરે સત્ કર્મોમાં હજારો રૂપીઆનો ઉપયોગ થવો જોઇએ, તેને બદલે હજારો રૂપીઆની આહુતિ દારૂ જેવી કેફી, ઝેરી અને ઘણીજ નુકસાન કરતી ચીજ પાછળ અપાય છે. દારૂ એક ભયંકર ચીજ છે. અને તે મોટા ભોગ લે છે. દારૂથી માણસની નીતિ પર બહુજ ખરાબ અસર થાય છે. વળી જેઓ તેની સાથે સબંધમાં આવે છે તેઓ તેના પર કિંચિત માત્ર પણ વિશ્વાસ રાખતા નથી ટુકામાં પીધેલ મનુષ્ય જરા પણ વિશ્વાસને પાત્ર ગણાતો નથી. તેની સાથે ધંધો કરનારાઓ તેને પોતાથી નીચો ગણે છે તેવા મનુષ્યો સ્વગૃહની સંભાળ લેવાનું કર્તવ્ય વીસરી જાય છે, સ્વકુટુંબની સાંભાળ લેતા નથી, સગા વ્હાલાં પર હેત રાખવા તેમના દિલમાં પ્રેમ કે દયાનો અંશ નથી. પીધેલ મનુષ્યો આમ સ્વકર્તવ્ય કરી શકતા નથી એટલુંજ નહિ પણ ઇશ્વરના અપરાધી બને છે. તેમનો સ્વભાવ બગડી જાય છે તેમના પર કોઇને પ્રીતિ ઉત્પન્ન થતી નથી, કોઇ માન આપતું નથી અને સર્વ તિરસ્કારની નજરથી જુએ છે. દારૂ પીવો એ એક મોટો અપરાધ છે. દારૂમાં ઘણા ખરાબ તત્ત્વો છે.

આપણે દારૂ પાછળ થતા ખર્ચ તરફ જોઇએ તો ઇંગ્લંડમાં જુદી જુદી જાતના દારૂ ખરીદવા માટે ૧૩૦૦૦૦૦૦૦ પાઉન્ડ દર વર્ષે ખરચાય છે.

ઇંગ્લંડની વસ્તીના આંકડા જોતાં માલમ પડે છે કે દરેક મરદ, સ્ત્રી અને બાળક દીઠ, ચાર પાઉન્ડ દારૂનો ખર્ચ આવે છે.

ખાતરીથી કહી શકાશે કે આ પૈસાનો ખરો ભાગ તદ્દન નકામો ખર્ચાય છે, અને ઉલટું તેનાથી દુઃખ ઉત્પન્ન થાય છે. જે મનુષ્યો આમ ઘણાં પૈસા ખરચે છે, તેઓ સ્વ સુખના સાધનો પ્રાપ્ત કરી શકતા નથી, એટલુંજ નહીં પણ પોતાને માટે આ સૃષ્ટિમાં ઉપયોગી ચીજો પણ મેળવી શકતા નથી. તેમની સંતતિ ભૂખે ટળવળે છે અને ઘણી વાર માંદા પડે છે. ત્યારે તે છોકરાઓની સંભાળ લેવામાં આવતી નથી તેમજ તેમના પર દેખરેખ પણ રાખવામાં આવતી નથી, તથા મા બાપના આચરણ જોઇ છોકરાઓ પણ ખરાબ રસ્તે ઉતરી પડે છે. આખરે ભીખ માગી ખાવાનો વખત આવે છે, અને ઘણી વાર ચોરી પણ કરે છે.

જ્યાં કુટુંબના સુખને માટે ઓછપ હોય તેને દૂર કરવાને બદલે દારૂ ખરીદવા પૈસા ખરચવા એ મોટો અપરાધ છે. એવું પણ મનાય છે કે સર્વ જાતની મદિરા જો કે ઘણીજ થોડા પ્રમાણમાં (moderately) લેવામાં આવે તો પણ ઘણીજ ગેરફાયદા કરનારી છે. પણ એટલું તો ચોક્કસ છે કે યુવાન અને દક્ષ મનુષ્યોને તો આવા પીણાની

જરૂરજ નથી. અને જો તેઓ તેને કદી પણ સ્પર્શ ન કરે, તો ઘણુંજ સારૂં !સર્વ જાતના લોકોને આલ્કોહોલ મિશ્રિત દારૂ સિવાય કોઇ ચીજ વધારે નુકસાન કર્તા નથી. દારૂ લોહીના ફેલાવા પર ખરાબ અસર કરે છે અને ઘણીવાર હૃદય રોગ (Heart disease) ઉત્પન્ન થાય છે. તેનું કારણ એજ છે.

દારૂપીનાર જાત પર કાબુ રાખી શકતો નથી, નબળો પડી જાય છે. તેની બુદ્ધિ ઓછી થઈ જાય છે અને યાદ શક્તિ પણ ક્ષીણ થાય છે. Worst of all however is the baneful effect of drunkenness on moral character of its victims. ગમે તેવા હોશીઆર પણ પીધેલ મનુષ્યને અગત્યનું અને ભરોસા લાયક કામ સોંપાતુ નથી *

૪-૯-૧૯૧૫
સુરત.

બાળમુકુન્દ ગિરિધરલાલ મોદી.

અમીના

(ગતાંકથી ચાલુ)

સપ્તમ પરિચ્છેદ.

કાલ રાત્રે પોતાની કોટડીમાં જવાનું ન થવાથી મીરજાં મહમદને ઘણું દુઃખ થયું. અને કમાડ ઉઘાડી તેમને નહિં જોતાં અમીના પણ નિરાશ થઈ ગઇ. તે થોડા વખત પહેલાં કમાડ ઉઘાડત તો કોઇને દુઃખ થાત નહિં. સંભવ છે, મીરજાંનો સ્વભાવ પણ ધીરે ધીરે સુધરી જાત પણ કોઇ શું કરે જે દિવસે જે થવાનું છે, તે થવા સિવાય કેમ રહી શકે. તે કોણ મિથ્યા કરી શકે તેમ છે. એવું ન હોત તો અમીનાના માથાપર ભૂત કેમ ચઢી બેસે.

મીરજાં ઘરમાંથી નિકળી પોતાના એક મિત્રને ત્યાં જઇ પહોંચ્યાં. મિત્રનું નામ હતું મુરારીલાલ. મુરારીલાલનો પરિચય આગળ આપવામાં આવશે. અહિં એટલુંજ કહેવું બસ થશે, કે મિત્રવર આટલી રાત્રે મીરજાંને આવેલા જોઇ ઘણા આદરભાવથી સ્વાગત કરવા લાગ્યો, અને તે ક્ષણ મીરજાં પાસેથી રૂપીઓ લઇ આટલી રાત વીતી ગયે પણ ન જાણે કયાંથી એક બોટલ મદિરા લઇ આવ્યો. આખી રાત તેમણે મોજ ઉડાવી. રાત વીતવાના પહેલાંજ મીરજાં નિશાથી બેહોશ થઇ ગયા, અને મુરારીલાલ નિશાથી ઉન્મત્ત થઇ પડોસીઓની નિદ્રામાં વિઘ્ન નાખવા લાગ્યો. ફરી પોતાના ઘરમાં આવી સ્ત્રીને મારાપીટ કરવા લાગ્યો. તે મકાનમાં રડવાનો શોર થવા લાગ્યો.

* અંગ્રેજી પરથી.

દિવસના નવ વાગ્યે મીરજાંની નિંદ્રા અથવા નિશો ટળ્યો. પહેલાં શુદ્ધિ આવતાંજ તેમના સમજવામાં આવી ગયું કે તે પોતાના ચિત્ત રૂચિર શયનાગારમાં નથી. આ સમય કયાં છે–તે સમજતાં બહુ વખત ન લાગ્યો. પરંતુ તે આવ્યા કેવી રીતે તે તેમના સમજવામાં આવ્યું નહિ. બહુ કાંઇ વિચારવા પછી તેમને કંઇ યાદ આવવા લાગ્યું. પહેલાં કોઇ મિત્રની બેઠકમાં પાન ભોજન, ફરી ઘેર જવું. ત્યાં મા બ્હેન સામે પોતાની દશાનું પ્રકાશિત થઇ જવું, ઇત્યાદિ સૌ વાતો એક પછી એક, ક્રમથી, તેમના મનમાં ઉદય થવા લાગી. તે પૂર્વ સ્મૃતિએ સાથેજ મીરજાંના શરીર પર એક મહાભીષણ વજ્રપાત થઇ ગયો. ત્યારે તેમના અંતઃકરણમાં ભારે ભયંકર ગ્લાનિ થવા લાગી. જે કોટડીમાં તે તે સમય સૂતા હતા, તેની સુંદર દશાનો મનમાં અનુભવ કરી લેા. મેલી-બળાંવાળી એક નાની કોટડીમાં મીરજાં એક પુરાણી ફાટેલી ગોદડીપર પડ્યા છે, આમ તેમ બે ચાર બોટલ અને માટીના પ્યાલા પડ્યા છે. આ દૃશ્યને જોઇ લજ્જા અને ઘૃણાથી તે મૃતપ્રાયઃ થઇ ગયા. ક્ષણ પણ ત્યાં થોભવા માટે તે ઇચ્છતા નહોતા.

તેમના શરીરની દશા પણ વિચારવા લાયક હતી. તરસથી છાતી ફાટી જતી હતી, માથામાં ભારે દરદ થઇ રહ્યું હતું. શરીર એટલું દુર્બળ થઇ ગયું હતું કે ઉઠીને ઉભા થવાની શક્તિ પણ બાકી નહોતી. આટલો બધો આનંદ, પુર્તી, આટલી કુદાકુદનું અંતિમ પરિણામ શું આવું જ થાય છે. ?

ઘણી મુશ્કેલીથી તે ઉભા તો થયા પરંતુ સડકપર આવી કોઇ અજાણ્યા મનુષ્યને પણ પોતાનું મુખ બતાવવાની લજ્જા થવા લાગી. સમજો, કાલ રાત્રિએ તેમણે કોઇ ભયંકર કુકર્મ કર્યું છે. તેમના મનની તેવીજ દશા થઇ રહી હતી, ત્યાં શોભતાં પણ ધૃણા થઇ રહી હતી. જેથી જેમ તેમ તે કોટડીમાંથી બ્હાર નિકળી પડ્યા. પહેલાં પોતાના ઘેર જવા માટે પગ ઉપાડ્યા. પરંતુ જ્યારે માતા, સુરીનાની વાત યાદ આવી, ત્યારે ઘર તરફ જવાનો સાહસ થયો નહિં. માતા અને બ્હેનને માલૂમ થઇ ગયું છે કે તે શરાબ પીએ છે, આટલી વાત મનમાં ઉઠતાંજ લજ્જા અને ઘૃણાથી તે પોતાને માટે ઇશ્વર પાસે મોત માગવા લાગ્યા અને તે સમય તેમણે પ્રતિજ્ઞા કરી કે આ જીવનમાં કદી મદિરા પીઇશ તો નહિં પણ અડીશ પણ નહિ.

પણ કયા મુખથી આ સમય ઘેર જાય ? કંઇ વિચાર કરી લક્ષ્મીશંકરને ઘેર જવા માટે ઠીક ધાર્યું. દિવસના દશ વાગે, ધીરે ધીરે તે પોતાના મિત્ર લક્ષ્મીશંકરની બેઠકમાં જઇ બેઠા. લક્ષ્મીશંકરે તેમનો ચહેરો જોતાંજ કહ્યું. "કેમ ભાઇ ! શો હાલ છે ? કાલે રાત્રે હતા કયાં ?"

થોડાજ સમય પહેલાં ગોપીઓ અહિં મીરજાંને શોધવા આવ્યો હતો. તેની પાસેથી લક્ષ્મીશંકરને સૌ વાતો વિદિત થઇ ગઇ હતી. જેથી મીરજાંની હકીકત તેમનાથી ગુપ્ત નહતી. તે મીરજાંને ખરા અંતઃકરણથી ચ્હાતા હતા, અને તેમના સાચ્ચા હિતૈષી મિત્ર હતા. મીરજાં તેમના ઉપર કહેલા પ્રશ્નનો ઉત્તર આપી શકયા નહિં, કેમકે શો ઉત્તર આપવો, તે તમને સુઝયું નહિં. લક્ષ્મીશંકરે ફરી કહ્યું–"બીજું કંઇ કહેવાની જરૂર નથી. કંઇ કહેશો તો પણ મને તેની પ્રતીત થશે નહિં. તમારો ચહેરોજ મેં સૌ કંઇ જાણી લીધું છે. હવે તો તમો ધીરે ધીરે બહુ ધીંગાધીંગી કરવા લાગ્યા છો." (અપૂર્ણ.)

મેઘરાજા માટે મહાન્ પ્રભુશ્રીની સ્તુતિ !

હરિગીત છંદ.

હે જગત્પતિ ! સહુ મેઘ વિણ, અતિશે ઉરે અકળાય છે;
પ્રભુ કર દયા હે દીન બંધુ, સમય શુભ વહી જાય છે,
કર માફ વહાલા વાંક, અપરાધી જગત્ના જન તણો;
વરસાદ વિશ્વાધાર ઝટ, વરસાવ વસુધામાં ઘણો.
મરકી લડાઈ મોંઘવારી, બાકી તો કંઈ નથી રહી;
ત્યાં વાર થાતાં વૃષ્ટિની, દિલગીરી નવ જાએ કહી,
કર સ્હાય હે સર્વેશ્વરા, ઉપકાર ગણીએ તમ તણો;
વરસાદ વિશ્વાધાર ઝટ, વરસાવ વસુધામાં ઘણો.
જોશે તું કરડી નજરથી તો શું થશે અહીં અમ તણું;
કરી દો ક્ષમા અપરાધ સરવે, દુઃખ વ્યાપ્યું ચોગણું,
બાળક બધા છે આપના, બેલી બહુ નામી બનો;
વરસાદ વિશ્વાધાર ઝટ, વરસાવ વસુધામાં ઘણો.
બહુ થઈ હવે તાવો નહિં, બહુ રૂપી બહુ વૃષ્ટિ કરો,
કંગાલ થઈ સૌ કરગરે, કરૂણા દયા દિલમાં ધરો;
છોરૂ કછોરૂ થાય પણ, પિતુ માત ધર્મ ક્ષમા તણો,
વરસાદ વિશ્વાધાર ઝટ, વરસાવ વસુધામાં ઘણો.
બહુ આર્ત થઈ પોકાર કરીને, અરજ કરીએ ઈશ્વરા,
સ્વીકારી લ્યો સર્વેશ્વરા, પાવન પતિત પરમેશ્વરા;
સુખ રાશિ એ અવિનાશી હરકત, હાનિ સઘળાની હણો,
વરસાદ વિશ્વાધાર ઝટ, વરસાવ વસુધામાં ઘણો.
કદિ ઇંદ્ર કોપ્યો હોય તો, ઝટ શાન્તિ કરજો શામળા,
બહુવા મહીં મહા યજ્ઞ કરીને, હોમશું ઘી અનગળા;
તે પુણ્યને પરમાર્થમાં આશા ભર્યો જીવ અમતણો,
વરસાદ વિશ્વાધાર ઝટ, વરસાવ વસુધામાં ઘણો.

દોહરો.

મેઘરાયને મનવવા, કરો હોમ ને હવન; ઉધ્ધવ કહે ઘૃત હોમતાં, થાશે મેઘ પ્રસન્ન;
ભાવ ધરી ભોજન જમે, વિપ્ર સાધુ ને સંત, ઉધ્ધવ કહે દુષ્કાળનો, આવે તેથી અંત.

દોહો.

અરજ સુણો હરિ અમતણી, કરો શામળા મહેર;
ઉધ્ધવ કહે છે કરગરી, કરી ઘો લીલા લહેર.

બહુવા ગૌરક્ષક સભાની ઓફીસ, } ઓધવજી રામજી સરવૈયા.
સં. ૧૯૭૧ શ્રાવણ સુદ ૭ બોમવાર. } બહુવા ગૌરક્ષક સભાની પાંજરાપોળના ઓનરરી સેક્રેટરી.

દયાળુ હિંદુ ભાઈઓ તથા બહેનોને એક અરજ

પાંચ પગની ગાય, બે પુંછડીવાળી ગાય અને બે જીભવાળો પોઠીયો

ભગવાં લુગડાં તથા રૂદ્રાક્ષની માળા પહેરીને શંકર, શંકરના નામની રટના કરનારા કેટલાક સાધુઓ મેળામાં તીર્થોમાં અને ગામ પરગામ પાંચ પગની ગાય બે પુંછડા વાળી ગાય અને બે જીભવાળા પોઠીઆ દેખાડતા ફરે છે, અને ભીક્ષા માગે છે. આવી ગાય તથા પોઠીઆ જોઇને હિન્દુ ભાઈઓ તથા બહેનો તે ગાય તથા પોઠીયાને દેવતાઈ માને છે, અને આ સાધુઓને દાનમાં બહુ પૈસા આપે છે પણ તપાસ કરવાથી હાલ માલુમ પડ્યું છે કે, એ સાધુઓ, સાધુઓ નથા પણ પાખંડી લોકો છે. જો કે તેઓ ખરેખરા કસાઇઓ નથી પણ તેમનાં કામ કસાઇ ભાઇઓ જેવાં છે તેઓ દેખાવમાં હિન્દુ સાધુઓ જેવા લાગે છે, પણ વર્તનમાં માંસ-દારૂ વગેરેનો ઉપયોગ કરનારા છે, તથા મુસલમાનોના હુક્કા પીનારા છે, આ બાબતની તપાસ કરી શ્રીયુત સ્વામી મંગળદેવજીએ બાળબોધમાં હકીકત પ્રગટ કરેલી છે. તે ઉપરથી પંડીત શામેલાલજીએ ગુજરાતી ભાષામાં છપાવેલ છે. એ લોકો સાધુઓના લેબાશમાં ખરેખર કસાઇનું કામ કરે છે. એ લોકો પાંચમો પગ બતાવવા સારૂ નાના વાછરડાનો એક પગ કાપી કાઢે છે. ને એજ રીતે બીજું પુછડું બતાવવા સારૂ એક પુંછડું કાપી કાઢે છે અને બે જીભ બતાવવા સારૂ એક જીભ કાપી કાઢે છે. પછી જેમ માળી લોકો આંબા, લીંબુ, નારંગી વગેરે ઝાડોની કલમ એક ઝાડમાંથી કાપી બીજા ઝાડને લગાવે છે, તેમ કાપી કાઢેલ પગ, પુંછડું અને જીભ બીજાં બચ્ચાંની કમર, પુંઠ અને પીઠ ઉપર ચામડી કાપીને લગાવી દે છે, અને દવા લગાડી તેને સારૂ કરી આપે છે. જે બચ્ચાંનો પગ પુંછડું અને જીભ કાપે છે, તે તો મરી જાય છે. તેને પકડીને એ લોકો ખાઇ જાય છે અને જે બચ્ચાંને પગ, પુંછડું અથવા જીભ લગાડેલી હોય તેને જો દુરસ્ત થાય નહીં તો તેને પણ એ લોકો મારી નાંખી પકડવાને ખાઇ જાય છે.

તમે વિચાર કરો કે ભેંસ, બકરી, ઉંટ, ઘોડા, હાથી, કુતરાં બીલાડાં બકરા વિગેરે કોઇ જનાવરને પાંચમો પગ કે પુંઠ ઉપર બે પુંછડાં કુદરતે કર્યાં છે? તેમ પીઠ ઉપર બીજી જીભ પણ કરેલી છે? તો આ ગરીબડી ગાયને પાંચમો પગ, બીજું પુંછડું અને બીજી જીભ કેમ ઉત્પન્ન થઇ? માણસ માણસને છઠ્ઠી આંગળી વખતે હોય છે, પણ ત્રીજો પગ કે બે જીભ કોઇ દીવસ સાંભળી છે? રાજાઓ ગૃહસ્થો અને ભરવાડોને ત્યાં લાખો ગાયો અને બળદો છે, તેમાં કોઇને એ પ્રમાણે પગ, જીભ કે પુંછડું નથી, અને આ કહેવાતા સાધુ પુરૂષોને એવી ગાયો તથા પોઠીયા કયાંથી મળી આવે છે? જો તે પગ, પુંછડું કે જીભ કુદરતી હોય તો તેને દુઃખ થતું જોઇએ. પણ આ કૃત્રિમ પગ, પુંછડું કે જીભને કાટો કે સોય ભોંકશો તો બીલકુલ દુઃખ થશે નહીં. આવી ગાયો હંમેશા નાનીજ હોય છે. કેમકે મોટી ગાયો ઉપર આવા અખતરા થઇ શકતા નથી. જો એ લોકો આવી ગાય પોઠીયો કયાંથી લાવ્યાનું પુછશો તો અથવા તેમની રહેઠાણનું પુછશો, તો ૪૦૦-૫૦૦ ગાઉનું છેટું

બતાવશે, એટલુંજ નહીં પણ મુંબઇવાળા પુછે તો દીલ્હીનું અને દીલ્હીવાળા પુછે તો પુનાનું એમ નામ આપે છે.

એ લોકો મુસલમાન તરફના રહેવાસી છે, અને ભગવાં કપડાં પહેરી હાથમાં ટોકરો રાખી મહાદેવ, શંકર, શંકરનો ઉચ્ચાર કરતા ભીખ માગે છે. આવા લોકોને દાન આપવું એ મહા પાપનું કામ છે. એમ મારા હિન્દુ ભાઇઓ તથા બ્હેનોને હવે ચોકસ જણાશે. એ લોકો ઠગારા છે, એટલુંજ નહીં પણ તેઓ પાપી ઠગારા છે, તેઓને જેમ બને તેમ ઉઘાડા પાડવા અને અબાયક ગરીબ ગાયો તથા બળદો ઉપર થતો જુલમ અટકાવવો એ દરેકની ફરજ છે. એ વાત જાણીને વાંચનાર ભાઇઓ તથા બ્હેનો બીજા માણસોને પણ આ વાત જણાવશે તો તેથી અબાયક પ્રાણીઓ બચાવ્યાનું મોટું પુણ્ય હાંસીલ થશે.

ભંડુવા-કાઠિયાવાડ

લી૦ ગોબક્ત,

ઓધવજી રામજી મહેતા.

મહુવા ગૌરક્ષક સભાના ઓનરરી સેક્રેટરી.

એક રસિક ઘટના

હૃદય પરીક્ષા.

દીલ્હી પરથી અનુવાદ

ઘર આગળ આવેલા રોગીઓને તપાસી તેમને (પ્રીસ્ક્રીપશન) દવા લખી આપવા બાદ ડૉક્ટર સુશીલકુમાર બ્હાર કોઇ બીમારને જોવા માટે જવાની તૈયારી કરતા હતા, એટલામાં એમના મોટા શાળા યોગેન્દ્ર એમને ઘેર આવી પહોંચ્યા.

સુશીલકુમાર એમને જોઇને પૂર્વવત્ બેસીજ રહ્યા. યોગેન્દ્રના બેસવા બાદ સુશીલકુમારે એમને આવવાનું કારણ કંઇક કચવાતે મને પુછ્યુ યોગેન્દ્રે કહ્યું—

"આજ કેટલાએક દીવસ થયાં મારાની તબીયત બગડેલ રહે છે, એની છાતીમાં કંઇ દર્દ થયા કરે છે. અને એ કારણથી શ્વાસ લેવામાં પણ મુશ્કેલી પડે છે."

વચમાંજ સુશીલકુમાર બોલી ઉઠયા. " ડાકટર હરેન્દ્રની દવા તો ચાલુ છે ને "

યોગેન્દ્રે કહ્યું—" એ બાબત તમને પણ ખબર છે કે ?"

સુશીલકુમારે કહ્યું—" બાબર કેમ નહીં થાય, પણ તમારે એમ સમજવાનું નથી કે આપના ઘરના કોઇ માણસે મને બાબર કરી છે "

યોગેન્દ્ર હસીને બોલ્યો, " ઠીક, હશે ! પણ હવે મારી એક તમને વિનંતિ છે કે આજે જ્યારે પણ તમને ફુરસદ મળે, ત્યારે એક વાર આવીને એને જોઇ જજો."

સુશીલકુમારે કંઇ પણ જવાબ નહિં દેતા સામે ટેબલપર પડેલાં સમાચાર પત્ર પર નજર ફોગાવી.

યોગેન્દ્રે કહ્યું " હવે મારે કચેરીમાં જવાનો વખત થયો છે. તમે સાંજ સુધીમાં આવી જશો ને ?"

સુશીલે જવાબ વાળ્યો–" ઠીક પણ જ્યાં સુધી હું એ નહિ જાણું કે આપ મને કેવા ભાવથી જવાનું કહો છો, ત્યાં સુધી એ વાતનો હું કઈ પણ જવાબ દઇ શકતો નથી. જો આપ મને સગાઇના સંબંધથી જવાનું કહેતા હો, તો તો હું કદી આવી શકીશજ નહિ. પણ જો મને એક સાધારણ ડૉક્ટરની માફક બોલાવતા હો તો આપની મરજી પ્રમાણે હું જરૂર હાજર થઇશ. "

એ પછી લગભગ અડધો કલાક સુધી શાળા બનેવીએ વાદવિવાદ ચાલુ રાખ્યો. પણ સુશીલ એકનો બે થયો નહિ તેણે પોતાનો મત પકડીજ રાખ્યો. અને ડૉક્ટરના સંબંધથી બોલાવતા હો, તોજ આવું એવી જક પકડી રાખી. આખરે યોગેન્દ્રે કંટાળી બીજવાઇને " ઠીક, ત્યારે હું તમને એક ડૉક્ટરની માફકજ મારે ત્યાં રોગીને તપાસવા આવવાનું આપને કહું છું " એમ કહ્યું. એટલાથી પણ સુશીલને સંતોષ નહિ થતાં ફરીથી પૂછ્યું–" કેટલે વાગે આવવું. "

યોગેન્દ્ર " પાંચ વાગે " એટલું કહી સાંપી ચાલી નીકળ્યો.

યોગેન્દ્રના ગયા પછી સુશીલને પોતાના અવિવેક માટે કંઇક પશ્ચાત્તાપ થયો. જો કે યોગેન્દ્ર સુશીલનો શાળો હતો. પણ વયમાં યોગેન્દ્ર સુશીલથી બમણો હતો. માટે તેની સાથે આવું બોલવું વાજબી નહિ લેખાય. પણ અગાઉ થોડા દીવસ ઉપર સુશીલ એક નજીવી વાતને માટે પોતાની પત્ની સરલા પર નારાજ થયો હતો. અને નારાજ તો હતોજ એટલામાં એના મિત્ર મંડળ તરફથી એને ખબર મળી કે સરલા માંદગીમાં છે, અને હરેન્દ્ર ડૉક્ટરની દવા ચાલે છે. પણ એ ખબર સરલાએ તેમજ સરલાના પીયરવાળાઓએ સુશીલને પહોંચાડવાની દરકાર કરી નહિ. સુશીલના મનમાં આવ્યું કે આ કામ સરલાનુંજ છે. સાત આઠ દિવસ થયા સુશીલ મનમાં ને મનમાં બીજવાઇ રહ્યો હતો, એટલામાં યોગેન્દ્ર મળવાને આવ્યા. અસ્ત પૂછવુંજ શું ? દેવતામાં દારૂ હોમાયો ! અધોજ કાળ બ્હેનને બદલે ભાઇ પર કડાયો. ક્રોધાગ્નિ શાંત થતાં જ્યારે સુશીલનું હૃદય કંઇક શાંત થયું, ત્યારે પોતાની ભૂલ પર પોતેજ શરમાયો. આખરે નિર્ણય પર આવ્યો. ચાલો બેરા જે થયું તે થયું, હવે પાંચ વાગે જઇશું, ત્યારે જરા માફી માંગી લઇશું, એટલે મામલો પતી જશે.

કચેરીમાંથી આવ્યા પછી યોગેન્દ્રે ઘરમાં સુશીલ સાથેની થયલી તમામ વાત કહી સંભળાવી. ઘરના સઘળાએ મળી સંકલ્પ કીધો કે આ ધૃષ્ટતાને માટે જરૂર સુશીલ કુમારને કંઇ શિક્ષા મંજાવી જોઇએ. સરલાની મોટી બ્હેન તરલા બોલી. " મોટા ભાઇ આ કામ તમે અમને સોંપી દો. અમે ડૉક્ટર સાહેબને જોઇતો આવકાર આપીશું "

નાની બ્હેન અમલા બોલી "હું ટીનનો ડબ્બો કાપીને ચાર રૂપીઆ બનાવીશ અને તે ડૉક્ટર સાહેબને પ્રીની જગ્યાએ આપીશ."

યોગેન્દ્ર બોલ્યો–"ટીનના નહીં ટીનના રૂપીઆને તો મશ્કરીમાં કાઢી નાંખીશું, એને બરાબર રૂપીઆ આપવા. જ્યારે તે ડૉક્ટર થઇનેજ આવે છે, તો પછી આપણે પણ પુરેપુરો ડૉક્ટરને છટોજ વર્તાવ રાખવો જોઇએ. તે જ્યારે સરલાને પોતાની પત્ની તરીકે

નથી ચહાતો. તો હું પણ મારી બ્હેનને એની સામી આવવા દેવાનો નથી. સરલાને પડદાની ઓથમાંજ રાખવી" એ વાત દરેકને ઠીક લાગી, કારણ કે એથી ડૉકટર સાહેબને શીખામણ સાથે કંઈક સજ્જ પણ મળી જશે.

ઘર બધું જ્યારે આ ઠરાવથી ખુશ થઇ રહ્યું હતું, ત્યારે સરલા બીચારી ગભરાટમાં હતી. તે મનમાં ને મનમાંજ વિચારતી હતી કે, મોટાભાઇના અપમાનનો બદલો તો આથી વળશે, પણ મારે માટે કંઇ સારું પરિણામ આવવાનું નથી. એઉ બ્હેનોને મશ્કરી કરવાનો તો ઠીક તાલ આવશે, પણ આને માટે તે મનેજ અપરાધિણી ઠરાવશે ! એ વિચારથી સરલાનું મન બહુજ ભયગ્રસ્ત થયું. તરલાને તે વિનવીને કહેવા લાગી. " મોટી બ્હેન આ તમે શું કરી રહ્યાં છો ? હું પડદામાંથી નાડી નહિ બતાવીશ."

તરલા હસીને બોલી—"કેમ પડદામાંથી નાડી બતાવતાં શરમ લાગે છે. શરમ લાગતી હોય તો સામે આવીને ખડી થઇ જજે. સરલા બોલી–" એ કંઇ ઠીક નથી થતું."

તરલા ગ્રહોં મચકોડીને બોલી, " મોટાં ભાઇની વાતને ધ્યાન પર નહિ લેતાં પોતાનીજ જીદ પકડી રાખવી, એ તારી સમજ પ્રમાણે કદાચ ઠીક થતું હશે. પણ અમે બન્નો બ્હેનો તારા વરની મશ્કરી કરીએ તે તને નહિ પચતું હોય ! "

" તમે બધાં તમારે ફાવે તેમ કરો, પણ મને એ બખેડામાં નહિ નાંખો. તે મારા પર મૂળમાં તો ખીજવાયલા છે અને આનાથી એકદમ વધી જશે, અને આવી રીતે તેમને કષ્ટ પહોંચાડવું એ પણ મારે માટે ઉચિત નથી."

તરલા કંઇક વિચાર કરીને બોલી–" એ વાત તો તારી વાજબી છે. ઠીક તો તું કંઇ નહિ કરતી. હું જ તારા બદલામાં પડદાની આડમાં ઉભી રહીશ. પણ ડૉકટર સાહેબની મજાક તો જરૂર બનાવવાની. "

સરલા હસીને બોલી " પછી બગડેલી વાત સુધારવી પણ તમારેજ પડશે. "

તરલા બોલી." હાહા, તું બેખટક રહે. અન્તમાં એક મીલન થાય એવું નાટક રચીશ. "

× × × ×

પાંચ વાગે સુશીલ કુમારની ગાડી તેના સાસરાના દરવાજા પર આવી પહોંચી. સુશીલ અંદર પહોંચતાંજ યોગેન્દ્રના નાના ભાઇ નરેન્દ્રે મોટા અવાજથી નોકરને કહ્યું. " જાવ, અંદર જઇને ખબર કરો, ડૉકટર સાહેબ આવ્યા છે. "

સુશીલ સમજી ગયો. કે આ સવારની વાતને લઇનેજ છે. થોડી ઘણી મજાક મશ્કરી તો ખમવીજ પડવાની. કારણ રિવાજ જ એવો છે. એટલામાં અંદરથી ચમલા આવીને બોલી " ડૉકટર સાહેબ અંદર ચાલો "

સુશીલે હસીને જવાબ વાળ્યો. " ચાલો "

પણ અંદર જતાંજ સુશીલને માલુમ પડી ગયું કે મામલો ટેઢો છે. હમેશની માફક તેની શાળાઓમાંથી પણ કોઈ સ્વાગત કરવા આવ્યું નહિ. તેના ઘરની ચાકરડી પણ તેને જોતાંજ એક બાજુએ ખસીને ઉભી રહી ગઇ.

એક ઓરડાની વચમાંજ લીલા રંગનો એક પડદો ટાંગ્યો હતો, પડદાની પાસેજ એક

ખુરસી પડેલી હતી. અમલાના કહેવાથી સુશીલ તેના પર બેસી ગયો. અમલા બોલી "બ્હેન ડૉક્ટર સાહેબ આવ્યા છે, જરા હાથ બહાર કઢાડીને નાડ બતાવ !"

તરતજ કાચરી કંકણવાળો એક સફેદ હાથ પરદાની બહાર નીકળ્યો. સુશીલ તો અંદર આવતાંજ ડઘ થઇ રહ્યો હતો, અને આ તમાસો જોતાં તો તે ક્રોધ અને અપમાનનો માર્યો દીવાના જેવો થઇ ગયો. ઓરડાની ચારે બાજુમાંથી ધીમો હસવાનો અવાજ કાનપર આવવા લાગ્યો. દુષ્ટ અમલા પણ બાજી બોલને પોતાના હાથમાંના રૂપીઆ ખખડાવવા લાગી.

સુશીલનો ચહેરો માંજેલા તાંબાના ઘડા જેવો લાલ થઇ ગયો. આ તીવ્ર અપમાનથી તેનો જીવ એકદમ બગડી આવ્યો. મનમાં તો એવું થયું કે જાણે પડદાને ફાડી તોડીને ફેંકી દઉં. બધામાં અસલ વાત તો એ હતી કે પોતાને અપમાનિત કરવાને રચાયલા આ નાટકમાં સરલાજ નાટકની પ્રધાન અભિનેત્રી હતી. ફરીથી રૂપીઆ ખખડાવીને અમલા બોલી.—"ડૉક્ટર સાહેબ, વિચાર શું કરો છો, નાડ તપાસો ને !"

સુશીલે મહા મુશ્કેલીથી પોતાના ધુરન્ધરને દબાવી મનમાંને મનમાંજ નિશ્ચય કર્યો કે બીજી વખત આ અપમાનનો બદલો પુરેપુરો લેવો. પણ આ વખતે તો ડૉક્ટર બનીને આવ્યા છીએ, તો હવે ડૉક્ટરના જેવુંજ આચરણ કરવું ઉચિત છે. પોતાની મેળેજ ડૉક્ટરની રૂએ આવીશ, એમ કહ્યા પછી જો કોઇ ડૉક્ટરની માફકજ તેની સાથે વરતાવ રાખે તો તે તેનો પ્રતિવાદ કેવી રીતે કરી શકે ? આખરે વગર મનથી નાડી જોઇ સુશીલ જવાને માટે ઉભો થયો, એટલે અમલા બોલી—જરા થોભો, બ્હેનના હૃદયની પણ પરીક્ષા કરતાં જાવ, કારણ કોઇ કોઇ વખત જીવ બહુજ ગભરાય છે "

રોગીના બહાર નીકળ્યા વગર હૃદય પરીક્ષા શી રીતે થઇ શકે ? એ વાત સુશીલના ધ્યાનમાંજ હજુ સુધી આવી નહોતી. જેથી તેણે અમલાની સામું જોયું.

અમલા બોલી ' બ્હેન, જરા ઉભી થઇ જા. ડૉક્ટર સાહેબને જરા છાતી તપાસવા દે " એટલું બોલી તરતજ સુશીલ તરફ ઘણીજ ચપળાઇથી ફરી જઇ સુશીલની સામે જોઇને " આપ આ પડદામાંના છિદ્રમાંથી આપના " રટેયોસ્કોપ " નો છેડો અંદર નાંખો. "

બહારથી પાછો મંદમંદ હસવાનો અવાજ ચારે તરફથી આવવા લાગ્યો. સુશીલનો ચહેરો બળતા અંગારા જેવો લાલ થઇ ગયો, પણ તે બીચારો બધી બાજુએ લાચાર હતો. હૃદય પરીક્ષાનો ખેલ ખતમ થતાંજ " લ્યો ડૉક્ટર સાહેબ, આપની ફી ' કહીને અમલાએ ચાર રૂપીઆ સુશીલેના હાથમાં મૂક્યા.

સુશીલ રૂપીઆને ગજવામાં નાંખી એકદમ બહાર નીકળી ગયો. બદલો લેવાને માટે ચિત્ત વ્યાકુળ થઇ ઉઠ્યું. મનમાં નિશ્ચય કીધો કે એવો બદલો લઉં કે સરલાને જીવન પર્યંત અનુતાપ કરવો પડે. આટલો દમ ! આટલો અહંકાર !

સુશીલ ગાડીમાં બેસવાની તૈયારીમાંજ હતો, એટલામાં અમલાએ આવીને તેને અટકાવ્યો અને પાછું એક ઝેરી તીર છોડ્યું. " વાહ ડૉક્ટર સાહેબ, આપે તો ફી લઇને ચાલવા માંડ્યું, પણ વ્યવસ્થા પત્ર (પ્રીસ્ક્રીપશન) તો લખ્યુંજ નહિ."

સુશીલે પાછા ઘરમાં આવી વ્યવસ્થાપત્ર (પ્રીસ્ક્રીપશન) લખી કઢાડ્યું, અને એવી રીતે ડૉક્ટરના સર્વ કર્તવ્યોનું પાલન એણે સરસ રીતે કર્યું.

સુશીલ પાછા જવાની તૈયારીમાં હતો, એટલામાં અમલા બોલી. " રોગીની તબીયત આપને કેવી માલમ પડી ?"

" આશ્ચર્યમય !"

" એને રોગ શું છે ?"

" અસ્વાભાવિક !"

સુશીલના ગયા પછી તરલા બોલી. " મેં તો જેમ તેમ હસવું થોભાવી રાખ્યું " સરલાએ કહ્યું—" પણ મને તો અસંત કષ્ટ થઇ રહ્યું હતું. "

× × × ×

સન્ધ્યા સમયે ખીલેલી ચંદ્રીમાં ઝરખામાં બેસી તરલા વાયુસેવન કરી રહી હતી, એટલામાં સરલાએ આવીને રોતાં રોતાં કહેવા માંડ્યું. " જો બ્હેન આ કેવો અનર્થ થયો, તું તો હસવાનું કરવા ગઇ હતી."

" સારૂં ! કહેતી કેમ નથી, શું છે ?"

" જો આ કાગળ આવ્યો છે તે વાંચ,"

એટલું કહીને સરલા એક પત્ર તરલાની આગળ ફેંકીને ચાલી ગઇ. તરલાએ ઓરડામાં જઇ દીવાને અજવાળે કાગળ વાંચ્યો. સુશીલે નીચે પ્રમાણે પત્ર સરલાપર લખ્યો હતો.

" સરલા !

કેટલાએક દીવસ થયાં તારા કઠોર હૃદયનો પરિચય મને મળી રહ્યો છે. પરન્તુ એમાં આટલું વિષ ભરેલું છે, તે મને માલમ નહોતું. આજે તારાં પીયરીઆં સાથે મળીને તેં મને અત્યંત અપમાનિત કર્યો છે. જો તું હવે મને બ્હોં બતાવવા નથી માગતી, તો હું પણ પ્રતિજ્ઞા કરૂં છું કે આ જીવનમાં હું પણ તારૂં બ્હોં જોઇશ નહિ. મારી અને તારી વચ્ચે પતિપત્નીનો જે સંબંધ હતો, તે આજથી તૂટી ગયો છે. હવેથી તું દરેક વાતે સ્વતંત્ર છે. જે તારા મનમાં આવે તે કરજે. તું એ તો સારી રીતે જાણે છે, કે મારા કહેવા અને કરવામાં અન્તર નથી. આજથી તારી સાથે સંબંધ તોડી હું મને પોતાને ઘણોજ સૌભાગ્યવાન સમજું છું. પતિ.

પત્ર વાંચતાં તરલા કંઇક ચિન્તા મગ્ન થઇ ગઇ. એને તો સ્વપ્ને પણ એવી ખબર ન હતી કે આવી તુચ્છ બાબતમાં સુશીલ આટલો ક્રોધે ભરાશે, આને લીધે જો સરલા અને સુશીલને હમેશને માટે વૈમનસ્ય થઇ જાય, તો એને માટે તરલાજ પુરેપુરી અપરાધિની ઠરે ! સરલા તો પહેલેથીજ આ ભાવિ વિપત્તિની આશંકા કરી રહી હતી. તે તો તરલાને એ વાતની ચેતવણી પણ દઇ ચુકી હતી.

એટલામાં સરલાના આવવાથી તરલા બોલી.–

"ડૉક્ટર સાહેબ તો ખુબ ખીજડયા જણાય છે. જો એ આટલા ખીજવાઇ જશે એવું જાણતે, તો આવું કરતજ નહિ"

સરલાની આંખો ભરાઇ આવી, અને ઘણાજ કરૂણ સ્વરથી કહેવા લાગી "મોટી બ્હેન; હવે શું કરવું" ?

તરલા ધીરજ દઇ બોલી. "તું એટલી ગભરાય છે શા માટે ? જ્યારે એમને જણાશે કે પાદાની પોંછણ તો હું હતી, ત્યારે એમનો ક્રોધ તારાપર રહેવાનો નથી. અને એ માટે તો મારેજ ડૉક્ટર સાહેબને મનાવવા પડશે. કોઇ પણ પ્રકારે જો એ એક વખત અહીં આવે, તો બધી વાતનું ચોકઠું બેસાડી દઉં."

"તમે મોટા ભાઇને કહો કે મને હમણાંને હમણાંજ ત્યાં મોકલાવી દે."

"કેવી ગાંડી, એનાથી તો તે ઉલટા બગડશે."

બંને બહેનો વચ્ચે એવી વાતચિત થઇ રહી હતી, એટલામાં યોગેન્દ્ર આવી પહોંચ્યો. અને કહ્યું, "તમે સઘળાએ મળી આજે બીચારા સુશીલને ગાંડો બનાવી મુક્યો. સુશીલ જે વ્યવસ્થા પત્ર (પ્રીસ્ક્રીપશન) લખી ગયો હતો, તે બહાર ટેબલપરજ પડી રહ્યું હતું. સન્ધ્યા સમયે સરલાની તબીયતની ખબર કહાડવા ડૉક્ટર સુરેન્દ્ર આવ્યા હતા, તેણે વ્યવસ્થા પત્ર (પ્રીસ્ક્રીપશન) વાંચતાજ કહ્યું-સરલાની આ નજીવી જેવી બીમારીથી સુશીલકુમાર બહુજ ગભરાઇ ગયા છે. અને ગભરાટમાં એવું વ્યવસ્થા પત્ર (પ્રીસ્ક્રીપશન) લખી ગયા છે, કે એમાં લખેલી બે દવાઓ એવી છે કે જે એક બીજા સાથે મળવાથી ઝેર બની જાય છે." ડૉક્ટર સુરેન્દ્ર જોને અંદરની વાત કંઇપણ માલુમ નહોતી. તેમણે વધારામાં એમ પણ કહ્યું હતું કે "આને લીધેજ ડૉક્ટર લોકો પોતાના ઘરની દવા નથી કરતા."

તરલા બોલી-"વ્યવસ્થા પત્ર તો ફક્ત રમુજને માટેજ લખાવ્યું હતું. જો તે પ્રમાણે દવા લાવ્યા હોત, તો આજે ભારી દુર્ઘટના થઇ ગઇ હોત."

"સુરેન્દ્ર ડૉક્ટર કહેતા હતા કે એ વ્યવસ્થા પત્ર એમની પાસે મોકલી દો, તે વાંચીને સુધારી આપશે" એટલું કહીને યોગેન્દ્ર જોરથી હસવા લાગ્યો.

"તે વ્યવસ્થા પત્ર ક્યાં છે ?"

"મારી પાસે છે."

"તે મને આપો જરા."

"કેમ એની પર ફરીથી મીઠું મરચું લગાવવું છે ?"

"નહિ મીઠું મરચું નથી લગાવવું, અત્યાર સુધી તો ડૉક્ટર ફક્ત જાળમાં ફસાયાજ હતા, પણ હવે તો તેને અહીં ખેંચી પણ લાવીશ."

યોગેન્દ્રના જવા પછી સરલાએ તરલાને કહ્યું: "સરલા, ડૉક્ટર સાહેબની આતરદારીનો સઘળો સામાન તૈયાર કરી રાખ. તે હમણાં આવનાર છે."

"કોણ જાણે ફરી હવે કેવી એક જાળ રચવા માંડી હશે ?"

સ્નેહ ભરી નજરથી નાની બહેનની સામું જોઇ તરલા બોલી ! નહિ, નવી જાળ નથી રચવી, જે જાળ રચી છે, તેનોજ ફેંસલો કરવો છે."

આગ્રહ પૂર્વક સરલાએ પૂછ્યું "શું કરવાના છો ? જરા સાંભળું તો ખરી."

"જા અહીંથી, હમણાં કંઇ બતાવતી નથી" તરલાએ ફરમાવ્યું.

રાતના દશ વાગી ગયા છે, ડૉક્ટર સુશીલ કુમાર ઓરડામાં આરામ ખુરશી પર પડ્યા હતા. તેમનું મન ચિન્તા મગ્ન છે, સરલાના દુર્વ્યવહાર પર ક્રોધની સાથે વિસ્મયતા પણ ઉત્પન્ન થઇ રહીછે, તે સ્નેહમયી, લજ્જાશીલ સરલા આજે આવી રીતે મને અપમાનિત કેવી રીતે કરી શકી ? કાયા વચન અને મનથી પતિની અનુરાગિની સરલા દશ પંદર દિવસમાંજ પિશાચિણી થઇ ગઇ!

(મિત્રમંડળમાં) પત્રોના અધિપતિઓ, કે જેઓ સર્વ પ્રકારનાં પુસ્તકો માટે અભિપ્રાય પળ વારમાં આપી શકે એવા ચાલાક હોય છે, તેમણે પોતપોતાના પત્રોમાં એમની પુસ્તકની સમાલોચના બીજા શબ્દોમાં કહીએ તો ઓનરરી એડવર્ટાઇઝમેન્ટ (Honourary advertisement–બોલાઅખશ જાહેર ખબર) આભારનાં ઉભરા તથા વખાણનાં વજીલા સાથે પ્રકટ કરી હતી.

(૨)

પ્રિય વાચક! આ રસ સંપન્ન નવલ કથાનો આસ્વાદ લેવા તમે અધીરા બન્યા હશો, માટે મારી કથા આગળ ચલાવ્યા પહેલાં મારે, તેનો સ્વાદ તમને ચખાડવો એ મારી ફરજ સમજું છું. આ નવલકથામાં તેમણે વૃદ્ધ વિવાહથી થતી દુર્ગતિ અતિશય અસરકારક બાનીમાં દર્શાવી હતી.

સુંદર નામની એક બાળાના લગ્ન સુંદરલાલ નામના ૬૦ વર્ષના સ્મશાનપ્રિય મનુષ્ય સાથે કરાવ્યાં હતાં. નવ વધુ સુંદરના આગમનથી સુંદરલાલના ઘરમાં થતા ઉત્પાતો તથા તેની બાના બરાબીનો ચિતાર વાંચી વાંચક હૃદયને અવશ્ય રોમાંચ અનુભવવો પડતો. સુંદરના સુંદરપણાથી સુંદરલાલ ચીયરેહાલ ઘરબાર, કુટુંબ મિત્ર વિનાં રખડતા અંતમાં દૃષ્ટિગોચર થાય છે, લેખક અંતે પોતે તેને દિલાસો આપે છે.

" આજ કાલ ભણેલા ગણેલા લોકો વૃદ્ધોના વિવાહ સાંભળી હસે છે. જો કોઇ વૃદ્ધને પરણવાની વાતચિત કરતો સાંભળે તો તેના તરફ તિરસ્કારની નજરે જુએ છે. જે નાતોમાં વૃદ્ધ વિવાહનો રિવાજ હોયછે, તે લોકો અશિક્ષિત સમાજમાં ગણાય છે. વૃદ્ધોએ તો એ અવસ્થામાં કેવળ રામ રામજ કરવું જોઇએ. જુવાનોનું જીવન ગાડું ચલાવવામાં ટેકો આપતી વખતેજ માત્ર આવી બાબતોમાં લક્ષ આપવા વૃદ્ધોને પરમેશ્વરે પરવાનગી આપી છે, જો વૃદ્ધોએ બાણી બુઝીનેજ કુવામાં કૂદી સુફળ પ્રાપ્ત કરવું હોય, તોજ તેઓએ લગ્ન કરવાં."

(૩)

પ્રિયવદનની ઉમર હાલમાં તેની છેલ્લી નવલકથાના નાયક મિ. (સ્વ.) સુંદરલાલની સમાનજ હતી. ધીરે ધીરે તેમણે ધડપણ સાથે સંપ જમાવવા માંડયો હતો. અને જુવાની સાથે મહાભારત યુદ્ધ જગાવ્યું હતું. પ્રભુ કૃપાથી પૈસે ટકે, પરિવાર વગેરે સર્વ રીતે સુખી હતા, પૌત્રને ત્યાં હમણાંજ એક પુત્ર રત્નની પ્રાપ્તિ થઇ હતી, અને સંભવ હતો કે થોડા સમયમાંજ પ્રપૌત્રને ત્યાં પણ પુત્ર થાત.

(૪)

પ્રિય વદન પ્રપૌત્રના દર્શન કરી હિંદુ શાસ્ત્ર પ્રમાણે સ્વર્ગમાં સ્થાન મેળવવા માટે આમ લાયકાત ધરાવતા થયા હતાં. એ સમયમાંજ એક ૧૬–૧૭ વર્ષની કન્યા સાથે પોતે અનુભવ લગ્ન કર્યું. આ નવા લગ્નનું નામ સાંભળી વાંચક આભા બનશે ખા. એનો નિર્ણય કર્યાના પ્રવાહમાં એની મેળેજ થશે. લગ્ન થયાં ત્યારે લોકો કહેતા કે "જેના ઘરમાં ધનની કમી નથી, પરિવારનું સારૂ સુખ છે, રાજદરબારમાં તથા પ્રજામાં સારૂ સન્માન છે, પોતાના પુસ્તકોથી જેને વરસે દહાડે સારી આમદાની છે, તેને ઘરડે ધડપણ આ શું સૂઝયું?" લોકોમાં પ્રિય વદનની જ્યાં ત્યાં વાતો ચાલવા લાગી, સુધરેલો વર્ગ તો તેનો તિરસ્કાર કરતો હતો, પણ અણસુધરેલા વર્ગના લોક જેને અણેલા તરફથી "અશિક્ષિત સમાજ"ની પદવી બક્ષવામાં

આવી હતી, તે પણ તેને બમણા જોરથી નિન્દવા લાગ્યા. બાળ, યુવાન, વૃદ્ધ વગેરે સર્વ સ્ત્રી પુરૂષ આ વાતમાં ઉત્સાહથી ભાગ લેતા હતા.

(૫)

આ ઉહાપોહના સમયમાંજ એક રૂપાળી યુવકે બજાર સાદ કર્યું. પરિણીત વૃદ્ધ પ્રિય વદન પાસે જઇ તેણે પૂછ્યું. "આપ વૃદ્ધ થયા છો, આપના અંગ-પ્રત્યંગ શિથિલ થયાં છે. આપની લખેલી નવલકથા વાંચવાથી તો માલૂમ પડે છે કે આપ વૃદ્ધ વિવાહનો વિરોધી છો. તો શું આપે વ્યવહારથી આપના લેખનું ખંડન કર્યું છે?

પ્રિય વદને ગંભીર ચહેરે જવાબ આપ્યો. "હે સૌમ્ય! તું મારા ઉદ્દેશને સમજી શકયો નથી. આજ સુધીમાં મેં જે જે નવલકથા તથા નાટકો લખ્યાં છે, તે સર્વ કલ્પના મૂલક છે. ઘડપણમાં વિવાહ કરી નવવધુના પ્રેમમાં ફસતાં કુટુંબીઓ આગે શી રીતે કલેશનું કારણ ઉત્પન્ન થાય છે, પુત્રપુત્રી ધનની લાલસાથી વૃદ્ધની કેવી રીતે દુર્ગતિ કરે છે, દુષ્ટ દોહિત્ર નવ વિવાહિતા સ્ત્રીને કેવી રીતે ફસાવે છે, એને અભિચારનો માર્ગ બતાવે છે, અને આગે વૃદ્ધ પતિના પ્રાણ લેવાના ઉપાય પણ સુઝાડે છે, વગેરે ભાવોનો સંગ્રહ કરી મેં નવલકથા લખી છે. એ સર્વ મારા મનજની વિચારમાળાનું ફળ હતું. પરંતુ સંસારમાં ખરેખર એમ બને છે કે નહિ, એનો આજ સુધીમાં મને અનુભવ નથી. હવે હું લગ્ન કરી એ ભાવોને ચરિત્રમાં મૂકવા ચાહું છું, અને વૃદ્ધ મનુષ્ય નવ વધૂને સંતુષ્ટ કરવા ઉપરાંત આપે કુટુંબના માણસો પણ સંતુષ્ટ રહી શકે કે નહિ. તેમજ હું દુષ્ટોનું દમન કરી શકું કે નહિ, એ યત્ન કરી જોવા માગું છું.

મારે મહેનત કરી મારી કલ્પનાની ભૂલ જોવી છે. જો હું કૃતાર્થ થઇશ, તો કલ્પના તે કેવલ કલ્પનાજ કરશે. અને પ્રત્યક્ષ બલવાન્ થશે, જો કલ્પના પ્રમાણે મારે પણ દુઃખ ભોગવવું પડશે, તો કલ્પનાની સિદ્ધિ થશે, અને પ્રત્યક્ષ અસંભવિતજ રહેશે. આ વિવાહનું જે પરિણામ આવશે, તે આજ પછીના પુસ્તકોમાં હું આલેખીશ.

(૬)

પ્રિય વાચક! મને (અને તમને પણ) પ્રિયવદનનો હેતુ સુંદર જણાય છે. પોતે પરીક્ષા કરી દળાકળ જોવાની અભિલાષા પ્રશંસાપાત્ર છે. ડૉક્ટર લુનિમાને પણ એવીજ રીતે પોતાના ઓસડોની પરીક્ષા પોતાના ઉપરજ કરી હતી, વિદ્વાન્ પુરૂષોના ચરિત્રોની ખૂબી મહત્ત છે. આજ સુધી થતા વૃદ્ધ વિવાહના ઉપહાસને આજથી તિલાંજલિ મળી સમજો. ઘડપણે લગ્ન કરનાર સર્વને એક સુંદર બચાવ આપણા આ લેખક જીવન ગુલ્લરનારાયણે શોધી આપ્યો. લેખકોને જમાનામાં વધારે માન મળે છે, તેનું પણ એક કારણ આથી સહજ સમજાશે. આ લગ્નને આપણા કર્તા નાયક "અનુભવ-લગ્ન" કહે છે. પ્રિય વાચક સ્નેહ લગ્ન અને દેહ લગ્ન શબ્દ તો તમે વારંવાર સાંભળ્યા છે. કેવળ સ્નેહને લીધે આકર્ષાયેલા સ્ત્રી-પુરૂષોનું સહમીલન તે સ્નેહ લગ્ન, અને સંસારનું ગાડરીડું ગાડું ખેંચવા સ્ત્રી-પુરૂષની જોડ જોઇએજ, એ હેતુથી બે દેહનું જોડાણ તે દેહ લગ્ન. પરંતુ આ નવા લગ્ન તો "અનુભવ લગ્ન" અર્થાત્ કોઇપણ પ્રકારનો અનુભવ લેવા માટે થયેલાં લગ્ન છે. વૃદ્ધ વિવાહનો અનુભવ લેવા પ્રિયવદને લગ્ન કર્યાં છે અને આપણે આગળ ઉપર જોઇશું કે એના અનુભવનું શું પરિણામ આવે છે.

શારદા વિહાર સુરત] ભોળાભાઈ કાંજીભાઈ દેસાઈ.

-વિવિધ વિષય.-

સર્વથી જુનું સમાચાર-પત્ર.

દુનીઆમાં સૌથી જૂનામાં જૂનું સમાચાર પત્ર ચીનનું છે. જેને "કિન-ઓ" અથવા રાજધાનીની ખબરો આપવાવાળું પત્ર કહે છે. વિદેશીઓ એને પેકીન ગેઝેટ (Pekin Gazette). કહે છે. આ પત્ર એક હજારથી પણ વધારે વર્ષોથી પ્રકટ થાય છે. જેનો ઉદ્દેશ ચીન સરકારનો રાજ્ય લેવાલ સમયસર પ્રજાને સંભળાવવો, એ છે. એની વ્યવસ્થા યુદ્ધ વિભાગની એક કમિટિ દ્વારા થાય છે. ચીનના બાદશાહને એ કમિટિના પ્રમુખનું કામ કરવું પડે છે. અર્થાત્ બાદશાહ જાતે આ પત્રના પ્રધાન તંત્રી છે. જૂદા જૂદા પ્રાંતોની ખબર લાવવા માટે દરેક પ્રાંત દીઠ રિપોર્ટરો રાખવામાં આવ્યા છે. પ્રત્યેક જીલ્લાના ચીફ મેજીસ્ટ્રેટ પોતાના જીલ્લાની ખબર લખી બંધ કરી પાકીટ રિપોર્ટરને આપે છે, અને રિપોર્ટરને ગામ બહાર સુધી વિદાય કરી છ તોપનું માન આપે છે. જ્યારે આ રિપોર્ટર પેકીનમાં "કીન-ઓ" કાર્યાલયમાં પહોંચે છે, ત્યારે તે પાકીટ બાદશાહ પોતે જાતે ફોડે છે. અને ત્યાર બાદ કમિટિ મેળવી કઇ કામ ખબર આપવી, તેની ચૂંટણી થાય છે, અને છપાય છે.

"કીન ઓ" પત્રના દરેક અંકમાં પીળા રંગના પાતળા છાપેલા દશ-બાર પાનાં હોય છે, એ પત્ર દેખાવ તથા છપાઇમાં, સુંદર જણાય છે. તેમજ જેમ એ બહારથી સુંદર લાગે છે, તેમ, અંદરની બાબતો પણ ઘણી ઉપયોગી હોય છે.

ચીનાઈ ભાષા.

ચીનાઇ ભાષામાં ગુજરાતી પ્રમાણે મૂળાક્ષર નક્કી કરેલા નથી. દરેક શબ્દનાં જૂદાં જૂદાં ચિહ્ન અથવા આકૃતિ બનાવવામાં આવે છે. આ આકૃતિઓથીજ ઇબારત ઉભી કરવામાં આવે છે. છાપખાનામાં શબ્દ ચિહ્નો (Word-Symyolo.) થીજ કામ લેવામાં આવે છે. ચીનાઇ ભાષામાં એવાં ૨૧૪ ચિહ્નો છે, એમાં ફેરફાર કરવાથી હજારો નવા શબ્દ બની શકેછે.

કયસરનો ખજાનો.

આજ પીસ્તાળીશ વર્ષ પહેલાં ફ્રાન્સ-જર્મની વચ્ચે યુદ્ધ થયું હતું. તેમાં ફ્રાન્સ અતિશય પરાજીત થયું હતું, તે કારણથી ફ્રાન્સને કાંઇ મૂલક સાથે લાખો રૂપિયા જર્મનીને આપવાં પડયા હતા. એમાંથી નવ કરોડ રૂપિયાની ગીનીઓ કયસરે એક જગ્યાએ અજ્ઞાત રાખી મૂકી હતી. બારબુકે જર્મનીની અલતા બધાઓને તેના મંત્રીમંડળે કોઈ દિવસ જાહેર યુદ્ધ કરવાનો નિશ્ચય કરી રાખ્યો હતો. વાત એમ હતી કે યુદ્ધનો બદલો યુદ્ધમાંજ થવો જોઇએ.

જે દિવસને માટે એ રૂપિયા જૂદા રાખવામાં આવ્યા હતા: તે સમય હાલ ચાલુ છે. વચ્ચે કયસરને ઘણીએવાર પૈસાની જરૂર પડી હતી, ત્યારે તેણે આ અનામત રકમમાંથી નાણાં ન ઉપાડતાં ઉધાર ઉપાડયાં હતાં, અને એ રકમમાં તો દરવર્ષે નિયમિત વધારો કરવામાં આવતો હતો. ધીરે ધીરે એ રકમ નવથી વધીને છત્રીસ કરોડની થઇ. વર્ષમાં બે વખત કયસર પોતાની આંખે એ રકમ જોતો અને તોળાવતો. તેના ત્રાજવાં પણ એવાં કરાવ્યાં હતાં કે થોડીજ વારમાં તે તોળી શકાતું. આ ખજાનાને સાચવવા સખ્ત પહેરો રાખવામાં આવતો હતો. જમીનની અંદર એ દ્રવ્ય એવી રીતે રાખ્યું હતું, કે જરૂર પડતાં પાસેની નદીનું પાણી એમાં ભરી દ્રવ્ય ડુબાડી દઇ શકાતું હતું.

પીસ્તાળીશ વર્ષ બાદ એ ખબરનાની આજે જર્મનીને જરૂર પડી છે. જે યુદ્ધમાં જર્મની હાલ ફસ્યું છે, તે યુદ્ધમાં આ ખબરનો બીજ છુટકે બોલવો પડયો છે. આ ખબરનામાંથી નીકળેલી ગીનીઓ નોર્વે, સ્વિડન, ડેનમાર્ક, મોરેસ્તે લંડને આવી. લંડનનો બેંક આવ્ ઇંગ્લંડના અધિકારીઓએ એને ઓળખ્યા કે એ ઇંગ્લંડની ગીનીઓ છે. આ ગીનીઓ જે થેલીઓમાં ભરાઇને ઇંગ્લંડમાં આવી છે, તે થેલીમાની ઘણીએકપર બેંક આવ્ ઇંગ્લંડની જૂની ચીઠ્ઠીઓ છે. અને જર્મનીને આપવા માટે ફ્રાન્સે ઇંગ્લંડ પાસે ગીનીઓ લીધી હતી, તેથી તે પર બેંક આવ્ ઇંગ્લંડની મ્હોર પણ છે. આથી જણાય છે કે દ્રવ્યની કમીને લીધે કેપસરને આ ખબરો નિરૂપાયે બોલવો પડયો છે.

"૨"ની દુર્ગતિ.

એક વિદ્વાન રસિક ઇતિહાસના અગાધ મહાસાગરમાં ખૂબ ગોથાં ખાધે એવી શોધ કરી છે કે એકજ વંશમાં, એકજ નામનો બે રાજાઓ હોય, તેમાંના બીજાને દુર્ગતિમાં સપડાવું પડે છે. હાલનો જર્મને સમ્રાટનું નામ વિલિયમ બીજો છે તે પરથી એને અંતે મહાન વિપત્તિમાં સપડાવું પડશે. એવાં પ્રમાણ ઇતિહાસમાં મોજુદ છે કે જેમાના ઘણું અધોગતિને પાત્ર થયેલા છે, તથા અતિદુઃખમાં પોતાના પ્રાણ ખોયા છે.

ઇંગ્લંડ.

એથલ્ રેડ. ૨. દુર્બળ તથા અભાગી.
એડમંડ. ૨. ગળું કપાવીને મરણ પામ્યો.
વિલિયમ ૨. હંમેશથી આર્યો ગયો.
હેનરી ૨. દુઃખથી મરી ગયો.
એડવર્ડ. ૨. ગળું કપાઇ મરણ પામ્યો.
રિચર્ડ. ૨. " "
જોહ્ન. ૨. કમનશીબે દુર્ગતિ થઇ.
હેનરી. ૩. જેલમ. ૨. પદભ્રષ્ટ કરવામાં આવ્યો.
જ્યોર્જ. ૨. એકાએક મરણ પામ્યો.

ફ્રાન્સે.

ફિલિપ. ૨. આખું જીવન દુઃખમાં ગાળ્યું.
ચાર્લ્સ. ૨. ઝેર આપીને મારી નાંખ્યો.
ફ્રાન્સિસ. ૨. શાન્તિથી રાજ્ય કરી શક્યો નહિ
હેનરી. ૨. બેસમાં મરણ પામ્યો.
નેપોલિયન. ૨ પદભ્રષ્ટ કરવામાં આવ્યો.

જર્મની.

ફ્રેડિ. ૨. જાતિ બદાર થયો, પુત્રજ શત્રુ બન્યો, અને યુદ્ધમાં મરણ પાંમ્યો.
ફ્રેડિકવિલિયમ ૨. ફ્રાન્સથી હારી આલ્સાસ અને લોરેન પ્રાન્ત ગુમાવ્યા.
ફ્રાન્સિસ. ૨. વારંવાર ફ્રાન્સ સાથે લડતાં હાર ખાધી. પણ જર્મનીના સિંહાસનથી ઉતરી આસ્ટ્રિયાના સિંહાસન ઉપર બેસતાં ભાગ્ય ચમકયું હતું.
વર્તમાન વિલિયમ ૨. (શું થશે તે પ્રભુ જાણે ?)

બીજા દેશો.

સ્કોટ જેમ્સનો જેમ્સ. ૨. તોપ ફાટવાથી મરણ પાંમ્યો.
સ્પેનનો ફિલિપ. ૨. ઇંગ્લંડની રાણી "બ્લડી મેરી" સાથે વિવાહ કરવો પડયો.
પોલંડનો એલેક્ઝાંડર. ૨. પદભ્રષ્ટ કરવામાં આવ્યો.
પોલંડનો આગસ્ટસ. ૨. રશીઅનના ચાલ્સ ૧૨ માએ હારી પદભ્રષ્ટ થયો.
આસ્ટ્રિયાનો આલબર્ટ ૨. એનું બીજું નામ "રાજ્યાભિષેક રહિત રાજા"—એથી એનું અનુમાન કરી લ્યો.
દિલ્હીનો અકબર. ૨. માત્ર નામનોજ રાજા.

જો ઇતિહાસ મહાસાગરમાં હજીએ વધારે ઉંડા ઉતરવામાં આવે, તો આથી પણ વધારે બીજા દાખલાઓ મળી આવે.

પાણી વિના જીવનાં પ્રાણી.

પાણી સર્વ પ્રાણીઓનું જીવન મૂળ છે. પણ જગતમાં કેટલાંક એવાં પણ પ્રાણીઓ છે, કે જેઓ પાણી વિના જીવે છે. મધ્ય એશિયાના દેડકાઓ માત્ર લીલું ઘાસ ખાઇ "પ" અથવા એથી વધારે દિવસ સુધી પાણી વિના રહી શકે છે.

અમેરિકાના સંયુકત રાજ્યમાં નેશનેશનલ ફોરેસ્ટ નામના જંગલમાં ચાયુટાહના રણમાં એવા દેડકાઓ જોવામાં આવે છે, કે જે બાર અગીયાર મહિના સુધી પાણી વિના જીવી શકે છે.

ન્યુ મેકિસકોના અમેરિકન સહરા નામક રણમાં સૂઅર થાય છે. જે પ્રદેશમાં વર્ષમાં માત્ર નામનોજ વરસાદ વરસે છે. એથી આ જાનવરો કંદ, અથવા એક પ્રકારના ઝાડના રસદાર પાંદડાઓ ચાવી પોતાની તૃષા છીપાવે છે. આમ છતાં પણ એની સંખ્યા ઘણી વધે છે.

પાસિફિક મહાસાગરના પિટકેર્નગ્રેટની લગભગ ૧૨૦ માઇલ દક્ષિણે ઓટલ નામનો બેટ છે. જ્યાં માણસ જાતની વસ્તી નથી. ત્યાં કેટલાંક એવાં પ્રાણી જોવામાં આવે છે કે તેઓ પાણી વિના જીવે છે. એ બેટના છ માઇલના વિસ્તારમાં ઝાડ, પાંદડાં, કે પાણીનું બીજું કોઇ પણ સાધન નથી.

કિન્તુ સર્વથી વિચિત્ર તો કોથળીવાળા ઉંદર છે, તે આ રણમાં થાય છે. એ ઉંદરોના ગાલની બાજૂએ એક કોથળી હોય છે, તેમાં ખાવાની ચીજ તે રાખી લે છે, અને ભૂખ લાગતાં બહાર કાઢી ખાય છે. પાણી પીવાની એને કદી ઇચ્છા પણ થતી નથી. કેટલેક ઠેકાણે એ ઉંદરોને કેવળ સુકું અનાજ ખવાડી પાણી પાયા વિના રાખવાના પ્રયોગ કરવામાં આવ્યા છે, આ મુદતમાં એને કોઇ પણ લીલી ચીજ કે પાણીનું ટીપું આપવામાં આવ્યું નહતું. છતાં પણ તેને કોઇ પણ જાતની ન્યૂનતા જણાતી નહતી. મુદત આખરે તેને તોળતાં તેનું વજન કૈ વધેલું માલમ પડયું.

પાણીમાં ચાલવું.

કલીવેલણના એક વિશ્વવિદ્યાલયનાં વિજ્ઞાન શાસ્ત્રના અધ્યાપક મિ. ફ્રોધરવેડન વાચે પાણીમાં ચાલવાનો અભ્યાસ કર્યો છે. તે બન્ને હાથ ઉંચે રાખી શરીરનો ભાર એવા કેન્દ્રમાં રાખે છે કે જેથી જમીનની માફક પાણી ઉપરે પણ ચોલી શકે છે. એઓ કહે છે કે જીવતાં માણસનું શરીર પાણીથી હલકું છે. પરન્તુ માણસ પોતાનું કેન્દ્ર પાણી ઉપર ન રાખી શકવાથી ડૂબી જાય છે. માટે જો પ્રત્યેક મનુષ્ય મારી માફક અભ્યાસ કરે તો અનાયાસે પણ પાણીમાં ચાલવાની શક્તિ મેળવી શકે છે. આ પ્રમાણે જો દરેક માણસ પાણીમાં ચાલવાનો મહાવરો કરી ચાલતાં શિખી જાય, તો પછી હોડી-વહાણ વગેરેની જરૂર અસમર્થ અને મોટા માણસોને માટેજ રહે!

યુદ્ધ સંબંધી કેટલીક ગપસપ.

ફ્રાન્સિસ એક એવી મોટી તોપ પોતાના ઉપયોગમાં લેનાર છે કે જેથી એક મિનિટમાં ૩૨૦૦ ગોળા છોડી શકાય છે.

જર્મનીને દર મહિને આ યુદ્ધમાં ૧૪૦૦૦૦૦૦૦ પાઉંડનો ખર્ચ થાય છે.

યુદ્ધના આરંભથી આજસુધી યુરોપમાં બધા મળીને ૫૦૦૦૦૦૦થી પણ વધારે માણસો માર્યા ગયા છે. ઘાયલોની સંખ્યા ૭૦૦૦૦૦૦૦ની બનાવવામાં આવે છે.

બંદુકો શત્રુના હાથમાં ન જાય માટે તેનો નાશ કરવામાં આવે છે, આ કામ ચોડીકજ ડિનેમાઇટથી થાય છે. ડિનેમાઇટ એક જાતનો ભયંકર વિસ્ફોટક મસાલો છે. એ સિવાય બીજા ઘણા ઉપાયોથી બંદુકોનો નાશ કરી શકાય છે.

ઘણાનું અનુમાન છે કે સબમરીનો પોતાના શત્રુને જુએ છે, કે તરત હુમલા કરવાને ડુબકી મારે છે, એના કેપ્ટન હુકમની રાહપણ જોતી નથી; તેનો હુકમ થયા પહેલાંજ તે પોતાનું કામ કરી લે છે. પરન્તુ ખરી વાત એવી છે કે હાલની "એફ" જાતની સબ-મરીનો પોતાનું કામ પાંચ મિનિટમાં કરી લે છે. અને જુની બનાવટની સબ-મરીનોને દશ-પંદર મિનિટ લાગતી.

તંત્રી.

સ્વીકાર અને સમાલોચના.

શ્રીમદ્ ભાગવત ભાષાંતર—પ્રસ્તુત સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી પાંચમી આવૃત્તિના પ્રકાશક રા. ઝવેરભાઇ ઉમેદભાઇ પટેલ, રીવીરોડ-અમદાવાદ પૃષ્ટ ૧૧૨૫ (રોયલ આઠ પેજી) સચિત્ર કિંમત રૂ. ૨-૨-૦.

શ્રીમદ્ ભાગવત અષ્ટાદશ પુરાણમાંનું એક છે, અને તે શૈવ વૈષ્ણવ ઉભયનો પ્રીતિપાત્ર ગ્રંથ છે. એક સમય એવો હતો કે આ ગ્રંથની સો સો રૂપીઆ ખરચી હસ્તલિખિત પ્રત શ્રીમંતો વસાવતા, અને ચાતુર્માસમાં તેનું વાચન થતું. તેજ ગ્રંથ આજે આપણને કેવળ રૂ. ૨-૨-૦ માં છાપેલો મળે છે. આ ગ્રંથની આ પાંચમી આવૃત્તિ છે. આ આવૃત્તિમાં ચિત્રો ખાસ નવા જાતના બ્લૉક તૈયાર કરાવી છાપવામાં આવ્યા છે. આવી સસ્તી કીંમતે મળતાં આપણા શાસ્ત્રનાં અને અતિ બોધપ્રદ ગ્રંથો દરેક પોતાની પાસે અવશ્ય રાખવા જોઇએ.

બ્રહ્મચારિણી અથવા સમાજસેવિકા-લેખક અને પ્રકાશક ડાહ્યાભાઇ રામચંદ્ર ગ્રહેણા, મેનેજર, સસ્તી વાર્તામાળા, અમદાવાદ. કિંમત પાકા પૂઠાની રૂ. ૦-૧૨-૦, કાચાની રૂ. ૦-૮-૦

આ પુસ્તક સસ્તી વાર્તામાળાના ૪-૫-૬ પુસ્તક રૂપે પ્રકટ કરવામાં આવ્યું છે. સનાતન ધર્મપર હાલમાં અતિશય આક્ષેપો થાય છે. તેથી તેના રહસ્યનું નવલકથા રૂપે રહોદ્ઘાટન કરતું આ પુસ્તક આવકારદાયક છે 'કમલિની' નામક નવિકાને 'સમાજ સેવિકા' બનાવી તેની પાસે અખંડ બ્રહ્મચર્ય પળાવ્યું છે તે ઘડો મેળ જોગ છે. હિંદુ વિધવાને પુનર્લગ્નની હા ભારે જરૂર નથી, તે પણ આ વાંચવાથી સહજ સમજાશે. આ નવલકથા મૂળ બંગાળીમાં પ્રશંસાપાત્ર છે. અને રા. ડાહ્યાભાઇ જેવા અનુવાદકે અનુવાદ કરેલી છે, જેથી વાંચકને તેમાં કદાચિત્ પણ કંટાળા જેવી જણાતી નથી.

જૈનહિતેચ્છુ-ત્રિમાસિક. પ્રકાશક રા. શકરાભાઇ મોતીલાલ શાહ. લવાજમ રૂ. ૦-૮-૦. પૃષ્ટ ૯૬.

આ ત્રિમાસિક તેના મુખ્ય લેખક રા. વડીલાલ મોતીલાલ શાહના લેખન બળથી પ્રકટ થાય છે. ટૂંકા લવાજમમાં નીડર સ્વતંત્ર વિચારો પ્રકટ કરતું ત્રિમાસિક, જેને જૈનોએ ઉમંગ બેર વધાવી લેવું જોઇએ.

શહેનશાહ જહાંગીર—લેખક રા. ચીમનલાલ રતનલાલ દેસાઇ. પ્રકાશક રા. રા. ડાહ્યાભાઇ રામચંદ્ર મહેતા, મેનેજર સસ્તી વાર્તા માળા, અમદાવાદ પૃષ્ટ ૨૦૦ ઉપરાંત (સુપર રોયલ સોળપેજી) કીમત પાકાં પૂઠાંની ૦-૯-૦ કાચાંની રૂ. ૦-૬-૦

સસ્તી વાર્તા માળાના પુસ્તક ૭-૮ તરીકે શહેનશાહ જહાંગીરનું જીવન ચરિત્ર જે જહાંગીરે જાતેજ લખેલું છે, તે અનુવાદ કરાવી રા. ડાહ્યાભાઇએ પ્રકટ કર્યું છે. આ પુસ્તક વાર્તામાળાના આજ સુધીના પુસ્તકો કરતાં જૂદીજ શૈલિનું છે. નવલ કથાઓ સર્વને વાંચવી ગમે છે, પરંતુ આમાં કંઇ વાચકને જૂદીજ નજર રાખવી પડે છે. શહેનશાહ જહાંગીર આ તેનું આત્મ કથન વાંચતા એક વિદ્વાન સાધુ જીવન ગાળનાર તરીકે આપણને દર્શન આપે છે. જહાંગીરની આજ્ઞાઓ ખરેખર લક્ષમાં લેવા જેવી છે. **એક મુસલમાન નરેશ છતાં તે દુર્વ્યસન, અને જીવદયાનો ખરેખરો વિરોધી હતો.** આમાંના ઘણાં વાક્યો હૃદયમાં કોતરી રાખવા જેવાં છે. રા. ડાહ્યાભાઇની પુસ્તક પસંદ કરવાની પદ્ધતિ પ્રશંસનીય છે. આ માળા વાર્ષિક ૧૫૦૦ પૃષ્ટના પુસ્તક વિષય સાથે કાગળ, છપાઇ, બાઇન્ડીંગ વગેરેમાં સુંદર માત્ર રૂ. ૨-૦-૦ આપે છે. જે જોતાં દરેકોઇ વાચન રસિક ગ્રાહક થવા અવશ્ય વિચારેજ!

તરંગિણી—સચિત્ર હીંદી માસિક. સંપાદક શ્રીયુત વસંતરામ વ્યાસ બનારસ પૃષ્ટ સંખ્યા (સુપર રોયલ) ૬૪, લવાજમ રૂ. ૩-૦-૦.

આ એક નવું હિંદી માસિક કાશીથી પ્રગટ થવા માંડયું છે. પ્રથમ બે અંકના વિષયો જોતાં તે હિન્દી સાહિત્યની સારી સેવા બજાવશે એમ લાગે છે. પ્રથમ અંકમાં બે ગુજરાતી લેખકો પણ દર્શન આપે છે. પહેલા અંકમાં જગતમાં મનુષ્યનો જન્મ, વટ સાવત્રીની કથા, ભામિની વિલાસાદિ કાવ્યો તથા માનુષ જીવન સાફલ્ય, સ્વર્ગ વિદ્યુતિ આદિ ગદ્ય લેખો વાચકોને પ્રીતિ પાત્ર નીવડે એવા છે. સંપાદક તદન નિસ્વાર્થે હિંદી સાહિત્યની સેવા બજાવવા માગે છે, અને તે ઉત્સાહને લઇનેજ આ અંકો સારા સ્વરૂપમાં આપણને દર્શન આપે છે. તો વાચકોએ પણ એમના ઉત્સાહને ઉત્તેજિત કરવો અવશ્ય ઘટે છે.

ચિત્રમય જગત્-સચિત્ર ગુજરાતી માસિક. સંપાદક રા રા. તુળજાશંકર ગૌરીશંકર માસિક. સદાશિવ પેઠ-પુના. વાર્ષિક લવાજમ રૂ. ૫-૮-૦ (આર્ટપેપર) અને ૩-૮-૦ (ગ્રેઝડ)

ગુજરાતી ભાષામાં ઇલેસ્ટ્રેટેડ જરનલની પદ્ધતિ પ્રમાણે આ માસિક પ્રકટ થવા માંડયું છે. ચિત્રમયજગત્ આજ સુધી મરાઠી અને હીંદીમાં પ્રકટ થતું હતું, અને તે તે ભાષામાં લોકપ્રિય થઇ પડયું હતું. હવે પુના જેવા તદન મરાઠી ભાષાના સ્થળમાં ગુજરાતી મૂદ્રણાલય કાઢી આ સાહસ આરંભ્યું છે. લડાઇના સામયિક ચિત્રો, તથા બીજા ઉપયોગી ચિત્રો લડાઇને લગતા તથા બીજા ધાર્મિક, શાસ્ત્રીય, ઉદ્યોગ હુન્નરને લગતા લેખો જોતાં આ માસિક ગુજરાતીમાં

અવશ્ય માન પામવા લાયક છે. સંખ્યાબંધ ચિત્રોના બ્લૉકો તૈયાર કરવા, તથા સારી છપાઈ વિષે વિચાર કરીએ, તો લવાજમ લેશ પણ વધારે જણાશે નહિ.

શ્રી શંકરાચાર્યના અષ્ટાદશ રત્નો—લેખક શ્રીમાન્ નથ્થુરામ શર્મા. પ્રકાશક રા. રા. મણિલાલ મગનલાલ ત્રિવેદી, રાયપુર-અમદાવાદ પૃષ્ટ ૭૨×૬૪૭ (રોયલ ૧૬ પેજી) કિંમત રૂ. ૧-૮-૦

શ્રી શંકરાચાર્યના અષ્ટાદશ રત્નો પર ગુજરાતીમાં ભાવાર્થ દીપિકા નામની ટીકા કરી આરંભમાં શ્રી શંકર ભગવાનના સંક્ષિપ્ત જીવન સાથે આ પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે. શ્રી શંકર ભગવાનની પ્રસાદીનો આપણે આપણી ભાષામાં સરળ રીતે રસાનુસ્વાદ લેવા ભાગ્યશાળી થયા છીએ, તે માટે શ્રીયુત્ મણિલાલનો આભાર માનવાનો છે. તેઓ સનાતન ધર્મના સિદ્ધાંતોનું રક્ષણ કરનારા પુસ્તકો પ્રકટ કરી ગુર્જર સાહિત્યની નિઃસ્વાર્થ સેવા કરે છે.

આ પુસ્તકમાં આપેલા અઢાર રત્નોમાંના એક ' ચર્પટ પંચરિકા સ્તોત્ર ' નું ગુજરાતી ભાષાંતર આ પત્રમાં અમે એક વાર કવિતામાં સરલ ભાષાંતર થએલું પ્રસિદ્ધ કર્યું હતું, તે વિના આમાં બીજું સત્તર છે. જીવનનું ધ્યેય ધરાવનારે આવાં પુસ્તકો ખાસ સંગ્રહવાજ જોઇએ. આમાંના ઘણાં રત્નો મુખપાઠે કરી નિત્ય તેનું મનન કરે છે. વળી આ પુસ્તક તેનાં પૃષ્ટ વગેરે જોતાં વાચકને તદ્દન સસ્તું જણાશે.

ચેતન કર્મ ચરિત્ર—લેખક રા. જીવનલાલ કસનદાસ કાપડીઆ. પ્રકાશક રા. રા. મૂળચંદ કસનદાસ કાપડીઆ, સંપાદક "દિગંબર જૈન" ચંદાવાડી, સુરત. પૃષ્ટ ૨૧૦ (રોયલ સોળપેજી) કિંમત રૂ. ૦-૪-૦,

ગુજરાતમાં ચાલતી બીજી સસ્તી સાહિત્યની સંસ્થાઓના ધોરણ પ્રમાણે રા. મૂળચંદ કાપડીઆએ "સસ્તી જૈન ગ્રંથમાળા" નામક સંસ્થાની યોજના ઘડી છે. તેના પહેલા મણકા તરીકે આ પુસ્તક પ્રકટ કર્યું છે. વાર્ષિક લવાજમ રૂ. ૦-૮-૦ રાખ્યું છે, જેમાં ૪૦૦ પાનાનું વાચન પૂરું પાડવા તેમણે નિશ્ચય કર્યો છે.

આ પુસ્તકમાં ચેતનને ચૈતન્યસિંહ નામનું પાત્ર કલ્પી તેને અનેક આપત્તિઓ પડયા છતાં પરમપદ મળે છે, એ સુધીનું વ્યાન છે. જૈનમતના ગહન સિદ્ધાંતો ઘરગથ્થુ ભાષામાં પ્રબોધવાનો રા. કાપડીઆના પ્રયાસ જૈનોએ સપ્રેમ વધાવી લેવો જોઇએ.

અમોને નીચેના પુસ્તકો મળ્યાં છે, જેને આભાર સાથે સ્વીકારીએ છીએ, સમાલોચના યથાવકાશે.

૧	ચંદ્રાવ્યાન.	રા. સા. મધુવચરામ અણવચરામ હેરાગા.
૨	કારક મીમાંસા.	રા. બ્ર. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી.
૩	ઈશ્વર બ્રહ્મ-ઉપાસના અને મૂર્તિપૂજા	શ્રી ૧૦૮ શ્રીમદ્‌પૂજ્યપાદ સ્વરૂપ મહારાજ.
૪	ઉમાજી નામક	રા. રા. કાશીબાઇ રામચંદ્ર મેહેતા.
૫	વિવેકાનંદ, એમના સદુપદેશ ભા. ૨	સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય.
૬	જ્ઞાનોદય.	શ્રીમન્મુકુન્દાનન્દ સરસ્વતી.
૭	ઋણાનુબંધ પ્રકાશ.	કવિ પાર્વજી છગનસિંહ શર્મા.

એ સિવાય બરવાળા બધુ મંડળનો રિપોર્ટ, નડિઆદ અનાથાશ્રમનો રિપોર્ટ, સુરત બાળાશ્રમની ઉપરાણાની પહોંચ, સુરતમાં જયંતિ મહોત્સવ વગેરે અમને મળ્યા છે.

તંત્રી.

જૈનહિતેચ્છુ-ત્રિમાસિક. પ્રકાશક રા. શકરાભાઇ મોતીલાલ શાહ. લવાજમ રૂ. ૦-૮-૦. પૃષ્ટ ૯૬.

આ ત્રિમાસિક તેના મુખ્ય લેખક રા. વડીલાલ મોતીલાલ શાહના લેખન બળથી પ્રકટ થાય છે. ટૂંકા લવાજમમાં નીડર સ્વતંત્ર વિચારો પ્રકટ કરતું ત્રિમાસિક, જેને જૈનોએ ઉમંગ મેર વધાવી લેવું જોઇએ.

શહેનશાહ જહાંગીર—લેખક રા. ચીમનલાલ રતનલાલ દેસાઇ. પ્રકાશક રા. રા. ડાહ્યાભાઇ રામચંદ્ર મદેતા, મેનેજર સસ્તી વાર્તા માળા, અમદાવાદ પૃષ્ટ ૨૦૦ ઉપરાંત (સુપર રોયલ સોળપેજી) કીમત પાકાં પૂઠાંની ૦-૯-૦ કાચાંની રૂ. ૦-૬-૦

સસ્તી વાર્તા માળાના પુસ્તક ૭-૮ તરીકે શહેનશાહ જહાંગીરનું જીવન ચરિત્ર જે જહાંગીરે જાતેજ લખેલું છે, તે અનુવાદ કરાવી રા. ડાહ્યાભાઇએ પ્રકટ કર્યું છે. આ પુસ્તક વાર્તામાળાના આજ સુધીના પુસ્તકો કરતાં જૂદીજ શૈલિનું છે. નવલ કથાઓ સર્વને વાંચવી ગમે છે, પરંતુ આમાં કંઇ વાચકને જૂદીજ નજર રાખવી પડે છે. શહેનશાહ જહાંગીર આ તેનું આત્મ કથન વાંચતા એક વિદ્વાન સાધુ જીવન ગાળનાર તરીકે આપણને દર્શન આપે છે. જહાંગીરની બાતાઓ ખરેખર લક્ષમાં લેવા જેવી છે. એક મુસલમાન નરેશ છતાં તે દુર્વ્યસન, અને જીવદયાનો ખરેખરો વિરોધી હતો. આમાંના ઘણાં વાકયો હૃદયમાં કોતરી રાખવા જેવાં છે. રા. ડાહ્યાભાઇની પુસ્તક પસંદ કરવાની પદ્ધતિ પ્રશંસનીય છે. આ માળા વાર્ષિક ૧૫૦૦ પૃષ્ટના પુસ્તક વિષય સાથે કાગળ, છપાઇ, બાઇન્ડીંગ વગેરેમાં સુંદર માત્ર રૂ. ૨-૦-૦ આપે છે. જે જોતાં દરેકાઇ વાચન રસિક ગ્રાહક થવા અવશ્ય વિચારેજ!

તરંગિણી—સચિત્ર હીંદી માસિક. સંપાદક શ્રીયુત વસંતરામ વ્યાસ બનારસ પૃષ્ટ સંખ્યા (સુપર રોયલ) ૬૪, લવાજમ રૂ. ૩-૦-૦.

આ એક નવું હિંદી માસિક કાશીથી પ્રગટ થવા માંડયું છે. પ્રથમ બે અંકના વિષયો જોતાં તે હિન્દી સાહિત્યની સારી સેવા બજાવશે એમ લાગે છે. પ્રથમ અંકમાં બે ગુજરાતી લેખકો પણ દર્શન આપે છે. પહેલા અંકમાં જગતમાં મનુષ્યનો જન્મ, વટ સાવત્રીની કથા, ભામિની વિલાસાદિ કાવ્યો તથા માનુષ જીવન સાદૃશ્ય, સ્વર્ગ વિદ્યુતિ આદિ ગદ્ય લેખો વાચકોને પ્રીતિપાત્ર નીવડે એવા છે. સંપાદક તદ્દન નિસ્વાર્થે હિંદી સાહિત્યની સેવા બજાવવા માગે છે, અને તે ઉત્સાહને લઇનેજ આ અંકો સારા સ્વરૂપમાં આપણને દર્શન આપે છે. તો વાચકોએ પણ એમના ઉત્સાહને ઉત્તેજિત કરવો અવશ્ય ઘટે છે.

ચિત્રમય જગત્-સચિત્ર ગુજરાતી માસિક. સંપાદક રા. રા. તુળજાશંકર ગૌરીશંકર માસિક. સદાશિવ પેઠ-પુના. વાર્ષિક લવાજમ રૂ. ૫-૮-૦ (આર્ટપેપર) અને ૩-૮-૦ (ગ્રેફડ)

ગુજરાતી ભાષામાં ઈલિસ્ટ્રેટેડ જરનલની પદ્ધતિ પ્રમાણે આ માસિક પ્રકટ થવા માંડયું છે. ચિત્રમયજગત્ અજ સુધી મરાઠી અને હીંદીમાં પ્રકટ થતું હતું, અને તે તે ભાષામાં પોકપ્રિય થઇ પડયું હતું. હવેથી પુના જેવા તદ્દન મરાઠી ભાષાના સ્થળમાં ગુજરાતી મુદ્રણાલય કાઢી આ સાહસ આરંભ્યું છે. લડાઇના સામયિક ચિત્રો, તથા બીજા ઉપયોગી ચિત્રો લડાઇને લગતા તથા બીજા ધાર્મિક, શારીરિક, ઉદ્યોગ હુન્નરને લગતા લેખો જોતાં આ માસિક ગુજરાતીમાં

૨-૦-૦ ભીખાભાઇ રણછોડજી તથા કાનજી મોરારજી મુ. વાપી
૧-૦-૦ દેસાઇ ખંડુભાઇ હરીભાઇ વાપી
૧-૦-૦ પટેલ રણછોડજી મોરાર વાયછીયા
૧-૦-૦ પટેલ ઉકાભાઇ ખુશાલ ,,
૫-૦-૦ દેહ હોરમસજી રૂસ્તમજી બીલીમોરા
૫-૦-૦ શેઠ મથુરાદાસ જેઠાભાઇ ,,
૩-૦-૦ શેઠ ત્રિભોવનદાસ તાપીદાસ ,,
૭-૦-૦ શા કાનદાસ હરગોવનદાસબીલીમોરા
૨-૦-૦ શેઠ કાકીદાસ જમનાદાસ ,,
૩-૦-૦ શેઠ દાદાભાઇ જરથોસ્તજી દાંડીવાલાના છોકરાઓ તરફથી બીલીમોરા
૧-૦-૦ એક પારસી ગૃહસ્થ ,,
૫-૦-૦ શેઠ ધનજી કુંવરજી ગબ્બા ,,
૨-૦-૦ શેઠ બાપાભાઇ જવેર કંટ્રાક્ટર ,,
૩-૦-૦ શેઠ રૂપાજી જીવાજી ,,
૧-૦-૦ શેઠ નાનચંદ ગોવંદજી ,,
૧૦-૦-૦ શેઠ કેસરીચંદ ભાણાભાઇ ,,
૧-૮-૦ ધાંચી કુંવરજી દયાળ ,,
૫-૦-૦ શેઠ સોરાબજી શાપુરજી ,,
૨-૦-૦ શેઠ રતનજી જમશેદજી ,,
૧૫-૦-૦ શેઠ મંચેરજી અને રતનજી શાપુરજી ટાટા બીલીમોરા
૧-૦-૦ શેઠ રસુલભાઇ તૈયબઅલી ,,
૧-૦-૦ શેઠ કસનદાસ લક્ષ્મીદાસ ,,
૧-૦-૦ મહેતા રેવાશંકર જગજીવન ,,
૫-૦-૦ શેઠ પાલનજી જમશેદજી ,,
૩-૦-૦ શેઠ દીનશાહ જરથોસ્તજી બીલીમોરા,,
૨-૮-૦ શેઠ કાવસજી હોરમશજી વાડીયા ,,
૨-૦-૦ શેઠ જીવાભાઇ પ્રાણજીવનદાસ ,,
૧-૦-૦ મોદી મગનલાલ કુબેરદાસ ,,
૨-૦-૦ શેઠ ધનજીશા દાદાભાઇ ,,
૧-૦-૦ શેઠ કાવશજી મંચેરજી મારફતીયા,,
૩-૦-૦ શેઠ મોટાભાઇ જરથોસ્તજી મેંધીરા,,
૨-૮-૦ દફ્તર નારણજી ગંગારામ ,,
૧-૦-૦ શા. દેવજી માવજી ,,

૫-૦-૦ ગલેમંડીના ગાડાંવાળાના પંચ તરફથી હા. નગીનદાસ પરશુદાસ સુરત
૧૦૦-૦-૦ મરહુમ અમદાવાદવાસી (સ્વામી શ્રી પૂર્ણાનંદજીએ અમદાવાદ સારંગપોર મીલતો શેર-૧ અર્પણ કરેલો તેના છમાસના વ્યાજના
૬-૦-૦ મહેરબાન એમ. એસ. આવાણી સાહેબ ડીસ્ટ્રીક્ટ જજ સાહેબ સુરત
૧૦-૦-૦ ખુદાવંત મહેરબાન સચીનના નવાબ સાહેબ બહાદુર તરફથી માસિક મદદના સચીન.
૨-૦-૦ ભાગળના તંબોળીના પંચ તરફથી હા. મનમોહનદાસ.
૨-૦-૦ પટેલ હરકીશનદાસ કેશવચંદ વાડીફળીયા.
૧-૦-૦ શેઠ પરમાનંદદાસ સુરજરામ ગોપીપુરા અશ્વનીકુમારના ગલ્લામાં
૧-૦-૦ શેઠ કાકોરદાસ માણેકલાલની છોકરી લીલીના પુન્યાર્થે અશ્વનીકુમારના ગલ્લામાં મેંધરપુરા જદાખાડી.
૧-૦-૦ શા૦ ઉત્તમચંદ કલ્યાણચંદ અશ્વનીકુમારના ગલ્લામાં ઘીવાશેરી સુરત.
૪-૧૫-૬ વકીલ સાહેબ ભીમભાઇ હીમતરામના તરફથી તા. ૨૦-૭-૧૫ ના રોજ જમણ આપવામાં આવેલું તે દિવસના પરચુરણ અર્પના.
૫૧-૦-૦ માંગરોળી નળીયાના વેપારી મહેરબાન બી. એમ. ડીસોઝા તરફથી.
૪૩-૪-૦ મહેરબાન ડીસ્ટ્રીક્ટ પોલીસ સુપ્રિટેન્ડેન્ટ સાહેબ તરફથી ઉઘરાણાના નીચેની વિગતે.

૨–૦–૦ સરદારમુખત્ન મોહન ધ્યધર્સ.
૩–૦–૦ શેઠ છોટાલાલ ચકુભાઇ
૧–૮–૦ શેઠ નાથુભાઇ લક્ષ્મીદાસ
૧–૦–૦ શેઠ પરસોતમ શંકર
૧–૦–૦ શેઠ ગોરાભાઇ દાવુદભાઇ
૨–૦–૦ શેઠ આત્મારામ પરસોતમ.
૨–૦–૦ શેઠ શામનાથ બાપુજી
૧–૦–૦ શેઠ મગનલાલ અનુપરામ.
૧–૦–૦ શેઠ મણીલાલ છોટાલાલ
૧–૦–૦ શેઠ રતીલાલ લલ્લુભાઇ
૧–૦–૦ શેઠ કાળીદાસ હરીભાઇ
૧–૪–૦ શેઠ કુબેરભાઇ બાજીભાઇ
૧–૦–૦ શેઠ સોમા પ્રભુ
૧–૦–૦ શેઠ મોતીલાલ છોટાલાલ
૨–૦–૦ શેઠ કપુરચંદ કેશવજી.
૨–૦–૦ શેઠ જમાલ હાસમ
૧૦–૦–૦ દલાલોના પંચતરફથી
૨–૦–૦ દલાલ ધ્યધર્સ.
૨–૦–૦ શેઠ ભોગીલાલ પ્રીતમપારામ.
૨–૦–૦ શેઠ ગોવન હરગોવન
૩–૮–૦ રૂપીઆ એકથી ભોળી રકમનું ટોટલ.

૪૩–૪–૦

૩–૦–૦ દેશાઇ કસનજી પરાગજી મુ. સાઢેજ,વાયા અમલસાડ.
૮–૦–૦ શેઠ મંછારામ સીવલાલ બાંડવાળા વરસગાંઠની ખુશાલીમાં.
૩–૦–૦ શેઠ જમનાદાસ ધેલાભાઇ નવસારી
૨–૮–૦ વૈદરાજ જટુરામ લક્ષ્મીરામ નવસારી.
૧–૦–૦ સોની જમીલદાસ પ્રેમાનંદ ગોલવાડગેટ નવસારી
૨–૦–૦ સોની જમનાદાસ પ્રેમાનંદ ,, ,,
૨–૦–૦ શેઠ ખેરાજજી દાદાભાઇ દવાખાના,,
૧–૦–૦ શેઠ ડાહ્યાભાઇ ગોકળદાસ પારેખ કુળીયા ,,
૧–૮–૦ સોની ગજપતરામ મગન લક્ષ્મણ,,
૨–૦–૦ રા. રા કલ્યાણજી શંકરજી દેશાઇ અવલકારકુન સાહેબ જલાલપોર
૨–૦–૦ રા. રા. ખંડુભાઇ વલભરામ સબ રજીસ્ટર સાહેબ જલાલપુર
૨–૦–૦ રા. રા ગુલાબભાઇ ગોપાળજી પેનથનર ,,
૧–૦–૦ શેઠ રામજી ઉકાભાઇ જલાલપોર.,
૫–૦–૦ રાવસાહેબ મામલતદાર સાહેબ જલાલપોર.
૧–૦–૦ રા. રા. નરભેરામ દીનાનાથ ફોજદાર સાહેબ ,,
૧–૦–૦ રા. રા. નીબાભાઇ રણછોડભાઇ તલાટી કાલીયાવાડીવાળા જલાલપોર
૧–૦–૦ રા. રા. રણછોડભાઇ ખુશાલભાઇ તાલુકા સ્કુલ માસ્તર. ,,
૧–૦–૦ શેઠ જીવણભાઇ ગોવિંદજી અબ્દરમાં જલાલપોર
૧–૦–૦ શેઠ દુલભભાઇ હરીભાઇ બોદાલી નવાફળીયા.
૫–૦–૦ વૈદરાજ કપુરભાઇ કૃષ્ણારામ અબ્દરમાં જલાલપોર.
૨–૦–૦ રા. રાવજી હરીભાઇ અબ્દર જલાલપુર.
૧–૦–૦ શેઠ હાજીસલેમાન હુસેન મસીદ પાસે જલાલપોર.
૧–૦–૦ રા. ખંડુભાઇ મોરારજી માસ્તર સાહેબ બોદાલી.
૧–૦–૦ રા. રણછોડભાઇ હરીભાઇ બોદાલી
૧–૦–૦ પટેલ છીબાભાઇ ભાણાભાઇ ,,
૨–૦–૦ શેઠ લક્ષ્મણ હાંજી ,,
૧–૦–૦ શેઠ રામજીભાઇ ખુશાલભાઇ ,,

૧–૦–૦ શેઠ દયાળજી દાજીભાઇ ,,
૧–૦–૦ શેઠ રવજીભાઇ ભુલાભાઇ ,,
૧–૦–૦ શેઠ દેવાભાઇ હરીભાઇ ,,
૧–૦–૦ શેઠ નારણજી હાંસજી ,,
૩–૦–૦ એક સદગૃહસ્થ હા. નાથુભાઇ મુળચંદ નવાપુરા-સુરત.
૧–૦–૦ બ્રાહ્મણ રણછોડભાઇ મોતીભાઇ નડીઆદવાળા ગાયકવાડી કાઠવેલ રસ્ટીટ મુંબાઇ.
૧–૦–૦ મોતીરામ રાયચજી મોતી શેરી અશ્વનીકુમારની ગલ્લામાં.
૧–૦–૦ બે જેમતીના પુન્યાર્થે રા. રા. રણજીતભાઇ કાળાભાઇ ગોપીપુરા.
૧–૦–૦ દેવા ગોવન સગરામપુરા.
૫–૦–૦ મેહેરબાન સી. સી. બ્રહેતા, સીવીલ મેડીકલ કવારટર્સ ભાયકલા, મુંબાઇ.
૫–૦–૦ મે. G. G. Godbole ગ્રેંટ મેડીકલ કોલેજ કવાર્ટર્સ ભાયકલા, Bombay.
૧–૦–૦ શા. બજદાસ પીતાંબરદાસે લાકડું બજણ આપેલું, તે સાથે લાકડાં વગેરે સારૂ આપેલા.
૧૫–૦–૦ બથકત કેશવલાલ કરમનદાસના અનામત ખાતે.
૭–૮–૦ બાવા કાશીરીદાસના અનામત ખાતે.
૨–૦–૦ ધર્માત્મા લક્ષ્મી બયખાંના અનામત ખાતે.
૫૦–૦–૦ મે. ડીસ્ટ્રીકટ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ સાહેબ બહાદુર મારફતે ઉઘરાણાના આવ્યા તે.
૧–૦–૦ રા. ગાંડાભાઇ નારણદાસ
૧–૦–૦ છાપગર નારણદાસ વલ્લભદાસ
૧–૦–૦ ,, રામદાસ વલ્લભદાસ.
૧–૦–૦ રા. કાળાભાઇ પરભુદાસ ચોકસી.
૧–૦–૦ રા. આતમારામ પરદાસ.
૧–૦–૦ ખતરી દુર્લભરામ રામજી
૧–૦–૦ મનજીભાઇ પરસોતમ ભંડારી
૧–૦–૦ બુધીબા ઉકા ભંડારી
૨–૬–૦ નવસારી બજારના કાપડબજારના પંચ તરફથી
૧–૦–૦ લયતા
૧–૦–૦ ફરામજી હોરમસજી તાડીવાળા
૧–૦–૦ અબ્દુલ રહેમાન
૨–૦–૦ કાદરમહમદ જીનમહમદ
૧–૦–૦ કાજી શેખમહમદ હા. કેશજી.
૨–૦–૦ નાનપુરાના અનાજના પંચ તરફથી.
૧–૦–૦ નાનપુરાના ગાંધીના વારા તરફથી.
૧–૦–૦ ધાંચીપરભુદાસફકીરચંદ
૧–૦–૦ પરભુભાઇ નાનાભાઇ
૧–૦–૦ નાનપુરાના તંબોળીના તથા પાતરાં તંબાકુના પંચ તરફથી.
૨–૦–૦ રણછોડ ભુલાલ
૨–૦–૦ નવસારી બજારના મલાધવાળા તરફથી.
૧–૦–૦ નવસારી બજારની ધાંચીની પંચ
૧–૦–૦ આતમારામ પીતાંબર
૧–૦–૦ કલ્યાણદાસ વિઠલદાસ લંકાપતી.

૧-૦-૦ શા. પરમાનંદ સુરજરામ ઠે. ગોપીપુરા, સુરત
૧-૦-૦ ઠક્કર હીરારદાસ કીરપારામ ઠે. ગોપીપરા
૧-૦-૦ રેવાળાના ટેકરાના ગાંધીઓની પંચ તરફથી હા. ડાહ્યાભાઇ નારણદાસ
૫-૦-૦ શા. નગીનદાસ પીતાંબરદાસના પુણ્યાર્થે (પોતીયાં માટે) હા. છગનલાલ ત્રિભોવનદાસ તારમાસ્તર
૧૦-૦-૦ શા. રૂપચંદ ખીમજી ઠે. ગોપીપુરા કાપરથ મહોદયો. (અશ્વિનીકુમારના ગલ્લામાં)
૧-૦-૦ સોની નગીનદાસ દોલતરામ ઠે. અંબાજીને ચકલે
૧-૦-૦ દેસાઇ અંબેલાલ ખંડુભાઇ ઓરૂ તાલુકે જલાલપોર
૧-૦-૦ ,, ગુલાબભાઇ લલ્લુભાઇ ,,
૧-૦-૦ શેઠ દોરાબજી જમસેદજી સીધવ
૧-૦-૦ પટેલ નરસીદાસ દાજીભાઇ મોતી વાડા પોસ્ટ ઉદવાડા
૨-૦-૦ શેઠ ઝવેરચંદ નારણજી ગુલાલવાડી કોકારસ્ટ્રોટ નં. ૧૦૩ મુંબાઇ
૧-૦-૦ શેઠ અબેરતલાલ મોહનલાલ ઉદવાડા સ્ટેશન
૨-૦-૦ રા. કરસન સામભાઇ શેઠ કુંગરી ગોળનું કારખાનું પોસ્ટ ઉંટડી
૧-૦-૦ સોનવાડી ગામના વેપારી મંડળ હા. દુલભભાઇ બ્રીજવલ્લભ પો. ગણદેવી
૨-૦-૦ ધમ્છાપોરના પંચ તરફથી હા. શેઠ ગુલાબચંદ વકાજી
૫-૦-૦ રા. ગુલાબચંદ વકાજી તથા અમીચંદ સકાજી તથા વીરચંદ ગુલાબ શુભ ખાતે ધમ્છાપોર
૨-૦-૦ અનાવીલ પંચ તરફથી ધમ્છાપોર
૧-૦-૦ રા. ખુશાલભાઇ કકીરભાઇ વેગામ
૨-૦-૦ રા. માધવભાઇ નારણજી ખડસુખા પો. સુપા.
૧-૦-૦ શેઠ લાલચંદ ખુમાજી ,,
૧-૦-૦ રા. માસ્તર નરસીભાઇ કીકાભાઇ ,,
૧-૦-૦ શેઠ ગુલાબચંદ પાનાચંદ ,,
૧-૦-૦ રા. પ. દુલભભાઇ રામાભાઇ ,,
૧-૮-૦ રા. પ. પરભુભાઇ હીરાભાઇ ,,
૧-૦-૦ રા. જીવણભાઇ માધવજી ,,
૧-૦-૦ રા. દાજીભાઇ ઉકાજી ,,
૧-૦-૦ રા. છીતાભાઇ ગોવીંદભાઇ ,,
૭-૦-૦ રા રા. રંગનાથ બાલાજી શેઠજી વકીલ નવસારી
૩-૩-૦ રા. રા. દ્વારકાનાથ રંગનાથ શેઠજી વકીલ નવસારી
૧-૦-૦ રા. શેઠ બ્રીજભુખણદાસ ધેલાભાઇ પારેખ મોહોદયો. નવસારી
૧-૦-૦ રા. અમથાભાઇ ભુખણદાસ પારેખ મહોદયો. ,,
૧૦-૦-૦ રા. રા. શેઠસાહેબ જમશેદજી બેરામજી વીમા દલાલ ,,
૫-૦-૦ રા. શેઠ રતનજી ફરામજી દાબુ ,,
૧-૦-૦ રા. બરજોરજી બેજનજી બોરી ,,
૧-૦-૦ રા. કંસારા ધેલાભાઇ કુંવરજી ગણદેવી.
૫-૦-૦ કંસારા પંચ તરફથી હા. જીવણભાઇ હરકીસન ,,
૨-૦-૦ શા. વરજદાસ ભગવાનદાસ ,,
૧-૦-૦ શેઠ ગાંડાભાઇ ગીરધરદાસ ,,
૧-૦-૦ રા. વૈદ્ય કીકાભાઇ રામશંકર ,,
૧-૦-૦ શા. દામોદર હરજીવન ,,
૨-૦-૦ બત્રીના પંચ તરફથી હા. પીતાંબર ગાંડા ,,
૧-૦-૦ રા. વિઠ્ઠલદાસ મનોરદાસ ,,
૧-૦-૦ શેઠ રાયચંદ દુલભભાઇ કાળીયાવાડી
૧-૦-૦ રા દેવચંદ રામાજી બાબ અમથી તરફથી ,,

૧–૦–૦ કેશુરચંદ પ્રેમચંદ ,,
૧–૦–૦ શેઠ લલ્લુ નાથજી ,,
૧–૦–૦ શેઠ જીવણ મેઘાજી હા. ડાહ્યાભાઇ રાયચંદ ,,
૧–૦–૦ શેઠ ભવા કેશવજી ,,
૧–૦–૦ શેઠ ગુલાબચંદ રામજી ,,
૧–૦–૦ રા. ઝવેરચંદ વદાજી ,,
૨–૦–૦ ગંગારવરૂપ કીકીબેન બાપુભાઇની છોકરી ,,
૧–૦–૦ શા. નેમચંદ કુંવરચંદ ,,
૧–૦–૦ શા. મગનલાલ નરોતમ આલીપોર તા ચીખલી
૧–૦–૦ શા. ભુલા પનાજી ,,
૧–૦–૦ રા. કલ્યાણ હરિભાઇ ચીખલી
૨–૦–૦ રા. પટેલ ખુશાલ ઉકા કોઠંમડી તા. જલાલપુર
૩–૦–૦ રા. રામભાઇ હરિભાઇ ખત્રી ,,
૧–૦–૦ રા. મોરારભાઇ જોગીભાઇ ,,
૧૦–૦–૦ રા. પટેલ કાળાભાઇ નાગરજી ,, ચોખા લેવા સારૂ
૧–૦–૦ શા. દુલભ મેઘાજી કરાડી મટવાડ
૧–૦–૦ શા. ભગાજી ધોરાજી ,,
૧–૦–૦ શા. પુલચંદ જીવાજી ,,
૧–૦–૦ પટેલ પંચા રામજી ,,
૧–૦–૦ શા. રાયચંદ લખાજી ,,
૫–૦–૦ રા. રા. જી. જી. દેશાઈ કતારગામ
૭૦–૦–૦ રા. શેઠ સાહેબ ચીમનલાલ તથા રતનલાલ શેઠ મોતીરામ તાપીદાસના સ્મરણાર્થે મુંબઇ
૧–૦–૦ મોચી જુઠા આંબા નાગદેવી સ્ટ્રીટ મુંબઇ
૧–૦–૦ મોચી આણંદ અરજણ ,,
૨–૦–૦ મોચી વ્હાલા લાખા ,,
૨–૦–૦ અમરતભાઇ તે લધા વાલજીની વિધવા લક્ષ્મિનારાયણના મંદીરવાલા બમલી મહોલ્લો મુંબઇ
૧–૦–૦ રા. રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી કાંદાવાડી મુંબઇ
૧–૦–૦ તારદેવની બજાર હા. કાનજી વીરજી
૩–૦–૦ રા. વીરજી તેજુની કુાં. નવા નાગપાડા
૨૧–૦–૦ તેજુ કાયાનીની કુાં. ,,
૧–૦–૦ શા. જીવણલાલ રાજલાલ નલબજાર ભીડીબજારને નાકે મુંબઇ
૩–૦–૦ શા. મલુકચંદ કેશવજી ,,
૧–૦–૦ શા. રાયચંદ પરસોતમની કુાં. ,,
૧–૦–૦ શા. ગોવિન્દરામની કુાં. નલબજાર ૬ઠ્ઠુ સ્ટ્રીટ મુંબઇ
૫–૦–૦ અનુકંપા ફંડ હા. રા. ડાહ્યાભાઇ ન્યાલચંદ સરાફબજાર રા. બા. માણેકચંદ કપુરચંદની પેઢી
૨–૦–૦ ઝંડુફાર્મશીના માલીક રા. જુગતરામ, એલફીનસ્ટન રોડ મુંબઇ
૧૦–૦–૦ માંડવી પોળના ગાંધી મહાજન તરફથી હા. ખેમચંદ ઉત્તમરામ અમદાવાદ
૨–૦–૦ માસ્તર હીરાચંદ કકલભાઇ માંડવીની પોળમાં નાગજી ભૂધરની પોળ ,,
૧૦–૦–૦ કંસારા મહાજન તરફથી– માંડવીની પોળમાં હા. કેવલદાસ ઉત્તમચંદ
૧–૦–૦ મોચી તલશી હરી રાવપુરા વડોદરા
૭–૦–૦ કપાશીઆના મહાજન તરફથી હા. ભગુભાઇ કેશવદાસ કાલુપુર અમદાવાદ
૪–૦–૦ કાલુપુર ઘી વાલાના મહાજન તરફથી હા. મગનલાલ જેઠાભાઇ
૨–૦–૦ શા. છગનલાલ દેવચંદ કાપડ બજાર કુવારા સામે
૧–૦–૦ શા. જમનાદાશ જેચંદ ,,
૧–૦–૦ શા. પ્રેમચંદ પોપાભાઇ ,,
૧–૦–૦ શા. મણિલાલ હીરાચંદ ,,

૧-૦-૦	શા. ચીમનલાલ રતનચંદ	,,
૧-૦-૦	શા. નાથાલાલ ચુનીલાલ	,,
૧-૦-૦	શા. મગનલાલ રવચંદ	,,
૧-૦-૦	બાબુ રામનાથ એન્ડ બ્રધર્સ	,,
૧-૦-૦	શા. મણિલાલ આશારામ	,,
૧-૦-૦	શા. મૂળજી પ્રેમાનંદ બીડીવાળા રીચીરોડ.	
૫-૦-૦	શ્રી ચંદ્રવિલાસ હિંદુ હોટલ હા. જોશી ચીમનલાલ હેમરાજ રીચીરોડ	
૫-૦-૦	શા. સોમનાથ મગનલાલ દરજી રીચીરોડ	
૧-૦-૦	લાલા જવાહરમલ જંગલીમલ અંત્તરવાલા	
૧-૦-૦	શા. મગનલાલ પ્રેમચંદ પુવારા સામે	
૧-૮-૦	શા. શીવલાલ દયારામ રતનપોળ	
૧-૦-૦	શા. ખોડીદાસ લલ્લુભાઇ	,,
૧-૮-૦	શા. જેસંગભાઇ કાલિદાસ	,,
૧-૦-૦	શા. બાલાભાઇ હકમીચંદ સા. મળાની પોળ	
૧-૦-૦	શેઠ ભોગીલાલ પરસોતમ	,,
૧૦-૦-૦	રીચીરોડના બીડીના મહાજન તરફથી હા. બાલાભાઇ નગીનદાસ	
૧-૦-૦	ઘડીઆળી લલ્લુભાઇ જેઠા નગીનાપોળ	
૧-૦-૦	શા. લક્ષ્મીચંદ લહેરચંદ બીડીની દુકાન રીચીરોડ	
૧-૦-૦	શા. ભુતાજી માનાજી ભુલા કૂણીઆ પો. અષ્ટગામ	
૧-૦-૦	બાઇ બાવી તે શા. પના વજતની ધણીઆણી ભુલાકૂણીઆ	
૧૦-૦-૦	શા. ખુશાલભાઇ રાસાજી નવા તળાવ પો. અષ્ટગામ	
૭-૦-૦	શા. ખુબચંદ નથુજી	
૨-૦-૦	ગામ નવાતળાવ પંચ તરફથી હા. રાયચંદ ખુશાલજી	
૫-૮-૦	શા. મોતીજી ખીમાજી અષ્ટગામ	
૩-૨-૦	,, ખુશાલજી કેશાજી	,,
૩-૦-૦	,, ગુલાબચંદ કેશાજી	,,
૩-૦-૦	,, દેવચંદ કેશાજી	,,
૩-૦-૦	,, વીરચંદ કેશાજી	,,
૧-૦-૦	,, કરસન મોતીજી	,,
૨-૦-૦	,, વજંગ દેવાજી	,,
૧-૦-૦	,, હીરાજી કેવડાજી	,,
૨-૦-૦	,, ખુશાલજી રામાજી	,,
૧-૦-૦	,, દેવચંદ ઋખનાજી	,,
૧-૮-૦	,, વીરાજી ખીમાજી	,,
૫-૦-૦	,, હીમાજી દલાજી	,,
૨-૦-૦	,, મકનાજી લાલજી	,,
૧-૦-૦	,, ઉકાજી ગમનાજી	
૧-૦-૦	,, ઝવેરચંદ ગોવીન્દજી	,,
૨-૦-૦	,, ભાણાભાઇ જગાજી	,,
૧-૦-૦	,, નથુભાઇ ભાણાજી	,,
૫-૦-૦	,, લખાજી મોતીજી	,,
૨-૮-૦	,, નથુજી પિતાંબર હા. બાઇ દેવી	,,
૨-૦-૦	રા. માસ્તર ખીમભાઇ મોહનભાઇ	,,
૧-૦-૦	,, ભગવાનજી ગોવનજી દેશાઇ	,,
૧-૦-૦	,, રૂધનાથજી કીરભાઇ દેશાઇ	,,
૧-૦-૦	,, સોની પરભુદાસ ખીમાભાઇ	,,
૧-૦-૦	,, લાલભાઇ પ્રાગજી	,,
૧-૦-૦	,, ભગાભાઇ મોરારજી	,,
૧-૦-૦	,, નારણજી મોરારભાઇ	,,
૧-૦-૦	,, હરીભાઇ ધનાભાઇ	,,
૧-૦-૦	શા. ગુલાબચંદ ઉકાજી	
૨-૦-૦	પા. હરિભાઇ દાજીભાઇ ભુલાકૂણીઆ	,,
૨-૦-૦	પા. લખાભાઇ વલ્લભભાઇ રજવાડા	,,
૩-૧૨-૦	પાટી. ટ્રેડીંગ કું. જોહોનેસબર્ગ આફ્રીકા	
૩-૧૨-૦	શેઠ વલ્લભભાઇ પરાગજી	,,
૭-૮-૦	શેઠ ગોવીંદજી નાથાભાઇ હિંદુ હોટલ	,,
૧૦૧-૮-૩	પરચૂરણ. રૂપીઆની અંદરનું	
૧૧૭૨-૮-૩	એકંદર કુલ.	

પંચાંગ.

સંવત્ ૧૯૭૧ના ભાદરવા વદિ ૧થી આસો સુદિ ૧૫ તા૦ ૨૪-૯-૧૯૧૫થી તા૦ ૨૨-૧૦-૧૯૧૫ સુધી.

તારીખ.	વાર.	તિથિ.	નક્ષત્ર.	રાશિ.	વિશેષ હકીકત.
૨૪	શુક્ર	વદ ૧	ઉત્તરભાદ્ર.	મીન	શ્રાદ્ધ બેઠા. મહાલયારંભ.
૨૫	શનિ	૨	રેવતિ	મીન	પંચક ઉતર્યા.
૨૬	રવિ	૩	અશ્વિની	મેષ	સંકટ ચોથ.
૨૭	સોમ	૪	ભરણી	મેષ	હસ્ત નક્ષત્રનો સૂર્ય (વાહન ગધેડાનું
૨૮	મંગળ	૫	કૃતિકા	વરખ	
૨૯	બુધ	૬	રોહિણી	વરખ	
૩૦	ગુરૂ	૭	મૃગશિર	વરખ	વ્યતિપાત. વિષ્ટી ૧૧-૧૮ સુધી,
૧	શુક્ર	૮	આર્દ્રા	મિથુન	અકટોબર માસ બેઠો. કાળ આઠમ
૨	શનિ	૯	પુનર્વસુ	મિથુન	અવિધવા નોમ (ડોશીનોમ)
૩	રવિ	૧૦	પુષ્ય	કર્ક	
૪	સોમ	૧૧	આશ્લેષા	કર્ક	પદ્મિની એકાદશી (શિવમાર્ગીની)
૫	મંગળ	૧૨	મઘા	સિંહ	ઇંદિરા એકાદશી (વૈષ્ણવોની) સંન્યાસીનું શ્રાદ્ધ
૬	બુધ	૧૩	મઘા	સિંહ	પ્રદોષ આજે કળિયુગ બેઠો હતો. જવાનિયાનું શ્રાદ્ધ.
૭	ગુરૂ	૧૪	પૂર્વાફાલ્ગુન	સિંહ	શિવરાત્રિ ઘાયા બુડયાનું શ્રાદ્ધ
૮	શુક્ર	૩૦	ઉત્તરાફાલ્ગુન	કન્યા	સર્વપિત્રી અમાવાસ્યા છેલ્લું શ્રાદ્ધ.
૯	શનિ	સુદ ૧	ચિત્રા	કન્યા	આસો માસ બેઠો. નવરાત્ર બેઠાં માતામહ શ્રાદ્ધ, ઘટસ્થાપન
૧૦	રવિ	૨	સ્વાતિ	તુલા	ચાંદરાત ચિત્રા નક્ષત્રનો સૂર્ય.
૧૧	સોમ	૩	વિશાખા	તુલા	
૧૨	મંગળ	૪	અનુરાધા	વૃશ્ચિક	વિનાયક ચોથ.
૧૩	બુધ	૫	જ્યેષ્ઠા	વૃશ્ચિક	લલિતા પંચમી. ઉપાંગલલિતવ્રત.
૧૪	ગુરૂ	૬	મૂળ	ધન	સરસ્વતી આવાહન.
૧૫	શુક્ર	૭	પૂર્વાષાઢા	ધન	સરસ્વતી પૂજન. દુર્ગાઆઠમ.
૧૬	શનિ	૮	ઉત્તરાષાઢા	મકર	સરસ્વતી વિસર્જન
૧૭	રવિ	૯-૧૦	શ્રવણ	મકર	વિજયાદશમી (દશેરા). ગૌણ જયંતિ દશમનો ક્ષય પંચક બેઠાં.
૧૮	સોમ	૧૧	ધનિષ્ઠા	કુંભ	પંચક. પાશાંકુશાએકાદશી સમીપૂજન (શિવમાર્ગીની)
૧૯	મંગળ	૧૨	શતતારા	કુંભ	પંચક ભાગવત પાશાંકુશા એકાદશી.
૨૦	બુધ	૧૩	પૂર્વાભાદ્ર.	કુંભ	પંચક પ્રદોષ બકરીદ.
૨૧	ગુરૂ	૧૪	ઉત્તરાભાદ્ર.	મીન	પંચક
૨૨	શુક્ર	૧૫	રેવતિ	મીન	માણેકહારીપૂનમ. શરદપૂર્ણિમા. કાર્તિક સ્નાનનો આરંભ નવાન્ન ભક્ષણ. પંચક ૨૯-૩૧ સુધી છે.

सत्संग.

काव्यशास्त्रविनोदेन कालो गच्छति धीमताम् ।
व्यसनेन तु मूर्खाणाम् निद्रया कलहेन वा ॥

પુસ્તક ૭ મું. અંક ૩ જો.	[આસ્વિક.]	આશ્વિન સં. ૧૯૭૧

દીવાળીનું પુણ્ય પર્વ.

(વિષય હરિગીત.)

પુણ્ય પર્વ દીવાળીનું—
આવ્યું, ઉરે ભાવ્યું ઘણું !
સંભારી સારા વર્ષના સહુ કર્મને !
વિચારી પાપ ને પુણ્ય કેરા મર્મને !
બાકી દીવાળી ખેંચતાં શું ખોટ કે આવે નહિ ?
પ્રેરક થજો તે જાણી, કરવા જીવનનો ઉજ્જવલ સહિ !
હોએ નહિ તો પણ વધુ નવ લાભ મેળવવા તથા !
જો ખોટ રહે તો પૂરવા તે યત્નશાળી થજો યથા !

× × × ×

"દીનો અને દુઃખી જનો કેરાં હરી લઇ દુઃખને !
આશીર્વાદ લિયો અશક્ત-અનાથના દઇ સુખને !
ધાર્મિક પ્રવૃત્તિ તણા સહાયક થઈ પ્રીતે ઉદ્ધારને !
જો ભાવી પુણ્ય કૃપી નહિ ચિર સુખ અભિનવ ધામને!"

"રાસેશ્વરી-રમણ—

-શીર્ષાભિષેક-

(મિશ્રહરિગીત)

આશીષ આ તુજ શીર્ષ ઓ 'સત્સંગ' રંગ સુહાવજે;
શુભ શબ્દ સ્નેહ સ્વરૂપથી, નિજ નામ સાર્થ સ્મરાવજે.
કંઇ બોધથી, અનુરોધથી;
પ્રત્યેક માસે પંથમાં,
ગુંથાઇ મોટા ગ્રંથમાં,
વ્હાલા વિશારદ વાચકોમાં, ગાન તારૂં ગજાવજે,
ઉગતા પરોઢ ઝગાઉ સહુને સ્નેહમંત્ર સુણાવજે !
કંઇ શબ્દથી, કંઇ શૌર્યથી;
કંઇ જાણુથી, અણુજાણુથી
અધુરાં ઉંણાં બોધાણુથી;
સરખા સભાણુ સ્નેહીઓના સંગમાં,
કે પામરોના પાપમય પાસંગમાં,
સહજીવન બળે, સિંચાયલો, મર્દાની રંગ મચાવજે;
ઉર ના ઉંડા અંધારમાં પળિ દિવ્ય જ્યોતિ જગાવજે ! ૨
આભારના ભારે ભર્યાં જન ભાળતા,
ત્રીશ દીવસ તારે કાજ તન તલસાવતા;
સૂચનો વડે, સ્મરણો વડે,
તન તૃપ્ત તેઓનાં કરી,
ભય ભ્રાંતિને ભીરૂતા હરી;
મધુરા મનોહર ટહુકડે; ઉર સાગરો ઉછળાવજે,
ધરી ઢાલ કરમાં ધૈર્યની ત્રયલોક આખું તપાવજે ! ૩
ફિરણોરૂપી કરપલ્લવે,
જગ આખું જે રસથી દ્રવે,
તેવાં અને તેના સમાં
ગોરા રસિલાં ગાત્રથી, બંધાઇ જગની બાથમાં;
હો હિંદુ ચિના કે યહુદી, સવ જનના સાથમાં;
કવિ ભાઈશંકરજી તણો, સંદેશ આ સંભળાવજે,
ને અણુવિંધ્યાં આશ્રય શા ! આ શાંતિપાઠ શીખાવજે ! ૪

પ્રાણરક્ષક ઔષધાલય,
કાલબા દેવી—મુંબઇ. } કવિ ભાઈશંકર વિ. વિદ્યારામ પંડિત.

-બ્રહ્મચર્ય-

સવૈયા-એકત્રીશા-લાવણી.

બ્રહ્મચર્ય વિણ શૌર્ય બુદ્ધિનો, વ્હાલા વેગે થાય વિનાશ;
આર્ય તણું કાં બિરદ ડુબાવો, શોધી સત્ય લઈ અવકાશ;
પુરૂષ બીજ ત્યમ સ્ત્રીના રજની, કેમ પકવતા આવે આમ ?
હૃદય ચક્ષુ લવ હવે ઉઘાડો, લાજે છે પૂર્વજનું નામ.
સાંપ્રતની શોભા શી જોવી. પરિ પાટી પકડો પ્રાચીન;
ધર્મ-કર્મનો મર્મ તજીને, મિથ્યા કેમ બનો છો દીન !
ઘર્ષણ, છેદન, તાપ, તાઢને, સોનાનો કસ છેવટ થાય;
બ્રહ્મચર્યને પંથે ચળતા, મનુજ જાતિનું મન પરખાય.
ગઈ ધીરતા કયાં સંતાઈ? કયાં ગયું સમજણનું નીર ?
સુશ્રુત વાગ્ભટને કયમ ભૂલો ? ધ્યાન ધરી ઉર સમજો વીર.
સોળ વર્ષની સ્ત્રિયા ચોગ્ય છે, પુરૂષ તણું વય વર્ષ પચીશ;
એનાથી જો ન્યૂન હોય તો, અણઘ પ્રજા દુઃખ આવે શીશ.
આજ કાલ તો લોક રૂચિમાં, ફેરફાર દેખું હદ બ્હાર;
હાનિ થાય પણ નહિ છોડે, જરા જોય ના સાર અસાર.

ઓધવજી રામજી મહેતા.

મહુવા (કાઠીઆવાડ) ગોરક્ષક સભાના ઓ. સેક્રેટરી.

મનુષ્યત્વ પ્રાપ્ત કરવાનું પ્રથમ પગથીઉં.

આજ કાલ આપણા દેશમાં નાના પ્રકારના શિક્ષણ સંબંધી આન્દોલન ચાલી રહ્યાં છે. હવે શિક્ષણનો સવાલ વિદ્યાલયનીજ ચાર દીવાલમાં ફક્ત બંધ રહ્યો નથી. એના ગુરૂત્વ અથવા માહાત્મ્યને ધીરે ધીરે સર્વ કોઇ જાણવા લાગ્યા છે. અને વિદ્યાર્થી જીવનનું કર્તવ્ય શિક્ષણ-પ્રણાલી ધર્માદિ ધર્માદિ વિષયોમાં પોતાનો મત જણાવવા લાગ્યા છે. સઘળા દેશમાં પ્રસરેલું આ પ્રકારનું શિક્ષણનું આંદોલન ઘણુંજ આશાજનક છે. એનાથી એવું માલમ પડે છે કે આપણા લોકો પોતાના પુત્રોનું ભવિષ્યનું જીવન ધ્યાનમાં લઇને તેમને ભયપણુથીજ એવા રસ્તાપર લાવવા માગે છે. કે જે રસ્તે ચાલવાથી તેમનું ખરેખર ભલું થઇ શકે. હવે

શિક્ષણનો સઘળો ભાર એક કે બે શિક્ષકો પરજ રાખીને પોતે નિશ્ચિંત બેસી રહેવાની ઇચ્છાવાળા લોકો રહ્યા નથી. પણ જાતે પોતે આ વિષયની મીમાંસા (Solution) કરવાને માટે બની શકે એટલો સમયનો ભોગ આપી પરિશ્રમ કરવા લાગ્યા છે.

આપણામાંનો મોટો ભાગ શિક્ષણ લેવામાં અને પૈસો કમાવાના ઉપાયમાં કંઇ પણ ફેર સમજતો નથી. વિદ્યા જો એવી હોય કે તેમાંથી પૈસા પેદા થઇ શકે નહિ, તો તેની કીંમત લોકો મંદિ જેવીજ આંકે છે. લોકો વિદ્યાને અર્થોપાર્જન કરવાનો એક રસ્તો સમજે છે. અને તેનેજ લીધે નોકરીને માટે કેટલા રસ્તા છે, કયો કયો ધંધો કરવો આ વખતમાં લાભ કારકછે. અને કયામાં ફાયદો નથી. એવા એવા પ્રશ્નોનો પહેલેથી નિર્ણય કરી પછી શિક્ષણનો સવાલ હાથ ધરે છે. પરંતુ જો આજ દૃષ્ટિએ જોવાય તો શિક્ષણ-પદ્ધતિ એક નીચ વસ્તુ થઇ જાય છે. વાસ્તવિક રીતે તો વિદ્યાનું સ્થાન ઘણું ઉચ્ચ અને મહત્ત્વનું છે. વિદ્યાનો ઉદ્દેશ કેવળ ધન કમાવું એટલોજ નથી, અથવા સાંપત્તિક ઉન્નતિ અને સમાજમાં આબરૂ એજ માત્ર એનું લક્ષ્ય નથી.

અવશ્યજ જ્યારે મનુષ્યને શરીર છે તો શરીર ધારણ કરવાને માટે આર્થિક ઉન્નતિ પણ મનુષ્યને માટે આવશ્યક છે. એટલે જે શિક્ષણ-પદ્ધતિ ગ્રહણ કરવામાં આવે તેને વિદ્યાર્થીના ભવિષ્યત લક્ષ્યની સાથે સંબંધ રાખીનેજ ગ્રહણ કરવી જોઇએ. બાલ્યકાળના શિક્ષણથી જે કેળવણી મળે છે, તેની સહાયતા જુવાનીના દરેક કર્તવ્યોમાં ઉપયોગી થઇ પડે છે તો ઉચિત છે કે શિક્ષણના પ્રબન્ધની સાથે સાથેજ ભવિષ્યનો બાવા પીતાના સવાલનો પણ નીવેડો થઇ જાય અને જે વખતે ભવિષ્યની તૈયારી થતી હોય, તેની સાથેજ ધન કમાવાનો ઉપાય પણ નક્કી કરી લેવો ઉચિત છે.

એટલા માટે પહેલાં જીવન શું કામમાં સમર્પણ કરવું એ વિષયને નક્કી કરવો જોઇએ. જો એવું નહીં થાય તો વિજ્ઞાનમાં કે ઇતિહાસમાં એમ. એ. પાસ થઇને અથવા ગણિતના અનુસન્ધાન કરી વિદ્યાર્થી (Research Scholar) બનીને ડેપ્યુટીગીરી અથવા વકાલત કરવા જેવાં અસ્વાભાવિક કામો કરવાં પડશે. જો જીવનનું લક્ષ્ય વિજ્ઞાન ચર્ચા હોય અથવા એવોજ વિચાર હોય કે એ દ્વારા જે કંઇ પૈસો તમે મેળવો તેટલાથીજ સંતોષ રાખવો, તો એને માટે નાનપણથીજ તૈયારી કરવી પડશે. આ ઉપાયથીજ વિજ્ઞાન કેવળ પુસ્તકની અંદરની વિદ્યા અથવા વિજ્ઞાનાગાર (Science Room) ની પરીક્ષણા જેવી તુચ્છ વસ્તુ નહીં રહેતાં પ્રકૃત જીવતાં જાગતાં સત્યના રૂપમાં મનની અંદર સ્થાન મેળવી શકે છે. આજ શિક્ષણ સુખદાયી છે એની અંદર થોડું મસ્તક-ઘુમાવવાથી પણ અધિક જ્ઞાન પ્રાપ્ત થાય છે.

આ કારણોને લીધે પૈસા કમાવાના અને બાવા પહેરવાના વિષયને તદ્દન ઉડાડી દેવાની આવશ્યકતા નથી. કિન્તુ શિક્ષણને ઉપયોગી બનાવવાની આવશ્યકતા છે. વિદ્યાર્થી જીવનને ભવિષ્યના જીવનની સીડી રૂપે ગણવું પડશે, અથવા જેનાથી બાલ્ય જીવનની સાથે ભવિષ્યનો ઘનિષ્ટ અથવા સ્વાભાવિક સંબંધ રહે એવી ચેષ્ટા કરવી પડશે. કારણકે આપણું અન્તિમ લક્ષ્ય સ્થિર કર્યા સિવાય કાર્ય આરંભ કરવાથી વિદ્યા મેળવવામાં આન્તરિકતા રહે છે, છતાં ધન માન્યું ધન તો મેળવી શકાતુંજ નથી.

જે લોકો વિદ્યાનો કેવળ પૈસા કમાવા અને ખાવા પહેરવાની સગવડ હોવાને કારણ જાદર કરતા નથી, કિન્તુ વિદ્યાને મનુષ્યત્વ વિકાસનો ઉપાય સમજે છે તે લોકો શિક્ષણને માટે જે કંઇ કહે છે તે ઘણું ખરું ગ્રહણ કરવા યોગ્ય હોય છે ખરું, પરન્તુ મનુષ્યની પૂર્ણતા કેવી રીતે પ્રાપ્ત કરી શકાય છે એ વિષયમાં ઘણા લોકોની ધારણા સ્પષ્ટ છે કે નહીં એ વાતમાંજ સંદેહ છે. પ્રાતઃકાલથી પ્રારંભ કરી ને આખો દિવસ પુસ્તકો વાંચ્યા કરવાં, લખવા વાંચવાની આલોચના કરવી, વાદાનુવાદ સભા, (Debating Club) ને માટે ભાષણ લખવું અને તે વાંચવું, વગેરેજ એમના મત પ્રમાણે વિદ્યાર્થીઓનું કર્તવ્ય છે.

ઘણા લોકો એ પણ નથી સમજતા કે કામ કરવાની શક્તિનો વિકાસ વીદ્યાર્થી જીવનમાંજ થવો જોઇએ. કેવળ થોડા ઘણા સુન્દર ભાવો ગ્રહણ કરવાથીજ કર્તવ્ય પૂરું થતું નથી. ઘણા લોકોની સાથે હળી મળીને નાના પ્રકારની વિપત્તિ તથા મતભેદની વચમાં રહીને સ્થિર ચિત્તથી કામ કરવાનું શિક્ષણ મળવું પણ આવશ્યક છે. એ કામને માટે પહેલેથીજ કાર્યકારી શક્તિઓનો અભ્યાસ કરવો જોઇએ આ ઉદ્દેશથી કાર્ય-ક્ષેત્ર અને સ્વાધીન ક્રિયા શક્તિઓને ઉપયુક્ત પ્રયોગ રચળ તૈયાર કરી દેવું શિક્ષા ગુરૂઓનું કર્તવ્ય છે. આ ઉપાયથી સ્વભાવ દૃઢ અને કાર્ય તત્પર થાય છે. પ્રકૃત અર્થના સત્ય નૈતિક ઉન્નતિ બીજા કોઇ ઉપાયથી થઇ શકવાની નથી. એકજ ઉદ્દેશને લક્ષને કાર્ય કરવામાં જેટલા પ્રમાણમાં સંદિગ્ધતા, ત્યાગ સ્વીકાર અને ધૈર્યની જરૂર પડે છે, એટલી બીજા કથામાં પડતી નથી. પોથીના ગ્રહપદેશ કે વક્તૃતા દ્વારા એ સર્વ ગુણ મનુષ્યને શિખવી શકાતા નથી. એને માટે તો એવા કર્મક્ષેત્રની જરૂર છે, કે જ્યાં બાળક પોતપોતાની અવસ્થા અને સામર્થ્ય અનુસાર પોતપોતાના વિચાર તથા કાર્યદ્વારા કોઇ ચીજ કે કામ કરી શકે. આવી રીતે કાર્ય કરતા રહેવાથી વિદ્યાર્થી ભવિષ્યમાં દક્ષહૃદ્ય થઇને કોઇ મહાન્ કામમાં હાથ ઘાલવો, સ્વાધીન કામને અનુકુળ અવસ્થા પેદા કરવી, ઇત્યાદિ કામને માટે તૈયાર થઇ શકે છે.

સંક્ષે તો એ છે કે જો માનસિક વૃત્તિઓનો પ્રયોગ અકારના કામોમાં નહિ કરવામાં આવે, તો તેને ચલવાનો સમય મળતો નથી. મન ધીરે ધીરે તેજ રહિત તથા લંગડુ થઇ જાય છે. કર્મ-ક્ષેત્રમાંથી પોતાને પુષ્ટ કરવા લાયક રસ ગ્રહણ કરી શકવાથીજ મન સબળ દૃઢ, અને સુંદર થાય છે. દાયિત્વ (Responsibility) ના કામો કરવાથીજ દાયિત્વ ગ્રહણની શક્તિ ઉત્પન્ન થાય છે. એટલા માટે સાચું શિક્ષણ તો તેજ છે કે જે મનના ભાવોને પરિપૂર્ણ કરે, અને સાથે સાથે એ ભાવોને કાર્યમાં પરિણીત કરવાનો પ્રબન્ધ પણ કરી આપી શકે.

મનુષ્ય જીવનમાં કેવળ વિચારોનું સેવું કેવળ કરવાનું રહેતું નથી, પણ ઘણું બધું કામ પણ કરવું પડે છે. સમાજમાં રહેતાં ઘણું કષ્ટ તેમજ નુકસાન સહન કરીને ચાલવું પડે છે. તથા ઘણો પરોપકાર પણ કરવો પડે છે. આ કઠોર કર્તવ્યમય જીવનને માટે જે અવસ્થામાં મનુષ્ય તૈયાર કરવામાં આવે છે તેજ અવસ્થામાં અર્થાત્ વિદ્યાર્થી જીવનમાંજ સંસારના સઘળા કામોમાં મન ઘાલવું આવશ્યક છે, એમ નહીં કરવાથી ભવિષ્યને ઉપયુક્ત

થઇ શકાતું નથી. એનું ફળ પાછળથી ભોગવવું પડેછે. બીજી બાજુથી વિદ્યાર્થી જીવનમાં કામ કરવાનો સુયોગ મળવાથી મુખ્ય લાભ એ થાય છે કે બચપણથીજ સ્વાધીન કર્મનું શિક્ષણ મળી જાય છે, અને ઇચ્છા પેદા થવા માંડે છે. એનું ફળ એવું આવે છે કે ઘણાં લોકોને એક મતમાં લાવીને સર્વમાં ઐક્ય કરી અથવા સમાજને સ્થાપન કરીને મોટાં મોટાં કામો કરવાની યોગ્યતા આપે છે.

આપણા દેશના લોકો આ કામ કરવાની ઇચ્છા અથવા આકાંક્ષાનો ઘણોજ થોડો આદર કરે છે, એટલુંજ નહીં કિન્તુ એને શિક્ષણના અંગોમાં પણ ગણતા નથી. આ દૃષ્ટિથી શિક્ષણ બીલકુલ અન્તઃસારશૂન્ય નકામું તેમજ કષ્ટ જનક થઇ પડે છે. આજ કારણને લીધે ઇતિહાસનો ઉપદેશ આપણા મનમાં ઉત્સુકતા પેદા કરી શકતો નથી. ભૂગોળ ઘણીજ સુકી અને નીરસ વિષય લાગે છે. ઘણાએ વિદ્યાર્થીઓની ધારણા એવી હોય છે કે સંસ્કૃત શિખવાની કંઇજ આવશ્યકતા નથી. અને ઘણા લોકો ગણિતના આંકડાઓથી વાધના જેટલા ડરે છે. તાત્પર્ય એ છે કે વિદ્યા ગ્રંથ-ગત વસ્તુ થઇ ગઇ છે. જીવનનાં પ્રતિદિનના કામની વસ્તુ રહી નથી. સમાજના દરેક જણને માટે શિખેલી વિદ્યાને અમલમાં લાવવી એ કઠણ કામ થઇ પડયું છે. કેવળ પરીક્ષા ગૃહ અથવા ગ્રન્થોની સન્મુખ નહિ બેસવાથી અથવા અમુક વાક્ય અથવા વિષય પોથીમાં કઇ જગ્યાએ છે એ બરોબર બતાવી (Localise) નહિ શકવાથી ભારી વિપત્તિમાં ફસવું પડે છે. એનો અર્થ "જ્ઞાન મનનું અંગ નહીં બનતાં બહાર ભ્રમણ કરી રહ્યું છે." એ શિવાય બીજો શું થઇ શકે ?

પુસ્તક વાંચવાના સંબંધમાં પણ ઘણા લોકોની ધારણા હોવી જોઇએ, તેવી સારી હોતી નથી. એ લોકોની સમ્મતિમાં વિદ્યાર્થીઓની એક માત્ર તપસ્યા લખવા વાંચવાનીજ હોવી જોઇએ, પરન્તુ એ લોકો આ વાતને સમજવાની ચેષ્ટા પણ કરતા નથી. કે કયા ઉપાયથી આ લખવું વાંચવું એ પ્રકૃત શિક્ષણનું ઉપકરણ (Ingredient) બની શકે ?

એ વાત સમજી રાખવી જોઇએ કે સ્વાધીન મનન કરી શકવાથી બીજાનાં આપેલાં ભાવ અને વિચાર આપણા મનમાં સ્થાન મેળવી શકતા નથી. ભોજન કેવળ પેટમાં નાંખી લેવાથી શરીર પુષ્ટ થતું નથી. શરીરને પુષ્ટ કરવાને માટે ભોજનને રક્ત અને માંસ માં બદલી નાંખવું પડે છે. જેવી રીતે શરીરને સ્વારથ્ય અને સ્વાભાવિક અવસ્થામાં રાખવા ની આવશ્યકતા છે તેવીજ રીતે મનને સ્વાધીન બનીને કામ કરવાનો સંજોગ નહિ આપવા થી પુસ્તકપાઠ તથા બીજાનો આપેલો ઉપદેશ ગ્રહણ કરવો પણ અસંભવ છે. સ્વાધીનતા પૂર્વક વિચાર નહિ કરવાથી મનની વૃત્તિઓ વિકાશ પામતી નથી. જો સદા બીજાનું ચાવેલું ચવણ ચવાયા કરે, તો શક્તિનું સંચાલન કયારે થઇ શકે ! અને બુદ્ધિ કામમાં કયારે વે ? એથી એવો પ્રબન્ધ કરવો જોઇએ કે વિદ્યાર્થીઓ પોતે પોતાના મનના વિચારોનો પ્રકાશ કરીને યથાર્થ લાભ ઉઠાવી શકે ! એને માટે અમુક માણસ શું કહે છે ? અમુક વ્યક્તિની સમ્મતિ શું છે ? એટલુંજ સમજી જાણીને નિશ્ચિત રહેવું ઉચિત નથી. કારણ કે વિષયમાં (ભાષા, સાહિત્ય, ગણિત, ઇતિહાસ) અને પ્રત્યેક જાણવા યોગ્ય વાતમાં જાતિના જ્ઞાન ભંડારમાં અમારે પણ કંઇક વધારો કરવાનો છે.' એ વિચારથી

પ્રાપ્તિન થવ વિદ્યાલયમાં દાખલ થવું પ્રત્યેક વિદ્યાર્થીનું કર્તવ્ય છે.

જો સ્વાધીન ચિન્તનની સૃષ્ટિ નહી કરી શકે તો શિક્ષણનું આયોજન પ્રશંસા યોગ્ય આપણો દેશ, જાતિ, સમાજની સભ્યતા, ઇતિહાસ અને રીતિ નીતિ વિદેશીય ગ્રંથોમાં વાંચીનેજ સંતુષ્ટ રહેવું ઉચિત નથી. હું જાતે મારા દેશના ઇતિહાસને તેના સત્ય રૂપમાં શીખીશ અને યથાર્થ વાતોની ખોજ કરીને આપણી સ્વતંત્ર સભ્યતાનો ઉદ્ધાર કરવાનો યત્ન કરીશ. જો આ ભાવ વિદ્યાર્થીમાં નહી હોય તો તેનું શિક્ષણ પ્રકૃતિ શિક્ષણ નથી, જો દક્ષિણની વાતો, મહારાષ્ટ્રીય કવિઓની રચના તથા તામિલ અને તેલગુ ભાષાઓના પ્રસંગ ભારતવાસીને ન્યુઝીલાંડની વર્તમાન સભ્યતા અને પીઃ પ્રદેશના પુરાણા ઇતિહાસના જેવા માલમ પડે તો દેશમાં કેટલાઓ અનુસન્ધાન કરી વિદ્યાર્થી (Research Scholar) કેમ નહી વધે ? અધિક M. Sc. Ph. D. પાસ કેમ નહિ થાય, સઘળું રાજનૈતિક વિજ્ઞાન (Political Philosophy) કેમ નહી શીખવામાં આવે, તોપણ એટલું તો કહેવું પડશે કે દેશનું શિક્ષણ હજી અધુરૂં છે.

સ્વાધીન ક્રિયા તથા ચિન્તન શક્તિ ઉત્પન્ન નહિ કરી શકવાથી શિક્ષણનો ઉદ્દેશ સિદ્ધ થઇ શકતો નથી, અથવા વિદ્યા મનુષ્યત્વ વિકાશના ઉપાય તરીકે કામ લાગતી નથી. વિદ્યાર્થીના મનમાં સ્વાભાવિક જે વિચાર સમૂહ અને ભાવો હોય, તેનો સદ્વ્યવહાર કરવાને માટે વિદેશીય પ્રથાથી ઉદ્દેશ સફળ થઇ શકતો નથી. દેશમાં જે નિયમ અને આદર્શ સનાતન કાળથી ચાલી આવે છે તેને ઉપયુક્ત-શિક્ષણ પ્રણાલી જો નહિ બનાવવામાં આવે, તો વિદ્યાર્થીઓના મનમાં નીરસતા ઉત્પન્ન થઇ જાય છે. આવી રીતે શિક્ષણનો વિષય વિદ્યાર્થીઓના હૃદયપર આધિપત્ય જમાવી શકતો નથી. કેવળ બનાવટી શિક્ષણનો બોજ જબરદસ્તિથી શિરપર લાદવામાં આવે છે. એટલા માટે દેશની ઉપલબ્ધિ જેટલી જગ્યાએ કરવામાં આવે, જેવી કે ધર્મ, સમાજ, રીતિનીતિ, તીર્થ શિલ્પ, મેળા ઉત્સવ, મહાપુરૂષ એ સર્વની સાથે સંયુક્ત કરીનેજ શિક્ષણ આપવું જોઇએ.

શિક્ષણના સંબંધમાં એક બીજી પણ આવશ્યકતા છે, તે એ છે કે દેશના શિક્ષણના પરિચાલક અથવા ચલાવવાવાળા દેશના હોકજ હોવા જોઇએ. બહારના લોકો આપણું ગમે એટલું ભલું ચહાતા હોય, પરન્તુ તેમના મનની ગતિની સાથે આપણા મનની વૃત્તિઓ મેળ ખાઇ શકતી નથી. એક જાતિ બીજી જાતિના હૃદયની વાત સારી રીતે સમજી શકતી નથી. એને લીધે હજારો શુભ ઇચ્છાથી કામ આરમ્ભ કરવા છતાં પણ આપણું ભલું થઇ શકતું નથી. સ્વાધીનતાના તોર પર પોતપોતાના અભાવોને પોતે જાતે પૂર્ણ નહિ કરી શકવાથી મનને અનુસાર ફળ મળી શકતું નથી, દેશના શિક્ષણનો ભાર દેશના લોકોના હાથમાં રાખવાની જે શક્તિની આવશ્યકતા પડે છે, તેજ શિક્ષણનું પ્રધાન અંગ છે.

સારાંશ—પ્રકૃત શિક્ષણ આપવા માટે બાલ્યાવસ્થાથીજ ભવિષ્યના લક્ષ્ય ઉપર દૃષ્ટિ રાખવી જોઇએ, અને સ્વાભાવિક તેમજ સહેલાઇથી મહણ કરવા યોગ્ય વિષયોનું શિક્ષણ આપવું પડશે જે વિદ્યાનો સંગ વિદ્યાર્થીને સમાજની સઘળી ચિન્તા અને કર્મોનો બોજ સહન કરવાની સરળતા અને તરૂણ વયમાં પણ કર્મની ઉપર આધિપત્ય સ્થાપન કરવાની આકાંક્ષા પેદા કરે, એવી પ્રતિષ્ઠા કરવાની આવશ્યકતા છે.* D'Ray.

* હીંદી 'પ્રભા' ના એક લેખને આધારે.

શ્રીમદ્‌ભગવદ્‌ગીતા.

(લેખકઃ—રા. રા. ભગવાન શિવશંકર ભટ્ટ—સુરત.)

અધ્યાય ૧૮ મો.

અર્જુન કહે, હે હૃષીકેશ! હું જાણવા ઇચ્છું વળી;
સંન્યાસ, ત્યાગનું સ્વરૂપ જુદું કહો તેજ કૃપા કરી.
શુણ કામ્યકર્મનો ત્યાગ તે **સંન્યાસ** વિદ્વજ્જન લહે;
સહુ કર્મ ફલના ત્યાગને, કહે કૃષ્ણ, ત્યાગ ધીમત્ કહે.
વળી દોષવાળું કર્મ તેને ત્યાજ્ય કો પુરૂષો કહે;
ત્યમ યજ્ઞ દાન તપાદિ કર્મો અન્ય અત્યાજ્યજ લહે.
તવ કર્મત્યાગ વિષે તું અર્જુન શ્રવણ કર મુજ નિશ્ચયો;
હે પુરૂષવ્યાઘ્ર! એ ત્યાગ છે ત્રણ પ્રકારે નિશ્ચ કહ્યો
છે યજ્ઞ દાન તપાદિ કર્મ અત્યાજ્ય કરવા યોગ્ય તે;
કારણ ખરે એ કર્મ બુદ્ધિમન્તને પાવન કરે.
એ યજ્ઞ આદિ કર્મ પણ ફલ સંગનો ત્યાગજ કરી;
છે પાર્થ કરવા યોગ્ય અહેવો શ્રેષ્ઠ મુજ નિશ્ચય વળી.
વળી નિત્યનાં જે કર્મ તેનો ત્યાગ તે ઘટતો નહિ;
મોહે કરેલો ત્યાગ **તામસ-ત્યાગ** તેજ કહ્યો સહી.
ગણી દુઃખ, કાયા કલેશભયથી, કર્મત્યાગ કરે સહી;
જે **ત્યાગરાજસ** કરી, તે-કદિ ત્યાગ ફલ પામે નહિ.
હે પાર્થ કરવા યોગ્ય માની, નિત્ય કર્મ કરાય જે;
વળી સંગ ફલને ત્યાગીને **સાત્વિકીત્યાગ** ભનાય તે.
નહિ દ્વેષ અકુશલ કર્મમાં, નહિ કુશલ કર્મે રાચતો;
આ ત્યાગી તત્ત્વે વ્યાપ્ત જય, તત્ત્વજ્ઞ નિસ્સંશય થતો ૧૦
દેહાભિમાની અશેષે કરી કર્મ ત્યાગ શકે નહિ;
પણ-કર્મ ફલનો ત્યાગી તે ત્યાગીજ કહેવાએ સહી. ૧૧
વળી મિશ્ર, ઇષ્ટ, અનીષ્ટ, ત્રિવિધિ, કર્મ ફલ પામે સહી;-
મૃત્યુ અનન્તર અત્યાગી; સંન્યાસી કો કાળે નહિ. ૧૨
હે પાર્થ કારણ પાંચ આ તું જાણ મુજથી નિશ્ચયી;
જે સર્વ કર્મની સિદ્ધિમાટ, કૃતાન્ત સાંખ્ય કહ્યાં સહી, ૧૩

શૂણુ આધિષ્ઠાન અનેજ કર્તા, કરણ વિવિધ પ્રકારનું;
છે વિવિધ ચેષ્ટા વળી તેમાં-દૈવ કારણ પાંચમું. ૧૪
વળી શરીર વાંચા મન થકી નર કર્મ જે પ્રારમ્ભતો;
પછી ધર્મ્ય વા વિપરીત, તેનાં પાંચ છે આ હેતુઓ. ૧૫
એ છતાં એમાં મૂઢ જે આત્માજ કર્તા રૂપ જુએ;
અવિવેકી, બુદ્ધિ રહિત હોઇ, ન દેખતો દુર્મતિજ તે ૧૬
જે અહંકૃત વૃત્તિજ નથી નથી બુદ્ધિમાં લેપન થતો;
આ લોકને હણતોજ તે, હણતો નથી, નથી બાંધતો. ૧૭
વળી જ્ઞાન, જ્ઞેયજ, પરિજ્ઞાતા; ત્રિવિધ કર્મની પ્રેરણા;
ત્યમ કરણ, કર્મ, અનેજ કર્તા, કર્મ-સંગ્રહ ત્રિવિધતા. ૧૮
વળી જ્ઞાન, કર્મ, અનેજ કર્ત્તા, ત્રિગુણ ભેદે વિવિધ જે,
છે સાંખ્ય શાસ્ત્ર વિષે કહેલાં, યથાવત તું શૂણ તે. ૧૯
શૂણ, સર્વ ભૂત વિભક્તમાં દેખાય છે જે જ્ઞાનથી;
અવિભક્ત, અવ્યય, ભાવ એકજ, જ્ઞાન તે સાત્વિક સહી. ૨૦
વળી સર્વ ભૂતે ભેદ ભાવે જુએ છે જે જ્ઞાનથી;
પૃથક, નાનાવિધિ આત્મા, જ્ઞાન તે રાજસ સહી. ૨૧.
ત્યમ, કોઇકે કાર્યે પૂર્ણ રૂપ છે તેજ, હેતુ રહિત જે
વળી અલ્પ, અતત્વાર્થવત્, છે જ્ઞાન તામસ જ્ઞાન છે, ૨૨
વળી દ્વેષ-રાગે રહિત નિત્ય અસંગ કર્મ કરાય જે;
ફલતણી ઇચ્છા રહિત પુરૂષે; કર્મ સાત્વિક જાણતે. ૨૩
વળી સાભિમાની સકામ પુરૂષે, કાર્ય કર્મ કરાય જે;
અનિયત અને બહુ ક્લેશકારી; કર્મ રાજસ જાણ તે. ૨૪
અનુબંધ, ક્ષય, હિંસા અને સામર્થ્યને ન વિચારીને;
અવિવેકથી જે આદર્યું, કહેવાય તામસ કર્મ તે ૨૫
અભિમાન હીન, ઇચ્છા રહિત, વળી ધૃતિ ઉત્સાહે ભર્યો.
અવિલક્ષી પ્રાપ્તિ અપ્રાપ્તિમાં, સાત્વિકી કર્તા તે કહ્યો. ૨૬
ફલેચ્છાસહ, રાગી, લોભી, અશુચિ હિંસક વળી;
છે હર્ષ શોકે યુક્ત ફલમાં, રાજસી કર્તા સહી. ૨૭
વળી અયુત, પ્રાકૃત, સ્તબ્ધ, શઠ, ને, અનુપકારી, સુસ્ત જે;
ત્યમ અસંતોષી, દીર્ઘ સૂત્રી, તામસી કર્તાજ તે. ૨૮
વળી બુદ્ધિ, ધૃતિના સત્ત્વ આદિ ગુણ થકી ત્રણ ભેદ જે;

કહું ભિન્ન ભિન્ન સમગ્ર હું, હે ધનંજય ! શૃણુ તેહને. ૨૯
જે બુદ્ધિ કાર્ય, અકાર્ય ને પ્રવૃત્તિ, નિવૃત્તિ સહી;
વળી બંધ, મોક્ષજ જાણતી, તે બુદ્ધિ, અર્જુન ! સાત્વિકી. ૩૦
જે વડે ધર્મ, અધર્મ, કાર્ય, અકાર્ય જાણે છે વળી;
અયથાર્થ ને સંશય સહિત, તે જાણ બુદ્ધિ રાજસી. ૩૧
વળી તમે આવૃત બુદ્ધિ જે, માનેજ ધર્મ અધર્મને;
ગણે પાર્થ વિપરીત અર્થ સૌ, તામસી બુદ્ધિ જાણ તે. ૩૨
જે ધૃતિએ મન પ્રાણ ઇન્દ્રિય ક્રિયા નિરોધન કરે;
હે પાર્થ યોગે યુક્ત એવી, વૃત્તિ તે સાત્વિક ખરે ૩૩
હે પાર્થ ધારણ કર્યો જેણે ધર્મ, અર્થજ, કામને;
કર્તૃત્વ ભાવે ફલેચ્છાએ, વૃતિ રાજસી તેહ છે. ૩૪
જે વડે સ્વપ્ન, વિષાદ, મદ, વળી શોક, ભય ને દુર્મતિ;
નથી ત્યાગતો કો વેળ, અર્જુન ! ધૃતિ છે તે તામસી. ૩૫
હે પાર્થ વળી હવે તું હું થી ત્રિવિધ સુખ કર શ્રવણ તે;
જેમાં રમે અભ્યાસથી નર પામતો દુઃખ અન્ત તે. ૩૬
જે અગ્રમાં વિષવત્ દિસે પરિણામમાં અમૃત સમું;
વળી આત્મબુદ્ધિ પ્રસાદજ તે યોગીએ સાત્વિક કહ્યું ૩૭
વિષયેન્દ્રિથી ઉત્પન્ન થતું જે અગ્રમાં અમૃત સમું
પરિણામમાં હોય વિષ જાણે રાજસી તે સુખ કહ્યું. ૩૮
જે અગ્રને પરિણામમાં નિજ બુદ્ધિને મોહક વળી;
ત્યમ ઉંઘ, આળસ, પ્રમાદે ઉત્પન્ન થયું તે તામસી. ૩૯
નથી વિદ્યમાનજ પૃથ્વીમાં, વળી સ્વર્ગમાં કે દેવમાં;
પ્રકૃતિ જન્ય પદાર્થ કો, પૂર્વોક્ત—આ ત્રણ ગુણવિના. ૪૦

(અપૂર્ણ)

અમીના

(ગતાંકથી ચાલુ)

મીરજાંએ કહ્યું—" ભાઈ લક્ષ્મીશંકર ! મને માફ કરો, હું કદી આવું કામ કરીશ નહી."
લક્ષ્મીશંકર—ખરા અંતઃકરણથી કહો છો અથવા ઉપર ઉપરથી ?
મીરજાં—નહિ, ભાઇ ! હું મારા દુઃખની વાત કહી રહ્યો છું.
લક્ષ્મીશંકર—મીરજાં ! તમારા ગુન્હાને હું વખાણુ કરી શકતો નથી. જ્યારે તે

સૌ વાતો યાદ આવે છે ત્યારે તમને દેવતા સમજી પૂજા કરવાનું મન થાય છે. ભાષા એકજ દોષથી તમારા તે સૌ ગુણો પર પાણી ફરવા લાગ્યું છે.

મીરજાં—લક્ષ્મીશંકર ! હું સૌ સમજું છું, હું સૌ જોણું છું, પણ તમો મારા મનનું દુઃખ જાણતા નથી, મને તે વાતથી ઘણો ખેદ થાય છે

લક્ષ્મીશંકર—ઠીક, હું માની લઉં છું કે-તમારી ઘરવાળી ઘણી વાચાળ છે, તેનામાં સાચી પતિભક્તિ નથી, તમો તેની પ્રીતિથી સુખી નથી, તો શું તેથી તેનાં પર ગુસ્સો કરી તમો પોતાના પગ પર પોતેજ કુહાડો મારશો ? તેથી તેજ થયું કે કોઇ થાળી ચોળી ગયું તો ધરતી પરજ ખાધશું અને કદી થાળી લઇશું નહિ આ તમારી કેવી અક્કલ છે ? તમારી તે અક્કલથી તમારાં આખા ઘરના માણસોને દુઃખ પહોંચી રહ્યું છે, તમો પણ તે જાણો છોજ.

મીરજાં—લક્ષ્મીશંકર ! તમારાથી મેં કદી મારા મનની વાત સંતાડી નથી, સૌ વાતો તમો જાણો છો. મારી સ્ત્રી મારા મન જેવી નથી, વિવાહ થવા પહેલાં મેં જે સુખનું સ્વપ્નું જોયું હતું, તેનાથી તો હું સોએ ટકા નિરાશ થઇ ગયો છું, હૃદયમાં પણ ભારે આઘાત ખમી ચૂકયો છું. મારા દુઃખની વાત તમને શું કહું ? જ્યારે હું શરાબ પીતો પણ ન હતો, જ્યારે મને શરાબથી ઘણી ઘૃણા હતી, ત્યારે પણ મારી સ્ત્રી મારા પર શરાબ પીવાનો શક કર્યા કરતી હતી. આવી રીતે ધૃણિત બની રહેવાનું દુઃખ કેવું ભારે હોય છે; જેણે કદી ભોગવ્યું છે તે સમજી શકે છે. સમજાવવાથી પણ તમો સમજશો નહિં. શરાબ શરીર અને મન બન્નેને નુકશાન પહોંચાડે છે, તે હું સારી રીતે જાણું છું. પણ હવે મેં જોઇ લીધું છે, તેનામાં એક ભારે ગુણ પણ છે જ્યારે હું કદી શરાબ પી લઉં છું, તે સમય મારા અસહ્ય દુઃખને ભૂલી જાઉં છું. આજ જે મેં શરાબ નહિં પીવાની પ્રતિજ્ઞા કરી છે તે મારા સારા માટે નથી કરી, મેં મારી સ્ત્રીનું ભોળું જોઇને કરી છે; પ્રતિજ્ઞા કરી છે તો મારી બ્હેન—અને માતાની વાત વિચારીને કરી છે. કાલે રાત્રે મારે તેમના સામે ઘણું ગલત થયું પડયું હતું અને તે પણ હું સારી રીતે સમજું છું કે મારા આચરણથી તેમને ભારે દુઃખ વેઠવું પડયું છે. આજ ધૃણાને લીધે મારો જીવ ચાલ્યો જાય છે કે પ્રાણ આપી દઉં."

આવી રીતે બોલતાં બોલતાં મીરજાંનાં નેત્રો અશ્રૂથી ભરાઇ ગયાં. લક્ષ્મીશંકરે તેમનાં આંસુ લોહીને તેમને પોતાની છાતી સાથે ચંપાવી દીધાં.

અષ્ટમ પરિચ્છેદ

સંધ્યાના સમયે લક્ષ્મીશંકર મીરજાં મહમદને તેમને મકાને મુકી આવ્યા અને મીરજાંની માતા ફાતમાને એકાંતમાં લઇ જઇ કંઈ સમજાવી ગયા. રાતની વાત કોઇએ કરી નહીં અને મીરજાં પણ કોઇ સાથે બોલ્યા નહીં. પોતાના ઓરડાના રૂમમાં ચૂપચાપ બેસી રહ્યા. ફાતમા તો સમીસાંજથી પથારીમાં સુઇ જવા પડયાં. અમીનાએ ઘણા યત્નથી ભોજન બનાવ્યું. પણ તેને તેમના સામે આવવાનો સાહસ થયો નહી, હસીનાએ પોતાના ભાઇને હોંશથી હોંશથી ભોજન કરાવ્યું. હંમેશાં જેમ જમતી વખત હસીના પોતાના ભાઇને તેરેહતરેહની વાતો કરી આનંદ આપતી, તેમ આજે પણ દરરોજના રીવાજ પ્રમાણે વાતો કરી ભાઇનું મન આનંદી કરવા લાગી. તેમાં તેવી વાત આવતી ન હોતી, કે જે સાંભળી પોતાના ભાઇને

ખોટું લાગે અને પોતાના મનમાં અશ્રદ્ધા ઉત્પન્ન થઇ છે તેમ સમેજ હસીનાના પવિત્ર મનમાં કદી મલિનતા પ્રવેશ કરી શકિત નથી.

આઇ પીને મીરજાં જઇ પલંગ પર પડયા. તે પહેલાંથી અમીના આવી સૂઇ ગઇ હતી. તે રાત્રિ પતિ—પત્નિ વચ્ચે કાંઇ પ્રકારની વાતચીત થઇ નહીં. મીરજાંને જોઇ અમીનાએ પાસુ ફેરવી લીધુ, મીરજાંએ પણ પોતાનું મોઢું ફેરવી લીધું, ત્યાર પછી થોડા સમયમાં મીરજાં નિદ્રાવશ થઇ ગયા, પરંતુ અમીના આખી રાત્રિ તરફડતી રહી, પણ સવાર થતાં સુધી પણ તેને નિદ્રા આવી નહીં

બીજા દિવસે સવારે જ્યારે મીરજાં ઘર બહાર જઇ બેઠા. તેમનો એક પાડોશી તેમને મળવા આવ્યો. જેને તેઓ સન્માનની વૃદ્ધિથી જોયા કરતા હતા, પાડોશી પણ તેમનો શુભ ચિન્તક હતો. પાડોશીએ આમ તેમની વાતો કરી પછી પૂછયુ " મીરજાં ! તમારે માટે એક વાત સાંભળી મને ઘણો અફસોસ થયો છે. વાત એવી ભયાનક છે કે એકાએક તેનો વિશ્વાસ થઇ શકતો નથી ! "

મીરજાંના માથા પર વિજળી તૂટી પડી. તુરત કંઇ ઉત્તર તેમને જણાયો નહી. ચૂપચાપ માથુ નીચું કરી બેસી રહયા. પાડોશી ફરી કહેવા લાગ્યો—" તમારા જેવા યુવકો આજ કાલ થોડા છે, પછી કેમ તમારી બદનામી ફેલાઇ, મારા સમજવામાં કંઇ નથી આવતું."

મીરજાંએ આ વખતે ધીરેથી કહ્યું. "કેવી બદનામી ? કાકા ?" પાડોશી કંઇ અચકાતાં અચકાતાં બોલ્યો—"લોક કહે છે કે તમારી ચાલ ચલણ બગડી ગઇ છે. વેશ્યાસક્ત થઇ ગયા છે; રાત્રે ઘેર નથી આવતા, ઘેર આવો છો તો નશો કરીને આવો છો. આ કેવી વાત છે ? મીરજાં?"

પાડોશીની વાત સાંભળીને મીરજાં થોડો વખત તો અવાક્ થઇ ગયા. પછી કંઇ સ્થિર થઇ બોલ્યા—"આપે આ વાત કોની પાસેથી સાંભળી છે. ?"

"વાત તો અમારા ઘરની દાસી કહેતી હતી, પણ તેણે તમારા ઘરના કોઇ માણસના મોઢેથી સાંભળી છે."

"ઘરનાજ કોઇ માણસે કહી છે ? તે કોણ ? તે જાણી લેવા માટે મીરજાંને ઘણો પરિશ્રમ કરવો પડયો. નહિ. તે મરતી "ઘાણ" અમીના. વિશ્વાસ બીજાનું કેવળ ખોટું જ છે કે તે કામ તેનું જ છે. નિદાન તેજ અનુમાન તેમના મનમાં પાકું થઇ ગયું, અને આમ અનુચિત નિંદા ફેલાવવા માટે અમીનાપર ઘણો ક્રોધ થવા લાગ્યો. એટલો ક્રોધ વધી ગયો કે કંઇ બદલો લેવાની ચેષ્ટા પણ કરી શકયો નહિં. પાડોશીનો અન્તિમ ઉપદેશ થયો—"જાણી શકાય છે કે બુરી સંગતમાં પડીને તમારા પવિત્ર જીવનપર કલંક લાગવા માંડયું છે. પણ પુત્ર ! ખોટું લગાડશો નહિ. હમારું કહેવું માનો, અત્યારેથી કુસંગતથી દૂર થાઓ. તમને કોઇ સમજાવનાર નથી તેથી તમને આવું કહું છું."

મીરજાં ચૂપ. અમીનાથી તેનો બદલો કેમ લેવાય, તેજ ચિંતા તેમના મનમાં ઉદ્ભવવા લાગી. અમીના તો આમાંનું કંઇ જાણતી ન હોતી, તેનું મૂળ તો પેલી બટક બોલી

દાસી હતી. ઉપરથી પેલી દાસીએ ભીનું ભરચું ભભરાવીને વાત ઘણી વધારી દીધી હતી. સ્ત્રી ચરિત્ર સમજવાની શક્તિ દેવતાઓમાં પણ નથી, અને દાસી ચરિત્ર સમજવાની શક્તિ દેવતાઓના દેવમાં પણ નથી, તો માનવ જાતિની સ્ત્રી ચરિત્ર આગળ ગજુતરી શી ?

(અપૂર્ણ)
દીવાન.

પશુપક્ષી પ્રતિ દયા.

(રા. રા. દયાચંદ્ર ગોયલીય, બી. એ.ના હીંદી પુસ્તક પરથી)

પાઠકગણ, એકવાર બહાર આવી જુઓ. નદી, સરોવર, વન, ઉપવનની કેવી શોભા થઈ રહી છે ! વેલા, ગુલાબ, ચંપક, ચંબેલી, બકુલાદિ સુગંધી સુંદર પ્રફુલ્લ કુસુમરાશિ ચિત્તમાં એક અનિર્વચનીય નિર્મલ આનંદ આણી આપે છે. મધુપાનના ઉન્માદમાં પ્રમાત થતાં ભ્રમરકુલ ગુંજારવ કરે છે, અને પુલનો પરાગ લુંટી પલાયન થાય છે. સુંદર સુંદર નાના વર્ણનો પક્ષીસમૂહ કોઇ વેળાએ લતા પર, તો કોઇ વેળાએ વૃક્ષની શાખાપર, અથવા કોઇ વેળાએ ઉઘડતાં પુલપર બેસી કેવું મિષ્ટસ્વરે ગાન કરે છે. પાઠકગણ ! આ સ્વચ્છંદે વિચરણ કરનાર; વિહંગમકુલની મનોગમ કોમલ આકૃતિ દેખી આપનું હૃદય શું આનંદની સુધાધારાથી ભરાઇ ઉઠતું નથી ! એઓના અસ્પષ્ટ મિષ્ટ કિંતુ કિલના શ્રવણથી આપનું ચિત્ત શું મોહિત થતું નથી? આ સર્વે નિરપરાધી નાના નાના પક્ષીનું માંસ ભક્ષણ કરી તેને આપનું જીવનું તૃપ્તિ સાધન કરવા ચાહો છો ? પ્રકૃતિના (કુદરતના) આ વિચિત્ર સૌંદર્યની અપેક્ષાએ એઓને મારીખાઇ જવામાં શો લાભ થવાનો ! કદિ પણ નહી. જે વસ્તુ દેખતાં ચિત્ત સ્વતઃજ આનંદ પ્રાપ્ત કરે, તેનો નાશ કરવાનું કદિ પણ ચાહે નહી, તેના ઉપર એક પ્રકારનો સ્નેહ આવી જાય એટલે કે સર્વદા તેને દેખવાની આકાંક્ષા જાગૃત રહે છે. તેનો વિયોગ (અભાવ)ના નામે હૃદય કંપી ઉઠે, શરીર રોમાંચિત થાય, મનુષ્યને પશુ મધ્યે આ નાનો સરખો ભેદ છે જે મનુષ્યને વિચારશક્તિ છે. તેમનામાં વિવેચના (વિવેક) છે. અને પશુને તે વિવેક મનુષ્યની અંદર પણ એવી શ્રેષ્ઠી જાતિ છે કે જેઓ રસનાની ક્ષણિક તૃપ્તિની લાલસાને વશીભૂત થઇ વિવેક ભૂલી જીવપ્રભુ (ભયંકર) નિર્દયતાનું અવલંબન કરે છે. પાઠક ગણ ! ચાલો વધભવને (કસાઇ ખાનામાં) જઇ જોઇએ. કેટલાં બકરીના બચ્ચાં કેદીની પેઠે ઉભાં રહ્યાં છે અને ક્ષુધા તૃષાનું દુઃસહ દુઃખ સહન કરે છે. વધભવનના દ્વાર ખૂલતાંજ તેઓ ખાવા પીવાની આશામાં બહાર આવી અને આકુલનેત્રે જોઇ પુછડી હલાવતાં હલાવતાં આગળ થવાને ઉદ્યમ કરે છે. તેઓના નેત્રમાંથી નિર્મળ વિશ્વાસ અને ખાવાનું મળવાની આશા ડોકીને બહાર આવે છે. પરંતુ દુઃખનો વિષય છે કે ક્ષણવારમાં તેઓ પોતાની દશા સમજી લે છે ને બહાર હોવાનું ચાહતાં નથી ને ભયથી કાંપવા લાગે છે, અરે જુઓ, એઓની મધ્યમાંથી એક બકરીના બચ્ચાંને વ...ધ...ને માટે છુટું કરેલ છે. સહાય વિનાનું નિરપરાધી પશુ

" તે ગમે તેમ હો, તે મારી માતા છે, તથા ઘડપણમાં તેની પાસે રહી તેનું સંરક્ષણ કરવું મારૂ કર્તવ્ય છે. આપણે બંને ત્યાં હોત તો સારૂં થાત ! પણ આખરે મારે તો જવું જ જોઇએ. "

" ત્યે આપ જશો તો ત્યાં કેટલાક દિવસ રહેશો ? એકાદ અઠવાડીઉંજ કે વધારે ? પણ નહિં.-તમે બેચાર દિવસથી વધુ રહેશો નહિં. મને તમારા વિના બીલકુલ ગોઠવાતું નથી."

"હું જઇશ-જીવનભર ત્યાંજ રહીશ ! માટેજ જો તું આવી હોત તો સારૂં થાત ? "

"હું તો આવવાનીજ નહિંજ, પણ આપને એક અઠવાડીઆંથી વધારે રહેવા દેવાની નથી. અત્યારે તમારે જવું હોય, તો જાઓ. હું એક અઠવાડીઆંની મુદત આપું છું. હવેથી આ સંબંધે મને આપ બીલકુલ ત્રાસ આપશો નહિ."

"વાહ વાહ ! તું એ આવતી નથી, અને મને પણ જવા દેતી નથી ! એ તો જૂલમજ કહેવાય ને ! તું આવે અગર ન આવે, પણ હું જવાનો છું એ તો નક્કી જ ! "

"જ્યારે આપની માતાએ આપને વેચ્યા, ત્યારે એવો કરાર ન હતો. અત્યારે આપ મારા છો. જે વખતે આપ ઘર જમાઇ થયા, તે વખતથીજ આપની માતાનો આપના પરથી હક ઉઠી ગયો છે. ઘર જમાઇ એટલે વેચાતી લીધેલી વસ્તુ પ્રમાણેજ રહેવું જોઇએ, તેને સ્વતંત્ર રહેવું ચાકય જ નથી. એ ઉદ્દેશથીજ મારા પિતાએ આપનાં શિક્ષણ સારૂ આટલો ખર્ચ કર્યો હતો.

(૨)

કૃષ્ણરાવ ગર્ભશ્રીમંત હતા. સુશીલા એ તેની એકનું એક છોકરૂં ! પુત્રીમાં તેનો સર્વ જીવ સમાયો હતો. તે હંમેશાં પોતાની પાસે રહે તે માટે તેમણે ઘર જમાઇ કીધો હતો.

પ્રભુહ્રદયચંદ્રની ઘરની સ્થિતિ ગરીબ હતી. ઘેર ફકત તેની માતા જ હતી. તેના મનમાં ભણવાની ઇચ્છા પુષ્કળ હતી પરંતુ ગરીબીને લીધે તેને તે દાબી દેવી પડી. કિન્તુ સુદૈવે લગ્નનો યોગ આવતાં અઢાર વર્ષની વયે કૃષ્ણરાવનો જમાઇ બન્યો, અને ત્યાં તેની ભણવાની ઇચ્છા પૂર્ણ થઇ.

સુશીલા રૂપવાન્ હોઇ તેણે પ્રવેશ પરીક્ષા (મેટ્રીકયુલેશન) સુધી શિક્ષણ લીધું હતું. પણ માના લાડને લીધે તેનો સ્વભાવ ભમતી બન્યો હતો. આપણે કથા શરૂ થઇ તે વખતે પ્રભુહ્રદયચંદ્ર બી. એ. ના કલાસમાં હતો બી. એ. થયા પછી એકાદ નોકરી શોધી કાઢી પોતાની મા સાથે સ્વતંત્રપણે જઇ રહેવું, એવો વિચાર હતો, પરંતુ તે ઘર જમાઇ હોવાને લીધે તેને સાસરાંની પરવાનગી વિના શું કરવું તે સૂઝતું ન હતું. તેણે કૃષ્ણરાવને એક બે વાર પોતાની ઇચ્છા જણાવી, પરંતુ તે તેને પસંદ પડી નહી. તથા એ પછી પોતાની પાસે માનું નામ પણ કાઢવું નહી, એવી તેણે છેવટે પ્રભુહ્રદયચંદ્રને તાકીદ આપી. આથી પ્રભુહ્રદયચંદ્રનો જીવ સ્વાભાવિકજ અકળાયો. તેના મનમાં હજારો વિચારો જન્મ પામવા લાગ્યા " શું એ માટે તથા સંપત્તિ માટે મારાં કર્તવ્યને મૂકું ? મારી જન્મદાતા માતાને ઘડપણે મારી પાસેથી શું કંઇજ સુખ મળી શકે નહિ ! " આમ એકને માટે બે હજાર વિચાર તેના મનમાં ઘોળાતા હતા. છેવટે તેણે એક વિચાર નક્કી કર્યો.

(૩)

પ્રબુદ્ધચંદ્ર અત્યારેજ બી. એ. થઇ અભ્યાસ ક્રમથી હમણાંજ છૂટો થયો હતો. પુના તેના પૂર્વના માના સંબંધીના વિચાર શરૂ થયા.

તેને સાસરામાં સુખની મણા નહતી. તેના ખાવા પીવાની, કપડાં લત્તાની, વગેરે વ્યવસ્થા તેના સાસરાં તરફથી ઉત્તમ પ્રકારે થતી હતી. દુઃખમાં દુઃખ કહીએ તો એટલુંજ કે તેને પોતાની માતાને માટે પૈસા, અગર બીજી કંઇ એકાદ પણ જણસ મોકલવાની સખ્ત મનાઇ હતી, એટલુંજ તેને દુઃખ ! માનાનેજ અહીં આણવી તે પણ તેને યોગ્ય લાગ્યું નહિ, તેમજ તેને ત્યાં જઇ રહેવાની સંમતિ પણ મળતી નહિ.

'પ્રત્યક્ષ પોતાની માતુશ્રીને પોતે ઘડપણમાં જરાએ મદદ કરી શકે નહિ, એટલો બધો પરતંત્ર ! પછી ભલે બીજા સર્વ સુખો હોય તેનો શો ઉપયોગ ? " પરતંત્ર અવસ્થામાં ગમે એટલા સુખો હોય, તે સર્વ સુખ ન હોઇ ઉલટાં કેવળ દુઃખજ હોય છે ! " પોતાની માતુશ્રીનો જીવન નિર્વાહ એક નાની બાગાયતી જમીન પર થી રીતે ચાલતો હશે ? તેના કોણ જાણે શા હવાલ થતા હશે ? અને હું માત્ર અહીં આવાની, ચેન બાજીની મોજો ઉડાવું, અને પ્રત્યક્ષ મારી માતાને-જન્મ દાતા જનનીને દુઃખો સહી જેમતેમ નિર્વાહ કરાવું, એના જેવી દુઃખદસ્થિતિ બીજી કઇ હશે ? એવા એવા તેને પ્રતિક્ષણ વિચારો ઉદ્ભવતા હતા.

સસરાની તો ઇચ્છા નથી. પરંતુ આખરે પોતાની પત્નીના વિચાર કેવા છે તે જોઇઞ, નહિતો પછી પોતાનો વિચાર તો નક્કી છેજ. એવો વિચાર કરી તેણે પોતાની ઇચ્છા સુશીલાને જણાવી. તેનું તે પ્રસંગે થએલું સંભાષણ આરંભમાં આપ્યું છે.

(૪)

ઉષઃકાળ હમણાંજ થયો હતો. ભગવાન્ સહસ્ર રશ્મિ દિવાકર હમણાંજ ઉદય પામી પોતાની કોમળ હેમ કાંતિ પૃથ્વીતળ ઉપર પસારતા હતા. સુશીલા પથારીમાં હમણાંજ જાગૃત થઇ હતી. તેણે ઉંઘમાં કંઇ સ્વપ્ન જોએલું હોવાને લીધે તેનો ચહેરો ઉદાસીન જણાતો હતો. તેણે આંખો ઉઘડતાંજ કાવરે બાવરે ચહેરે એક વાર ચારે તરફ જોયું, તથા પોતે જોએલી સ્થિતિ ખરી ન હોઇ સ્વપ્ન હતું. એની ખાતરી કરી લીધી.

તે જાગૃત થયા પહેલાંજ પ્રબુદ્ધ ઉઠ્યો હતો. બિછાનાપર પતિરાજ નથી, એવું જોઇ "તે ક્યાં ગયા હશે વારૂ ?" એવો વિચાર ક્ષણ માત્ર તેના મનમાં આવ્યો. થોડી વારે તે ઉઠી, તથા પોતાના નિત્ય ક્રમે વળગી. સવારના આઠ વાગ્યા, સાડા આઠ વાગ્યા, પ્રબુદ્ધચંદ્રની રોજની ચાહ લેવાની વેળા વીતી ગઇ ! પણ તેનો પત્તોજ ન હતો. અત્યારે માત્ર તપાસ શરૂ થઇ, પરંતુ પ્રબુદ્ધચંદ્રની કંઇ પણ ભાળ જડી નહિ.

છેવટે તપાસ કરતાં કરતાં એક નોકર બોલ્યોઃ—"જમાઇજી મધ્યરાત્રિને સુમારે ક્યાં એકલાજ ગયા છે. 'હું સાથે આવું કે ?' એમ મેં પૂછ્યું, પરંતુ તેમણે ના કહી, અને મને ચિઠ્ઠી આપી નીકળી પડ્યા."

તે પ્રબુદ્ધચંદ્રનો પત્ર હતો.

"પ્રિય સુશીલે!

હું ગરીબ છું. મારી શ્રીમંત પાસે રહેવાની જરાય મરજી નથી. આ ઉપરાંત તું ગમે એટલો આગ્રહ કરે, કુબેરની સંપત્તિ આપવા કબૂલ કરે, તોપણ હું તારે ઘેર આવવા ઇચ્છતો નથી. માતુશ્રી મારું પરમ દૈવત છે. તેને મૂકી પરતંત્રપણામાં તારા હુકમમાં હું રહેવા ઇચ્છતો નથી. વધુ શું લખું?

તારો ગરીબ પતિ,

પ્રબુદ્ધચંદ્ર."

આ પત્ર વાંચી સર્વને ઘણું આશ્ચર્ય લાગ્યું. વિશેષે કરી સુશીલાને તો ઘણુંજ આશ્ચર્ય લાગ્યું! પોતાની ઉદ્ધતાઇનું આ પરિણામ! પોતાને ગમતા શબ્દ બોલી પોતાના પતિને પોતાના પૂજ્ય દૈવતને અતિશય ત્રાસ આપ્યો, તથા પોતે પણ જાતે ત્રાસ વહોરી લીધો એવું હવે તેને લાગ્યું! તેનું કહેવું વાજબી હોય એ માત્ર વીતંડવાદ કીધો! જો હું તેના કહેવા પ્રમાણે કબૂલ થાત તો આવું પરિણામ આવત નહિ, એમ તેને હવે જણાવા લાગ્યું.

પ્રબુદ્ધચંદ્ર ચાલ્યા ગયા પહેલાં તો તેને કેટલો પ્રિય છે તે સમજાતું નહતું! ખરાખર છે. ઉનાળાનો તાપ સહ્યા વિના શીતળતાનું મધુર સુખ શી રીતે મળી શકે? ક્રોધના આવેશ ચાલ્યા ગયા હશે, તે કેટલાક દિવસ ગયા બાદ પરતાપ પરત આવશે. એમ જેમ તેમ પોતાના મનનું તેણે શાંતિવન કર્યું.

(૫)

પ્રબુદ્ધ કૃષ્ણરાવને ત્યાંથી ગયાને લાગલાગટ ત્રણ વર્ષ થયાં. એ મુદતમાં સુશીલાનો પૂર્વનો ભમતી સ્વભાવ હવે બદલાયો હતો. અત્યારે તેને પોતાનાં ઉદ્ધતપણાનો ઘણો પશ્ચાત્તાપ થતો હતો. આવી સ્થિતિમાં જીવવા કરતાં મરવું સારું, એવું તેને વાજબી જણાતું. તે દિને દિને એકસરખી સુકાતી ચાલી. કૃષ્ણરાવે પોતે જાતે પુષ્કળ શોધ કરી, પરંતુ પ્રબુદ્ધચંદ્ર ક્યાં ગયો, તે કંઇજ સમજાયું નહિ!

છેવટે એક દિવસે કૃષ્ણરાવ પર પ્રબુદ્ધચંદ્ર તરફથી એક પત્ર આવ્યો. તેમાં તેણે એવું લખ્યું હતું કે, "મને સાધારણ રીતે કુટુંબનો નિર્વાહ કરવા જોગી નોકરી મળેલી છે, એથી આપની શ્રીમંત પુત્રીની જો અહીં આવી રહેવાની ઇચ્છા હશે, તો જણાવશો."

આ પત્રથી સર્વને ઘણુંજ આશ્ચર્ય લાગ્યું! સુશીલાનો આનંદ તો ગગનમાં ન સમાય ના! કૃષ્ણરાવે આપણે નોકરીની જરૂર નથી, આપ તથા માતુશ્રી અહીંજ રહેવા આવો." એવા આશયનો ઉત્તર જમાઈને મોકલવા નકી કર્યું. પણ આ ઉત્તરથી પ્રબુદ્ધચંદ્રને પુનઃ ક્રોધ ઉભરશે! તથા મને માત્ર દુઃખ-ઔદાસિન્ય એમાંજ જન્મ ગુમાવવો પડશે, માટે આવો ઉત્તર મોકલશો મા, એવી હઠ સુશીલાએ લીધી. છેવટે તેની તે દુઃખદ સ્થિતિ જોઇ તેને પતિ પાસે જઇ રહેવાની કૃષ્ણરાવે તથા તેની માતાએ રજા આપી, અને તે પ્રમાણેજ પ્રબુદ્ધચંદ્રને પત્ર લખાવ્યો.

બે ચાર દિવસે પ્રબુદ્ધચંદ્ર આવ્યો. તેનો પોશાક ગરીબના જેવો જણાતો હતો. તથા

સાથે સામાન-સુમાન કંઇ જણાતો ન હતો. બે દિવસ સાસરામાં રહી તેણે સુશીલાને સાથે લઇ જવાનો પોતાનો વિચાર છે, એમ જણાવ્યું. તેને કૃષ્ણરાવ તરફથી સંમતિ મળી એ કહેવુંજ નકામું છે!

(૬)

તે ઘર કહેતાં એક ઘાસની ઝુંપડી હતી, ત્યાં સુશીલાની તબીયત જાળવવા દાસ દાસી, નોકર ચાકર વગેરે કોઇ ન હતા. પ્રભુહૃદયે તેને સ્પષ્ટ કહ્યું હતું કે, જો તારે મારી સાથે રહેવું હોય તો સર્વ અડચણો સહન કરવી પડશે, તથા ઘરમાંના સર્વ કામકાજ જાતેજ કરવા પડશે. આ પોતાના નવીન ઘરમાં સુશીલા પણ આનંદથી રહેવા લાગી, પ્રથમ તેને થોડી અડચણ લાગી. પરંતુ થોડા સમયમાંજ સર્વ કામકાજ. તે જાતેજ કરવા લાગી. તે જે કામ કરતી તે વ્યવસ્થિત કરતી, એવી રીતે કે જાણે તેણે નવીન ચરિત્રની શરૂઆત કરી હતી.

આવી સ્થિતિમાં સુમારે પંદર વીશ દિવસ ગયા બાદ તેને પ્રભુહૃદયે એક બંગલામાં કેટલાક દિવસ રહેવા માટે મોકલી ત્યાં નોકર ચાકર વગેરે સર્વ વ્યવસ્થા હતી. સુશીલાને કંઇજ કામ કરવું પડતું ન હતું.

"અહીં હજી કેટલાક દિવસ રહેવાનું છે? ઘરની કંઇ સંભાળ લેવી નથી શું?" સુમારે ત્રણેક દિવસ ગયા બાદ સુશીલાએ પોતાના પતિને પૂછ્યું.

"એટલે? તે બીચારી ઝૂપડીમાંજ રહેવાની તારી ઇચ્છા છે ને! પણ જ્યાં પાણીના નળ નથી, ગ્યાસ લાઈટના દીવા નથી, એક બે....."

આગળ પ્રભુહૃદયને બોલવા દીધો નહિ. ત્રણ વર્ષ પૂર્વેના પોતાના વાક્યનું સ્મરણ થતાં તે ગળગળો થઇ ગયો. તે આતર સ્વરે બોલી "ના, ના, એવા શબ્દો બોલશો ના! તમારું સુખ તેજ હવે મારું સુખ, અને તમારું દુઃખ તેજ હવે મારું દુઃખ. તમારી સાથે ઘાસની ઝૂપડીમાં જે સુખ હશે, તે રજવાડામાં પણ તમારા સિવાય મળનાર નથી, એવી મારી પાકી ખાતરી થઇ છે."

આ પછી "આખરે મમત મૂકયો ને! એટલુંજ હસતાં હસતાં પ્રભુહૃદય બોલ્યો, તથા તેણે સુશીલાને છાતી સરસી ચાંપી.

તે બંગલો પ્રભુહૃદયનોજ હતો, એ સુશીલાને પાછળથી જણાયું. ઝુંપડીમાં પોતાની પરીક્ષા કરવા સારૂ તેને પંદર દિવસ રાખી હતી, એ તરતજ સુશીલાના લક્ષમાં આવ્યું આ સર્વ ઐશ્વર્ય પ્રભુહૃદયે ત્રણ વર્ષમાં પોતાની જાતિ મહેનતથી મેળવ્યું.

ત્યાર પછી આ યુગલ આનંદથી રહેવા લાગ્યું. પ્રભુહૃદય ઘરજમાઇ થઇ રહ્યો હતો, ત્યાં જે સ્થિતિમાં રહેતો હતો, તે કરતાં ઘણું તે ઘણાજ આનંદમાં તથા ઉત્તમ સ્થિતિમાં છે. હાલ સુશીલા પણ પતિની તથા સાસુની સેવામાં હાજર રહેવામાંજ ઘણું સુખ માને છે.

"શારદા-વિહાર"
સુરત.

છોટુભાઇ દાજીભાઇ દેશાઇ.

—સીતાન્વેષણ—

(તોટક)

ધિક્ હા ! મુજ રક્ષણ માટ જ તેં—
વનમાંહ્ય પ્રયાણ અનર્થ કર્યું !
રૂડી પર્ણ-કુટી થઇ પ્રેત—કુટી,
વનમાં અતિ સાહસ વ્યર્થ કર્યું. ૧
અથવા વિધિ પ્રેરિત તું થઇને—
મનમાં ઉપદેશ ન મુજ લહ્યો,
હતી શક્ર-પ્રિયા શી, સીતા ગઇ ક્યાં ?
બતલાવ મને, ચય કેમ થયો ? ૨

(માલિની.)

કુસુમ-શયન છોડયું, પ્રીતિથી મૈથિલીએ,
નિજ નિયમ નિભાવ્યા, નીતિથી મૈથિલીએ;
હૃદય રહિત એથી, ચૂર્ણ જાણે થયું આ,
વદ અનુજ મરાલી-ચાલવાળી ગઈ ક્યાં ! ૩
હર્તો જનક સુતા તે, તો થઈ રામ-જાયા,
વળી તૃણ-ગૃહ આવી, દુઃખ કેવાં ઉઠાવ્યાં;
મમ વિરહ સહાશે, કેમ તેથી અધુના !
વદ વિમલ ગુણોની જાલવાળી ગઈ ક્યાં ? ૪
સર નિકટ એકેલી, શું ગઇ છે નહાવા ?
હરી કંઇથી મને એ, કે ગઇ છે બુલાવા ?
સ્મરણ સ્ફુરણ થાતાં, છાય છે શોક-છાયા,
વદ વિધુ-રૂચિશાલી, ભાલવાળી ગઇ ક્યાં ? ૫

× × × ×

રાજ્ય ગયું, છૂટી માતાઓ, પિતા દશા શી થઈ અરે !
અલગ થયો હું હાય ! ભરતથી તોપણ વિધિ શું રૂઠ્યો અરે !
કે જોયો આ વિપક્ષ બીજી હા ! એણે નાંખી છે શું નવી !
અનુજા બતાવ, તે જિતમધુપાલી-બોલોવાળી ક્યાં ગઈ ? ૬

-વિવિધ વિષય.-

વિજળી દ્વારા વર્ષા.

આસ્ટ્રેલિયન કોમનવેલ્થના વાયરલેસ એકસપર્ટ મિ. જે. ઈ. વાલસિલીનું કહેવું છે કે તે વિજળીદ્વારા મેઘ બનાવી પાણી વરસાવી શકે છે. થોડી મુદતમાં તેઓ પોતાના સિદ્ધાન્તના વ્યાવહારિક પ્રયોગ કરનાર છે. ન્યુસાઉથ વેલ્સની સરકારે એને માટે આર્થિક સહાયતા આપવાને કબુલ કર્યું છે. મિ. વાલસિલી વિજળી દ્વારા પાણી વરસાવવાનો પ્રયત્ન આજે ચાર પાંચ વર્ષથી કરી રહ્યા છે. સિડનીસન (Sydnysun) ની મદદથી. વિજળીની ધારા (Current) બલુન દ્વારા ૭ સાત હજાર ફુટની ઉંચાઇએથી લાવવામાં આવશે. વિજ્ઞાનની બલિહારી છે! જો આ યોજના પર આવે તો જગતમાં સહાનું સુખ થાય! દુકાળના તો સમણુંએ નહિ આવે?

એક વિચિત્ર રોશની.

મિસ્ટર ઓડર્ડ મેસ્ટનને એક અદ્ભુત ચૂર્ણ બનાવ્યું છે. આ ચૂર્ણને જે ચીજ સાથે લગાડીએ, તે ચીજ પ્રકાશમાન થઇ જાય છે. અને તેનાથી એક લેમ્પનું કામ નીકળી શકે છે. રોશનીમાં ગરમીનું તો નામ નિશાન પણ નથી. તેમજ તેનાથી કોઇ ચીજ પણ બળતી નથી. એટલે સુધી કે ફુલોમાં પણ એ રોશની આવી શકશે, પરંતુ તે કરમાશે સુદ્ધાં નહિ. આપણા ભરતખંડમાં જે પ્રકાશિત પત્થરની વાતો ચાલે છે, તે હવે ગોટો આંજણી માનશે ખરા!

થાક ઓછો કરવાના ઉપાય.

જે લોકોને ઘણી વાર પગની મુસાફરી કરવી પડે છે, તેમના પગોમાં ફોટ પડી જાય છે. એટલે સુધી જોવામાં આવ્યું છે કે એના પગ લોહી લોહાણ થઇ જાય છે, અને લાચાર થઇ હોસ્પિટલનો આશ્રય લેવો પડે છે. એને માટે એક વિદ્વાને એનો સહેલો ઉપાય બતલાવ્યો છે. તેનું કહેવું છે કે તેણે મુસાફરી કરવાં પહેલાં ત્રણ દિવસ પહેલાંથીજ પોતાના પગોને હંમેશાં ઠંડા અથવા ગરમ પાણીમાં અડધા કલાક સુધી બોળી રાખવા. પાણીમાં થોડું (બે મૂઠી) મીઠું આંગળથી નાંખી રાખવું. તે કહે છે કે એ પછી ૧૦૦ માઇલ સુધી આદમી ચાલ્યો જાય, પણ પગો ખરાબ થશે નહિ, જો કે સાથે બૂટ જોડાં અને ગરમ મોજાંનો ઉપયોગ કરવો પડશે. આમાં સંદેહ નથી. સૈનિકોને માટે આ ઉપાય લાભ દાયક છે. આપણાં પગપાળા ભટકતા કરતા સાધુ બાવાઓને પણ આથી ફાયદો થશે, પરંતુ તેઓ જો બુટ મોજાં પહેરી કરવામાં દરકાર ન ગણે તો!

ક્રીસસનો મુલ્યવાન સિક્કો.

લીડીયન રાજા ક્રીસસ (ઇ. સ. પૂ. ૫૬૦)ના સમયનો એક સિક્કો મેળવવામાં આવ્યો છે. કહેવાય છે કે તે સિક્કો સિંધુ નદીની આસ પાસના એક મારીનો વ્યાપારી પાસે મિ. મૃત્યુંજયરાય ચોધરીએ લીધો હતો. એનો આકાર કંઇક લંબગોળ જેવો છે. અંતિમ

ભાગ ગોળ ગોળ બિન્દુઓથી બનાવેલો છે. એની એક પીઠપર સિંહ અને બળદની છબી છે, તથા બીજી બાજુ બે ચિત્રો અંકિત છે. જેમાં એક ચિત્ર બીજાથી કંઈક મોટું છે. આવો સિક્કો પહેલાં કદીએ જોવામાં આવ્યો ન હતો.

ગ્રીકિયન રાજાઓનો નાશ થવા પછી ઈરાનના ઉત્તરિકસે એ સિક્કાનો વ્યવહાર એશીઆના વ્યાપારમાં કર્યો. મારી શહેર સિન્ધુને કિનારે કાલાબાગની દક્ષિણે દટાયલું છે. અહીં જેલમ રાવલપિંડીની સડકો સિંધુને મળે છે. ત્યાંથી એક સડક કાબુલ તથા બીજી ગીઝની જાય છે. સંભવ છે કે પહેલાં એ તરફ વ્યાપારનો સંબંધ હતો, અને તે દ્વારા આ સિક્કો પણ અહીં આવ્યો હશે.

સિક્કાનો દેખાવ તથા ઝલક હજી સુધી નષ્ટ થઈ નથી. એથી અનુમાન કરાય છે કે અલેકઝાન્ડરના ભારતમાં આવ્યા પહેલાં આ સિક્કો આવી ગયો હશે. બાદ કર્યા પૃથ્વીમાં દટાઈ રહેલ હશે, જે આજ ૨૫૦૦ વર્ષે કોઈના હાથમાં લાગી ગયો!

હૈદરાબાદમાં અશોક સ્તંભ.

હૈદરાબાદમાં એક નવો અશોકનો સ્તંભ જોવામાં આવ્યો છે. એ મદ્રાસના હુડીપ્રાંતની સોનાની ખાણ પાસે છે. રાય સાહેબ કૃષ્ણ-શાસ્ત્રી એની તપાસ કરે છે. જેઓ થોડી મુદતમાં તેની વિગત પ્રકાશિત કરશે.

અવિવાહિતો પર કર.

જર્મન પ્રજા પોતાની આબાદીના ઘટાડાના પ્રશ્ન પર હાલમાં વિચાર કરી રહી છે. એમાં એ થોડી મુદતમાં વધારે ઉમરના અવિવાહિત સ્ત્રી પુરૂષો પર એક પ્રકારનો નવો ટેક્સ નાંખનાર છે. ખેર, સારી વાત છે. આ ટેક્સથી બચવાને માટે જુવાન કુમારીઓ તો ઝટ બચી જશે, પરંતુ જેના કાંઠે સાકડા પહોંચ્યા હશે તેનું શું થશે?

જર્મન પ્રજા જેની પ્રજાની વૃદ્ધિ કે જે દશ વર્ષમાં લગભગ બમણી થાય છે, ત્યાં હજી પણ વધારો કરવાના ઉપાયો યોજાય છે, તો પછી બિચારી ફ્રાન્સની પ્રજા અપુત્ર સ્ત્રી પુરૂષો પર ૩ પૈસાનો કર નાંખે, તેમાં અજાયબ પણ શું થયું?

ક્રીડા જેવા જંતુઓની શક્તિ.

એટ્રુરિયાના ફેલિક્સ ફેટ નામનો એક વિદ્વાન એક હિસાબ પ્રકટ કરે છે કે જો મનુષ્યની શક્તિ પણ પાણીમાં રહેતી કેટલીક મોટી માછલીઓની શક્તિ બરાબર હોત, તો મનુષ્ય કોણ જાણે કેવાં રાક્ષસી અને અસંભવિત કાર્ય કરી બતાવતે. મોટી માછલી પોતાની પીઠપર એક ચોરસ ઇંચ જેટલી જગામાં ૩૭૫ પૌંડ જેટલું વજન ઝીલી શકે છે. જો આ પ્રમાણેની શક્તિ મનુષ્યોને આપવામાં આવી હોત, તો તે આગગાડીની એક ટ્રેનને સહેલાઈથી ઉઠાવી શકતે.

ભૂમધ્ય સમુદ્રમાં એક પ્રકારની માછલી થાય છે, જે પોતાના વજનથી ૪૯૨ ગણું વજન વધારે ઉઠાવી શકે છે.

મધમાખી પોતાના વજન પ્રમાણે ઘોડાથી ૩૦ ગણી શક્તિ રાખે છે. અર્થાત્ મધમાખી ઘોડાની બરાબર બનાવવામાં આવે, તો તેમાં ૩૦ ઘોડાની શક્તિ હોય છે. જ્યારે સાધારણ ઘોડા પોતાનાથી ૫ કે ૬ ગણું વજનમાં ખેંચી શકે છે.

કરચલો અને વીંછી.

હાલમાં એક વૈજ્ઞાનિકે વીંછીના વિષની પરીક્ષા કરી સિદ્ધ કર્યું છે કે જૂદા જૂદા જીવો પર એ વિષની જૂદી જૂદી અસર થાય છે. કેટલાક જીવ વીંછીનો ડંખ લાગતાંજ મરી જાય છે, કેટલાક બેશુદ્ધ થઇ જાય છે, અને કેટલાક અત્યંત દુઃખથી તરફડવા માંડે છે. એઓમાં મનુષ્ય પણ સામેલ છે. કિન્તુ કેટલાક એવા પણ જીવ છે, કે જેના પર આ વિષની કંઇ પણ અસર થતી નથી. એવા જીવોમાં કેટલાકના નામ ગણાવ્યાં છે, તેમાં કરચલો મુખ્ય છે. આંખે જોએલી વાત કહે છે, કે એક મોટા કરચલાએ એક બે ઈંચ લાંબા વીંછીને મોંમાં દાબી રાખ્યો. વીંછી ઝડપબંધ ડંખો મારતો હતો, પરંતુ કરચલાને અસર પણ પડતી નહિ છેવટ તે ડંખ સહિત વીંછીને ગળી ગયો હતો.

હવા પર મિથ્યા કલંક.

હજી સુધી અનેક ડૉક્ટરો તથા જન-સાધારણની એવી દૃઢ માન્યતા છે, કે મેલેરિયા પીતજ્વર, પ્લેગ આદિ રોગના જંતુઓને પોતાની સાથે લઇ હવા બીજા લોકોને પહોંચાડે છે. પરંતુ કેટલાક સમયથી ડૉક્ટરોનો આ વિશ્વાસ ઓછો થતો જાય છે, અને હાલમાં સાબિત થઇ ગયું છે, કે હવા બિચારી પર આજ સુધી નકામું કલંક લગાડયું છે. એક નામી ડૉક્ટર શાપીને સિદ્ધ કીધું છે, અને ઘણાએ ડૉક્ટરોએ માની લીધું છે કે રોગના જંતુ વાયુ-દ્વારા નહિ, પરંતુ પાણી અને આદ્ય પદાર્થો દ્વારા અથવા સ્પર્શથી ફેલાય છે. ડૉક્ટરી વિદ્યાના પ્રસિદ્ધ માસિક પત્ર "લૈંસેટ"માં પણ એ વિચારનું સમર્થન થયું છે.

એક નવું એંજિન.

અમેરિકાની સધર્ન પાસિફિક રેલ્વેએ એક નવી જાતનું એંજિન બનાવ્યું છે, તે આખી દુનીઆભરના સર્વ એંજિનોમાં મોટું છે. એમાં કોયલાની જગાએ જમીનમાંથી નીકળતું તેલ (Mineral oils) બાળવામાં આવે છે મોટા મૂલના એંજિનોની કોયલાની ગાડી જગ્યામાં એની પાછળ રહે છે. આ એંજિનનું વજન આશરે સવા સાત હજાર મણનું છે.

ઉંદરોની વૃથા હત્યા.

કલકત્તા મ્યુનિસિપાલિટિના હેલ્થ ઓફિસર મિ. કેકે હાલમાં પ્રગટ કર્યું છે કે ઉંદરો મારવાથી પ્લેગ ઘટવા કરતાં વધે છે. જ્યાં ઉંદરો સેંકડે ૫૦થી ૮૦ સુધી મારવા માં આવ્યા; ત્યાં પ્લેગ બમણો વધ્યો છે. અને જ્યાં બીલકુલ મારવામાં આવતા નથી, ત્યાં એની મેળેજ પાંચ વર્ષથી કમી થતો આવે છે. માટે પ્લેગ અટકાવવાના નામથી મારવા માં આવતાં ઉંદરોની વૃથાને બંધ કરવી જોઇએ. અને આજ સુધી તેમની કરેલી વૃથા હત્યા માટે ગણેશજીની ક્ષમા માગવી જોઇએ.

આ પુસ્તક ખલભટ્ટ જ્ઞાતિ શુદ્ધ "બ્રાહ્મણ" છે, તે સપ્રમાણ દર્શાવે છે ખલભટ્ટ જ્ઞાતિ જેણે આપણા ઇતિહાસ પૃષ્ઠો પર મોટા મોટા ઉપકારો કર્યા છે, તે તેના જીવનના માની લીધેલા સાહિત્યો ઓછા થતાં તથા વંચગાળાના સમયમાં વિદ્યાહીન થતાં તે પોતે બ્રાહ્મણ છે, એવું તેમાંના પણ કેટલાક જાણતા નથી. લેખકે જ્ઞાતિ પ્રતિના પ્રેમથી આ પુસ્તક લખવા માટે અતિ શ્રમ લીધો છે.

રૂપસુંદરી—લેખક આશાલાલ અમુલખ શાહ. પ્રકાશક રા. રા. મૂળચંદ કેસનદાસ કાપડીઆ. સંપાદક, દિગંબર જૈન-સુરત પૃષ્ઠ ૬૬ (ડેમી આઠ પેજી) કિં. રૂા. ૦-૪-૦

દિગંબર જૈનના આઠમા વર્ષની છઠ્ઠી ભેટ તરીકે આ બોધક કથા પ્રકટ કરવામાં આવી છે, સત્સમાગમનું ફળ મિષ્ટ છે તે બતાવવાનો આ પુસ્તકનો ઉદ્દેશ છે. રૂપસુંદરી જેવી રવચ્છંદી સ્ત્રી, તથા તેની પાછળ પડેલા દેવદત્તની સત્સમાગમથી થતી શુભ સ્થિતિનું દર્શન વાંચક સમક્ષ દર્શાવે છે.

સુરતીલાલ—લેખક શ્રીયુત નગીનદાસ મંછારામ ઘેલાભાઇ. પ્રકાશક:—રા. રા. ચુનીલાલ મગનલાલ શાહ, બુકસેલર-સીમંડાચોક, સુરત. પૃષ્ઠ સંખ્યા ૬૧૬ (રોયલ સોળ સોળ પેજી-ગ્લેઝડ) ૧૬ ચિત્રો સાથે પાકું પૂઠું સોનેરી નામ સાથે. કીમત રૂ. ૧-૦-૦ 'સત્સંગ'ના ગ્રાહકોને અંસ ભાત્ર રૂા ૦-૧૨-૦ થી મળશે.

આ નવલ કથા લેખક તરફથી કેટલાક વર્ષ પર પ્રકટ થઇ હતી, તેની આ બીજી આવૃત્તિ એ પુસ્તક પ્રતિ લોકોનો અતિ પ્રેમ જોઇ પ્રકાશકે પ્રકટ કરી છે. સદા ઉપરજ જીવન ગુજારનારા કહેવાતા શોકીઓનું આન્તરિક રહસ્ય દર્શાવવું, એ આ પુસ્તકનો મુખ્ય હેતુ છે. સુરતીલાલ પિતાની નામરજી છતાં મુંબાઇ જઇ સટ્ટાના ધંધામાં સપડાય છે. શરૂઆતમાં ઠીક લાભ થવાથી તે ખરખરો સટોરીઓ બને છે, પરિણામે નાણાંના ફંદમાં સપડાઇ પડતાં હૃદયની સારાસારતાનો વિચારો નષ્ટ પ્રાય થઇ જુવાર થઇ જાય છે, આ સ્થિતિમાં તેનો એક સન્મિત્ર મોહનલાલ તેને ખરેખરો સહાય કર્તા નીવડી ખરેખરો મિત્ર ધર્મ બજાવે છે. લેખકની કલમ પ્રતિભાશાળી હોવાથી વાંચતા હૃદય રસલીન બને છે. આવાં બોધપ્રદ પુસ્તકનો બહોળો ફેલાવો થવો જરૂરનો છે. હાનિકારક ઉડાઉ ધંધાઓથી લોકોની થતી દુર્ગતિ અટકે, ત્યારેજ ભારત ઉન્નતિનાં ચિહ્ન કંઇ જોઇ શકશે. આ નવી આવૃત્તિમાં કેટલાક જોડણીના દોષો રહી ગયા છે, પરંતુ તેથી ગ્રંથની ઉત્તમતા ઓછી થતી નથી.

નીચેના પુસ્તકો અમને મળ્યાં છે, જે સાભાર સ્વીકારીએ છીએ. સમાલોચના યથાવકાશે કરીશું.

(પુસ્તક)	(લેખક)
૧ પાપપુંજ	રા. રા. છગનલાલ નારાયણદાસ મેઘ્રી.
૨ સાક્ષર અને તેની સ્ત્રી.	રાણા દોલતસિંહ સીસોદીઆ.
૩ મહારાણા હમીરસિંહ	પ્રો. જેઠાલાલ ગીમનલાલ સ્વામીમાગ્યપ્રિય.
૪ શાન્તિ નિકેતન.	રા. રા. ડાહ્યાભાઇ રામચંદ્ર મ્હેતા.

૫ કાવ્ય કુંજ રા. જનાર્દન ન્હાનાભાઇ ભટ્ટ.
૬ શાંત અને સાદું જીવન. રા. રા. ભગવાનદાસ ભૂખણદાસ પટેલ.
૭ શિરછીન શાપ રા. પન્નાલાલ ડાહ્યાભાઇ ઝવેરી.

રા. રા. જીવનલાલ અમરસી મહેતા તરફથી

૮ હાસ્ય મંદિર. રા. બ. રમણભાઇ નીલકંઠ અને સૌ. વિદ્યાગૌરી
૯ શ્રી પ્રહ્લાદ. સ્વર્ગસ્થ શ્રી હરિલાલ ધ્રુવ.
૧૦ બાળ મહાભારત. સ્વર્ગસ્થ શ્રી નારાયણ હેમચંદ્ર
૧૧ ગોપાળકૃષ્ણ ગોખલેનું જીવન ચરિત્ર. રા. રા. જીવનલાલ અમરસી મહેતા.
૧૨ યાત્રી ઊર્મિલા. રા. રા. મણિલાલ વિશ્વનાથ યાજ્ઞિક
૧૩ પ્રેમદા દેવી રા. રા. મણિલાલ વિશ્વનાથ યાજ્ઞિક.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી

૧૪ શ્રી ભગવતી ભાગવત સ્વ. કાલિદાસ ગોવિંદજી
૧૫ શ્રી શિવાજી છત્રપતિ. રા. ડાહ્યાભાઇ રામચંદ્ર મહેતા.
૧૬ જોન ઓફ આર્ક રા. હાસમ હીરજી ચારણીયા.
૧૭ ભારતની દેવીઓ.
૧૮ મહાન્ અલેકઝાન્ડર. રા. બ્રજલાલ જેઠવજી ઠક્કર.

રા. રા. લલ્લુભાઇ ગુલાબચંદ ઝવેરી, જીવદયા જ્ઞાન પ્રસારક ફંડ-મુંબઇના ઑનરરી મંત્રી તરફથી જીવદયાને લગતાં સાહિત્યનાં પુસ્તકો ૧૪૪ (નાનાં મોટાં સાથે) અમારા સન્માનાર્થે મોકલી આપ્યાં છે, તે બદલ આ પત્ર તથા મંડળ તરફથી અમો આભાર માનીએ છીએ.

ઉપર સિવાય કોન્ફરન્સ પ્રકાશનો પર્યુષણ પર્વનો અંક, ઉદીચ્ય જીવનનો બાવણી અંક, રા. કેશવ હ. શેઠ તરફથી સાક્ષર શ્રી મણુપતરામ ભ. ત્રવાડીનું સંક્ષિપ્ત જીવન, રા. ગોવર્ધન લલ્લુરામ વસો નિવાસીનાં ૭ પુસ્તકો વગેરે અમને મળી ચુક્યા છે.

તંત્રી.

ભારતનું પ્રાચીન ગૌરવ અને મુકદ્દમા.

ભારત વાસીઓની આજ કાલની નિર્ધનતા અને દરિદ્રતાના કારણોમાંનું એક મુકદ્દમા પણ છે. જે લોકોને ઐતિહાસિક ગ્રંથો વાંચવાનો અવસર પ્રાપ્ત થયો હશે, તે લોકો તો જાણતા હશે કે પ્રાચીન સમયમાં ભારતવાસીઓ આ દોષથી કેટલા મુક્ત હતા.

સાતમા સૈકામાં એક ચીન દેશનો તીર્થયાત્રી ભારત વર્ષની યાત્રા કરીને જ્યારે પોતાના દેશમાં પહોંચ્યો, ત્યારે તેણે ભારતવાસીઓના સંબંધમાં એવું કહ્યું હતું કે "ભારતવાસી જુઠું બોલવું, એ મહાપાપ સમજે છે. તેટલા માટે તે લોકો બીલકુલ જુઠું બોલતા નથી" આ વાત તેણે તેના એક સ્વરચિત પુસ્તકમાં પણ લખી છે.

મેગેસ્થાનીસ કહે છે કે " ચોરોનો બંદોબસ્ત થાય છે. તેઓ એવા સાચા છે, કે એક બીજાને ત્યાં થાપણ મૂકતા સહી સિક્કા સાક્ષીઓની જરૂર પડતી નથી ઘર તથા માલ મીલકતને તાળાં ચોકીપણ હોતાં નથી તેઓ કોર્ટે પણ ભાગ્યેજ ચડે છે. ખોટી સાક્ષી પૂરે તેનાં હાડ કાંપી લેવામાં આવે છે. સત્ય ને સદાચાર માટે તેને બહુ માન છે. "

૧–૦–૦ બધુ બહેનના પુણ્યાર્થે અશ્વની-કુમારના ગલ્લામાં ઠે. કીરપારામ મહેતાના ખાંચામાં.

૩–૦–૦ શેઠ માણેકજી સોરાબજી વડોદરા મોટીખાતું

૩–૦–૦ કંડાકટર ફરામજી કાવસજી વડોદરા સ્ટેશન પાસે.

૧–૦–૦ બારેટ અમરસીંગ ત્રીકમજી ધોડદોડ નવલ બાગ વડોદરા.

૨–૦–૦ રા. રા. વકીલ સાહેબ નંદલાલ લલ્લુભાઇ અમદાવાદીપોળ વડોદરા.

૧–૦–૦ રા. રા. છોટાલાલ ઝવેરભાઇ વકીલ જોગીદાસ વીઠલદાસની પોળ વડોદરા

૧–૦–૦ રા. રા. વકીલ સાહેબ મન્નુલાલ શેવકલાલ લીમડાપોળ વડોદરા.

૫–૦–૦ રા. રા. સી. એમ. શામલએચર વડોદરા.

૧–૦–૦ મે. જેશંકર પ્રેમાનંદ જોષી ડે. એ. ઇ. પેટલાદ.

૧–૦–૦ રા. રા. ઇશ્વરભાઇ પરસોતમ બોર્ડિંગ હાઉસ પેટલાદ

૨૫–૦–૦ રા. રા. નારણભાઇ કેશવભાઇ જુની રંગશાળા પેટલાદ

૧૧–૦–૦ રા. મરીખા મોતીલાલ જમનાદાસ નવી રંગશાળા પેટલાદ

૧–૦–૦ રા. રા. મણીલાલ શામળદાસ ઇન્સપેક્ટર પેટલાદ એજ્યુકેશન મીલ

૨–૦–૦ રા. શેઠ નાથાભાઇ મરજાદશાહ પેટલાદ એજ્યુકેશન મીલના વર્કસોપ તરફથી પરચુરણ ભેટના

૧–૦–૦ રા. છોટાલાલ નરોતમદાસ મુંબા-ધવાળા પેટલાદ

૩–૦–૦ શેઠ જીવણદાસ નારણદાસ પોરબા મનોરદાસ સ્ટ્રીટ ૨૧–૨૩ કોટ મુબાઇ ૨ આશ્રમને મદદ માટે

૧ જન્માષ્ટમીની સામગ્રી માટે

૮૦–૯–૦ રા. રા. હઠીસંગદાસ રંગીલદાસ મારફતે સંપૂર્ણ રોડેસીઆ સાઉથ આફ્રીકાના સરીસબરી પોસ્ટ ઓફીસ બોક્ષ નં. ૫૮ આવ્યા તે પૈ.સિ.પે.

૦–૧૦–૦ રા. રા. ગુલાબભાઇ મકનજી

૦–૧૦–૦ શેઠ અલીમહમદ ઇબ્રાહીમ

૧–૫–૦ દુદા મહેરામણ ખવર્સ

૧–૦–૦ મેસર્સ કલ્યાણજી ભગવાનદાસ એન્ડ કો૦

૦–૧૦–૦ શેઠ કાસમ એન્ડ ઇબ્રાહીમ એન્ડકો૦

૦–૫–૦ શેઠ ઉસમાન જનમહમદ

૦–૫–૦ શેઠ પ્રેમજી રાણજી કુ૦

૦–૨–૦ શેઠ ગોપાળજી કોકાભાઇ

૦–૫–૦ શેઠ જાદવજી કાનજી

૦–૨–૦ શેઠ કાનજી અમરશી

૦–૪–૦ શેઠ પરસોતમ મોરારજી

૦–૫–૪ શેઠ નુરમહમદ મની

૦–૨–૦ શેઠ નુરમહમદ હાજી

૦–૨–૬ શેઠ મોહનલાલ મંગાદાસ

૦–૨–૦ શેઠ કુલચંદ દેવજી

૫–૬–૬

૬–૫–૬ મનીઓર્ડરના કમિશનના બાદ જતાં નકી રા. ૮૦–૯–૦

૫–૦–૦ આશ્રમમાં નિરૂપયોગી વસ્તુ વગે-રેની કીમતના

૧–૦–૦ મુંબાઇવાળા શા. મંગળદાસ રંગી-લદાસ હ. બહેન શીવગંગા મોતીરામ ખાંડવાળા માસિક મદદનો

૨–૦–૦ શા. છોટાલાલ વજેચંદ હરીપુરા સુરત

૧–૦–૦ શા. રંગીલદાસ ચુનીલાલ „ „

૧–૦–૦ શા. શીવચંદ વજેચંદ વડનેરા „

૨–૦–૦ શા પુલચંદ પાનાચંદ „

૧–૦–૦ શા.મગનભાઇ નગીનદાસ નાણાવટસુરત
૧–૦–૦ મી. પરસોતમ લાલભાઇ વડાચૌટા
૧–૦–૦ શા. રતનચંદ ધીરચંદ વડાચૌટા
૧–૦–૦ શાહુખાતે હા., શા. નગીનદાસ છગનભાઇ છાપરીઆશેરી
૨–૦–૦ શા. ગુલાબચંદ મલુકચંદ છાપરી-આશેરી સુરત
૩–૨–૦ છાપરીઆ શેરીનાં બૈરાંના અપાશરા તરફથી
૨–૦–૦ શા. રંગીલદાસ નરોતમદાસ છાપ-રીઆશેરી
૧–૦–૦ બહેન લીલાવતી હરીપુરા સુરત
૧૦–૦–૦ શેઠ દારાશા કે. સુનાવાલા અને બહેનો ધુર્ણાયા
૩૦–૦–૦ શેઠ લલ્લુભાઇ ધરમચંદની પુત્રી બેન જયાગૌરીના પૂણ્યાર્થે ગોપીપુરા
૧–૦–૦ શા. મંછુભાઇ કસ્તુરચંદ ગોપીપરા સુરત
૧–૦–૦ શાહુખાતે વડાચૌટા
૫–૦–૦ શાહુખાતે હરીપુરા
૧–૪–૦ વડાચૌટાના અપાશરાના બૈરાં તરફથી
૪–૦–૦ ટાંકલ તાલુકે ચીખલી પોષ્ટ રાન-કુવાના જૈન મહાજન તરફથી હા. ભગવાન લુબાજી
૧–૪–૦ શા. ગુલાબચંદ કલ્યાણજીની ધણી-માણી બાઇ લાડુ ટાંકળ
૧–૪–૦ શા. કેરીગજી જીવાજી ટાંકળ
૧–૪–૦ શા. કરસનજી હીમાજી ટાંકળ
૨–૦–૦ શા. રામાજી અસરાજીની ધણીયાણી બાઇ પારવંતી ટાંકળ
૧૦–૦–૦ શેઠ સાહેબ કાવસજી ધનજીભાઇ ધનબુરાવાળા વલસાડ
૧૨–૦–૦ શેઠ ભગવાનજી માનાજી પોતાની માણેજ બાઇ રોમીના પુણ્યાર્થે નોગામા તા૦ ચીખલી
૧–૦–૦ શા. રામા. માનાજી ખુબ ખાતે નોગામા
૧–૦–૦ શા. ખુશાલજી જગાજી નોગામા
૧–૦–૦ પટેલ દુર્લભભાઇ જીવણભાઇ પારડી તા. ચીખલી પોસ્ટ અષ્ટગામ
૧–૦–૦ પટેલ મોરાર ભગા પારડી તા. ચીખલી પોસ્ટ અષ્ટગામ
૧–૦–૦ શા. માનાજી કૃષ્ણજી સરપોર તા. ચીખલી
૧–૦–૦ શા. પુનમચંદ બાલાજી ,, ,,
૧–૦–૦ શા. મોતીજી રધાજી તરફથી ઝવેરભાઇ વીરચંદ સરપોર
૨–૦–૦ શા. ઠીકાભાઇ અમરચંદ સીસોદરા તા. જલાલપોર
૧–૦–૦ શા. રામાજી પનાજી ,, ,,
૧–૦–૦ શા. મંગળ પનાજી ,, ,,
૩–૦–૦ શા. દલાભાઇ ખુંદરભાઇ ,, ,,
૨–૦–૦ શા. ગોવીંદજી અંબરોજી ,, ,,
૧–૦–૦ રા. રા. મણીલાલ ડી. પટેલ ,, ,,
૨–૦–૦ શા. ધુરાજી વદાજી ,, ,,
૫–૦–૦ શા. ધેમાજી વદાજી ,, ,,
૨–૦–૦ શા. માનચંદ કૃષ્ણજી ,, ,,
૨–૦–૦ શા. નરસીંહ ભીખચંદની વિધવા બાઇ નંદી ,, ,,
૧–૦–૦ સોની ધરછારામ જગનભાઇ ,, ,,
૧–૪–૦ શા. દુલભચંદ કસ્તુરચંદ મુનસાડ તા. જલાલપોર
૧–૦–૦ શા. છગનલાલ મોહનલાલ સરભો-ણવાળા હે. મંગલારી બલસરમાં
૧–૦–૦ શા. નરોતમદાસ જીવણલાલ દેસમપુર, અમની કુમારના મલ્લામાં
૨–૦–૦ શા. પુરૂષોતમદાસ, હરજીવનદાસ ભાગાતળાવના કાપડ બજારના વારામાંથી
૧૦–૮–૦ શા. તારાચંદ પાનાચંદ હરીપરા એક દિવસના અશ્રકતોના ભોજન વિજેરેના ભર્યા

આ પુસ્તકમાળા વિષે કેટલાક વિદ્વાનો તરફથી મળેલા અભિપ્રાય

આ યોજના જાહેર પાડતાં પહેલાં અભિપ્રાય તથા સલાહ માટે અમે તે ગુર્જર નેતાને મોકલી હતી. તે ઉપરથી જે અભિપ્રાય મળ્યા છે, તેમાંના કેટલાક નીચે પ્રમાણે છે.

રા. રા. નરસિંહરાવ ભોળાનાથ દિવેટીઆ, બી. એ.—પ્રોસપેક્ટસ હું ધ્યાનથી વાંચી ગયો હું. યોજના ખરેખર મજા આપનારી છે.

રા. સા. જમીયતરામ ગૌરીશંકર શાસ્ત્રી, બી. એ. ઉત્તર વિભાગના એજ્યુકેશનલ ઈન્સ્પેક્ટર—તમે જે કામ કરવા ધાર્યું છે તેને હું ફતેહ ઈચ્છું છું.

રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ, બી. એ.—યોજના પુરેપુરી ફતેહમંદ થાઓ એમ હું ઈચ્છું છું.

રા. રા. કેશિકરામ વિઠ્ઠલરરામ મહેતા, બી. એ. ભાવનગર સ્ટેટના કેળવણી ખાતાના ડીરેક્ટર—આપની યોજનાથી ગુજરાતી સાહિત્યક્ષેત્રમાં સારો લાભ થવા સંભવ છે; અને એ યોજના ઉત્તેજનને પાત્ર છે.

રા. રા. છગનલાલ હરિલાલ પંડ્યા, જુનાગઢ સ્ટેટના ચીફ એજ્યુકેશનલ ઑફિસર—યોજનાથી વાચકવર્ગને લાભકારક જણાય છે, અને તેમાં આપે પ્રસિદ્ધ કરવા ધારેલાં પુસ્તકો પણ આજસુધી ગુર્જર પ્રજા સમક્ષ મૂકાયેલાં નાહ હોવાથી અભિપ્રાય ઉત્પન્ન કરે એવાં છે.

રા. રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, બી. એ., એલ્એલ્. બી.—મુંબઈ સ્મૉલકૉઝ કોર્ટના જજ—તમારી ધારેલી યોજના સારી છે.

રા. સા. ગણપતરામ અનુપરામ ત્રવાડી—તમારી પ્રવૃત્તિ શુભ તથા પ્રગતિવાળી હોવાથી મને આનંદ થાય છે. આપણા સાહિત્ય પ્રત્યેની આપની પ્રીતિ, તેના પ્રસાર માટે આપનાં ઉત્સાહ અને સાહસ તથા તેને આચારમાં મુકવા માટેની યોજના હું વર્ષોથી જોતો આવ્યો છું ને હાલમાં તેનો સાક્ષાત અનુભવ થતાં એ લોકહિતના તથા સાહિત્યની અભિવૃદ્ધિના કાર્યમાં તમારો જય ઈચ્છું છું.

ઑનરેબલ રા. બ. રમણભાઈ મહીપતરામ નીલકંઠ, બી. એ., એલ્એલ્. બી.—યોજના બહુ ઉપયોગી છે. એ રીતે વાંચવા લાયક પુસ્તકોનો સારો સંગ્રહ સસ્તી કિંમતે વાચકવર્ગના હાથમાં આવશે, અને સાહિત્યભંડારમાં ધીમે ધીમે વધારો થતો જશે.

મે. કેખુશરૂ અરદેશર બાલા, બી. એ., પ્રે. રા. ટ્રેનિંગ કૉલેજના પ્રિન્સિપાલ—તમે જ્ઞાનવર્ધક પુસ્તકમાળાની યોજના કરવા ધારી છે તેના પ્રોસપેક્ટસ ઉપરથી જણાય છે કે, જો તેજ પ્રમાણે તે યોજના અમલમાં મૂકાય તો પસંદ કરવા જેવી થઇ પડે.

રા. રા. હિંમતલાલ અજેશજી અજારિઆ, એમ્. એ., એલ્એલ્. બી. મુંબઈની નિશાળોના ઈન્સ્પેક્ટર—તમારો પ્રયાસ વાચકોને યોગ્ય લાભ આપી પ્રકાશકોને વેચાણની ખાત્રી આપનારો, સર્વ પક્ષને લાભકારક છે એમ મારું માનવું છે; અને ગુર્જર પ્રજા તેને આનંદથી સ્વીકારે તેવો છે.

રા. રા. રણછોડભાઈ વાલાભાઈ મહેતા, બી. એ.—યોજના ઘણી સારી છે. તમને સારું ઉત્તેજન મળશે એવી આશા છે. તમ પસંદગી (પુસ્તકોની) પણ સારી કરી છે.

રા. રા. હીરાલાલ વ્રજભુખણદાસ શ્રાફ, બી. એ. વડોદરા શ્રી સયાજી હાઈસ્કૂલના પ્રિન્સિપાલ—યોજના અતિ આવકારદાયક છે.

૬, પીરભશાહ રોડ
અમદાવાદ.

જીવનલાલ અમરશી મહેતા,
મેનેજર, જ્ઞાનવર્ધક પુસ્તકમાળા.

: નવલિપી પ્રીન્ટીંગ પ્રેસમાં પરીખ કેશવલાલ છગનલાલે છાપ્યું, સલાપોસ રોડ—અમદાવાદ.

રૂા. ૮ાા નો ઉત્તમ ધાર્મિક ગ્રંથ દિવાળી સુધીને માટે માત્ર રા ભાગ!

શ્રીમદ્ ભગવતી ભાગવત.

અથવા 'દેવી ભાગવત' નું વેદધર્મ સભાવાળું ઉત્તમ ભાષાંતર.
અગાઉ રૂ. ૮ાા થી નીકળેલા ગ્રંથની નવી આવૃત્તિ, શ્લોકનાં
અંક, મ્હોટા અક્ષર, જાડા કાગળ, તથા પાકાં સોનેરી
પુંઠાં સહિત તૈયાર છે. પૃષ્ઠ ૯૫૦ છતાં માત્ર રૂ. રાાા

આ ગ્રંથના નામ ઉપરથી તેને કોઇ વામમાર્ગીઓનો ગ્રંથ ન માની લે, તે અર્થે જણાવવાનું કે, વેદધર્મસભા જેવી કાળજીથી પસંદગી કરનારી સંસ્થાએ લોકોપકારક જણાયાથીજ આ ગ્રંથ ૧૯૪૩માં છપાવ્યો હતો. હવે તે મળતો નહિ હોવાથી તથા કેટલાક સાધુચરિત ગૃહસ્થોની ભલામણ થવાથી, અને અનેક વિદ્વાનો આ ગ્રંથને વિષ્ણુભાગવત કરતાં ચઢીયાતો અને તેમાંનો ઘણોખરો ઉપદેશ વેદાનુકુળ તથા ઉપકારક હોવાનું માનતા હોવાથી આ સંસ્થાએ હાલ તેની બીજી આવૃત્તિ પોતાના સસ્તાપણાના ધોરણ પ્રમાણે માત્ર રૂ. રાાા માં કહાડી છે.

ભાગવતાદિ પુરાણોની પેઠે આમાં પણ 'ઘઉંમાં કાંકરાની પેઠે કોઇ કોઇ સ્થળે આવી જતી ગપ્પાષ્ટક જેવી અને ન ગમે એવી બાબતો સિવાય આ આખો ગ્રંથ અનેક બોધપ્રદ વિષયો અને આખ્યાનોથી ભરપુર છે.

શ્રીમદ્ ભાગવત અને આ ગ્રંથ એ બેમાંથી અઢાર મહાપુરાણમાં સમાનારૂ મહાપુરાણ કયું અને ઉપપુરાણ કયું? એ બાબતપર આ ગ્રંથના મહાવિદ્વાન સંસ્કૃત ટીકાકાર નીલકંઠે એક લંબાણ ઉપોદ્ઘાત લખીને ભગવતી ભાગવતનું સમર્થન કર્યું છે; તેનું ભાષાંતર પણ આ ગ્રંથની શરૂમાં આપ્યું છે.

सत्संग.

काव्यशास्त्रविनोदेन कालो गच्छति धीमताम् ।
व्यसनेन तु मूर्खाणाम् निद्रया कलहेन वा ॥

પુસ્તક ૭ મુ. અંક ૪ થો.	[માસિક.]	કાર્તિક. સં. ૧૯૭૨

નૂતન વર્ષની નન્દન વાણી
-હીનતણી એ છે હીન લહાણી.

[અનુષ્ટુપ વૃત્ત]

નૂતન વર્ષનો આજે, તેજઃપુંજ ઝગે જગે !
ધરો સત્કાર, ને સિંચો પ્રેમ શૌર્ય રગે રગે ! ધીમહી ! धर्मण्येताधिगस्ते ।
જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરીયસી !
ઉતારો દેતથી દેવે, સેવા એજ બતીયસી !
વધો શ્રી, ધી અને આયુ, સદા દો શાંતિ, સન્મતિ !
શ્રીપતિ સ્મરને આપો, નવા વર્ષે નવી ગતિ !

દો.ભાઈ કાલાભાઈ [illegible]

શું નવું ?

(પુષ્પિતાગ્રા. વરસ પુરૂં થયું બધાં વદે છે.
હૃદય રસિક સુહર્ષથી ભરે છે.
' નવલ સુખદ ' એમ સૌ ભણે છે,
જન મન આશ નવીન કૈં ધરે છે.

(ઉપજાતિ) જનો જૂનાને વિસરી જઈને,
નાવન પંથે પળતાં જણાયે.
નવિનતામાં જન મોહ રાખે,
જુનું તજી નિત્ય નવું ચહે છે.
વર્ષો ગયાં કૈંક હજુય જાશે,
' નવું જૂનું ' એમ સદા વદાશે.
પરંતુ વિશ્વે નવું શું બને છે ?
અન્તે નવું સર્વ જૂનું ઠરે છે.

(વંશસ્થ.) અનન્તમાં નાશ ન વસ્તુનો બને,
રૂપાન્તરોથી ભ્રમ થાય છે મને.
સત્ય સ્વરૂપે ન વિકાર સંભવે,
ભ્રમે કરી કિન્તુ નવું ગણાય છે.

ભારતીમંદિર, ધીરજ.
બરવાળા.

ફટાકા

(માલિનિ.)

નહિ નહિ નહિ કીધાં કામ દેશાલિઆની,
નહિ નહિ સુણ દીધાં દીનનાં કષ્ટ વામી.
બળ કળ છળથી હા ! નિત્ય કીધા ધડાકા.
ફટ ફટ ફટ તેને આજ કે'છે ફટાકા.
તન-મન-ધન જેણે દેશી કાજે ન ધાર્યું.
અબુધ-અધમ સંગે આયુઃ સર્વે ગુમાવ્યું.
નવલ વરસ આવ્યું તોય કીધા તડાકા,
ફટ ફટ ફટ તેને આજ કે'છે ફટાકા.

ભારતીમંદિર
બરવાળા તા. ધંધુકા. ધીરજ.
દીપોત્સવી ૧૯૭૧.

એક દિવસે સાંજે ફરતાં ફરતા શહેર બહાર બગીચામાં જઇ પહોંચ્યા. આમ તેમ ઘુમી રહ્યા હતા, ત્યાં પોસેજ એક પર્ણકુટીની સમીપમાં એક બાવાજીને જોયા.

બાવાજી મૃગચર્મ પર ધ્યાન લગાવી નેત્ર મીંચી બેઠા હતા. મેં સર્વને એમની પાસે જવાની સૂચના કરી. મિત્રોમાંથી એક કહ્યું, "ત્યાં શું રાખી મૂકયું છે, એવા ઢોંગી તો આજ કાલ ઘણાએ રખડયા કરે છે." બીજાએ કહ્યું, " જો સાચા સાધુ આમ રથળે રથળે મળી આવે, તો પછી શું જોઇએ." આમ કેટલાક પક્ષમાં તો કેટલાક વિરોધમાં બોલ્યા પરંતુ અંતે સહુએ ત્યાં જવા ખુશી દર્શાવી.

બાવાજીની પાસે જઇ અમે પ્રણામ કરી ગોળાકારમાં વીંટાઇ બેઠા. થોડીવારમાં બાવાજીએ નેત્ર ખોલ્યાં, અને અમો સર્વને આશીર્વાદ દીધા, તથા ભગવદ્ ભક્તિ સંબંધી ચર્ચા કરવા લાગ્યા. એમનું શુદ્ધ ભાષામાં થતું સંભાષણ સાંભળી અમને આશ્ચર્ય લાગ્યા વિના રહ્યું નહિ.

આવી રીતે થોડા એક વાર્તાલાપ થયા બાદ એકાએક બગીચામાં કોઇના ગાવાનો અવાજ સંભળાયો. સહુનો કાન તે તરફ આકર્ષાયો. ઘણી મુશ્કેલીથી અમે તે સમજી શકયા. ગાયને તો પૂરું સંભળવામાં નં આવ્યું, પરંતુ તેની ટેક

વ્રજ જાઓ તજી કયમ નાથ!

એ હતી.

આ પદ સાંભળતાં વાર બાવાજીનું આખું શરીર પુલકાયમાને થઇ ઉઠયું, અને એમના નેત્રોમાં પાણી ભરાઇ આવ્યું. બાવાજીની આવી દશા જોઇ અમે સર્વ હસી પડયા. બાવાજીએ પૂછયું, "કેમ, હસો છો શાને?"

હું:—બાવાજી! વાર આ ગીતમાં એવી શી બાબત હતી કે જેથી આપ રડવા લાગ્યા?

બાવાજી—તમે એનો કંઇ મર્મ સમજો છો, કે આમ પાગલની માફક હસવા લાગ્યા.

હું—એમાં સમજવાનું શું છે? એનો અર્થ તો સ્પષ્ટજ છે.

બાવાજી—સારે એનો અર્થ કહો.

હું—રાધાજી કૃષ્ણને કહે છે, કે હે નાથ! તમે વ્રજને કેમ છોડી જાઓ છો?

બાવાજી—વારૂ, વ્રજ કોને કહે છે?

હું—વ્રજ એ દેશનું નામ છે, જે ભારતના મધ્ય ભાગમાં છે, ત્યાં શ્રી કૃષ્ણ ગોપીઓની સાથે વિહાર કરતા હતા.

બાવાજી—વત્સ, તું ઘણો ભોળો છે જુઓ, પાણિનિએ કહ્યું છે, કે **વ્રજ** ગમને વ્રજ ધાતુનો અર્થ ગમન કરવું, ચાલવું, જવું એવો થાય છે.

હું—આ વ્રજ ધાતુ વળી કેવી ? સુવર્ણ વગેરે આઠ ધાતુમાં તો એ નથી આવતી ?

બાવાજી—તું તો કેવળ પાગલજ જણાય છે. કેવળ હસી જાણે છે. વ્રજનો અર્થ જે ચાલે તે વ્રજ.

હું—એ તો ઘણા આશ્ચર્યની વાત છે, આપ ચાલો છો, અમે ચાલીએ છીએ, પશુપંખી વગેરે સર્વ પ્રાણી ચાલે છે, તો શું તે વ્રજ છે ?

બાવાજી—હા સર્વ વ્રજ છે. આખો સંસાર વ્રજ છે. સંસાર પણ सृ ધાતુ પરથી થએલો છે. એનો પર્યાયવાચી શબ્દ છે ; 'જગત્,' એ પણ गम् ધાતુથી થયો છે, જેનો અર્થ જવું, ચાલવું થાય છે.

હું—સાધુજી ! પણ વૃન્દાવનનેજ સર્વ વ્રજ દેશ કહે છે, એ શાથી ?

સાધુજી—એ વૃન્દાવન તો કોઇ સંન્યાસીએ વસાવ્યું. વૃન્દાવનનો મૂળ અર્થ તો ' વનભૂમિ ' જ્યાં વૃન્દા વાસ કરે છે.

આટલું બોલી સાધુજી ફરી મસ્ત થઇ એ ગીતની ધુનમાં ઝૂકવા લાગ્યા. અમે એમનો ભક્તિભાવ, તથા પ્રેમાશ્રુ વિસર્જન જોઇ આનન્દાશ્ચર્યથી ચકિત થઇ ગયા. અમે મહોમાંહે એમની પ્રશંસા સૂચક વાતો કરવા લાગ્યા.

થોડીવારે જ્યારે મહાત્માજીની ઝખ મારી તરફ કરી, ત્યારે ફરીથી મેં પૂછ્યું, " મહારાજ ! દયા કરી એટલું કહેશો કે વૃન્દા કોણ છે ?"

સાધુ—વૃન્દા રાધાનું બીજું નામ છે.

હું—શું રાધા, ગોપની કન્યા રાધા ?

સાધુ—સાંભળો, રાધા राध् ધાતુપરથી થયો છે. જેનો અર્થ ' આરાધના કરવી ' થાય છે. જે આરાધના કરે તે રાધા. હું રાધા, તમે રાધા, તમામ ભક્ત વૃન્દ રાધા.

હું—ત્યારે વાસુ નન્દનો શો અર્થ હશે ?

સાધુવર—જે આનન્દ, તે નન્દ અહીં 'આ' ઉપસર્ગનો લોપ થઇ ગયો છે.

હું—ત્યારે કૃષ્ણચંદ્ર ' આનન્દ 'ના પુત્ર શાથી ?

સાધુવર—તમે ભૂલો છો. વિચાર કરો. કૃષ્ણને નન્દનો પુત્ર કોઇ કહેતું નથી. તે તો વસુદેવનો પુત્ર છે, જે નન્દના ઘરમાં રહે છે, અને શ્રીકૃષ્ણ ' આનન્દ ' ધામ છે.

હું—સાધુજી, ત્યારે સાથે આ પણ કૃપા કરી કહો, કે યશોદા કોણ ?

સાધુવર—શ્રીકૃષ્ણના યશને પોતાના હૃદયમાં ધારણ કરે તે યશોદા.

હું—અને ગોપિની ?

સાધુવર—ભૂલો છો, ગોપિની નહિ ગોપી કહો. 'ગો' શબ્દનો અર્થ પૃથ્વી છે, એની જે રક્ષા કરે, એને પાળે તે ગોપ.

હું—સાધુવર ! તે ગોલોક કયાં છે ?

સાધુવર—! ગોલોક તે આ પૃથ્વી લોક.

હું-(અધીરા થઇ) મહારાજ ! કૃપા કરી કહો કે શ્રી કૃષ્ણચંદ્રનો પણ કોઇ બીજો અર્થ છે ?

સાધુવર-હા, હા, કૃષ્ણ ! કૃષ્ણ ' कृष आकर्षणे ' ધાતુથી બન્યો છે. જે ભક્તના ચિત્તનું આકર્ષણ કરે, તે શ્રી કૃષ્ણ છે.

આટલું કહેતાં કહેતાં સાધુવર ફરી પુલકિત થઇ ગયા. અમે પણ રોમાંચ અનુભવ્યો. સાધુ મહારાજે આકાશ તરફ મુખ રાખી સજળ નેત્રે આનંદપૂર્ણ મધુર સ્વરથી કહ્યું—

" જય જય કૃષ્ણ કૃષ્ણ જય કૃષ્ણ " ૩

અમે બધા પણ ઉન્મત્ત થઇ એકદમ બોલી ઉઠયા.

" જય જય કૃષ્ણ કૃષ્ણ જય કૃષ્ણ. "

શ્રીમદ્ભગવદ્ગીતા.

(લેખકઃ—રા. રા. ભગવાન શિવશંકર ભટ્ટ—સુરત.)

અધ્યાય ૧૮ મો ગાંતકથી શરૂ.

હે પાર્થ બ્રાહ્મણ, ક્ષત્રી ને વળી વૈશ્ય તેમજ શુદ્રનાં;
કર્મો કહું હું સ્વભાવ જન્ય ગુણો વડેજ જુદાં જુદાં. ૪૧
શમ, દમ, અને તપ, શૌચ, તેમજ ક્ષાન્તિ ને વળી આર્જવ;
વળી જ્ઞાન ને વિજ્ઞાન, આસ્તિકય, બ્રહ્મકર્મ સ્વભાવજ. ૪૨
શૌર્ય, તેજજ, ધૃતિ, દાક્ષ્યજ, યુધ્ધથી અપલાયન,
વળી દાન, ઈશ્વરભાવ એ સહુ, ક્ષાત્રકર્મ સ્વભાવજ. ૪૩
કૃષિકર્મ, ગોરક્ષા અને વાણિજ્ય એ સહુ વૈશ્યનું;
આ ત્રિવર્ણોની શુશ્રુષા એ સહજં કર્મજ શુદ્રનું. ૪૪
નર પામતો સંસિધ્ધિને નિજ કર્મમાં અભિરત થઈ;
જે પેર આ નિજ કર્મરત લહે-સિધ્ધિ જો તું શૃણ સહી. ૪૫
ઉત્પત્તિ જેથી સર્વ ભૂતની, વ્યાપ્ત આ સહુ જે વડે;
સંતોષી, તે ઈશ્વર સ્વકર્મે, સિધ્ધિને માનવ લહે. ૪૬
શ્રુ—અનુષ્ઠિત પર ધર્મથી, વિસ્મૃત સ્વધર્મજ શ્રેય છે;
નિજ કર્મને કરતો છતો નર પામતો નથી પાપને. ૪૭
સહજ કર્મ સદોષ પણ હે પાર્થ! નર ત્યાગે નહિ;
કાં-ધૂમ-આવૃત અગ્નિવત, સહુ ધર્મ દોષાવૃત સહી. ૪૮
સર્વત્ર બુદ્ધિ આસક્ત, જીત આત્મા નિસ્પૃહ અધિકારી જે,

નૈષ્કર્મ્ય સિદ્ધિ પરમ જે સંન્યાસથી પામેજ તે. ૪૯
હે પાર્થ સિદ્ધિ પ્રાપ્ત પામે બ્રહ્મને જે રીતથી;
વળી પરાનિષ્ઠા જ્ઞાનની, તું શૂણ કહું સંક્ષેપથી. ૫૦
વિશુદ્ધ બુદ્ધિ યુક્ત ધૈર્યે, નિયમી આ સંઘાતને;
શબ્દાદિ વિષયો રાગ દ્વેષજ ત્યાગી પામે બ્રહ્મને. ૫૧
એકાન્તવાસી, મિતાહારી, વાણી મન કાયા જીતી;
નિત ધ્યાન યોગ પરાણુ નર, વૈરાગ્યનો તે આશ્રયી. ૫૨
હુંભાવ, ને બલ દર્પ કામજ, ક્રોધ, પરિગ્રહ ત્યાગી જે;
મમતા રહિત, વળી શાન્ત સાક્ષાત્કાર માટ સમર્થ તે. ૫૩
વળી બ્રહ્મ ભૂત પ્રસન્ન આત્મા, ન શોચે નથી ઇચ્છતો;
સામાન્યદર્શી સર્વ ભૂતે, પરાભક્તિ પામતો. ૫૪
ભક્તિજ વડે જે તત્ત્વથી મુજ સ્વરૂપને જાણે ખરે;
તે વટે તત્ત્વે જાણી હુંમાં પ્રવેશે દેહાન્તરે. ૫૫
કરતો છતો સહુ કર્મને જે શરણુગત થાતો મુને;
શાશ્વત અને અવ્યય-હુંપદને, પામતો મુજ અનુગ્રહે. ૫૬
ચિત્તે સમર્પી કર્મ સહુ હું વિષે મુજ આધીન થઈ;
સ્વીકારી બુદ્ધિ યોગને મમચિત્તી સદા તું થા સહી. ૫૭
હું પ્રસાદે મમચિત્તી થઇ, કામાદિ દુર્ગ જઈશ તરી;
યદિ અહંકારે શૂણીશ નહિ મુજ વચન તો નાશીશ સહી. ૫૮
અહંકારમાં જઇ એમ માને કદી યુદ્ધ કરું નહિ;
મિથ્યાજ નિશ્ચય એ ખરે, પ્રેરશે તુજને પ્રકૃતિ. ૫૯
વશીકૃત થએલો પ્રાર્થ તું નિજ સ્વભાવજ કર્મે કરી;
જે મુદ્ધ મોહે ન ઇચ્છે તે કરીશ તું પરવશ થઇ. ૬૦
હે પાર્થ અન્તર્યામી કહું ભૂત હૃદય દેશે સ્થિત થતો;
માયાથી યંત્રારૂઢવત સહુ ભૂત ભ્રમણ કરાવતો. ૬૧
હે પાર્થ તવ સર્વ પ્રકારે પામ તહેના શરણુને;
પામીશ તહેના પ્રસાદે પરશાંન્તિ શાશ્વત સ્થાનને. ૬૨
અતિ ગુહ્યમાં પણ ગુહ્ય એવું કહ્યું મેં આ જ્ઞાન તો;
અથ ઇતિ એને વિચારી કર જે પ્રકારે ઇચ્છતો. ૬૩
શૂણું ફરીથી અત્યન્ત ગૂઢ વળી પરમ આ મુજ વચન જે;
કારણ તું અતિશય પ્રિય મહને તે માટ કહું હિતજ તહને. ૬૪

થા ભક્ત પૂજક માહરો, નમ મ્હને મન હું માં ધરી;
પામીશ મ્હને, પ્રિય મ્હને છે, કહું–પ્રતિજ્ઞા સાચી કરી. ૬૫
પરિત્યાગી સર્વે ધર્મને શરણે રહે એકજ મ્હને;
તું શોચમાં, હું કરીશ, સર્વે પાપથી મુક્તજ તહને. ૬૬
વળી ભક્તિ ને નિગ્રહ રહિતને, યોગ્ય નહિ ઉપદેશવા;
નહિ તેમ શુશ્રુષા અને અનુરાગ હિતને, કદિજ આ. ૬૭
આ પરમ ગુહ્યજ શાસ્ત્રને મમ ભક્તમાં સ્થાપેજ જે;
હુંમાં પરાભક્તિ કરી, પામે મ્હને નિશ્ચેજ તે. ૬૮
વળી મનુષ્યોમાં તેથી કોઇ હું વિષે અતિ પ્રિયકર નથી;
નહિ થશે, નથી વળી પૃથ્વીમાં કો અન્ય પ્રિય મમ તે થકી. ૬૯
વળી આપણો આ ધર્મ્યરૂપ સંવાદ અધ્યયન જે કરે;
નિશ્ચે હું થાઉં જ્ઞાન યજ્ઞે તેહને પૂજીત ખરે. ૭૦
શ્રદ્ધાળુ, અસુયા દોષહીન થઇ શ્રવણ આ નર જે કરે;
પંઇ મુક્ત તે પામે વળી પુણ્ય કર્મના શુભ લોકને. ૭૧
કહે, પાર્થ! આ તેં સાંભળ્યું કે કેમ? એકજ ચિત્તવડે;
અજ્ઞાનનો તુજ મોહ પામ્યો નાશ કે નહિ–તેં કહે. ૭૨
અચ્યુત! આપ પ્રસાદથી, મળી સ્મૃતિ; મોહજ દૂર થયો;
કહે પાર્થ માનીશ આપનું નિશંક આજ્ઞામાં રહ્યો. ૭૩
સંજય કહે ધૃતરાષ્ટ્ર મહાત્મન કૃષ્ણને અર્જુન તણો;
રોમાંચ આ અદભૂત હું સંવાદ સાંભળતો હવો. ૭૪
આ પરમ ગુહ્યજ યોગને હું–વ્યાસ પ્રાસાદિત થયો;
જે કૃષ્ણ યોગેશ્વરે પોતે કહ્યો તે શ્રુણતો હવો. ૭૫
વળી પુનિત આ સંવાદ અદભૂત કૃષ્ણને અર્જુનનો;
ણહુ હર્ષને હું પામું, રાજન્! નિરન્તર સ્મરતો થકો. ૭૬
અદભૂત અતિ શ્રી કૃષ્ણનું તે વિશ્વરૂપ સ્મરતો થકો;
અતિ પામતો આશ્ચર્ય, રાજન્! વારવારજ હર્ષતો. ૭૭
જ્યાં કૃષ્ણ યોગેશ્વર અને જ્યાં ધનુર્ધર પાર્થજ વળી;
શ્રી, વિજય, ભૂતિ, નીતિ, ત્યાં, છે અવશ્યે એ મુજ મતિ. ૭૮

શ્રી કૃષ્ણાર્પણમસ્તુ.

(ગતાંકથી ચાલુ)

નવમ પરિચ્છેદ.

પાછલા પ્રકરણમાં કહેલી બીનાથી અમીનાપર મીરજાંના ક્રોધે ભારે જડ પકડી લીધી, તેથી પોતાની પત્ની સાથે વાતચિત કરવી પણ મુકી દીધી અને આ તરફ પતિના આવા આચરણથી અમીનાનું અભિમાન પણ વધતું જતું હતું અમીના તનમનથી તેજ ઇચ્છતી હતી કે પતિ સાથે કોઇ પણ રીતે પોતે પ્રથમ તેમને બોલાવી પોતાના મનની દુર્બલતા બતાવવી નહિં. પરંતુ જ્યારે પતિએ તેની સાથે બોલવું પણ બંધ કરી દીધું, ત્યારે માનિતી અમીના બીજું શું કરે ? તેના અભિમાનનાં કારણો પણ બહુ કંઇ હતાં. તેથી આ વિષયમાં તેને દોષ આપી શકતા નથી. મીરજાંના મનમાં વાત જેવી જામી ગઇ હતી, તેથી પોતાની પત્નિ પર ક્રોધ કરવાનાં કારણ પણ થોડાં નહોતાં, તેથી આવી હાલતમાં મીરજાંને પણ આપણે કેવી રીતે દોષી કહીએ ? ત્યારે કહો આ વિષયમાં દોષ કોનો છે ? કોનો દોષ બતાવીએ ? વધુ વાર્થી આવાજ પેચ પડી જાય છે, ઘણાંક કુટુંબ આવી રીતે અશાંતિમય બને છે. આનંદ ત્યાં કલેશ થાય છે.

આવી રીતે બે ત્રણ દિવસ વીતી ગયા, પતિ પત્નીમાં પ્રેમાલાપ થયો નહિ. મીરજા નિયમિત સમયે નોકરી પર જવા લાગ્યા, કદી કોઇ મિત્રાદિ સાથે પણ મળવા જતા નથી. સંધ્યા થતાં પહેલાંજ ફરવા માટે જતા હતા, હવે તેમણે તે ફરવાનું પણ મુકી દીધું છે. પણ મીરજાંના મનમાં સુખ હતું. રાત્રિ દિવસ મન મારી ઉદાસ રહ્યા કરતાં મનનું દુઃખ કોઇને કહી દેવામાં આવે તો દુઃખ ઘણુંજ હલકું થાય છે. પરંતુ મીરજાં માટે તેવો અવસર પણ દુર્લભ હતો. કોઇને પોતાનાં મનની વાત કહીને પોતાનું દુઃખ હલકું ન થવા વજન દિવસે દિવસ વધવા લાગ્યું. તેમના સૌ મિત્રોમાંથી લક્ષ્મીશંકર તેમની સાથે એક ડૉક્ટરખાનામાં કામ કરતા હતા; જેથી બંનેને નિત્ય ભેટ થતી હતી, તેમ છતાં પણ મીરજાંએ પોતાના મનની વાત તેમને કહી નહિં. તેમના કહેવાની વાત તેમની પત્નીએ મીઠું મરચું ભભરાવી મહોલ્લામાં ફેલાવી દીધીછે, તે વાતને પોતાના પરમસ્નેહી મિત્ર લક્ષ્મીશંકરને કહેવાને પણ લજ્જિત થતા હતા. જ્યારે મીરજાંની એવી દશા હતી, તે સમય એક દિવસ નોકરીપરથી ઘેર પાછા ફરતા સમય માર્ગમાં મુરારીલાલની ભેટ થઇ ગઇ. મુરારીલાલે

મીરજાંને જોતાંજ કહ્યું—"કેમ ભાઈ! હકીકત શી છે? આજકાલ તો આપ જણાતાજ નથી? અને કદી મારે ત્યાં નથી આવતા, શું આ સેવકથી કંઈ ભૂલ થઈ ગઈ છે?

બહુ અધિક કોઈ પણ વાત સારી નથી થતી. મિષ્ટાન્ન પણ બહુ અધિક સારૂં નથી લાગતું. અધિક સ્નેહ તે દુશ્મનાઈમાં ફેરવાઈ જાય છે. ગુણ પણ આવશ્યકતાથી અધિક થઈ જવાથી અસહ્ય કષ્ટ આપવા લાગે છે! તેજ હાલ આંખની શરમનો પણ છે. મીરજાંની આંખોમાં શરમ હૃદયથી વધુ હતી તે મનમાં ને મનમાં મુરારીલાલની ઘણી ધૂણા કરતા હતા, પરંતુ મુખથી કહેવું તેમને માટે કઠિન થઈ પડતું હતું. તેમણે કહ્યું—"તમારી કંઈ પણ ભૂલ નથી? મારૂં શરીર સારૂં નથી, તેથી સંધ્યા થઈ જવા પર ઘરથી બહાર નિકળતો નથી."

મુરારીલાલે જરા હસીને કહ્યું-" શરીર સારૂં નથી! ડ્યુટીપર તો રોજ જોવ છો, કામકાજ સૌ કરો છો, અને દોસ્તોને મલવું હોય ત્યારે તબીયત ખરાબ થઈ જાય છે!"

મીરજાં—કંઈ વાત થોડીક બીજી પણ છે. મેં પ્રતિજ્ઞા કરી લીધી છે કે શરાબ હવે કદી પણ પીશ નહિં."

મુરારીલાલ—વાહ! વાહ! બહુ સારી વાત છે. પણ શું હું એક વાત પૂછી શકું છું?—આપે એવા શપથ એકાએક કેમ ખોઈ લીધા છે?

મીરજાં—મારા વિષયમાં મારે માટે ઘણી નિન્દા થઈ છે. આટલા દિવસ કોઈ જાણતું ન હતું, હવે બહુ લોકોના જાણવામાં આવી ગયું છે.

મુરારીલાલ—જો નિંદાની બીક હતી તો પ્રથમ કોઈના જાણી લીધા પહેલાં પ્રતિજ્ઞા કરવી હતી! જ્યારે સૌને માલૂમ થઈ ગયું છે તો, હવે કોનો ડર છે? અને તેમાં નિંદાની વાત પણ શી છે? આજકાલ દારૂ-તાડી કોણ નથી પીતું?

મીરજાં—જે લોક દારૂ- તાડી પીએ છે, તેનાં કોઈ વખાણ કરતા નથી.

મુરારીલાલ—જે લોક નિંદા કરતા ફરે છે તેજ સંતાઈ ચોરીથી શરાબ પીયા કરે છે. નિંદા કરવીજ જેનો ગુણ છે તે તો જરૂરજ નિંદા કરશે- સારા માણસો કદી બદનામ નથી કરતા. બોલો! હું તો કોઈની નિંદા ખંદાથી નથી કરતો."

મીરજાં—બીવડાવવા માટે તમારે છેજ કોણ, તમારી બીકથી સૌ લોક થરથર કંપ્યા કરે છે. મારી પેઠે તમારે મા બ્હેન હોત તો હું તમને જોત- તમારા સગામાં પણ કોઈ નથી તો પછી તમને બીક છે કોની?

મુરારીલાલ—પછી તમો પણ બ્હાના ધાવણા બાળક નથી કે મા બ્હેનની આટલી બીક માનો. પોતાનો પરસેવો વહેવડાવી રૂપિયો કમાઓ છો, ને સૌનું ભરણ પોષણ કરો છો. અને પોતાના આરામ માટે કંઈ પણ નહિ કરો? તમારી પત્નિની આંખોમાં તો દુશ્મન છો. હમને, ભાઈ? દુનિયામાં કયું સુખ છે? અરે! ઘડી બે ઘડી ભાઈબંધો સાથે જીવને આરામ આપો તો કોઈનું શું ભાગશે. તમારે તેટલુંજ બસ છે. જો તેને તજી દેશો તો પછી જીવીને શું કામ?

આટલા સમય બાદ મુરારીલાલની વાતો મીરબાંના મનમાં ઠસી. હવે તેમને પોતાની ભૂલ જણાવા લાગી. તે વિચારવા લાગ્યા–" સત્ય તો છે, દુનિયામાં મને સુખ પણ શાનું છે! આખો દિવસ મહેનત કરીને ઘેર જાવું છું, ત્યાં જઈને મને કયું સુખ મળેછે.

અકસ્માત્ મીરબાંના વિષાદથી ભરેલા અંધારા હૃદયની અંદર સ્નેહમયી માતા અને ભક્તિમતી સહોદરાની મૂર્તિ તેમના ભીનસી નેત્રોના સમક્ષ આવીને ઉભી થઈ ગઈ. શું તે વહાલી અમ્મા અને ભ્રાતા માટે પોતાના પ્રાણ કુરબાન કરી દેનારી હુસીનાની સાચ્ચી પ્રીતિથી મીરબાંને સુખ નથી મળી શકતું ? મુરારીલાલની વાત સાંભળી જેટલું હૃદય મીરબાંનું આગળ વધી ગયું હતું, માતા અને બ્હેનના શુદ્ધિ આવતાંજ તેટલું ફરી પાછળ હટી ગયું તે મુરારીલાલને કંઈ કહેવા ચ્હાતા હતા, પણ તેમના મુખની વાત મુખમાંજ રહી ગઈ ગઈ. તે ચૂપચાપ મનમાંજ વિચારવા લાગ્યા.

ત્યારે ફરી મુરારીલાલ કહેવા લાગ્યો–દોસ્ત ! સાંભળો. તમોએ ઘરમાં સ્ત્રી શું પણ એક વાધણ પાળી છે. ઘેર બેઠા રહેશો તો તેને લીધે તમને આરામ કેમ મળશે ! દિલને આરામ મળતો ન હોય તો ચૈન ઉડાવવા માટે પ્રયત્ન કરો. યાર ! સત્ય કહેજો, શરાબથી વધીને દિલને આરામ પહોંચાડનાર બીજી કંઈ વસ્તુ છે ?

મુરારીલાલના આ પ્રશ્નના સાથે મીરબાંની ચિંતા હવામાં ઉડી ગઈ. તેમણે કહ્યું.— "થોડી ઘણી પીવાથી તબીયત જરૂર ખુશ થઈ જાય છે, "

વખત જોઈ મુરારીલાલે જોરથી કહ્યું–ઠીક, તમો કહો છો તેજ સાચું. થોડીક થોડીક પિવા કરો, વધારે કેમ પીઓ છો ?

મીરબાંના મનની જડ ઢીલી પડી ગઈ હતી. બહુ ફાંફાં મારવાં છતાં પણ પોતાને સંભાળવા છતાં પણ, તે ત્યાં બહુ વાર સુધી થોભી શકયા નહિં. સમજો તે ભારે જંજાળમાં ફસાઈ ગયા છે. શું કરવું, તે વિચારી શકયા નહિં ત્યાં સુધી તે મુરારીલાલ સાથે વાતો કરતાં કરતાં ચાલી રહ્યા હતા, તે સમય ચાલતાં ચાલતાં એક એવી જગ્યાપર આવી પહોંચ્યા જ્યાંથી સડક બે ભિન્ન દિશાઓમાં ચાલી ગઈ હતી એક સડક પોતાના મકાન તરફ જતી હતી, બીજી મુરારીલાલના ઘર તરફ, મુરારીલાલે કહ્યું–" ચાલો, મારે ત્યાં ચાલો. આ સેવકનું મકાન પાવન કરો. અત્યારથી ઘેર જઈ શું કરશો ? "

મીરબાં ઘણા વિચારમાં પડી ગયા. કયે રસ્તે ચાલવું, તેજ વિચારવા લાગ્યા. ચિત્ત ડામાડોળ થવા લાગ્યું. એક વાર વિચાર્યું—" નહિં ઘેરજ ચાલીશ, તેનો સંગ અન્તમાં દુઃખ દેશે." ફરી વિચાર્યું—" નુકસાન શું છે, ચાલો ઉભા ઉભા તેને ઘેર પણ જતા જઈએ." તેમને ચૂપચાપ વિચારતા જોઈ મુરારીલાલે તેમનો હાથ પકડી પોતાના ઘર તરફ ખેંચ્યો. ત્યારે શું થયું ! મીરબાં પણ મુરારીલાલ સાથે ચાલવા લાગ્યા. વેગવતી નદીના પ્રવાહમાં મીરબાં પણ વહી ચાલ્યા. સારાસારનો વિચાર કરવાની શક્તિ પણ તેમનામાં રહી ન હતી. તેમના પોતાના ઘરમાં લાવી મુરારીલાલના આનંદની સીમા ન રહી. ખોયેલું ધન ફરી મળનારને પણ આટલો આનંદ થતો નહિં હોય !

આ જગતમાં કુસંગતિજ સર્વ નાશની જડ છે. તેની લાલચ પર જય મેળવવી દુર્બલ ચિત્તનું કામ નથી. મનુષ્ય પોતાની પ્રતિજ્ઞામાં કેટલો દૃઢ, કેટલો ધર્મથી ખીનાર, શિક્ષણથી ગમે તેટલો વધેલો કેમ ન હોય, એક વખત બરાબ સંગતિમાં લપેટાયા પછી બચી શકતો નથી. યદિ સંસારમાં સારું નામ મુકી જવાની ઇચ્છા મનમાં હોય, તો સત્સંગ રૂપી ધ્રુવતારાની તરફ જોઇ પોતના લક્ષપર તીક્ષ્ણ દૃષ્ટિ રાખીને આ સંસાર સાગરમાં પોતાની નાવ–જીવનરૂપીનાવ ચલાવો. કંઇ એક વખત પણ પાપની છાયામાં પડી જશો, તો સહજમાં તેનાથી તમારો છુટકારો થશે નહિં. હાય! સંસારના મનુષ્ય કેવા દુર્બલ છે, પછી મનુષ્ય કઇ વાતપર ઘમંડ કરે છે? કઇ વાતપર આટલો અહંકાર કરે છે, આટલો ગર્વ કરે છે? (અપૂર્ણ)

દીવાન.

ધાર્મિક જીવહિંસા.

દયાળુ હિંદીવાનોને અપીલ.

(૧) ધર્મને નામે હીંદુઓ સેંકડો બીચારી વિધવાઓને જીવતી બાળી નાંખતા હતા, અને તેમાં પુણ્ય માનતા હતા. ખરેખરી સતી હોય તે તો આજે પણ પોતાનો જીવ કાઢી નાંખે છે. ૫૦ અગાઉના વખતમાં તો સંખ્યા બંધ બાઇઓને જીવતી બાળી નાંખવામાં આવતી હતી, તેમાં ખરેખરા સતી કેટલી હશે! હજારમાં લાગ્યે એક!

(૨) ધર્મને નામે રોમન કેથોલીક સત્તાવાળાઓ પ્રોટેસ્ટંટ લોકોને જીવતા બાળી નાંખતા હતા, અને પ્રોટેસ્ટંટ સતાવાળાઓ રોમન કેથોલીક લોકોને ફાંસો દેતા હતા, અને તે બંને પંથના લોકો તેમાં પુણ્ય માનતાહતા. (" **Before Elizabeth's death she had hanged as many Roman Catholics for their religion as Mary, her sister, had burnt Protestants for theirs.**" *A First Book of British History by T. F. Tout, M. A.*)

(૩) ધર્મને નામે હીંદુઓ મુસલમાનો તથા ખ્રીસ્તીઓ એક બીજા ભેડે લડી મરતા હતા, અને તેમાં પુણ્ય માનતા હતા.

(૪) ધર્મને નામે જ્યારે ખુદ માણસોનાં ખુન કરવામાં પુણ્ય માનવામાં આવતું.—અને એ રીતે હજારો માણસોનાં ખુનો થયાં છે,—તો પછી બીચારાં મુંગાં જનાવરોને મારી નાખવામાં પુણ્ય માનવામાં આવે તેમા નવાઇ નથી.

(૫) જેમ જેમ જમાનો સુધરતો ગયો તેમ તેમ ધર્મને નામે થતાં બાતકી કામો સામે દયાળુ અંગ્રેજો તથા બીજા યુરોપીઅનોએ પોકાર ઉઠાવવા માંડયો અને ધર્મને નામે માણસ જાતને હેરાન કરવી એતો મહા પાપ છે, એમ આજે લાખો ખ્રીસ્તીઓ, મુસલમાનો, હીંદુઓ તથા બીજી કોમોના લોકો માને છે.

દંપતીએજ ફ્રાન્સમાં જન્મ લીધો હોય. લૉર્ડ કેલવિને લંડનના રોયલ ઇન્સ્ટીટ્યુશનમાં ભાષણ આપવાને માટે એ દંપતીને બોલાવ્યા હતાં. અને ભાષણ સમાપ્ત થતાં સુવર્ણ પદકથી એ દંપતીનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ જગ્યાએ અત્યન્ત શોક સાથે કહેવું પડે છે કે અગીયાર વરસ વિજ્ઞાનની આલોચના કરતાં અને ગવેષણા પૂર્વક કાર્ય કરતાં કરતાં મિ૦ પિયારીએ ઇસવીસન ૧૯૦૫માં આપણી ચરિત્ર નાયિકાને સદાને માટે દુઃખસાગરમાં ડુબાવી સ્વર્ગ પ્રતિ પ્રયાણ કર્યું.

આ દારૂણ શોકમય ઘટનાની સાથેજ શ્રીમતી કુરીના સર્વ સુખનું પણ મૃત્યુજ થયું. કેમ નહીં થાય ? જે સ્ત્રીનો સર્વસ્વ પ્રાણ તેનો પતિજ છે, જે પોતાના શાન્તિ સુખનું સાધન પોતાનો પતિજ છે, એમ સમજે છે. તેને માટે પતિના સ્વર્ગવાસથી દુઃખ નહી થાય એવો સંભવજ કયાં છે ? તો પણ અસીમ ધૈર્ય ધારણ કરીને જે પણ પતિના હાથથી અધુરૂં રહી ગયું હતું, તથા જે કાર્યમાં મી૦ પિયારિનું અધિક મન લાગેલું હતું તે કાર્યને આગળ ચલાવવાનો એણે આરંભ કર્યો. પેરીસના વિશ્વવિદ્યાલયમાં પતિનું અધુરૂં રહેલું કામ પુરૂં કરવાને માટે તે પદ પર કુરીજ નિયુક્ત થઈ. સર્વ લોકો એક મતથી સ્વીકાર કરતા હતા કે આ કાર્યને માટે કુરી સિવાય બીજું કોઇજ નથી.

શ્રીમતી કુરી પેરિસ વિશ્વ વિદ્યાલયમાં પ્રથમ અધ્યાપિકા હતી. અત્યંત દક્ષતા સાથે ઐકામનું તેણે સંમ્પાદન કર્યું. સ્વામીના મૃત્યુ પછી તેના પદપર નિયુક્ત થયા પછી જે દિવસે કુરી ભાષણ આપવાની હતી, તે દિવસે મોટા મોટા નાગરિકો તથા દૂર દેશીય પંડીતગણો પધાર્યા હતા. શ્રીમતી કુરી જે વખતે ભાષણ આપવાને માટે સ્થાન પર ગઇ તે વખત સર્વ કોઇ અત્યુત્સુક થઇ જોઇ રહ્યા હતા.

પેરીસથી કંઇક દૂર એક ગામમાં પોતાના વૃદ્ધ શ્વશુર તથા પોતાની બે કન્યાઓની સાથે તે રહેતી. એ કન્યાઓની ઉપર આ સમે ક્રમશઃ પંદર અને અગીયાર વર્ષની છે. શ્રીમતી કુરી વિશ્વવિદ્યાલયનું કામ કરીને રેલ્વે ટ્રેન દ્વારા પોતાને ઘર આવી આ કન્યાઓને શિક્ષણ આપવામાં તત્પર રહેતી હતી. જે દિવસે તે પોતાના શ્વશુરની સેવા કરતી અને કન્યાઓને શિક્ષણ આપતી તે દિવસે તે પોતાને ધન્ય માનતી હતી. આ પછીજ તેણે રેડિયમ અને પોલોનિયમ ધાતુઓની શોધ કરી.

વ્હાલી ભગિનીઓ ? કૃપા કરી તમે પણ આ પ્રકારે પરિશ્રમ અને કાર્ય દક્ષતા કરવાને માટે તત્પર થઇ જાઓ ! ભારત વર્ષની પડતી દશાને સુધારો ! ભારતની જીવન મરણની દોરી હવે તમારે હાથજ છે.

સ્વર્ગનો સંદેશો.

(હરિગીત છંદ)

વીર જનનીના ઓ વંશજો, હિત વચન મુજ હૃદયે ધરો,
શીદ સ્વાર્થમાં અથડાઇ ઉત્તમ લાભ આ અળગો કરો;
નથી તીર્થ નિરાશ્રિત સેવા જેવું નિશ્ચય છે વડો,
પ્રભુ પાઠવે સૌ પ્રેમીને આ સ્વર્ગથી સંદેશડો.*

તન મન ધનેથી જયમ કરો નિજ પુત્રની પ્રતિપાલના,
ત્યમ હો સદા ત્રાતા તમે જગમાં નિરાશ્રિત બાળના;
ફળ એ સમાન ફળે ન ગંગાસ્નાન ગિરનારે ચઢો,
પ્રભુ પાઠવે સૌ પ્રેમીને આ સ્વર્ગથી સંદેશડો.

જન માત્રનું છે જીવન શિશુબળ વૃદ્ધિમાંહી સમાયલું,
બીજ પોષણે જયમ વૃક્ષ રે ' રૂડી રીતથી રક્ષાયલું.
સમજાયથી એ સિદ્ધાંત સહુને સ્વર્ગનો પથ દુંકડો,
પ્રભુ પાઠવે સૌ પ્રેમીને આ સ્વર્ગથી સંદેશડો.

મળતી નથી મહીમંડળે ગૌદાનથી પણ જે ગતિ,
પણ માગી દે તે આવીને તમ આંગણે દીન સંતતિ;
તત્ તુલ્ય તૃપ્તિ ન દઈ શકે કદી દેવગૃહનો દીવડો,
પ્રભુ પાઠવે સૌ પ્રેમીને આ સ્વર્ગથી સંદેશડો.

ઉપકારી થાવું અનાથ પર કુળવાનનું એ કર્મ છે,
દીન દુર્બળોને પોષવા ધનવાનનો એ ધર્મ છે.
ફરી જાય જે એ ફરજથી ધિક્કાર તેને શીર ખડો,
પ્રભુ પાઠવે સૌ પ્રેમીને આ સ્વર્ગથી સંદેશડો.

મધુમાંથી મધ નહીં તો મુઠી પણ ધુનમાં લે દઈ શકે,
સંભાળનાર ન સહસ્રના પણ એકના લે થઈ શકે;
પ્રભુ તો ગણી લે પૂર્ણ, દિલ શ્રદ્ધા ધરી દો દોકડો,
પ્રભુ પાઠવે સૌ પ્રેમીને આ સ્વર્ગથી સંદેશડો.

દીન જનની ધરજો દાઝ દીલ નિજ હૃદયમાં ધરજો દયા,
અમરીષ ધ્રુવ પ્રહ્લાદ એ રીત કીર્તિ અત્ર કરી ગયા;
શિશુ આશિષે સહુ સિદ્ધિ છે ગ્રહતાં પછાતજ દો પડો,

---

*'સંદેશડો' શબ્દ અમને પ્રિય નથી, પણ કવિતાના ભાવ અમને રૂચિકર હોવાથી આ કાવ્ય પ્રકટ કર્યું છે. તંત્રી.

પ્રભુ પાડવે સૌ પ્રેમીને આ સ્વર્ગથી સંદેશડો.
વળવાનું નથી વાતો કર્યે વિત્ત વાપર્યે વળવાનું છે.
મતલબી થશો તો નકે નકી આ મૃત્યુ પછી મળવાનું છે.
જન માવને એ જણાવ કે કવિ ભાઈશંકર રોકડો,
પ્રભુ પાડવે સૌ પ્રેમીને આ સ્વર્ગથી સંદેશડો.

પ્રાણસુખ ઔષધાલય. } કવિ. ભાઈશંકરજી વિ. વિચારાજ પ્રતિ
ઠાકરશીની પોળ મુંબાઇ }

સાંસારિક દૃશ્ય!

અનુવાદક Mr. D'Ray — દિલ વખણી

" નાની ! એ નાની ! જાગી કે નહીં ? ઉઃ, ઉઃ, " એવા મીઠા સ્વરથી દિલ અવાજથી દીપર દેરાણીને જગાડવાના નિમિત્તે પુકાર કર્યો. રાત પીતી પણ હોઇ ન હટ્યો ન હતો. નહિ અંધાર કે નહીં અજવાળું. નહીં રાતમાં કે નહીં દીવસ. કેટ સમયે કોયલોના મા મા થી ગામની સીમો ગાજી રહી હતી. પોતે ગામી ઘરમાં પંખ સ્ત્રીઓને જગાડતી. શહેરના શોભમાં તરબોળ થયલી પાકિસ્તાનો ! તમે ગામડાની રહેણી આ એક બીલ્લને જગાડવાની જરૂરતને સમજી શકશો નહીં. રાતના વિશ્વ રમે કે દીવસના ઉગવા માંથે તમારે સેવા દેવાજ શું છે ! આખી દુનીયાના સ્વપ્ન ભૂંસે અવાજ કરીને ગજું કાઢી પણ તમે કેમ જાણશો! તમારે કોકરવર્ણ ગાય થી ! જ્યારે કુક્કડો કુકી કુકી. જે દિવસે સૌથલી પુલાવીને ગામડાંનો રહે ગ તે દિવસે તે પોતાને ધન્યાણી રેગે જગાડ્યો કહી ગામ તો

કોઇ સ્વપ્ને પણ વિચાર લાવે તો તેને મનુષ્યના રૂપમાં કેવળ ગધેડોજ સમજવો જોઇએ. નહીં નહીં શહેરની શોખીન ભગિનીઓ! ન મારે તો તમારી વિનાપતી બ્હેનો પાસેથી જે નાચ નંબરો તમે મેળવ્યા છે તેનાથીજ પતિરામોને પ્રસન્ન રાખ્યા કરવા, અને કોઇ કોઇ વખત હીરટીરીયાની કે હૂં શીખાં પર પડી જઇ રંન ાદુંતરી ઉરપૂ પ્રેમને બદલે વાળ્યા કરવો.

જેઠાણીએ દેરાણીને બોલાવી. એકવાર બે વાર ત્રણવારનું "ઉઠ ઉઠ" જ્યારે વ્યર્થ ગયું, ત્યારે ધીરેથી સાંકળ ખખડાવતી જેઠાણી બોલી "કેમ આજે કંઇ પતિદેવ ઘેરે આવવાથી ભારી થઇ ગઇ છે કે શું ? આટલું થતાં પણ જેને બોલાવવાને માટે પ્રયત્ન થયો હતો તે તો નહીંજ બોલી. પરંતુ એક બીજોજ અવાજ આવ્યો " કેમ બુમ શું કરવા માર્યા કરો છો ! " અવાજ દેરાણીનો નહીં પણ શ્રીમાન્ દીયરજીનો હતો. જરા મચકોડાતી બોલાઇ બોલી. "નહીં બુમ નહીં મારો " ચાલ ઝટપટ ઉઠીપડ રે નાની. "

દીયર—કેમ જરાવાર પણ નિરાંતે સુવા દેવો નથી. એને તો મેંજ જરા કામમાં રોકી રાખી છે.

બોલાઇ-તે તો મને ખબર છે. તમેજ રોકી રાખો છો, ને તમે નહીં તો બીજો કોઇ આવીને રોકી શકવાનો હતો ? તમારે સુવું હોય તો સુઓને મજાથી પગપસારીને, હું કયાં ના પાડું છું. પણ મારી દેરાણીને રોકી રાખવાનો હવે તમને શો હક. હવે તો દીવસ થયો એટલે એના પર અમારો હક્ક થયો, ચાલો છોડો એને, ચાલ નાની ! બહાર આવ તો"

નાની ધીરેથી સાંકળ બોલી ધીરેથી બારણાને અલગ કરી બહાર આવી. જેઠાની બોલી, "જો સૂર્યનારાણ ઉગવાની તૈયારી નો વખત થઇ ગયો છે. આપણા જેવાંને આટલા વખત સુધી પડી રહેવું ચાલે ખરું કે ? અરે પણ આમ તું રડેછે શું કરવા? મારી છે કે શું?

નાનીએ માથું હલાવીને સમજાવી દીધું કે મારી નથી, જેઠાણી દેરાણીની રડવાથી સુજને લાલ થયલી આંખોમાંથી સરતી મોટી આંસુધારને લુગડાના છેડાથી સાફ કરતી બોલી. " ચાલ, બ્હેલી ચાલ, ઘરનાં સૌ કોઇને જાગવાનો વખત થઇ ગયો છે. એ મોટા ધમકાવવાવાળા, મોટા મારવાવાળા, જોઉં તો ખરી એનામાં કેટલુંએક પાણી છે તે આજે એની હું બુમ સરખી ખબર લઇશ અને દેખાડી આપીશ કે મારામાં પણ કેટલું પાણી છે. બન્નેએ ચાલવા માંડયું. આંગણાનાં નેવાણમાં મુકેલા જળથી ભરેલા પીત્તળના લોટાઓમાંથી અકેકો ઉપાડી, જમીનને બબર નહીં પડે એવાં હલકાં પગલાંથી પણ ઘણીજ ત્વરાથી ચાલતી તે બન્ને હજુનો અંધારૂં છે તે પહેલાં ઘેર પાછા પણ આવી પહોચી પછી ઘર કામમાં રોકાયાં. એ ઘર કામની વાત સાંભળીને અમારી શહેરી ભગિનીઓને કદાચ બેહોશ થઇ જશે. લોટ દળવો, કઠોળની દાળ કરવી, મોટાં મોટાં આંગણાંઓ ઝાડીને સાફ કરવાં, રાતના સુવાના ખાટલાઓ આડા કરવા, ઉપરના બીછાનાંઓ ઉંચકી ઉંચકીને ઝાટકવાં, ઘરની પરસાળો તેમજ ઘર આગળના ઓસારો છાણ મટોડાંથી લીંપવા, કાંસાં પીત્તળના વાસણો, ત્રાંબાના ઘડાઓ અને લોઢાંની રોલ સુદ્ધાં ઘસીને અજવાળી પચાશ હાથ ઉંડાં કુવામાંથી પાણી ખેંચી તે વાસણો ધોવાં, છોકરાંઓને દિશાપાણીથી સાફ કરવાં તેથી જરાં મોટાં હોય તેને નહવડાવી ધોવડાવી તેમનો નિયમ સરનો નાસ્તો પાણી કરાવી, કપડાં લત્તાં પહેરાવી,

આની સાક્ષી દેવાને તૈયાર છે. વિદ્વાન હેનને લાયેજ નાની ઉમરનો બાળક આસ્તિક જન્મેજય સર્પ યજ્ઞમાં વૃદ્ધ બ્રહ્મણોને પણ "બેટા" કહીને બોલાવતો હતો. કુરુક્ષેત્રમાં જઈ ખૂબ સંસ્કૃત ભણેલો એક વિદ્વાન શાસ્ત્રી પોતાના મૂર્ખ કાકાને "બેટા" કહેતો હતો. નહીં મોટાભાઇને ફક્ત મારા કરતાં બે પાંચ વરસ પહેલાં જન્મવાના કારણસર માન આપવાની જરૂર નથી. હા જો તે સારો અંગ્રેજી ભણેલો હોય, 'જો બી. એ. કે એમ. એ. એલ. એલ. બી, પાસ હોય. તો તે ભલે તે માનની આશા રાખે. પણ જે એક સાધારણ કારકુન, મક્ષિકાના સ્થાનપર મક્ષિકા બનાવવાવાળો જેના નામ માત્રથી પણ તબીયત બગડી આવે છે જે અંગ્રેજી રાજ્યના નિતાન્ત દયાના જીવરૂપ ઓફીસરોના બુટની ઠોકરો ખાવાને માટેજ જન્મ્યા છે અને કુતરાં બીલાડાંની માફક કોઇ પણ મોટું કામ કર્યા શિવાય ખાઇ પીઇ, એક દીવસ દાંત કાઢી પાડી મરી જવાનાં છે. એવા નિન્દિત ધૃણિત, કલંકરૂપ મનુષ્ય ભલે ને મોટોભાઇ કેમ નહીં હોય. પણ મારા સમાન ઇન્ટર ભીંજીએટ કલાસમાં ભણતા વિદ્યાર્થીના જેટલું કદી માન મળવી શકતો નથી. આવો ભાવ મનસુખરામના મનમાં મહાસુખરામને માટે પેદા થયો.

(૬)

વખતસર કોઇ કોઇ આવીને મહાસુખને કહેતું કે "તમારો મનસુખ બહુજ મગરૂર થવા લાગ્યો છે. તમને કંઇ માલમ નથી પડતું." ફક્ત માથું હલાવ્યા ઉપરાંત મહાસુખરામ એને માટે બીજો કશો ઉત્તર વાળતા નહીં મહાસુખરામના આખો કંઇ કમતેજ નહતી. જે વાત પ્રસંગ ઉપરજ જોવા સાંભળનારાઓ કલ્પી શકે, તેવી વાત રાતદીવસ જનતો સાંભળતા સમજી નહીં શકે, એટલો કમઅકલ મહાસુખરામ ન હતો છતા પણ બે વખત જમવાનું તૈયાર કરી યત્નપૂર્વક ખવડાવવું અને ખરા પ્રેમથી પૂર્વવત્ આદર અને પ્રેમનો વર્તાવ જાળવી મહાસુખરામ કદી મનસુખને એક બોલ બીજવાઇત કહેતા નહીં. આનાથી કોઇ સમજદાર પઠક ભલે એમ સમજી લે કે હદથી વધારે પ્રેમને લીધે કંઇપણ ધાક રાખવાના કમજોરી તથા બવકુફીને લીધે મહાસુખરામ જનતેજ નાનાભાઇને બગાડે છે. પણ મહાસુખરામ સમજતા કે તના પાણીના પ્રવાહને અટકાવવા માટે ભવિષ્ય પ્રયત્નની જરૂર છે. ફક્ત નામના પ્રયત્નથી આ પ્રવાહનું જોર ઘટવાને બદલે વધે છે મહાસુખરામ પોતા તરફના નાનાભાઇના રાજના વખતી વતા અશ્રદ્ધા જેવા જરાજર સમજતા હતા કે જે ઘી આગને વધારવાવાળું છે. તજ ઘી આગને કદી પણ બુઝાવી શકવાનું નથી. હું કે જે મનસુખનો ધૃણાપાત્ર છું. તે જો મનસુખને ધમકાવે તો તેનું પરિણામ ઉલટું આવ્યા વગર રહેશે નહીં. એટલા માટે કરી તરતજ તોડફોડ કરી નાખવા કરતા ચાલે ત્યાં સુધી નભાવી રાખવાની ડાહી રીત મહાસુખરામના મનને ઠીક લાગતી. આવીજ સ્થિતિમાં પણ ચાલે ત્યાં સુધી ચલાવ્યા કરવાથી નિત્ય બગડતા જતા મનસુખના વિચારોને અચાનક કોઇ દિવસ પણ ધક્કો લાગી જઇ રસ્તે આવી જવાનો પણ કંઇક આશા મહાસુખરામને હતા.

મનસુખ ન મુબાઇ લાગ્યા સિવાય આજકાલના ઢગલું રોજગારીશિક્ષણ આપવાતો બીજી કોઇ રસ્તા નહોતા મુંબાઇમાં લાવવાથી કુસંગના પ્રભાવમાં પડી જઇ બગડવાની ધારતી પણ વિરુદ્ધ હતી. તથાપિ મનસુખના ભાગ્ય ઉપર આધાર રાખી તેને શિક્ષણ સંપાદન કરવાના જગ્યા મુંબઇની નિત્ય વધતી જતી રાહતમાં લાવવોજ પડયો. ઉમર અને વિદ્યા

વધવાની સાથે મનસુખની ગતિ સર્વત્ર વધવા લાગી, નાનપણમાં પૂજા પાઠ આદિનો જે અભ્યાસ કરાવ્યો હતો તે આજકાલના વિદ્વાન કહેવડાવનારાઓમાં નહીં જોતાં મનસુખ વિચારવા લાગ્યો કે આ બધું પણ મોટા ભાઇની માફક થોડું ભણેલાં અને નિરક્ષર ગમારોની બેવકુફીનું જ ધતીંગ છે; થોડું ભણવાને લીધે મોટા ભાઇપરની ભક્તિ ઉઠી જવાની સાથેજ થોડું ભણેલા મોટા ભાઇના આચાર વ્યવહાર પણ મનસુખની કૃપા અને ભક્તિમાં ટકી રહી શક્યા નહીં; ભણવાની અનઘિત પુરતકો વાંચવાની જરૂર આવી અભક્તિની બીજોને ક્રમશઃ છોડાવવા લાગી, મોટા ભાઇની ભકનથી બચેલો અને તેના આચાર વિચારથી છુટો થએલો મનસુખ પોતે જેને મોટા માનતા હતો તે મોટાઓના જેવી વિદ્યામાં પોતાને આગળ વધતો જોઇ પોતાનીજ બડાઇયો રંગાવા લાગ્યો. પોતાના વિચારના પોતાના વડિલોની વાત સાંભળી સાંભળીને સ્ત્રીઓને પણ પોતાની માફકનું શિક્ષણ આપવા પ્રત્યક્ષ પ્રયોજન મનસુખને સુઝવા લાગ્યું. એની સાથેજ પોતાની સ્ત્રીને ભણાવી ગણાવી પોતાના જેવી બનાવી દેવાની પ્રબલ ઇચ્છા એને થવા લાગી.

ભણેલી ગણેલી સ્ત્રીઓ જે સ્વતંત્રતાથી બગીમાં બેસીને હવા ખાવા જાય છે, તેની માફક પોતાની સ્ત્રીના સાથે વિચરવાની પ્રબળ ઇચ્છા મનસુખને પણ થવા લાગી. અહા "ગઉન" પહેરવાથી સ્ત્રીઓનું સૌંદર્ય કેવુ ખીલી નીકળે છે ?

સુગંધી ચીજોનો પમરાટ અને પુલના શણગારથી તેઓ કેવી મનોહારિણી બની જાય છે ! મનસુખના મનમાં પોતાની સ્ત્રીને પણ એવી બનાવી દેવાની વાસનાના આગ નિરંતર સળગાવા લાગી. પતિવ્રતા તો તેજ છે કે જે સ્ત્રી પતિના મનની વાત સમજી તેવોજ વર્તાવ રાખે, બહારથી જેઓ ઘરમાં આવે તેવીજ દોડીને સામે આવે હસી હસીને વાતો કરી મારૂં મન ભરપુર પ્રફુલ્લતાથી ભરી દે. હું કપડાં ઉતારૂં તો તેમાં પણ મને કંઇ નહીં ને કંઇ મદદ કરે, જ્યાં સુધી હું ઘરમાં રહું ત્યાં સુધી મારીજ બાજુમાં બેસી રહે. જ્યારે હું ભોજન કરવા બેસું તે વખતે તે પંખો હલાવ્યા કરે, અને આ ખાઓ, પેલું ખાઓ કહીને મને ઠીક રીતે ભોજન કરવામાં મદદ કરે. આ પ્રકારે મારા સુખની વ્યવસ્થા કરવા સિવાય એને માટે નિરંતરનું કોઇ બીજું કામજ નથી. મારી સ્ત્રીને બીજા સાથે શું મતલબ? તેતો બોલીની માફક મૂર્ખ પતિની પત્ની નથા કે ગૃહસ્થના ઘરની વીશીની જંજાળમાં પડી રહી મૂળ પતિની બાજુમાં હાજર રહેવાનું કામ ખુશી બાપની જીવનના આવા ઉચ્ચ ખ્યાલોની સમજ મોટાભાઇની સમજમાં આવી શકવાનીજ નથી. આવે, કયાંથી? એ ભણ્યાજ શું છે? ઉચ્ચ જીવનનો પત્તો મેળવ્યા સિવાય કોઇ ઉચું સુખ મેળવી શકતું નથી. મોટાભાઇને જરા જરા વાતમાં હસીને આનંદ માનતા જોઇ મારો જીવ બળી જાય છે. ઘેર જાય તો ભાભી સાથે પુરૂં એમને મળવાનું પણ થતું નથી. હું કંઇ બોલી મૂર્ખતાનું જીવન પસંદ પણ કરવાનો નથી, અને ભાભીના જેવી મારી સ્ત્રીને થવા પણ દેવાનો નથી. સાથીઓની સાથે ફરતો તેમની વાતો સાંભળતો અને મુંબઇના તરેહ તરેહના ઢંગ જોતો મનસુખ પોતાના દામ્પત્ય જીવનને આવા રીતે બનાવી દેવાનો અનુરાગી થયો હતો, અને તેટલા માટેજ આ વખતે તહેવારની રજામાં મોટાભાઇની સાથે ઘેર આવી મનસુખ પોતાની પત્નીને પોતાની મરજી

માણકની તાલીમ આપવા લાગ્યો. સારી રાત જે કંઈ થક્ષણ ચાલ્યું હતું તેમાં સવારના પહોરમાં ભાભીએ આવીને જે વાધો નાંખ્યો તેથી મનસુખ સીમલાને રામ થઈ ગયો.

પોતાની સ્ત્રી ભાભીની સાથે ચાલી ગઈ તેથી મનસુખ મનમાંને મનમાં ધૂંધવાતો. વિચારવા લાગ્યો કે ભાભીના બુરા સંગથી મારી સ્ત્રી પુરી બગડી ચુકી છે. હવે અધિક નહીં બગડે એવો બંદોબસ્ત જરૂર કરવો જોઈએ. નહીં તો મારી જીંદગીના સઘળાં સુખનો નાશ થઈ જશે. બસ આ વખત મુંબઈ ગયો કે તરતજ કોઈ રકુલમાં માસ્તરની નોકરી શોધી કઢાવીશ અને નોકરી કરતાં કરતાંજ ક્રમશઃ ઈન્ટર, બી. એ. આની પરીક્ષા પાસ કરીશ. સ્ત્રીને હવે અહીંઆ રહેવા દેવી નહીં, હવે તો સાથેજ રાખીને તૈયાર કરવી પડશે. તો પણ જેટલાં દિવસ હજી આ રસ્તો લેતાં વાર થાય. એટલા દીવસમાં એ વખારે નહીં બગડે એને માટે ખુબ ધમકાવીને અને ભાભીને પણ કડવું પાઈને આ વખત જવું પડશે. ભાભીને શું શું કડવું પીવડાવવું પડશે, એનો વિચાર કરતો આખી રાત જાગતો રહેલો મનસુખ નિદ્રાધિન થયો.

જેઠાણીએ દિવસનું ઘરકામ કરતાં કરતાંજ દેરાણી પાસેથી દિયરજીની રાતની વાતનો ભેદ જાણી લીધો. એક વખત પતિને બોલાવીને પણ કંઈક વાતો કરી. સ્ત્રી બોલી " પોતાની સાથે રાખ્યા છતાં પણ ભાઈને બગાડી મુક્યો ને ?

પતિ—તેં કેમ જાણ્યું ? તને કોણે કહ્યું ?

સ્ત્રી—તમારી સ્ત્રીમાં એટલી થોડી અક્કલ પણ નહીં હોતે તો પછી આ તમારા ગૃહસ્થાશ્રમના ખટલાને કેમ સમાલતે ? તમારા ભાઈને બગડવાનું મૂળ કારણ તો એજ છે. કે તે તમારૂં કહેલું કંઈ સાંભળતોજ નથી. કેમ મેં ધાર્યું છે તે ખરૂં છે ને ?. કેમ ચૂપ કેમ થઈ ગયા ?

પતિ—ચુપ કંઈ અમથો નથી થયો. તારી અગાધ જ્યોતિષ વિદ્યાથી તાજુબ થઈ ચુપ થઈ ગયો છું. રામ રામ જોશીજી મહારાજ જરા કૃપા કરીને એટલું તો કહેશો કે આ વખતે મને છોકરો થશે કે છોકરી ?

સ્ત્રી—અહાહાહા તમારી તો લુલીજ બહુ વધી પડી છે. કાંઈ જાણે શું જોઈને ફાટી ગયા છો, તમારીએ ખબર લેવી પડશે. પણ આજ પહેલા નંબરના આસામીને કાઢ કરવો છે, જોજો તમારા ભાઈજીને કેવી કરામત દેખાડું છું તે, સીધાવો. હવે સીધાવવું હોય તો આપને.

પતિ-દક્ષિણાના લાલચુ બ્રાહ્મણ બ્રાહી હાથે સીધાવવાનું જાણતાજ નથી.

પણ સીધાવવુંજ પડ્યું. દક્ષિણાની રકઝક થઈ થાય તે પહેલાં તો દાતાગ્રહીતા બન્નેને બાધું પાછું થવું પડ્યું. "કાકાભાઈ ! શુકલજી મહારાજ મળવા આવ્યા છે." કહેતો કહેતો મહાસુખરામનો પાંચ વર્ષનો નાનો બાળક ત્યાં આવી પહોંચ્યો. પ્રસન્નમુખી જેઠાણી અને દેરાણી ઘરકામ પુરૂં કરી ચુકી છે. છોકરાંની મા જેઠાણી દરેક કામમાં દેરાણી તરફથી ઘણીજ રાહત મેળવી છતાં પણ હદ ઉપરાંત કામનો બોજો દેરાણી પર પડવા દેતી નહીં. તે મનમાં વિચારતી કે એના આવ્યા પહેલાં સઘળું કામ હું એકલીજ કરી લેતી હતી. તો હવે એ જેટલું સમાલી લઈ શકે તેટલુંજ બહુ છે. જેમ જેમ મોટી થતી જશે, તેમ તેમ

કામ ઉપાડી લેતી જશે. હાલને હાલ એકદમ કામનો બોજો નાંખવાથી તો કામ બરોબર કરી શકશે ને નહીં. મારી સાથે બ્હેન જેવો વર્તાવ રહેશે. આવો વિચાર નહીં રાખવાથી અકકલ વિનાની સ્ત્રીઓ ઘરને સુખ અને સંતોષના સ્થાન બદલે દુઃખ અને ઝઘ બાળવાનો જ્વાળામુખી રૂપ બનાવી મુકેછે. કામ કરવાની પણ રીતહોયછે. આપણો વર્તાવજ એવો હોવો જોઇએ કે સામા માણસને બેસી રહેતાં શરમજ લાગે સામું માણસ પોતાના ઘરનું પોતાનું ધારીને કામ કરે. એવો બનાવ હોવો જોઇએ. ગરીબ માબાપની છોકરી અને ગરીબ માબાપને ત્યાંજ ગૃહસ્થાશ્રમની સાચી કેળવણી પામેલી જેઠાણી સાસુ સસરાનો સુખ અને સ્વાસ્થ્યભર્યો ગૃહસંસાર જોઇ શિક્ષણ પામેલી જેઠાણી ધાર્મિક અને હૃદયવાન પતિના સંસર્ગથી પતિની સાચી સહભાગિની બનેલી જેઠાણી અને પોતાના બાળકો તરફ કોમળ વાત્સલ્ય રાખતાં શીખેલી જેઠાણી પોતાની દેરાણી પાસે જરી વધારે તેમ નહીં ઓછું કામ લેતી તેને પણ ગૃહસંસારની કેળવણીમાં આગળ વધારી રહી છે. પ્રેમ અર્પી સામો પ્રેમ મેળવી રહી છે. બન્નેના મધુર હૃદયોના મધુરતાનું વિતરણ બન્નેના કર્મમય જીવનની કર્મશીલ હાયેને થાકવા નહીં દેતાં મુખોને નિરંતર મધુરાં હાસ્યથી રંગેલું રાખે છે.

કર્મ પરંપરાની વચમાં મધુર હૃદયના માધુર્યને સ્થિર રાખીને સ્ત્રીઓને કર્મકુશળ અને હૃદયવતી બનાવવાવાળી હિંદુશિક્ષણની આ નિર્મળ, નિર્દોષ અને સુંદર રીતિ છે. આપણા જે વિદ્યાસાગરો આજકાલ સ્ત્રીઓને પુસ્તકીય શિક્ષણ અપાવીને શબ્દોચ્ચારણનું જીવતું યંત્ર બનાવવાને માટે કમર કસીને તૈયાર થઇ ગયા છે. તેઓએ આપણી સ્ત્રી સમાજની કર્મકુશળતા અને હૃદયવતી સ્થિર રહેશે કે નહીં તેને માટે પણ વિચાર કીધો છે ખરો કે ? યાદ રાખવું કે જેઠાણી અને દેરાણીનું જે નિલકર્મ ઉપર બતાવ્યું છે, તેમાંનું એક પણ ઓછું થવાનું નથી. યાદ રાખવું કે એમાંનું એક પણ કામ નહીં થઇ શકવાથી કે બગડવાથી ગૃહસંસારનો સુખનો તાર તુટી જશે. યાદ રાખવું કે આપણા હાલના કેળવાયલા યુવાનો જેવી રીતે પોતાની સ્ત્રીને પોતાની ઇન્દ્રિય લોલુપતાનું કેવળ રમકડું બનાવવા માંગે છે તેવું રમકડું અમારી પુત્રીઓ થઇ શકશે નહીં. યાદ રાખવું કે હિન્દુ રમણી કેવળ પોતાના પતિની સ્ત્રી માત્ર નથી તે તેના સાસુ સસરાની પુત્રી પણ છે તે પોતાના દીયર નણંદ, દેરાણી જેઠાણીની બ્હેન પણ છે, તે પોતાના બાળકોની માતા પણ છે. આથી જણાશે કે સ્ત્રીના પતિનું મૃત્યુ થતાં કેટલાઓ ગાઢા પ્રેમ સંબંધમાંથી ફક્ત એક સંબંધ તુટે છે. એટલા માટેજ જ્યારે આપણે કન્યાદાન કરીએ છીએ ત્યારે યુરોપીયનોની માફક ફક્ત વરનેજ નહીં જોતાં આપણે આપણી પાકી બુદ્ધિથી વરના ઘરની અણુએ અણુની તપાસ કરીએ છીએ. વરના માબાપ કેવાં છે. વરના ભાઇ, કાકા, કાંકાની પ્રવૃત્તિ કેવી છે એ સર્વેની તપાસ કર્યા પછીજ આપણે વરને પસંદ કરીએ છીએ. એટલા માટેજ પુત્રીને એવો આશીર્વાદ આપવામાં આવે છે કે ધ્રુવ નક્ષત્ર જેવું આકાશમાં અચળ છે તેવીજ રીતે તું (પતિમાં નહીં પણ) પણ પતિકુળમાં અચળ થા. યાદ રાખવું તમારા પ્રયત્નથી આ સર્વે આવશ્યક વાતોમાંથી કોઇની જડ તુટી જાય નહીં.

ઉપર કહી ગયા છીએ કે જેઠાણી અને દેરાણી બપોર સુધીનું કાર્ય પુરું કરી ચુકી છે, આજે દેરાણીને જેઠાણીએ જાત જાતની મીઠી મીઠી વાતોથી ખુશ કરી મુકી છે. કારણ

સર ફીરોજશા મહેતા આજ આ સંસારમાં નથી.

'છિદ્રેષ્વનર્થા બહુલી ભવન્તિ' એ કહાણી અભાગી ભારતપર આજે ચરિતાર્થ થઇ રહી છે. હજી ભારત હિતૈષી સર હેનરી કૉટનનાં શોકનાં આંસુ પૂરેપૂરાં લૂછાયા નથી, તેના શોકના અક્ષરો હજી પૂરેપૂરા સુકાયા નથી, તેવામાં આ બીજો પ્રબળ આઘાત! 'કોણ જાણે, આ હતભાગી ભારતના ભાગ્યમાં શું લખ્યું હશે?' જે વખતે દેશમાં ભારતના હિતૈષી, ભારતના સપૂત–ભારતના યોગ્ય પુરૂષોની આવશ્યકતા છે, તે સમયે એક એક કરી અકેકથી ચઢતાં બહુ મૂલ્ય રત્નો ભારતથી અલગ થતાં જાય છે.

બાબૂ ગંગાપ્રસાદ વર્મા, ડૉકટર શતીશચંદ્ર, અને મિ. ગોખલેના વિયોગના આઘાતની ભારતને હજી મૂર્ચ્છા વળી નથી, તેવામાં આ પ્રબળ આઘાત લાગ્યો છે. નવ વર્ષ ઉપર એક વખતે એક માસમાંજ જેવી રીતે ઠળલ્યુ. સી. બેનરજી, બદરૂદીન તૈયબજી, તથા આનંદમોહન ઘોસ જેવા ત્રણ મહાન્ ભારત સેવક નેશનલ કોંગ્રેસના પ્રમુખોનું એક બીજાની પછી, જલદી જલદી ભારતથી અલગ થવાનું દુઃખ ભારતવાસીઓને સહન કરવું પ-ડ્યું હતું, તેવોજ અથવા તેથીએ અધિક હૃદય વિદારક વખત અત્યારે ઉપસ્થિત છે.

હજી મિ. ગોપાલ કૃષ્ણ ગોખલેના વિયોગને દશ મહીના થયા નહીં એટલામાં સર હેનરી કૉટનના શોક સમાચાર સાંભળવા પડયા, અને બંન્ને હાથથી પોતાનું કપાળ કરતાં કરતાં સર ફીરોજશાહ મહેતાના વિરહનો ઘોર વજ્રઘાત ફીરોજશાહ મહેતાની અવસ્થા અત્યારે ૭૦ વર્ષની એવી ટોપી સીવી રહી છે જરા દુઃ માટે શોક કરવો બહુ જરૂરનો નથી, પરંતુ નીચે એક બીલાડી સુધ રહી તિશય હાનિકર્તા છે. આ સમયે ભારતને પાપડ વણી રહી છે. દરેક ચીજ સૈ છે, તે સંભાળવું આપણે ઘણું મૂશ્કેલ પડશે. જમતોજછે પણ જગતો મનસુખ બેનરજી અને મહેતા એ ત્રણે સર્વને માનનીય ઝોટ્ટા સાથે જો હજાર વજ્રઘાત ? કોઈ જઈ શકવા સમર્થ નહતું. ઇ. સ. વધારે આશ્ચર્ય ચકિત નહીં કરી શકતે. રમુખ થનાર હતા. ભારતન દુર્ભાગ્યે તે

હું ! મોટાભાઇ બી૰ એ. પાસ્હિ. બેમને સ્થાને સર ફીરોજશાહ મહેતા પુંજાપાઠી બ્રહ્મણ અને અભણ નકલ જ પ્રમુખ નીમ્યા. તેમણે એ કાર્ય એવી છું. મનસુખના મુકા પડી ગયલા આશ્ચર્ય સાથ વાહ વાહ કેવી પડી. "ભાભી! મોટાભાઇ બી. એ. પાસ છે, યરે તુરતજ કહ્યું હતું "મહેતા સુવણ હોય એવો દેખાવ કરી ભાભી બોલી, મહેતા આજ આ સંસારમાં નથી.

સર ફીરોજશાહ મ્હેતાનો જન્મ ઈ. સ. ૧૮૪૫ના આગષ્ટમાં થયો હતો. સ્કુલ અને કોલેજોમાં તેમની બુધ્ધિનો ચમત્કાર જોઈ તેમના અધ્યા પક વિસ્મિત થતા હતા. ૧૯ વર્ષની અંદર તેઓ *M. A.* થઈ ચૂકયા હતા, ત્યાર બાદ તેઓ વિલાયત ગયા. ત્યાં ડબલ્યુ. સી. બેનરજી સાથે રહી બારિસ્ટર થયા. એ ઉભય મિત્રો ત્યાં દેશભક્ત દાદાભાઈ નવરોજીની સલાહ પ્રમાણે ચાલતા હતા. દાદાભાઇને દેશ સેવા કરતાં ઘણો વખત થયો હતો, તેનું જ અનુકરણ સર ફીરોજશાહે કર્યું હતું.

વિલાયતથી બેરિસ્ટર થઇ સર ફીરોજશાહ ઈ. સ. ૧૮૬૪માં ભારતમાં આવ્યા. અહીં આવી જીવન પર્યંત એમણે દેશ સેવા કરવામાંજ પોતાનું કર્તવ્ય માન્યું છે. મુંબાઇની મ્યુનિસિપાલિટિના પોતે ૪૫ વર્ષ સુધી મેમ્બર રહ્યા હતા તેમજ મુંબાઇ કોરપોરેશનનું ભારતમાં અગ્રસ્થાન એમનેજ આભારી છે. ચાર વાર તેના પ્રમુખ થયા હતા. મુંબાઈની મ્યુનિસિપાલિટિમાં મ્હેતાની સરખામણી વિલાયતના ઉદાર પક્ષના મિ. ગ્લૈડસ્ટન સાથે સ્વર્ગવાસી મિ. ગોખલેએ કરી હતી. મુંબાઈના ગવર્નરની સભામાં મ્હેતા ૨૨ વર્ષ સુધી માનનીય મેમ્બર તરીકે પસંદગી પામ્યા હતા. ત્રણ વાર એઓ વાઇસરાયની ધારાસભાના સભ્ય તરીકે પસંદગી પામ્યા હતા. પરંતુ પછીથી ઇ. સ. ૧૯૦૧માં મિ. ગોખલેને માટે ભારતીય કોંશિલના પદનું એમણે રાજીનામું આપ્યું. આ કેટલી ઉદારતા! કેવળ માનાભિલાષ માટે મ્યુનિસિપાલિટિ, ધારાસભા વગેરે સ્થળે સભ્ય થનારાઓને આમાંથી શિક્ષા લેવી ઘટે છે.

પૂનામાં ઈ. સ. ૧૮૯૨માં ભરાએલી મુંબાઇની પ્રાન્તીય કોન્ફરન્સના પ્રમુખ નીમાયા હતા. ઇ. સ. ૧૮૯૦માં કલકત્તામાં ભરાએલી કોંગ્રેસના પ્રમુખ નીમાયા હતા. બે વાર કોંગ્રેસની સ્વાગત કારિણી સભાના પ્રમુખ નીમાયા હતા. આ પ્રમાણે દેશની પ્રબળ સેવા કરવા છતાં સરકારમાં પણ એમનું અધિક માન હતું. સરકારે ઇ સ. ૧૮૯૪માં સી. આઇ. ઈ. અને ૧૯૦૪માં કે. સી. આઇ. ઈ.ની પદવી એનાયત કરી હતી. આ પ્રમાણે દેશભક્ત અને રાજસન્માન પ્રાપ્ત ભારતના સપૂત, મુંબાઈના વિના તાજના રાજા સર ફિરોજશાહ મ્હેતા ગઈ તા૦ ૫મી નવેમ્બરને દિવસે બાર વાગે આ સંસારને છોડી ગયા છે. ભારતને આ અતિ જરૂરને વખતે તેમના વિયોગથી બેશક અતિ પ્રબળ આઘાત લાગ્યો છે. ભગવાનને શું કરવું મંજુર છે, તે તેજ જાણે! કોણ જાણે! કદાચ તે ભારતના હિતને માટે ઈશ્વરે આવા યોગ્ય ભારતહિતૈષીઓને બોલાવી પોતાની પાસે "ભારત દુઃખ મોચન કમિશન" બેસાડવું ધાર્યું હોય! નહિં તો આવા ભારતહિતૈષી મહાનુભાવોના વિયોગ આ સંસારમાંથી આવા જરૂરને પ્રસંગે કદાપિ થાત નહિ!

C. D.

વિવિધ વિષય.

એક્સ-રેઝનો ચમત્કાર.

એક્સરેઝ એક પ્રકારના કિરણોનું વૈજ્ઞાનિક નામ છે. ચિકિત્સા વગેરે ઘણાં કામો એની મદદથી થાય છે એ કિરણો મનુષ્યના શરીર ઉપર નાંખવાથી શરીરનું હાડપિંજર સારી રીતે જોઇ શકાય છે. બંધ પેટીઓપર નાંખવાથી અંદરની સર્વ ચીજો એવી રીતે દેખાય છે, કે જાણે તે ચીજો કાચના શીશાની અંદરજ મુકેલી છે. રોગીના શરીરની અંદરની સ્થિતિ કેવી છે, અથવા ગોળી લાગતાં અંદર કયે ઠેકાણે ભરાઇ બેઠી છે, તે સહુ જાણવાને ડોકટરોને આ કિરણોથી ઘણી મદદ મળે છે.

હાલમાં એક જર્મન વૈજ્ઞાનિક પ્રોફેસરે પોતાના અનુભવથી સિદ્ધ કર્યું છે કે આ કિરણોથી જંતુઓ અથવા મનુષ્યના તંતુઓ ઘણી ઝડપથી વધે છે. એક કીડા ઉપર રોજ ૨॥ મિનિટ એ કિરણો નિયમિત નાખી જોતાં ત્રણ અઠવાડીઆમાં તે કીડા તે જોતના કીડા કરતાં બમણો મોટો થઇ ગયો. આ શોધ પૂર્ણતઃ સત્ય નીવડે તો અન્યને હાસ્ય પાત્ર થતાં બહુક મનુષ્યોને માટે એક રામબાણ નૂસ્કો તૈયાર થશે.

દીવાળી પર લક્ષ્મીજીનો તાર

પ્રિય ભારતાં તારે ત્યાંથી વિદાય થઇ હું યુરોપમાં રહેતી હતી, પરંતુ કંઇ કારણોને લીધે મારે ત્યાંથી નાશવું પડયું છે. હાલ હું અમેરિકામાં રહું છું. પરંતુ મારાં જૂના ઘરનું મને વારંવાર સ્મરણ થયા કરવાથી દીવાળીમાં બે ઘડીને માટે તમારે ત્યાં આવી રહીશ પરંતુ જરૂર યાદ રાખજો કે હું બે ઘડીથીવેધારે જરાવાર પણ થોભી શકીશ નહિ.

લિ. તમારી પૂર્વ પરિચિતા લક્ષ્મી.

એનું પૂરૂં શિરનામું " મિસ લક્ષ્મી. C/o. મેસર્સ રાકફેલર, કાર્નેગી, મોર્ગન એન્ડ કંપની. U. S. A. અમેરિકા.

મિ. કાર્નેગી આજ દુનીઆમાં સૌથી વિશેષ ધનિક ગણાય છે. એના જેટલું દ્રવ્ય આજ બીજે કોઇ સ્થળે નથી. એમણે એકવાર જોડર કર્યું હતું કે પ્રતિ સેકંડ હું ૨૫૦ પૌંડ ખરચું તો પણ મને મારા જીવનનિર્વાહમાં કશી હરકત નડે એમ નથી. આટલું દ્રવ્ય છતાં પણ હજી તેઓ અંતથી ધંધો કર્યા જાય છે **પાંચ પૈસાની આમદાની થતાં શેઠ બની આળસુ નિરૂદ્યમી થઇ મોજ ઉડાવનારા ભારતવાસીઓને આથી શિખામણ લેવી ઘટે છે.**

લોહ ભક્ષક કીડાઓ.

પાશ્ચાત્ય વિજ્ઞાન વિશારદોએ આજ સુધીમાં અનેકાનેક જીવો સંબંધી શોધ ખોળ કરી છે. હાલમાં એક અંગ્રેજ વૈજ્ઞાનિકે એવા જંતુ શોધી કાઢયાં છે કે જેઓ લોઢાં જેવી સખત ધાતુની પણ ચટની કરી નાખે છે. એક નહેરમાંના લોઢાના નળમાંથી મિ. મમફેર્ડ કેટલાક કીડા એકઠા કરી તેની પરીક્ષા કરી,

જેથી જણાયું કે વાયુની તેના પર કશી અસર થતી નથી. તેઓ પાણીમાં, જમીનમાં યા જમીનની તદ્દન અંદરના ભાગમાં ભમી સર્વત્ર લોઢાનોજ લક્ષ શોધ્યા કરે છે.

લગ્ન આદત.

સર્વ ધર્મના નીતિનિયમો મુજબ કોઇ મરદ પોતાની સ્ત્રી જીવતાં બીજી સાથે લગ્ન કરી શકે તો નથી. આવો પ્રતિબંધ હોવા છતાં પણ યુરોપ-અમેરીકામાં બહુ લગ્નની વિચિત્ર ઘટનાઓના હેવાલ આપણા સાંભળવામાં આવે છે. દક્ષિણ આફ્રિકાના એક બોર સ્ત્રી ડી બોર્સને પતિ હાલમાં મરી ગયો છે. તે આ સ્ત્રીનો છઠ્ઠો પતિ હતો. છએ પતિથી મળી બોર્સનો પોતાને જીવતાં મરેલાં મળી ૪૯ છોકરાં છોકરી તેમજ પૌત્ર પ્રૌત્રી, તથા દોહિત્ર-દોહિત્રી મળી ૨૭૦નો પરિવાર છે. બે પતિ કુંવારા તથા ચાર રડિલા હતા. જેમના પોતાના આગળનાં બાળ બચ્ચાં હતાં તે તો જુદાં.

કેટલાક દિવસ પર અમેરીકાની એક સ્ત્રી શમીરને બહુ લગ્નના અપરાધ માટે જેલમાં મોકલવામાં આવી છે. સ્ત્રીની ઉમર ૨૭ વર્ષની હતી. ૧૭ વર્ષની ઉમરમાં એનો પ્રથમ વિવાહ થયો, ત્યારથી ૧૦ વર્ષની અંદર તે સ્ત્રીએ ૧૨ પતિનો ઉપભોગ કર્યો. તે સ્ત્રીએ અતિ બેપરવાહપણે કોર્ટમાં માત્ર એટલોજ જવાબ આપ્યો " જે હો તે, મને સર્વ પતિથી સુખ મળ્યું છે "

કેલાક વર્ષની વાત છે કે રશીઆમાં એક કુલીન ઘરની ધણી ભણેલી ગણેલી અને અતિ રૂપવાન સ્ત્રી એકી સાથે ઘણા લગ્ન કરવાના અપરાધમાં કેશનીકાલની સજા પામી સૈબિરિયાના બરફીસ્તાનમાં મોકલી દેવામાં આવી હતી. તે સ્ત્રી લગ્ન કરવા કરતાં આર્થિક લાભ ઉપર ખાસ ધ્યાન આપતી હતી. ૨૦ વાર તે પત્ની બની, અને તે વીસોનું દ્રવ્ય હરી લઇ તે બધા સાથે છુટા છેડા કર્યા. આપણા વૈશ્યાસહગામી બાંધવો આવા બનાવો જાણી કંઇ ધડો લેશે એવી આશા છે.

પુરૂષોના સંબંધમાં સ્ત્રીઓને પણ લગ્નવે એવી વાતો બહાર પડેલી છે. આ સર્વમાં સૌથી શ્રેષ્ઠ એક વ્યક્તિ જોર્જવાઈજરે જેણે એ સર્વમાં પોતાના કૃત્યની હદ કરેલી છે. છેલ્લી જણ પ્રમાણે એનાથી વધારે હજી કોઇ માલમ પડ્યું નથી. એને લગ્ન કરવાની ખરેખર ટેવ પડી ગઇ હતી. જોર્જવાઇજરે સહુ મળી ૧૦૦ લગ્ન કરી ચુક્યો છે એકવાર એક અઠવાડીયામાં આઠ લગ્ન કર્યા હતા. પાશ્ચાત્ય રંગ ઢંગમાં મુગ્ધ બનેલ પાઠક પાઠિકાઓ, આનું અનુકરણ કરતાં બચે, એવી અમે પ્રભુ પાસે યાચના કરીએ છીએ.

સર્વથી શ્રેષ્ઠ હોટલ.

અમેરીકાના ન્યૂયોર્ક નગરમાં એક હોટલ તૈયાર થાય છે. જે હોટલ દુનીઆની સર્વ હોટલથી મોટી થશે. એ હોટલમાં ૧૮૦૦ ઓરડાઓ બનાવવામાં આવનાર છે. અને એના ખર્ચ માટે રૂપીઆ ચાર કરોડનો અંદાજ આંકવામાં આવ્યો છે.

છાતીનો ધબકારા.

પ્રત્યેક વ્યક્તિની છાતીની ડાબી બાજુ એક એવો અવયવ છે, જે હમેશ ધબક ધબક થાય છે. તેને હૃદય કહે છે. જ્યારે એના આકારની સરખામણી એના ધબકારાની શક્તિપર કરવામાં આવે તો એના અસ્તિત્વ માટે પણ સંદેહ થાય. એનું વજન કેવળ ૧૧ ઔંસ છે. પ્રતિ દિન તે લગભગ ૧૨૦ ટન જેટલું વજન એક ફુટ ઉંચે ઉંચકી શકે છે. અર્થાત્ દરેક ૨૪ કલાકમાં સાધારણ હૃદયમાં ઉક્ત વજન ઉઠાવવાની શક્તિ હોય છે. પ્રત્યેક ધબકારે હૃદય ૬ ઔંસ લોહી શરીરની રગોમાં પહોંચાડે છે. પોતાની નાડીપર આંગળી રાખતાં, જો

હૃદય સુસ્વસ્થ અથવા સામાન્ય દશામાં હોય તો નાડી એક મિનિટમાં ૭૦ વાર ચાલશે, અને પ્રત્યેક વખતે ૬ ઔંસ (૩ અધોળ) લોહી શરીરની રગોમાં ફેલાશે. આ અવયવ ૨૪ કલાકમાં ૧૦૦૮૦૦ વાર અર્થાત એક વર્ષમાં ૩૦૦૦૦૦૦ વાર ધડકે છે.

મનુષ્યના જીવનની સાધારણ અવધિ ૭૦ વર્ષ છે. જે દરમિઆન ધબકારાની સંખ્યા ૨૫૦૦૦૦૦૦૦ થશે. દરેક ધબકારામાં ૩ અધોળ લોહી શરીરની રગોમાં પહોંચે છે. અને દરેક મિનિટે ૭૦ ધબકારા થાય છે. એ હિસાબે એક મિનિટમાં પોણોત્રણશેર ને બે અધોળ લોહી રગોમાં પહોંચે છે. અર્થાત્ એક વર્ષમાં એ લોહીનું વજન લગભગ ૨૩૧૮૫ શેર થયું.

પક્ષીદ્વારા ગાયન વિદ્યાની કેળવણી.

યૂરોપની એક પાઠશાળામાં છોકરાંને ગાયન શીખવવાને માટે પક્ષીઓની ઘણી મદદ લેવામાં આવે છે. જ્યારે ગાયનનો સમય થાય છે, ત્યારે પક્ષીઓ મધુર મધુર અવાજે બોલવાં મંડી જાય છે, અને આખો ઓરડો એની ચીચીઆરીઓથી ગાજી ઉઠે છે. નાની ઉમરના બાળકો એ પક્ષીઓ સાથે એની બોલીઓની નકલ કરી ગાવા મંડે છે. આ પણ જમાનાની એક બલિહારી છે ! કુદરતનો પૂરેપૂરો ઉપયોગ કરવો અને સૃષ્ટિકર્તાની પ્રત્યેક ચીજ કોઇને કોઇ પ્રકારે માણસના હિતને માટેજ છે એની સિદ્ધતા, આ બુદ્ધિવાદના જમાનાનો મહાન્ આશય છે !

માથાંનાં વાળનાં વસ્ત્ર.

જાપનીઓએ માણસના માથાંના વાળના કપડાં બનાવવાં શરૂ કર્યાં છે. જાપાનની સ્ત્રીઓના વાળ લાંબા, સુંવાળા, ચળકતા, અને ચીવટ હોય છે. અમેરીકા અને ફ્રાન્સમાં એ વાળની ઘણી સારી કદર થાય છે. એઓ એ વાળને રંગી રેશમની સાથે મેળવી ફીટ વગેરે જાતનું કાપડ બેનાવી વેચે છે. જે કાપડ એક ગજના અમુક પૌંડે વેચાય છે. આ વાળનો વેપાર ઘણો સારી રીતે ચાલે છે. ચાલો ઠીક છે. ઘેટાંની માફક સ્ત્રીઓના વાળની પણ ઠીક કદર થવા લાગી છે. સ્ત્રીઓના મોહા પ્રયત્ને વધતા પરંતુ નકામા જતા વાળનો આવો સદુપયોગ થતો જોઇ પાશ્ચાત્ય દેશના બુદ્ધિમંતો પ્રતિ આશ્ચર્યસહ સન્માન ઉત્પન્ન થયા વિના રહેતું નથી.

પ્રકીર્ણ.

સર્વે રથળે મળી પોસ્ટની ટિકિટ એકવીસ હજાર કરતાં પણ વધારે જાતની છે.

સત્તરમા સૈકામાં પુરૂષ પોતાની પત્ની અથવા છોકરાંને ચૂંબન કરે એ ઇંગ્લંડમાં ભારી શિક્ષા થવા જોગો ગુન્હો ગણાતો. હવે ભર મનુષ્યની મેહની વચ્ચે પણ એવા કૃત્યથી કોઇને આશ્ચર્ય લાગતું નથી. અર્થાત્ હવે ત્યાં એવો શિરસ્તો થઇ ગયો છે. ઉલટું આ પ્રમોદે ચુંબન ન લેનાર ગમારમાં ગણાય છે.

એક જર્મન કારીગરે એક વિલક્ષણ ઘડીયાળ શોધી કાઢયું છે. તેણે ઘડીયાળ સાથે ફોનોગ્રાફની યોજના કરી છે. ઘડીયાલમાંનું ફોનોગ્રાફ મધુર અવાજથી કેટલા વાગ્યા તે બોલે છે.

એક ઉંદરના જોડાંથી ત્રણ વર્ષમાં ત્રણ હજાર પ્રજા ઉત્પન્ન થાય છે.

તોર્વે દેશમાં પતિપત્ની બંને સાથે હોય તો દોઢગણા દરથી રેલ્વેમાં મુસાફરી કરવા દે છે હિંદુસ્થાનની રેલ્વે કંપનીઓએ આવો સુધારો કરવો ઘટે છે.

દુનીઆના સુધરેલા દેશો પૈકી કોઇપણ કરતાં રશિઆમાં ડૉક્ટરોની સંખ્યા ઘણી ઓછી છે.

તંત્રી.

અશક્તાશ્રમની પહોંચ.

લેડી વિલિંગ્ડન અશક્તાશ્રમ—રામપુરા—સુરત.

મહેરબાન "સત્સંગ" પત્રના અધિપતિ સાહેબ,

નમ્રતાપૂર્વક સલામ સાથે વિનતિ જે સદરહુ આશ્રમમાં નીચે મુજબની મદદ દેશદાઝવાળા વીરપુરૂષોએ મોકલવા કૃપા કરી તે બા. સેક્રેટરી ડો૦ ડી. જે. એદલજીહરામ ઘણા માન તથા આભારસહ સ્વીકારે છે. રૂપીઆ એકની અંદરની પહોંચ રવાનાભાવથી લીધી નથી, પરંતુ તેમનો આભાર પણ ઓછો નથી.

તા. ૧ થી તા. ૩૧–૧૦–૧૫ સુધીમાં મળેલી મદદની યાદી.

૧–૦–૦ પારેખ ઇશ્વરલાલ પ્રાણજીવનદાસ વાડીફળીઆ રણછોડદાસ વકીલની શેરી.

૧–૦–૦ શા. વીજભુખણદાસ પરમાનંદદાસની બોળાઇ ઘી કાંટા.

૧–૦–૦ જમનાદાસ પ્રેમચંદની ધણીઆણી નવાપરા.

૬–૦–૦ મેહરબાન એમ. એસ અડવાણી સાહેબ તરફથી માસીક મદદ

૧૦–૦–૦ શેઠજી સોરાબજી રૂસ્તમજી સુનાવાળા શંકર શેઠના દેરા પાસે તાડદેવ મુંબઇ.

૧–૦–૦ શેઠ ફેખશરૂ નસરવાનજી શાહેર નાનપરા.

૨–૦–૦ શેઠ છબીલદાસ ગુલાબચંદ હરીપરા

૧–૦–૦ એક શખ્સ અહરય વાડીફળીઆ.

૧૦–૦–૦ ખુદાવંત મે૦ સચીનના નવાબ સાહેબ માસીક મદદ.

૨–૦–૦ મીસીસ એમ. એ. અડવાણી સાહેબ.

૨–૦–૦ શા. પ્રાણજીવનદાસ સીવલાલ માંડવાલા વાડીફળીઆ.

૧૨–૦–૦ સૌ બેન જમનાબાઇએ પોતાના પીતાશ્રી દલ લમાચેકલાલ ભગુભાઇના પુન્યાર્થે શ્રી રામચંદ્રજીની બેટના, ઘીના દીવા સારૂ

૭–૦–૦ શેઠ નગીનદાસ મગ્ગનલાલ હસ્તક આવેલી રકમ.

૪–૦–૦ શેઠ શોમાભાઇ દેશાઇ ભાઇ પાલેજ

૧–૦–૦ શેઠ કેશવલાલ ભગનલાલ

૧–૦–૦ મીઆ ગોવર અલ્લી મારી ,,

૧–૦–૦ શેઠ હુશેનુદીન તુરદીન,,

૧–૦–૦ ઇશ્વરલાલ નથમીદાસ પારેખ વાડીફળીઆ રણછોડદાસ વકીલની શેરી.

૧૦–૦–૦ કે. કે. સુનાવાલા સબ જજ સાહેબ ભુશાવળ

૧–૦–૦ જી. આર. ગોખલે વકીલ સાહેબ,,

૨–૦–૦ વી. શી. વકીલ ,,

૧–૦–૦ ડબલ્યુ. વી. દારતાને ,,

૧–૦–૦ આર. પી. દેશમુખ ,,

૨–૦–૦ કે. એસ. પાટણકર ,,

૫–૦–૦ એદલજી અને અરદેશર કાવસજી અમરાવતીવાલા ભુશાવળ

૧૦–૦–૦ જમનજી પેસ્તનજી અમરોલીવાલા ભુશાવલ

૫–૦–૦ જમનજી આર. કોટવાલ ,,

૨–૦–૦ પીરોજ હો. દસ્તુર ,,

૫–૦–૦ રૂસ્તમ તથા જહાંગીરજી મંચેરજી પરેલ ,,

૨–૦–૦ દાદાભાઇ પેસતનજી ,,

૫-૦-૦ મંચેરજી માણેકજી ગણદેવીઆ,,
૧-૮-૦ ગણેશ નારણ ઓકઘુહેજુ. મ્યુ. નીસીપાલેટીના ચીફ ઑફીશર.
૫-૦-૦ શેઠ બરજોરજી ફરામજી કેળાવાળા ભુશાવળ
૧-૦-૦ કુંભાર ડાપા કરથન ,,
૧-૦-૦ પીરોજશા પેસ્તનજી અમરોલીવાલા ,,
૨-૦-૦ પેસ્તનજી હોરમસજી અમરોલીવાળા
૨-૦-૦ કેખશરૂ જહાંગીરજી શરાફ ,,
૫-૦-૦ અરદેશર રૂસ્તમજી કોટવાલ એનજીનડ્રાઇવર ભુશાવલ
૩-૦-૦ રૂસ્તમજી બહેરામજી બત્તીવાલા ધ. ડ્રાઇવર ભુશાવલ ,,
૩-૦-૦ એફ. એસ. કેકોબાર ગવર્નમેંટ ટેલીગ્રાફ ઓફીસ.
૧-૧૦-૦ મ્યુનસીપાલીટી કચેરીના કારકુન તરફથી હા. ચદાસીવ હેડ કારકુન,,
૮-૩-૦ ભુશાવલ એ. વ. સ્કુલ તરફથી W. R. Madholkar.
૧-૬-૦ એ. વી. સ્કુલના છોકરાઓ તરફથી હા. હેડ માસ્તર ,,
૧-૪-૦ નંબર ૧ની શાળાના માસ્તરો તરફથી હેડ માસ્તર ,,
૫-૦-૦ શેઠ કેખશરૂ જહાંગીર પ્રિન્ટીંગ પ્રેસ
૫-૦-૦ શેઠ ફરામજી કાવશજી પટેલ ભુશાવલ
૧-૦-૦ નવરોજી પેસતનજી બાલાપરીઆ,,
૧-૦-૦ ધનજીશાહ કાવશજી અમરોલીવાલા ,,
૨-૦-૦ રૂસ્તમજી કાવશજી ,,
૩-૦-૦ આરદેશર કાવશજી ,,
૨-૦-૦ શેઠ નથરવાનજી બરજોરજી ડ્રાઇવર ,,
૨-૦-૦ શેઠ માણેકશા હોરમશજી ડોકટર,
૧-૦-૦ મરહુમ દોરાબજી હોરમશજી ,,
૧-૦-૦ બરજોર કુવરજી ડ્રાઇવર ,,
૨-૦-૦ માણેકશા દોરાબજી અમરોલીવાલા ડ્રાઇવર ,,
૨-૦-૦ હોરમશજી કુંવરજી ડ્રાઇવર ,,
૧-૦-૦ શેઠ પેશતનજી કુંવરજી ફાયરમેન ,,
૨-૦-૦ જહાંગીરજી દોરાબજી કલકાટી ડ્રાઇવર ,,
૧-૮-૦ હો. એ. મશાની પ્રેસ ભુશાવળ
૧-૦-૦ ઐદલજી કુવરજી મસાવલા ,,
૧-૦-૦ સોરાબજી મંચેરજી ધડીઆલી ,,
૨-૦-૦ શોરાબજી માણેકજી ખીલીમોરીઆ,
૧-૦-૦ શોરાબજી માણેકજી પાવરી ,,
૫-૦-૦ ફરામજી રતનજી નરીમાન ,,
૧-૦-૦ જીવણજી કુવરજી માખણીઆ ,,
૧-૮-૦ પેશતનજી હીરજીભાઇ ,,
૧-૦-૦ જહાંગીર પેશતનજી ,,
૧-૮-૦ બરજોરજી હીરજીભાઇ ,,
૧-૦-૦ પે. ધ. પટેલ ,,
૩-૦-૦ ફરામજી હોરમશજી ભદર ભુશાવળ
૨-૧-૦ ડી. ડી. ભાવે ગવરમેન્ટ ટેલીગ્રાફ ઑફીશ ,,
૧-૦-૦ વામન વી. કેલકર વકીલ ,,
૨-૦-૦ લક્ષમણ નારાયણ ,, ,,
૨-૦-૦ ડોંગરજી કે. પાટીલ કોટ ભુશાવલ ,,
૫-૦-૦ શેઠ ગુલાબચંદ નારમલ ,,
૫-૦-૦ મુલચંદ ધનજી ,,
૨-૦-૦ કનૈઆલાલ વીઠલ ,,
૩-૦-૦ છોરમલ હીરાલાલ ,,
૧-૦-૦ જીતરમલ મોતીરામ ,,
૨-૦-૦ કીશનલાલ હરકરણ ,,
૧-૦-૦ વીઠલદાસ રામપ્રસાદ ,,
૧-૦-૦ શેઠ નથમલ હજારીમલ ,,

૨–૦–૦ શેઠ હશનઅલી મહમદઅલી ,,
૧–૦–૦ પ્રસમાધલ અલાજખસ ,,
૧–૦–૦ રતનલાલ ભોલારામ ,,
૧–૦–૦ ભુરામલ ભુધમલ ,,
૧–૦–૦ હજારીમલ લછીરામ ,,
૪–૦–૦ શેઠ સીવબક્ષ રામચંદ ,,
૩–૦–૦ કેળાપીઠના તંબોલીના પંચ તરફથી હા. શા. પ્રચ્છારામ મોતીરામ સુરત
૧–૦–૦ મુબઇવાળા મંગલદાસ રંગીલદાસ તરફથી બહેન સીવગંગા મોતીરામ ખાંડવાલા માસીક
૧૭–૭–૬ શા. ડાહ્યાભાઇ પાનાચંદ રૂવાલાએ મેવા લાંપસીના જમણના ખરચનો આપ્યો તે કલજુગ મહોલ્લા હરીપુરા
૫–૦–૦ નાનપુરાની કણીઆની પંચ તરફથી હા. રતનચંદ પુલચંદ
૧–૦–૦ શા. નગીનદાશ નરોતમદાસના છોકરાના પુન્યાર્થે હરીપુરા
૨–૦–૦ લીમડાચોકના કાપડ બજારના પંચ તરફથી હા. શા. જીવણલાલ જેકીશનદાશ
૧–૮–૦ શા. રંગીલદાશ જમનાદાસની છોકરીના છોકરા બાબુના પુન્યાર્થે સોનીફળીઆ
૨–૦–૦ શેઠ છગનલાલ હરદેવ બજાર બુશાવલ
૧–૦–૦ મુધોલકર ઉમરાવતી
૧–૦–૦ એક ગૃહસ્થ બુશાવળ
૨–૦–૦ બાળકશાન વીઠલ કેળકર પો. કચેરી ,,
૧–૦–૦ ગોવીંદ બાબાજી પવાર શાળ રજીસ્ટર ,,
૧–૦–૦ આત્મારામ કેશવ કુલકરણી કચેરી ,,
૧–૮–૦ મુનીસીપાલ મરાઠી રકુલના હેડમાસ્તર નારણ ગંગાધર રાવેર
૧–૦–૦ શેઠ પીરોજશાહજી કાવશજી મહેતા ગામડીઆ પ્રેસ. રાવેર પુર્વખાનદેશ
૫–૦–૦ અગરવાલા શેઠ દેવીદાસ દેવલાલ રાવેર ,,
૧–૦–૦ શેઠ પ્રચ્છારામ રાજારામ ગીતોડવાલા બજાર રાવેર
૧–૦–૦ શેઠ તારાચંદ હીરાચંદ બડાપતા રાવેર
૧–૦–૦ શેઠ ગુરૂ લાલચંદ હા. હરીસીપતી ચીતોડવાલા રાવેર
૧–૦–૦ રતનજી સોરાબજી વાણીયા રાવેર બજાર
૧–૦–૦ જહાંગીર મંચેરજી પટેલ ,,
૧–૮–૦ કુંજલાલ દેવચંદ અગરવાલા ,,
૧–૦–૦ બાજીરાવ ફકીરચંદ વાણીયા ,,
૧–૦–૦ રા. સાહેબ ગણેશ ગુંજાધર નાનુ ફોરેસ્ટ રેન્જર રાવેર
૬–૦–૦ રા. ભીમરાવ ગુરૂરાવ ચીફ્રેડસ ,,
૧–૦–૦ રા. લીલકંઠ શંકરધોળ પોલીસ સ્ટેશન ,,
૧–૦–૦ શેઠ હથીભીંચા મુનીરભીંચા પોલીશ ,,
૨–૦–૦ રા. રા. રઘુનાથરાવ જેકૃષ્ણ દેશમુખ દેશ પાંડે ,,
૧–૦–૦ મામલતદાર સાહેબ આનંદરાવ આબાજી ,,
૧–૦–૦ શેઠ દામોદરદાશ રણછોડદાશ ,,
૧–૦–૦ ધનજીભાઇ પાલણજી બોધવડ તા. બુશાવળ
૧–૦–૦ ચેસ્તનજી પાલણજી વજીફદાર બોધવડ તા. ,,
૧–૦–૦ રૂસ્તમજી કાવશજી ઉટીઆવાલા બોધવડ ,,

૫-૦-૦ શેઠ હીરજીભાઈ દાદાભાઈ બો- મ્બવાલા ,,
૧-૦-૦ ઝવેરલાલ ઉદાલાલ ઇજનેર જીનીંગ ફેકટરી ઓધવડ
૫-૦-૦ શેઠ જમશેદજી મહેરવાનજી કં ત્રાકટર ઓધવડ
૧-૦-૦ મે. કૃષ્ણાજી ભાસકર ગોખલે સ્ટેશન માસ્તર ઓધવડ
૧-૦-૦ શંકરરાવ દાજીબા હાઇમેકોપર ઓધવડ
૫-૦-૦ રા. વાસુદેવ વ્યંકટેશ પી. વ. ઇન્સ્પેકટર ઓધવડ
૧-૦-૦ રા. પાટીલ જગદેવની લીસીંગ નાંદગામ
૧-૦-૦ પા. માધવ ચાંગો ,,
૧-૦-૦ એસ. એ. કુલકરણી સબ ઇન્સપેકટર ઓધવડ
૩-૦-૦ શેઠ મોતીલાલ રામધન ,,
૨-૦-૦ કૃષ્ણરાવ છોડોબા દેશમુખ ,,
૧-૦-૦ શેઠ ભંકટલાલ ગણપતલાલ ,,
૧-૦-૦ રાધા કીશન ચુનીલાલ ,,
૧-૦-૦ મુલતાન તનસુખદાસ ,,
૧-૦-૦ રઘનાથદાસ લક્ષમણદાસ ,,
૧-૦-૦ મુલચંદ લાલચંદ રઘનાથ ,,
૧-૦-૦ માનમલ ચંદમલ ,,
૧-૦-૦ શ્રીકૃષ્ન રામગોપાલી ,,
૧-૦-૦ માલસી પુંજા ,,
૧-૦-૦ લાધુરામ જીવણરામ ,,
૧-૦-૦ મે૦ ખાનબહેબ વજીરભાઇ હીદાયત ઓ. સે. મે. ,,
૧-૦-૦ ઝવારમલ રામધન ,,
૧-૦-૦ હીરા સુરસંગ ચેતુસીંગ ,,
૧-૦-૦ કૃતેરાજ સીવનાથ ,,
૧-૦-૦ માદાવીર માતાદીન ચરીણ ધગોરદાર ઓધવડ
૧-૦-૦ મરેઠી શાળાના હેડ માસ્તર આસીસ્ટંટ માસ્તર તરફથી
૧-૦-૦ ડેપ્યુટી સ્ટેશન માસ્તર બાજી ભાવ
૧-૦-૦ રામજી લક્ષમણ નાડ ગામ સ્ટેશ
૧૧-૦-૦ શેઠ છગનલાલ નરસીદાસ ગામ તાલુકે ભુસા
૫-૦-૦ તુકારામ હરી ચોધરી ,,
૪-૦-૦ કાસીનાથ બાલાજી વરણ
૬-૦-૦ અંબારામ દયારામ ,,
૨-૦-૦ રંગુ ભુલાખી ,,
૨-૦-૦ કચ્છી ગની હાજી કારામ ,,
૨-૦-૦ દેવરામજી મંચેરજી દારૂવાલા શાડી વારણા ગામ
૧૦-૦-૦ શેઠ ચુનીલાલ ગંગાદાસ વરણ
૪-૦-૦ હીરાચંદ નંદલાલ
૫-૦-૦ ગણેશરામ દેવચંદ
૧-૦-૦ ચંદુલાલ શુખલાલ
૨-૦-૦ ગોરધનદાસ ગંગાદાસ
૨-૦-૦ શેઠ હાજીદાઉદ હાજીકાસમ
૨-૦-૦ હરી સાંકુ ચોધરી ટાકલી
૨-૦-૦ શા. મુ. ગોવીંદા માહાજન
૨-૦-૦ મરેઠીશાળા નં. ૧ના હેડ મ વરણ
૨-૦-૦ રામુ ગનુ વાતી
૧-૦-૦ મોતીરામ બાજીરામ
૨-૦-૦ તુકારામ ગંગારામ
૧-૦-૦ બાબા સાહેબ દેશમુખ
૨૫-૦-૦ અમદાવાદ થનકવાસી મંડળ... તળીઆનીપોળ
૧-૦-૦ ગોવીંદરામ મુળશંકર નગારા અશ્વનીકુમારના ગલ્લામાં
૫-૦-૦ શેઠ જગમોહનદાસ પ્રાણજીવન વરાડ
૧-૦-૦ શેઠ નાથુ જેઠાજી મહુવા

પંચાંગ.

સંવત્ ૧૯૭૨ના કાર્તિક વદિ ૧થી સંવત ૧૯૭૨નામાર્ગશીર્ષ સુદી ૧૫ તા. ૨૨-૧૧-૧૫થી તા૦ ૨૧-૧૨-૧૯૧૫ સુધી.

તારીખ.	વાર.	તિથિ.	નક્ષત્ર.	તિથિ વદી-પળ.	વિશેષ હકીકત.
૨૨	સોમ	વદ ૧	કૃતિકા	૪૪-૨૯	
૨૩	મંગળ	૨	રોહિણી	૪૯-૩૮	
૨૪	બુધ	૩	મૃગશિર્ષ	૫૪-૪૬	
૨૫	ગુરૂ	૪	આર્દ્રા	૫૯-૪૩	સંકષ્ટ ચતુર્થી.
૨૬	શુક્ર	૫	પુનર્વસુ	૬૦- ૦	
૨૭	શનિ	૫	પુષ્ય	૩-૨૭	
૨૮	રવિ	૬	આશ્લેષા	૬-૨૨	
૨૯	સોમ	૭	મઘા	૮- ૮	
૩૦	મંગળ	૮	પૂર્વાફાલ્ગુન	૮-૩૪	
૧	બુધ	૯	ઉત્તરાફાલ્ગુન	૭-૪૦	ખ્રીસ્તી ડીસેમ્બર માસ બેઠો.
૨	ગુરૂ	૧૦	હસ્ત	૫-૨૯	
૩	શુક્ર	૧૧	ચિત્રા	૨-૨૦	ઉત્પત્તિ એકાદશી.
૦	શુક્ર	૧૨		૫૫-૫૮	બારસનો ક્ષય છે.
૪	શનિ	૧૩	સ્વાતિ	૫૩-૧૭	
૫	રવિ	૧૪	વિશાખા	૪૮- ૬	
૬	સોમ	૩૦	અનુરાધા	૪૨-૨૭	સોમવતી અમાસ.
૭	મંગળ	સુદ ૧	જ્યેષ્ઠા	૩૬-૩૩	માર્ગશીર્ષ માસ બેઠો.
૮	બુધ	૨	મૂળ	૩૦-૪૨	આંદરાત.
૯	ગુરૂ	૩	પૂર્વાષાઢા	૨૫- ૬	
૧૦	શુક્ર	૪	ઉત્તરાષાઢા	૧૯-૫૪	વિનાયક ચોથ.
૧૧	શનિ	૫	શ્રવણ	૧૫-૨૦	પંચક ૩૫-૪૨ પછી બેસે છે. નામ પંચમી.
૧૨	રવિ	૬	ધનિષ્ઠા	૧૦-૩૬	ષષ્ઠા ષષ્ઠી.
૧૩	સોમ	૭	શતતારા	૮-૪૯	
૧૪	મંગળ	૮	પૂર્વાભાદ્ર.	૭-૧૭	
૧૫	બુધ	૯	ઉત્તરાભાદ્ર.	૬-૪૮	ધન રાશિનો સૂર્ય.
૧૬	ગુરૂ	૧૦	રેવતિ	૭-૪૯	પંચક ૫-૫૯ સુધી છે.
૧૭	શુક્ર	૧૧	અશ્વિની	૧૦- ૨	મોક્ષદા એકાદશી.
૧૮	શનિ	૧૨	ભરણી	૧૪-૨૪	
૧૯	રવિ	૧૩	કૃત્તિકા	૧૭-૪૫	
૨૦	સોમ	૧૪	રોહિણી	૨૨-૪૩	
૨૧	મંગળ	૧૫	મૃગશીર્ષ	૨૭-૫૯	શ્રી મોટી અંબાજીની યાત્રા, દત્તજયંતિ.

સાહિત્ય ક્ષેત્રમાં નવીન પુષ્પ.

સુજ્ઞ મહાશય!

અમારા તરફથી એક તદ્દન નવીન નવલકથા ટુંક સમયમાં પ્રસિધ્ધ થનાર છે, અને તે કેવી અને કેટલી ઉત્તમ છે, તથા તેમાં કેવા કેવા વિષયોનો સમાવેશ કરવામાં આવેલો છે, તેની સંપૂર્ણ પ્રકરણવાર માહિતી આ સાથે આપવામાં આવેલ છે, આશા છે કે આપ ઉક્ત પુસ્તકના ગ્રાહક થશોજ એમ ધારી આ પત્ર, ડેન્ડબીલ તથા ઓડર ફોર્મ આપના ઉપર મોકલવામાં આવેલ છે, તો આપ મહાશય પોતે તથા પોતાના મિત્રમંડળમાં ભલામણ કરી અગાઉથી ગ્રાહક થનાર તરીકે નામ નોંધાવશો. ઓર્ડર ફોર્મ આ સાથેનું ભરી મોકલશો, તેમજ બીજા જોઇતા માલનો ઓર્ડર આપશો. હાલ એજ વિનતિ

લી૦ ચુ. મ. શાહ.

☛ તાકીદે નામ નોંધાવો! આજેજ ગ્રાહક થાઓ!

દરેક દરેક વિષયથી ભરપુર, લાયબ્રેરીના શણગારરૂપ નવીન નવલકથા. સાંસારિક ધાર્મિક અને રાજકીય વિષયોથી ભરપુર, વીર, શૃંગાર કરૂણા અને હાસ્યરસથી છલબલ અતિ ઉત્તમ બોધપ્રદ નવીન નવલકથા.

ઉમા સુન્દરી.

ભાગ ૧-૨ સાથે

લગભગ ૪૫૦ પૃષ્ઠ, ઉત્તમ કાગળ, સળંગ છીટનું મનમોહક સુવર્ણ અંકિત બાઇડીંગ્સ છતાં કીંમત માત્ર રૂા. ૧-૮-૦ અગાઉથી

ગ્રાહક થઇ નામ નોંધાવનારને માત્ર ૧-૪-૦

અગાઉથી આશ્રય આપનાર મહાશયનાં સુણારક નામ પુસ્તકની દરેક દરેક નકલમાં પ્રસિદ્ધ કરવામાં આવશે. માટે તમારૂં નામ આજેજ નોંધાવો. આવી સોનેરી તક ગુમાવશો નહી.

હાથ કંકણને જોવા માટે આરસીની જરૂર રહેતી નથી. કસ્તુરીની સુવાસ માટે સર્ટિફીકેટ હોતું નથી, તેમજ ઉક્ત પુસ્તકની વધુ પ્રશંસા નહિ કરતાં તેમાં આવેલાં પ્રકરણો આ નીચે આપીને તે તરફ આપશ્રીનું ધ્યાન ખેંચીએ છીએ, જે ઉપરથી પુસ્તકની વસ્તુ સંકલના યથાઘટિત સમજાયા સિવાય રહેશે નહિ.

ભાગ ૧ લો—૧-ભાઈ બહેન. ૨-બંગીચો. ૩-ઉમાનું શયનગૃહ. ૪-ભયંકર સ્વપ્ન. ૫-ભવિષ્યની રાજરાણી. ૬-રાજકુમાર. ૭-ભીષ્મ પ્રતિજ્ઞા. ૮-આશા સફળ થઈ. ૯-પ્રધાનની પ્રપંચ જાળ. ૧૦-આન્દોલન. ૧૧-ધર્મ સંકટ. ૧૨-મિત્રોપદેશ. ૧૩-સંગતિદોષ. ૧૪-કન્યા નિરીક્ષણ. ૧૫-સૌન્દર્ય મોહ. ૧૬-વિચિત્ર ઘટના. ૧૭-કલકત્તામાઉમાસુન્દરી. ૧૮-મનોરમા. ૧૯-નિરૂપમા. ૨૦ શરચ્ચંદ્ર. ૨૧-મહાત્મા ૨૨-નિરાશામાં આશાનું કિરણ. ૨૩-અપૂર્વ દૃશ્ય. ૨૪-ગુપ્ત સંકેત. ૨૫-લગ્નના બણકારા. ૨૬-વધામણી. ૨૭-બી સ્વભાવ. ૨૮-એક નવીન સંકેત. ૨૯-રીત રિવાજ. ૩૦-લગ્ન.

ભાગ ૨ જો—૩૧-વિદાયગીરી. ૩૨-રંગમાં ભંગ. ૩૩-ઘોષ બાણ, ૩૪-દિવાનની દુર્જનતા. ૩૫-કારસ્થાન. ૩૬-માતૃ ઘાતક. ૩૭-પોલિટિકલ એજંટની ધમકી. ૩૮-પાસા ઉંધા પડયા. ૩૯-દાદીમા. ૪૦-ચંદ્રિકા. ૪૧-સત્યનોજય. ૪૨-સહધર્મિણી ૪૩-રાજ્યમહેલ. ૪૪-રાજ્ય લક્ષ્મી. ૪૫-પત્ની મીલન. ૪૬-અન્તર્ધાન. ૪૭-પડતા પર પાટુ. ૪૮-પાપ ભાગી. ૪૯-ચિત્ત વ્યથા. ૫૦-પ્રાયશ્ચિત. ૫૧-શોકાવશેષ. ૫૨-પતિ ભક્તિ. ૫૩-શબ્દબાણ. ૫૪-મિત્ર ધર્મ. ૫૫-વિયોગ. ૫૬-વિચારમાળા. ૫૭—દેશમાં અશાન્તિ. ૫૮-વિધિ નિર્માણ. ૫૯-ભ્રાન્તિ નિવારણ. ૬૦-જાતીય કર્તવ્ય. ૬૧-મૈત્રી. ૬૨-દિવ્યજ્ઞાન. ૬૩-માતૃ મંડળ. ૬૪-પવિત્ર પ્રેમ. ૬૫-બ્રહ્મચારિણી. ૬૬-જીવન સાફલ્ય. ૬૭-સંન્યાસિની અને ઉપસંહાર.

વાંચક મહાશય ! આપને આથી વિશેષ માહિતીની જરૂર છે ? હવે જો તમારી ઈચ્છા ધર્મ, સંસાર અને વ્યવહારની શ્રેષ્ટતા પ્રાપ્ત કરવાની હોય તો આજ ને આજ વગર ઢીલે આ સાથેનું ઓર્ડર ફાર્મ ભરી મોકલો. પુસ્તક તૈયાર થએ વી૦ પી૦થી રવાને કરવામાં આવશે. આવી અમૂલ્ય તક આપને કવચિત્જ મળશે. વળી ઉક્ત પુસ્તકની બે હજાર પ્રત પ્રકટ થવાની હોવાથી જલ્દી ખબર આપનારા અને વેપારીઓને ઉત્તમ સાધન થઈ પડશે.

ફકત એકજ ફર્માની ચુંટી કહાડેલી જા. ખ. લેવાની હોવાથી તાકીદે તમારી જાહેર ખબર મોકલાવી ભાવ માટે પુછાવો.

ચુનીલાલ મગનલાલ બુકસેલર.

માલેક

મનહર પુસ્તકાલય લીમડાચોક—સુરત.

રા. બા. હરગોવીંદદાસ કાંટાવાળાનો અભિપ્રાય—

" શ્રીબોધ—એ માસિક એટલું ઉપયોગી ને લોકપ્રિય છે કે તેનાં હિંદુ ગ્રાહક ઘણા છે. એની જોડની મૂકી શકાય એવું એક પણ માસિક ગુજરાતીઓને હાથ નિકળતું નથી."

' સાહિત્ય ' માસિકનો અભિપ્રાય—

" શ્રીબોધનો ઓગસ્ટનો અંક ઘણો સુંદર છે...ચાલુ વાતો ' ગુમારતાની મતી' તથા સ્નેહ કે મોહ ' એ ઊંચી પ્રતિની નવલકથાઓ છે. "

શ્રીબોધનું વાર્ષિક લવાજમ રૂા. ૧॥.

શ્રીબોધમાં આવી ગયલી રસિક વાર્તાઓ. પ્રસિદ્ધ લેખક રા. ભોગીન્દ્રરાવ દીવેટીયા કૃત

ચમેલી—(આજ પુસ્તકમાં બીજી ૩૫ વાર્તા અને ૮૨ ચિત્રો પણ છે) રૂ. ૧॥, પોસ્ટ ખર્ચ ચાર આના.

તરલા—બીજી ૩૭ વાર્તા અને ૧૨૧ ચિત્રો સહિત રૂા. ૨ (ટપાલ ખર્ચ ચાર આના.)

સ્નેહ કે મોહ (શ્રીબોધમાં ચાલે છે) જુનથી અંક મંગાવો. ચૌદ આના (ટપાલ ખર્ચ)

લખો—શ્રીબોધ આફીસ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ (૨)

શ્રીમંતોના ઘરનો સુપ્રીન્ટેન્ડન્ટ કોણ ?

મેસર્સ ટી. અમીચંદની કું૦ ની

ફાયરપ્રુફ ત્રીજોરીઓ.

જો તમારા ધનમાલનું રક્ષણ કરવું હોય, ચોરોની અને ભયંકર આગની ધારતીથી બચવું હોય, તેમજ દગાદટકાથી દૂર રહેવું હોય તો જરૂર હમારા જુના અને અનુભવી કારીગરોના હાથની બનાવેલી એકાદ તીજોરી વાપરવાની હમો ખાસ ભલામણ કરીએ છીએ. હમારે ત્યાં બીજને પણ ઘણી જાતના હામો બને છે.જરૂરનાં કે નવી નવી ફેશનના જમાનાને અનુસરતા મન પ્રસન્ન તીજોરીના, કેશબોક્ષના, કબાટના તથા તાળાઓના ડીઝાઇનો એવાં તો સુંદર અને મજબુત બને છે કે માત્ર એક વખત જોવાથીજ ખાત્રી થઇ શકે છે. હાલમાં લડાઇને લીધે લોખંડના ભાવો ઘણાજ વધી ગયા છે. છતાં હમોએ હમારા માલના ભાવો બીલકુલ વધાર્યા નથી માટે આવી તક ન ગુમાવતાં એકાદ તીજોરી ખરીદી લેવાની હમો ખાસ ભલામણ કરીએ છીએ. હમારી તીજોરી ફાયરપ્રુફ નથી એવું સાબીત કરનારને રૂા. ૧૦૦૦)નું ઇનામ આપવામાં આવે છે.

મેસર્સ ટી. અમીચંદ એન્ડ કું૦

કબૂતરા ખાના—સુરત.

सत्संग.

काव्यशास्त्रविनोदेन कालो गच्छति धीमताम् ।
व्यसनेन तु मूर्खाणाम् निद्रया कलहेन वा ॥

પુસ્તક ૭ મું. અંક ૫ મો.	[માસિક.]	માર્ગશિર્ષ. સં. ૧૯૭૨

વિરહવાણી.

વિભુ ! વેદના વિરહે વધી, કયમ દિલદરદ દહતો નથી ?
આપણ હતા બે એક એ ઘટના તું કયમ સ્મરતો નથી ?
વિખુટો કર્યો જે દિવસથી દિલદાર ! કંઈ ગમતું નથી !
ખાવું-પીવું કે બેસવું અફસોસ ! કંઈ રૂચતું નથી !
શા માટ દીધો દેહ એ પરિપૂર્ણ સમજાતું નથી !
કયારે થશે સંયોગ એ પણ કોઇ અહિં કહેતું નથી !
દુનિઆ થઇ દોજખ વિભુ ! દિલથી કશું ચહાતો નથી !
અંતર વધી વણ વેદના મરહમ મને મળતો નથી !
મમ ચક્ષુ સીનાને ચીરે આલમ દિલે રહેમત નથી !
બેઆર બેમોતે મરૂં તલબાર મમ કિસ્મત નથી !
નાદાન છું, ઐયાન છું, તુજ ધ્યાન આવડતું નથી !
મુજ દુઃખનું વિશ્રામ સ્થળ વિભુ ! કોઇ અહિં જડતું નથી !
ભૂલું-ભમું કે રોઉં પણ શાન્તિ જરી મળતી નથી !
અફસોસ ! ત્યાગું તોય રે ! જંજાળ ના ટળતી નથી !

ત્યાગી ફીકર ફકીરી ધરે તેનેય તું ! મળતો નથી !
કર ! દર ગુઝર સહુ વાંક, વિનતિ કેમ સાંભળતો નથી ?
કંઈ ઈશ ! મુજપર કર ! કૃપા જુદાઇ આ લાઝિમ નથી !
તું ! હું સદા બે એક એ વિભુ ! કેમ કૈં માલમ નથી ?
તુજ મ્હેર જો મુજપર સદા તો કોઇની પરવા નથી !
બ્રહ્મોઽસ્મીતિ સૂત્રો વિના તરણી બીજી તરવા નથી !

ભારતી મંદિર.
બરવાળા, તા. ધંધુકા. } ધીરજ.

પ્રાણાયામ-ધ્યાન.

(લાવણી)

આ દુનીયામાં બડા અટપટા, અજબ બેલ અબધુતનકા;
ગગન ગુફામેં ગુપ્ત શેહેર જ્યાં, ડરપ નહીં જમદુતનકા !
પંચ પંચ યમ નિયમ સાધકે, ધોતી નેતી કરતા હે,
દેહ પ્રાણકી શુદ્ધિયું કરકે, ધ્યાન નિરંતર ધરતા હે !
ચોરાશી આસનકો સાધે, કસરત ઐસી નિત્ય કરે,
સિદ્ધાસન પદ્માસન સાધકે, સકળ દેહકો રોગ હરે !
મોહ માન મેવાશી બંકા, કામક્રોધકો કેદ કરે,
આશા તૃષ્ણા દૂર નિવારી, સત્ય નામ શમશેર ધરે !
શૂરવીર નર પુરન બેલ એ, કોઇ પુત્ર સપુતનકા.—આ દુનીયામાં
ઇંડા નારમેં શ્વાસ પુરકે, મધ્ય લાયકે સ્થિર કરે,
રેચક નારી કરે પિંગળા, પ્રાણાયામ યું સાધ્ય સરે !
પિંગળા ઇંડા યુંહી નીકાસે, ધીર ધીર યું સાધે શ્વાસા,
એક દીલમેં ઐસા કુંભક, ચતુષ્ટ કાળ નિત્ય અભિયાસા !
ધુર પ્રયાસે એહી પ્રાણસે, વ્યાતક સકળ મલઝલ જાતા,
પીછે સાધકર પ્રત્યાહાર નર, નિરમળ મન વહી દીખલાતા !
બાહ્ય વૃત્તિકો અંતર લાકે, અંતર વૃત્તિકો ગગન ભરે,
અનહદ નાદ બજે નિશવાસર, તામે મન લયલીન કરે !
દેખ દીલમેં કરી ધારના, બેલ પંચ મહા ભૂતનકા.—આ દુનીયામાં

મહુવા-કાઠિઆવાડ. } ઓધવજી રામજી મહેતા
ઑનરરી સેક્રેટરી, મહુવા ગોરક્ષક સભા.

આત્મજ્ઞાન

લેખક-રા. શામળદાસ હાનુભાઈ વાકિફ.

મોક્ષ મેળવવાના અનેક રસ્તા છે. કર્મ, ઉપાસના, જ્ઞાન વગેરે આ સર્વ રસ્તાઓ ઇષ્ટ સ્થળે પહોંચવાના માત્ર ભિન્ન ભિન્ન પંથો છે. જેમ એકજ સ્થળેથી બીજે સ્થળે આપણે જુદા જુદા માર્ગ દ્વારા જઇ શકીએ છઐ; તેમ " रुचीनां वैचित्र्यादृजुकुटिल नानापथजुषां नृणामेको गम्यस्त्वमसिपयसामर्णव इव " કેટલાક સરલ માર્ગે જાય છે કેટલાક કુટિલ-વાંકે માર્ગે જાય છે, એમ ભિન્ન ભિન્ન માર્ગો લોકો સેવે છે. પણ જેમ બધું જળ સમુદ્રમાં જાય છે, તેમ ભિન્ન ભિન્ન માર્ગે જનારા લોકોને પણ હે શિવ તું એકજ ગમ્ય છે ! આ સર્વ માર્ગમાં પૂજ્યપાદને જ્ઞાન માર્ગ ઇષ્ટ છે, તેમજ ઉત્તમ છે. " ऋते ज्ञानान्न मुक्तिः " જ્ઞાન વિના મુક્તિ નથી. એ વેદ વાક્ય અને ज्ञानाग्निः सर्व कर्माणि भस्मसात्कुरुतेऽर्जुन " ભ-ગી. નું વાક્ય જ્ઞાનનું ગૌરવ સૂચવે છે. જ્ઞાન તે અમુક વિષયનું નહિ, સાયન્સનું નહિ, ગણપતિનું નહિ, ગણિત શાસ્ત્રનું નહિ, પણ સર્વથી પર જે આત્મજ્ઞાન તે મોક્ષ મેળવવાને આવશ્યક છે.

આત્મજ્ઞાનને અમુક વિદ્યા સાથે, ધન સંપત્તિ સાથે સંબંધ નથી. કોઇ પટ્શાસ્ત્ર ને અઢારે પુરાણનો પાઠક હોય પણ તે "आत्मवत् सर्व भूतेषु " એ મહા મંત્રથી અજ્ઞ હોય છે. કોઇની પાસે પુષ્કળ ધન હોય, રાજ સેવકો હોય, પણ તે આત્મઘાતી હોય છે. રાવણ પટ્શાસ્ત્રજ્ઞાતા ને વેદ પાઠી હતો, છતાં ઘાતકી હતો. ચાણક્ય સમર્થ વિદ્વાન હતો, છતાં હજારોનાં ગળાં કાપતો. દુર્યોધનને જરાસંધાદિ, ધન સંપત્તિ યુકત હતા છતાં, પોતાનું શ્રેય કરી શકયા નહોતા, એથી ઉલટું ધન સંપત્તિ ઘણું કરી અનાચારને સહાય્યકારક છે.

સુખ-આનંદ બહુ વિધ છે, વિષયાનંદ-પાંચ ઇન્દ્રિય જન્ય પાંચ સુખો તેનાથી મેળવી શકાય છે.—રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ પણ ક્ષણિક છે વિદ્યાનંદ, આત્માનંદ અર્થાત્ બ્રહ્માનંદ, ઉપરોકત સુખોમાં આત્માનંદ સિવાયના આનંદો સાપેક્ષ સુખો છે, અર્થાત્ એક એકને મુકાબલે સુખ છે, પણ આત્માનંદ એ નિરપેક્ષ સુખ છે. આનંદનું મૂર્તિમાન સ્વરૂપ છે. આત્માનંદ એ આત્મજ્ઞાન અને આત્મ સંયમથી મેળવાય છે, આત્મા એજ સુખ દુઃખ અને સ્વર્ગ નરકનો અપાવનાર છે. "आत्मैवह्यात्मनो बंधुरात्मैव रिपुरात्मनः" અર્થાત્ આત્મા એજ આત્માનો બંધુ અને આત્માનો શત્રુ છે.

" મન જીત્યું તેણે જગત જીત્યું " એવી લોકોક્તિ આપણામાં પ્રચલિત છે. ઉત્તાનપાદના પુત્ર બાળધ્રુવજી તપ કરતા હતા, ત્યારે રાનમાં ભયંકર પ્રાણી પણ તેનાથી ડરતા, તેના મિત્ર બનતા ! એક વિદ્વાન કહે છે કે " કોઇ રાજાના પરાક્રમ વાંચી આપણે પ્રસન્ન

ત્યાગી ફીકર ફકીરી ધરે તેનેય તું ! મળતો નથી !
કર ! દર ગુઝર સહુ વાંક, વિનતિ કેમ સાંભળતો નથી ?
કંઈ ઈશ ! મુજપર કર ! કૃપા જુદાઇ આ લાઝિમ નથી !
તું ! હું સદા બે એક એ વિભુ ! કેમ કૈં માલમ નથી ?
તુજ મ્હેર બે મુજપર સદા તો કોઇની પરવા નથી !
બ્રહ્મોઽસ્મીતિ સૂત્રો વિના તરણી બીજી તરવા નથી !

ભારતી મંદિર.
બરવાળા, તા. ધંધુકા } ધીરજ.

પ્રાણાયામ-ધ્યાન.

(લાવણી)

આ દુનીયામાં બડા અટપટા, અજબ ખેલ અણધુતનકા;
ગગન ગુફામેં ગુપ્ત શેહેર જ્યાં, ડરપ નહીં જમદુતનકા !
પંચ પંચ યમ નિયમ સાધકે, ધોતી નેતી કરતા હે,
દેહ પ્રાણકી શુદ્ધિયું કરકે, ધ્યાન નિરંતર ધરતા હે !
ચોરાશી આસનકો સાધે, કસરત ઐસી નિત્ય કરે,
સિદ્ધાસન પદ્માસન સાધકે, સકળ દેહકો રોગ હરે !
મોહ માન મેવાશી બંકા, કામક્રોધકો કેદ કરે,
આશા તૃષ્ણા દૂર નિવારી, સત્ય નામ શમશેર ધરે !
શૂરવીર નર પુરન ખેલ એ, કોઇ પુત્ર સપુતનકા.—આ દુનીયામાં
ઈંડા નારમેં શ્વાસ પુરકે, મધ્ય લાયકે સ્થિર કરે,
રેચક નારી કરે પિંગળા, પ્રાણાયામ યું સાધ્ય સરે !
પિંગળા ઈંડા યુંહી નીકાસે, ધીર ધીર યું સાધે શ્વાસા,
એક દીલમેં ઐસા કુંભક, ચતુષ્ટ કાળ નિત્ય અભિયાસા !
ધુર પ્રયાસે એહી પ્રાણસે, ત્યાતક સકળ મલઝલ જાતા,
પીછે સાધકર પ્રત્યાહાર નર, નિરમળ મન વહી દીણલાતા !
બાહ્ય વૃત્તિકો અંતર લાકે, અંતર વૃત્તિકો ગગન ભરે,
અનહદ નાદ બજે નિશવાસર, તામે મન લયલીન કરે !
દેખ દીલમેં કરી ધારના, ખેલ પંચ મહા ભૂતનકા.—આ દુનીયામાં

મહુવા—કાઠિઆવાડ. } ઓધવજી રામજી મહેતા
ઑનરરી સેક્રેટરી, મહુવા ગૌરક્ષક

મનુષ્ય ત્રિદંડ ધારણ કરે, મૌન રાખે, મસ્તક પર જટા રાખે, મુંડન કરાવે, વલ્કલ ધારણ કરે વ્રત નિયમો પાળે, વારંવાર સ્નાન કરે, તપથી શરીરનું શોષણ કરે પણ જેનો આત્મા પવિત્ર નથી, વશ નથી તેને સર્વ અકળ છે-નિરર્થક છે. ખરો ધર્મ તો અહંતાનો ત્યાગ ને આત્મજ્ઞાન છે. અહંતા મોક્ષબાધક છે. એ માટે એક રમુજી દાખલો સ્વામી રામતીર્થ માંથી આપીશું. "એક બાઇએ આખા જન્મારામાં ફક્ત ગાજરનું પુણ્ય કર્યું હતું. મૃત્યુ વખતે તે ગાજર તેની સંમુખ આવ્યું, તેને લઇ તે સ્વર્ગ ભણી ગમન કરતું હતું, તે બાઇને વળગી બીજાં તેનાં સંબંધીઓ ચઢતાં ચઢતાં સ્વર્ગદ્વાર સમીપ જતાં તે બાઇએ નીચે જોયું, તો મનુષ્યોની તેણે હાર જોઇ, અને કહ્યું કે ગાજર તો મારું છે. એટલું બોલતામાંજ ગાજર ચાલ્યું ગયું, અને બાઇ સમસ્ત પરિજન સાથે પૃથ્વી પર પડી !!

"अयं निजः परोवेति गणना लघुचेतसाम्
उदारचरितानां तु वसुधैव कुटुम्बकम्"

રાતા, લીલા, પીળા, વાદળી, નારંગી, અંતરંગિ-બાહ્યરંગિ વાસાવાળા આદિ ભિન્ન ભિન્ન કાચમાં આપણી આકૃતિઓ જેમ જેમ જુદી દેખાય છે, તેમ આ સર્વ પ્રાણી માત્ર આપણા આત્માના જુદાં જુદાં રૂપ છે, એમ માણસ જ્યારે સમજે ત્યારેજ 'आत्मवत् सर्व भूतेषु' એ સૂત્ર અમલમાં મૂકી શકે 'अहं ब्रह्मास्मि, तत्त्वमसि' એ પૂજ્યપાદ શંકરની ઉક્તિઓ ત્યારેજ યથાર્થ સમજાય, બાકી ઉપર્યુક્ત ઉક્તિઓનો મિથ્યાડંબર સર્વ ધારણ કરી શકે, ને બકી શકે, તેનો કંઇ કોઇએ ઇજારો રાખેલ નથી.

આવી રીતે પોતાનામાં સર્વને અને સર્વમાં પોતાને માનનાર મનુષ્યને મિત્ર-શત્રુ, આપણું-પારકું, આદિ ભુંડી જાય છે, અને તેથીજ મોક્ષ મળે છે. સર્વ ભક્તોમાં જ્ઞાની શ્રેષ્ઠ છે. તે ભગવાનને અતિપ્રિય છે. અરે ! ભગવાન કહે છે કે મારોજ આત્મા છે. મારા આત્માનું ધારણ તેના વિના નથી. "प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः आस्थितः स हि युक्तात्मा मामेवानुत्तमां गतिम्" આત્મજ્ઞાનીને સર્વપ્રાપ્ય છે. તેને કાંઇ કરવાની આવશ્યકતા નથી, તે તો તીર્થ પરમેશ્વર સર્વ પોતામાંજ છે, એમ જાણે છે. "आत्मानदी संयमपुण्यतीर्था: सत्यः ह्रदा शीलतटा दयोर्मिः तत्राभिषेकं कुरुपाण्डुपुत्र न वारिणा शुध्यति चान्तरात्मा" ॥ અરે તે તો મનુષ્યકક્ષાને ઉલ્લંઘી આધ્યાત્મિક દશાની પરાકાષ્ટા ને પહોંચી બધા નીચે પ્રમાણે કહે છે, જગતને મિથ્યા માને છે. इतो न किंचित् परतो न किंचिद् यतो यतो यामि ततो न किंचित् । विचार्य पश्यामि जगन्न किंचित् स्वात्मावबोधादधिकं न किंचित् ॥

મનુષ્ય કેરી વસ્તુઓનો ઉપયોગ કેમ કરે છે ?

તેનું એ કારણ છે કે મનુષ્ય તે વસ્તુઓનો પ્રયોગ એટલી અધિકતાથી કરે છે જે ઉપકાર કરવાના સ્થાનમાં પ્રત્યેક રીતે તેમનો અપકાર કરે છે, અને તેમને બેહોશ કરવામાં સહાયક થાય છે ? શરાબ, તંબાકુ, અફીણ અને તે સિવાય ઘણી બીજી ઉન્માદક વસ્તુઓ એટલી જનપ્રિય કેમ થઇ રહી છે ? તેના પ્રયોગની ટેવનો જન્મજ કેમ થયો ? અને તે ટેવ સભ્ય અને અસભ્ય જાતિઓમાં આટલા વેગથી કેમ ફેલાઇ ? અને કેમ અદ્ધર્નિશ ફેલાતી જાય છે ? તેનું કારણ એ છે કે જ્યાં બીઅર, શેમ્પેન આદિનું અસ્તિત્વ નથી, ત્યાંનો જન-સમુદાય અફીણ અને કોકેનનો વ્યવહાર કરે છે. તંબાકુનું તો કંઇ કહેવાનુંજ નથી, તે તો સર્વ વ્યાપી અને સર્વ પ્રિય છે. મનુષ્ય આવા પ્રકાર પોતાના ચેતનને નષ્ટ કરવાની ચેષ્ટા કેમ કરે છે ?

કોઇ મનુષ્યને પૂછો કે તેં મદિરાપાન કેમ આરંભ કર્યું અને કેમ એકવાર આરંભ કરીને તેનો પરિત્યાગ કરી શકતો નથી ? તેનો ઉત્તર મળશે–" મદિરાપાન ઘણું આનંદદાયક હોય છે. એક વાર મદિરા પિવાથી મનુષ્યનું મન પ્રફુલ્લિત થઇ ઉઠે છે. તેનું હૃદય-કમલ ખીલી ઉઠે છે અને સૌ કોઇ તેથી પીએ છે." તે લોક જોમણે તે વિચાર કરવાને કષ્ટ કદી લીધું નથી કે મદ્યપાન હાનિકારક અથવા લાભદાયક હોય છે. તે કહેશે કે મદિરાપ્રયોગ મનુષ્યના સ્વાસ્થ્યને ઠીક રાખે છે અને તે બળને વધારે છે. તે ઘણીજ એવી એવી વાતો બકશે જે વ્યર્થ સાબિત થઇ ચુકી છે. એક તંબાકુ પીનારને પૂછીશું કે તેણે તંબાકુ પિવી કેમ આરંભ કરી અને હવે કેમ પીએ છે તો કદાચિત તે તે ઉત્તર આપશે કે " સમય વિતાડવા માટે જેને સૌ કોઇ પીએ છે તે માટે. " અફીણ ઇત્યાદિનો પ્રયોગ કરનાર પાસેથી પણ એવોજ ઉત્તર મળવાની સંભાવના છે કે "સમય વિતાડવા માટે, મનને પ્રસન્ન રાખવા માટે સૌ કોઈ પિએ છે તે માટે " તેજ પ્રાયઃ સૌના ઉત્તર થશે કે "ચિત્તને પ્રસન્ન રાખવા માટે, સમય વિતાડવા માટે, સૌ પીએ છે તે માટે. હાથ પગનું હલાવવું, પિપુડીનું વગાડવું, સિતારનું વગાડવું તે સૌ બોટું નથી, પરંતુ પ્રકૃતિના ભાંડારનો આવા પ્રકારે અપવ્યય કરવા જેને ઉત્પન્ન કરીમાં એટલાં ધન, એટલા પરિશ્રમનો વ્યય થયો છે તેનો એક પ્રકારથી દુરૂપયોગ કરવો એક અસન્ત ઘૃણિત કર્મ છે. તંબાકુ, અફીણ ઇત્યાદિને ઉત્પન્ન કરવાને માટે લાખો મનુષ્ય દિનરાત અથાગ પરિશ્રમ કરે છે, એટલો પરસેવો વહેવડાવે છે કે યદિ તે એક બૃહત્કુંડમાં એકત્રિત કરવામાં આવે તો તેથી સૌ ખેતીનું સિંચન થઇ શકે છે. બાગાયત ભૂમિના હજારો વીઘાં તેની ઉત્પત્તિ સારૂ ઉપયોગમાં લેવામાં આવે છે. પરંતુ તે સૌ વાતો તેમના સંકુચિત મસ્તિષ્કમાં નથી સમાતી, અને તે મહા નિર્દયપણે તે માલનો અપવ્યય કરે છે. તેમ નહિં, તે વસ્તુઓનો પ્રયોગ ઘણો હાનિકારક છે અને માનવ જાતિના મ્હોટા મ્હોટા દુર્નિવાર્ય દુઃખોનો ઉત્તરદાતા છે. મહા મહા સંગ્રામોથી, સંક્રામક રોગોથી એટલા અધિક લોક નથી મરતા જેટલા આ વસ્તુઓના પ્રયોગથી મરે છે. સૌ મનુષ્યો એ

વાનને જાણે છે-માને છે, પરંતુ ત્યારે પણ જ્યારે તે કહે છે કે સમય વિતાડવાને માટે, મન પ્રસન્ન રાખવા માટે, તે તંબાકુ મદ્યાદિનો પ્રયોગ કરે છે તો તેમની વાતો નિષ્પ્રયોજન બકવાદ સિવાય બીજું શું હોઈ શકે ?

તેનું બીજું કારણ છે. હમો ઘણા એવા મનુષ્યો સાથે બરાબર મળતા છીએ જે પોતાનાં સન્તાનોને પ્રાણોથી પણ અધિક પ્યાર કરે છે, અને તેમને માટે કોઈ પણ પ્રકારની હાનિ ઉઠાવવાથી અચકાતા નથી, પરંતુ તેજ લોક શરાબ, તંબાકુ અને અફીણમાં એટલું ધન ઉડાવી દે છે કે તેના દારિદ્રયાભિભૂત ભૂખ્યા બાળકોને ખાવાને લીધે એક પૈસો સુદ્ધાં પણ રાખતા નથી. પરિણામ એ થાય છે કે ભૂખથી બેહાલ થયલા કોમલ બાલકો થોડા સમય બાદ મૃત્યુ શરણ થાય છે. હાય! શરાબ! અફીણ! તંબાકુ ! એક મનુષ્ય જેના અનુસરણાર્થ બે માર્ગ ખુલ્લા છે. સીધા અને ઉપયોગી માર્ગને તજીને આડા અને દુઃખદાયી માર્ગનું અવલંબન કરે, પોતાના વહાલા પરિવારનાં કષ્ટ નિવારણનો વિચાર ન કરતાં ઉન્માદક વસ્તુઓનો પ્રયોગજ સ્વીકૃત કરે, તે વિચારથી તે નથી કરતો કે તેને આનંદ મળે છે અથવા તેનું ચિત્ત પ્રસન્ન થાય છે, તે કોઈ મહાન કારણના પ્રભાવમાં પડીને એવું કરે છે.

ટૉલ્સ્ટૉય કહે છે,-"તે કારણ જ્યાં સુધી હું આ વિષયમાં અધ્યયન મનન કરવાથી અને બીજા મનુષ્યોના તરફ પોતાના તે અવસ્થા ના આચરણોને, જ્યારે હું શરાબ મદ્યાદિનો પ્રયોગ કરતો હતો, ત્યારે સારી રીતે જોઈ શકયો છું, ને એ છે કે. જ્યારે મનુષ્ય પોતાના જીવનનું અનુસંધાન કરે છે તો તે તેમાં બે વૃત્તિઓને પામે છે. એક તો (blind) તથા શારીરિક (Physical) વૃત્તિ, અને બીજી દૃષ્ટિ યુક્ત (seeing) અને આત્મિક (spritual) વૃત્તિ. એક તુટેલી મશીનની પેઠે (blind) અને પાશવિક વૃત્તિનું કામ ખાવું, પીવું, સૂવું, આરામ કરવું, ચાલવું ફરવું છે. બીજી અર્થાત્ આત્મિક વૃત્તિ પાશવિક વૃત્તિ માટે નિર્માય છે, સ્વયં કંઈ કરી શકતી નથી; તે પાશવિક વૃત્તિના આચરણને જોયા કરે છે અને જ્યારે તેના સાથે સહમત થાય છે તો તેની સાથે મળીને કાર્ય કરે છે, નહીં તો અલગ થઈ જાય છે."

આ જીવનાનુસન્ધાનની સમતા દિશાનિરૂપણ યંત્રની સોયથી કરી શકાયે છે, જેનો એક છેડો ઉત્તર તરફ અને બીજો દક્ષિણ તરફ રહે છે. જ્યાં સુધી આપણા લોકોએ કરેલું અનુસન્ધાન અને તે સોય એક દિશાનું દિગ્દર્શન કરાવે છે, ત્યાર સુધી તે સોય એક અનિર્વચનીય આચ્છાદનથી આચ્છાદિત રહે છે, પરંતુ મનિર્વેપરિત્ય યતાંજ ભેદ તુરત જાણવામાં આવી જાય છે.

આવી રીતિની દૃષ્ટિ યુક્ત આત્મિકવૃત્તિ જેને હમો અંતઃકરણ (Concience) ના નામથી સંબોધીએ છીએ. એક કિનારાથી ઉચિત અને બીજાથી અનુચિતનું દિગ્દર્શન કરાવે છે, અને તેના અસ્તિત્વનું જ્ઞાન હમોને ત્યાં સુધી નથી થતું, જ્યાં સુધી હમો તેના બતાવેલા માર્ગનું અનુકરણ કરીએ છીએ. અર્થાત્ અનુચિતને મુકીને ઉચિતનું અવલંબન કરીએ છીએ. પરંતુ જેવું તેની આજ્ઞા વિરૂદ્ધ હમો કોઈ કાર્ય કરીએ છીએ તેના અસ્તિત્વનું જ્ઞાન હમોને થવા લાગે છે, અને તે પણ જાણવામાં આવી જાય છે કે કેવા પ્રકારે પાશવિક વૃત્તિ અંતઃકરણના વિરૂદ્ધ ચાલી તે એક નાવિક જેવું તેના જાણવામાં આવી જાય છે, કે તે

પોતાની હોડીને આડે માર્ગે લઇ જાય છે તે નાવને રોકી દે છે, અને જ્યાર સુધી તે સીધા રસ્તાને જાણી નથી લેતો, ત્યાં સુધી તે નાવ રોકી રાખે છે. તેવી રીતે પ્રત્યેક મનુષ્ય જે પાશવિક વૃત્તિ અને અંતઃકરણ બન્નેને અસ્તિત્વથી અભિજ્ઞ છે, ત્યાં સુધી કોઇ કાંઇ નથી કરી શકતો. જ્યાર સુધી અથવા તો જીવનમાં અંતઃકરણના અનુકૂળ ચાલવાનું સાહસ કિંવા તેના આદેશોનો તિરસ્કાર કરવાની ધૃષ્ટતા ન હોય અથવા તો તેને અંતઃકરણ દર્શિત માર્ગપર ચાલવું પડશે અથવા તેને પોતાનાથી તે ચિહ્નો સંતાડવા પડશે. જેનો પ્રાદુર્ભાવ ત્યારે થાય છે, જ્યારે અંતઃકરણ અવલંબિત માર્ગની પ્રતિકૂલ પોતાની સમ્મતિ પ્રગટ કરે છે.

સંપૂર્ણ માનવીય જીવન તે બે વાતોથી ભરેલું હોય છે (૧) પોતાનાં કાર્યોને અંતઃકરણના આદેશોના અનુકૂળ કરવાં અને (૨) પૂર્વવત્ અર્થાત્ અનુચિતનું અવલંબન કરી રહેવાને લીધે અંતઃકરણના આદેશોને પોતાનાથી છુપાવવા.

ઘણાએ પહેલી વાત કરે છે અને ઘણાએ દ્વિતીય વાત કરે છે. પ્રથમ વાત કરવામાં સમર્થ થવાને માટે એકજ માર્ગ છે. નૈતિક ઉન્નતિ, દ્વારા પોતાનાથી અંધકારને દૂર કરવો અને પ્રકાશને વધારવો, જેથી અંતઃકરણ દ્વારા દર્શિત માર્ગ સારી રીતે જણાય. અંતઃકરણના આદેશોને પોતાનાથી છુપાવવાના બે માર્ગ છે—એક બાહ્ય અને બીજો આંતરિક. બાહ્ય અવલંબનમાં મનુષ્યને પોતાને જ્ઞાનમાં પ્રવૃત્ત રહેવું પડે છે, જેથી કે અંતઃકરણની વાત સંભળાય નહિં અને આંતરિક અવલંબનમાં અંતઃકરણનેજ ચૂપ કરી દેવું પડે છે. મનુષ્ય પોતે સામેની વસ્તુને જોવા ન ઇચ્છે તો બેજ વાતો કરી શકે છે. તે—તે તરફ ન જોઇ બીજી અધિકાર ચિત્તાકર્ષક વસ્તુઓને જોવા લાગે અથવા પોતાની દૃષ્ટિનો કોઇ રીતે અવરોધ કરી લે. આવી રીતે મનુષ્ય અંતઃકરણના આદેશોને પોતાનાથી બે રીતે સંતાડી શકે છે (૧) બાહ્ય અવલંબનદ્વારા અર્થાત્ પોતાના મનને રમતમાં અને વિવિધ પ્રકારના કાર્યોમાં પ્રવૃત્ત કરવાથી (૨) આંતરિક અવલંબન દ્વારા અર્થાત્ અંતઃકરણને ચૂપ કરવાથી. તે મનુષ્યોને લીધે, જેની કે સદ્વિચારની શક્તિ એટલી તીવ્ર નથી, તે ચિહ્નોને સંતાડવા માટે જેના દ્વારા અંતઃકરણ તેમની અનુચિત જીવન નિર્વાહની પ્રણાલીનો પ્રતિવાદ કરે છે. બાહ્ય અવલંબનજ પરતંત્ર છે. પરંતુ તેમને લીધે જેનામાં વિવેક તે અવસ્થાને પહોંચી ગયો છે, જ્યારે કે કોઇ અનુચિત કાર્ય કરવું કઠિનજ નહિં. પરંતુ અસંભવ થઇ જાય છે ત્યારે કોઇ પ્રકારે બાહ્ય અવલંબન દ્વારા પોતાનાથી અંતઃકરણના આદેશોને સંતાડવા પર્યાપ્ત નથી થતા. જીવન નિર્વાહ પ્રથા અને અંતઃકરણનો સયોગભાવના જ્ઞાનને છુપાવવા માટે બાહ્ય અવલંબન પર્યાપ્ત નથી તે જ્ઞાન મનુષ્યના જીવન નિર્વાહ કરવામાં મ્હોટી મ્હોટી આફતોનો આયનો કરવા પડે છે, અને પૂર્વવત્ અનુચિત રીતિથી રહેવાના નિમિત્ત આંતરિક અવલંબન દ્વારા અંતઃકરણને ચૂપ કરવાને માટે ઉન્માદક વસ્તુઓના પ્રયોગથી પોતાના મસ્તિષ્કને નકામું કરવાની ચેષ્ટા કરે છે.

એક મનુષ્ય અંતઃકરણના આદેશોને ન માનીને પોતાની ઇચ્છાનુસાર જીવન નિર્વાહ કરે છે. તે જાણે છે કે તે અંતઃકરણના આદેશોનો તિરસ્કાર કરે છે, પરંતુ તેમાં એટલુ માનસિક બળ નથી કે તે પોતાના જીવનનો સુધારો કરી શકે. તે પોતાના મનને રમત ગમતમાં લગાડીને અંતઃકરણના ઉપદેશોને ભૂલવાની ચેષ્ટા કરે છે. જ્યારે તે નિષ્ફળ પ્રયત્ન થાય છે, ત્યારે તે શનૈઃ શનૈઃ ઉન્માદક વસ્તુઓના પ્રયોગથી પોતાના સાચ્ચા મિત્ર અંતઃકરણને નષ્ટ કરવાના પ્રયત્ન કરે છે અંતઃકરણના દેદીપ્યમાન પ્રકાશને હોલવવાથી નિબિડ અંધકાર ફેલાઇ જાય છે અને પછી તે મનુષ્ય નિર્ભય થઇને દુર્માર્ગનું અનુકરણ કરે છે.

દીવાન.

દશમ પરિચ્છેદ.

હવે આવો, તમને મુરારીલાલનો પુરો પરિચય કરાવી દઇએ. સાચું પૂછો તો મુરારીલાલનો સંપૂર્ણ હેવાલ અમને પણ માલૂમ નથી. પરંતુ જેટલો જાણવામાં આવ્યો છે, તેટલોજ અમો અહિંઆં કહીશું. સુરતની પાસે જે ગામમાં મુરારીલાલનું ઘર હતું, તેનું નામ અમને યાદ નથી. પણ અમે એટલું સાંભળ્યું છે કે ત્યાં તેનું ઘરબાર—જમીન જે કંઇ હતું તે હવે તેના અધિકારમાં નથી. તે સૌને વેચી નાખી મુરારીલાલે ગામથી સંબંધ સંપૂર્ણ રીતે મુકી દીધો છે. તેથી તેના ઘરબારની હકીકત કેમ મળી શકે ? આપણે તેના જાણવાની એટલી આવશ્યકતા પણ શી છે ?

પહેલાં મુરારીલાલ તે તરપજ હોય જીલ્લામાં કોઇ જમીનદારને ત્યાં નોકર હતો. કંઇ ૭-આઠ વર્ષથી તેની તે નોકરી પણ છુટી ગઇ છે. જેવા તેવા દોષથી તેને નોકરી પરથી દૂર કરવામાં આવ્યો નથી. તે અપરાધ એટલો ભારે હતો કે નોકરી પરથી દૂર કરી દીધાથી પોતે પોતાનું અહોભાગ્ય માન્યું હતું. તેને અધિક દંડ—સજા થાત, પણ બચી ગયો. ત્યારથી તે વડોદરામાં આવી નોકરીની તલાશમાં ફરવા લાગ્યો. પરંતુ તેને કંઇ નોકરી ચાકરી ન મળી, ત્યારે તેણે જુદી જાતનું કામ કરવાનો આરંભ કર્યો. જમીનદારીમાં ઘણા દિવસો સુધી કામ કરી ચૂક્યો હતો, તેથી કચેરીની નીતિરીતિમાં બહુ કુશળ હતો. તેથી અહુધા મુકદમાની પેરવી કરીને પણ દશ ,રૂપીઆ કમાઇ લેતો. તે સિવાય ધનવાનોના છોકરાઓને ફોસલાવી તેમની પાસેથી પણ પોતાની મતલબ પૂરી કરતો હતો. વાત આમ છે, જેવા તેવા મુરારીલાલની આવક બહુ થોડીજ ન હતી. પરંતુ તેટલા ધન માટે તેને દુઃખ પણ ઉઠાવવું પડતું, ત્યાં સુધી કે કહી તેને ઉપવાસ પણ કરવા પડતા. પછી જ્યારે ચાર પૈસા હાલ આવી જતા, તે દિવસ મુરારીલાલના આનંદનો પાર રહેતો નહિં. જ્યાર સુધી હાથમાં પૈસા રહેતા, ત્યાં સુધી તે કમાવવાની ચેષ્ટા કરતો નહિં; પરંતુ જ્યારે ખર્ચી ખુટતી, તો તેજ કામધિક્કા. લાગ હાથવું લો મિત્રોને ભુલાવામાં નાંખી તેમનો મોલ ઉડાવી લેતો, આ સૌ વાતોનો તેને પૂરો અભ્યાસ હતો. બે ચાર રૂપીઆ માટે જુઠી સાક્ષી પુરવી તેને માટે બહુ કંઈ મોટી વાત ન હતી. સત્ય તો આમાં છે, ગમે તેમ કરીને મુરારીલાલને પોતાનું કામ ચલાવી લેવાનું હતું. ધર્મ અધર્મની ચિંતા તેને માટે બનાવવામાં ન્હોતી આવી.

હવે પ્રશ્ન એ છે કે આટલું ધન મેળવવા છતાં પણ મુરારીલાલને ભુખ્યું કેમ મરવું પડ્યું હતું. તેના ઘરમાંથી દારિદ્ર કેમ દૂર થયું ન્હોતું. તેનું કારણ પણ આપ સમજીજ ગયા હશો. તે નશાબાજ—મદિરા સેવક હતો. ધન હાથમાં આવતાંજ વસ્ત્ર, ભોજન, સૌ વાતોમાં તે બે હિસાબ ખર્ચ કરી દેતો હતો. ધન મળતાંજ તે જ્યાં સુધી તેને ફેંકી દેતો

નહિં ત્યાં સુધી તેને ચેહેન પડતું નહિં. અધર્મના પૈસા આવી રીતે ઉડી જાય છે. તે આજ સુધી કોઇનો પાસે રહ્યા નથી.

મુરારીલાલના પરિવારમાં તેની સ્ત્રી, દશ વર્ષની એક કન્યા અને ૭ મહિનાનો એક પુત્ર બસ આટલાજ હતા. તેની જબરદસ્તીથી કોઇ તેને ત્યાં વધારે વાર નોકર ચાકર રહેતું નહિં. દાસદાસી-ઓની બદલી સર્વદા થયા કરતી હતી. બહુધા દાસ-દાસી કોઇ રહેતું જ નહોતું. મુરારીલાલની સ્ત્રી રાધા પોતાના હાથોથીજ સૌ કામ ધંધો કરી લેતી હતી તેની કન્યા સુખદેવીએ પણ આટલી નાની ઉમ્મરે સૌ ગૃહકાર્ય શીખી લીધું હતું, તેમ તે પણ પોતાની માતાને સહાયતા કરતી હતી. રાધા પોતાના પતિના અત્યાચાર એટલા સહી લેતી કે જોનાર ચકિત થઇ જતા. મુરારીલાલ નિત્ય મદિરા અગર તો તાડી પીતો, અને રાધાને પીને મારવી તે તેનું પ્રથમ અને પ્રધાન કાર્ય હતું. મારવું તે પણ જેવું તેવું નહિં; સમય સમય પર રાધાના પ્રાણ પર આવી બનતું હતું. બાલિકા સુખદેવી પણ મારખાવાથી બચી જતી નહોતી, પરંતુ તે પંણ ચુપચાપ સૌ સહી લેતી. પણ હા, સૌ સમય મુરારીલાલ તેમને મારતો નહોતો, ઉન્મત્ત દશા-માંજ સૌ અત્યાચાર થતા હતા. સ્વાભાવિક દશામાં તેમને તે કંઇ પણ કહેતો નહોતો. બલિહારી છે મદિરાની !

હવે મીરજાં મહમ્મદને મુરારીલાલથી પરિચય કેમ થયો, તે પણ સાંભળો. મુરારીલાલ પહેલ વહેલાં જ્યારે વડોદરામાં ઉમેદવારી કરી રહ્યો હતો, તે સમય મીરજાંને સાહેબની જમીનદારીમાં એક ચતુર માણસની આવશ્યકતા હતી. મુરારીલાલે દોસ્તી બાંધી તેમનાથી પરિચય વધારી દીધો. અને મીરજાંને સાહેબના વિશ્વાસ પાત્ર બનવી એકજ અઠવાડિયામાં તેમની સાથે ઘણીજ મિત્રતા વધારી દીધી. મીરજાંના મનમાં તે વાત જામી ગઇ કે મુરારીલાલ જમીનદારીના કામમાં ઘણો ચતુર છે, તેથી મુરારીલાલની નોકરી માટે તેમણે સાહેબને સિફા-રસ પણ કરી, અને સાહેબે પણ તેને નોકર રાખવા માટે સ્વીકાર કર્યો, પરંતુ ઉચિત જામીન નહિં આપી શકવાથી તેને તે નોકરી મળી શકી નહિં. મુરારીલાલે એવો ઢંગ ફેલાવ્યો કે મીરજાં સ્વયં જામીન થવા તૈયાર થયા. મીરજાંનો સ્વભાવ જેવો સીધો સારો હતો, તેથી તેમણે હા કહી હતી, પરંતુ તેમના મિત્ર લક્ષ્મીશંકરે એક અપરિચિત મનુષ્યના માટે જામીન બનવાથી તેમને રોકી દીધા.

પરંતુ મુરારીલાલે મીરજાંનો સ્વભાવ જાણી લીધો. આવા પરોપકારી સરલ સ્વભાવના મનુષ્યથી ભવિષ્યમાં બહુ કામ નિકળશે એ આટલું સમજી તેણે ધીરે ધીરે મીરજાં સાથે પોતાની મિત્રતા દઢ કરી લીધી વડોદરામાં મીરજાંથી ઘણા મોટા મોટા માણસોથી મિત્રતા હતી, તેથી પોતાની મતલબ સાધવા માટે મુરારીલાલ બહુધા મીરજાંની સહાયતા લેવામાં ચુકતો નહોતો. તે ઉપરાંત ધનનો અભાવ હોવા છતાં પણ મીરજાં મુરારીલાલના સંબંધમાં કંજુસાઇ કરતા નહોતા. તો પછી આવી સોનેરી તકલી હાથમાં આવેલી મુરારીલાલ કેમ ઉડાડી દે. પણ એટલું હમેા કહીશું કે મુરારીલાલ મીરજાંનો હિતેચ્છુ હતો. કોઇ કંઇ તેમની નિંદા કરતું, તો મુરારીલાલ પોતાના પ્રાણ આપી તેમને બચાવવા તૈયાર થઇ જતો હતો. પણ હા, પોતાના સ્વાર્થ માટે મિત્રના હિત અહિત પર દૃષ્ટિ રાખતી મુરારીલાલની

જન્મપત્રિકામાં લખ્યું નહોતું. તેથી મુરારીલાલ પોતાની મતલબ પુરી કરવા કદી કોઇના શુભાશુભનો વિચાર કરતો નહતો. મીરજાંનાં અસાધારણ પરોપકારી ગુણજ બહુધા દોષ બની જતા હતા. અને તેથી મુરારીલાલને એક એવું અસાધારણ મિત્ર રત્ન હાથ આવી ગયું હતું.

મીરજાંના મદિરાસક્ત થવાનું કારણ પણ તેજ મુરારીલાલ હતો. આપણે લોટ મીરજાંને જેવા સજ્જડ અને બુદ્ધિવાન જાણીએ છે. એકલી અમીનાની તીવ્રબુદ્ધિતાજ મીરજાંના અધઃપતનનું કારણ નથી. મુરારીલાલની જાલમાં ફસાઇ મીરજાં અમીનાના હૃદયમાં સંતાયેલો પવિત્ર પ્રેમનો કંઈ પત્તો મેલવી શકયો નહિ. મુરારીલાલ પોતાની સ્ત્રી સાથે કેવો વર્ત્તાવ કરતો હતો, તે પણ હમો કહી ચૂકયા છીએ. જેથી આવા મિત્રની સંગતિમાં રહેનારા પતિથી મનાવતી અમીના શી આશા કરી શકે ?

એકાદશ પરિછેદ.

મનુષ્ય કેટલો વિદ્વાન, બુદ્ધિમાન અને ગુણવાન કેમ ન હોય, એકવાર ધર્મના માર્ગ પર ચાલતાં ચાલતાં તે ઠોકર ખાઇને પડી જાય તો પછી સંભાળવું તેને માટે કઠિન થઇ પડે છે. મીરજાંનું ચરિત્ર નિષ્કલંક હતું. જે સમય તે કોલેજમાં ભણતા હતા તે સમય તે પોતાના વિશ્વ-વિદ્યાલયના ભૂષણ સ્વરૂપ સમજવામાં આવતા હતા. કોઇને કોઇ વિષયમાં સમ્મતિની જરૂર થતી તો તે પહેલાં મીરજાંના પાસે આવતો અને તેમને પૂછતો. તેમના બરાબર વિદ્યાવાન, પરોપકારી, મિષ્ટ ભાષી સજ્જન વિરલાજ જણાય છે. પરંતુ હાલ તેજ મીરજાં ઠોકર ખાઇ એવા પડી ગયા છે. હવે તેમનામાં બેઠા થવાની શક્તિ પણ રહી નથી. પ્રતિજ્ઞા પર દૃઢ રહી શકયા નહી. ત્રણ દીવસ પણ થવા ન પામ્યા કે તેમની દૃઢ પ્રતિજ્ઞા શિથિલ થઇ ગઇ. એવી કોઇ પણ વાત નથી, કે જેથી આવા સ્વભાવવાળા મનુષ્યના ન તૂટી શકે.. એક નીચ પ્રકૃતિનો મનુષ્ય—જેની સાથ મીરજાં હૃદયથી ઘૃણા કરે છે—તેનાજ કહેવાથી તેમણે પોતાની પ્રતિજ્ઞા તોડી નાખી! તેથી હમો કહી ગયા હતા કે મનુષ્ય ગમે તેટલો ઉન્નત કેમ ન હોય એક વખત નીચે પડવા લાગે તો પછી તેના બચવાનો ભરોસો રહેતો નથી.

પાપની શક્તિ એવીજ મોહિની હોય છે. મુરારીલાલે એક વખત ફોસલાવ્યો, અને મીરજાં સત્યાસત્ય ભૂલીને પોતાની બુદ્ધિ બોધને તેની જાલમાં ફસાઇ ગયો. તેની પાછલ પાછલ ચાલવા લાગ્યો. યદિ તે મુરારીલાલની વાત ન માનત તો હાનિ શી થાત? આટલાથીજ મીરજાંની પ્રતિજ્ઞાનું મૂલ્ય સમજવામાં આવી જશે. મીરજાંની આકાંક્ષાનો અગ્નિ તેમના હૃદયની ભિતર રાખમાં દબાઇ પડયો હતો. મુરારીલાલે એક વખતે તેને ફૂંકયો અને તે ભભુકો ઉઠયો. મીરજાંએ પોતાના મનની બુરી વૃત્તિને દબાવવાની કંઇ પણ ચેષ્ટા કરી નહીં. માતાનો સ્નેહ અને બહેનની પ્રીતિ, સારે જાંણે કયાં ગઇ. મીરજાં મુરારીલાલ સાથે તેના ઘેર જઇ પહોંચ્યાં.

તે સમય મીરજાંના મનમાં કોઇ તરેહની પુર્તી નહોતી. કોઇ બરાબર કાર્ય કરતાં પહેલાં થાય છે, મીરજાના મનની દશા પણ તેવીજ હતી. સારે પછી પુર્ત્તિ—દાયિની સુરેશ્વરીના પ્રસાદથી તેમના ઉદાસ હૃદયમાં ફરી આનંદ ભરાઇ ગયો, પરંતુ આજ તેમણે ઘણી સાવધાનીથી થોડો દારૂ પીધો. મુરારીલાલે પણ તે માટે વાંધો લીધો નહી. પરંતુ પોતાના ભાગમાં અધિક આવેલો જોથી મનમાં ને મનમાં ઘણો પ્રસન્ન થયો. બીજા દિવસોમાં મીરજાંને તે અધિક પીવાને કહ્યા કરતો હતો. તેનું એક કારણ તે હતું કે ઉન્મત્ત અવસ્થા થવાથી મીરજાં

પોતાની ગાંઠના પૈસા કંઈ પણ વિચાર કરે ખર્ચ કરતા હતા. પરંતુ આજ કંઈ વિચાર કરી મુરારીલાલે તેમને અધિક પીવાને આગ્રહ કર્યો નહી. તેથી પોતે અધિક લેવાય તેની ઉન્મત્તતા પણ અધિક થઇ ગઇ. અને ઉન્મત્તતાના વધતાંજ તેની પૈસાયિક ક્રિયા પણ વધવા લાગી. મદિરા પીને મુરારીલાલ એવા ધૃષ્ટિત કાર્યો કરવા લાગ્યો, તેને જોઇને મીરજાંને ધૃણા થઇ અને તે નારાજ થઇ ઘેર ચાલ્યા ગયા.

જે મનુષ્ય જે સ્વભાવનો હોય છે, ઉન્મત્ત દશામાં તેનો તે સ્વભાવ ઘણા સહજમાં પ્રકટ થઇ જાય છે. તે સમય તેની ચાલ ચલણ પર પડદો રહેતો નથી, શીલ, લજ્જા, ભય કંઈ પણ તેના મનમાં રહેતું નથી. તેનો અસલી સ્વભાવ પોતેજ ઉઘાડો પડી જાય છે. નીચ જાતિના લોક તેથી મદિરા પીને કેવો નિંદ્ય વર્ત્તાવ કરે છે, તે કોઇથી ગુપ્ત નથી. કોઇ કોઇ સીધા સાદા ભદ્ર પુરૂષો પણ તેથી ઉન્મત્ત થઇને શિષ્ટાચાર ભૂલીને નીચ જાતિના લોકથી પણ અધિક ખરાબ આચરણ દેખાડે છે. મુરારીલાલનો સ્વભાવ તો આપણાથી ગુપ્ત નથી તે ઉન્મત્ત થઇને પહેલાં નીચ ભાષામાં બોલવા લાગ્યો. પછી તેનાથી એક કોટડીમાં ટકી શકાયું નહિં. સડક પર નિકળી આડોસીપાડોસીઓને ગલીચ—બિભત્સ ગાળો દેવા લાગ્યો. તે મહોલ્લામાં ઘણા સરલ સ્વભાવના માણસો રહેતા હતા. એવા સરલ મનુષ્ય મુરારીલાલના શિકાર બની જતા હતા. તે તે બિચારાઓ પર મનમાં આવે તેમ અત્યાચાર કરતો હતો.

આજ એક બળવાન યુવક ત્યાંથી ચાલ્યો જતો હતો. મુરારીલાલની દુષ્ટતા તેનાથી જોઇ શકાઇ નહિં. તે ઉભો થઇ જઇ મુરારીલાલને બિભત્સ નહિં બોલવા સમજાવવા લાગ્યો. તેથી મુરારીલાલથી તે ક્ષણ વાર થઇ ગયું. અને તે યુવાન મુરારીલાલને ધરતીપર પછાડી ખુબ મેથીપાક જમાડયો.

યુવક ચાલ્યો ગયો. તેણે માર્યો પણ સારી રીતે. પરંતુ તેના ચાલ્યા જવા પછી મુરારીલાલના વિક્રમનું ઠેકાણું રહ્યું નહિં. મહોલ્લાના ગરીબો પરજ તેના ક્રોધની માત્રા ઉતરી પડી. લોકોએ ગભરાઇને કમાડ બંધ કરી દીધાં. બીકને લીધે કોઇ બોલ્યું પણ નહિં. મુરારીલાલ તેમને સડક પરથી લાબો ગાળો દેવા લાગ્યો.

તેના પર જે માર પડયો હતો. જ્યારે તેની જવાળા તેથી પણ ન મટી, ત્યારે કોઇને પોતાના હાથોથી માર્યા સિવાય તેની ઉવાળા કેમ શાંત થાય? કોને મારે? આ સમય સડક પર બહુ ભીડ થઇ ગઇ હતી. એક વખત મુરારીલાલ માર ખાઇ ચુકયો હતો, તેથી કોઇને છેડવાનો સાહસ તેને થયો નહી. તે લોક પણ તેનાં તેવાં આચરણથી કોપ દેખાડવા લાગ્યા. સંભવ હતો કે ઘણો જલદી તેને તેમનાથી દંડ મળત. અકસ્માત્ ફરી માર ખાવાની વાત યાદ આવી ગઇ. મુરારીલાલ પોતાના મકાનમાં પેસી ગયો. બારનાં કમાડ તેણે બંધ કરી દીધાં અને પોતાની સ્ત્રી પર પોતાની શક્તિની પરીક્ષા કરવા લાગ્યો. (અપૂર્ણ)

દીવાન

*દયાળુ અંતઃકરણના શિકારીઓને એક અરજ

તા૦ ૭મી અકટોબર ૧૯૧૫ના બોમ્બે ક્રોનીકલમાં મી. આર્નસે અકસ્માતથી કુલર એક માણસને ગોળી મારી છે. એવું જાણતાં દયાળુ અંતઃકરણના શિકારીઓને નીચેની બાબતપર ધ્યાન લગાડવા વિનંતિ કરું છું.

૧—સીંબડીના ગાદીવારસ જ્યારે શીકારે ગયા હતા, ત્યારે તેમના પગમાં અકસ્માત ગોળી લાગી હતી.

કાઠિયાવાડ ટાઇમ્સ ૬-૧-૧૯૧૫

૨—મીસીઝ આર૦ ડબલ્યુ૦ ફેર્મભી, બેસરીના એક્ઝીક્યુટીવ ઈન્જીનીયરની ધર્મપત્નીનું પક્ષીઓનો શિકાર કરતાં તેના પતિના હાથેજ અકસ્માત ગોળી લાગી મરણ નીપજ્યું હતું.

ટાઇમ્સ ઓફ ઇંડીયા ૭-૧-૧૯૧૫

૩—શિકાર કરતાંજ હીઝ હાઇનેસ ધી ભમસાહેબને ઘોડાપર ગોળી લાગી હતી.

ટાઇમ્સ ઓફ ઇંડીયા ૩-૬-૧૯૧૫.

શિકારથી થતો પ્રાણીવધ—મેઇનીસ બીગ ગેમસીઝન કેટલોએક વખત બંધ કરવામાં આવી છે. રેટના ઇન્સપેક્ટરોએ સાધારણ ગણતરી કરી છે કે દરદહાડ (૬૨૭ો બસો મુઝ,) અને સત્તર માણસોનો આ શિકારી શોખમાં ભાણ નીકળ્યો હતો.

" ક્યાં સુધી! અરેરે ક્યાં સુધી ! સુધારાના આગળ વધવા ઉપર, નમ્ર લાગણીઓના પ્રાદુર્ભાવ ઉપર આ મારી નાખવાની રાક્ષસી પ્રેરણા જીત મેળવશે." ડો. પીલીયમ એ૦ સ્ટીલમેન, પ્રેસીડંટ ઓફ ધી અમેરીકન હ્યુમન એસોશીએસન (આલ્બની) ન્યુયોર્ક.

ધી નેશનલ હ્યુમનરીવ્યુ માર્ચ ૧૯૧૪.

"ઓ શિકાર તારા નામ હેઠળ કેવાં કેવાં ભયંકર કામો થાય છે!" જ્યોર્જ મીનવુડ એમ૦ પી૦

(હોલીંગ ફેાર સ્પોર્ટ પબ્લીસ્ડ બાય ધી હ્યુમેનીયન લીગ લંડન)

વિનંતિ

હું વિનંતિ કરું છું કે. દયાળુ અંતઃકરણના શીકારીઓ ગરીબ પ્રાણીઓ ઉપર શિકારથી ગુજરાતાં ઘાતકીપણા ઉપર તેમજ મનુષ્યની જીંદગીનો જોખમ કે જેને માટે આ બોલીવુહાણ ભર્યો શિકારજ જોખમદાર છે, તેના ઉપર વિચાર કરીને દયાભાવે આ મુંગા પ્રાણીઓનાં દુઃખ, બીક અને ત્રાસમાંથી મઝા શોખી કહાડવાનું બંધ કરવા રાજી કરશે.

દયાળુઓજ પ્રભુની આશીર્વાદ મેળવે છે.

જુનાગઢ
ઇંડીયા
૧૦ અકટોબર ૧૯૧૫

} લાભશંકર લક્ષ્મીદાસ.

* ઉપરનું લખાણ ઇમને અંગ્રેજીમાં મળ્યું હતું, પરન્તુ સર્વ સાધારણ જનસમૂહને ઉપયોગી થાય, એવા હેતુથી અમે તેનું ગુજરાતી કરી અત્રે પ્રકટ કર્યું છે. ભ.

તંત્રી.

પેગંબર સાહેબના ફરમાનો.

હજરતઅલ્લી સાહેબે ફરમાવ્યું છે કેઃ—

બીજરો.

॥ फला तजअल बुतूनकुम मकाबरल हयूवानात. ॥

અર્થ.

તું પશુ—પક્ષીઓની કબર તારા પેટમાં કરીશ નહિ. અર્થાત્ પશુ—પક્ષીઓને મારી તું ખાઇશ નહિ.

ફારસીબેત.

नसाझी मकामे शिकपरा तुगूर । जेवेहरे बहायम जेवेहरे तूयूर ॥

અર્થ.

તું પશુ—પક્ષીઓની કબર તારા પેટમાં કરીશ નહિ. અર્થાત્ પશુ—પક્ષીઓને મારી તું ખાઇશ નહિ.

કુરાનનાં પ્રમાણો.

કુરાને સરીફમાં સુરાઅન આમ-આયત ૧૪૨ માં અલ્લાતાલાએ સાફ ફરમાવ્યું છે કેઃ—

व मिनल अनआमे हमूलतंव् वफर्शा । कुलूमिम्मा रजक कुमुल्लाहो ॥

અર્થ.

અલ્લાએ ચોપગાં જનવરોમાંથી કેટલાંક ભાર ઉપાડવા માટે પેદા કીધાં છે, અને ખાવા માટે જમીનને લગતી વનસ્પતિ તથા અનાજ ઉત્પન્ન કર્યું છે તે તમે ખાઓ.

સુરાઅન આમમાં લખ્યું છે કેઃ—

તમે ન ખાઓઃ—લોહી અને ડુક્કરનું માંસ. મોતથી મરે તેનું માંસ, કોઇ મૂર્તિના નામથી મારવામાં આવે તેનું માંસ, ગળે ફાંસો દઇ મારવામાં આવે તેનું માંસ, ધાથી મારવામાં આવે તેનું માંસ, પડવાથી મરે તેનું માંસ અને કોઇ બીજા પ્રાણીના મારવાથી મરે તેનું માંસ ખાવું નહિ.

અલ્લા, મક્કે સરીફમાં શિકારની મનાઇ કરે છે, વાંચો કુરાનમાં સુરાઉલમાયદ સિપારા ૪ મંજલ ૩ આયત ૩ લખ્યું છે કેઃ—

મક્કામાં તેની હદ સુધીમાં કોઇએ જનવર મારવું નહિ; અને કોઇ ભૂલથી મારે તો તેને બદલે પોતાનું પાળેલું જનાવર મૂકી દેવું, અથવા બે ડાહ્યા માણસો જે કીમત ઠરાવે તેટલી કીમતનું ખાણું ગરીબોને ખવરાવવું.

બકરી ઇદના દિવસે બકરી ન મારવા વિષે કુરાનમાં સુરાન હજની ૩૬ મી આયાતમાં અલ્લાતાલાએ ખુદ ફરમાવ્યું છે કેઃ—

" માસ અગર લોહી મને પહોંચશે નહિ. પણ એક પરહેજગારી પહોંચશે. "

ઇબ્રાહીમ પેગંબર જ્યારે ઇમાનમાં આવ્યા, ત્યારે તેમના ઇમાનની પરીક્ષા કરવા સારૂ અલ્લાએ તેમને કહ્યું કે—તારી વહાલામાં વહાલી ચીજનો ભોગ આપ, તે ઉપરથી

ઇબ્રાહીમ પેગંબરે પોતાના એકના એક છોકરા ઈસ્માઇલને મારવા તૈયાર કર્યો, અને પોતાની આંખોએ પાટો બાંધી તેને છરો વડે મારવા જાય છે, તેવામાં ઈશ્વરની કુદરતથી છોકરાને ઠેકાણે એક ઘેટું (દુમ્બો) આવી ઉભું રહ્યું (એક ફેરસ્તાએ છોકરાને ઉઠાવી લઇ તેની જગ્યાએ ઘેટું મુકયું) અને તે કપાઇ ગયું. અને છોકરો બચી ગયો. અલ્લાએ ઘેટાંને પણ સજીવન કર્યું.

આ ઉપરથી જાણવું જોઇએ કે અલ્લાએ તો પેગંબર સાહેબના ઇમાનની પરીક્ષા કરવા માટે ઉપરોક્ત પ્રયત્ન કર્યો હતો, નહિં કે ઘેટાંનો ભોગ માગેલો. માટે બન્ધુઓ દયા લાવી કોઇ પણ પ્રાણીનો વધ સમજુ વર્ગે છોડી દેવો જોઇએ, કારણ કે કુરાનમાં સૂરેઆનઆમમાં લખ્યું છે–

વમામિન્ દાબ્બતિન્ ફિલ્ અર્દેવલા તેરૂન

યતીરો બજનાહીય્યે ઈલ્લા અમમૂમ અમસાલોકુમ ॥

અર્થ

"અને જે પશુ પૃથ્વી ઉપર ચાલે છે, અને જે પક્ષી પોતાની પાંખો વડે ઉડે છે, તે બીજું કાંઇ નથી, પણ તમારા જેવાજ જોકો છે. (મતલબ કે તેમને તેમનું જીવન તમારા જેવુંજ વહાલું છે.) M. T. W.

વર્તમાન યુદ્ધ અને સાધુ ફકીર

ભયાનક યુદ્ધને લીધે ઉપસ્થિત થએલા આ ભારીક સમયમાં પ્રત્યેક ભારતવાસીનું એ કર્તવ્ય છે, કે યથા સંભવ આપણી બ્રિટિશ સરકારને સહાયતા કરવી. ધનવાન લોક ધનથી સહાયતા કરી શકે છે, કિન્તુ લાખો એવા ગરીબ માણસો પણ છે, કે જેની સેવાને જો સારી રીતે ઉપયોગમાં લેવા ધારીએ, તો તેઓ પણ ઉપયુક્ત વિધિઓ દ્વારા સહાયતા કરી શકેછે. આ યુદ્ધના મોકા પર ભારતના સાધુ અને ફકીરોની સેનાને કામે લગાડવા તરફ ઇમ્પીરિયલ રિલીફ ફંડ અને ભારતના હિતચિન્તક તથા રાજભક્ત સજ્જનોનું ધ્યાન ખેંચું છું. જો કે સાધુ અને ફકીરો લડી શકશે નહિ, કિન્તુ તેમને જૉન એમ્બુલેન્સ કોર્પ્સમાં ભરતી કરી ઘાયલ થએલાઓની સેવાને માટે તૈયાર કરી શકાય એમ છે. યુદ્ધ સમય ઉપર ભારીફાયી જોતાં અનુમાન થાય છે કે ઘાયલોની સંખ્યા ઘણી વધી જશે. મારે સાધુઓ અને ફકીરો સાથે વધારે વખત રહેવાનું થયુંછે, અને તેથી હું મારા લાંબા વખતના અનુભવથી કહી શકું છું કે જો એમની સેવાઓને ઉપયોગમાં લાવી, એમને ઉપયોગી બનાવવા તરફ વિશેષ કાળજી રાખવામાં આવે, તો તેઓ સહર્ષ સેન્ટ જોન એમ્બુલન્સ કોર્પ્સમાં ભરતી થવાને તૈયાર થઇ જશે.

મને આશા છે કે ભારતના હિતચિન્તક અને રાજભક્ત નાગરિકો મારી આ સલાહને સંપૂર્ણ સહાનુભૂતિ દર્શાવશે.*

ટહલરામ ગંગારામ
જમીનદાર
દેરા ઇસ્માઇલખાં (પંજાબ)

* શ્રીયુત ટહલરામ તરફથી કેટલાક હિંદી લેખો અમને ઘણા વખતથી મળેલા છે. તેમાંના એકને ગુજરાતી કરી અત્રે પ્રકાશમાં મૂકયો છે. તંત્રી.

લેખક
Mr. D'Ray.

શ્રીમતી અન્નપૂર્ણા

હિંદી ઉપરથી
શુદ્ધિ, વૃદ્ધિ સાથે
અનુવાદ

વિષ્ણુકાન્ત એક ઉજળાં ભવિષ્યની આશા આપતો નવયુવક છે. વિદ્યાભ્યાસમાં તે એવો તેજ છે કે કોલેજનાં અધ્યાપકો તેને કોલેજનું રત્ન સમજે છે. ઓર્ડિંગના સુપ્રીન્ટેન્ડન્ટ કોઇ વિદ્યાર્થીમાં કોઇ વાતનો દોષ જુએ તો તેને સુધારવાને વિષ્ણુકાન્તનું દૃષ્ટાંત આપે છે. વિદ્યાભ્યાસમાં આગળ અને નિર્મળ ચરિત્રનો હોવા ઉપરાંત વિષ્ણુકાન્તમાં એક વિશેષતા એ છે કે હજુ તો આજ સાલ બી. એ. થયો, તે પહેલાં એની વક્તૃત્વ શક્તિ એટલી તો ખીલી નીકળી હતી કે કેટલાએ વખત થયાં શહેરની દરેક દરેક સભાઓમાં વિષ્ણુકાન્તને આગ્રહપૂર્વક નિમંત્રણ થતું હતું, અને કંઇ પણ બોલવાને માટે અનુરોધ થતો હતો. કેળવણીના પ્રતાપે જે મહિલાઓ પડદા પાંજરાંમાંથી બહાર નીકળી સ્વતંત્રતાની આબોહવામાં વિચરવા લાગી છે. તેના સમાજમાં પણ વિષ્ણુકાન્તનો વિલક્ષણ આદર સત્કાર થતો હતો. તે લોકોની સભામાં પણ વિષ્ણુકાન્તને જરૂર નિમંત્રણ થતું. વિષ્ણુકાન્તનું સ્વરૂપ જેવું મનલોભાવન છે, તેવોજ તેનો વિનય નમ્ર મધુર સ્વભાવ છે. ભાષણ કરતાં વિષ્ણુકાન્તનો મધુર અવાજ સર્વના મન હરી લઇ પ્રબળ અસર કરતો હતો. વિષ્ણુકાન્તના જેટલું સમાજમાં માન તેના સહાધ્યાયી કોઇ પણ વિદ્યાર્થીને મળતું નહોતું. આ સર્વ બાબતમાં વિષ્ણુકાન્ત પૂર્ણ સુખી હોવા છતાં તે સંપૂર્ણ સુખી નહોતો. આ સર્વ સુખથી ભર્યા દુઃખપાત્રમાં એક દુઃખરૂપ દહીંનો છાંટો પડી ગયો છે. તેનું આ દુઃખ એ પિતા માતાના મૃત્યુનો શોક નથી. તેમજ કોઇ સ્વજન નહીં હોવાને લીધેનું પણ નથી. ધનવાન નહિ હોવાનું દુઃખ તો તેના મનથી આનંદનું કારણ હતું. તેની એવી માન્યતા હતી કે ગર્ભ શ્રીમંત જન્મી ધની કહેવડાવવામાં કંઇજ સુખ નથી પણ નિર્ધન માબાપને ત્યાં જન્મી ધનવાન થવું એજ પુરૂષત્વ છે. તેની શક્તિમાં પણ તેને દૃઢ વિશ્વાસ હતો. એટલે વખત પરત્વે ધનોપાર્જન કરવું એ તેને મન રહેલ હતું. વારતવમાં ધનવાનનો પુત્ર ન થયો એ તેના મનથી કંઇ પણ દુઃખ જેવું નહોતું. વિષ્ણુકાન્ત આ સર્વ વાતમાં દુઃખથી બચ્યો હતો, છતાં પણ દુઃખનો બોજ તેનાપર કંઇ ઓછો નથી. તે દુઃખ કેવળ એક જ છતાં એટલું તો ભારી છે કે તેના સર્વ સુખનું તોલ તે એક દુઃખ કરતાં હલકું છે. ખાતાં, પીતાં, સૂતાં, જાગતાં, ઉઠતાં, બેસતાં, ઊભતાં, વાંચતાં, બોલતાં, ચાલતાં, કોઇ પણ દશામાં આ ભયંકર દુઃખ તેના સર્વ સુખોને દબાવી દઇ તેના જીવનને નૈરાશ્યના ઝુલણામાં ઝુલાવ્યું રાખે છે.

પોતાના મિત્રમંડળમાં આ નૈરાશ્યજનક દુઃખને તે જાહેર કરી ચુકયો છે, અને તેમનાં તરફથી તેને દીલાસો પણ મળી ચુકયો છે. વિષ્ણુકાન્તનું આ દુઃખ વારતવમાં અસાધારણજ

છે. દુઃખ એ છે કે તેની નાનપણમાં પરણેલી સ્ત્રી ભણેલી ગણેલી નથી, અને તેને કોઇ પણ કાળે ભણાવી ગણાવી શકાવાનો સંભવ પણ નથી, કારણ કે તે એક મોટા પૈસાદાર જમીનદારની છોકરી છે. અને તેનો બાપ એવો તો પુરાણી માટીનો ધરેલો છે કે તે સ્ત્રીઓને ભણાવવું ગણાવવું એ, તેમના વખતને નિરર્થક નષ્ટ કરનારૂં અને તેમના શુદ્ધ મધુર સ્ત્રી સ્વભાવનો ધ્વંસ કરનારૂં માનેછે. બીજી આફતની વાત એ છે કે વિષ્ણુકાન્ત એજ બુઢ્ઢાના પૈસાથી વિદ્યાભ્યાસ કરી રહ્યો છે, તેથી કરીને હાલ તો તે બુઢ્ઢાને તે નારાજ કરી શકતો નથી. પણ વિદ્યાભ્યાસ કરી રહ્યા પછી પણ કૃતજ્ઞતાને ખાતર તે સાસુ સસુરની મતાનુસારિણી પત્નીને નારાજ કરવું એ પણ અનુચિતજ છે. અરેરે! પત્નીની સાથે આ કેવો વિકરાળ સંબંધ ખડો થઇ ગયો? કૃતજ્ઞતાનો સંબંધ પત્ની સાથે? ઉપકાર અને કૃતજ્ઞતાના સંબંધથી શું કદી પવિત્ર પ્રેમની નિર્મળ મંદાકિની વહી શકે છે? એક બીજાના ગુણથી, કાર્યથી, સ્વભાવથી, પૂર્ણ પરિચિત થયા વિના, અને પરિચય થયા પછી એ ગુણપર, એ કર્મ પર અને એ સ્વભાવ પર મુગ્ધ થયા વિના વિશુદ્ધ પ્રેમનું ઉત્પન્ન થવું અસંભવ, અસંભવ, નિતાન્ત અસંભવજ છે. અને વિશુદ્ધ પ્રેમવિના વિવાહ કેવો? વિશુદ્ધ પ્રેમનું પાત્ર નહિ હોય તે પત્ની કેવી? આ ઉલ્લુ જેવા હીંદુઓના ઢંગ તો જુવો. અહીંતો પ્રેમ ઉત્પન્ન કરવાની ચેષ્ટા કર્યા વિનાજ બે જણાની ગાંઠ જોડી દેવી, અને તે પણ એવી મજબુત, કે કદી છુટી ન થાકે.

વિષ્ણુકાન્તની આ મનની સ્થિતિમાં જો તેના મિત્રમંડલ તરફથી સહાનુભૂતિ નહીં મળતી હોત તો તે જરૂર દિવાનો થઇ ગયો હોત! તેના ઓળખાણવાલાઓમાં ઘણાએ એવા છે કે જેની સ્ત્રીઓ ભણેલી નહિં હોય, પણ ત્યારે તેમને દરેક રીતે ભણાવી શકાવાનો સંભવ છે. વિષ્ણુકાન્તના આ દુઃખમાં ખરાં અંતઃકરણથી ભાગ લેનાર ડાક્ટર રામલાલ ડયુબે અને તેની પુત્રી લીલી છે. શહેરમાંની સ્વતંત્ર નારી સમાજમાં લીલીથી વધારે ગુણવતી કોઇજ નથી, કારણકે લીલીને વિલાયતી સાંચામાં ઢળાવાની ટક મળી ગઇ હતી. આઇ. એમ. એસ. થવાની કામનાથી વિલાયત જઇ જેમ રામલાલ ડયુબે, ડાક્ટર આર.એસ. ડયુબે થઈ આવ્યા હતા. તેમજ તેની સ્ત્રી અને છોકરી પણ સાથે જઇ બદલાઇ ગઇ. તે વખત ની ૧૩-૧૪ વરસની લીલા ત્રણ વરસ સુધીના ત્યાંના યુવક યુવતિ આદરથી લીલી પન્નીવાના કહેવડાવી અહીં આવતાં પાછી લીલા નહીં થઇ શકી. લીલી આ વખતે ૨૧-૨૨ ની છે. હજુ સુધી વિવાહ યોગ્ય વર ન મળવાથી તે કુંવારીજ છે ડોક્ટર સાહેબ પત્ની સહ એજ વિચાર કરે છે કે વિવાહના નામથી હીન્દુ લોકો ગાંઠ જોડીની જે વાદીયાત બન્યાંની રમત કરે છે, તેને તોડી નાંખવાનો ઉપાય જો મળી જાય, તો લીલી અને વિષ્ણુકાન્તનો કેવો મેળ બેસી જાય! હીંદુ જોડીને તોડવાનો કાયદો બનાવવાની વાત થી. માલતીપણને ત્યાં એક દીવસ ચર્ચાતી ડાક્ટર સાહેબે સાંભળી હતી. પણ હજુ સુધી તેનો કંઇ નીકાલ આવ્યો નહોતો, અને આવવાનો પણ નહોતો. માલતીપણને ત્યાં રોજ રોજ ધક્કા ખાઇ હીન્દુ વિવાહને ડાઇવોર્સથી તોડાવવાનો સતત ઉદ્યોગ ડાક્ટર સાહેબ કરી રહ્યા હતા.

લીલીની સાથે મુલાકાત થઇ તે દિવસથી વિષ્ણુકાન્તના નૈરાશ્ય-નીરસ જીવનમાં આશાના લીલા અંકુર ફુટી નીકળ્યા છે. એક વિરલ સુખ અને પ્રફુલ્લતાનો ઉમંગ ભરાવા

લાગ્યો છે, વિષ્ણુકાન્તને પોતાની સ્ત્રી અન્નપૂર્ણાને મળવાનો વધારે સંયોગ પ્રાપ્ત થયો નથી. વિષ્ણુકાન્તના ઘરમાં બીજું કોઇ નહીં હોવાથી અન્નપૂર્ણાને પીયરમાંજ પડી રહેવું પડે છે. અને જ્યારે કોલેજમાં રજા પડે છે, ત્યારે આવી મૂર્ખ ગમાર પત્નીને જોઇ પોતાના મનની શાન્તિનો ભંગ થાય એ અપેક્ષાથી કંઇ નહીં ને કંઇ બહાને વિષ્ણુકાન્ત સાસરાના તેડાને ટાળતો હતો. તથાપિ કોઇ કોઇ વખત પ્રસંગોપાત તહેવાર ઉત્સવમાં લાચારીથી જવું પડતાં ત્યાંથી સ્ત્રીના વિષયમાં જે બુરો ખ્યાલ મગજમાં ભરીને પાછો ફરતો, તેના કરતાં કેવું મધુર સુખ લીલીથી મલવાનો ખ્યાલ તેના રોમેરોમમાં ફરી વળતો હતો. અન્નપૂર્ણાની આંખો જો કે સુંદર હતી. પણ તેની લાજથી રંગેલી કીકીએ કદીપણ વિષ્ણુકાન્તના ચરણોથી વધારે ઉંચે જોવાની હીંમત કીધી નહોતી. જ્યારે લીલીની સામી નજર કેવું અનોખું આકર્ષણ કરીને શરીર, ઇન્દ્રિય અને મનમાં કોઇ અજબ પ્રકારનો નશો ભરી દેતી હતી ! વારંવાર એકની એક વાત પુછવામાં આવે, ત્યારેજ અન્નપૂર્ણાના સ્વાભાવિક મધુર સ્થિતિમાં મચી રહેલા લાલ હોઠોમાંથી કેટલીક વારે જરા સરખો હા કે નાનો ઉત્તર મહા મુસીબતે નીકળી પતિના હૃદયના સ્ત્રીની વાત સાંભળવાના અથાગ આગ્રહને અપૂર્ણજ રાખતો. જ્યારે વાત કરતાં લીલીના ફરત વૈજ્ઞનિક બહારદાર કેવળ હોઠોજ નહિ હાલતાં હોઠોની સાથે સાથે તીર છોડવાને તૈયાર તાણેલાં કમાન જેવી કાળી ભમરો, યુગલ ચકોરોની પુલક પેદા કરવાવાળી ખાસી પુતળીઓ અને ખુશબોદાર પાઉડર અને પેરીસની:શોકલેટ કોસમેટીકથી રંગેલા ચટકદાર ગુલાબી ગાલ, લોહ ચુંબકની માફક હૃદયને પોતા તરફ ખેંચીને વશીભૂત કરી લેછે. અહા ! કોઇ વખત એવું લાગે છે, શેકસપીયરનું ગુણ ગંભીર ગર્વ ગાંભીર્ય લીલીના કંઠથી મધુર થવાને માટેજ પેદા થયું હતું. કદી કદી ટેનીસન અને શેલીના શૃંગારોત્પાદક કાવ્યોમાં એકતાન થઈ સામા માણસને એકતાન કરી દઇ શકતી હતી. " જીવનને આવું કવિતામય બનાવી દેવાને બદલે એક દિવસ અન્નપૂર્ણાએ ગરમી અને પસીનાથી મને તરબોળ જોઈ આખી રાત પંખો હલાવી પવનજ નાખ્યા કર્યો, અને એક દીવસ હું પગેથી વધારે ચાલવાનું થતાં થાકી જવાથી અરધી રાત સુધી આંખ ન મિંચ્યાં વગર મારા પગોજ દબાવતી બેસી રહી જાણે પગ દાબવાને માટેજ મારો વિવાહ થયા હોય. એની દાસી અને રસોઇયાની ગંધ વાળી સ્ત્રી મેળવીને તેની સાથે જીવનને વસંતના સુખને ભમર ગુંજારવથી ગૌરવમય બનાવવા માંગુ છું " આવા વિલાસ રસમાં કુળીજઈ વિષ્ણુકાન્ત અન્નપૂર્ણાને બદલે લીલીને હૃદયેશ્વરી બનાવવાના સુખ સ્વપ્નથી પોતાના દુઃખી જીવનને સુખી બનાવવા લાગ્યો.

કિન્તુ જે રાત્રે લીલીની સાથે તેના પિતાની બાડેની પુલવાડીમાં પુલોના બીછેલા ગુચ્છોથી સજેલી કુંજમાં નૈયશ્રમણ કરી તે ઉપરના ખ્યાલોને વધારે મજબુત બનાવી તે બોર્ડીંગમાં આવીને રાત ગાળવાને પાછો ફર્યો. તે રાત પુરી થતાં સવારે અંગ્રેજીના બાણીના પેપર " પાયો નીપર " માં પોતાના અને પોતાની બીના નામના વિષયનો એક રોચક લેખ વાંચી તે ચોંકી ઉઠયો. તે લેખ તેનાં સાસરાંના જીલ્લાના માજીસ્ટ્રેટ સાહેબનો લખેલો હતો. માજીસ્ટ્રેટે લખ્યું હતું કે હું યુરન પ્રાંતના વિકરાળ દુકાળથી પ્રજાનું રક્ષણ કરવાને માટે મારા જીલ્લાના તાલુકદારો અને જમીનદારોને મળવા ગયા હતો

ત્યાં વિષ્ણુકાન્ત નામના આ વર્ષ બી.એ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થએલા એક નવયુવકની ધર્મ પત્ની શ્રીમતી અન્નપૂર્ણા દેવીની દાનલીલા જોઇને હું એવો તો ભક્તિ ભાવેથી ગદ્‌ગદ થઇ ગયો છું, કે સર્વને એ વાતની જાણ કરાવ્યા વિના હું રહી શકતો નથી. અન્નપૂર્ણા હજુતો સત્તર વર્ષના ઉમ્મરની નાની બાલિકાજ છે, પરન્તુ હીંદુકોકો કન્યાઓને આપણા સમાજનું અનુપયોગી પુસ્તકીય શીક્ષણ આપવાને બદલે તેના હૃદયને ઘણાજ મહત્વપૂર્ણ સ્વર્ગીય સદ્‌ગુણોથી સજ્જવવાની જે સુંદર ગૃહશિક્ષા આપે છે. તેનાં દૃષ્ટાંત રૂપે અન્નપૂર્ણા આ નાની ઉમ્મરમાં બની શકી છે. એક પણ અન્નપૂર્ણા પેદા કરી શકવાથી પૃથ્વીની કોઇ પણ સમાજ ધન્ય થઇ જાય. અન્નપૂર્ણાની ચરણરજ અડવાથી કોઇ પણ સમાજની સ્ત્રીઓ પવિત્ર થઇ જાય. મેં હીંદુસમાજના શિક્ષાના વિષયમાં જે નિરીક્ષણ કર્યું છે, તેનાથી હું કહી શકું છું કે એનાથી વધારે સારી શિક્ષા આપવાનો આદર્શ ઉપાય બીજો કોઇજ નથી. અન્નપૂર્ણા તેજ હીન્દુ શીક્ષાનું અમૂલ્ય રત્ન છે. ખેદની વાત એ છે કે કોઇ પણ યુરોપીય મનુષ્ય એ દેવીના દર્શન કરી શકતો નથી. પણ યુરોપીય મહિલાઓએ એ દેવકન્યાની સેવામાં જઇ તેની આસપાસના પવિત્ર વાતાવરણમા જઇ જીવનને ધન્ય બનાવવાના અવસરનો પરિત્યાગ કરવો જોઇએ નહીં.

આટલું વાંચતાં વિષ્ણુકાન્તના કાનમાં વિલક્ષણ પ્રકારનો ગણગણાટ થવા લાગ્યો. પાસે પડેલા જળપાત્રમાંના શીતળ જળથી રહ્યો કાનને ચોખ્ખા નાખ્યા પછીજ તે આગળ વાંચવાને સમર્થ થયો. તેણે આગળ વાંચવા માંડયું. " અન્નપૂર્ણાના પિતા ઘણી મોટી જાગીરના માલીક હોવા છતાં કેવળ સાદા ભોજન અને કપડાંથી પોતાનો ગુજારો કરતા, ધર્મકર્મમાં ડુબ્યા રહેતા હતા, દેશનું હિતકર એવું કોઇ પણ કાર્ય ન હતું કે જેમાં તેમનું ધન નહીં વપરાતું હોય, પરન્તુ સર્વ એવી છુપી રીતે કામ થતું કે છત્રના પ્રધાન ઓફીસર સિવાય બીજો કોઇ જાણી શકતો નહિં. મારી પૂર્વના માજીસ્ટ્રેટની માફક જ્યારે હું પણ તેમને કંઇ ખિતાબ લેવાને કહેતો, ત્યારે તે હસીને કહેતા કે " સાહેબ શું ભૂલી કેમ જાવ છો કે હું એક દીન બ્રાહ્મણ છું. ખિતાબ લઇને હું શું કરું ? તેમના ધનદાનથી જીલ્લાની અંદર અને બહાર કેટલાંએ મોટાં મોટાં કામો થઇ ચુક્યાં છે. હજુ સુધી કોઇએ એનું નામ બહાર પાડયું નથી; પરન્તુ કમીશ્નરથી માંડી ગવર્નર જનરલ અને સ્ટેટ સેક્રેટરીના હૃદયમાં સુદ્ધાં આ દાની જાગીરદારના ગુપ્ત દાનનો ધન્યવાદ ગુંજી રહ્યો છે. એ બ્રાહ્મણ જાગીરદાર ગૃહસ્થાશ્રમી હોવા છતાં કેવળ સન્યાસી છે. કેટલાએક દિવસ ઉપર પત્નીના વિયોગથી ઘરમાં રહેવું ઠીક ન લાગતાં એ મકાનમા પોતાની એકની એક કન્યા અન્નપૂર્ણાને સઘળી ધન દોલત જમીન જાગીરનો ભાર સમર્પણ કરી ઘર છોડી ગયા છે ! એ અવસરથી બાપ અને દીકરીને જે પાતચિત થઇ અને એ દીકરીની પાછળથી કાર્યવ્યવસ્થા જોઇ તે ઉપરથી લાગે છે કે એવા બાપની જેવી દીકરી હોવી જોઇએ, તેવીજ અન્નપૂર્ણા છે. પિતા માતાના ઉત્તમ ચારિત્રનો આદર્શ સંતાનના ચરિત્રને જેવું ઉજ્વળ બનાવે છે, તેવુજ ચરિત્ર અન્નપૂર્ણાએ બતાવી આપી પોતાનું, તેમજ પોતાના પિતાનું કુળ ઉજ્વળ કર્યું છે.

આટલું વાંચતાં વાંચતાં વિષ્ણુકાન્તને વિચાર આવવા લાગ્યો કે, કોણ જાણે શું વિલક્ષણ કામ કર્યું હશે કે માજીસ્ટ્રેટ સાહેબ તેની આટલી બધી તારીફ કરે છે. પોતાની પત્નીની

ઘણીજ પ્રશંસા જીલ્લાના પ્રધાન અંગ્રેજ અધિકારી દ્વારા પ્રકાશ થવાથી એક વિરલ આનંદ અને કંઇક ગૌરવ બુદ્ધિ પણ નશામાં ફેલાવા લાગી. જો કે લેખને પુરો વાંચી જવાનો મનને આગ્રહ અપાર હતો, તોપણ સ્વાભાવિક નિયમોને માન્ય રાખવામાં તે વધારે ઢીલ નહિ કરી શકયો. નિત્યની માફક આજે પણ તેને દાતણપાણી કરવાને માટે ઉઠવા પડેલાં બીછાનાપર પડી રહેવાને સમયેજ "પાયોનીયર" મળી ગયું હતું. સુતાં સુતાંજ અહીં તહીંની વાતો વાંચતાં વાંચતાંજ પોતાનાં તેમજ પોતાની પત્નીના નામ પેપરમાં જોઇ અચકાયો, આખો લેખ વાંચી જવાનો મનનો વિશેષ આગ્રહ હોવા છતાં તે પુરો કરવા પૂર્વેજ દાતણ પાણી કરવાની તાકીદને લીધે તેને થોડો વખતને માટે વાંચવું છોડવું પડયું.

વિષ્ણુકાન્ત દાતણ કરતાં ભારી ચિન્તામાં પડયો, અને વિચારવા લાગ્યો મેજીસ્ટ્રેટે તો નિશ્ચય મારી સ્ત્રી અન્નપૂર્ણાનીજ વાત લખી છે. એ ગમાર સ્ત્રીમાં તેણે શું ગુણો જોયા હશે કે તેને સ્ત્રીઓની શિરોમણિ રૂપ માને છે. તેના શિક્ષણનીજ તો તે પ્રશંસા કરી રહ્યો છે તેનુ ભણતર તો એટલું બધું છે કે તેના લખેલા કાગળો અક્ષરને બદલે બકરાંની લીંડી અને શાહીના ડબકાથી ભરેલા હોય છે. અને તેની ભાષા? છી છી એક પણ કાગળમાં પ્રાણેશ્વર, હૃદયેશ્વર, પ્રાણનાથ, જીવન સખા, કાન્ત જેવો મીઠો શબ્દ તો જોવ્યો નથી જડતો. તેના તરફથી આવેલા કાગળો ફોડતાંજ તબીયત એવી બગડી આવે કે, કે વાંચવાની ઇચ્છાજ મરી જાય છે. ધૂણાના માર્યો જેના કાગળને આ છપ્પન મહિના પર્યા ખોલવાની મુદ્દાં દરકાર નથી કરી, તેનાજ શિક્ષણના માજીસ્ટ્રેટ આટલાં વખાણ કરી રહ્યો છે, એનાં જોડાની સ્ત્રી આખી પૃથ્વીમાં શોધેથી જડવાની નથી. તો પછી એવું તે શું શિક્ષણ હશે કે જે પુસ્તક નહી વાંચવા છતાં પણ મળી શકે. અહા! લીલી તો ફુલજ છે. જે ફુલવાડીની હવા લાગવાથીજ લીલી ખીલીને પોતાનું મોહન રૂપ, પોતાનો મધુર સ્વભાવ, પોતાનું વિશિષ્ટ શિક્ષણ, પોતાના ઉત્સાહ ભર્યા પ્રેમથી મારા હૃદયની વ્યથાને મટાડી શકી છે. તેજ લીલી ફુલને ખીલવવા વગી હવાનેજ માજીસ્ટ્રેટ અનાડી ગમાર અન્નપૂર્ણાને અડકવા લાયક પણ નથી સમજતો. માજીસ્ટ્રેટની વાત પણ અજબ પ્રકારનીજ માલમ પડે છે, કિન્તુ અંગ્રેજ માજીસ્ટ્રેટ કંઇ મુરખ હોતા નથી. તો શું ભણ્યા સિવાય પણ શિક્ષણ મેળવી શકાય છે કે જેને લઇને મારી અન્નપૂર્ણા રમણી રત્ન બની ગઇ. આવા ચિંતા તરંગમાં તરતો વિષ્ણુકાન્ત પાછો પોતાના બીછાનાપર પડી પાયોનીયર વાંચવામાં ફરીથી તન્મય થયો.

માજીસ્ટ્રેટના લેખના બાકીના ભાગમાં વિષ્ણુકાન્તના વાંચવામાં આવ્યું કે "મેં જમીનદારની કોઠીમાં જઇ જ્યારે દિવાનને દુર્ભિક્ષને મદદ કરવાની વાત છેડી, ત્યારે દિવાન એક વિચિત્ર ગૌરવવાળાં હાસ્યથી મને આશ્ચર્યમાં નાંખતો કહેવા લાગ્યો કે "સાહેબ અમારી શેઠાણીને કંઇ દશ વીસ હજાર કે લાખ બે લાખ રૂપીઆ ધર્માદા આપવાનો વિચાર નથી, પણ તેની પાસે છેલ્લી કોડી રહે, ત્યાં સુધી તે નરનારી બાળક અને વૃદ્ધને દુકાળના કરાળ દુઃખમાંથી બચાવવામાં વાપરવાનો તેનો દૃઢ નિશ્ચય છે. તેના એ પણને પુરૂ કરવાને માટે કેટલા અહીંઆ જે કામ શરૂ થઇ ગયું છે તે પણ હું તમને ત્યાં લઇ જઇને હાલજ

હું દિવાનની સાથે જઇ અન્નકુટની વિશાળ વ્યવસ્થાને જોતો દંગ થઇ ગયો. હજારો માણસની રસોઇની તૈયારી થઇ હતી. અનાજ વાસણ અને લાકડાંના ઢગલે ઢગલા આવી પડયા હતા. આ બધી તૈયારી જોતાં મારૂં હૃદય હર્ષથી ઉભરાઇ જવા લાગ્યું, અને વારંવાર એજ વિચાર આવવા લાગ્યો કે જો હીંદુઓમાં પડદાનો રીવાજ નહીં હોત તો; આ દેવી અન્નપૂર્ણાના દર્શન કરીને મારી આંખોને પાવન કરી હોત. અન્તમાં આ અલૌકિક હિન્દુ મહિલાનું સર્વસ્વ વેચીને દરિદ્રી બની જવું મને ઠીક ન લાગ્યું, જેથી મેં દીવાનને કહ્યું કે દાનનું મહત્ત્વ સમજવામાં આવતાં મહાન દાનના આ વિરાટ દૃશ્યથી જે મહા શિક્ષા મળી છે, તેનાથી જો કે હું અવાક થઇ ગયો છુ, તો પણ દેવી હજુ કેવળ બાળક છે. તેથી હું સલાહ દઇ સર્વસ્વ વેચી દેવાનું અને તો બંધ કરાવવા માગું છું, પણ દિવાનખાનાના પડદાની અંદર બેઠેલી અન્નપૂર્ણાએ જે ઉત્તર મારી સલાહ સાંભળતાં દીધો તેથી મને લાગે છે કે જે હિંદુ જાતિ અન્નપૂર્ણા જેવી બાલિકા જન્માવવાનું ગૌરવ ધરાવે છે, તે જગતને મોટાઇનુ શિક્ષણ આપવામાં હજુ સુધી કંગાળ નથી.

શ્રીમતી અન્નપૂર્ણાને મેં જે સલાહ આપી, અને તેનો ઉત્તર દિવાનખાનાની મારફતે મને મળ્યો, તે હું નીચે આપું છું.

હું-મેં સાંભળ્યું છે કે આપ દુર્ભિક્ષદમન કરવાને માટે આપની સઘળી મીલ્કત ધન દાગીના અને મકાન સુદ્ધાં વેચી દેવાનું પણ લક્ષ રાખ્યાં છે?

અન્નપૂર્ણા—જી હા. અન્નવિના ભુખે મરી જવા કરતાં વધારે દુઃખી જીવને માટે બીજું કોઇ નથી. ધન જો પાસે હોયતો એવા કામમાં વાપરવા કરતા તેનો બીજો કોઇ સારો ઉપયોગ નથી

હું—આપનું કહેવું સત્ય છે, તોપણ પોતાને માટે થોડું દ્રવ્ય રાખી મુકવું, એ મનુષ્ય નું અવશ્ય કર્તવ્ય છે.

અન્નપૂર્ણા—હજુર કહે છે તો મનુષ્ય કર્તવ્ય એ અવશ્ય હશેજ !. પણ હું તો સ્ત્રી છું. ધન, દાગીના, જમીન એ કંઇ સ્ત્રીનું ધન નથી.

હું—દાગીના તો નારીના અંગોની શોભા છે. પૃથ્વી પરની સ્ત્રીઓ દાગીનાથી પોતાના સૌંદર્યને વધારી જગતના મનુષ્યને સુખી કરે છે.

અન્નપૂર્ણા—પતિને સુખી કરવા સિવાય સ્ત્રીને સૌંદર્યની બીજી કશાને માટે જરૂર નથી, પતિ જો પત્નીને દાગીના પહેરેલી જોઇ સુખી થતો હોય, તો પતિના આપેલા દાગીના નિશ્ચયજ તેણે પતિને સુખી કરવાને માટે પહેરવા જોઇએ: નહી. તો કોઇ પણ કારણને માટે કંઇ પણ દાગીનાની સ્ત્રીને જરૂર નથી.

હું—પતિને માટે પણ તો કંઇક ધન બચાવી રાખવાની જરૂર છે.

અન્નપૂર્ણા—ધનોપાર્જન કરવું એ પતિનું કામ છે; અને પત્નીનું કામ એ છે કે પતિના ઉપાર્જન કરેલાં ધનમાંથી પતિના ગૃહસ્થીનો સુપ્રબંધ કરવો. પત્નીએ પતિને માટે ધનોપાર્જન કરી અથવા તો કયાંથી પણ મળેલું ધન પતિને માટે રાખી મુકી પતિનું કર્તવ્ય પોતાને માથે લઇ શા માટે લેવું. પતિનું કર્તવ્ય છીનવી લેતાં પતિને તુચ્છ સમજવાનું દુષણ પત્નીને લાગે છે; પત્ની તો પતિની મોટાઇથીજ મોટી થવા વાળી છે.

આ નાની સરખી બાલિકાની વાતથી હું પરાસ્ત થઇ ગયો. તેની મોટી મોટી દાર્શનિક વાતો સાંભળીને મારી સમજમાં આવ્યું કે હીન્દુ સમાજનો પતિપત્નીનો સંબંધ કેવા દૃઢ પાયાપર બાંધવામાં આવે છે, અને યુરોપના સમાજનો પાયો કેટલો કાચો છે. પરાસ્ત હોવા છતાં પણ એક વાત પુછવાનો લોભ હું સમાવી શકયો નહીં. પણ તે મેં જેમ શિષ્ય ગુરૂને પુછે તેમજ ઢબથી પુછ્યું.

હું— આપે સરસ રીતથી સમજાવી દીધું કે પિતાનું આપેલું ધન અવેરાન જાગીર એ સર્વ સ્ત્રીનું ધન નથી. તો પછી સ્ત્રીનું ધન કયું ?

અન્નપૂર્ણા—સ્ત્રીનું ધન સતીત્વ છે. શરીરથી, ઇન્દ્રિયથી, મનથી અને બુદ્ધિથી પતિ સિવાય ભિન્ન પુરૂષની સાથે કંઇપણ સંબંધ નહિ એનું નામ સતીત્વ ભિન્ન-પુરૂષના વિષયમાં પિતૃબુદ્ધિ, સહોદર બુદ્ધિ કે પુત્ર બુદ્ધિનો સંચાર સતીત્વને બાધક નથી. સ્ત્રીનું આવું સતીત્વજ પતિને વંશોજ્વલકારી સુપુત્ર દેવાનું બળ ધરાવી શકે છે, સ્ત્રીનું આ બળજ સ્ત્રીનું ધન છે એના સિવાય બીજા ધનની સ્ત્રી દરકાર કરતી નથી.

હું સાંભળીને દંગ થઇ ગયો. આ બાલિકાના શિક્ષણના ગંભીરત્વનો વિચાર કરતો અને તેના હૃદયના મહત્વના મહિમાને નસેનસમાં ભરી પોતાની જાતને નિતાન્ત ક્ષુદ્ર સમજતો હું ત્યાંથી વિદાય થયો.

લેખને સમાપ્ત કરતાં પૂર્વથીજ વિષ્ણુકાન્ત વીંછુના ડંખ જેવી બળતરાથી બળવા લાગ્યો હતો. લેખ સમાપ્ત થતાં તે બીછાના પર તરફડીયાં મારવા લાગ્યો, યા બળતરા અનુતાપના અનળથી બળવાની હતી. આજ દેવી અન્નપૂર્ણાને હું મૂર્ખ ગમાર સમજતો હતો અને તેનો નિરાદર કરી હું લીલાની કુંજમાં મોજ શોધતો. પોતાની જાત ઉપર તેને ભારી તિરસ્કાર ઉપજવા લાગ્યો. હું એ સાવિત્રી સતીનો સર્વથા અયોગ્ય પતિ છું. એ શુદ્ધ સતિ શિરોમણિને અડકવાને પણ હું લાયક નથી, તો પણ તે ઉદાર નારી રત્ન આ અનુત્તમ પતિના સેંકડો અપરાધો ક્ષમા કરશે, આજજ હું તેની સેવામાં જઇ હાજર થઇશ. ત્યાં જઇ ક્ષમા માંગવામાં જે જે શબ્દો કહેવા જોઇએ, તેનો વિષ્ણુકાન્ત મનમાં વારંવાર વિચાર કરવા લાગ્યો. શું લીલાની વાત પણ તેને કહીશ ? હા જરૂર કહીશ. મારાં સર્વ પાપોની વાત વિનવાર કહીશ. આ પ્રમાણે વિચારતાં વિચારતાં વિષ્ણુકાન્તને ગયા છ મહીનાથી અનાદર પૂર્વક અન્નપૂર્ણા તરફની તેમજ પોતાના સસરા તરફના નહીં વાંચેલા કાગળોની સંભારણા થઇ આવી. ઝટપટ ઉઠી પેટીમાંથી તે કાગળો કઢાવી વાંચવા માંડયા, અને પત્ની અને શ્વસુરના વારંવાર બોલાવવા છતાં ત્યાં નહિં જવાને માટે તેને ભારી ખેદ થવા લાગ્યો. અરેરે ? હું કેવો અકૃતજ્ઞ નિમક હરામ છું. શ્વસુરના પૈસાથીજ તો હું ભણ્યો છું, અને તેનીજ વારંવારની વિનંતિને ટાળતો મહીનાઓ થયા તેનાજ વગર માંગે મોકલેલા પૈસાથી પેટ ભરતો અને ભણ્યો આવ્યો છું. પત્નીના જે કાગળોમાં તેને પ્રેમની ગંધ ક્યાં ન માલમ પડતી, તેજ કાગળોને આજે તે છાતી સાથે ચાંપી મનને શાંત કરવા લાગ્યો. પણ હવે અધિક વખત ગુમાવવો જરૂરનો નહતો, કાગ્યુ ગાડીનો સમય થવા

આવ્યો હતો. સાંજે વિષ્ણુકાન્ત તેના શ્વસુર ગૃહે જઇ પહોંચ્યો. આખો દીવસ અન્ન વ્હેંચી વ્હેંચી થાકીને લોથપોથ થઇ ગયલી અન્નપૂર્ણા પતિના દર્શનથી સર્વ શ્રમ ભુલી ગઇ. અને કંઇ પણ શબ્દોચ્ચાર કરે તે પહેલાં પતિને ઘણાજ ગભરાટ સાથે ક્ષમા માગતો જોઇ તે લાજની મારી લાલ થઇ ગઇ, અને વિચારવા લાગી કે "એને આ શું ખેલ સુઝયો છે ?" જ્યારે વિષ્ણુકાન્તે ઘણાજ ગંભીર સ્વરથી વારંવાર " મને ક્ષમા કરીશ કે નહિ, ક્ષમા કરીશ કે નહી ?" એમ કહેવું ચાલુંજ રાખ્યું, ત્યારે ધીરેથી " આ, લો, ક્ષમા કરું છું" કહીને અન્નપૂર્ણા વિષ્ણુકાન્તના ચરણોમાં પડી. ક્રમશઃ પતિની સાથે અન્નપૂર્ણાની પહેલેની લાજ ઓછી થવા લાગી. જ્યારે સર્વ વાતોનો જવાબ વિષ્ણુકાન્તને અન્નપૂર્ણાની મધુર સજ્જણી રસીલી વાતોમાં મળવા લાગ્યો. ત્યારેજ તેને સમજ પડી કે અજાણ સ્ત્રી પોપટની માફક ગોખી રાખેલી વાતો ન બોલી શકે તો પણ અંગ્રેજી ભણેલા પતિને અનેક ગૂઢ દાર્શનિક તત્ત્વ પોતાની સ્થિતિને યોગ્ય ઘણીજ નમ્ર ભાષામાં શીખવી શકે છે. પછી વિષ્ણુકાન્ત પણ લાંજ રહી અન્નદાન કરવામાં મદદ કરવા લાગ્યો. એક દિવસ માજીસ્ટ્રેટ સાહેબની ચીઠ્ઠી આવી, જેમાં વિષ્ણુકાન્ત અને તેની સ્ત્રી દેવા અન્નપૂર્ણાનો અનહદ ઉપકાર માનવામાં આવ્યો હતો. સાહેબે વિષ્ણુકાન્તને કંઇ પણ સરકારી નોકરી લેવા ભલામણ કરી નોકરી મેળવવામાં જોઇતી મદદ આપવા લખ્યું હતું. પણ વિષ્ણુકાન્તને અને તેની સ્ત્રીને એ વાત ઠીક નહીં લાગી. આખરે વિષ્ણુકાન્તે એક સ્કુલમાં રૂ.૫૦) ના મહીનાથી શિક્ષકની જગ્યા સ્વીકારી, અને તેજ નાની આવકમાં સુખ પૂર્ણ દંપતી જીવન ગુજારવા લાગ્યો. વિષ્ણુકાન્તને એક તેજસ્વી પુત્ર રત્નનો લાભ થયો. એક દિવસ તેજ અંગ્રેજ માજીસ્ટ્રેટ મહા મુશીબતે વિષ્ણુકાન્તનું ઘર શોધી કઢાડી આવી પહોંચ્યો. વિષ્ણુકાન્તના નાના પુત્રને અનહદ વ્હાલ પૂર્વક રમાડયો, અને જતાં કહ્યું, કે **દેવી અન્નપૂર્ણાએ પોતાનું અથાગ સ્ત્રી ધનનું આજે મનોહર વ્યાજ તમને આપ્યું છે. તે ચિરમજીવ રહે ।**

તાબૂત કે તાજિયાં.

સર્વ વાચક ગણે જાહુ નહિ તો એક વાર તો તાબૂત જરૂર જોયાં હશેજ. પરન્તુ ઘણે ભાગે તેઓ જાણતા ન હશે કે તાબૂત વાસ્તવિક રીતે શું છે ? અને તે શા માટે ઉઠાવવામાં આવે છે ? તેથી અમારા વાચકોની જાણ માટે સરસ્વતીના ગતાંકમાં પ્રકટ થયલા એક લેખને આધારે તાબૂત સંબંધી કેટલોક ઐતિહાસિક હેવાલ અને રજુ કરીએ છીએ.

મહાત્મા મહમ્મદ સાહેબ જ્યારે મરણાસન્ન થયા, ત્યારે તેમના શિષ્ય હુજરત અલીએ બોઆબિઆને મહમ્મદ સાહેબની પાસે મોકલીને પુછાવ્યું કે તેમના પછી ખલાફતનો અધિકારી કોણ થવાનો ? નબી સાહેબે કહ્યું, કે પહેલો અધિકારી અબૂબકર સિદીક

થશે. તેના પછી ખત્તાબનો પુત્ર ઉમર, તત્પશ્ચાત્ અફ્ફાનનો પુત્ર ઉસમાન. એટલું કહેના છતાં મોઆવિઆએ પુછયું કે તેના પછી કોણ થશે? જવાબ મળ્યો કે પુછવા વાળો થશે.

મહમ્મદ સાહેબનો પ્રાણાન્ત થયા પછી તેમના કથનાનુસાર ઉપર્યુક્ત ત્રણે મહાનુભાવ ખલીફા થયા. ઉસમાન ઉસમાનના મરણ બાદ મોઆવિઆએ ખલાફતને માટે દાવો કર્યો, કેમકે મહમ્મદ સાહેબે ઉસમાનની પછી પુછવાવાળાને અધિકારી ઠરાવ્યો હતો, અને પુછવાર હજરત મોઆવિયાજ હતો, હુજરત અલીએ કહ્યું કે મેં તમને મારા દૂત બનાવીને મોકલ્યો હતો, તેથી કરીને તે વખતે વાસ્તવિક પુછવા વાળો હું હતો, અને મનેજ ખલાફત મળવી જોઇએ.

હુજરત અલી મહમ્મદ સાહેબના જમાઇ હતા. તેમજ શિષ્ય પણ હતા. સંભવ છે કે નબી સાહેબે એમનેજ પુછવા વાળો કહ્યો હોય, કારણકે તે જાણતા હતા કે અલીએજ મોઆવિઆને મોકલ્યો હતો. જેમ હોય તેમ પણ ઘણાજ વિતણ્ડાવાદ પછી એમ નક્કી થયું કે મોઆવિયા જીવે ત્યાં સુધી ખલીફા રહે, તેના પછી હુજરત અલી અને તેના વંશ વાળા ખલાફતના અધિકારી થશે. મોઆવિયાની પછી હજરત અલીના વંશવાળાને અધિકારી ઠરાવવાનું એ પણ એક કારણ હતું કે મોઆવિયાનો પુત્ર યજીદ પોતાના બુરા આચરણોથી સમાજમાં ખલાફતને અયોગ્ય પ્રમાણિત થઇ ચુક્યો હતો. તે જેવો દારૂડીયો હતો તેવોજ વંઠેલ તેમજ ક્રૂર હતો. એક વખત તેણે એક યાહુદી આલમને કે જેના ધર્મોને હુજરતઅલીએ શિફ્ફીનની લડાઇમાં મારી નાંખ્યો હતો, તેને ઉશ્કેરી કે તે કોઇ પણ યત્નથી અલીસાહેબને મારી નાંખીને પોતાના ધર્મનું વેર લે મોઆવિયાના જીવન કાળમાંજ હુજરતઅલી જેમ યાહુદી આલમના નિયુક્ત કરેલા ઈબ્નમુલજીમ નામના એક મારાના હાથથી મસ્જીદમાં નમાજ પઢતી વખતે આહત થયા એટલે મારાએ તલવારથી તેમના ખંધ પર એક ઉંડો ઘા કર્યો. તરતજ ઇમામ સાહેબના અનુચરોદ્વારા તે પકડાઇ ગયો. હુજરતના સંબંધીઓએ તેજ વખતે તેને મારી નાંખવાની ઇચ્છા દર્શાવી, પરન્તુ ઇમામ સાહેબે એમ કરવું અન્યાય બતાવી ફરમાવ્યું કે "જો હું જીવનો બચી જાઉં તો એની સાથે કોઇ પણ પ્રકારનો બુરો વર્તાવ નહિ કરવો. હું મરી જાઉં તો પણ એને છોડી દેવો એજ ઠીક થશે. કદાચિત્ તમે લોકો તમારા ક્રોધને નહિ રોકી શકો અને એને સજા કરવાજ ચાહો તો મારા મરવા પછી એજ તરવારથી એની બાંય પર એકજ ઘા કરવો કે જેવો એણે હમણા મારા ખભા પર કર્યો છે, એજ ન્યાયસંગત છે." ઇમામ સાહેબ એ ઘાના બીજે દિવસમાં મૃત્યુ પામ્યા. તેમનો કથનાનુસાર જેવા મારાની બાંધ પર એટલો તો મોટો અને ઉંડો ઘા કરવામાં આવ્યો બે ચાર દિવસ કષ્ટ ભોગવ્યા બાદ તે પણ આ લોકમાંથી વિદાય થયો.

યજીદનું આ કામ પ્રગટ થઇ જવાથી દેશમાં બળબળાટ મચી રહ્યો. લોકોએ મોઆવિયાની, ખલાફત વિરૂદ્ધ વિદ્રોહ કરવા માંડયો. હુજરતઅલીના મોટા પુત્ર હસને (જે મહમ્મદ સાહેબનો નવાસો હતો) મોઆવિયાને કહ્યું કે આપ શામ-પ્રાન્તમાં જઇને શાસન કરો. અને આ પ્રાંત મારે માટે રહેવા દો. જેમાં સહમત થઇ મોઆવિયા શામ ગયો. અને મદીના પ્રાન્ત હુજરત હસનને આધીન થયો. યજીદે પોતાના પિતાની પશ્ચાત

શામ પ્રાન્ત પણ હુસનને મળશે, એવું વિચારી હુસનની બીને પોતાની પતિને કોઈ પણ પ્રકારે મારી નાંખવાને માટે બહેકાવી. ભાવિ પ્રબળ હોય છે. તે આ કુમંત્રણામાં ફસી પડી. ઈમામ-હુસનને છ વખત વિષ ખવડાવવામાં આવ્યું. સાતમી વખતના વિષપાનથી તેમનો પ્રાણાન્ત થયો, આ ભેદ ઉંઘાડો પડ્યા વિના રહ્યો નહિ. હુસનના અનુયાયીઓને સર્વ વાત વિદિત થઇ ગઇ. આ વખત તેમનું ધીરજ જતું રહ્યું. યજીદને તેના કુકર્મનું પ્રતિફળ ચખાડવાને ખડ્ગ ખેંચી તે લોકો તૈયાર થઇ ગયા. રણનાદ દુદંભી વાગવા લાગ્યો. નગારાંનો ઘોષ સંભળાવા લાગ્યો. "યા અલી"ની ધુમ મચી રહી. કુચનાં ડંકાનો અવાજ આકાશ ફાડવા લાગ્યો. વીર યોદ્ધાઓ આજ્ઞાને માટે ઇમામ હુસેનના દરવાજાપર પહોંચ્યા, પરન્તુ ધન્ય તમારી સહિષ્ણુતા! ધન્ય તમારી ઉદારતા! તેમણે કાયરતાથી નહીં, પ્રાણના મોહને લીધે નહિ, ધનનાશના ભયથી પણ નહિ, કેવળ હિંસાના ડરથી, એકને માટે અનેકનો સંહાર થવાના ભયથી, પોતાના બન્ધુનાશનું કારણ ધર્મરેચ્છા બતાવી મીઠાં વચનોથી સર્વને શાન્ત કરી દીધા. સર્વ લોકો ક્રોધ શમાવી પોત પોતાને ઘેર પાછા ફર્યા.

એ પછી હુસેન પોતાના મૃત ભાઇ હસનના પદપર પ્રતિષ્ઠિત થયો. એજ દિવસે મોઆવીઆનો પરલોકવાસ થઇ જવાથી તેનો અધિકાર યજીદને પ્રાપ્ત થયો. યજીદે હુસેનને પોતાનો મુરિદ બનવાને માટે કહેણ મોકલ્યું. હુસેન સાહેબે ઉત્તર દીધો કે જો તે સચ્ચરિત્ર તથા નિર્દોષ હોત, તો અવશ્ય હું તેની શિષ્યતા સ્વીકાર કરી લેત. કિન્તુ તે એવો રહ્યો નથી. તેના જેવો અપવિત્ર, ભ્રષ્ટ ચરિત્ર, તથા ક્રૂર વ્યક્તિનો હું કદી પણ મુરિદ થઇ શકતો નથી. ઉત્તર ખટતોજ હતો. પણ યજીદને એનાથી ઉંડો ઘા લાગ્યો. હુસેન સાહેબ પણ એ જાણી ચુકયા. તેમજ એ પણ સારી રીતે સમજ્યા કે લોકોને ઉશ્કેરીને તેની વિરુદ્ધ ઉભા કરવાનો આરોપ પણ યજીદે મારા ઉપર મુકયો છે. જો કોઇ પણ પ્રકારે દૂર થઇ શકતો નથી. તેટલા માટે તે અવશ્ય ઉપદ્રવ કરશે. આ કારણોને લીધે ખલાફત છોડીને શાન્તિપૂર્વક જીવન વ્યતીત કરવાને મક્કે તે આલ અચ્ચાં સમેત મદીનાથી કાબેશરીફ જઇ વસ્યા.

કુફ્ફાના લોકોએ આ સમાચાર જાણી તેમને પોતાને ત્યાં આવી રહેવાને આગ્રહ પૂર્વક કહેણ મોકલ્યું. હુસેન સાહેબે પહેલાં પોતાના કાકાના છોકરા મુસલિમને આલઅચ્ચાં સહિત ત્યાં મોકલ્યો.

મુસલિમે ત્યાં જઇ થોડા દિવસ રહ્યા પછી હુસેન સાહેબને લખી મોકલ્યું, કે આપ નિર્ભયપણે ચાલ્યા આવો. અહીંના વસ્તીના હૃદયોમાં નિસંદેહ આપને માટે અપૂર્વ ભક્તિ છે. પત્ર વાંચી હુસેન સાહેબ કુફ્ફા જવાને તૈયાર થયા, અને કુફ્ફા વાસીઓને એની સૂચના આપી દીધી.

ગુપ્તચરો મારફતે આ સમાચાર મળતાંજ યજીદે ઓબેદુલ્લાને બાર હજાર સિપાહીઓનો સેનાપતિ બનાવી, કુફ્ફા તરફ મોકલ્યો. કુફ્ફામાં આ વખતે હુસેન સાહેબના આગમનોત્સવમાં નાનાં પ્રકારનાં ઉત્સવ થઇ રહ્યા હતા, લોકોની એક મોટી સંખ્યા સભા મંડપમાં એકત્ર થઇ હતી. નાચ ગાન થઇ રહ્યા હતા, ત્યાર ઓબેદુલ્લા હુસેન સાહેબનો કપટવેશ ધારણ કરી નગરમાં દાખલ થયો. અને સભામાં જઇ પહોંચ્યો. સભાના લોકોએ હુસેન સાહેબના ભ્રમથી ઘણા આદરથી તેમનું સન્માન કર્યું. અવસર જોઇ ઓબેદુલ્લાએ સીટી વગાડી

તેના સિપાહીઓએ તરતજ ઉપસ્થિત થએલાં સર્વ મનુષ્યોને પકડી લીધાં; સર્વના પછી મુસલિમ સાહેબ પણ પકડાયા, અને બાલબચ્ચાં સહિત મારી નાંખ્યા. ત્યારપછી હુરે ઓમેદુલ્લાના આદેશથી હજારો સિપાહીઓ લશ્કરને કાબે શરીર તરફ પ્રયાણ કર્યું. માર્ગમાં હુસેન સાહેબને તેણે ઘેરી લીધા, અને પોતાના માલીકનો સંદેશો કહી બતાવ્યો. પરંતુ ઈમામ સાહેબે યજીદ ના શિષ્ય બનવાનો સ્વીકાર કર્યો નહિ, તેમણે કહ્યું કે હું કરબલા આવ્યો છું, ત્યાં ગયા પછી તમારી મરજી હોય તેમ કરજો. જેવો તેમણે કરબલામાં પ્રવેશ કીધો, તેવાજ શત્રુએ તેમને ઘેરી લીધા. બહારના માણસોને પણ અંદર જતાં અટકાવવામાં આવ્યાં. અંદર જતું અનાજ પાણી તેમજ કરબલામાં થઇને વહેતી ફરાત નદીનું જળ પણ રોકી દેવામાં આવ્યું. શહેરમાં કોઇ બીજું જળાશય નહોતું, કે જેથી હુસેન પક્ષની પ્રાણ રક્ષા થાય.

આખરે જળ વિના તરસથી તરફડતાં માણસો મરણ પામવા લાગ્યાં. હુસેન સાહેબે હુરને ધણોજ સમજાવ્યો. અને કહ્યું કે "પાણીનો રસ્તો છુટો કરો: પાણી વિના લોક મરવા લાગ્યા છે. મારે માટે આટલા જીવોનો સંહાર શા માટે કરો છો ? મેં ખલીફત છોડી દીધી. મદીનાનો પણ ત્યાગ કર્યો. હવે તમારે શું જોઇએ છે ? કેવળ કુફારની બાદશાહત અને જગતમાં જીવવાની ઇચ્છા છે," પણ હાય ! તે નિર્દયને જરા પણ દયા આવી નહિ.

હુસેન સાથે કેવળ બેહસો મનુષ્ય અને હુરની સાથે હજારો સૈનિક હતા. ઉભય પક્ષ વચ્ચે ઘોર યુદ્ધ થયું, બેઉ પક્ષના ઢગલાબંધ મનુષ્ય ભૂમિશરણ થયાં. હુસેની પક્ષના સર્વ માણસનો અંત આવ્યો, કેવળ હુસેન સાહેબ અને તેનો રોગી પુત્ર જેનુલ આબદીન બચ્યા. પુત્રએ પિતાને કહ્યું કે, હવે મને પહેલાં યુદ્ધમાં જવા દઇ મારા પ્રાણનો અંત લાવવા દો. પછી આપ જજો. પરન્તુ પુત્રવત્સલ હુસેનથી એવું કેમ કહી શકે ? તેમણે રજા નહિ આપી. આજ વખતે અવસર જોઇ લુંટફાટ કરવા માટે શત્રુના માણસો પ્રવેશ થવા લાગ્યાં. એ જોતાં ઈમામ સાહેબની શાન્તિ ભંગ થઇ ગઇ. આંખો અંગારની માફક ચમકવા લાગી. હાથ ઉછળવા લાગ્યા. શરીરનું રૂધિર ઉકળવા લાગ્યું. ક્રોધથી અધીર થઇ શત્રુઓ ઉપર સિંહની સમાન તુટી પડયા. બે દીવસ સુધી એકલાએ ઘોર યુદ્ધ કર્યું. આખરે બીજે દીવસે સંધ્યાકાળે શસ્ત્રપ્રહારોથી વિવશ થઇ ભૂતલશાયી થયા. હુરની આજ્ઞાથી એક સીપાહીએ તેમનું મસ્તક કાપી ઓબેદુલ્લાની પાસે મોકલ્યું. ઓબેદુલ્લા તે મસ્તક ઘણાજ જતનથી શામ લઇ ગયો, અને યજીદને ભેટ કીધું. પાપી યજીદે હુસેન સાહેબના તે મૃત મુખ ઉપર છડીઓ મારીને અનેક અપમાનો કરી. અન્તમાં જેનુલ આબદીન કે જેને કેદ કરીને લાવવામાં આવ્યો હતો, તેને બોલાવવામાં આવ્યો. યજીદે તેને પુછયું કે હવે તારી શી ઇચ્છા છે? ઇમામ પુત્રએ કહ્યું કે પિતાનું મસ્તક મને મળે તો સારૂ, મસ્તક તેને સોંપવામાં આવ્યું, જે લઇ તેણે તેનું વિધિ પૂર્વક દફન કર્યું. યજીદે જેનુલ આબદીનને બાલ બચ્ચાં સહિત છોડી મુકયો. તે શામથી મદીના ચાલ્યો આવ્યો, અને ત્યાંજ રહેવા લાગ્યો.

કહેવાય છે કે હુસેન સાહેબના અનુયાયીઓએ પાછળથી યજીદ અને ઓબેદુલ્લાને પણ એજ પ્રકારે મસ્તક કાપીને મારી નાંખ્યા.

પહેલ વહેલું તુર્કસ્તાનના બાદશાહ તૈમુરલંગે એક તાજ્યું બનાવી આ ઘટનાનું સ્મારક ઉભું કીધું. પછી તો પુછવું શું ? મુસલમાનોમાં એ જગદ્વ્યાપી તહેવાર થઇ ગયો. દિવસે એવડો અને રાતે ચાર ગણો વધીને હવે તો એ એટલો બધો સર્વ વ્યાપી થઇ ગયો છે, કે જ્યાં મુસલમાનનું માત્ર એક ઘર હોય ત્યાં પણ દર વર્ષે ઓછામાં ઓછું એક તાજિયું તો જરૂર કઢાડવામાં આવે છે. હિન્દુઓમાં પણ હવે આ તહેવારને અંગે કંઇ કંઇ બાધા આખડીયો મનાવા લાગી છે.

તંત્રી.

વિવિધ વિષય.

અદ્‌ભૂત અસ્ત્રચિકિત્સા

પાશ્ચાત્ય ડોક્ટરોએ અસ્ત્રચિકિત્સામાં કમાલ કરી દીધી છે. હાલમાં એક ફ્રાન્સિસ ડોક્ટરે આંખ સુધારવાની નવી રીત શોધી કાઢી છે. તે આંખનો બગડેલો ભાગ કાપી નાંખી તેની જગ્યાએજ તેવોજ બીજે કોઇનો ભાગ લઇ મુકી શકે છે, એથી ગુમ થએલું આંખનું તેજ પાછું આંખમાં આવે છે. હાલમાં એણે પોતાની એ શોધ એક ઓપરેશન કરાવી જાહેરમાં પ્રકટ કરી છે. એક માણસની એક આંખ ચુનાની ગરમીથી બળી ગઇ. ડોક્ટરે કીકી સિવાય આંખના ડોળાનો સફેદ ભાગ કાઢી નાંખી તે જગ્યાએ એક રોગીની આગળથી કાઢી સંભાળી રાખેલી આંખનો સફેદ ભાગ કાપી તે જગ્યાએ લગાડી દીધો. થોડા દિવસમાં તેને પૂર્વવત્ દેખાવા લાગ્યું. તેને બધી ચીજો સ્પષ્ટ જણાય છે. ડોક્ટરે આ શોધથી આંધળાઓ ઉપર ઘણો ઉપકાર કર્યો છે, પરન્તુ દિલગીરીની વાત છે કે આપણા અભાગી ભારતની ગરીબ વસ્તી ત્યાં જઇ એમની આ મહાન્ શોધનો લાભ શી રીતે ઉઠાવી શકે !

રેડીયમનું રહસ્ય

રેડીયમ એક જાતની ધાતુ છે. જેનામાં બેહદ શક્તિ છે લંડનના એક વૈજ્ઞાનિક ડોક્ટર ડિલિએ એનાપર વ્યાખ્યાન આપતાં જણાવ્યું કે એક વખત એવો આવશે, કે રેલ્વે, મોટોર, વહાણ વગેરે સર્વ રેડીયમની શક્તિથીજ ચાલશે, તેમણે બતાવ્યું હતું કે રેડીયમમાંથી અલ્ફા અને બીટા નામના જે બે કિરણો નીકળે છે, તેમાં અલ્ફાની ચાલ એક મિનિટમાં ૧૦૮૦૦૦૦ મૈલ અને બીટાની ૧૦૮૦૦૦૦૦ મૈલ છે. સમુદ્રમાં અત્યારે લગભગ ૫૬૦૦૦૦ મણ રેડીયમ મોજુદ છે. એક મણ રેડીયમમાં ૧૫૦૦૦૦૦ મણ કોયલાની શક્તિ છે. એક માસા રેડીયમની શક્તિની બરાબર પ્રતિદિન બહાર નીકળતી રહે છે, અને તે ૩૫૦૦ વર્ષ સુધી ચાલી શકે છે. આ અજબ શોધ ખોળ જાણ્યા અંતરમાં આનંદ થાય છે કે લાખો વરસ ચાલે એટલો જમીનની અંદરનો કોયલો ખલાસ થએ તેની જગ્યા આબાદ સાચવે એવો તેનો વારસ તેની હયાતિમાંજ તૈયાર છે.

શોખીન સ્ત્રી.

યૂરોપના આનંદન ઘરોની સ્ત્રીઓની સ્વતંત્રતા, એમના ખેલ તમાસા, મોજ શોખ અને પરચુરણ ખર્ચ જોઇ આપણને મોત ધારણ કરવાની સજા આપણી પોતાની મેળેજ ખમવી પડે છે. ગૃહસ્થાઇનો ભંગ થતાં ત્યાંની મતલબિલાષિણી "સંકેજિષ્ટ" સ્ત્રીઓના ઢોંગ વધતા જાય છે. હાલમાં વિલાયતના એક છૂટા છેડાના મુકદ્દમામાં ધણીના વકીલે ધણીઆણીને પૂછયું, "તમને મોજ શોખ, જુગાર વગેરેનો ઘણો શોખ છે ખરો કે?" સ્ત્રીએ જવાબ આપ્યો, "જેવો બીજી સ્ત્રીઓને છે, તેવોજ મને છે." વકીલે તે બીના હાથની લખેલી ડાયરી આગળ કરી તેમાંથી એક દિવસનો હાલ વાંચી સંભળાવ્યો.

"૧ આજે ડુકાનની હોટલમાં ભોજન કર્યું. ૨. મા-ટીકાલેમાં જઇ જુગાર રમી, પણ હારી ગઇ. ૩. થ્રીજ (એક જાતની રમત) રમી. ૪. મા-ટીકાલેમાં ફરી જુગાર રમી, તેમાં મારી જીત થઇ. ૫. ફ્રેસિના (એક પ્રકારની વીથી, જેમાંની સર્વ ચીજો ઘણી મોંઘી મળે છે.)માં ભોજન કર્યું. ૬. સાંજના નાના પ્રકારની રમતો રમી. રાતે નાચમાં સામેલ થઇ."

વિચિત્ર પ્રાયશ્ચિત.

આજથી લગભગ ૧૦૦૦ વર્ષ પહેલાં જપાનમાં કોબો તામસી નામનો એક બૌદ્ધ સાધુ રહેતો હતો. તેણે કોઇ પાપના પ્રાયશ્ચિત સારૂ પોતાના ધર્મ ગ્રંથની નકલ ઘણીજ ઝીણા અક્ષરોમાં ૧૩ ઇંચ લાંબાં અને ૭ ઇંચ પહોળા કાગળ પર કરી હતી. બધા મળી તેમાં ૧૨૬૦૦૦ શબ્દો છે. આ લખાણ ફક્ત ઉંચી જાતના સૂક્ષ્મ દર્શક યંત્રથીજ વાંચી શકાય છે. પ્રાયશ્ચિતનું આ અદ્‌ભૂત કૃત્ય તે સાધુના વંશજો પાસે હજી પણ હયાત છે. ૧૯૧૩ માં તે અમેરિકામાં બતાવવામાં આવ્યું હતું. હજારો વર્ષ પૂર્વે જ્યારે સૂક્ષ્મ દર્શક યંત્રોની શોધ પણ નહતી, તે વખતે તે સાધુએ આ લખાણ કેવી રીતે લખ્યું હશે? તેના આંખ, હાથ કેવાં કેળવાયલા હશે? તે વિચારવા જેવી વાત છે.

કુરાનની એક નકલ.

ઇરાનના શાહ પાસે કુરાનની એક નકલ છે, તેની કિંમત અઠી લાખ રૂપીઆ છે. એવું કહેવાય છે કે તેનાં પૃષ્ટો સોનાના જાડા વરખથી મઢેલાં છે. તથા તેને ૧૦૯ હીરા, ૧૬૭ મોતી, અને ૧૨૨ માણેક જડેલાં છે. કેવળ એક ધર્મ ગ્રંથ ઉપર પ્રીતિ માટે તેનાપર કેટલા બધાં ઝવેરાત સજેલા છે. અને તેને લીધે કેટલું બધું દ્રવ્ય સંગ્રહાયું છે.

ચીનાઓની બેર આફ્રીયત.

દેશ દેશના રીવાજો ઘણા જુદા જુદા હોય છે, તે માંહેના ઘણાં વિચિત્ર, રમુજી અને કેટલાક નવાઇ ઉપજાવનારા પણ હોય છે. કહે છે કે એક ચીનો જ્યારે બીજાને મળે છે, ત્યારે તેના કુટુંબના બેર આફ્રીયતના સમાચાર નીચે પ્રમાણે પૂછે છે.

"તમારી ઘણીજ ડાહી, ચતુર, શાણી, વિવેકી, ચંચળ, ચબરાક, સુશીલ, બુદ્ધિશાળી, સુધડ પત્ની કેમ છે?"

સામો જવાબ આપે છે, કે "મારી નાદાન, અજ્ઞાન, ગંદી, બલીયા, નાલાયક, બોચડ, સુસ્ત, અદના, અસમજ, કુવડ પત્ની ઘણીજ મજામાં છે."

" તમારાં હુશીયાર, ચંચળ બેનના, બાહોશ, પ્રવીણ, મંદ, વિદ્વાન, ડાહ્યા, ડાહ્યુ, ચતુર, ચાલાક, અને સુધડ છોકરાંઓ કેમ છે ? "

સામાવાળો—" મારાં નાલાયક, નાદાન, અજ્ઞાન, કમઅક્કલ, ગંદા, ગલીચ, અસ્વચ્છ, બીન કેળવાએલ છોકરાં આપની પહાડી દુઆથી પૂરા આનંદ અને તંદુરસ્તીમાં છે. "

કેમ, આપણા ભારતમાં આવો રિવાજ દાખલ કરવા માટે કોઇ સુધારક મંડળ આ સવાલ પોતાના બળવાન અવાજ વડે ઉંચકી લેશે કે !

તારાની સંખ્યા.

તારાઓ આપણાથી ઘણે દૂર આવેલા છે.. આપણે આકાશ તરફ જોઇએ છીએ ત્યારે એમ કહેવાય છે કે આપણે આશરે ૨૦૦૦ તારાઓ જોઇ શકીએ છીએ, અર્થાત્ આપણી દૃષ્ટિ મર્યાદામાં એટલી સંખ્યા સમાય છે, એના કરતાં આપણે સૂક્ષ્મ દર્શક યંત્રથી જોઇશું તો આશરે ૧૦ કરોડ કે એક અબજ તારા જોઇ શકીશું. કેટલાક મોટા ઝગમગતા તારાઓનું પરિમાણ ૨૦૦૦ થી ૨૭૦૦૦ ડીગ્રી જેટલું હોય છે. જે તારાઓનું પરિમાણ એથી ઓછું હોય તેઓ આપણાથી જણાતા નથી. એ સંબંધમાં મિ. એફ, એ, હીંડઝમેન જણાવે છે કે આ દેખી શકાય નહિ એવા તારાની સંખ્યા ઝગઝગતાં તારા કરતાં ઘણીજ વધારે છે. તે એવા અનુમાનપર આવ્યા છે, કે ઝાંખા તારા ઝગઝગતા કરતાં ૪૦૦૦ હજાર ગણા છે. આપણે ઉપર કહ્યું છે કે ઝગઝગતાં તારાની સંખ્યા (જે સૂક્ષ્મ દર્શકમાંથી જણાય છે તેની) એક અબજ છે, તો પછી ઝાંખા તારાની સંખ્યા આશરે ૪૦૦૦૦૦૦૦૦૦૦૦. એટલી હોવી જોઇએ. કહેશો હવે આપણે ભારતના જ્યોતિષીએ ગણેલા ત્રણ કરોડનો હિસાબ કયાં રહ્યો ?

પ્રકાણ

અંગ્રેજ લોકોમાં જેમ વિવાહ જોડવાની નીશાની તરીકે વર તરફથી કન્યાને વિંટી આપવામાં આવે છે. તેમ પ્રમાણે જાપાનમાં એક સુંદર રેશમી કમરબંધ વર તરફથી કન્યાને ભેટ આપવાનો રીવાજ છે.

ફ્રાન્સમાં નિશાળોમાં ઇનામના મેળાવડા વખતે બાળકોની માતાને હાજર રાખી માતાને હાથેજ બાળકોને ઇનામ અપાય છે.

એક ટન કોલસામાંથી દશ હજાર ઘન ફુટ ગેસ તૈયાર થાય છે.

એક ટન કોલસો બળતાં ત્રણ લાખ ઘન ફુટ હવા શ્વાસોચ્છ્વાસને માટે નિરૂપયોગી થાય છે.

જગતમાં સુતાં નાણાંનું વજન ૬૦૦ ટનથી કંઇક ઓછું છે.

પૃથ્વી પર કોઇ પણ દેશના માણસો કરતાં નોર્વેના લોકોનું આયુષ્ય-પ્રમાણ વધારે છે.

દુનિઆ ઉપરના સર્વ પોપટોમાં નાનામાં નાના પોપટની લંબાઇ અઢી ઇંચની છે. એવો પોપટ ન્યુગાયેના નાં બ્રીટીશ મ્યુઝીયમમાં આણવામાં આવ્યો છે.

ન્યુયોર્કમાં એક ઇન્જીનીયરે એવો કેમેરો શોધી કહાડયો છે કે જેને તીજોરીની અંદર રાખતાં તીજોરી ફોડનાર ચોરનો ફોટો આપોઆપ લેવાઇ જાય છે

અમેરિકાના સંયુક્ત સંસ્થાનમાં પ્રસિદ્ધ થનારાં વર્તમાન પત્રો પૈકી ૨૪૬૭, દૈનિક ૫૯ અઠવાડિયામાં ત્રણ વખત પ્રસિદ્ધ થનારાં ૬૧૦, અઠવાડીયામાં બે વખત પ્રસિદ્ધ થનારાં અને ૧૬૧૮૧ સામાહિક સમાચાર પત્રો છે.

તંત્રી.

અશક્તાશ્રમની પહોંચ.

લેડી વિલ્લીંડન અશક્તાશ્રમ—રામપુરા—સુરત.

મહેરબાન "સત્સંગ" પત્રના અધિપતિ સાહેબ

નમ્રતાપુર્વક સલામ સાથે વિનતિ જે સદરહુ આશ્રમમાં નીચે મુજબની મદદ દેશદાઝવાળા વીરપુરૂષોએ મોકલવા કૃપા કરી તે બા. સેક્રેટરી ડૉ. ડી. જે. એદલજીહરામ ધણા માન તથા આભારસહ સ્વીકારે છે. રૂપીઆ બેકની અંદરની પહોંચ સ્થાનાભાવથી લીધી નથી, પરંતુ તેમનો આભાર પણ ઓછો નથી. નવેમ્બર ૧૯૧૫માં મળેલી મદદની યાદી.

૧-૦-૦	શાં. ખુબચંદ ધર્મચંદ દમણ
૧-૮-૦	,, હરકીશનદાસ અંબાલાલ ,,
૧-૦-૦	,, ઉત્તમચંદ રૂપચંદ ,,
૧-૦-૦	,, હંશરાજ ચેલાજી ,,
૧-૦-૦	,, ગુલાબચંદ વીરચંદ ,,
૨-૦-૦	,, ખીમચંદ હરનાથ ,,
૧-૦-૦	,, ઝવેરચંદ ખુશાલચંદ ,,
૧-૦-૦	,, મેઘા પનાજીની દુકાન તરફથી દમણ
૧-૦-૦	ભકત ભુખાભાઇ હરિભાઇ ગામ હરી
૬ ૧૨-૦	ભકત ધીરજભાઇ ગોરધનભાઇ દામણ પોસ્ટ નવસારી
૨-૦-૦	પા. ગોકલદાસ ભગવાનદાસ
૧૦-૦-૦	શેઠ ઝવેરચંદ પ્રભુદાસ તથા છગનલાલ ઉત્તમચંદ તથા લલ્લુભાઇ કુબેરદાસ
૨-૦-૦	માણેકજી દેારાબજી બોઢાણુ
૧-૦-૦	આદરજી કેરામજી પાત્રાવાલા બોઢાણુ ડોકટર
૨-૦-૦	એક જરથોસ્થી તરફથી ,,
૩-૦-૦	શા. પના ખુશાલજી ,,
૧-૦-૦	,, શમતા ખુશાલજી ,,
૧-૦-૦	,, ગુલાબચંદ ખુબચંદ ,,
૧-૦-૦	મોદી ધીરજભાઇ લલ્લુભાઇ ,,
૧-૦-૦	શા. ધન્છારામ હરગોવિંદદાસ,,
૧-૦-૦	,, કલ્યાણ લક્ષ્મીદાસ ,,
૨-૦-૦	શેઠ રતનજી શેરામજી ,,
૧-૦-૦	શેઠ કેરામજી જમશેદજી ,,
૧-૦-૦	,, બમનજી તથા બાલનજી દેારાબજી ,,
૧-૦-૦	,, રૂસ્તમજી પીશતનજી બોઢાણુ
૧-૦-૦	શા. કરસુરચંદ રામનાજી ,,
૧-૦-૦	શેઠ કાનદાસ રાજારામ ,,
૧-૦-૦	,, જવેર બીજલાલ ,,
૨-૦-૦	,, કૃષ્ણાજી જગાજી ,,
૧-૦-૦	પટેલ જમશેદજી હોરમસજી ,,
૧-૦-૦	શા. જવેર જીવાજી ,, ,,
૧-૦-૦	,, પ્રેમચંદ કૃષ્ણાજી ,,
૧-૦-૦	પરચુરણ નામના.
૧-૦-૦	ઉત્તમરામ જોઈતારામ ધણા તા. કામરેજ
૧-૦-૦	સોની મહાજન તરફથી
૨-૦-૦	કાછીઆ પંચ તરફથી હા. શંકર ગંગાદાસ
૧૧-૦-૦	રા. રા. ગીરધરલાલ નારણદાસ મુખતાની તરફથી તેમની પુત્રી બહેન ગમનગૌરી દશેરાના રોજ દેવલોક પામી તેના પુન્યાર્થે
૧-૦-૦	નાનાભાઇ ગોરધનભાઇ ગોકળભાઇની બડકી જંબુસર
૧-૦-૦	શા. અમરતલાલ મોહનલાલ જંબુસર
૧-૦-૦	રેવાશંકર જગજીવનદાસ શેઠ બડકી જંબુસર

૨–૦–૦ વકીલ શીવશંકર છગનલાલ જંબુસર
૧–૦–૦ ગુલાબભાઇ ગોવીંદજી મુખ્ય રકુલ જંબુસર
૧–૦–૦ મોતી લાલભાઇ પટેલ–પટેલ ખડકી
૧–૦–૦ વકીલ સાહેબ પ્રાણવલ્લભદાસ હરીવલ્લભદાસ–જંબુસર બજાર
૧–૦–૦ જગમોહનદાસ પ્રેમાનંદદાસ
૧–૦–૦ ગૌરીશંકર ભીખારીદાસ જોશી
૧–૦–૦ શેઠ ગીરધરલાલ જમનાદાસ ગોકળલાલની ખડકી જંબુસર
૧–૦–૦ પ્રાણજીવનદાસ નરોતમદાસ વાયા. પ્રેસીડંટ
૧–૦–૦ વકીલ મી. માણેકલાલ લલ્લુભાઇ જંબુસર બજાર
૧–૦–૦ ચોકશી મોતીરામ મોહનલાલ
૧–૦–૦ ચીમનલાલ કાલીદાસ
૫–૦–૦ દેશાઇ નંદલાલ મોતાઅબરામ આમોદ
૧–૦–૦ છત્રપતી જૈન બી.
૧–૦–૦ ધીરજલાલ નંદલાલ
૧–૦–૦ ડૉ. ઝાકળેશ્વર ભગવાનદાસ
૧૦–૦–૦ રા. સા. કેશવલાલ ગીરધરલાલ મામલતદાર સાહેબ.
૫–૦–૦ ઉધરાતદાર–ઇસપ બાપુ ગામ કેલવણ
૨–૦–૦ શેઠ હરજીવન રાયજી આમોદ
૧–૦–૦ પા. બેચરદાસ ખુશાલદાસ ,,
૧–૦–૦ રા. ધોલાભાઇ નરભેરામ ,,
૧–૦–૦ ડાહ્યાભાઇ અમરચંદ ,,
૧–૦–૦ માન્ત્રોલા રાયસંગ બાવા અભેસીંગજી ગમણાદ તા. આમોદ
૧–૦–૦ સોની ગોરધનદાસ દામોદરદાસ આમોદ.
૫–૦–૦ શેઠ હરીચંદ મોતીચંદ ,,
૨–૦–૦ હરીભાવા નારાયણ અંબારામ ,,
૧–૦–૦ જહાઉદીન નુરદીન ડૉકટર ,,
૧–૦–૦ ફકીરચંદ મોતીચંદ દાદાપોર તા.,,
૧–૦–૦ શા. અમથા અમરચંદ ,,
૧–૦–૦ શા. ચુનીલાલ મોતીલાલ ,,
૧–૦–૦ શંકરલાલ તાપીદાસ બજાર ,,
૧–૦–૦ પા. અંબાઇદાસ વેરીભાઇ બગાસીઆ ચોરા ,,
૧–૦–૦ નગીનલાલ મોતીચંદ ,,
૧–૦–૦ પા. હરિભાઇ પરભુદાસ ગામ સીકોટી તા. ,,
૨–૦–૦ સોની શીવલાલ ઇશ્વરદાસ ,,
૨–૦–૦ પા.આશારામ જીભાઇ-ભીમરા તા.,,
૧–૦–૦ સોની દુલભભાઇ મંછારામ ,,
૧–૦–૦ વૈદ્ય છગનલાલ લલ્લુભાઇ ,,
૧–૦–૦ પ્રાણજીવન રૂધનાથભાઇ ,,
૧–૦–૦ શેઠ પાનાચંદ કેશવજી તરફથી તેમનાં શેઠાણી ,,
૧–૦–૦ ભાસાહેબ હરીસીંગજી ઠાકોર સાહેબ ,,
૧–૦–૦ ભાઇજી ગરબડ દારૂનો બજારદાર,,
૧–૦–૦ કેશવજી ગુલાબચંદ ,,
૧–૦–૦ હરીભાઇ બાપુભાઇ ,,
૨–૦–૦ પા. મોહનભાઇ ગુલાબભાઇ વેડછા તા. ,,
૧–૦–૦ સોની આશારામ દુલભરામ ,,
૧–૦–૦ મોતીચંદ કેલવણવાળા ,,
૧–૨–૦ ઠાકોરદાસ રંગીલદાસ સબ રજીસ્ટર સાહેબ ,,
૨–૦–૦ એક સખી ગૃહસ્થ ,,
૧૫૦–૦–૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી સુરત
૧–૦–૦ જૈન પદ્માવતી વનીતા વિશ્રામ
૧–૦–૦ જૈન મંદુમતી વાડીફળીઆ સુર

૨–૦–૦ વસી વલભજીભાઇ કકલાણુજી હા. જોગીભાઇ શંકરજી–પાલડી

૧૦–૦–૦ ડૉ. રૂખમાબાઇ મોરારજી વિજ્ય-ભુખણદાસની ફીઝેલ હોસ્પીટાલ નવાં વરસની ખુશાલી

૧૦–૦–૦ નર્સ ગોદુબાઇ એજન. માંદગી માંથી સારાં થયાં તે બદલ પ્રભુના આભાર તરીકે

૨–૦–૦ શેઠ ધીરજલાલ નરસદદાસ ભાર સાર–સગરામપરા ખાંગડગેરી

૨–૦–૦ શેઠ જીવણદાસ નારણદાસ પોરેમા મનોરદાસ રહોટ મુંબઇ

૨૧–૨૩ નવા વરસની બોણીના

૧૦–૦–૦ મહેરબાન ખુદાવંત સચીનના નવાબ સાહેબ માસીક મદદ

૧–૦–૦ બાઇ મણીબાઇ તે ગજપતરામ અંબારામની દીકરી હરીપુરા

૧૦–૦–૦ શેઠજી સાહેબ કલેચંદ નારણદાસ માંહલે ખરમાબજાર રહેવાસી કકોા

૨–૦–૦ નાનાભાઇ નાથુભાઇ મંચેરપરા ખરાદી શેરી

૧–૦–૦ માસ્તર મહાસુખરામ માણેકરામ વકીલ–ગોપીપરા

૧–૦–૦ શા. છબીલદાસ વીજભુખણદાસ મુખડીઆ ગોપીપરા

૫–૦–૦ ધીરજરામ પરભુદાસ મોટી છીપવાડ વાર્ષિક

૧૦–૦–૦ કીકાભાઇ રતનલાલ હરીભાઇ (હા. નારણદાસ મોતીરામ)

૧–૦–૦ મે. એમ. એસ. અડવાણી સાહેબ માસીક મદદ

૧૮–૮–૦ શા. નગીનદાસ કાલાભાઇ હરીપરા એક દીવસના ખર્ચનો ખર્ચ

૧–૦–૦ લાલભાઇ નાથાભાઇ ખંભાતી ખત્રી મંચેરપરા અશ્વનીકુમારના મહલામાં

૧–૦–૦ નાથાલાલ કકીરચંદ એજન

૧–૦–૦ શા. નાથાભાઇ સોમચંદ રંદેર

૧–૦–૦ શા. માણેકલાલ ગુલાબચંદ ,,

૧–૦–૦ શા. ચુનીલાલ મંગળચંદ ,,

૧–૨–૦ બાઇ જેકોર વિગેરે તરફથી ,,

૧–૦–૦ શા. નાનચંદ વિરચંદ ચલયાણ

૨–૦–૦ ,, ધેલાભાઇ દેવચંદ નવાપરા સુરત

૧–૦–૦ ,, કૃષ્ણાજી જેઠાજી કાપડબજાર (મદીનાગ આગળ)

૨–૦–૦ શા. રાયચંદ તારેવજી પારસીશેરી

૧–૦–૦ ,, નંદલાલ પરભુદાસ મકીજા ળ પાસે

૨–૦–૦ શા. તેલજી નેમાજી રંદેર

૧–૦–૦ ,, નગીનચંદ ખીમચંદ ખરાદીશેરી

૨–૦–૦ ,, લખમાજી જીવણજી હા. દલીચંદ વીરચંદ–નવાપરા

૨–૦–૦ ,, તલકચંદ કલ્યાણચંદ ખરાદીશેરી.

૧–૦–૦ ,, તાપીદાસ અંબારામ–રંદેર

૧–૦–૦ ,, ખીમચંદ કસ્તુરચંદ–નવાપર

૨–૦–૦ ,, ચુનીલાલ કસ્તુરચંદ–માંડવીબજા

૧૭.૧૨.૦ પટેલ–નાથુભાઇ દુલભરામ તથા બબુભાઇ રમીકદાસે હા. માણેકલાલ કાસીદાસ મેવાલાપસીના જમ-ણનો ખર્ચ આપ્યો.

૨–૦–૦ શા. વરજલાલ લાલભાઇ ખાંડ વાળા–વાડીફળીઆ.

૪૫–૦–૦ એક સખી હૃદયે તરફથી હા. શા. રંગીલદાસ ગુલાબદાસ આત્મારામ ભુખણવાળા–સુરત

૧–૦–૦ રા. રા. જમીયેતરામ મોતીરામ તરફથી પોતાની ધણીઆણી

બાઈ આરતના સંવતસરીની યાદમાં-હુવાડીએ । ચકલો.

૧-૦-૦ ભાવસારના પંચ તરફથી હા. વીઠલરામા કરચળીઆ પો. મહુવા

૪-૦-૦ શા. ભુદર ભગાજી વિગેરે-

૩-૨-૦ શા ગોવિંદ ભુદરાજીની વહુ નામે વની ,, ,,

૨-૮-૦ શા. નાનચંદ કૃષ્ણાજી ,, ,,

૧-૦-૦ ,, કસ્તુરચંદ ભુદરાજી-મહુવા

૧-૮-૦ ,, કસ્તુર રામજી-કરચલીઓ પો. મહુવા.

૧-૦-૦ ,, વાલા ભાવાજી ધરમાદામાંથી

૧-૪-૦ ,, કપુરચંદ મોતીચંદ ,, ,,

૨-૨-૦ ,, મોનાજી હીરાજી ,, ,,

૧-૦-૦ ,, માનાજી હાકરાજી ,, ,,

૧-૦-૦ ,, તલકચંદ મોતીચંદ ,, ,,

૧-૦-૦ ,, કેશરીચંદ ગુલાબચંદ ,, ,,

૧-૦-૦ ,, શમનાજી ગુલાબચંદ ,, ,,

૧-૨-૦ ,, ચંદાજી ગુલાબચંદ ,, ,,

૧-૦-૦ ,, માનાજી વખતાજી ,, ,,

૧-૦-૦ શા. હીરા વાલજી કરચલીઆ પો. મહુવા.

૧-૦-૦ ,, અંબાલાલ વખતાજી ,, ,,

૧-૦-૦ ,, ઝવેરભાઇ મનાજી ,, ,,

૫૦-૦-૦ ,- બાઇ ગંગા તે નારણ લખમીચંદની વિધવા હા ઓલદાસ નાનાભાઇકરવી વિગેરે-ઘોઘારાણાની મેાટી છીપવાડ

૧-૦-૦ ,, હીરાદાસ કસ્તુરચંદ મહીપર પરા દાણીઆશેરી અમ્બની કુમારના ગલ્લામાંથી.

૫૧-૦-૦ ,, શેઠ નવરોજજી પેસ્તનજી નરગામવાળા. બોડવડ ડીરેક્ટર બાનદેશ.

૧-૦-૦ બેન શીવગંગા મોતીરામ બાંડવાળા-વાડીકુળીઆ માસીક

૫-૦-૦ વૈદ્ય-ભવાનીશંકર નાનમરામ કોટ શરીલ વાર્ષિક

૫-૦-૦ બુરાનપુરી ભાગોલના ભજીયાં વાલાના પંચ તરફથી હા. શા. ત્રીભોવન રાજારામ,

૨૫-૦-૦ શેઠ અમીચંદ ગુલાબચંદ નવાપર

૧-૦-૦ ગાંધી મોતીલાલ ગરબડદાસ ડભોઇ બાલર

૧-૦-૦ પા. દેવજીભાઇ દયાલભાઇ શુકલતીર્થ

૧-૦-૦ પા. પ્રતાપસિંગ ગુમાનસંગ ,,

૧-૦-૦ શા. વિરચંદ રાજજી-બગવાડા

૧-૦-૦ ,, રૂપાજી હેમાજી ,,

૨-૦-૦ શેઠ ખુદાના બંદા ભીલાડ

૧૦-૦-૦ સ્ટેશન માસ્તર-મોહનલાલ કલ્યાણજી મારફતે ધાસના વેપારીઓના ભીલાડ

૧-૦-૦ લલ્લુભાઇ કશનજી પટેલ કોપરલી તા-પારડી

૨-૦-૦ સોની નાનાભાઇ માધવરામ-વાપી

૧-૦-૦ શા. ઝવેરચંદ વરધાજી સાતેમ પો., નવસારી.

૨-૦-૦ ,, જીવાજી વેલાજી ,,

૧-૦-૦ ,, શવાજી લખાજી ,,

૧-૦-૦ ,, ભાણજી દેવાજી ,,

૨-૦-૦ ,, લાલાજી ઉકાજી ,,

૧-૪-૦ શા. મોટાજી ઉકાજી સાતેમ પો. નવસારી

૨-૦-૦ ,, લખમાજી જેરામજી ,,

૧-૨-૦ ,, દીપાજી ઉકજી ,,

૧-૦-૦ ,, જસાજી ગોવીંદજી ,,

૧-૦-૦ પટેલ ઉકાભાઇ માધવભાઇ ,,

૧-૪-૦ શા. નવલાજી ગુમાનજી ગરીગામ પો. ભિલાડ

૧-૦-૦ ,, કુંપાજી પુરાજી ,,
૧-૦-૦ ,, હેમાજી નેમાજી
૧-૦-૦ પટેલ મંછારામ લલ્લુભાઇ ,,
૧-૦-૦ રા. રા. હરીકેશવ આરેકર
૧-૦-૦ શા, ભગવાનદાસ તલકચંદજી કરમલા પો. ભિલાડ
૨-૦-૦ પા. પરયમસીંગ કાલાભાઇ મેારી નરોલી પરગણા નગરાવેલી પો. ભિલાડ
૧-૦-૦ પા. ઉકાભાઇ ભગાભાઇ એજન
૧-૦-૦ પા. ભીખાભાઇ બાવાભાઇ ,,
૧-૪-૦ શા. નવલજી કેશજી નરોલી પો ભિલેાડ
૨-૦-૦ પા. નાગરભાઇ જીવણભાઇ મેારી નગરાવેલી નરોલી પો. ભિલાડ
૨-૦-૦ શા. દલીચંદજી સંતોકજી ગામ બરછારી પો. ભિલાડ
૨-૦-૦ શા. ઝુહારમલજી સગાલજી ,,
૫-૦-૦ શા. ગુલાબચંદજી ગેામાજી ,,
૧-૦-૦ રા. રા. છાંડુ નાયક-શરીગામ પો. ભિલાડ
૧-૨-૦ રા. રા. મેારસીહ આરેકર ,,
૧-૦-૦ પા. રૂકડા જીણા કનાડે પો કુંથુસા
૫-૦-૦ શા- ગંભીરમલજી જસરૂપજી કુંથુસા તા. ઉમરગામ
૨-૦-૦ શા. ગંગારામ અગજી ,,
૨-૦-૦ ,, ખુબચંદજી જસરૂપજી ,,
૨-૦-૦ ,, પુનમચંદજી દેવીચંદજી ,,
૧-૦-૦ ,, ભીમરાજ મુલચંદ ,,
૧-૦-૦ રા. જમાજી ઉકાજી કળગામ પો. કુંથુસા
૫-૦-૦ શીલેાત્રી બકેલી શેાલવર્ક પો. મરેાલી તા. ઉમરગામ
૧-૦-૦ રા. રા. રામચંદ્ર કૃષ્ણાજી સર કારકુન સાહેબ મરેાલી તા. ઉમરગામ
૨-૦-૦ શા. પનાજી નગાજી બેારડી ગેાલવાડ
૧-૮-૦ શેઠ કરસનદાસ વલ્લભદાસ ,,
૧-૦-૦ શા. મુલતાનમલ્લ રૂપચંદજી,,
૧-૦-૦ રા રા. નારાયણ લક્ષ્મણ રાઉત,,
૨ ૦-૦ શા. ભીમાજી કાનાજી ખતલવાડા
૧-૦-૦ શા. પ્રાણજીવનદાસ માણેકદાસ,,
૨૨-૮-૦ અશક્ત નંદરામ હાકેારે મરતા પહેલાં આશ્રમને પેાતાના કાનની કડી અર્પણ કરી તેની કીંમતના
૧૦-૦-૦ રા. રા. ગુલાબભાઇ મેારારજી ઇન્ડેાનેટીવ પેાસ્ટ એાફીસ આફ્રીકા જોહાનસબર્ગ
૧-૦-૦ શા. હરિભાઇ દુલભરામ હરીપરા
૨-૮-૦ હકુર ગુલાબદાસ જમનાદાસ નાનપરા
૧-૦-૦ શા. નગીનદાશ હરજીવનદાસ પેાતાના છેાકરા રંગીલદાસના પુન્યાર્થે ગલ્લામાં
૫-૦-૦ બાઇ જરબાઇ હેારમસજી મુલ્લાં તથા માણેકબાઇ ફરદુનજી દેશાઇ નવસારીવાળા
૧-૦-૦ ગેાવીંદજી હરીભાઇ સનાથી જીલ્લે ખેડા
૭-૮-૦ ઝંપા બજારના દવાખાનામાંથી નવેમ્બર માસના
૧૬૬-૪-૭ રા. એકની અંદરની પરચુરણ રકમનું એકંદર

૧૪૪૬-૧૦-૭

૧–૦–૦ શા. પ્રાગજી જેતજી કોપરલી તા. પારડી
૧–૦–૦ શા. જગતાજી ઓપાજી ,,
૧–૦–૦ શા દલાજી લેખ્ખાજી ,,
૧–૦–૦ શા. દલાજી જેતાજી હા નેમચંદ કોપરલી
૧–૦–૦ શા. ગોવીંદજી જગતાજી ,,
૧–૦–૦ પટેલ રણાભાઇ કરશનજી ,,
૧–૪–૦ સુરતના પંચ તરફથી હા. મી ડાહ્યા વશરામ ,,
૧–૦–૦ શા પ્રેમચંદ લલ્લુજીની છોકરી બેન પાલીની પછવાડે કોપરલી
૧–૦–૦ શા. મગનલાલ લલ્લુભાઇની છોકરી બેન લીલાવતી ,,
૫–૦–૦ શા. મોતીજી પદમાજી દહેગામ તા. પારડી પો. વાપી (ખાસદા)
૧–૦–૦ શા. પ્રેમચંદ માયંગજી ,,
૧–૦–૦ કાવસજી જમસેદજી તા પારડી ગામ કરવા પો. પરીઆ
૧–૦–૦ સાપુરજી માણેકજી દહેગામ પો.વાપી
૧–૦–૦ શા. મકનાજી ખોરાજી ,,
૧–૦–૦ શા. ભાઇચંદ દેવચંદ વાતા પો વાપી.
૧–૦–૦ શા. દેવચંદની પાછલ શા. મંછારામ જેચંદ શુભ ખાતે ,,
૧–૦–૦ શા. નારણજી વણજી પાછલ શા. મંછારામ જેચંદ ,,
૧–૦–૦ ભીખાજી ગમનાજી અંબાચ તા. તા. પારડી પો. ઉદવાડા
૧–૦–૦ લલ્લુભાઇ નરસી ,,
૧–૦–૦ ,, ગોવીંદજી જેતાજી હા. મગનલાલ ,,
૧–૦–૦ ,, તારાચંદ જેતાજી ,,
૨૦–૦–૦ ,, ઉમેદચંદ નરસઇજી ખેરલાવ ૫) શુભ ખાતામાંથી અને ૧૫) જેચંદની વહુ પાછલ
૧–૦–૦ શા. ખુશાલજી રાજાજી ખેરલાલ પો. ઉદવાડા
૧–૦–૦ શા. ભીખાજી મોતીજી ગોધમા પો. પરીઆ
૧–૦–૦ ,, ભગાજી મોતીજી ,,
૧–૦–૦ ,, ગોવીંદ મોતીજી ,,
૫–૦–૦ રા. રા. છગનલાલ હકોરલાલ મોદી હવાડીઆ ચકલો ખાલાજી રોડ
૧૦–૦–૦ રા. બા. કમળાશંકર પ્રાણશંકર ત્રીવેદી ,,
૮–૦–૦ રા. રા. મોહનલાલ પાર્વતીશંકર હવે ખપાટીઓ ચકલો.
૧–૦–૦ શા. જેઠાલાલ શીવલાલ જરીવાલા મોટીશેરીવાલાએ લાપશીનું જમણ આપેલું તેની સાથે પરચુરણ ખરચ.
૨૫–૦–૦ શા. નાથુભાઇ જમનાદાસના પુત્ર જેકીશનદાસ તરફથી પોતાનાં ધર્મ પત્ની બાઇ જડાવ ઉર્ફે સોમીના પુન્યાર્થે દુધપાક પુરીનું જમણ કરવા.
૨–૦–૦ પીરોજ દીનશાહ મુંબઇ
૧૫–૦–૦ જનાના મીશન હાઇસ્કુલના કારકલાશ તરફથી કુ. આર. જેમીશન.
૩–૦–૦ કંકર–ગુલાબદાસ જમનાદાસ નાનપુરા.
૧૭–૧૧–૦ શા. નાનચંદ કીકાભાઇ હરીપરા વાલાએ મેવાલાપશીનું જમણ આપેલું તેમાં ખરચના.
૫૫–૦–૦ પદમસીંગ મુલરાજ–મુંબઇ હનમાનગલી હા. નેણશીલાલ જેકીશનદાસ–વકીલ–માણેકપીર

૧૦-૦-૦ શા. ગમનલાલ ગુલાબદાસ વકીલ વાલા પોતાના પુત્રના નલિનીકર્તિના પુન્યાર્થે
૨-૮-૦ શા. કલ્યાણદાસ-શામદાસ રૂવાલાનો ટેકરો મુખડીઆશેરી.
૨-૧૨-૦ દેશાઇ કુબેરભાઇ અજુભાઇ કતારગામ
૧૦-૦-૦ હેરમસજી રતનજી માજી ઇન્સ રદાર નાદેદ લીલવારોળ
૨-૦-૦ દેશાઇ ગોવનજી હરિભાઇ મવાણી
૧-૦-૦ શેઠ ઇશ્વરલાલ પ્રાણજીવનદાસ રણછોડદાસ વકીલની શેરી વાડી કુણીઆમાં
૨-૦-૦ મેળાયચંદ આનંદચંદ દીવાન વડા ચકુટા
૧-૦-૦ બાઇ નંદકોર
૨-૦-૦ શા. છબીલદાસ ગુલાબદાસ હરિપરા
૧-૦-૦ શેઠ કેશવજી નસરવાનજી સાહેર નાનપરા
૭-૧૨-૦ ઝંપા બજારના દવાખાનામાંથી
૧૭૧-૧૦-૪ રૂપીઆ એકની અંદરનું પરચુરણ
૦-૮-૦ શ્રી રામચંદજીના ગલ્લામાંથી
૧-૦-૦ શેઠ મોતીજી પનાજી મહુવા પ્રાંત નવસારી
૧-૦-૦ ,, દોલતમન રૂપચંદજી ,,
૧-૦-૦ ,, અમરતલાલ જગજીવન ,,
૧-૦-૦ ,, વનાજી હરનાથજી ,,
૧-૦-૦ ,, કાવસજી હીરાજી મોગલ તા ,,
૧-૦-૦ ,, ભાવસાર પંચ તરફથી હા. મહુવા પટેલ વેણી જેરા ,,
૩-૦-૦ નાના પ્રાગજી આટ તા જલાલપોર
૧-૦-૦ દેશાઇ પ્રાગજી મીઠાભાઇ પટેલ આટ
૧-૦-૦ બાઇ અંબા શા દુલભ શામજીની ઉોકરી દમડાળા
૧-૦-૦ શા. રાયચંદ નેમાજી આટ
૧-૦-૦ શા. મોતીજી હીરાજી ,,
૧૦-૦-૦ શા. ડાહ્યાભાઇ સુંદરજી અબ્રામા શા. વીરચંદ નથુભાઇની કુંપની આરા
૨૦-૦-૦ વર્ધમાન લક્ષ્મણજી હા. શા. વીરચંદ નથુભાઇ ,,
૧-૦-૦ દેશાઇ ખંડુભાઇ નીચ્છાભાઇ ,,
૧-૦-૦ શા. દુલભજી પનાજી ,,
૨-૦-૦ ભાવસાર પંચ તરફથી હા. હરીભાઇ ગોરધન ,,

૮૮૪-૦-૧૦
શા. હકોરદાસ જમનાદાસ પનજીવાલા હનુમાનની પોળ નાણાવટ ચોખા મણ ૧
૨. પરભુદાસ રણછોડદાસ-રામપરાની શાવકશેરી ચોખા મણ ૧
શા ભાણા લાલાજી-ઇન્દ્રાપુર તા. જલાલપુર માતાજી નંદકોરની પછાડી ચોખા મણ ૧
ચોકમજરના કણીઆના પંચ તરફથી તુવેરની દાળ મણ ૦॥ હા. રંગીલદાસ જમનાદાસ
શા. તુળસીદાસ ત્રીભોવનદાસ બાલાજીનો ચકલો ઘઉં મણ ૧
શા. મોતીચંદ ઉત્તમચંદ ઘી કોટા બાઇ મણી તારાચંદ ઉત્તમચંદની ધણીઆણીના પુન્યાર્થે ઘી મણ ૧
બાઇ સનમુખગવરી ગોપીપુરા હા. વૃંદાવન છોટાલાલ ગવન ૧
દયારામ ભગવાન લાલા દરવાજા દુધ મણ ૦॥ ખાંડ ચાર આનાની
ડભોઇના સંગતા તરફથી ચોકસી દલીચંદ ધનજીભાઇ ખાંડની લાપસીનું જમણ
દયારામ કાપડીઆ લાલદરવાજા સુરત દુધ મણ ૦॥ ખાંડ શેર દોઢ
મગનલાલ જયશંકર રણછોડપરા કેળાં નંગ ૧૦૦
પટેલ નાથુભાઇ, દુલભરામ જદાખાડી હા. માણેકલાલ કાસીદાસ ખાંડની લાપસીનું જમણ
બાઇ ઉમીઆ નાણાવટ ભાઇ મોતીલાલના પુન્યાર્થે લાડુ નંગ ૨૫
બાઇ જ્યાગૌરીની શ્રમચરીને નિમિત્તે હા. ધીરજલાલ મોરારજી દુધપાકપુરીનું જમણ
શા. હકોરચંદ કુતેચંદ દુધ મણ ૧ ખાંડ શેર ૨।
નાનપરાના બજાર તરફથી હા. મગનલાલ

ગોરધનદાસ દુધ મણ ૧ ખાંડ શેર ૩

શેઠ ગંગારામ વરજદાસ ભરતીઆ દુધ મણ ૧॥

નાનપરાના તંબોળીના પંચ તરફથી હા. મગનલાલ હરગોવીંદદાસ દુધ શેર ૪૫ ખાંડ શેર ૩

બાધ મણી હા. શા. મોતીચંદ ઉત્તમચંદ દુધ મણ ૧

લેવા પટેલના પંચ તરફથી મનીઆરી શેરી લાડુ નંગ ૪૦

શા. રતનલાલ ચુનીલાલ શીદ્ધમાતાની શેરી વાડી કુણીઆ લાડુ નંગ ૪૦

સ્વર્ગવાસી શેઠ મણીલાલ ઠાકોરદાસ મોદીની વીધવા બાધ મંગળા માછલીપીઠ-વાળાએ ઓઢવાનાં બનુસ નંગ ૪૯ અશકનોને વહેંચી આપ્યાં.

શા. અમરાજી સુરતાજી વાંઝવાળા હેમચંદ અમરાજીના પુન્યાર્થે જુવાર મણ ૨

શેઠ મગનલાલ પરસોતમદાસ હા. રામ-દાસ ધનછારામ સોનીફળીઆ

ધોતી જોડા ૨૫ પચીશ.

બૈરાની લુગડાં ૮ આઠ

રા. નાનાલાલ લલ્લુભાઈ મઇપરપરા

પંચીઉં ૧ એક

રા. રા. ભીમેભાઇ લાલભાઇ સ્ટોરની શેરી-વડીફળીઆ

દુધ મણ ૧ એક

ખાંડ આના આઠની

તંબાકુવાળા નાપીદાસ હીરાચંદ

પીત્તાની બ્રાંડી નંગ ૫ હજાર પાંચ હજાર

સાભાર સ્વીકાર.

નવા વર્ષનું કેલેન્ડર–

પ્રકાશક ખંડુભાઇ નાગરજી મ્હેતા-વાડીફળીઆ, કોટશેરી સુરત, અમને આ નવાવર્ષનું ભીંતે ટાંગવાનું બાર પાનાનું સુંદર કેલેન્ડર ભાઇ ખંડુભાઇ તરફથી મળ્યું છે. જેનો સાભાર સ્વીકાર કરીએ છીએ. આ કેલેન્ડરમાં સીંગર કુંપની ઢબે તારીખ, તિથિ, પારસી રોજ, મહેા-મેદન તારીખ, ઉપરાંત હીંદુ, પારસી તેમજ મહેામેદનભાધ્યોના તહેવારો, પણ સમાવવામાં આવેલા છે. જેથી આ કેલેન્ડર હરકોઇ કોમને ઉપયોગી થઇ પડે એવું છે. આ કેલેન્ડર માત્ર એક આનાની ટીકીટ મોકલી મંગાવનારને મોકલી આપવા પ્રકાશકે અમોને જણાવ્યું છે. જેથી અમો પણ અમારા ગ્રાહકોને કેવળ પોષ્ટ બદલે મળતું કેલેન્ડર મંગાવી ઉપયોગ કરવા ભલામણ કરીએ છીએ.

ઉપર સિવાય અમને ઘણાં પુસ્તકો મળેલાં છે, જેની પહોંચ અમે અમારા આગલા અંકોમાં સ્વીકારી છે. તેમજ કેટલાકની સ્વીકારવી બાકી છે. તેની સમાલોચના અશક્તાધ્યમની પહોંચ વધી જવાથી અભિપ્રાયના પૃષ્ટ વધારતાં દાલના કાગળો વગેરેની મોંઘવારીથી અમારે નાચારી કંપોઝ થયલું લખાણ મુલતવી રાખવું પડે છે. આવતા અંકથી નિયમિત પ્રકટ કરવાની ગોઠવણ કરીશું.

તંત્રી.

સુચના—આજના અંક સાથે વહેંચવામાં આવેલાં પંચાગ તરફ અમારા ગ્રાહકોનું લક્ષ ખેંચવામાં આવે છે. તંત્રી.

પંચાંગ.

સંવત્ ૧૯૭૨ના માંગશર વદિ ૧થી સંવત ૧૯૭૨ના પોષ સુદી ૧૫ તા. ૨૨-૧૨-૧૫થી તા૦ ૨૦-૧-૧૯૧૬ સુધી.

તારીખ.	વાર.	તિથિ.	નક્ષત્ર.	તિથિ. ઘડી-પળ.	વિશેષ હકીકત.
૨૨	બુધ	વદ ૧	આર્દ્રા	૩૩- ૮	
૨૩	ગુરૂ	૨	પુનર્વસુ	૩૭-૫૩	
૨૪	શુક્ર	૩	પુષ્ય	૪૧-૪૫	
૨૫	શનિ	૪	આશ્લેષા	૪૪-૪૧	ક્રીસ્ટમસડે, નાતાલના તહેવાર શરૂ, સંકટ ચો.
૨૬	રવિ	૫	મઘા	૪૬-૧૯	
૨૭	સોમ	૬	પૂર્વાફાલ્ગુન	૪૬-૪૪	
૨૮	મંગળ	૭	ઉત્તરાફાલ્ગુન	૪૫-૪૭	
૨૯	બુધ	૮	હસ્ત	૪૩-૩૨	
૩૦	ગુરૂ	૯	ચિત્રા	૪૦-૧૯	
૩૧	શુક્ર	૧૦	સ્વાતિ	૩૬-૧૪	
૧	શનિ	૧૧	વિશાખા	૩૧-૧૦	જૂ-યુઆરી સને ૧૯૧૬ સફલા એકાદશી
૨	રવિ	૧૨	અનુરાધા	૨૫-૫૬	પ્રદોષ
૩	સોમ	૧૩	જ્યેષ્ઠા	૨૦-૧૫	શિવરાત્રિ.
૪	મંગળ	૧૪	મૂળ	૧૪-૨૩	સુરત પાસે મોરા સુવાળીની કુંવાની યાત્રા.
૫	બુધ	૩૦	પૂર્વાષાઢા	૮-૩૭	
૬	ગુરૂ	સુદ ૧	ઉત્તરાષાઢા	૩- ૬	પોષ માસ બેઠો. ચાંદરાત.
	ગુરૂ	૨		૫૪-૫૩	બીજનો ક્ષય.
૭	શુક્ર	૩	શ્રવણ	૫૩-૩૧	પંચક ૫૫-૪૬ પૂંછી બેસે છે.
૮	શનિ	૪	ધનિષ્ઠા	૪૯-૫૭	
૯	રવિ	૫	શતતારા	૪૭-૧૯	વ્યતિપાત ૨૯-૧૦ સુધી.
૧૦	સોમ	૬	પૂર્વાભાદ્ર.	૪૫-૪૬	
૧૧	મંગળ	૭	ઉત્તરાભાદ્ર.	૪૫-૨૮	
૧૨	બુધ	૮	રેવતિ	૪૬-૪૦	પંચક ૨૯-૫૪ સુધી છે.
૧૩	ગુરૂ	૯	અશ્વિની	૪૯-૧૩	
૧૪	શુક્ર	૧૦	ભરણી	૫૨-૨૯	મકરસંક્રાંતી મંકરે રાશિનો સૂર્ય.
૧૫	શનિ	૧૧	કૃતિકા	૫૬-૫૭	પુત્રદા એકાદશી સ્માર્ત.
૧૬	રવિ	૧૨	રોહિણી	૬૦- ૦	
૧૭	સોમ	૧૩	મૃગશીર્ષ	૧-૫૯	સોમ પ્રદોષ.
૧૮	મંગળ	૧૪	આર્દ્રા	૭-૧૫	
૧૯	બુધ	૧૫	પુનર્વસુ	૧૨-૨૨	
૨૦	ગુરૂ	૧૫	પુનર્વસુ	૧૭- ૪	શ્રી મોટી અંબાજીનો જન્મ દિવસ.

રા. બા. હરગોવીંદદાસ કાંટાવાળાનો અભિપ્રાય—

"શ્રીબોધ—એ માસિક ખરેખરું ઉપયોગી ને લોકપ્રિય છે કે તેનાં હિંદુ માહક છે. એની જોડમાં મૂકી શકાય એવું એક પણ માસિક ગુજરાતીઓને હાથ નિકળતું ન

'સાહિત્ય' માસિકનો અભિપ્રાય—

"શ્રીબોધનો ઓગસ્ટનો અંક ઘણો સુંદર છે...ચાલુ વાતો 'ગુમાસ્તાની મતી' 'સ્નેહ કે મોહ' એ ઉંચી પ્રતિની નવલકથાઓ છે."

શ્રીબોધનું વાર્ષિક લવાજમ રૂા. ૧॥.

શ્રીબોધમાં આવી ગયલી રસિક વાર્તાઓ. પ્રસિદ્ધ લેખક રા. ભોગીન્દ્રરાવ દીવેદીયા

ચમેલી—(આજ પુસ્તકમાં બીજી ૪૫ વાર્તા અને ૮૨ ચિત્રો પણ છે) રૂ ટપાલ ખર્ચ ચાર આના.

તરલા—બીજી ૩૭ વાર્તા અને ૧૧૧ ચિત્રો સહિત રૂા. ૨ (ટપાલ ખર્ચ ચાર આ

સ્નેહ કે મોહ (શ્રીબોધમાં ચાલુ છે) જુનથી અંક મંગાવો. બાંદ આના (ટપાલ

લખો—શ્રીબોધ આફીસ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ (૨)

શ્રીમંતોના ઘરનો સુપ્રીન્ટેન્ડન્ટ કોણ?

મેસર્સ ટી. અમીચંદની કું૦ ની

ફાયરપ્રુફ ત્રીજોરીઓ.

જો તમારા ધનમાલનું રક્ષણ કરવું હોય, ચોરોની અને ભયંકર આગની ધારતીથી હોય, તેમજ દગાફટકાથી દૂર રહેવું હોય તો જરૂર હમારા જુના અને અનુભવી કારીમ હાથની બનાવેલી એકાદ તીજોરી વાપરવાની હમો ખાસ ભલામણ કરીએ છીએ. હમા બીજો પણ ઘણી જાતના કામો અને છે. જેવાં કે નવી નવી ફેશનના જમાનાને પ્રસન્ન તીજોરીનો, કેશમોક્ષના, કબાટો તથા તાળાઓના ડીઝાઇનો એવાં તો સુંદર અને બને છે કે માત્ર એક વખત જોવાથીજ ખાત્રી થઇ શકે છે. હાલમાં લડાઇને લીધે લોખંડના ભાવો ઘણાજ વધી ગયાં છે. છતાં હમોએ હમારા માલના ભાવો બીલકુલ વધાર્યા નથી. આવી તક ન ગુમાવતાં એકાદ તીજોરી ખરીદી લેવાની હમો ખાસ ભલામણ કરીએ હમારી તીજોરી ફાયરપ્રુફ નથી એવું સાબીત કરનારને રૂા. ૧૦૦૦)નું ઇનામ આપવામાં આ

મેસર્સ ટી. અમીચંદ એન્ડ કું૦

કાપડીઆ બજાર—સુરત.

☞ સંપૂર્ણ વાંચી આજેજ ગ્રાહક થાઓ. મિત્રોને ભલામણ કરો.

અતિ સસ્તું સાહિત્ય! અપૂર્વ પુસ્તકો!

સસ્તી કિંમતમાં ઉત્તમ નવલકથાઓથી તમારી લાયબ્રેરી ભરાઈ જશે!
પ્રત્યેક નવલકથા એક એક રત્ન સમાન છે! સાચા મિત્ર જેવી છે!

ભવિષ્યનાં સંતાનોને માટે લાખો રૂપિયાનો વારસો છે!

એક પણ મનુષ્ય, એક પણ કુટુંબ અને એક પણ લાઈબ્રેરી "સસ્તી વાર્તામાળા" વગરની હોવી જોઇએ નહિ! ઉત્તમ દળદાર સસ્તાં પુસ્તકો! તુરતજ ગ્રાહક થાઓ.
ઉત્તમ ઐતિહાસિક, સામાજિક, ધાર્મિક, ડિટેક્ટીવ નવલકથાઓનું સંગ્રહ સ્થાન!

સસ્તી વાર્તામાળા.

ત્રિજું વર્ષ. વાર્ષિક રૂા. બેમાં ૧૫૦૦ પૃષ્ઠ! પોષ્ટેજ સાથે.

[ચિકણા કાગળ, સુંદર મજબૂત બાંધણું, સ્વચ્છ છાપ, ૧૯૭૧ ના અસાઢથી ત્રિજું વર્ષ શરૂ થયું છે. તુરતજ ગ્રાહક થવામાં લાભ છે.]
માસિક ૧૨૫ પૃષ્ઠને હિસાબે દરવર્ષે ૧૫૦૦ પૃષ્ઠનાં ઉત્તમ પુસ્તકો મળે છે.

ઉત્તમ નવલકથાઓના વાચનથી જેમ મનુષ્ય પોતે ઉત્તમ નરનારી બને છે અને જીવનનું કે સાર્થક કરે છે તેજ પ્રમાણે તે પુસ્તકોનો સંગ્રહ ભવિષ્યના બાળકોને-વારસોને માટે રાખ અને બુદ્ધિપ્રદ થઇ પડે છે. મનુષ્ય લાખો રૂપિયાનો વારસો મુકી ના જાય તો તેની ચિંતા કરવાની જરૂર નથી; પરંતુ તેણે વારસોને ઉત્તમ મનુષ્ય બનાવવા માટે ઉત્તમ નવલકથાઓનો સંગ્રહ તો અવશ્ય મુકી જવો જોઈએ. ઉત્તમ વાચન એ વાંચકોને માટે સાચા મિત્ર જેવું છે, અને કિંમતિ રત્નો જેવાં છે. પ્રત્યેક ગુર્જરબંધુએ "સસ્તી વાર્તામાળા" ના ગ્રાહક થવું જોઇએ.

ચાલુ (ત્રીજા) વર્ષમાં નાચલી નવલકથાઓ ભળશે.

૧. શાંતિ નિકેતન- અથવા સુખપ્રાપ્તિનો મહામંત્ર-(લેખક-ડા. ર.) હુ આ નવલકથા બહુ ઉત્તમ છે. એમાં દર્શાવેલા પ્રત્યેક પાત્રોમાંથી વાંચકોને કંઇને કંઇ ઉત્તમ બોધ પ્રાપ્ત થાય છે. આ એક નવલકથા હોવા છતાં તેમાં પાત્રોની રચના એવી ખુબીથી કરવામાં આવી છે કે જેથી વાંચકને દુઃખ, તાપથી ભરેલા સંસારમાં સુખ અને શાંતિ કઇ રીતે પ્રાપ્ત થાય તેનું જ્ઞાન અને ઉપદેશ મળેછે. જગતમાં જ્યાં જોઇશું ત્યાં માયા મોહને લીધે શોક, કલેશનું રાજ્ય જણાય છે. મનુષ્યો સુખ શાંતિ મેળવવાને માટે આમતેમ ભટકીયાં મારે છે; પરંતુ તેમના એ દુઃખનું નિવારણ કરી, તેમને ભય, શોક, કલેશથી મુક્ત કરી, તેમનો સત્ય ધર્મ સમજાવી, ચિરકાલને માટે શાંતિ ભંડારમાં લઇ જઈ સુખ સમર્પે છે. અમે આત્મીયી કહીએ છીએ કે આ નવલકથા ધર્મપ્રાણ હિંદુ જનોને સનાતન ધર્મનાં ગુઢ તત્વો સરલતાથી સમજાવી તેમના હૃદયને આનંદ ધામ તરફ વાળે છે ગમે તેવા દુરાગ્રહી સ્ત્રી પુરૂષોને માટે આ નવલકથા પારસમણિરૂપ થઇ પડશે. એમાં નીતિ, ધર્મ,

નસીબ અને તેના છુપા ભેદ.

આજકાલના સુધારાવાળા લોકો જ્યોતિષ્ય વિદ્યાને ખોટી માને છે, તો તેવા સજ્જનોને ખાસ એક વખત અમારી મુલાકાત લેવા ભલામણ છે. કોઇ પણ જગ્યાએથી નિરાશ થયેલાઓને એક વખત અમો પ્રત્યક્ષ પુરાવા કરી આપીને જ્યોતિષ વિદ્યાનો અદ્‌ભૂત ચમત્કાર બતાવીશું. જન્મોત્રી, જન્માક્ષર, પ્રશ્નોથી વર્ષફળ વગેરે બનાવી તેમજ એક પ્રશ્ન ઉપરથી આખી જીંદગીનો વર્તારો, ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળ સાથે દરકોઇ પ્રશ્નનો ખુલાસો કરી આપીશું, અનેક દુઃખથી પીડાતા મનુષ્યોને માટે આ એક ઉત્તમ તક છે, વધુ વિગત માટે અડધા આનાની ટીકીટ મોકલી પ્રોસ્પેક્ટસ મંગાવો.

જ્યોતિષી રેવાશંકર ભવાનીશંકર,
ઠે. છાપરીઆ શેરી, સુરત.

સ્ત્રીઓ માટે ટોનીક દવા.

રજીસ્ટર્ડ— નં. ૩૧૦

પ્રદર, (નબળાઇ)
અનિયમિત ઋતુસ્રાવ,
ગર્ભાશયનો સોજો;

પ્રદર વિનાશક
દવા વાપરો.

ઉપર બતાવેલા દરદો અને બીજા રોગો માટે જોવા કે, રક્તપ્રદર, કસુવાવડ, છોડ, હીસ્ટીરીઆ, પેડુનો દુઃખાવો, છાતીમાં દાહ, હાથપગનું કળતર અને સુવારોગથી થતાં જુનાં, હઠીલાં દુઃખો વગેરે મટાડવા માટે અમારી જગપ્રસિદ્ધ પ્રદર વિનાશક દવા એક અકસીર ઇલાજ છે. ફક્ત આઠ દિવસમ દવાનો ગુણ ચોક્કસ માલમ પડે છે આઠ દિવસની દવાના રૂ. ૧-૭-૦ પોસ્ટેજ સાથે. બાટલી ૧ની કીંમત રૂ. ૨-૮-૦ પોસ્ટેજ સ્ત્રીરોગ ચિકિત્સાનું પુસ્તક મફત મંગાવો.

એજન્ટ—
મેસર્સ ડી. પી. ભટ્ટ-
નના કુ. ઠે. કંથપીઠ
સુરત.

પ્રદરવિનાશક
ઑફિસ,
ખંભાત (૧૬)
(ગુજરાત).

सत्संग.

काव्यशास्त्रविनोदेन कालो गच्छति धीमताम् ।
व्यसनेन तु मूर्खाणाम् निद्रया कलहेन वा ॥

પુસ્તક ૭મું. અંક ૬ ઠો.	[માસિક.]	પોષ. સં. ૧૯૭૨

સમશ્લોકી પદ્યાવલી.

किं चित्रं यदि राजनीतिकुशलो राजा भवेद्धार्मिकः
किं चित्रं यदि वेदशास्त्रनिपुणो विप्रो भवेत्पंडितः
तच्चित्रं यदि रूपयौवनवती साध्वी भवेत्कामिनी
तच्चित्रं यदि निर्धनोऽपि पुरुषः पापं न कुर्यात्क्वचित्

શું આશ્ચર્ય નીતિજ્ઞ જો નરપતિ ધર્મિક થાયે કદી !
શું આશ્ચર્ય ભણેલ હોય શ્રુતિ ભને ભૂદેવ પંડિતજી !
તે આશ્ચર્ય ગણાય યૌવન વતી સાધ્વી બને સુંદરી !
તે આશ્ચર્ય ગણાય જે ગરીબની પાપે ન વૃત્તિ જરી !

૨

का विद्या कवितां विनाऽर्थिनिजने त्यागं विना श्रीश्च का
को धर्मः कृपया विना क्षितिपतिः को नाम नीतिं विना
कः सूनुर्विनयं विना कुलवधूः का स्वामिभक्तिं विना
भोग्यं किं रमणीं विना क्षितितले किं जन्म कीर्तिं विना

શું વિદ્યા કવિતા વિના ! ગરીબને શું લક્ષ્મી કષ્ટો વિના !
શું ધર્મો સુ-દયા વિના ! નરપતિ શું નામ નીતિ વિના !
શું સૂનુ વિનયે ડિણો ! કુલવધૂ શું સ્વામિભક્તિ વિના !
શું પત્ની વિણ ભોગ્ય આ ક્ષિતિ તલે ! શું જન્મ કીર્તિ વિના !

૩

किं पौरुषं रक्षति यो नवार्तान् किं वा धनं नार्थिजनाय यस्यात्
सा किं क्रिया या न हितानुबद्धा किं जीवितं साधुविरोधि यद्वै

શું શૌર્ય રક્ષા કરી દીનની ના! શું અર્થ જો આપ્યું ન અર્થિને હા!
શું તે ક્રિયા જે ન હિતપ્રદા છે! શું જીવ્યું તે સાધુવિરોધી જે છે!

૪

किं कूर्मस्य भरव्यथा न वपुषि क्ष्मां न क्षिपत्येष यत्
किं वा नास्ति परिश्रमो दिनपतेरास्ते न यन्नेश्वरः
किं स्वप्नीकृतमुत्सृजन्नमनसा श्लाघ्यो जनो लज्जते
निर्वाहः प्रतिपन्नवस्तुषु सतामेतद्धि गोत्रव्रतम्

શું ના ભાર જણાય કૂર્મ શીરને? કે પૃથ્વી ફેંકી ન દે!
શું ના થાક જણાય સૂર્ય પગને? કે સ્થિર જેસે ન તે!
શું લજ્જા નવ થાય શ્રેષ્ઠ જનને? કાર્ય છોડી ન દે!
હા! હા!! કામ લીધેલ જે શિર સદા મોટા જનો ના તજે!

૫

शक्यो वारयितुं जलेन हुतभुक् छत्रेण सूर्यातपो
नागेन्द्रो निशिताङ्कुशेन समदो दण्डेन गोगर्दभौ
व्याधिर्भेषजसंग्रहैश्च विविधैर्मन्त्रप्रयोगैर्विषम्
सर्वस्यौषधमस्ति शास्त्रविहितं मूर्खस्य नास्त्यौषधम्

સીએ ~. આજકાલના વિદ્વાને મોટી માને છે, પણ આપણ એક વખત અમારી પુસ્તકોકેતે ભલામણ છે. કોઇ પણ જગ્યાએથી નિરાશ થયેલાઓને એક વખત અમો પ્રત્યક્ષ પુરાવા કરી આપીને જ્યોતિષ વિદ્યાનો અદ્‌ભુત ચમત્કાર બતાવીશું. જન્મોત્રી, જન્માક્ષર, પ્રશ્નોથી વર્ષફળ વગેરે બનાવી તેમજ એક પ્રશ્ન ઉપરથી આખી જીંદગીનો વર્તારો, ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળ સાથે હરકોઇ પ્રશ્નનો ખુલાસો કરી આપીશું, અનેક દુઃખથી પીડાતા મનુષ્યોને માટે આ એક ઉત્તમ તક છે. વધુ વિગત માટે અઢી આનાની ટીકીટ મોકલી પ્રાપ્ત કરી પત્ર વ્યવહાર કરવો.

જ્યોતિષી કેવળશંકર ભવાનીશંકર.
ઠે. ભાવરીઆ શેરી, સુરત.

ઉપર જુઓ. માટે જોયા કે, છત્રી વડે તાપનું, હીસ્ટીરીઆ, ચેકુનો દુઃખથી હસ્તીનું, કાયપગનું કળતર અને છુટે ઊતરે, જુના, હઠીલાં દુઃખો વગેરે અમારી જગપ્રસિદ્ધ ૪૬૨ દિનો એક અકસીર ઇલાજ છે. કેવલ આઠ દવાનો ગુણ ચોક્કસ માલમ પડે ત્યાં સુધી દવાના રૂ. ૧-૭-૦ પોસ્ટેજ ખાટલી દની કીંમત રૂ. ૨-૮-૦

શ્રીરોગ ચિકિત્સાનું પુસ્તક બુદ્ધિમાન, એજન્ટ— મેસર્સ ડી. પી. ભાટનાં કુ. ઠે. કંસારા સુરત. } ત્રિપોલીયા છે. ધીરજ.

પ્રાણાયામ–ધ્યાન.

(ગતાંકથી શેષ.)

ધરા તત્વ કીધરે ધારનાં, હૃદય કમળ બીચ કર બાસા,
પીત બરન પ્રત્યક્ષ દેખ નર, સાધ્ય ઘટીકા પંચ ખાસા.
સ્થંભ કરી સીધીસો પાવે, અવની છોર ઓર અદ્ધર હરે,
કંઠ કમળ જળ ધરે ધારનાં, શ્વેત બરન શશી તુલ્ય સરે.
ઝેહેર સકળકું ઓહી ઝરાવે, ધરે ધારનાં જો ઝડકી,
અમ્રત પાન કરે નીસવાસર, ખબર લહે ઓ પલ પલકી.
પાવક ધારે પાતક કરદૈ, દરદે ભસ્મ કપુતનકા.–આ દુનીયા.
વહની તત્વ તાલુંકે બીચમે, રક્ત બુન ત્રિકોણ લહે,
ઘટી પંચ મન પવન રોક યું, જપી જાપ જોગેંદ્ર રહે.
તામેં સીદ્ધિ પાવે ઐસી, ઝટે નહીં તન વહી નરકા.
અદભુત ખેલ ખેલાવે જીનકું, ઓહી અજાયબ જીન ધરકા.
હરી બુનકે ઓહી પવનકા, ભુમંડળમેં ધ્યાન ધરે,
અરક તુલ્ય તન હોવે તીનકા, ત્રીન ભુવનમેં ગમન કરે.
બ્રહ્મરંધ્રમેં મનકું ધારે, સંગત જે ઠગ ધુતનકા.–આ દુનીયા.
હૈ જળ સરવર સમ અતી સુંદર, શૂન્ય ધારનાં હૈ સારી,
શીરકા કયારા ઓલ તું પલમેં, નીગાહ પરે કુદરત ભારી.
સકલ બલકકા મન તું જાને, ત્યુંહી સકલકા શબ્દ સુને,
વ્યોમ બરાબર હોતા વ્યાપક, શબ્દ સદા હુંકાર બને.
ઓહી બીધ પંચ ધારણ ધારે, હેર પ્રાણુકા ધ્યાન ધરે,
જોત કમલમેં જાત સમરપે, ઓહી સમાધી કાજ સરે.
ઓહી ધ્યાન સત ગુરૂ કરૂનાંસે, અનંતશક્તિ સત્ય ભાસનકા,
આ દુનીયામેં બડા અટપડા, અજબ ખેલ અબધુતનકા.

મહુવા–કાઠીયાવાડ. } ઓધવજી રામજી સરવૈયા.
ઓનરરી સેક્રેટરી–મહુવા ગૌરક્ષક સભા.

*એકજ માળાના મણકા.

(એક હુંકેા સંવાદ)

(સિકંદર બાદશાહનેા તંબુ, બાદશાહ ઉચ્ચાસનપર બેઠેલેા હેાઇ, તેની આગળ હાથ પગમાં બેડી નાંખેલેા એક કેદી હથિયારબંધ સીપાઇઓના પહેરામાં ઉભેલેા છે.)

સિકંદર-(કેદીને ઉદ્દેશી) આજ કેટલાક દિવસથી આ આજુબાંજુનાં પ્રદેશમાં લુટફાટ કરી રૈયતને હેરાન કરનાર બંડખેાર તુંજ છે ને!

બંડખેાર-હા, હુંજ તે ખરેા સિપાઇ બચ્ચેા?

સિકંદર-શું, સિપાઇ? સિપાઇ શેનેા! ચેાર, લુટારૂ, ખુની અને ગરીબગુરબાંનેા કાળ! તારા શરીરનું લેાહી વખાણવા જેવું છે, પણ તારાં નીચ નથા દગલબાજી ભરેલાં કૃત્ય માટે તને કડકમાં કડક પ્રાયશ્ચિત મળવું જોઇએ.

બંડખેાર-આટલું બધું કડક પ્રાયશ્ચિત જેવું મેં શું કર્યું છે બાદ?

સિકંદર-શું કર્યું છે? સાર્વજનિક શાંતતાનેા ભંગ કર્યેા, અને આપણા દેશ બાંધવેાના જીવિત અને સંપતિ હરણ કરવામાં આખેા જન્મ ગુમાવ્યેા, આમ છતાં શું કર્યું એમ પૂછે છે?

બંડખેાર-રાજન્, આજ હું તમારા હાથમાં સપડાયેા છું. એટલે તમે જે કંઇ બેાલશેા તે મારે મૂગે મેહેાંએ સાંભળી લેવું પડશે, તથા તમે જે શિક્ષા કરશેા, તે સહન કરવી પડશે. મારા શરીરપર આપની સત્તા છે, પણ તેવી મારા મનપર નથી. મારા મનમાં આ વખતે જે વિચાર ઘેાળાય છે, તે જો આપને કહી દઉં, પણ—

સિકંદર-ખુશીથી કહે. તારા બચાવ માટે તારે જે કંઇ બેાલવું હેાય તે માટે તને મનાઇ કરૂં, એવેા હું અનુદાર નથી.

બંડખેાર-ઠીક છે. હું જે પૂછું, તેનેા સરળપણે વિચાર કરી ઉત્તર આપજો. તમે પેાતે આજ સુધીનેા જન્મ શી રીતે વ્યતીત કર્યેા તે કહેા જોઇએ!

સિકંદર-કેવી રીતે એટલે એકાદ વીરને શેાભે તેમ! હું જે જે લેાકેામાં ફર્યેા છું, તે, લેાકેા, તેની સાક્ષી આપશે. થકેાનેા, અફઘાનેા, સરહદનેા અધિપતિ, અને હિન્દની ચેાદવણિમેા મુકુટમણિ છું, એમ આખું જગત કહે છે.

બંડખેાર-એ જો સત્ય હેાય તેા મેં પણ લેાકમાં એવીજ નામના મેળવી નથી? લેાકેાએ સાહસી અને અચૂક ફત્તેહ કરનાર મારા જેવેા લુટારૂ આજ સુધીમાં કયાંએ પણ જોયેા યા સાંભળ્યેા છે ખરેા! મારા સરખેા-પણ રહેવા દેા એ, પેાતાનાજ મેહેાંએ પેાતાનીજ બડાશ કહેવા જેવું મને પસંદ નથી. આજ આટલે વર્ષે મને પકડવા માટે તમને કેટલું શેાધવું પડયું છે, તે તમે જાણેાછેાજ.

સિકંદર-પણ આટલું બધું કરી આખરે શું? બંડખેાર તે બંડખેારજ! લેાકેામાં તારી લાયકાત શી?

બંડખેાર-અને રાજા સાહેબ આપ પણ બંડખેારજ ને! એકાદ સેતાનની પેઠે રાજ્યના રાજ્યેા પાયમાલ કરવાની હામ ધરી ને સાથે બાદાર, ધર્મ તથા નીતિને કેારાણે મૂકી

* અંગ્રેજીને આધારે.

મારી, લૂટાલૂટ અને પ્રાણનાશ, આવી રાક્ષસી કૃત્યો કરી આખી પૃથ્વી ઉપર ધાંધલ મચી નથી કે ! આ નાના સરખા ટાપૂમાં ત્રીસ પચાસ માણસની મદદથી મેં જે કર્યું છે, આપે મોટા પ્રમાણમાં કર્યું છે ! મેં થોડા માણસોને છળ્યા હશે, ત્યારે આપે રાજાઓના ચોને છળ્યા છે. મેં કંઈ ખેતરપાધર બાળ્યા હશે, ત્યારે આપે દેશોના દેશો બાળી ખાખ કર્યા. હવે આપજ કહોને તમારામાં અને મારામાં ભેદ શું ? હું સાધારણ કુળમાં એટલે નાનો સરખો બંડખોર નીવડ્યો, અને આપ આપના કર્મયોગે રાજકુળમાં એટલે, બંડખોરપણામાં રાજસ્વરૂપજ થયા ! એટલોજ !

સિકંદર–પણ દેશ જીતવામાં હું જેવો શૂર હું, તેવોજ. જીતેલા પ્રદેશમાંનાં લોકોના કલ્યાણ માટે બક્ષીસો આપવામાં ઉદાર છું. મારા રાજ્યમાં સર્વ પ્રકારની વિદ્યા કળા કૌશલ્ય તથા વ્યાપાર ધંધા વગેરેને મેં સારી રીતે ઉત્તેજન આપેલું છે.

બંડખોર–એ કામમાં હું પણ કંઈ કમ નથી. ખાઈ પી ચેનબાજી ઉડાવનારા શ્રીમંતો ને લુંટી ગરીબ-ગુરબાંનું મેં પોષણ કર્યું છે, ક્રૂર તથા ભયંકર કર્મ કરનારા દગાખોર લોકોને શિક્ષા આપી તેમનાપર મેં હકુમત ચલાવી છે, અને જુલ્મી લોકો પાસેથી નિરપરાધીનું મેં રક્ષણ કર્યું છે. લોકોનું કલ્યાણ એટલે આપ જે કંઈ કહો છો તેની મને જરાએ સમજણ નથી, પણ આપણે બંનેએ જગતમાં જે કંઈ નુકશાન કર્યું છે, તેની ભરપાઇ આપણા બંને ના હાથથી કદી પણ થવાની નથી, એવી મારી સમજણ છે.

સિકંદર–(સિપાઇને) આને અહીંથી લઇ જાઓ. એના હાથ પગમાંની બેડી કાઢી નાંખો, અને એનો યોગ્ય બંદોબસ્ત કરો (સિપાઇ કેદીને લઇ જાય છે) (સ્વગત) એકંદરે આ કેદી અને હું "એકજ માળાના મણકા" છીએ શું હું સિકંદર બાદશાહ મુઠ્ઠાં બંડખોરજ ! મારે એનો વાજબી વિચાર કરવોજ જોઇએ.

છોટુભાઇ હાજીભાઇ દેશાઇ.

સમસ્ત હિંદ મદ્યનિષેધક પરિષદ.

સમસ્ત હિંદ મદ્યનિષેધક પરિષદનો ૧૨ મો વાર્ષિક મેળાવડો ગયે ગુરૂવારે તા. ૩૦ મી ડીસેમ્બર ૧૯૧૫ને રોજ ગીરગામમાંગિવેન મેમોરીઅલ હોલમાં સવારના ૮ વાગે ઓન. રાયબહાદુર ગોકુળ પ્રસાદ મુનશીના પ્રમુખપદે થયો હતો. સભામાં મિતપાન સોસાયટીના ડેલીગેટો હાજર હોવા ઉપરાંત જુદી જુદી કોમના ઘણા આગેવાનોએ હાજરી આપી હતી. ડેલીગેટોને આવકાર આપતાં ભાષણ કો. સર ભાળચંદ કૃષ્ણે કર્યું હતું. તેમણે મિતપાન સોસાયટીઓની હિંદમાં સ્થાપના થઇ ત્યારથી બધો ઇતિહાસ આપ્યો હતો. તેમણે જણાવ્યું કે ૧૯૦૪ માં પહેલી મિતપાન પરિષદ મુંબઇમાં મળી હતી. એ પછી ટેંપરંસ સોસાયટીની લડતની પરિણામે હિંદમાંથી હજારો દારૂની દુકાનો કાઢી નાંખવામાં આવી છે. દારૂની દુકાનો મોડેથી ઉઘાડવાનું અને રાતના ૯ વાગે બંધ કરવાનું ધોરણ અમલમાં મુકાયું છે; નાનાં બાળકોને દારૂ વેચવાનો પ્રતિબંધ કરાયો છે. કો. સર ભાળચંદે જણાવ્યું કે, આબકારી સત્તાધિકાર કમિટીઓ જોઇએ તેવા પ્રમાણમાં સફળ નીવડતી નથી તેનાં કારણો એ છે કે તેમાં સરકારી અમલદારોની મોટા પ્રમાણમાં

નીમણુંકો કરવામાં આવે છે. એોન મી૦ વાચ્છાના જણાવ્યા પ્રમાણે એ કમિટીઓ 'ફાર્સ' સમાન છે. હિંદમાં દેશી દારૂ અટકાવવાની આપણી સરતને પરિણામે યુરોપી દારૂનો ખપ વધતો જાય છે. એનું બીજું કારણ એ પણ છે કે–સરકાર-યુરોપીઅન દારૂની દુકાનો ઉપર અંકુશ મુકતી નથી. અને ઉલટું એવી દુકાનોને વધુ પરવાના આપે છે. સરકારે દારૂનો ઉપયોગ અટકાવવા હજી વધુ પ્રયાસ કરવા જોઇશે.

ડા. સર ભાળચંદ્રના ભાષણ પછી ડા. જહાંગીર ખ દાજીએ રાય બહાદુર ગોકુળ પ્રસાદને પ્રમુખસ્થાન લેવા વિનતિ કરી હતી. પ્રમુખે પોતાના ભાષણની શરૂઆતમાં એોન. મિ. ગોખલેના મરણ માટે દિલગીરી દર્શાવી હતી. તેઓ મદ્યનિષેધક કાર્યને ઘણો ટેકો આપતા હતા એમ પ્રમુખે જણાવ્યું હતું. તેઓએ એકવાર કહ્યું હતું કે હિંદમાં દારૂ તદ્દન અટકાવવાની રૂઢિ ગ્રહણ કરવી જોઇએ. એોન. મિ૦ ગોખલે જ્યારે પણ પોતાને સમય પ્રાપ્ત થતો ત્યારે આ રૂઢિની હિમાયત કરતા. તેઓ પુનામાં મળેલી કોન્ફરન્સના પ્રમુખ થયા હતા. અને હિંદી પ્રધાન પાસે મદ્યનિષેધક સબંધમાં ગયલા પ્રતિનિધિ મંડળના એક સભાસદ હતા. તેમના મરણથી કોન્ફરન્સે એક મોટો સહાયક ખોયો છે. હિંદના જુદા જુદા ભાગોમાં થતી મદ્યનિષેધક હિલચાલો સંબંધી પ્રમુખે કહ્યું કે બંગાળામાં હિલચાલ ગયા વર્ષમાં ઘણી આગળ વધી છે. ત્યાંની સભાઓના ફંડો સારી હાલતમાં છે. તેને લગતાં સાહિત્યોનો પ્રસાર પણ ઠીક થાય છે. પરવાના આપનારી કલકત્તાની બોર્ડે પણ આ પ્રશ્ન ઉપાડી લીધો છે. મી૦ એસ. રોય આ સંબંધમાં ત્યાં અસરકારક ભાષણો કરે છે. દારૂની દુકાનોમાં ઘણો સારો ઘટાડો થયો છે.

મુંબઇ ઇલાકા સંબંધી પ્રમુખે જણાવ્યું કે–પુના, સતારા, અહમદનગર અને શોલાપુર ખાતે પણ દારૂના ખપમાં કેટલોક ઘટાડો થયો છે. થોડો કેફ ચઢે એવા દારૂના ભાવ જલદ દારૂ જેટલા રખાયા છે એ રૂઢિ પણ કેરી પીણાની બદી અટકાવનાર તરીકે ઘણી શકાય. માન્ચેસ્ટરમાં આ હિલચાલને જેવી કૃતેહ મળી છે તેવી મુંબઇમાં મળે એમ હું ઇચ્છું છું. પંજાબમાં પણ દારૂની દુકાનોમાં ઘટાડો થયો છે એ ખુશી થવા જેવું છે. હું દારૂનું પીણું તદ્દન અટકે એ મતનો છું. લશ્કરી નોકરખાતાની અને બીજી કોમ પણ કરજો બજાવવા માટે મજબુત શરીર અને સ્થિર મગજની જરૂર છે. આથી જો દારૂ પીવામાં આવે છે તો માણસ નિર્બળ બની જાય છે અને ફરજ બજાવી શકતો નથી. એથી દારૂ ન પીવો જોઇએ. યુરોપના દેશોના દાખલા આપી પ્રમુખે જણાવ્યું કે–હિંદુસ્તાનમાં દારૂ સમૂળગો શા માટે બંધ ન થવો જોઇએ ? શાળામાં અને કોલેજોમાં એ સંબંધી ભાષણો આપવાં જોઇએ. મેજીસ્ટ્રેટોથી મિતપાનની સભાઓમાં આ બદીના ગેર લાભ દર્શાવવા જોઇએ. વસ્તીવાળા ભાગોમાંથી દારૂની દુકાનો ખસેડવી જોઇએ. છુટક દારૂ વેચવો જોઇએ નહિં. સલાહકારક કમિટીઓમાં ઘણા સુધારા કરવા જોઇએ. છેવટે પ્રમુખે ગયા વર્ષમાં આ દેશમાં મદ્યનિષેધક હિલચાલ ઠીક આગળ વધેલી જણાવી સંતોષ દર્શાવ્યો હતો.

બાદ પંડિત મદન મોહન માળવીઆએ, ના૦ શહેનશાહનો લડાઇ બંધ રહેતા સુધી દારૂ નહિ વાપરવાનો કૃતજ્ઞ હરાવ કરવા માટે આભાર માનનારો અને લોર્ડો તથા જગતનાં

બીજા રાજ્યોએ તેનું અનુકરણ કરવું જોઇએ એમ સૂચવનારો ઠરાવ રજુ કર્યો હતો. હર વના ટેકામાં ભાષણ કરતાં પંડિતશ્રીએ શ્રીમંત લોકોમાં દારૂની ફેશન યમ પડેલી હોવા માટે અળાપો કર્યો હતો, અને એ રીતિ દુર કરવા એ લોકોને ભલામણ કરી હતી. બાદ હિંદી સરકારને કેટલાંક ધોરણોસર કામ લેવા વિનતિ કરનારા ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. કોન્ફરન્સનું કાર્ય પાર ઉતારવા માટે મુબંધની એસોસીએશનના સેક્રેટરી મી૦ ધનજીભાઇ ગીલ્ડરનો કોન્ફરન્સે આભાર માન્યો હતો.

દ્વાદશ પારિચ્છેદ.

થોડા સમયમાંજ મુરારીલાલના ઘરમાંથી બળા જોરથી મારવાનો અવાજ અને કરૂણ કલ્પાંત સંભળાવા લાગ્યું. મુરારીલાલની પત્ની રાધા અને પુત્રી સુખદેવીની ચૂમોથી દશે દિશાઓ ગુંજી ઉઠી. નિશામાં ચકચૂર થઇ મુરારીલાલ જ્યારે ઘરમાં ગયો, તે સમય રાધા રસોઇ બનાવતી હતી અને તેની પુત્રી પણ તેમાં સાહ્યતા કરી રહી હતી. મુરારીલાલનું સ્વરૂપ જોતાંજ બન્નેના પ્રાણ ઉડી ગયા. માતાએ સુખદેવીને ત્યાંથી નાસી જવાને કહ્યું પરંતુ સુખદેવીને માતાને એકલી મુકી નાસી જવું એ કી૰ જણાયું નહિ.

મુરારીલાલ રસોડામાં જઇને બોલ્યો–" રસોઇ બની ગઇ, જોઉ, જોઉં ?"

રાધા ચૂપ. રસોઇ તૈયાર નહોતી. મુરારીલાલે ગુસ્સો કરીને કહ્યું–" હેં ! અત્યાર સુધી રસોઇ નથી બની ! "

રાધાએ ધ્રુજતાં ધ્રુજતાં કહ્યું–" શાક હજી બાકી છે. દાળ ભાત તૈયાર છે. થોડીક વાર થોભી જાઓ. શાક પણ તૈયાર થઇ જશે. "

મુરારીલાલ ક્રોધથી અધીર થઇને બોલ્યો–" હરામજાદી ! હું થોભી જાઉં ! હું તારા બાપનો નોકર છું ? ! હમણાં મને પીરસી દે. "

રાધા પતિનો સ્વભાવ જાણતી હતી. આવી ઉન્મત્ત દશામાં આજ્ઞા માનવામાં વાર કરવાથી તેના પ્રાણો પર આવી પડતાં જે કંઇ ભોજન તૈયાર હતું તે ઝટપટ પીરસવા લાગી. પરંતુ શાક ન જોઇ મુરારીલાલ ક્રોધથી હાંફવા લાગ્યો. મોંથી કંઇ ને બોલ્યો. મુઠ્ઠીમાં રાધાનો ચોટલો પકડી પીઠ પર બે-ચાર લાતો લગવી દીધી. લાત પડતાં રાધા જોરથી ઘૂમ પાડી ધરતી પર પડી ગઇ અને પડતાંજ અચેત થઇ ગઇ. માતાને અચેત જોઇને સુખદેવીથી રહી શકાયું નહિ. તે પણ જોરથી રડવા લાગી. અને દોડીને માતાના મોઢા પર પાણીની છાલકો મારવા લાગી. સુખદેવીને પોતાની માતાની સેવા કરતી જોઇ નિર્દય પિતાનો ક્રોધ તેના પર આવી પડયો. તે સુખદેવીને નિર્દયપણે મારવા લાગ્યો. બાલિકા

સુખદેવી નિર્દય પિતાનો માર કેવી રીતે સહી શકે ! તે અધિક જોરથી ચિલ્લાઇ ચિલ્લાઇ રડવા લાગી. રાધા પતિનો માર ચૂપચાપ સહી લેતી હતી, રડવાનો પણ અધિકાર તેને નહોતો. હવે તેને ચેતન આવ્યું. પ્રાણથી વહાલી અભાગી પુત્રીને નિષ્ઠુરતાથી માર ખાતી જોઈ તેનાથી સહી શકાયું નહિં. તે જોરથી ચિલ્લાઇ ઉઠી. ત્યારે મા-પુત્રીના આર્તનાદથી ફળિયું ગૂંજી ઉઠ્યું.

નરાધમ મુરારીલાલનો ક્રોધ તેથી શાંત થયો નહિ. પત્ની અને પુત્રીને કલપાંત કરતાં જોઇ તેનું પત્થર સદૃશ હૃદય પિગળ્યું નહિ. તેની ઉન્મત્તતા વધારે સનેજ થઇ ગઇ. તેણે ભોજનની સામગ્રી ઉઠાવીને ચોકમાં નાખી દીધી થાળી આંગણામાં પડીને ભાગી ગઈ. દાળનું પ્યાલું આ તરફથી પેલુ બાજુ ફરવા લાગ્યું. દાલથી સઘળું આંગણું રંગાઇ ગયું. વાતની વાતમાં પ્રલય જેવું થઇ ગયું. તે મનુષ્ય નામધારી પિશાચ ત્યારે પોતાની પિશાચી લીલા દેખાડીને ઉન્મત્તજ દશામાં મકાનથી બ્હાર નીકળી ગયો,

હવે મા-પુત્રી બન્ને મળી રડવા લાગ્યાં. માતા પુત્રીના આંસુ લૂછવા લાગી. પુત્રી પણ માતાનાં વારંવાર આંસુ લૂછવા લાગી સુખદેવી માતાનાં જેમ આંસુ લૂછતી તેમ માતાનાં નેત્રોમાંથી અતિ વેહથી અશ્રુ ધારા નિકળતી. પરંતુ હવે સુખદેવીનાં નેત્રોમાં આંસુ નથી. હવે તેનું હૃદય માતાનું દુઃખ જોઇ વ્યાકુલ થઇ રહ્યું હતું.

સુખદેવીએ પુછ્યું-" અમ્મા ! બહુ જોરથી લાત વાગી છે શું ?" રાધાએ છેડાથી પોતાની આંખો લૂંછીને કહ્યું-" નહિં પુત્રી ! બહુ નથી વાગી. "

કહેવાનું તો તેણે કહી દીધું, પરંતુ ન જાણે કયાંથી, પ્રબળ ધારાઓ તેની આંખોમાંથી ફુટી નીકળી.

સુખદેવીએ પુછ્યું—" ત્યારે તું આજ આટલી રડે છે કેમ ?

રાધાએ કહ્યું-" હું મારે માટે નથી રડતી, હું તારે માટે રડું છું. તું નાની બાલિકા છે, આમ મારવામાં આવશે તો કેટલા દિવસ જીવિશ ! "

રાધાનાં આંસુ હજુ સુધી આંખ્યોમાંથી ગરતા હતાં. આજ તેની આંસુ નદીનું બંધન તૂટી ગયું હતું. પ્રબળ ધારાથી તેની છાતી ભિંજાઇ ગઇ. સુખદેવીથી હવે દેખાઇ શકાયું નહીં. તેનાં નેત્રો ઝબડાવા લાગ્યાં તે ગભરાઇ બોલી ઉઠી-" માતા ! આજ તમને ભારે લાત વાગી છે. જુવો આ લુંગડું લોહીથી ભિંજાઇ ગયું છે. પિતાનો માર ખાઇ ખાઇને મને ટેવ પડી ગઇ છે. હવે પિતાજી મારે છે તો મને ઘણું વાગતું નથી. પણ મા ! તમને મારતા જોઇને મારી આંખો રડ્યા સિવાય રહી શકાતું નથી. "

રાધાએ પુત્રીને છાતી સાથે ચાંપીને કહ્યું-" અરિ અભાગણી ! આટલી નાની ઉમ્મરમાં તારે આટલું દુઃખ ભોગવવાનું વિધાતાએ લખ્યું હતું ? અરિ સુખદેવી ! હવે મારાથી તારું દુઃખ જોઇ શકાતું નથી. એક દિવસ મન મારીને તને રાજીખુશી જોઇને મરી શકું તો મારું અહોભાગ્ય બાનીશ મારું ભાગ્ય એવું ખરાબ છે કે કોઇ સંબંધી પણ નથી કે જે હાથ તને સોંપી નિશ્ચિત મરી શકું. "

સુખદેવી બહુ ગભરાઇ ઉઠી અને તેનાથી રડી દેવાયું. તે બોલી—"તમને તજીને મારાથી કયાં પણ રહી શકાશે નહિં. " વહાલી મા ! હું કહીં જઇશ તો બાપુજી તે દિવસ તમારા પ્રાણ લઇ લેશે માતા ! તમો પણ મને તજીને કયાં પણ જશો નહિં. "

રાધાથી વધારે કાંઈ બોલી શકાયું નહિં. ઘેાડા વખત સુધી નેત્રોમાંથી આંસુ સારતી રહી પછી ગાંડીની માફક એક વખત ચારે તરફ નજર ફેરવી બોલી-" હાય કરમ ! મારી વહાલી પુત્રી મારા બાધનેજ સપ્ત રહેશે ? તૈયાર કરેલી રસોઇ પણ બગડી ગઇ. હવે ઘરમાં જરા-થોડું અનાજ પણ નથી કે જે રાંધી આપું. "

આમ કહીને રાધા જોરથી રડવા લાગી. સુખદેવીએ માતાને શાંત પાડવા માટે કહ્યું-" માતા ! મને ભૂખ નથી લાગી. તમેા તે માટે કેમ રડેા છેા ! જે દિવસે બાપુજી મને મારે છે, તે દિવસે મને ભૂખ લાગતી નથી.

હવે પુનઃ માતાના વાગેલાપર સુખદેવીની નજર પડી ગઇ. અત્યાર સુધી તે ઘામાંથી રૂધિર વહી રહી હતું. સુખદેવીએ ઝટપટ પાણીથી પાટેા ભિંજવી ઘા પર બાંધી દીધેા. પણ રાધાનું ધ્યાન તે તરફ નહેાતું. વાગેલાનું દર્દ તેને કંઇ પણ જણાતું નહતું, હવે એકલા મનના દર્દીજ રાધા વ્યાકુળ થઇ રહી હતી. સુખદેવીએ ઘા પર પાટેા બાંધીને કહ્યું-" માતા ! પૈસા હેાય તેા આપેાને ! તમારા માટે કંઈ ખાવાનું લઇ આવું. રાત વધારે વીતિ જશે તેા દુકાનેા બંધ થઇ જશે. "

માતાએ કહ્યું-" પૈસેા કયાંથી લાઉં ? પુત્રી ! હું અભાગણી છું. હાય ! પરમેશ્વર ! મારી લાડકવાયી પુત્રી....."

રાધાથી વધારે બોલી શકાયું નહિં. તેનેા કંઠ રૂંધાઇ ગયેા. સુખદેવી પણ કંઇ બોલી શકી નહિં. અને ચૂપચાપ આંસુ ઢાળતી રહી.

તે નર-પિશાચ પતિ વા પિતાના વિરૂદ્ધ તેની પત્નિ રાધા અને કન્યા સુખદેવીએ એક વાત પણ ન કહી.. મા-પુત્રમાં આટલી દુઃખની વાતેા થઇ ગઇ, પરંતુ તેમના દુઃખની જડ નિષ્ઠુર પશુના વિરૂદ્ધ કેાઇના મુખમાંથી એક શબ્દ પણ ન નિકળ્યેા. તે પતિ નામના અયેાગ્ય પશુને માટે પણ રાધાની પતિ ભક્તિ ! અને તે બાળક સુખદેવીને શિક્ષણ આપનાર પણ તેજ માતા હતી; તેથી સુખદેવા પણ પેાતાના નિષ્ઠુર પિતાનું સનમાન કેમ ન કરે ? તેના સિવાય સુખદેવી પેાતાના પિતાનેા યમરાજ જેટલેા ભય રાખતી તે પણ હમેા સારી પેઠે કહી ચુકયા છીએ.

રાધા જે વાતને કહેતાં કહેતાં કહી નહિં શકી હતી, તે હવે ફરીને તેને કહેવા લાગી-" હું કેટલેાં વિચાર કરું ! ઘરમાંથી ગયે કેટલેા વખત થઇ ગયેા, હજુ સુધી આવ્યા નથી. ન જાણે કયાં કેવી દશામાં પડયા હશે. એવેા પણ કેાઇ નથી જણાતેા કે તેમને પકડી લાવી મેર પહેાંચાડે. હમને ગમે તેા મારે, ગમે તેા હમારા પ્રિય લે, હમેા સૌ સહી લઇશું ! પણ બીજું કેાઇ શા માટે સહેશે. હવે તેનેા ઉપાય હું શું કરું ? કેમ દારૂ પીવું શીખ્યા હતા ?

સુખદેવીએ આંખેામાં અશ્રુ ભરીને કહ્યું-" માતા ! તમેા નથી જાણતા, બાપુજી દારૂ શા માટે પિવાનું શિખ્યા છે ? આપણને મારવા માટે. તમેા જોતાં નથી કે જ્યારે પીએ છે ત્યારેજ મારે છે. બાકી તેા કદી એ નથી મારતા. ".

તેજ સમય સૂવાની કેાટડીમાં એક ધડાકેા થયેા. સાથે મુરારીલાલનેા નાનેા બાળક પણ ધણા જોરથી રડી ઉઠયેા. મા-પુત્ર બીકથી કંપી ઉઠયા. બાળકનું રડવું સાંભળી માતાથી રહી શકાયું નહિં. તે વેગથી કેાટડીમાં ગઈ. તેની પાછળ પાછળ સુખદેવી પણ દેાડી ગઇ.

બન્નેએ દિવાસળી ચેતાવી જોયું. મુરારીલાલ નિરાશ અચેત થઇને પથારી પર પડ્યા છે. સતી વખત કદાચ પુત્ર નીચે આવી ગયો હશે, તેથી વાગવાથી તે રડી ઉઠ્યો હશે. ભાગ્યબળથી તે બચી ગયો હતો, એટલું જ ઘણું છે. અને તે રડ્યો હોત નહિં તો ખરેખર મરી જાત. તેના રડવાનો અવાજ સાંભળીનેજ રાધા ત્યાં આવી શકી, અને મુરારીલાલના શરીર નીચેથી કાઢી લઇને પોતાની છાતી સાથે ચાંપ્યો. બાળક ન રડ્યો હોત તો રાધાથી ઉઠી પણ શકાત નહિં માર ખાવાથી તેનું શરીર ચૂરેચૂરા થઇ રહ્યું હતું–થઇ ગયું હતું.

શું આ પૃથ્વી સિવાય નરક નામનું કોઇ બીજું સ્થાન છે?

ઈમન કલ્યાણ.

"હૃદય માઝારે જોવે દેખના વિવેકવાન,
અવિન જીવન પ્રિયં, તેમન સકલ પ્રાણ;
એકર અંગે અસ્વાધરતે કલ કષ્ટ હય તાતે,
ત્રાહિ ત્રાહિ કર કેન દેખ જગત રાશ્યાન.
કિંચિત્ રસના લોભણે પડિયે,
હા ! હા ! ! દાસોપર જીવન વધિયે;
તા દેખે હૃદય કેન ના શિરરે,
રહિન શુણે હા હા ? ગલે પાષાણ."

લઘુતમ લાલન

કુમારી હેલન કેલર

જાણવાજોગ જીવન વૃત્તાંત.

લેખક સે. વિજયા.

યુરોપ અને અમેરિકામાં પ્રતિદિન વિસ્મયજનક શોધો થયા કરે છે. આજ સુધી આપણો એવો ખ્યાલ હતો કે આંધળાં, બ્હેરાં અને મૂંગાંને કેળવણી આપવી એ તદ્દન અસંભવિત વાત છે; પરંતુ કેળવણીનું મહત્વ સમજનારી પૂર્વના દેશની પ્રજાએ એવાં માણસોને ભણાવવાને પણ નિશાળો ખોલી એમ બતાવી આપ્યું છે કે, એવું સમજવું એ આપણો કેવળ ભ્રમ હતો. એટલું જ નહીં, પણ હાલમાં એક યુરોપિયન અબળાએ આંધળી, બ્હેરી, તથા મુંગી હોવા છતાં પણ કેટલીક પ્રસિદ્ધ ભાષાઓમાં ઉંચી કેળવણી પ્રાપ્ત કરી દુનીઆને અજાયબ કરી દીધી છે. એ અબળાનું નામ મિસ (કુમારી) હેલન કેલર છે.

કુમારી હેલન કેલરનો જન્મ ઉત્તર અલબમા (Alabama) ના ટસકમ્બિયા

(Tuscumbia) નામે ગામમાં તારીખ ૨૭ મી જૂન સને ૧૮૮૦ માં થયો હતો. પોતાનો માબાપનું તે પહેલુંજ ફરજંદ હોવાથી તેમને તે ઘણી વ્હાલી હતી; પરંતુ દુર્ભાગ્યવશ દોઢ વર્ષની અવસ્થામાંજ આ છોકરીને એક ભયંકર વ્યાધીએ દબાવી આ વ્યાધિએ એને આંખો તથા કાનોના ઉપયોગથી વંચિત કરી દીધી. સાથે તે મુંગી પણ થઇ. જેવી રીતે મુંગા સંકેત દ્વારા પોતાના વિચાર બીજા આગળ પ્રગટ કરે છે; તેવીજ રીતે એ છોકરી પણ પોતાનું કામ ચલાવતી હતી; પરંતુ હજી સુધી તે એટલું ન સમજતી હતી કે દુનીઆમાં દરેક વસ્તુને માટે જુદું જુદું ચિહ્ન કે નામ છે.

હેલન કેલરના બાપની એવી અંતરથી ઇચ્છા હતી કે અમે અમારી દીકરીને ભણાવીએ પરંતુ ઘણા દિવસ સુધી એવો શિક્ષક મળી આવ્યો નહીં કે તે આવી આંધળી, બહેરી અને મુંગી છોકરીને ભણાવવાનું સાહસ કરે. ઘણી ખોજ કરતાં મિસ (કુમારી) સલીવાન (sullivan) નામની એક વિદુષીએ એ કાર્યનો સ્વીકાર કર્યો. હેલન કેલર કેટલીક ભાષાઓમાં ઉંચી કેળવણી પ્રાપ્ત કરવામાં સફળતા પામી. તે એજ બાઇના સતત પરિશ્રમનું ફળ છે. જ્યારે કુમારી સલીવાને ભણાવવાનો આરંભ કર્યો ત્યારે કેલરની ઉમ્મર સાત વર્ષની હતી. આવ્યા વરસથીજ દરેક વસ્તુ લઇ તેના સંબંધની સર્વ વાતો જાણવાને માટે કેલર બહુ આતુર રહેતી. પોતાના રમવામાં એક વસ્તુને તે બહુ પસંદ કરતી હતી. કુમારી સલીવાને એક દીવસ તે રમવાનું તેની પાસે લઇ લીધું. જ્યારે તે રડવા લાગી ત્યારે તેના હાથ પર આંગળીથી કુમારી સલીવાને પૂતળી (Doll) લખી દીધું. એવીજ રીતે બેચાર વાર કરવાથી કેલરને માલમ પડયું કે તે ચીજ પુતળી (Doll) છે. આથી જ્યારે તેને રમવાની ઇચ્છા થતી ત્યારે પોતાની મા અથવા સલીવાનના હાથ પર પુતળી (Doll) લખી તે ચીજ મેળવી લેતી. આવી રીતે કુમારી સલીવાને ઘરની સર્વ વસ્તુના નામાક્ષર તેને શીખવી દીધા. દિવસે દિવસે એ નામાક્ષરની સંખ્યા વધતી ચાલી.

આવી રીતે સંજ્ઞા શબ્દોના અક્ષર શીખી રહેતાં કુમારી સલીવાને તેનું ધ્યાન ક્રીયાઓ ઉપર ખેચ્યું. Doll (પુતળી) Table (ટેબલ) વગેરે ચિન્હ અથવા સંકેત તો જાણતી હતી, આ કારણથી પુતળી માંગતા કુમારી સલીવાને તેના હાથ ઉપર Doll is on the table પુતળી ટેબલ પર છે, વગેરે વગેરે વાકય લખવાનો આરંભ કર્યો. ધીરે ધીરે એવી રીતના અનેક વાકયો પણ કેલર સમજવા લાગી. આથી તેને ભણાવવાનો આરંભ થયો.

આંધળાને ભણાવવા માટે ઉપસેલા અક્ષરોની ચોપડીઓ છાપવામાં આવે છે. તેના પર આંગળીઓ મુકી તેઓ શીખી શકે છે. આવીજ એક ચોપડી કેલરને આપવામાં આવી. જે જે શબ્દોના અક્ષર તે શીખી ચુકી હતી તેને ચોપડીમાં જોઇ તે ઘણીજ રાજી થઇ. આથી તેને એક રમત સમજી તે આખો દીવસ જે જે વસ્તુ મેળવતી તેના અક્ષરો ચોપડીમાં શોધી શોધીને કુમારી સલીવાન પોતાની માને બતલાવી રાજી રાજી થતી ધીરે ધીરે તે ઉપસેલા અક્ષરો તથા વાકયોના ભાવ સમજવામાં હતોદ્યમ નીવડી. સાથે સાથે અક્ષરો લખતાં પણ તે શીખી ગઇ.

૧૦ વર્ષની અવસ્થામાં તે હાથ પર લખી લખીને વાતો કરવા લાગી. પરંતુ કેટલીક

વાર પોતાના માતાપના હોઠો હાલતા જોઇ તે મનમાં વિચારતી કે હું પણ કેમ એમ ન કરૂં. એને લીધે તે બોલવાને અતિ ઉત્સુક થઇ ગઇ. આમ જોઇ કુમારી સારા ફુલર (Sara fuller) હેલન કેલરના હાથ પોતાનાં મ્હોં પર રખાવી વારંવાર પાણી (Water)નું ઉચ્ચારણ કર્યું. આથી તે બુદ્ધિમતી બાલીકાએ જીભ તથા હોઠની ચાલ પોતાની આંગળીઓથી ધ્યાન પૂર્વક જોઇ અને પોતે તે પ્રમાણે અનુકરણ કરવા લાગી. અભ્યાસથી શું નથી થઇ શકતું? થોડાજ દિવસમાં તે હોઠ દ્વારા છૂટું કરી ઘણાં શબ્દોનું ઉચ્ચારણ કરવા લાગી એટલે સુધી કે અત્યારે તે ભાષણ સુદ્ધાં આપે છે. એનું ઉચ્ચારણ આપણા લોકોનાં ઉચ્ચારણથી કંઇક અંશે ભિન્ન હોય છે.

આવી રીતે લખતાં વાંચતાં અને બોલતાં શીખી અંગ્રેજી, ફ્રેંચ, જર્મન તથા લેટીન જેવી ભાષાઓમાં એણે ઉંચી પરીક્ષાઓ પસાર કરી. એ સિવાય બીજી પણ કેટલીક ભાષા તે જાણે છે. જોવા તથા સાંભળવાની શક્તિ તેની આંગળીમાં આવી ગઇ છે. પોતાની સખીઓ તથા હિતૈષીઓને તે ગમે તેટલા વખત ઉપર મળી હોય છતાં હાથ ફેરવતાં તરત પીછાની શકે છે, જ્યારે કોઇ નવીન મનુષ્ય એને મળવા આવે છે, ત્યારે તે એના મ્હોં પર હાથ ફેરવી તેને સ્વાગત માટે બોળાવી લે છે. વાંચવા લખવા ઉપરાંત તે શેતરંજ પણ સારી રીતે રમી શકે છે.

(સત્સંગના "વાંચકોને જ્ઞાનમાં વૃદ્ધિ થાય એ હેતુથી આ જીવન વૃત્તાંત પ્રસિદ્ધ હિંદી માસિક સરસ્વતીમાંથી એનાં સારાંશ ઉપર પ્રકટ કર્યો છે.)

કાયદા દેશની શાંતી માટે છે.

કાયદા દેશની શાંતિ માટે છે. કળા, કૌશલ્ય અને વ્યાપારની વૃદ્ધિ થાય, વિદ્યાનો પ્રચાર થાય, માંહોમાંહે પ્રેમની ઉત્તરોત્તર વૃદ્ધ થાય, એ કાયદાઓનો મુખ્ય ઉદ્દેશ છે. સત્તા તળેની પ્રજાની આર્થિક દશા સારી રહે, તેના જાનમાલનું રક્ષણ થાય, નિર્બળ પર બળવાનો અત્યાચાર ન કરી શકે, આ સત્તા ધારણ કરનારનો ઉદ્દેશ હોવો જોઇએ. કોઇ કોઇનું સ્વત્વ વા અધિકાર છીનવી લઇ શકે નહિ, પરસ્પર ન્યાય અને ધર્મપુરઃસર વ્યવહાર રહે એ કાયદાનો આંતર હેતુ છે. કાયદો (Z) પારિભાષિક શબ્દ હોઇ એની પારિભાષા જોઇશું તો નીચે પ્રમાણે છે;—

That body of rules and principles which regulate the intercourse of states with each other and to some extent the relations of a state with the subjects of another state.

અથવા કાયદો તે છે જે દુનીઆના સમસ્ત સભ્ય રાજ્યોના માંહોમાંહેના આચરણને નિયમમાં રાખે. આ પારીભાષાથી સાફ જણાશે કે કાયદો અથવા નિયમાવલિની હદ સર્વ રાજ્યોને લાગિમ છે. આ સંબંધે પણાએ પુસ્તક આજ સુધીમાં લખાયાં છે. કારણ આ

મહત્વનો વિષય છે. ચાલુ સમયના મહાયુદ્ધમાં સંડોવાયલા રાજ્યોના દાવપેચ સમજવાને તે ! આ કાયદાનું સંપુર્ણ જ્ઞાન થવું ઘણુંજ જરૂરનું છે. તેટલા માટે કાયદાની ઉત્પત્તિ , અને એનાં આધુનિક સ્વરૂપના સંબંધમાં સંક્ષેપમાં અમારા વાંચકોને કંઇક થવા માટે લખવું એ લેખનો મુખ્ય ઉદ્દેશ છે.

ઉત્પત્તિ—લગભગ ઇ. સ. પૂ. ૨૧૬ માં રોમના ધર્માચાર્ય પોપની પીપી વાગી રહી હતી. રોમજ ત્યાં તે વખતે કળાકૌશલ્ય અને લક્ષ્મીનું નિવાસસ્થાન હતું. ત્યાંજ વિદ્યા અને સભ્યતાનો અભ્યુદય હતો અને તેથી ઘણે દૂરના લોકો ત્યાં વિદ્યા ભણવા અને કળાકૌસલ્યમાં પ્રવીણ થવાને સારૂ આવતા હતા. થોડાજ સમયમાં વિદેશીઓની સંખ્યા ત્યાં ઘણીજ વધી એટલે ત્યાં અડચણો ઉપસ્થિત થઇ. એમને કયા કાયદા લાગુ પડી શકે. રોમનિવાસી એવું કી રીતે પરખી શકે. તેઓ પોતાના જાતીય કાયદા (Civil laws) નો લાભ લે એથી એમના જાતીય ગૌરવને કલંક લાગતું હતું. સાથે દેશની ઉન્નતિ માટે તેમનો બહિસ્કાર કરવો પણ વાજબી ન હતું. એ માટે રોમ સામ્રાજ્યમાં જસજેન્ટિયમ (Jus gentium) નામનો કાયદો બનાવવામાં આવ્યો. આ કાયદા પ્રમાણે રોમનિવાસી તથા વિદેશી વચ્ચેના માંહોમાંહેના ઝગડા શાંત થયા હતા. આ કાયદામાં એવી વાતોનો સમાવેશ કર્યો હતો કે જે દરેક રાજ્યમાં સાધારણ રીતે પ્રચલીત હતી. દરેક દેશમાં રિતરિવાજ જળવાયું અથવા ભૂમીની વિશેષતાને લીધે કોઇ વિશિષ્ટ બાબતો પ્રચલીતો હોય તેવી ચર્ચાને આ કાયદામાં સ્થાન આપવામાં આવ્યું ન હતું. અસારે આ જસજેન્ટિયમ (Jusgentium)ને સામાન્ય નિયમ કહેવો યુક્ત નથી, પરન્તુ તે અત્યારે પણ આપણા વર્તમાન કાયદાને ઘણે અંશે મળતો છે.

ઉન્નતિ—લગભગ ઇ. સ. પૂ. ૨૭ માં રોમ સામ્રાજ્ય સ્થાપિત થયું. એ સમયે વિશ્વવ્યાપી સામ્રાજ્ય (Universal Empire) ના પ્રશ્ને મોટી ખાંધલ મચાવી હતી. સર્વની એવી ઇચ્છા હતી કે આવું મોટું સામ્રાજ્ય સ્થાપિત થઇ તેના હાથમાં બીજા રાજ્યની લગામ રહે. તેના માંહોમાંહેના ઝગડાનો નિકાલ એ સામ્રાજ્ય કરે. પરન્તુ દૈવની ઇચ્છા એવી ન હતી. વિશ્વવ્યાપી સામ્રાજ્યનો ઝળકતો તારો જોતજોતામાં અસ્ત થઇ ગયો. કેટલાંક નાના મોટા રાજ્યોનો વિકાસ થયો. એ રાજ્યોમાં માંહોમાંહે લડાઇઓ થવા લાગી. ધર્મમાં પણ પ્રોટેસ્ટંટ (Protestants) અને કેથોલિક (Catholcis) એ બે ભાગ પડી ગયા. જેઓમાં ૩૦ વર્ષ સુધી લડાઇ ચાલુ રહી.

હાલના સામાન્ય કાયદાઓ એ સમયે નક્કી થયા. તે રાજનૈતિક સ્વાધીનતા અને જમીનપર ની સત્તા (Territorial sovereignty)ના આધારપર બનાવ્યા. સોલમાં અને સત્તરમાં સૈકામાં મોટી મોટી લડાઇઓથી માણસોનો નાશ બેસુમારપણે થવા લાગ્યો. આ વખતે યુદ્ધ ના કાયદા માટે કંઇ નક્કી ધોરણ બાંધવાની જરૂર પડી. કારણકે તેથી યુદ્ધ તથા મનુષ્ય હાનિ ઓછી થાય. આ કાર્ય માટે તે સમયના પ્રસિદ્ધ કાયદાજ્ઞ હ્યુગો ગ્રેટીયસ (Hugo Gratius) ને નિમવામાં આવ્યો. પ્રત્યેક દેશ વચ્ચેના હાલના સામાન્ય કાયદાઓનો જન્મદાતા તે છે. તેણે " A treaties on the law of war and peace " નામનું એક પુસ્તક રચ્યું. ગ્રેટીયસે મીસનાં સ્ટોઇક પંથના ફાર્નિડેસના માનવિક નિયમોનો આધાર લીધો છે. પ્રોફેસર ગ્રેટીયસ કહે છે કે—

(૧) That there is a determinal law of nature.

અર્થાત્ દરેક દેશમાં કેટલાક એવા નિયમ જોવામાં આવે છે કે જેનું પાલન મનુષ્ય પોતાના આત્માની પ્રેરણાથીજ પોતે કરે છે. ઇશ્વરની કૃપાથી જન્મતાં સાથેજ પેદા થનારી એક હૃદયસ્થ શક્તિ દરેક મનુષ્યને એવા નિયમોનું પાલન કરવાને માટે પ્રેરણા કરે છે અને તેથી તેને માટે તેનાપર સત્તાધારીની જરૂર નથી. તે સાથે તેવા નિયમની પણ જરૂર નથી, કારણકે તે મનુષ્ય માત્રને સંમત છે. તેનું પાલન તે પોતાના રક્ષણ સારૂ કરેછે.

(૨) That international law is binding on stars enter se.

અર્થાત્ બધાં રાજ્ય આવા નિયમોનું પાલન કરવા સંમત છે. આજ નિયમોથી બે અથવા બેથી વધારે રાજ્યોની માંહોમાંહેની તકરારનો નીવેડો થઇ શકે છે.

(૩) Sovereigns should be related to each other, like the members of a group of Roman Proprietors.

અર્થાત્ રાજાઓનો પરસ્પર સંબંધ રોમના જમીનદારોના પરસ્પર સંબંધ જેવો હોવો જોઇએ, મતલબ કે તેઓમાં મૈત્રી થઇ રહેવી જોઇએ. તેઓ એક બીજાના અધિકારને માને. કોઇ રાજ્ય ગમે તેવું સંપન્ન અને શક્તિશાળી હોય, તોપણ કોઇ નાના અથવા અશક્ત રાજ્ય ઉપર વિના કારણ અત્યાચાર કરી શકે નહિ. આનું નામ રાજનૈતિક સ્વતંત્રતા છે.

આ પછી પણ બીજી ઘણીએ સંધિઓ થઇ, એમાં ઘણા નિયમો નક્કી થયા

(૧) વેસ્ટ ફેલિયાની સાન્ધ-આમાં એ નક્કી થયું કે દરેક રાજ્ય મોટું હોય કે નાનું પણ તે પોતાની હદની અંદર સ્વતંત્ર છે.

(૨) ૪. સ. ૧૮૪૧ની સન્ધિ. આમાં એ નક્કી થયું કે પાસેના સમુદ્રપર પ્રત્યેક રાજ્યનો પૂર્ણ અધિકાર રહે. જેમકે ઇગલંડનો ઇંગ્લીશ ચાનલ પર છે.

(૩) વાશિંગ્ટનની સાન્ધિ. એ સન્ધિ પ્રમાણે પ્રત્યેક તટસ્થ રાજ્યનું કર્તવ્ય છે કે તે પોતાના રાજ્યના કોઇ પણ ભાગમાં કોઇ પણ યુદ્ધમાં સંડોવાયલા રાજ્યને (Belligerent) યુદ્ધની તૈયારી કરતાં અટકાવે.

(૪) સને ૧૮૧૨ની સેંટપીટસબર્ગની ઘોષણા તથા સને ૧૯૦૧ની જર્મન પંચાયત વગેરે,

આ સન્ધિઓમાં વિશેષે કરીને ઉદાસીન-તટસ્થ રાજ્યોનું કર્તવ્ય નક્કી કરવામાં આવ્યું છે. આ પ્રસ્તાવોના સમ્બંધમાં પ્રોફેસર લીકોક (Prof. Lekok) લખ્યું છે કે અરાઢમાં તથા ઓગણીસમાં સૈકામાં તટસ્થતા સમ્બંધીના નિયમો પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. આ સર્વમાં ઉત્તમ ૪ સ. ૧૮૭૭માં હેગ શહેરમાં થઇ હતી તે છે. તેમાં યુદ્ધ સમ્બંધી નીચે લખેલી બાબતો નક્કી થઇ હતી.

(૧) જે શત્રુ હથિયાર છોડી દે તેને મારવો ન જોઇએ.

(૨) અચાનક હુમલો (Surprise Assaults) કરવો નિષિદ્ધ છે.

(૩) પુસ્તકાલયોમાં આગ લગાડવી, કળા કૌશલ્ય અને વિજ્ઞાનની ચીજો નષ્ટ કરવી નિષિદ્ધછે.

(૪) પ્રજાનું ધન લુંટવાની મના છે.

(૫) સ્વતંત્રતા તથા કુલ મર્યાદાનું રક્ષણ કરવું યોદ્ધાઓનું કર્તવ્ય છે.

(૬) ગોલન્દાજ કરતી વખતે ધર્મસ્થાન કે પ્રાર્થના મન્દિર (Churches) કળાકુશલ વિજ્ઞાન શાળાનું યથાશક્તિ રક્ષણ કરવું જોઇએ.

(૭) એવો ટોરપીડોનો ઉપયોગ નિષિદ્ધ છે કે જે નિશાન ચુકી જતાં પણ કંઇ ને કંઇ હાનિ કરે,

(૮) પ્રજાનાં ધનમાલ જપત કરવાં નહી વગેરે ઉપસંહાર—વર્તમાન મહા યુદ્ધમાં આ નિયમોનું પાલન કેટલે સુધી થાય છે, તે વાત સમાચાર પત્રો વાંચનારા જાણે છે. આ સામાન્ય કાયદાઓનો અનાદર કરનાર કોણ છે તે દરેક દેશની યુદ્ધ સંબંધી પ્રચલિત કહેવતો પરથી સારૂ જણાઇ આવશે અત્રે અમે વાંચકોની જાણ માટે એમાંની કેટલીક કહેવતો આપીએ છીએ.

અંગ્રેજીની કહેવતો

(1) Since the foolish part of mankind will make wars from time to time, with each other, not having sense enough otherwise to settle their differences, it certainly becomes the wiser part, who cannot prevent these wars, to alleviate as much as possible the calamities attending them. (Benjamin Franklin)

વ્યર્થવા મંદ બુદ્ધિ વિના યુદ્ધનો નિવેડો પોતે પોતાની મેળે કરી શકતો નથી. એણે યુદ્ધની ભીષણતા ઓછી કરવા પ્રયત્ન કરવો જોઇએ. (બેન્જામિન ફ્રેંકલીન)

(2) My thoughts are turned on peace, already have our quarrels filled the world with widows and with orphans (Addison)

શાન્તી જોઇએ. યુદ્ધની ઇચ્છા હવે રહી નથી. આપણા માંહોમાંહેના ઝઘડાને લીધે વિધવાઓ તથા અનાથોની સંખ્યા ઘણી વધી ગઇ છે. (એડીસન)

(૩) War, the needy bankrupts' last resort (Rowe)

દેવાળીઆઓને આખરે યુદ્ધનું શરણ લેવું પડે છે (રો)

ફ્રાન્સની કહેવતો.

(૧) Pease is the daughter of war (voltaire)

યુદ્ધની દીકરી શાંન્તી છે. (વોલ્ટેર)

(૨) To arms ! to arms ! ye brave; The avenging sword unsheathe March on ! March on ! all hearts, resolved on Victory or death (T. R. Delisle)

બહાદુરો હથિયાર ઉઠાવી લો. રણક્ષેત્રથી પાછા ફરો તો જીત કરી ને ફરજો, નહીં તો ત્યાં મરી જાઓ.

(ડી. લિસ્લે.)

જર્મનીની કહેવતો.

Everlasting pease is a dream. There is not one more beautiful, and war is a factor is God's plan of the world... Without war the world would sink into materialism.

સ્થાયી શાન્તિની આશા સ્વપ્નવત છે. સંસારના રક્ષણ સારૂ લડાઇ ઘણીજ જરૂરની છે. લડાઇ વિના સંસારમાં જડતા ફેલાઇ જશે.

(૨) The war maintains the war. (Schiller)

લડાઇ લડાયથીજ જીવતી રહે છે (શીલર)

(૩) A peace that has the prospect of being disturbed every day and week has not the value of a peace. A war is often less harmful to the public welfare than such a peace.

એવી શાન્તિ શાન્તિ કહેવા જેવી નથી કે જેનો ભંગ થવાની પ્રતિક્ષણ આશંકા રહે છે. આવી શાંન્તિ કરતાં તો લડાઇજ સારી છે.

આ સિદ્ધાન્તો અને કહેવતોથી પન્તો લાગશે કે આ યુદ્ધમાં જિયાદતી કોની છે, અત્યાચારી કોણ છે અને કયું રાજ્ય શાંતિ પ્રિય છે.

"કર્તવ્યમાં મુકવા લાયક જીવન સૂત્રો."

(યોજક શતાવધાની પંડિત શ્રી રત્નચંદ્રજી સ્વામી.)

૧ મ્હોટું મન અને મ્હોટા કાર્યોમાંજ ખરી મ્હોટાઇ સમાયેલી છે, પણ મ્હોટી વાતો કરવામાં મ્હોટાઇ સમાયેલી નથી.

૨ સ્વભાવત વગરની દોસ્ત ચૈતન્ય વગરના દેહ જેવી નિર્માલ્ય અને સ્પર્શ કરવાને નાલાયક છે.

૩ દાનનો પાયો સ્વર્ગના દ્વાર સુધી પહોંચે છે અને દાતારનાં યશોગુણ ગાવા શાસન દેવોને આકર્ષે છે.

૪ આપણાં માટે દોસ્ત છે પણ દોસ્ત માટે આપણે નથી, દોસ્ત માટે જીંદગી ગુમાવવી તે આત્માને ગુમાવવા બરાબર છે.

૫ કરણી તેવી પાર ઉતરણી. જેવું દેવું તેવું લેવું, હાથે તે સાથે, આ અનુભવી વાક્યોને હમેશાં યાદ રાખો.

૬ લક્ષ્મી ચંચળ છે. પ્રાણ પ્રાહુણા છે. જુવાની જવાની છે; આયુષ્ય અસ્થિર છે, ધીરજનું સ્થાન એક ધર્મ છે.

૭ ગતકાળનો શોચ કરવો નહીં, ભવિષ્ય કાળનો વિશ્વાસ રાખવો નહીં, અને વર્તમાનને વ્યર્થ જવા દેવો નહીં.

૮ મૃત્યુ એક ક્ષણ પણ ચોભશે નહીં, લાલચથી લલચાશે નહીં, માટે કોને કરવું હોય તે આજેજ—અત્યારેજ કરો.

૯ જરીયાન વસ્ત્રો અને હીરા માણેકનાં અલંકારો કરતાં માણસને વધારે શોભાવનાર શીયળ (બ્રહ્મચર્ય) છે.

૧૦ સોના રૂપાનાં અને હીરા માણેકનાં ભુષણો નષ્ટ થાય છે ત્યારે શીળરૂપ ભુષણ અખંડ રહે છે તે સ્ત્રીઓ અને પુરૂષો, કુમાર અને કુમારીકાઓ સર્વેને એકસરખી રીતે શોભા આપે છે.

૧૧ પાછળથી પશ્ચાતાપ કરવો પડે તેવા કામનો ગ્રહણ ન કરવામાંજ અહંકારપણ સમાયલું છે.

૧૨ ઇષ્ટ કે અનિષ્ટ કોઇ પણ નશ્વર વસ્તુનો સંયોગ એજ દુઃખનું મૂળ છે, કેમકે સંયોગ ત્યાં અવશ્ય વિયોગ છે.

૧૩ અભયપદ મેળવવુ હોય તો બીજાઓને અભય આપો, તેમજ સુખ મેળવવું હોય તો સુખ આપો.

૧૪ કોઇને સુખી બનાવવાની શક્તિ ન હોય તોપણ કોઇને દુઃખ તો નજ આપવું.

૧૫ બીજાનું બુરૂં ચિંતવું તે પોતાનું બુરૂં કરવા બરાબર છે, કેમકે " ખાડો ખોદે તે ખાડામાં પડે."

૧૬ પ્રાણીઓનાં પ્રાણ લુંટવા, એજ હિંસા નથી પણ લાગણી દુખાય તેવું કંઇ પણ કરવું કે ચિંતવું તે હિંસા છે.

૧૭ ક્રોધની ક્રૂરતા સામે ક્ષમાનું ખડ્ગ રાખો અને માનનું મર્દન કરવા નમ્રતાનો પાઠ શીખો.

૧૮ માયાના મૂળને કાપી સરલ બનો અને લોભને ક્ષોભ પમાડી સંતોષી રહો, કેમકે જ્યાં સરળતા અને સંતોષ છે ત્યાંજ ધર્મનો નિવાસ છે.

૧૯ આપણે બીજાને ઉપકાર કર્યો હોય અને બીજાએ આપણો અપકાર કર્યો હોય એ બન્ને વાતો યાદ કરવી નહિ.

૨૦ સત્યની સીમામાંજ વિજયનો વાવટો ફરકે છે. " કુડ સાં ધૂળ અને કપટ સાં ચપટ " એ નીતિનો પરમ મંત્ર છે.

૨૧ અપ્રામાણિકતાથી મેળવેલ અખુટ દ્રવ્ય કરતાં પ્રામાણિકતાનો એક પૈસો વધારે કિમતી અને ટકાઉ છે.

૨૨ વિશ્વાસઘાત, ચોરી, કપટ, પ્રાણીવધ, કન્યાવિક્રય અને સ્વામી દ્રોહ કરી મેળવેલી સંપત્તિ, સંપત્તિ નહીં પણ વિપત્તિ છે.

૨૩ અન્યાય અને અધર્મથી ઉપાર્જન કરેલ દ્રવ્યને પૂર્વના પુણ્યનો પુરો ટેકો ન હોય તો તે દસ વરસથી વધુ રહી શકે નહિ.

૨૪ જે ધનથી દીન અને દુઃખી જનોનો ઉદ્ધાર કર્યો નહીં, સત્પાત્રમાં દાન આપ્યું નહીં અને કુટુંબીઓનું પોષણ કર્યું નહીં, તે ધન નહીં પણ ધૂળ છે.

૨૫ આવકના પ્રમાણમાં ધર્મ માર્ગે ધનનો કાંઇ પણ વ્યય ન કરનો તે લક્ષ્મીને લુખી બનાવવા બરાબર છે.

૨૬ અંતરમાં ગુણ ન હોય તો બહારનો આડંબર તકામો છે, એટલુંજ નહીં પણ તે દુનીઆને ફસાવનાર ફાંસી છે, ગાયની કિંમત ઘંટડીઓ બાંધવાથી વધતી નથી પણ દૂધ અને મિષ્ટ દુધથીજ વધે છે.

૨૭ નિંદા કર્યા વગર ન રહી શકાતું હોય તો પોતાનીજ નિંદા કરવી, કેમકે બીજાની નિંદા કરવી તે આત્માને ઝેરી બનાવવા બરાબર છે.

૨૮ વિકરાળ વાઘના મુખમાં હાથ નાખવા કરતાં દુર્જનની સોબત કરવામાં વધારે ભય કરતા છે.

૨૯ માતાપની સેવા ભક્તિ કરવામાં અને તેમની આજ્ઞા પાળવામાં પુત્રની ખરી પવિત્રતાજ સમાયેલ છે.

આ પ્રમાણે અમારી સ્વારી સર્વના પ્રણામ ઝીલતાં ઝીલતાં ઇચ્છિત સ્થળે આવી લાગી. પ્રત્યેક પરીક્ષા ઉત્તમ રીતે પ્રસાર કરી, તથા સ્કોલરશીપો મેળવી સાતમાં ધોરણ પર્યંત સુખરૂપ જઈ પહોંચ્યા. મેટ્રીકયુલેશન પરીક્ષામાં પણ ઘણાં માન સાથે સફળ થઇ ચંદરશેઠની સ્કોલરશીપ મેળવી. આ આનંદ કારક બાતમી જ્યાં ત્યાં ફેલાઈ ગઇ. આ વખતે મારી સ્વારી ઘેરજ હતી. હું પરીક્ષામાં પાસ થવાથી કેટલીક છોકરીઓના બાપોએ પત્રિકાના દબદબાથી મારા ઉપર ટાંકી નાંખ્યો. બી. એ. થયાં પહેલાં લગ્ન ન કરવાનો મારો બેત હતો. તેમજ લગ્ન કરવું તો સાત આઠ વરસની છોકરી-જેને લગ્ન એટલે શું તેનું તો કશું ભાન નથી, તેની સાથે કરવાં કરતાં એકાદ ઉપવર Romantic છોકરી સાથેજ કરવું. આ મારા મનમાં દૃઢ વિચાર હતો. પણ મારો આ મનમાનો વિચાર મનમાંજ રહ્યો. મા તથા બાપાના આગ્રહથી મારી સ્વારી તરતજ ચતુર્ભુજ થઇ.

તો પણ મારો અભ્યાસ આગળ જારી રહી બેકાજ વખતમાં યુનિવરસિટિના ચરકામાં પિસાઇ યશસ્વી રીતે બહાર પડયો. મારાં સતેજ બેજમાં ઉચ્ચશિક્ષણની હવા ભરાતાં સ્ત્રીશિક્ષણ, પ્રૌઢ વિવાહ, પુનર્વિવાહાદિ ઘણા વિષયો કે જે આજ કાલના યુનિવરસિટિના ચરકામાં પીસાતા જુવાનીઆઓમાં સ્વાભાવિક પણે હોય છે. તે મારા બેજમાં પણ અવિરતપણે રમવા લાગ્યા. સ્ત્રીશિક્ષણ એ વિશેષ તો મારો પેટંટ વિષયજ થઇ ગયો હતો. કયાંએ ચાર એકઠા થયા હોય, કે તરત મને રકુરણ થઇ મારા હંમેશના વિષય પર અસર કારક ભાષા માં બોલવા મંડી જતો. એક દિવસે મારી પડોશમાં રહેતાં રામરાયને ત્યાં કંઈ બેઠક હતી. બીજાની સાથે મને પણ પાને સોપારીનું નિમંત્રણ થયું હતું. તે વખતે વાસ્તવિક રીતે કંઈ પણ કારણ ન છતાં મારી સ્વારી મારાં પેટંટ વિષય તરફ વળી. તથા તરત ગમે તે બકી માર્યું. આજ કાલ કેવળ બી.એ. બિલ. બેલ. બી. અગર બેમ. બે. બેલ્ બેલ્. બી. થવામાં કંઈ સાર રહ્યો નથી એટલુંજ નહિ પણ કેટલાક ગુજરાતરાય જેવા વકીલો બુટ પાટલૂનનો ખર્ચ પણ મેળવી શકવાને અતિ અશક્ત મેં પ્રત્યક્ષ જોયા છે. આમ હોવાથી મારા બેજમાં વિલાયત જઇ બેરીસ્ટર થવાનો ઉમદા વિચાર આવ્યો, પણ વિલાયત જવું, અને બેરિસ્ટર થવું કંઈ મોઢાની વાત ન હતી. તેને માટે પૈસા પણ પાણીની માફક ખર્ચ કરવાને જોઇએ છે. આ વિચારમાં મારું મન ગૂંચાઇ રહ્યું હતું, પણ "કાકરના બાનારને દેવ દેનાર" એ કહેવતની મને તરતજ સત્યતા જણાઇ. એક દિવસે હું "ટાઇમ્સ" જોતો હતો, તેમાં મેં એક નીચે પ્રમાણે જાહેર બબર જોઇ. "Wanted an Indian Gradnate to accompany a native prince to London. apply sharp with testimonials; " મારા પર અમારા પ્રોફેસર સાહેબો, તેમજ પ્રિન્સિપાલ સાહેબોનો વિશેષ પ્રેમ હોવાથી ચિકારસ પત્ર મેળવવાને મને ઝાઝો ત્રાસ સહવો પડશે નહિ. આવી રીતે વિલાયત જવાનો આકસ્મિક યોગ મળી આવ્યો. રાજકુમારના પત્ર પ્રમાણે હું તેને ગુરવારે સવારે "તાજ મહાલ હોટલ" માં જઇ મળ્યો. તથા શનિવારની બોટમાં હું રાજકુમારનો companian એ સંબધથી તેની સાથે જવા નિકળ્યો. રાજકુમાર પોતે સુશિક્ષિત તથા પ્રેમાળ હોવાથી મારે અને તેને

બનતી રાશ આવી. અનેક વિષય પર મારો અને તેનો વાદવિવાદ થતો હતો. તેના સહવાસમાં વિલાયતમાં મારા બે વર્ષ કેવી રીતે વીત્યાં, તે બીલકુલ સમજાયું નહિ. ત્યાંના સ્ત્રી સ્વાતંત્ર્ય, સ્ત્રી પુરૂષના સમાન હક વગેરે અનેક રીવાજો અમને પસંદ પડયા. તથા હિન્દુસ્થાનમાં પાછા ગયા પછી તેવો સુધારો છેવટે મારા પોતાના ઘરમાં તો કરવોજ એમ મેં નક્કી કર્યું. અભ્યાસ સારી રીતે કરવાથી હું બારિસ્ટર બન્યો, એ કહેવાની બીલકુલ જરૂર નથી. થોડાજ વખતમાં હું કુંબઇ પાછો આવ્યો. રાજકુમાર પોતાના સંસ્થાનમાં ગયા. તથા અમારી સ્વારી ઠેકાણે ઠેકાણે મુકામ કરતી તથા ઇષ્ટ મિત્રો પાસે મેજબાનીઓ ઉડાવતી અમારે ગામે જવા નીકળી. પહેલ વહેલાં દીખવા જતી વખતે જે જે મંડળીએ પ્રવાસમાં અમારૂ સ્વાગત કર્યું હતું. તે મંડળી આ વખતે પણ સ્વાગત કરવાને હાજર હતી. પૂર્વના પ્રવાસમાં તથા આ વખતના પ્રવાસમાં જે કંઇ પણ ફેર હોય તો પોશાકમાં તથા વાહનમાં હતો. યુરોપિયન હેટ, ' બદામ માખણ ' કંપનીનો સુટ, ' સુંદર એન્ડ કંપની"ના બૂટ, પોશાકમાં કહીએ તો up to date હતો. તેમજ આ વખતે પહેલાંના જેવી સ્વદેશી મોટર ન હોઇ તદ્દન અતી વિલાયતી મોટર હતી. અમારી સ્વારી રવિવારે સવારે આઠ વાગ્યાને સુમારે અમારા ગામને પાદરે જઇ પંહો. અમારી સ્વારી આવવાની હાક હાં હાં કરતાં ગામમાં થોડાજ વખતમાં ફેલાઇ ગઇ. ગામમાંની શિષ્ટ મંડળી અમારી મુલાકાતે આવી. અમારા સન્માનાર્થ તે દિવસે નિશાળોમાં રજા આપવામાં આવી હતી. મોટરમાંથી નીચે ઉતરતાંજ અમારાં માતુશ્રી પ્રાણી ઉતારવા આગળ આવ્યાં હતાં, તેમને પંગ્લિશ પ્રકૃતિ પ્રમાણે Good morning (ગુડમોર્નિંગ) કરી · હસ્તાંદોલન· (શેકહેંડ) કરવાને માટે મારો હાથ આગળ કર્યો. અમારી સ્વારી તેવીજ રીતે ઘરમાં પહોંચી. ત્યાં અમારી અર્ધાંગના નજરે પડતાં તેને પણ શેકહેન્ડ કરવા માટે મેં મારો હાથ આગળ કર્યો, પણ તે વખતે મને ઘણી નિરાશ પ્રાપ્ત થઇ. શેકહેંડ કરવાનું તો બાજુએ રહ્યું, પણ મને જોનાજ તે ઘરના ત્રીજા ખૂણામાં જઇ ભરાઇ. થોડાજ દિવસમાં અમારી સ્વારી સકુટુંબ મુંબાઇ જઇ કોટમાં "ગ્રેરી મેનશન્સ" માં આવી રહી. અમારી અતિશય બુદ્ધિ સામર્થ્યની કીર્તિ જ્યાં ત્યાં થોડાજ વખતમાં પ્રસરી ગઇ. પરોપરજ છે. શા માટે ન પ્રસરે ? ખરૂં રત્ન શું છૂપ્યું રહે ખરૂં ? એવી આપણી જૂની કહેવત છે. તે ખરી ઠરી.

મારાં શિક્ષણથી મારા સ્વીટ હાર્ટના ઘણાજ પૂર્વના સુરસ્ટિચિયસ કલ્પનાને ટેકો મળ્યો હતો. કેવળ હુંજ એવું સમજતો હતો એટલો ન હતું. અમારા આગ્રહથી મારી મિત્ર મંડળી પણ તેવું માનવાને તૈયાર થઇ હતી. મારી પાસેથી સ્વાતંત્ર્ય તથા સમાન હક માટે યોગ્ય શિક્ષણ પામેલી હોવાથી અમારી ડીઅરના પણ ઘણી વખત આવતા હતા તથા ઘણા વખત સુધી ગપ્પાં ચલાવતાં હતાં.

તરફ વળી પુછયુ " What right have you to enter my room without my permission, shows you are unaware of English etiquette " (મારી રજા વિના મારા ઓરડામાં પ્રવેશ કરવાનો તમને શો હક છે વારૂ તમે ઇંગ્લિશ એટીકેટ નથી જાણતા એ સ્પષ્ટ છે.) ઉપર પ્રમાણે અનપેક્ષિત તથા આગમાં તેલ રેડનારો પ્રશ્ન સાંભળી મારો મિજાજ એકદમ ગરમ થયો. હું પણ ફોટલાજ જોરથી, સંતાપથી બોલ્યો. "Your present action lays aside our Marriage oaths" (તારૂં આ વર્તન આપણાં લગ્ન વખતના પણને બાજુએ મુકે છે.) મારી પોતાની તાલીમથી તૈયાર થએલાં અમારા રાણી સરકાર હવે કંઈ પહેલાંના જેવાં કાચાં રહ્યાં ન હતાં. તેટલીજ ઝડપથી તેમણે ઉત્તર આપ્યો, " Am I not free to do anything that I like ? I doubt very much my sight, whether you are the very same philosopher who always preached equality of men & women," શું હું મારી મરજી પ્રમાણે વર્તવા લાયક નથી ? જો હું ભૂલતી નહોઉં, તો તમે તેજ ફીલોસોફર છો કે જે સ્ત્રી પુરૂષના સરખા હક ગણે છે.

આ પ્રમાણે ગુરૂની વિદ્યા ગુરૂનેજ ફળી. એકાદ જંગલી મનુષ્ય પ્રમાણે હું તે પાછા મનુષ્ય ઉપર ધસી ગયો. તથા તેનો હાથ જોરથી ખેંચ્યો, પણ આશ્ચર્યની વાત છે કે તે બદમાસ તલમાત્ર પણ ડગમગ્યો નહિ, તથા પોતાની જગાએથી જરાં હાલ્યો પણ નહિ. મારૂં દુઃખ અતિશય વધ્યું. હાથમાંની લાકડી મેં તેને મારવાને માટે ઉગામી. ફ્રેટલે શું ? ચટ લેતો કે તે બદમાસ પાછળ ખસ્યો, અને પોતાના માથાપરનો ફેંટો સફાઇથી નીચે ઉતાર્યો શરીર પર ધારણ કરેલો ઓવરકોટ પણ ઉતારી નાખ્યો. હું એકદમ ઝંખવાણો પડી ગયો. કારણ હું સમજી ગયો, તે પ્રમાણે તે તરણ, પુરૂષ ન હોઇ મારી વ્હાની બ્હેન ગુલાબજ હતી. મારી પત્ની તથા ગુલાબના હસતાં હસતાં આંતરડા દુખ્યાં. હું પણ એક ભ્રમિષ્ટ પ્રમાણે ગાંઠા પ્રમાણે તેમના તરફ જોતો ત્યાંજ ઉભો રહ્યો. કેટલીક વારે ગુલાબ મારા તરફ વળી બોલી " કેમ ભાઇ સાહેબ, આપ આપની કુશાગ્ર બુદ્ધિથી, અસ્ખલિત વાણીથી, પ્રતિપક્ષની આંખોમાં ધુળ ફેંકોછો, પણ આજ છેવટે અમે સ્ત્રીઓએજ આપના જેવા મુંબઇ હાઇકોર્ટમાં માન પામેલા પ્રખ્યાત બેરીસ્ટરની આંખમાં ધોળે દિવસે ધૂળ નાંખી. બિચારી ભાભી ભલી છે એટલે ઠીક જો એકાદ કોઇ બીજી હોત, તો આપના શિક્ષણના પ્રતાપે જરૂર વિફરી ગઇ હોત ! ભાઇ સાહેબ, ઇંગ્લંડમાં સ્ત્રીઓને પતિની મિત્રમંડલીમાં બોલવા ચાલવાનો છીસ્તો છે, સ્ત્રી પુરૂષોના સમાન હક માટે ત્યાં સહુ એકમત હશે, પરંતુ આપણા તરફ તેવું થવું ઘણું મુશ્કેલ છે ત્યાંના લોકોની હોશીયારી માટે, જબર દસ્ત ઉદ્યોગીપણા માટે આપણે તેને ગમે તેટલું માન આપીએ, પણ સતીત્વ પાતિવ્રત્ય માટે કોઇ પણ રાષ્ટ્રે અમારી આર્યસ્ત્રીઓ પાસેજ શિક્ષણ લેવું જોઇએ. અમારે ત્યાંના તે સમાન હક જોઇતા નથી. તથા તે માટે અમે કદાપે પણ મનમાં વિચાર આણીએ નહિ. સમાન હકથી રહેવા કરતાં પ્રેમાળ તથા સદ્‌ગુણી સાસુસસરાના તથા તે પ્રમાણે પતિના છત્ર નીચે રહેવામાંજ અમને અધિક આનંદ મળે છે. વડીલોની આજ્ઞામાં રહેવામાંજ અમે મોટપ માનીએ છીએ. પારકાની બધીજ બાબતમાં અનુકરણ કરવું એ લાંબા વખતે

લક્ષણ નથી. ત્યાંના સારા સારા ગુણો અવશ્ય ગ્રહણ કરવા જોઇએ. તેટલીજ આપણા સમાજને ન શોભે તેવી બાબતોનો ત્યાગ પણ કરવો તેટલોજ આવશ્યક છે. તારા મગજમાં ઘુસી ગએલું આ નકામું ગાંડપણ કાઢી નાખવાને માટેજ મેં તથા બાબીએ મળી આ આજનો નાટક ભજવ્યો હતો. " અરે બાપરે! ગુલાબનું આ લેકચર સાંભળી હું આભોજ બની ગયો. તેનું કહેવું. મને તદન વાજબી લાગ્યું. મને ત્યારેજ ભાન આવ્યું. હું તેનો જેટલો આભાર માનું તેટલો ઓછો મને ઠેકાણે આવવાને બે શબ્દો કહેવા કરતાં આ પ્રત્યક્ષ નાટક ભજવી મને શુદ્ધિમાં લાવવાની યુક્તિ માટે પ્રિયાને ઉત્તમમાં ઉત્તમ બક્ષીસ કહેતાં એક મધુર ચુંબન કર્યું, એ કહેવું જરૂરનું નથી.

"શારદા વિહાર"
અંબાજી રોડ-સુરત

છોટુભાઇ દાજીભાઇ દેશાઇ.

વિવિધ વિષય.

કારાગૃહમાં ગ્રંથલેખન.

તુરંગમાં રહી લખવામાં આવેલાં ગ્રંથો ઘણા મહત્વના જણાયા છે. તેં પૈકી એક Consolation of philosophy એછે. એ પુસ્તક બોધિયસ નામના વિદ્વાને ઇ સ.૫૨૪માં લખ્યો. ઇટાલીના તે વખતના રાજાને ફાંસીની સજા ફરમાવી હતી, છતાં પણ તેવી સ્થિતિમાં વિશ્વાસોરી સાંધીધી આવો મોટો ગ્રંથ લખવો એ કેટલું બધું સામર્થ્યનું કામ છે!

ઇગ્લિંશ ભાષામાં કારાગૃહમાં લખાયલાં એવાં ઘણાં પુસ્તકો છે. સ્કોટલેન્ડના પહેલા જેમ્સે ઇ. સ. ૧૪૨૩ માં તુરંગમાં Kings book નામનું એક કાવ્ય લખ્યું હતું. આ રાજા ૧૮ વર્ષ તુરંગમાં રહ્યો. પોતાના વરંડા નીકળતાં તેને ચોથા હેનરીની ભોઇરી બેડી જોન બ્યુફોર્ટ નજરે પડી, અને તેના સૌંદર્ય પર જેમ્સને મોહ ઉત્પન્ન થયો. તેના વર્ણનથી તેના કાવ્યની જેમ્સને સ્ફુર્તિ આવી. કાવ્યમાંની નાયિકા તે જેમ્સની ખરેખરી નાયિકા છે. સરવૉલ્ટર રેલે લંડન ટાવરમાં તુરંગમાં હતો, ત્યાં " History of the worlb " નામનું અત્યુત્કૃષ્ટ પુસ્તક ઇ. સ. ૧૬૧૪ માં લખ્યું.

Stone walls do not make a prison, nor iron vars a cage આ વરણ રિચર્ડ લવ્હલેસ નામના એક સુપ્રસિદ્ધ કવિએ તુરંગમાં લખેલાં કાવ્યની પ્રથમ પંક્તિ છે આ કાવ્ય અતિશય સુંદર છે. જોનબેનન નામનો એક મોટો કવિ બાર વર્ષ તુરંગમાં રહ્યો, તે મુદતમાં તેણે ઘણાં સારાં ગ્રંથો લખ્યાછે. તેઓમાં pilgrams progess કાવ્ય વિશેષ પ્રસિદ્ધ છે. ઇ. સ. ૧૭૫૮ માં " સરલોન્સેટ ગીલ્બ્સ એનું પરાક્રમ " એ મોટું પુસ્તક મોલેટે લખ્યું. રોબીન્સન ક્રુઝો આ વિલક્ષણ પુસ્તકના કર્તા ડૉનિઅલ ડેફો તુરંગમાં રહી એક વર્તમાનપત્ર ચલાવતો હતો. કૈલાસવાસી આગરકર એમણે એમનું લોકપ્રિય લેક્ચર તુરંગમાં લખ્યું હતું. તેમજ હાલમાંજ આપણા લો. મા. તિલકે તુરંગમાંજ ગીતા રહસ્ય નામનો એક અદ્વિતીય ગ્રંથ રચ્યો છે.

ફલાહાર.

જર્મનીના પ્રખ્યાત ડૉક્ટર કુન્હે કહે છે કે શરીરના વ્યાપાર નૈસર્ગિકપણે તથા આરોગ્યમાં રાખવા માટે ફલોનો જેટલો ઉપયોગ કરવામાં આવે તેટલો સારો છે. માંસાહાર કરતા કરતાં ફળાહારી અતિશય તાકાતવાળા, સશક્ત, પ્રકૃતિએ શાંત હોય છે. તેને રોગ થવાની ભીતિ ઓછી છે. અર્થાત્ કદાચિત્ થાય તો તેનો ઉપાય પણ સહેલો જ હોય છે. કારણ તેનો કોઠો સ્વચ્છ, ઉત્તમ પચનક્રિયા, બળવાન્ મજ્જાતંતુ, નિરોગી તથા સ્વચ્છ હોઢી, આરોગ્યદાયી ત્વચા, બળવાન્ જ્ઞાનતંતુ તથા ઉત્તમ મેદ એ હંમેશ તેને અનુકૂળ હોય છે. તથા સ્વાભાવિક રીતેજ તેનું આયુષ્ય વધારે હોય છે. જીવન શાંતિથી વ્યતીત થાય છે.

આપણા ઋષિ મુનિઓ શાંત, તથા દીર્ઘાયુ તદન્ નિરોગ, હોવાનું કારણ આજ છે. આહાર વિહારની ભૌતિક સામગ્રી વધવા સાથે આપણામાં રોગોની પણ અતિ વૃદ્ધિ થઇ દરેક ઘરે ડૉક્ટરની દરરોજની જરૂરીઆત થઇ પડી છે. આપણું જીવન .અશાંત, કલેશમય અને કંટાળા ભરેલાં થઇ પડયાં છે.

નિદ્રામાં વાળ વધતાં નથી

આપણું કેશ જાગૃત અવસ્થામાં અતિ ઝડપથી વધ્યા જાય છે, ત્યારે માણસ ઉંઘમાં હોય છે, ત્યારે તે બીલકુલ વધતા નથી. દાઢી તદન બોળીને લાગલાગટ ઉંઘમાં રાખી તે માટે પ્રયોગ કરતાં કેસ જરા પણ વધતા જણાયા નથી.

સુખી ધણીઓ.

Man is what woman makes him (rosseau)

રોઝા નામનો એક વિદ્વાન અંગ્રેજ ગૃહસ્થનું એવું વચન છે કે " સ્ત્રીઓ બનાવે તેવો પુરૂષ થાય છે." સંસારમાં પુરૂષોને જે યોગ્યના પ્રાપ્ત થાય છે તે તેની સ્ત્રીના વર્તન ઉપરથી થાય છે. એ સંબંધે લખનાર રોબહુડ કહે છે, " મારૂં લગ્ન થતાં સુધી હું કંઇ જાણતા ન હતો. પણ પાછળથી મને મારી કીંમત જણાઇ આવી કોઇ પણ સંકટ વખતે મારી સ્ત્રીએ મારૂં દુઃખ હલકું કરવા બની શકે તેટલા પ્રયત્ન કર્યા છે. " લૉર્ડ બેકન્સ ફીલ્ડ એ પણ આ બાબતમાં ઘણો સુખી હતો. તેનો વિવાહ જરા મોડો થયો. તેની પત્ની શ્રીમાન્ હતી. તેના પર બેકન્સ ફીલ્ડનો ઘણો પ્રેમ હતો. એક વખતે કોમન્સ સભામાં ભાષણ કરવા માટે બેકન્સ ફીલ્ડ જતો હતો, ગાડીમાં તેની પત્ની હતી. લૉર્ડ સાહેબની ગાડીમાં ધાંધલ થતાં ગાડીનો દરવાજો ઉપડી જવાથી તેમણે જોરથી ઢાંક્યો, તેમાં તેની પત્નીનો અંગુઠો આવવાથી ચૂરો થઇ ગયો. જ્યારે આ વાત લૉર્ડ સાહેબે જાણી ત્યારે તેને આશ્ચર્ય થયું. તેમણે ભાષણ કરવા જવાનું છોડી ડૉક્ટરને ત્યાંજ ગાડી હંકારી બેકરેની પત્નીને ઘણુંપણ લાગ્યું હતું, છતાં તે તેના પર અતિશય પ્રેમ રાખતી, અને તેને સારી રીતે સંતોષતી. લોંગફેલ્લો તો સ્ત્રી મરી જવા પછી ઘણોજ દુઃખી થયો. ગ્લેડસ્ટનની શરીર પ્રકૃતિ અતિશય સારી રહી, તેના હાથથી જે મોટાં કાર્ય થયા, તેનું ઘણું માન તેના કુટુંબને છે, તેની પત્નિ તે દરેક પ્રકારે સુખી રહે એવા પ્રયત્ન હંમેશ કરતી.

આ નામાવલિ પૂરી થતાં આપણને આનંદ થાય છે કે આપણા ભારતમાં આવી સ્ત્રીઓ તો ઘણુંયે ઘર ઘર મળી આવશે. દરેકને ઘર એવું માલમ પડશે, કે તેમાં આવા પતિ સેવાના દાખલા ન મળે.

કુકકરો રખવાળ તરીકે.

મેકિસકોમાં કેટલાક ભાગમાં બેકુત હોકો કુકકરોનો ઉપયોગ કુતરાની પેઠે રખેવાળનો કરે છે. આ જંગલી કુકકરો નાનપણથી પાળવામાં આવેછે, અને તે ગેરા સાથે ચરવા પણ જાય છે. કોઇ પણ રાની પશુ ઘેટાને ચોરવા આવે, તો તે તેની સાથે લડી પાછા કાઢે છે. એટલુંજ નહિ પણ ઝુંપડીમાં રહેલી વસ્તુનું રક્ષણ પાળેલા કુતરાની પેઠે કરી શકે છે. જંગલી કુકકરો એ પ્રાણી સ્વભાવે ઘણાં ક્રૂર છે. પરંતુ ત્યાં તે એટલું બધું નરમપણે રહે છે, કે તે પાળેલા કુતરાની પેઠે ધણીની પાછલ પાછલ પણ ફરેછે તે પ્રદેશના એક બીજીના માલીક પોતાના છોકરાં સાથે રમવા કુક્કર પાળેલું છે.

બાડા માણસોને આનંદ કારક માહિતી.

જપાનમાં મિ. હિકેડા નામના એક ડોકટરે એક નાનું સરખું પત્રક છાપેલું હોય તેનું નામ "લકૃ માણસોને આનંદકારક માહિતી" એવું રાખ્યું છે. તેમાં એવી વિગત છે કે મનુષ્ય જેટલો પાતળો તેટલાં તેનાં અંગમાં જંતુઓ વધારે હોય છે. મનુષ્યના શરીરમાં સાધારણ રીતે પ્રત્યેક ચોરસ ઇંચમાં ૪૦૦૦ જંતુઓ હોય છે. પણ લકૃ માણસોના શરીરમાં તે સેંકડે ૨૦ પ્રમાણે કમી હોય છે, એ પણ સિદ્ધ થયું છે. સાબુના ઉપયોગથી એ જંતુઓ વધવાનો સંભવ છે. ઉના પાણીથી જંતુનો નાશ થતો નથી. શરીરમાંના કુમી નાશ માટે ઠંડા પાણીનું સ્નાન હિતકારકછે, એવું તેનું કહેવું છે.

વિઝિટિંગ કાર્ડ.

ઇંગલાંડમાં ૧૭ મા સૈકા પછી વિઝિટિંગ કાર્ડ શરૂ થયા છે. ચીનમાં હજારો વર્ષ થયાં આવા કાર્ડો પ્રચલિત છે ઇગ્લંડમાં વિઝિટિંગ કાર્ડ ઉપર પહેલાં સુંદર ચિત્રો કાઢતા હતા. નેલ્સને કાર્ડપર નાઇલનો લાંબો નેલ્સન એમ લંખાવ્યું હતું. જોસફ એંકસ એના કાર્ડ પર આબસલંડનો નકશો રગેલો હતો. ડોકટર ઑનસન્સ એના કાર્ડ એક ચિતારાએ તૈયાર કરેલા હતા. તેના પર વેલ વગેરે હોય વચ્ચે તેનું નામ હતું. સર જોશી ઑરેનાઇલ્ડ એના કાર્ડ પર એક બાઇનું ચિત્ર હતું. હોડી વૉકિલ આ બાઇના કાર્ડપર બે કાળા ઘોડા નોડેલા તથા "મદન" હાંકવાને બેસાડેલો એવો એક રથ કાઢેલો હતો.

પ્રકીર્ણ.

નાતાલના કાર્ડ પ્રથમ સન ૧૮૪૬ માં શરૂ થયા યાંત્રિક ઘડીઆળ પ્રથમ તેરમા સૈકામાં તૈયાર કરાયા.

એક કાશ્મિરી શાલ તૈયાર કરવાને ત્રણ માણસોને આઠ મહિના લાગે છે.

ઘોડાની શરત પહેલવહેલી ઇગ્લંડમાં ચેસ્ટર શહેરમાં સને ૧૫૦૯ માં શરૂ થઇ.

સર્વથી ગીચ વસ્તી માલ્ટામાં છે. એક ચોરસ મૈલમાં તેરસે માણસ ત્યાં વસે છે. બાર્બાડોસમાં એક ચોરસ મૈલમાં ૧૦૫૪ લોક વસે છે.

જવા બેટમાં ૨૫૦૦ એકર જમીન સિંચાના જલના પૂરો માટે રોકાયલી હોય છે જે જગાએથી આવતાં કિનાલનનો ૨ જો ભાગ ત્યાંથી આવે છે.

દુનીઆમા સૌથી વધારે નાટકશાળા ઇટાલીમા છે.

લિલાપતમાં સાત લાખ કલાઈ અને ૩૦ હજાર ડોકટર છે.

જૂદા જૂદા દેશમાં પ્રત્યેક હજાર પુરૂષે સ્ત્રીઓનું પ્રમાણ નીચે પ્રમાણે છે.

નોર્વે ૧૦૬૯, ઈંગ્લંડ અને વેલ્સ ૧૦૬૮, સ્કોટલંડ ૧૦૬૩, ડેન્માર્ક ૧૦૬૧, સ્વીડન ૧૦૪૬, ઓસ્ટ્રિયા ૧૦૩૬, ફ્રાન્સ ૧૦૩૨, સ્વિત્ઝર્લંડ ૧૦૩૧, જર્મની ૧૦૨૬, નેધર્લંડ ૧૦૨૧, હંગરી ૧૦૧૯, બેલ્જિયમ ૧૦૧૭, ઇટાલી ૧૦૧૦, આયર્લન્ડ ૧૦૦૪, હિંદુસ્થાન ૯૫૩, અમેરિકા ૯૪૭, દક્ષિણ આફ્રિકા ૯૪૧, ઓસ્ટ્રેલિઆ ૯૨૬, કાનડા ૮૮૬ આ સરાસરી સુમારે ત્રણ વર્ષપરની છે.

તંત્રી.

સાભાર સ્વીકાર–સમાલોચના.

હાસ્યમંદિરઃ—લેખક ઓન. રા. બ. રમણભાઇ મહીપતરામ નીલકંઠ. બી. એ. એલ્એલ્. બી. તથા સૌ. વિદ્યાગૌરી, બી. એ. પ્રકાશકઃ—રા. રા. જીવનલાલ અમરથી મ્હેતા. પીરમદા રોડ, અમદાવાદ. ડેમી આઠ પેજી સાઇઝ પાકું પૂંઠું કિંમત રૂ. ૧–૮–૦ જ્ઞાનવર્ધક ગ્રંથમાળાના ગ્રાહકોને રૂ. ૦–૧૨–૦.

ગુજરાતી ભાષામાં હાસ્યરસના પુસ્તકોની ઘણી ખોટ છે. આજ સુધીમાં ઉંચી પ્રતિના હાસ્યરસની ગરજ સારે, એવાં ત્રણ ચાર પુસ્તકોજ માત્ર પ્રકટ થએલાં છે. બાકીના જે કે બીજાં પુસ્તકો છે, પરંતુ હલકા પ્રકારની હડા મશ્કરીવાળાં હોઇ નીચ વૃત્તિને પોષક અને શિષ્ટ વાંચકોને અતિ અપ્રિય તથા સભ્ય કંટાળો ઉપજાવે છે. પ્રજાને ઉન્નત કરવાને તેવાં પુસ્તકો બાધા રૂપજ છે. આ પ્રસંગે બીજી પણ એક વાત કહેવી જરૂરની છે કે પાશ્ચાત્ય તથા બીજા સુધરેલા દેશોના સાહિત્યમાં દરેક રસને પોષક તેના મૂળ તત્ત્વને સ્પષ્ટ કરનારાં મોટા મોટા ગ્રંથો વિદ્યમાન છે, ત્યારે આપણા સાહિત્યમાં એવાં પુસ્તકો છેજ નહિ, એમ કહીએ તો ચાલે. હાસ્યરસને લગતાં પણ એકાદ બે ચર્ચાયુક્ત નહાના નિબંધો સિવાય જે વિષયને તેના યથાર્થ સ્વરૂપમાં સમજાવનારો કોઇ ગ્રંથ ગુજરાતીમાં નથી. ત્યારે "હાસ્ય મંદિરમાં સાક્ષરશ્રી રા. બ રમણભાઈએ શરૂઆતમાં લગભગ ૧૨૫ પાનાંનો લોભેલો નિબંધ મોટામાં મોટોજ છે. આ નિબંધમાં રા. બ. રમણભાઇએ નર્મ અને મર્મયુક્ત હાસ્યના સારાં ઉદાહરણો સાથે સ્પષ્ટીકરણ કર્યું છે. હાસ્યરસના લેખો તથા પુસ્તકો લખનારાઓએ આ નિબંધ એકવાર અવશ્ય વાંચવો જોઇએ. જેથી તેમનાં લખાણમાં અવશ્ય સુધારો થાય તેમના પુસ્તકો શિષ્ટ વર્ગને અવશ્ય રૂચિકર થશે.

આ નિબંધ પછી " જ્ઞાનસુધા " માં તથા બીજે સ્થળે રા. બ. રમણભાઇ તથા સૌ. વિદ્યાગૌરીના પ્રકટ થએલાં નાના મોટા લેખો, પ્રહસનો એકત્ર કરી પ્રસિદ્ધિમાં મૂકયાં છે. રા. બ. રમણભાઇ થોડા નજીવા અપવાદ સિવાય હાસ્યરસના લેખક તરીકે ગુજરાતી જનતામાં સર્વ માન્ય છે. તેમના આ હાસ્યરસ પ્રધાન લેખોમાં હાસ્યરસ ઉંચી પ્રતિનો છે. કોઈ પણ લેખમાં ક્યાંએ પણ હલકા પ્રકારની હડા મશ્કરી અથવા અશ્લીલ કે બીભત્સ શબ્દો જણાશે નહિ. એમનો હાસ્યરસ શુદ્ધ, સંસ્કારી તેમજ મર્મયુક્ત હાસ્ય પ્રદીપ્ત કરનારો છે.

આવું પુસ્તક જ્ઞાનવર્ધક ગ્રંથમાળાનું પ્રથમ ગ્રંથ તરીકે પ્રકટ કરેલું જોઇ અમને અતિશય આનંદ થાય છે. હાલની ઘણી માળાઓમાં બહુધા લોકપ્રિય વિદ્વાનોના ભરા પણ હાથ હોતો નથી. ત્યારે આ માળામાં એક સુપ્રસિદ્ધ સાક્ષરનો ગ્રંથ કે જેના માટે કોઇને પણ બેમત નથી, તેનાથીજ શરૂઆત થઇ છે. માળાના ગ્રાહકોને આ પુસ્તક માત્ર રૂ. ૦–૧૨–૦ મળે છે. જે કીમત તદ્દન પડતર છે. અમો રા. 'જીવનલાલના આ પ્રયાસનો અભ્યુદય ઇચ્છીએ છીએ. અને આ માળા લોકોમાં માનપત્ર થઇ તેનો પહેાળો ફેલાવો થાય એવી આશા રાખીએ છીએ.

શાંતિ નિકેતનઃ—લેખક અને પ્રકાશક રા. રા. કાળાભાઇ રામચંદ્ર વ્હેતા અમદાવાદ સસ્તી વાર્તામાળાનું ત્રીજા વર્ષનું પ્રથમ પુસ્તક.

આ વાર્તામાળાનું ત્રીજું વર્ષ શરૂ થઇ ગયું છે. તેટલા વખતમાં તે લોકોને પ્રિય પણ થઇ પડી છે ત્રીજા વર્ષનું પ્રથમ પુસ્તક "**શાન્તિ નિકેતન**" એક ઉત્તમ નવલકથા છે. આ નવલકથામાં નવલકથા સાથે ધર્મના મૂળ તત્ત્વોનો સદ્બોધ મળે છે. હાલમાં આપણાં શાસ્ત્રો પ્રતિ તેમના રહસ્ય જાણ્યા વિના આક્ષેપો થાય છે તેવા વખતમાં આવાં પુસ્તકોની પ્રસિદ્ધિ અતિ પ્રશંસનીય છે. કેવળ રહસ્યોનાં પુસ્તકો કરતાં આ કથા સાથે મિશ્રિત થએલું પુસ્તક વાંચકોના મનપર વિશેષ અસર કરી શકે છે. હાલમાં લોકોને બીજાં પુસ્તકો કરતાં નવલકથા વાંચવાનો વિશેષ શોખ છે. લોકોની આ વૃત્તિ સંતોષવાને આવી માળા પ્રકટ કરી તેમાં આવાં બોધક પુસ્તકોજ પ્રકટ કરવા માટે તેના પ્રકાશક રા. કાળાભાઇની ખંત, આમહ માટે તેમને અવશ્ય ધન્યવાદ ઘટે છે. વળી આ માળાનું લવાજમ પણ વાર્ષિક રૂ. ૨–૦–૦ કાયું પૂરું તથા રૂ. ૩–૦–૦ પાકું પૂરું તદ્દન સસ્તું જોવું છે. અમો ઇચ્છીએ છીએ કે આ માળા હજી પણ વધારે લોકોને અતિ પ્રિય થાઓ.

શાંત અને સાદું જીવનઃ—લેખક રા. રા. ભગવાનદાસ ભુખણદાસ પટેલ, ગુજર કવીપુરું, સુરત. સુપરીટેન્ડન્ટ સાધક ગ્લેઝડ કાગળ. પૃષ્ટ સંખ્યા ૧૨૮ કિંમત ૦–૪–૦

આ નાનાં પુસ્તકમાં સાદાં જીવનની મહત્તા દર્શાવી છે. શાંતિ હમેશાં સાદા જીવનમાંજ છે. તે માટે આ પુસ્તકમાં ઘણી સારી રીતે વિવેચન થયું છે. એક જ– ગ્યાએ લેખકે પ્રાચીન ઉદાહરણો સાથે સરસ વિવેચન કરેલું છે કે પહેલાં જ્યારે કોઇ વધારે પૈસાદાર થાય તો તેને ત્યાંના બેઠાં ઘાસણ વગેરે રૂપાના કે સોનાનાં રાખતાં, પરંતુ તેમની ઘરની સ્ત્રીઓ હંમેશા ગૃહકાર્યમાં તો પ્રવૃત્ત રહેતીજ. જ્યારે હાલમાં પૈસાદારની સ્ત્રીઓ ગૃહકામ કરવામાં નાનમ સમજે છે. લેખકે પ્રાચીન કાવ્યોમાંથી એવા ઉતારા કર્યા છે કે જો નગરશેઠ હોય તો તેની વહુ તથા છોકરીઓ સોનાનાં બેડાં લઇ પાણી ભરવા જતી. આ જોઇ અમને પણ અગિયપ આનંદ થયો. આ નાનું પણ અતિ ઉપયોગી પુસ્તક દરેક વાંચવા જેવું છે, એવો અમારો અભિપ્રાય છે.

અમોને નીચેનાં પુસ્તકો અભિપ્રાયાર્થે મળ્યાં છે, જે સાભાર સ્વીકારીએ છીએ.

૧ બલમ જંગ બહાદુર.	રા. ઝાલમચંદ્ર વિ. વિદ્યારામે પંડિત.
૨ ત્રણ ભાષાનો ભોમિયો.	મીમાન કરીમભાઇ રહીમ નાનજીઆણી. બી.એ.
૩ ગુલસાના	રા. મગનલાલ વાદવજી દવે.

૪ નર્મદાશંકરની સાહિત્ય સેવા. રા. છોટાલાલ કલ્યાણદાસ પટેલ.
૫ વિદ્યાસાગર અને રવિદેવ (સંવાદ) રા. ચંદુલાલ નથ્થુલાલ દેશાઈ.
૬ મોટાં મીયાં સાહેબના પડછા.
૭ સુધાવ સુવર્ણ મહોત્સવનો હેવાલ રા. કીશાભાઇ લલ્લુભાઇ પટેલ.
૮ આર્યસમાજી પંડિતોનું પોકળ. B. N. Varteji.
૯ અનુકમણિ રામાયણ. રા. મણિભાઇ ખંડુભાઇ દેશાઇ.
૧૦ સવિતા યાને ભૂલનો ભોગ,
સરસું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી.
૧૧ થીએોડોર પાર્કર. સ્વ. નારાયણ હેમચંદ્ર.
૧૨ ટૂંકી વાર્તાઓ. ભા. ૩ રા. કલ્યાણજી વિઠ્ઠલભાઇ મહેતા.
૧૩ મહાન્ શીખ ગુરૂઓ. રા. કલ્યાણજી વિ. મહેતા અને ચુનીલાલ શેલત
૧૪ સ્વામી રામતીર્થ ભા. ૮-૯. શ્રીયુત સ્નેહ જ્યોતિ.
જીવદયા જ્ઞાન પ્રસારક મંડળ તરફથી.
૧૫ વનસ્પતિ ખોરાકનું મહત્ત્વ. રા. છગનલાલ વિ. પરમાનંદદાસ નાણાવટી.
૧૬ ભણતું મહત્ત્વદર્શક ચિત્ર.
૧૭ ભાગ્યોદયનો દિવાળીનો અંક .૧૮ દિગંબર જૈનનો મહાવીર અંક.

તંત્રી.

અશકતાશ્રમની પહોંચ.

લેડી વિલિંગ્ડન અશકતાશ્રમ—રામપુરા—સુરત.

મહેરબાન " સત્સંગ " પત્રના અધિપતિ સાહેબ

નમ્રતાપૂર્વક સલામ સાથે વિનતિ જે સદરહુ આશ્રમમાં નીચે મુજબની મદદ દેશદાઝવત વીરપુરૂષોએ મોકલવા કૃપા કરી, તે બદલ સેક્રેટરી સા. ની. જે. એટલબેહરામ ઘણો માન તથા આભારસહ સ્વીકારે છે. રૂપીયા એકની અંદરની પહોંચ સ્થાનાભાવથી લીધી નથી, પરંતુ તેમનો આભાર પણ ઓછો નથી. નવેમ્બર ૧૯૧૫માં મળેલી મદદની યાદી.

૨૫-૦-૦ શ્રીમંત સરકાર મહેરબાનવાંસદાના રાજા સાહેબ તરફથી મદદ દાખલ
૫-૦-૦ મહેરબાન એમ. એસ. અંડવાણી સાહેબ ડીરેક્ટર જગજ સાહેબ માસીક મદદ
૧-૦-૦ નાનપરાના બંધીના પંચ તરફથી
૧-૦-૦ કેખસરૂ નસરવાનજી સાહેર
૨-૦-૦ શાં. છબીલદાસ ગુલાબચંદ હરીપરા
૧-૦-૦ બાઇ લક્ષ્મીતા રંગીલદાસ જમના દાસ માણેકપીઠ

૨-૦-૦ શેઠ ડાહ્યાભાઇ સુરજમલ ઠાકી
૧-૦-૦ શેઠ ઇશ્વરલાલ ધીરજલાલ ગોપી-પરા ઠાપરય મહોલ્લો
૨-૫-૦ ખુશાલ નેમચંદ અશક્ત મરતી વખતે અર્પણ કરી ગયા તે
૧-૪-૦ જમનાદાસ ગુલાબદાસની કંપની ખાંડણખાર
૧-૪-૦ હરદેવલાલ ઇશ્વરલાલ ગવરીયંકર ઘાટ હરીપરા ભવાનીનો વડ
૧-૦-૦ ધોબી નાથુ મોરાર હરીપરા ધોબી શેરી
૧૦-૦-૦ ખુશાલચંદ મહેરબાન સચીનના નવાબ સાહેબ માસીક મદદ
૧૦-૦-૦ શેઠ ચુનીલાલ પરમોતમદાસ હરી-પરા ભવાનીના વડવાળા મારફતે શેઠ નાથુભાઇ પરમુદાસના પુન્યાર્થે
૧-૦-૦ રા. રા. હરરાય ગોપાલરાય દેશાઇ પતસાથા પ્રાંત નવસારી
૧-૦-૦ બરાનપુરી ભાગોળના સુખડીઆના પંચ તરફથી ઠાકોરદાસ સુંદરલાલ
૧૦-૮-૦ શા. હરીભાઇ ગંગારામ હવાડીઆ ચકલાવાળાએ રોટલી શાકના જમણ સારૂ
૨-૦-૦ મુલચંદ હકીમચંદ કોટસરીલ
૨-૦-૦ કેશવલાલ ઝવેરભાઇ વાર્ષિક મદદ વ્યારા
૨-૦-૦ મે. વહીવટદાર સાહેબ ભોગીલાલ છગનલાલ ,,
૧-૦-૦ દેશાઇ ઇશ્વરજી મકનજી ,,
૧-૦-૦ વહીવટદાર સાહેબનાં ચોટનીસ ગણપતરામ ,,
૧-૦-૦ શા. કેમાભાઇ મંછુભાઇ ,,
૧-૦-૦ શેઠ હાજી હસન રજબ ,,
૨-૦-૦ એક સદગૃહસ્થ હા. કેશવલાલ ,,
૧-૦-૦ શા. ચુનીલાલ પીતાંબર ,,
૧-૦-૦ દેશાઇ દુલભભાઇ નાગરજી ,,
૧-૦-૦ ડો. પ્રભાશંકર નરોતમ ,,
૧-૦-૦ શ્રીમાળીના પંચમાંથી હા. વલ્લભદ વેણીચંદ ,,
૧૨-૧૨-૦ ગામ બારા તરફથી રૂ. એકની અંદરની પરચુરણ રકમની મદદ
૨-૦-૦ શેઠ સોમચંદ ભગવાનદાસ પાન-કોરને નાકે અમદાવાદ
૧-૦-૦ વખતસીંગજી ખુશાલસીંગજી ઠાકોર
૧-૦-૦ ચંદાસીંગજી ભાણસીંગજી
૧-૦-૦ કુબેર જીવુ વાંસદા
૧-૦-૦ શેઠ ધોબાભાઇ માણેકલાલ અમ-નીકુમારના ગલ્લામાં ભાલાજીરાઃ
૨-૦-૦ નગીનદાસ નારણદાસ સંઘાડીઆ વાડ એજન
૧-૦-૦ બાઇ રામકોર ગીરધર હતેચંદની ધણીઆણી મોટીશેરી ગલ્લામાં
૧-૦-૦ શા. ડાહ્યાભાઇ હુલાચંદ પંડોળની ચોળ

૧૦૦-૦-૦ અમદાવાદના સારંગપોર મીલના શેર એકના માસ છના ડીવીડન્ડના
૧-૦-૦ શેઠ માણેકલાલ મથુરાદાસ નાણાવટ
૨-૦-૦ નગીનદાસ નારણજીની છોકરી બાઇ ધનકોરે પોતાના પિતાના પુન્યાર્થે
૧-૦-૦ જૈન શ્વેતાંબર કોનફરન્સના ઉપદેશક અમરતલાલ વાડીલાલ અમદાવાદ
૨-૦-૦ શેઠ જીવણદાસ મોતીદાસ ચોરેમા મંગળદાસ રટીટ મુંબઇ
૫-૦-૦ બોદાનવા પરમુ જીવા કંટ્રાકટર ન્યુ હાઇકોર્ટ અલ્લાબાદ ગરીબોની બોરાકી માટે
૫-૦-૦ શા. નગીનદાસ દામોદરદાસ કેળાપીઠ માતુશ્રીના પુન્યાર્થે

૧૦૧૦-૦ સભના પુખાજી-રાણીતળાવ
૧-૦-૦ બેન રીવ ગંગા મોતીરામ ખાંડવાળા-ખાસીક મદદ
૫-૦-૦ શેઠ રામદાસ ત્રીભોવનદાસ મુંબઈ
૨-૦-૦ શેઠ વરજીવનદાસ નારણદાસ ,,
૧-૦-૦ શેઠ નાનાભાઈ વીજભુખણદાસ નાણાવટ હરમાન પોળ
૨-૦-૦ મણી બેન તે ગણપતરામ અંબારામની છોકરી-હરીપરા
૩-૦-૦ બાઇ ચંદા તે શા. ગુલાબદાસ મોતીલાલની વિધવા-સૈયદપરા બોરડી શેરી
૧-૦-૦ શા. મંછારામ માણેકચંદ-સમરામપરા
૧-૮-૦ રતનલાલ નરભેરામે ખાંડના લાડુ તથા ગવન અને ચોળી સાથે પરચુરણ ખર્ચના આપ્યા
૧-૦-૦ બાઇ રૂખી તે ઠાકોરદાસ પેથાભાઇના ધણીબાણી સૈયદપુરા અશ્વનીકુમારના ગલ્લામાં.
૧-૦-૦ રા. રા. વીરસુખરામ જેવચરામ હોરા-ગોપીપરા
૫-૦-૦ શેઠ અરદેશર પેસતનજી તાડીવાળાના ધણીબાણી તે મરહુમ પાલણજી ફરામજી કુમસીબાની છોકરી બાઇ નાનીના પુન્યાર્થે
૨૫-૦-૦ મે. ઓનરેબલ. એચ. એ. શાહ જસ્ટીસ ઓફ ધી [illegible] મુંબઇ હાયકોર્ટ
૩૦-૦-૦ રા. રા. વીરસુખરામ જેવચરામ હોરા હસ્તકના ચકલા ગાદલાં નંગ ૧૫ ભરાવવા સારૂ તથા ગંજી ફરાક નંગ ૧૫ સાથે
૨૫-૦-૦ દેશાઇ ધીરજલાલ પ્રમોદરાય ભરૂચ હા. શ્રીપતરાય હકુમતરાયે વાડીફળીઆ શીતળમાતાની શેરી.
૨૫-૦-૦ પુજ્ય પવિત્ર શ્રી વલ્લભ વિજયજીએ સુરતમાં દીક્ષા આપી તેની યાદગીરીમાં હા. શેઠ તલકચંદ કલ્યાણચંદ ખરાદી શેરી.
૧-૦-૦ ઠાકોરદાસ અમાબદાસ ધરમપોર
૧-૦-૦ શા. ખુશાલદાસ ધરમપોર તાલુકે ઓરપાડ
૧-૦-૦ મુંબઇના એક ચાહેવાળા ગૃહસ્થે હા. નાથુભાઇ ભીમભાઇએ દીએલુ
૧-૦-૦ શેઠ વેણીલાલ ગોરધનદાસ બેન મપરા અશ્વની કુમારના ગલ્લામાં
૧-૦-૦ શા. હેમચંદ રાએચંદ ગોપીપરા અશ્વની કુમારના ગલ્લામાં
૧-૦-૦ શેઠ ચંદુલાલ નગીનદાસ ખંભાતના માજી જડજ ગલ્લામાં
૨-૦-૬ શેઠ નાથુભાઇ નરોતમદાસ ભાવજીભાઇ દુધપાક પુરીના જમણ સાથે પરચુરણ ખર્ચના ગણેશમંદીર મોટી શેરી
૧-૪-૦ કતારગામના સીધપોરીઆ ધાંચી ના પંચ તરફથી ટા. કેવળદાસ જગજીવનદાસ કતારગામ
૨-૦-૦ શા. છબીલદાસ ગુલાબચંદ હરીપુરા
૨-૮-૦ ક્રીમ સ્ટેશના દુકાનદારો તરફથી ગાંધી આતમારામ દયારામ
૧-૦-૦ શેઠ મનજી નથુભાઇ ક્રીમસ્ટ્રેમ
૧-૦-૦ ,, કેશરશાહ હીરાજશાહ દારૂની દુકાનવાળા
૨-૦-૦ ,, દોરાબશાહ એદલજી કંટાકર એલાવ
૭૦-૮-૯ મરહુમ શેઠ નરોતમદાસ કાસીદાસના એકયુકયુટરો શેઠ અમરતલાલ બાલગોવિંદદાસ તથા બુની

	હાલ ડી. ગાંધીએ મરહુમના નીમીતે શ્રી રામચંદ્રજીના જન્મ દિવસ વિગેરેના ઉત્સવ પ્રસંગે વાપરવા મોકલ્યા તે
૦-૦-૦	કૃષ્ણલાલ બી. દેશાઇ આમોદ
૧-૦-૦	પા. ઉમરજી અબરામ આદમ ટંકારીઆ
૨-૦-૦	હીરાભાઇ બેચરભાઇ દાંદા તા. આમોદ
૧-૦-૦	માધવરામ જગજીવન ટંકારીઆ તા. આમોદ
૧-૦-૦	પા. ત્રીભોવન વેણીભાઇ આમોદ
૧-૦-૦	પા. નાગજી દુલા રનાડા તા. આમોદ
૧-૦-૦	પા. મુળજીભાઇ ઝવેરભાઇ કેશવ તા. આમોદ
૧-૦-૦	સવાઇચંદ મુનીલાલ કેરવાડા.
૧-૦-૦	જે. એન. ત્રીવેદી આમોદ
૧-૦-૦	લલ્લુભાઇ લક્ષ્મીરામ ,,
૨-૦-૦	બા. પરતાપબા બાપુસાહેબ હતેહ સંજીની વિધવા ઠકરાણી આમોદ
૧-૦-૦	બીતા કરમન તરફથી વીરલ મેરજી ગોઠકા તા. આમોદ
૧-૦-૦	ટોલતરામ દલસુખરામ આમોદ બજાર
૧-૦-૦	પા. હીરાભાઇ નાગજી કરમણ તા. આમોદ
૨-૦-૦	રા. શા. ચીંતામણ દાજી જુમલે આમલતદાર સાહેબ માવલ
૧-૦-૦	શેઠ માધવ શંકર વાણી ,,
૧-૦-૦	,, વામનરાવ બાપુરાવ ,,
૧-૦-૦	,, શ્રીધર આનાજી દેશપાંડે ,,
	,, ગંગાધર નારાયણજી છનીંગ પ્રેસ કંપની ,,
૧-૦-૦	શેઠ સોરાબજી હોરમસજી રહિરીઆ દારૂવાળા ,,
૧-૦-૦	શેખ હીસામુદીન સેખ ઇબ્રાહીમ દારના દુકાનદાર સાંકળી તા. ,,
૧-૦-૦	રા વકીલ બાલકૃષ્ણ વિશ્વનાથ મહાજની વકીલ ,,
૪-૦-૦	શેઠ ગોકળદાસ ડોસાભાઇની કંપની જીનીંગ ફેકટરી ,,
૧-૦-૦	,, હોરમસજી બહેરામજી ઇંજનેર ,,
૧-૦-૦	શેઠ નારાયણ માર્તંડ દેશપાંડે ,,
૧-૦-૦	રા. વકીલ પુરૂષોતમ ગણેશ બેનડે ,,
૧-૦-૦	રા રામચંદ્ર યસવંત મંડપે ,,
૪-૦-૦	શેઠ પાંડુરંગ ટાંકુ ,,
૧-૦-૦	રા. નારાયણ આબાજી કુલકરણી ,,
૧-૦-૦	રા. વકીલ વિનાયક હરી મંડપે ,,
૧-૦-૦	શેઠ વિષ્ણુદાસ કાસીદાસ વાણી ,,
૧-૦-૦	શેઠ અંબાદાસ હીરા ,,
૧-૦-૦	રા વકીલ લક્ષ્મણ વિષ્ણુ કોટીભાસ્કર
૧-૦-૦	દામોદર શ્રીકૃષ્ણ જમખેડકર
૧-૦-૦	કાજી શેરૂદીન ,,
૧-૦-૦	વકીલ વિનાયક યશવંત પ્રધાન ,,
૧-૦-૦	સોનાજી રામલાલ ,,
૧-૦-૦	નાનાજી ગોપાલ નાયક ,,
૧-૦-૦	પંઢરીનાથ ગંભીરરાવ દેશમુખ ,,
૨-૦-૦	બહેરખાન સેકન્ડ કલાસ સબજજ સાહેબ ગોપીનાથ મહીપત ખારકર ,,
૧-૦-૦	રા. શ્રી દામોદર ગોપાળ શુકે ,,
૧-૦-૦	શેઠ [illegible]ખચંદ નથુ ,,
૧૦-૦-૦	બહેરખાન જી. આર. ગંભીરરાવ દેશમુખ ,,
૩-૦-૦	પા તોતારામ ધનજીરામ ,,
૧-૦-૦	પા નારાયણ બાપુજી ,,
૨-૦-૦	શેઠ વિઠ્ઠલ ભવાની ,,

૧–૦–૦ લક્ષ્મણ નારાયણ મહાજન ,,
૧–૦–૦ શેઠ ગની મહમદ ,,
૨–૦–૦ શેઠ હાજીમમદ બેગમમદ કચ્છી
૫–૦–૦ સ્વામી જગતગુરૂ શંકરાચાર્ય સ્વસ્થાનમઠ સંકેશ્વર વકીલ
૨–૦–૦ સદાશીવ શ્રીકૃષ્ણ દેરે સાઉદા
૧–૦–૦ રામચંદ્ર કેશવ દફ્તરદાર સબ રજીસ્ટાર ,,
૧–૦–૦ જગન્નાથ બાલાજી ગજરે ,,
૧–૦–૦ રંગુ દુકકુ પાટીલ ,,
૨–૦–૦ ભીખુ દુર્ગા પટેલ ,,
૨–૦–૦ પા. મીઠારામ રંગુ ,,
૧–૦–૦ વિષ્ણુ હરિ પાટીલ ,,
૧–૦–૦ જમશેદજી નસરવાનજી ,,
૧–૦–૦ ખંડુ મોતીરામ પાટીલ ,,
૩–૦–૦ મણીરામ મોતીરામ બરાનપુર
૧–૦–૦ બાબુશાહ નથુશાહ ,,
૨–૦–૦ શેઠ ભગવાનદાસ પ્રેમચંદ જરીવાળા ,,
૧–૦–૦ શેઠ હાજીકરીમ નુરમહમદ કચ્છી ,,
૧–૦–૦ જમુશા વિઠલદાસ ,,
૧–૦–૦ શેઠ સામલાલ હીરાચંદ ,,
૧–૦–૦ પીતાંબરદાસ નારણદાસ ,,
૨–૦–૦ ઝવેરચંદ ઉત્તમચંદ ,,
૧–૦–૦ શેઠ હરકીશનદાસ કનૈયાલાલ દીતવારપેઠ ,,
૧–૦–૦ શેઠ કરસરામ ગોવિંદદાસ ,,
૧–૦–૦ ,, વેલચંદ ગોવિંદદાસ ,,
૩–૦–૦ ,, કાસનદાસ ઠાકોરદાસ ,,
૧–૦–૦ ,, ઓતરમલ કુંવરદાસ ,,
૧–૦–૦ ,, કાસનદાસ મોતીરામ ,,
૧–૦–૦ ,, ભગવાનદાસ શીરામણદાસ ,,
૧–૦–૦ ભાવસાર લાલચંદ માણેકચંદ ,,
૧–૦–૦ બાઉ મયારામ ,,

૧–૪–૦ ભાવસાર શેઠ કુંવરજી ,,
૧–૦–૦ કરસરામ ચુનીલાલ હલવાઇ બરાર
૧–૦–૦ દેવચંદ તેમીદાસ બગરવાળા
૧–૦–૦ મુંબઇવાળા શેઠ રંગીલદાસ હરલાલજી ,,
૧–૪–૦ ભાવસાર શંકરલાલ ભવાનીદાસ ,,
૧–૦–૦ શાલી શોભારામ ગોવીંદરામ ,,
૧–૦–૦ શેઠ કરસરામ શ્રીધરચંદ બરાનપુર
૧–૮–૦ ત્રીકમદાસ હેમચંદ તારકસ ,,
૧–૦–૦ શેઠ ગોરધનદાસ રામદાસ ,,
૩–૦–૦ ,, કેવળદાસ વલ્લભદાસ શાહી લાલા. ,,
૨–૦–૦ ,, રામપાળ જયપાળ દીલ્હી વાલા ,,
૨–૦–૦ ,, બસુકઅલ્લી શેખ બાકરઅલ્લી કોઠાવાલા ,,
૨–૦–૦ ,, છબીલદાસ ગોકળદાસ હા. નથુભાઇ છબીલદાસ ,,
૪–૦–૦ નાયક ગણપતસંગ ચુનાલાય ,,
૧–૦–૦ મોહરખાન સેકન્ડ કલાસ સબ જજજ સાહેબ નારાયણ નાનાજી ,,
૧–૦–૦ દેવચંદ લાલચંદ સોનાર ,,
૨–૦–૦ મે. રા. અમાનતઅલ્લી કમીણુલા વકીલ ,,
૧–૦–૦ માસ્તર તાહેરઅલ્લી મુલ્લા અબદુલહુશેન ,,
૧–૦–૦ વહોરા. મદ્રેસા સ્કુલ હેડ માસ્તર હસનઅલ્લી હાઇસ્કુલ ,,
૧–૦–૦ રા. રા. વૈદ્ય વિષ્ણુરામ કૃષ્ણારામ બુધવાર પેઠ ,,
૩–૦–૦ શેઠ લક્ષ્મીદાસ ત્રીકમદાસ. સહા જુન્નર ,,
૨–૦–૦ ,, રામદાસ રઘુનાથદાસ મુળટી ,,
૧–૮–૦ ઉકાવાલા શેઠ. નવલસંગ ધરમસંગ મોરવાડી. ,,

૧–૦–૦ શેઠ. નારાયણ ગનોબા સોનાર. મહાજન પેંઠ ,,
૧–૦–૦ ,, બંકુ નેમીદાસ સોનાર ,,
૧–૦–૦ ,, કીશનદાસ મનોરદાસ ,, ,,
૧–૦–૦ ,, ગણેશ કીસનાજી ચોકળજાર ,,
૩–૦–૦ ,, રામકીસન જમનાદાસ મારવાડી. મહાજન પેંઠ ,,
૩–૦–૦ ,, દેવીદાસ દેવલાલ અગરવાલા, શાહુકાર. ,,
૫–૦–૦ ,, કસ્તુરચંદ રૂખનાયદાસ મહાજન પેંઠ ,,
૨–૮–૦ ,, નાનચંદ ઠાકોરદાસ ,, ,,
૧–૦–૦ ,, મુકુંદરાવ કેશવરાવ માલગુજાર
૧–૦–૦ ઉત્તમચંદ હીરાચંદ ,,
૧–૮–૦ ,, કનઈયાલાલ પીઠલદાસ અગરવાલા મહાજન પેંઠ ,,
૨–૦–૦ ,, દોલતરામ ભગવંતરામ. સીન્દીપુરા. ,,
–૦–૦ મહેરબાન નવાબ સાહેબ મીર કુદરત અલીખાં ઓ. મેજીસ્ટ્રેટ સીધીપુરા બરાનપુર ,,
–૪–૦ રા. સા. મુનસેફ સાહેબ વાસુદેવ ગંગાધર સનવાર પેંઠ ,,
૩–૦–૦ શેઠ અબદુલ રામદ કંટ્રાકટર સનવારપેંઠ ,,
૧–૦–૦ પંડીત કૃષ્ણપ્રસાદ મિશ્ર વકીલ મુછટી ,,
૧–૦–૦ રા. રા. રામચંદ્ર રૂખનાથ ટીપ તીસ સબબજજ સાહેબ નવાપરા
૧–૪–૦ મુન્શી અલ્લાબક્ષ કાલીમાવલા ચોકળજાર ,,
૫–૦–૦ પ્રાઈવેટ સેક્રેટરી-યસવંત હવાલ મારફતે રાણી સાહેબ ઓફ સાવંત વાડી મ્યુનીસીપાલ ઓફીસ સામા,,
૧–૦–૦ શેઠ. ગોકળદાસ છગનલાલ તારકસ સીધીપુરા. ,,
૧–૦–૦ મે. જી. આર. ગંભીરરાવ દેશમુખ સાહેબ મહાજનપેંઠ ,,
૧–૦–૦ મે. રા–રા. બાબુ ગંગારામ સખારામ રીટાયર્ડ જજાત સુપ્રીન્ટેન્ડન્ટ વાર્ષિક. બરાનપુર
૧–૦–૦ શેઠ. નરશ્રદાસ સુંદરલાલ તારકસ સીલીમપુરા. ,,
૧–૦–૦ ,, રામદાસ ગીરધરલાલ ,, ,,
૧–૦–૦ કનઈયાલાલ પુખરચંદ મલારવાલા શાહ બજાર ,,
૧–૦–૦ શેઠ બુલાખીદાસ હરલાલજી તારકસ સીલીમપુરા. ,,
૧–૦–૦ ,, કેવળરામ મંગળદાસ જડીઆ વાડ.
૨–૪–૦ ચુનીલાલ મોમનલાલ. ગામ રાજપરા ,,
૨–૦–૦ ,, રૂપચંદ નાનાભાઈ. ગોમ જનાબાદ. ,,
૨–૦–૦ મે. રા. દેશમુખ યશવંતરાવ કૃષ્ણરાવ. ,, ,,
૧–૦–૦ મે. મીર્યા સાહેબ તૈયબ અલ્લી મીર્યા. ,,
૧–૦–૦ મે. આ. સજ્જન. W. V. નાઈક. સનવાર પેંઠ ,,
૧–૦–૦ મ્યુનીસીપાલ સેક્રેટરી સૈયદ બસારતઅલ્લી. ,,
૩–૦–૦ શેઠ. કીસનરાસ ઠાકોરલાલ જીનીંગ ફેકટરી સીલીમપુરા. ,,
૧–૦–૦ વિષ્ણુપ્રસાદ મોહનલાલ શરાફ. ગામ રાજપરા ,,
૧–૦–૦ રા. બી. ગોકુલ પ્રસાદ તેહસીલદાર
૧–૦–૦ રા.રા. વકીલ બાલકૃષ્ણ કાસમેકર. મહાજન પેંઠ ,,
૭–૧૨–૦ ઝાં. બજારના દાગીનામાંથી.
૧–૮–૦ શેઠ. રૂખનાથદાસ મેવકલાલ તારકસ. ગામ રાજપરા બરાનપુર

૨–૦–૦ શેઠ. ત્રીકમદાસ કાસીદાસ સરાફ રાજપુરા. ,,
૭–૦–૦ અમદાવાદ સાકર બજારના મહાજન તરફથી હા. જીવણલાલ.
૧–૦–૦ શેઠ. માણેકલાલ વસ્તારામ. અમદાવાદ શાહપુર
૧–૦–૦ ,, અંબાલાલ ભુલાખીદાસ ,,
૨–૦–૦ વહોરા. ભીખાભાઇ વાલભજી શેષણપોર પાંજરાપોળ
૧૫–૦–૦ અમદાવાદ:શાહપુર જૈન શ્વેતાંબર સંઘ તરફથી ડાહ્યાભાઇ દોલતરામ મંગળ પારેખનો ખાંચો અમદાવાદ
૧૮૮·૧૪·૪ રૂપીઆ એકની અંદરની રકમનું એકંદર
૪·૧૨·૦ શ્રી રામચંદ્રજીના ગલ્લામાંના

૮૬૩–૬–૭ (કુલે આઠસો ત્રાણું ૭ આના સાત પાઇ)

બીજી મદદ.

માણેકલાલ સુરજરામ ખડેપાંડે–બાલાજીનો ચકલો–સુરત. ગોળની લાપસી સાથે દાળ ભાતનું જમણ

મોદી છગનલાલ પરસોતમદાસ પોતાની ધણીઆણીના પુન્યાર્થે ૪૬૨૫રા ગધેવન દુધ મણ ૧॥ આપ્યો

ભાટીઆ કાળીદાસ અંબારામ રૂવાળાનો ટકરો દુધ મણ ૧૧ સવામણ

હા. રતનલાલ ચુનીલાલ વાડીકુણીઆ રીખવમાતાની શેરી લાડુ નંગ. ૪૦ ચાલીસ

શ્રી ડભોઇના સંઘ તરફથી–શેઠ. દલસુખ કર્મચંદના તરફથી મેવા લાડુનીતું જમણ આપ્યું.

સરૈયા. હાજારદાસ ધનજીભાઇ સુરાનપુરી ભાગસ. પોતાની સ્વર્ગવાસી બાઇ જેકોરની સમ ચરીના પુન્યાર્થે દુધપાક પુરીનું જમણ,

હરીપરાના શ્રાવકનો સંઘ તરફથી દુધ પુરીનું જમણ.

જેઠા કાળીદાસ સૈયદપરા - ગોળ ૧૭ લાડુ ગોળના નંગ. ૫૦ પચાસ.

શેઠ.પ્રેમચંદ નાનચંદ ખીદમતીયાર બરફી શેર. ૨૫ પચીસ.

જેકોરબેન મોતીરામ ધાંચી કેળાપીઠ દુધ મણ. ૨ બે તથા ખાંડ શેર ત્રણ આના આઠની

રા. રા. શેઠ. ગંભુભાઇ ભરતીઆ નાણા વટ પરોલની પોળ દુધ મણ. ૧૧ સવા

શા. ધેલાભાઇ હરકીસનદાસ દેસાઇપોસા ભુલા મોઢીની પોળ બરફીશેર. ૩ ત્રણ તથા ખડું શેર.૧૫ પંદર,

શેઠ. ત્રીભોવનદાસ નરોતમદાસ માંકણી તરફથી પોતાની માતુશ્રીના સંવત્સરીના નીમીત્તે "દુધપાક પુરીનું જમણ તથા ગંજીફરાક નંગ. ૫૫. પંચાવન. ગરમ.

ચીમનલાલ ધેલાભાઇ. ભવાનીનો વા. પહેરણ નંગ. ૩ ત્રણ મલમલના

શા. છગનલાલ ઉમેદચંદ. પારડી. કપાં નંગ. ૩૨ બત્રીસ વાપરેલાં

શા. વલભજી મોતીજી ગણદેવી.

તપેલું નંગ. ૧ એક
કથરોટ નંગ. ૧ ,,
કમણ્ડલ નંગ. ૨ બે
વાડકા નંગ ૧ એક

૫ પાંચ.

કાસીદાસ ત્રીભોવનદાસ ઝઝવાલા. બેગમપરા ચોખા મણ. ૫. ૧૬ પાંચ મણ સોળ શેર

શેઠ. ભીખાભાઇ નારણદાસ બેગમપરા ચોખાના વાટલા મણ ૨. બે તથા જુવાર મણ ૧. એક

રા. બા. હરગોવીંદદાસ કાંટાવાળાનો અભિપ્રાય—

"શ્રીબોધ—એ માસિક એટલું ઉપયોગી ને લોકપ્રિય છે કે તેનાં દિંદુ ગ્રાહક ઘણા છે. એની જોડમાં મૂકી શકાય એવું એક પણ માસિક ગુજરાતીઓને હાથ નિકળતું નથી."

'સાહિત્ય' માસિકનો અભિપ્રાય—

"શ્રીબોધનો ઓગસ્ટનો અંક ઘણો સુંદર છે...ચાલુ વાતો 'ગુમાસ્તાની મતી' તથા 'સ્નેહ કે મોહ' એ ઉંચી પ્રતિની નવલકથાઓ છે."

શ્રીબોધનું વાર્ષિક લવાજમ રૂા. ૧॥.

શ્રીબોધમાં આવી ઉપરથી રસિક વાર્તાઓ. પ્રસિદ્ધ લેખક રા. યોગીન્દ્રરાવ દીવેટીયા કૃત

ચમેલી—(આજ પુસ્તકમાં બીજી ૩૫ વાર્તા અને ૮૨ ચિત્રો પણ છે) રૂ. ૧॥, ટપાલ ખર્ચ ચાર આના.

તરલા—બીજી ૩૭ વાર્તા અને ૧૧૧ ચિત્રો સહિત રૂા. ૨ (ટપાલ ખર્ચ ચાર આના.)

સ્નેહ કે મોહ (શ્રીબોધમાં ચાલુ છે) જુનથી અંક મંગાવો. બાંધ આના (ટપાલ મફત).

લખો—શ્રીબોધ આફીસ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ (૨)

શ્રીમંતોના ઘરનો સુપ્રીન્ટેન્ડન્ટ કોણ?

મેસર્સ ટી. અમીચંદની કું૦ ની

ફાયરપ્રુફ તીજોરીઓ.

જો તમારા ધનમાલનું રક્ષણ કરવું હોય, ચોરોની અને ભયંકર આગની ધારતીથી બચવું હોય, તેમજ દગાફટકાથી દૂર રહેવું હોય તો જરૂર હમારા જુના અને અનુભવી કારીગરોના હાથની બનાવેલી એકાદ તીજોરી વાપરવાની હમો ખાસ ભલામણ કરીએ છીએ. હમારે ત્યાં બીજા પણ ઘણી જાતના કામો બને છે. જેવાં કે નવી નવી ફેશનના જમાનાને અનુસરતા મન પ્રસંન તીજોરીના, કેશબોક્ષના, કબાના ત્યા તાળાંઓના ડીઝાઇનો એવાં તો સુંદર અને મજબુત બને છે કે માત્ર એક વખત જોવાથીજ ખાત્રી થઈ શકે છે. પ્લેગમાં લડાઇને લીધે લોખંડના ભાવો ઘણાજ વધી ગયા છે. છતાં હમોએ હમારા માલના ભાવો બીલકુલ વધાર્યા નથી માટે આવી તક ન ગુમાવતાં એકાદ તીજોરી ખરીદી લેવાની હમો ખાસ ભલામણ કરીએ છીએ. હમારી તીજોરી ફાયરપ્રુફ નથી એવું સાબીત કરનારને રૂા. ૧૦૦૦)નું ઇનામ આપવામાં આવેછે.

મેસર્સ ટી. અમીચંદ એન્ડ કું૦

કણપીઠ. બજાર—સુરત.

૨૦૦૦૦ હજાર રૂપિયા ઇનામ !!

તા. ૩૦મી એપ્રીલ ૧૯૧૬ સુધી ગ્રાહકોમાં વહેંચવામાં આવશે. અને તે ઇનામ દરેકને મળી શકશે. કોઇપણ ગ્રાહક આ ઇનામ મેળવ્યા વિગર રહેશે નહીં. ગ્રાહકો પણ ઇનામ વહેંચી આપનાર કમીટીના મેમ્બર થઇ શકશે. પહેલું ઇનામ રૂ. ૪૦૦૦ રોકડા-બીજું ઇનામ રૂ. ૨૦૦૦ રોકડા. આ પ્રમાણે કમવાર ઇનામ જેઓ નીચેની દવાઓમાંથી એક પણ દવા ખરીદી અમારા ગ્રાહક થશે, તેઓમાં વહેંચવામાં આવશે.

આરોગ્ય જીવનઃ—ચોટી સુધારી વધારે છે, દસ્ત સાફ લાવી જીર્ણ જ્વરાદિ તાવ મટાડી તંદુરસ્તી બક્ષે છે કી. રૂ. ૧)

સો-ડા પીલ્સઃ—ગમે તે કારણે આવેલી નીર્બળતાને દૂર કરી અગ્નિ પ્રદીપ્ત કરે છે. ઉધરસ, ક્ષય, શ્વાસ, હોજરીનો બગાડ, ઝાડાની કબજીઆત વગેરે મટાડી અપૂર્વ શક્તિ આપે છે. કી. રૂ ૨).

દંતામૃતઃ—મોમાં ચાંદી, અવાળું, દાંતમાં કળતર, લોહી નીકળવું, દાંતના પેઢાનું પુલવું, મોઢાની ચીકાશ, મોની દુર્ગંધ વગેરે મટાડે છે. કી. રૂ. ૧).

અંજનામૃતઃ—આંખના દર્દ પર ઉત્તમ છે. ચશ્માની જરૂર મટે છે. કી. રૂ. ૧).

અગ્નિ પ્રદીપ્તી—અજીર્ણ, વાયુ, પેટનું ચઢવું ને ગરગડાટ, મોઢામાં મેળ આવવો, હેડકીમાંથી પાણી ગળવું વગેરે તમામ દરદોનો નાશ થાય છે. કી. રૂ. ૧).

જ્વરનાશિનીઃ—જેરી તાવ રોજીયો, એકાંતરો, ત્રીજીઓ, ચોથીઓ ગમે તેવો જીર્ણ તાવનો મૂળમાંથી નાશ થાય છે કી. રૂ. ૧)

પુનર્નવાદિ મંડૂરઃ—પિત્તપાંડુ, કમળો લોહીનું પાણી થઇ જવું, શરીરે સોજો મોંપર યોચર વગેરે તમામ મટે છે. કી. રૂ. ૧).

આ સિવાય દરેક રોગ ઉપરની દવા તૈયાર છે. દરેકની કી. રૂ. ૧) દરેક દવા લેનારને ઇનામ છે. વધુ ખુલાસા માટે ટીકીટ કે રીપ્લાય કાર્ડ મોકલવું. ઇનામો મોટા મોટા વકીલો, ડાક્ટરો, સુજ્ઞ ગૃહસ્થો દ્વારા આપવામાં આવશે. ઇનામની ટીકીટ સૂચીપત્ર દવા સાથે વી. પી. થી મોકલવામાં આવે છે. જલદી ગ્રાહક થાઓ. આજ સુધીમાં આવી સવ્યાધથી કોઇએ પણ કામ કર્યું નથી-દવા મળવાનું સ્થળઃ—

મેસર્સ :-, પુરૂત્તમ મણિશંકરજી પંડિત. મેનેજર, લોકહિતેચ્છુ.

ખંભાત.

પુસ્તક ૭ મું.
અંક ૭ મો.

सत्संग.

ભાદ્ર.
સં. ૧૯૭૨

काव्यशास्त्रविनोदेन कालो गच्छति धीमताम् ।
व्यसनेन तु मूर्खाणाम् निद्रया कलहेन वा ॥

માસિક

પ્રિય પથિકને !

હે પથિક ! શું સૂઈ રહ્યો છે બેભાન થઈને અહીં !
સંભાળ છે અવસર હજી, સન્માર્ગ જોને છે કહીં !
આંખો છતાં બની અન્ધ તું આવી ફસ્યો આ પથ વિષે !
અતિ વિકટ કંટક વન વિષે અતિ સંકટે ઘેર્યો દીસે !
સ્મરજે, તું કરશે શોચ અતિ પાછો યદિ ફરશે નહિ !
ઇન્દ્રિય દસ્યુ લૂંટશે બહુ ધર્મ ધન તારું કહીં !
ઉંડી વાસના તણી ગટરમાં ગબડાવશે તુજને સહી !
વળી ફસવશે કેમે કરી આસક્તિ કેરા ફીચ માંહીં !
છાયા નથી શાંતિ તણી એ તરફ સાચું માન તું !
રે ત્રણ તાપોના તપનમાં થઈ ગયો હેરાન તું !
માની કથન મમ મિટ્ટી કરી બરબાદ કર ના જીવનને !
આશ્રય ગ્રહણ કરી ધર્મનો સુલભથી મેળવ લક્ષ્યને !
જ્યારે જરા જર્જરજ કરશે મૂઢ તારી દેહને !
તો બન્ધુ બાન્ધવ બાલ વનિતા છોડી દેશે સ્નેહને !
રે રોગ—રાક્ષસ ઘેરશે ચોપાસથી તને ભક્ષવા !
ને કાળ કેરો નાગ થઈ ઉદ્યત ઉભો શિર ડંખવા !
જ્યારેજ થાશે બુદ્ધિ—વૈભવ-શક્તિની ઘટતી કલા !
એ અવસ્થામાં વ્યવસ્થા તું કરી શકશે શું ભલા !

"શારદા-વિહાર"
અંબાજીરોડ-સુરત.

છોટુભાઇ દાજીભાઈ દેશાઇ.

વસંતે સદ્‌બોધ.

હોરી.

ખેલો ખેલ સુઘડ નરનારી.
અહા ! વસંત આનંદકારી ખેલો.
અવસર આજ મળ્યો અતિ મોંઘો, હૈયે ધરો હોંશીયારી;
વીતી જતાં વાર કાંઇ ન થાશે ! ભૂલ ગણાશે ભારી,
વેગે સહુ વાત વિચારી ખેલો.
પ્રેમના રંગનું પીપ ભરીને, નીતિની લ્યો પીચકારી;
સાંજ-સવાર રમો રસ રેલી, માયાનો મેલ નિવારો,
વિષય તણી પ્રીત વિદારી. ખેલો.
સત્સંગનું શુભ ચંદન ચોળી, શોભા કરો અતિ સારી;
આભૂષણો યશનાં સહુ પહેરો, પાપ-પ્રપંચ વિસારી,
તજો બીજી રીત નઠારી. ખેલો.
સંયમના શુભ વૃક્ષને સીંચો, સમુદયનું શુદ્ધ વારિ
શીતળ શાન્તિના મંદ સમીરથી, તાપ ત્રિવિધ નિવારી
પ્રભુને અંતરમાંય ઉતારી. ખેલો
ગુલાલ ગુણોનો ખૂબ ઉડાવો; સંતોષ અત્તર ધારી;
સંપ-સદાચારનાં પુલડાંથી, વિશ્વમાં વાસ પ્રસારી
રમો સૌ ઋતુ બની ચિત્તહારી. ખેલો.
વિનય-વિવેકથી નિત્ય દીપાવો મંદિર માળ અટારી
જ્ઞાન ને ધ્યાનથી બ્રહ્મની સાથે કેલિ કરો નરનારી
બનો ના લેશ બુવારી. ખેલો.

વસંતઋતુ, વિક્રમાર્ક ૧૯૭૨. } ધીરજ.

વિયોગી હૃદયને !

(હરિગીત)

હૃદય ! જોયા જૂદાં પડે થતી શોક કેરી લાગણી,
ઉંડાણ અંતરનાથી થતી પુનર્મિલનની માગણી;
રાજીવ રવિના અસ્તથી જ્યોત્સ્ના વિના જ્યમ ચોયણી,
હિમ રશ્મિ હીણી રાત્રિ થતાં શોચે ચકોર ચકોરિણી.

"ભાવીની ચાવી" તેજ "સંસારની બાજી"

રચી સંસારની બાજી, રમે છે અન્ય પ્રાણીઓ;
પ્રભુના બંધને ચાલીજ પાસા નાખતા સૌકો.
પડે પોબાર કૈંકોના; પડે બે બીંડી. કૈંકોની;
ઘણા જીત્યા ગયા હારી, ઘણા હાર્યા ગયા જીતી.
જીતે બાદા અગર તો નર, જીતે કાં નર કિંવા બાદા;
અલૌકિક એ લીલાઓની, નથી કોંઇ સીમ–મર્યાદા.
મરે જ્યાં સોગટી નરની, હૃદય કલ્પાંત છો કરતો;
ભલેને ઝુરતી બાદા, પડે જો દાવ પાછો તો.
અલ્યા છે ખેલ કુદરતનો, નથી તદ્‌બિર તગ્‌દિરની;
થવાની જીત તો તેની, પુરી છે સ્હાય ઇશ્વરની.
ધુરંધર સત્યના સાથી, હતા પાંડવ પાંચાંળી;
હાર્યા કૌરવોથી એ, થવાનું તે થયું ભાવી.
ખરેખર ભાવીનો ચાવી, નથી મળતી ! નથી મળતી !
મથીને હું ઘણું થાકયો, જગત્ બાજી મને છળતો.

ગાંડાભાઈ મકનજી દેશાઇ.

અન્તરનાથને ચરણે શરણે !

ચરણે તમ હો ! નાથ ! ચરણે તમ !—
—રે ! શરણે તમ ! હો નાથ !

ચરણે શરણે તમ,—
—રમે હૃદય મમ. હો ! નાથ !ચરણે તમ.

યોગ તેજ જે વહે અમોલું, આતમ મહિંથી આપ;
ઝીલે તે રમતું હૃદય મમ,—
—હોં ! નાથ ! ચરણે તમ, હો ! નાથ ! શરણે તમ.

આપ જટા સ્પર્શે પુનિત જે, ગંગા ક્રેરૂં નિર;
ચરણે રમતું હૃદય રહેમાં,—
—કરે સ્નાન હો શિવ ! હો શરણે તમ !

આનન્દ આનન્દ આપ ચરણમાં, દિન દિન વધતો જાય;
રમવા દો મુજ હૃદય હવેથી,કરી કૃપા શંભુ સહાય,—
—ચરણે તમ, હો ! નાથ ! શરણો તમે !

બલવન્ત.

अहिंसा प्रथमो धर्म.

(લેખકઃ—રા. રા. શ્રીપતરામ હુકમતરામ ઠાકોર)

સંસ્કૃત ભાષામાં **अहिंसा प्रथमो धर्मः** એ વાક્ય વપરાય છે તેને ગુજરાતી ભાષામાં "દયા ધર્મનો મૂળ છે" એમ કહેવામાં આવે છે. એ વાક્યથી એમ માલમ પડે છે કે "દયા" એ ધર્મમાં મૂળ છે યા તો "દયા" એજ મૂળ ધર્મ છે. ધર્મ એટલે નિયમ. જે નિયમ સર્વ માર્ગ, સંપ્રદાય, કોમ—જ્ઞાતિ—વર્ણ—તથા દેશોમાં સામાન્ય રીતે ચલણમાં હોય, કોઇ માર્ગ સંપ્રદાય, કોમ, વિગેરેને બાધ કરતા નહીં હોય તથા અબાધિતપણે સર્વ સ્વિકારતા હોય તેજ નિયમ યાને ધર્મ સનાતન ધર્મ—યાને મૂળ ધર્મ કહી શકાય. હવે "દયા ધર્મનો મૂળ છે" એ સર્વ કોમ—પક્ષ—જાત—તથા દેશમાં સામાન્ય છે કે કેમ તે વિશે આપણે પહતિસર ઉચ્ચ ભૂમિકાથી નીચલી ભૂમિકાપર ઉતરી જોતાં જઇએ.

દરેક ધર્મ—માર્ગ, સંપ્રદાય, તથા દેશના મનુષ્યો આ સૃષ્ટિકર્ત્તાને દયાળુ, કૃપાળુ એવી ઉપમા આપે છે. આ સૃષ્ટિના વિષે એવો કોઇ ધર્મ—માર્ગ—સંપ્રદાય—વિગેરે નહીં હોય કે જેણે ઇશ્વરને અકૃપાળુ અથવા કૃતઘ્ની કહ્યો હશે. આપણા ધર્મ પુસ્તકોમાં ઇશ્વર કૃપાળુ છે એવી ઉપમા આપેલી છે. એક સામાન્ય મનુષ્ય જ્યાં આ સૃષ્ટિની રચના તથા તેના સૌંદર્યપણા વિષે વિચાર કરેછે તો તુરત ઇશ્વરની પ્રભુ ભાવના વિષે તેનું મન નિશ્ચય ઉપર આવે છે, અને એ વાક્ય સત્ય છે એમ તેનું હૃદય કબુલ કરે છે.

આ સૃષ્ટિના વિષે ઉચ્ચકોટિમાંથી વ્યક્તિઓમાં સૂર્ય એ એક વ્યક્તિ છે, અને તે મૂળ વ્યક્તિ છે. એને જે ધર્મ સોંપાયલો છે, તે ધર્મ બરોબર પાળે છે, કોટલાક અજ્ઞ યાને મૂર્ખ પુરૂષો એની સન્મુખ દીર્ઘ યા લઘુશંકા કરે છે, કોટલાકો તેના સામે ધૂળ ઉરાડે છે, અગર એવાં દુષ્કૃત્યો કરે છે તોપણ સૂર્ય પોતાના ધર્મમાંથી ચલિત થતો નથી. આવા કૃતઘ્ની પુરૂષોના કૃત્ય જોઇ તેમને પોતાનો ઓછો પ્રકાશ તથા ઊષ્ણને વધારે આપી ભિન્નતા બતાવતો નથી. પોતાના પ્રકારો કરી દરેક મનુષ્ય તથા પ્રાણી ગમે તેવાં આચરણ કરતો હોય તોપણ તેને તથા વનસ્પતિ વગેરેને એતો આહ્લાદ કરે છે. આ સૃષ્ટિના વિષે થતી કૃતઘ્નતા તરફ લક્ષ આપી ભિન્નતા ઉત્પન્ન કરી એક ક્ષણવાર જો સૂર્ય પોતાનું તેજ આકર્ષી લે તો આ સૃષ્ટિ ઉપર વસનાર તમામ મનુષ્ય પ્રાણી તથા વનસ્પતિ વગેરે પ્રાણ રહિત થઇ જાય. એમ નહીં કરતા સૂર્ય પોતાના ધર્મ પ્રમાણે આપણા ઉપર પોતાની દયાની ભાવના નિરંતર પ્રેરતો રહે છે.

કોટલાક જીવો જેઓ નિર્વાણપદ યાને જીવન મુક્ત અવસ્થાના દ્વાર નજદીક પહોંચી ગયલા છે. જેઓના પ્રયત્નોના ભાવાને સાંભળી તે દ્વાર આપોઆપ ખુલવાની તૈયારી કરી રહ્યા છે, જે સ્થાનમાં રહેલી પરમશાંતિ આવા જીવોને પોતામાં એકમેક કરી લેવા તત્પર થઇ રહી છે તેમાં જઇ અખંડ શાંતિનું સુખ ભોગવવાની ઇચ્છા નહીં ધરાવતાં તથા તેમાં વિશેષ આનંદ નહીં માનતાં આપણા જેવા અંજ્ઞાનમાં અથડાતા જીવો પોતે જે દશાએ પહોંચ્યા છે તે દશાએ આવે ત્યાં સુધી પોતાની શુભ પ્રેરણાને દેતા રહી અથવા જરૂર પડે દેહ ધારણ કરી ઉપદેશ કરવાનું કામ તેઓ માથે વહોરી લે છે. આ જે તેમની શુભ પ્રેરણા

તથા ઉપદેશ કરવાનું કામ એજ દયાની પૂરણ લાગણી છે, એવી લાગણી ધરાવતા જીવોને દયાસિંધુ મહાત્માઓ કહેવામાં આવે છે.

આપણા મનુષ્ય જાતિનાં મન ઘણાં અનિશ્ચિત તથા વેહેમી હોય છે. શાસ્ત્રના વચનો ઉપર બરાબર શ્રદ્ધા નહીં હોવાથી ભરોસો બેસતો નથી. પણ એવા દયાસિંધુ મહાત્માઓ દેહધારણ કરી આપણા મનુષ્ય ઉપર દયા કરે છે કે કેમ તેનો કોઇ પ્રત્યક્ષ દાખલો લઇશું તો શંકાનું નિવારણ થઇ શકશે ખરૂં.

પૂર્વે ત્રેતાયુગમા અયોધ્યા નગરી વિષે રાજ્ય ચલાવનાર દશરથરાજાને ઘેર શ્રીરામચંદ્રજીએ જન્મ ધારણ કર્યો હતો. પોતાના બાપના સ્વર્ગવાસ થયા પછી લાંબા કાળ સુધી રાજ્યપદ ભોગવી જે કારણ સારૂ દેહ ધારણ કર્યો હતો તે કાર્ય પરિપૂર્ણ કરી તથા દુષ્ટોનો સંહાર કરી સ્વધામ પધારવાનો તેમણે વિચાર કર્યો. વશિષ્ટ મુનિને બોલાવી પોતાના પુત્રોની સંભાળ લેવા વિનતિ કરી; પોતાના નગર લોક સાથ સ્વધામે પધારવાની તેમને પોતાની ઇચ્છા દર્શાવી. વશિષ્ટ મુનિને આ વિચારથી ક્ષોભ થયો ખરો પણ પછીથી પોતે પોતાની સંમતિ આપી. નગરના સર્વ લોકને ઢંઢેરાથી ખબર કરી કે આવતી કાલે શ્રી રામચંદ્રજી સ્વધામ પધારવાના છે. જેમને ઇચ્છા હોય તેમણે પોતાની પ્રિયવસ્તુ સહિત તૈયાર થવું. આ ખબર થતા નગરના સર્વ લોકમાં આનંદ આનંદ થઇ રહ્યો. અને નગરવાસીઓએ તૈયારી કરવા માંડી. બીજે દીવસે પ્રાત કાળ થતાં શ્રી રામચંદ્રજી પોતાના નિત્ય નૈમિત્તિક કર્મથી ફારગત થઇ પોતાના નાના ભાઇઓ સુમંત આદિ પ્રધાનો સહીત બહાર નિકળ્યા. રસ્તે ચાલતા ઘેર ઘેર ખબર આપતા આગળ ચાલ્યા. ગામના લોકો જાણે યાત્રા કરવા જતા હોય તેમ ટોળેટોળાં તેમની પાછળ ચાલ્યા. તેઓ સરયુ નદીના કીનારે આવી પહોંચ્યા. શ્રી રામચંદ્રજી સ્નાન કરી બહાર નિકળ્યા પછી ગામ લોકોને આજ્ઞા કરી કે જેમને મારી સાથે આવવું હોય તેમણે પોતાના વસ્ત્ર સહીત સ્નાન કરવું. સ્નાન કરતાં તેમના શરીર દિવ્યરૂપ બની રહ્યાં. આકાશ માર્ગે વિમાન આવી પહોંચ્યા. વિમાનમાં નગરવાસીઓ બેઠા. શ્રી રામચંદ્રજીએ પોતાના એક દૂતને આજ્ઞા કરી કે નગરને વિષે તપાસ કરો કે કોઇ પણ પ્રાણી અગર મનુષ્ય રહી ગયું હોય નહીં. દૂત ગામ વિષે જઇ જુવે છે તો એક શ્વાન જેનું મગજ કીડા પડવાથી સડી ગયલું તથા અતિશય પીડાથી દુઃખિત થતો પડેલો જોયો. એ શ્વાનને ખાટલી જેવું બનાવી તે ઉપર બેસાડી રામચંદ્રજીની સન્મુખ લાવ્યો. આજ્ઞા થતાં તેને સરયુ નદીમાં નાંખ્યો. જળનો સ્પર્ષ થતાં તે શ્વાન તથા કીડાઓ એક દિવ્ય રૂપ બની ગયાં. શ્રી રામચંદ્રજીની સન્મુખ તે શ્વાનનું દિવ્ય રૂપ ખડું રહી પ્રાર્થના કરે છે. શ્રી રામચંદ્રજી તેની આ શ્વાન સ્થિતિનું કારણ પુછે છે એ ઉપરથી તે બોલ્યો કે પૂર્વ જન્મે હું શુદ્ર જાતિમાં જન્મ્યો હતો વિદ્યાભ્યાસ ઘણો પ્રાપ્ત કીધો. મારા વર્ગમાં મારા સમાન કોઇ વિદ્વાન હતું નહીં. મને એથી ઘણો મદ ભરાયો. હું દંભી બન્યો. સાધુનો વેશ ધારણ કર્યો. દરેક ધર્મ ખોટો છે એવું પ્રતિપાદન કરવા વાદ વિવાદ કરતા અનેક શિષ્યોને મારા પંથમાં એકઠા કર્યા. એ શિષ્યોએ મારી ઘણી સેવા કરી, એ શિષ્યોએ મને ઘણુંજ ધન આપ્યું. મને સારા સારા ભોજન જમાડ્યા. કોઇપણ પ્રકારે તેઓએ મારી સેવા કરવામાં ન્યૂનતા બતાવી નહીં. મારા શિષ્યો મારા જેવા આત્મજ્ઞાન રહિત થઇ સર્વ મારા નિંદકરૂપ બન્યા. મારો દેહ છુટતાં હું શ્વાન દેહને પ્રાપ્ત થયો. મારા શિષ્યોની આટલી બધી સેવા છતાં તેમનું કલ્યણ હું કરી શકયો નહીં, જેથી તેઓ

કીડારૂપ થઇ મારા માથામાં પ્રવેશ કરી ગારૂ લોહી ચુસી ચુસી મને દુઃખી દુઃખી કરી મુકયો. એ પીડામાંથી આપે મને તથા મારા શિષ્યોને મુક્ત કર્યા છે. હે! દીન બધુ, કરૂણાનિધિ, આપે મારા ઉપર ઘણોજ ઉપકાર કર્યો છે. આટલું બોલી વિમાન હાજર હતું તેમાં તે સ્થાન તથા તે કીડા દિવ્ય રૂપે પ્રવેશ કરે છે. જે દેવતાઓએ સુગ્રીવ આદિક વાનર દેહ ધારણ કર્યા હતા તેઓ સરયુ નદીમાં સ્નાન કરતાં મૂળરૂપે બની ગયા. લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન સ્નાન કરવાથી તેઓમાં લક્ષ્મણ સહસ્ત્ર ફેણવાળા શેષનાગ રૂપ, ભરતજી શંખ રૂપ (પાંચ જન્ય) તથા શત્રુઘ્ન ચક્ર રૂપ (સુદર્શન) બની ગયા. શ્રીરામચંદ્રજી શંખ ચક્ર ધારણ કરી ગરૂડજી ઉપર બેસવા કરે છે એટલામાં પૃથ્વીમાંથી જાનકીજી પ્રગટ થયાં. તેમને પોતાના વામાંગે બેસાડી પોતે ગરૂડના વાહન ઉપર આરૂઢ થઇ પુલની વૃષ્ટિ તથા દુદુંભિના નાદ થતાં નગરવાસીઓને સાથે લઇ સ્વધામ પધાર્યા.

હાલમાં જગતના વિષે ઘણા માર્ગો, સંપ્રદાયો તથા પંથો ચાલે છે. દરેક માર્ગ સંપ્રદાય તથા પંથના કોઇ કોઇ પણ અધિષ્ઠાતા હોય છે. તેમાના બધા નહીં પણ ઘણે ભાગે તેના ઉપદેશકો, આચાર્યો તથા ભક્ત જનો જેમાં દયાનો વિકાસ સારો પ્રસરેલો હોય છે, તેઓ જેટલે અંશે પોતાનું જ્ઞાન હોય છે તે અંશ સુધીનો બોધ પોતાના અનુયાયીઓને સમયે સમયે આપતા રહે છે. ઉપર કહી ગયેલા પેલા જ્ઞાનની માફક બીજા માર્ગની નિંદા કરતા નથી. જન કલ્યાણ અર્થે પોતાના તન તથા મનનો ભોગ આપી અન્ય મનુષ્યને બોધ કરે છે. પૂર્વે થઇ ગયેલા સત્ય પુરૂષોના તથા સાધુની સ્ત્રીઓના ચરિત્ર સંભળાવે છે, શાસ્ત્રના નીતિ વચનનો ઉપદેશ કરે છે, ભક્ત જનોના બનાવેલા આધ્યાત્મિક અથવા સરળ પદો સંભળાવે છે, અવળા માર્ગે વળતા મનને તે તરફ જતાં અટકાવી સત્ય માર્ગ તરફ વાળવા પ્રયત્ન કરે છે. આવા ઉપદેશકો, આચાર્યો તથા ભક્ત જનો આ દેહ છોડ્યા પછી જે મંડળમાં પ્રવેશ કરે છે ત્યાંથી પોતાની દયારૂપી પ્રેરણાએ કરી આ ભૂમંડળ ઉપર રહે ત્યાં એકદા બળી અન્યની માફક પોતાનો કારભાર ચલાવે છે, પછી દેવતાઓની મદદથી પોતાના પુનર્જન્મની તૈયારી કરી એક બીજાના સમાગમમાં આવે તેવા સ્થાનોમાં જન્મ ધારણ કરે છે. એ પ્રમાણે ધર્મકાર્ય કેટલાક જન્મ થતાં થતાં, તેમાં જ્ઞાનની વૃદ્ધિ થતાં થતાં એ સઘળાં મંડળો એક થઈ જેમ શ્રીરામચંદ્રજી પોતાના નગરમાં સર્વ નરનારી પશુ પંખી વગેરેને પોતાની સાથે વિમાનમાં સ્વધામ લઇ ગયા તે પ્રમાણે આવા મંડળો સ્વધામ યાને આખરના ધામે પહોંચે છે.

જે પુરૂષો ધનવાન હોય છે, જેમનામાં આ દયાનો ભાવ પ્રગટયો હોય છે તેવા પુરૂષો યાત્રાળુ વટેમાર્ગુ તથા નિરાધાર મનુષ્ય તથા પ્રાણી સારૂ આશ્રયસ્થાનો બંધાવે છે તથા સદાવ્રતો આપે છે. કેટલાક પુરૂષો જે માર્ગે પોતે ધનવાન થયા છે, પોતે વિદ્યા પ્રાપ્ત કરી છે, જેમાં રહેલા રહસ્યનો અનુભવ લીધો છે તે રહસ્યનો અનુભવ પોતાના અન્ય બંધુઓ પ્રાપ્ત કરે તથા તેઓ પોતાના જેવા થાય તે કારણથી શાળાઓ, પાઠશાળાઓ, અને એવા સ્થાનો ઉભાં કરાવી તેવાં તેવાં શિક્ષણો આપે છે. પોતાનાં તન મન તથા ધનનો જેટલો ભોગ આપે છે. પોતાનું ધન અર્પાઇ જાય છે તેની ફીકર ન કરતાં તેમના ધનનો સારો વ્યય થઈ પોતાના અન્ય બંધુઓને કળા કૌશલ્ય, વિદ્યાભ્યાસ, તથા નીતિમાં પૂર્ણ થતાં જોવાની ઘણીજ ઇચ્છા ધરાવે છે. આપણામાં કહેવત છે કે આંગળી બતાવવાનું પણ પુણ્ય છે. જે પુરૂષો ધનની બાબતમાં અસમર્થ હોય

છે પણ બીજી આબત શક્તિ ધરાવતા હોય તેવા પુરૂષો બીજા ધનવાનોની પાસેથી ધનની મદદ લઇ વિદ્યા તથા હુન્નર કળાના ઉત્તેજન અર્થે શાળાઓ સ્થાપન કરાવી બાળકોને તેવાં શિક્ષણ અપાવે તથા એવા શિક્ષણો આપવામાં જે બાબત પોતે શક્તિ ધરાવતા હોય તે શક્તિ પછી તનની હો કે મનની હો કે ધનની હો. તેનો જોગ આપે તે કાર્ય પણ કાંઇ ઓછું ઉપયોગવાન ગણાય નહીં.

કાશી તરફ નજર કરીએ તો **વિદુષી બાઇ એનીબીસેન્ટ** હિંદુસ્થાનના બાળકોને ઉન્નતિ પર લાવવાનીશાળા સ્થાપન કરવાને અનેક અનેક શ્રીમંત પુરૂષોના સમાગમમાં આવી તેમને આ બાળકોને આપવાના શિક્ષણોના રહસ્ય સમજાવી તેમના ધનની મદદ લઇ શાળા સ્થાપન કરી તેમાં હાલ જે શિક્ષણો અપાય છે તેને સારૂ તે વિદુષી બાઇને તથા તેમાં જે જે પુરૂષો પોતાના તન તથા મનનો જોગ આપવા સામેલ થયલા છે તેઓની આ દયાની લાગણીને કાંઇ ઓછો ધન્યવાદ ઘટતો નથી.

હિંદુસ્થાનમાં એક પછી એક પડતા દુષ્કાળ, લોકોની નિર્ધનતા, કળા કૌશલ્ય તથા વિદ્યા વગેરેના અપાતા શિક્ષણની ખામીઓ ને અનીતિનો અતિશય પ્રચાર, જનમેવા તથા જનકલ્યાણના માર્ગમાં ન્યૂનતાઓ અને કુસંપ વગેરે જણાયાથી હાલમાં કલકત્તાના વિદ્વાન ધનવાન તથા સ્વદેશાભિમાન વીરપુરૂષોએ અગ્રેસરતા લઇ હીંદુસ્તાનના બીજા ભાગોમાં વસનારા તેવા આગ્રહી તથા એવા માર્ગને પસંદ કરનારા પુરૂષોને ખરેખરી અઘોર નિદ્રામાંને એવી મંદ સ્થિતિમાંથી જાગૃત કર્યા છે આ તેમની જનકલ્યાણની લાગણી અમલમાં મૂકાઇ તેમની ધારણા સંપાદન થઇ કાર્ય સિદ્ધ થાય તો એ પણ કાંઇ ઓછા ધન્યવાદને ઘટિત કહેવાય નહીં.

હવે આપણે સામાન્ય મનુષ્ય તથા પ્રાણી વિષે વિચાર કરીએ આ સૃષ્ટિના વિષે કોઇ મનુષ્ય પછી તે નિર્ધન હો કે નિર્દય હો કાં દરિદ્રી હો તેનું હૃદય પણ આ દયાની લાગણી વિનાનું બાગ્યેજ હોય છે. એ મનુષ્ય ગમે તેવો નિર્દયી હશે ગમે તેવો ક્રુર હશે તો પણ તેને પોતાના સ્ત્રી પુત્રોને સુખી કરવા, તેમના ભરણ પોષણ કરવાની લાગણી ધરાવતો હશેજ. એ પુત્રોની લાગણી જે કમી હશે તો પણ તેને પોતાના દેહ સારૂ તો લાગણી હોવીજ જોઇએ. જે કાંઇ ઉદ્યોગ પ્રપંચ ચોરી વગેરે કરતો હશે તે કરવાનું કારણ માત્ર આ લાગણીજ છે. પશુ જેવાં પ્રાણી પણ પોતાનાં બચ્ચાં તથા જનની લાગણી ધરાવી તેમના નિર્વાહ અર્થે રાત દીવસ રટણ કરે છે.

આ ઉપરથી આપણે જોયું કે આ દયાની લાગણી છેક પરમાત્માથી તે પશુ જેવા પ્રાણી સુધી ચાલી આવી છે. સર્વ ઠેકાણે ધરાવનારા પ્રાણીમાં આ લાગણી ઓછે અગર વધુ અંશે રહેલી જોવામાં આવે છે. જેમ ઇશ્વર વ્યાપક છે, સર્વ મનુષ્ય તથા પ્રાણી માત્રમાં એ ઇશ્વરનો અંશ જેમ રહેલો છે તેજ પ્રમાણે આ દયાનો અંશ પણ સર્વ મનુષ્ય પ્રાણીમાં રહેલો જણાય છે. એટલે આ દયાનો અંશ એ ઇશ્વરી ધર્મ છે એમ અભ્યાસિતપણે કહેવાને સંકોચ લાવવાનું કારણ જણાતું નથી. જૈનાગમ ગ્રંથોમાં ઉપર થી " દયા ધર્મનો મૂળ છે " અહિંસા પ્રથમો ધર્મ ॥ કહેવાય છે એ માનવાને શંકા રહેતી નથી.

દયાનો થોડો ગેરઉપયોગ.

૧ પોતાની અધમતા મૈયતા પ્રકટ્યિત કરવા અથવા પોતાની કીર્તિ દેશોમાં પ્રસિદ્ધ થવા અન્ન વસ્ત્ર આદિકનું દાન-કેટલાક પુરૂષો કરે છે.

૨ પોતાનો પરત્વે બીજા પુરૂષોના આભાર અગર એવા બંધનમાંથી મુકત થવા દયા બતલાવી દાન કરે છે,

૩ બીજા પુરૂષો ભવિષ્યમાં ઉપયોગી થઇ પડશે અથવા ઉપકાર માનશે એવા હેતુથી કેટલાક પુરૂષો દયાદાન કરે છે.

દાન શબ્દ દા=આપવું એ પરથી નીકળ્યો છે.

આ સૃષ્ટિના વિષે અનેક પુરૂષો અનેક પ્રકારે અન્ય પુરૂષોને મદદ કરે છે. ભગવદ્ગીતાના અધ્યાય ૫ શ્લોક ૬

યોગ વિના સંન્યાસ તો, પામવોજ દુઃખરૂપ;
યોગ યુક્ત પામે મુનિ, તરતજ બ્રહ્મ સ્વરૂપ.

કર્મયોગ ધારણ કર્યાવિનાનો સંન્યાસ જેમ દુઃખરૂપ છે તેમ આ સકામ વૃતિથી કરેલું દાન પણ દુઃખરૂપ નિવડે છે. આવી સકામવૃતિથી કરેલાં દાન આપણી બુદ્ધિને ભ્રષ્ટ કરે છે બુદ્ધિ ભ્રષ્ટ માણસ મનુષ્ય ગણાતો નથી.

કેટલાક પુરૂષો પોતાની કીર્તિની ખાતર ઉમંગભર પ્રથમતો ધનનો વ્યય કોથળીનું મ્હોઢું જોયા શિવાય કર્યા જાય છે. પછી જ્યારે એનું સરવાયું કહાડે છે ત્યારે તેના અંતઃકરણમાંથી નિસાસા રૂપી અગ્નિની ચણગારી નીકળી જે કરેલું તમામ દાન ભસ્મ કરી નાંખી તે ફુરૂપને નહીં કરેલા દાન જેવો કરી મુકે છે.

જે પુરૂષો ઉપકારની ખાતર જે દાન કરે છે તે દાન નથી પણ એક વણિકની પેઢીના શરાફી નામા જેવો લેણદેણનો હિસાબ છે.

દરેક કર્મ સૃષ્ટિના કાયદાને અનુસાર તેનો સમય આવે પ્રત્યાઘાત રૂપે વ્યકત થાય છે. દયા એ પ્રેમનો અંશ છે. જેટલા અંશે એમાં ન્યૂનતા હોય છે. તેટલા ભ્રષ્ટતાની વૃદ્ધિ થતે આપણે દયાદીન બનીએ છીએ.

જે કર્મથી તત્કાળ સુખનો લાભ મળે છે તેવાં કાર્ય કરવા આપણે મૂઢ બુદ્ધિ વાળા પુરૂષો ઘણી ત્વરાથી દોરવાઇએ છીએ. "જોખીએ વસે ત્યાં ધુતારા ભુખે મરે નહીં" એ કહેવત પ્રમાણે એવા પુરૂષોને એવે માર્ગે ચઢાવનારા પણ ઘણા હોય છે. આ જગતમાં સારા કીર્તાય મળે, સારૂ માન મળે.-સારી કીર્તિ પ્રસરે-એવા ફંદાના બોજામાં આપણે [illegible] છીએ. ધુતારાઓ પોતાની વાણીની ચાતુરી વાપરી આપણને ફસાવે છે. તેઓ જે કહે તે સત્ય માનીએ, છીએ. ખરૂ શું છે તથા ખોટું શું છે તેનો વિચાર કરતા નથી. એવા કર્મોએ કરી આપણામાં નિશ્ચયાત્મક બુદ્ધિ બીલકુલ રહેતી નથી.

૧ દયાળુ પુરૂષોના ઉપર વિપત્તિ તથા દુઃખ આવી પડે છે, તે જોઇ અન્ય પુરૂષો એમ અનુમાન કરે છે કે મનુષ્ય અગર પ્રાણી ઉપર દયા રાખવાથીજ આવાં સંકટ આવી પડે છે.

૨ કેટલાક અપંગ, અંધ, નિરાધાર, નિર્ધન પુરૂષોની દયાજનક સ્થિતિ જોઇ તેમને મદદ કરવામાં આવે છે અને એ મદદનો ગેર ઉપયોગ થએલો જોઇ એમ માને છે કે દયા કરવાથી આવો પરિણામ નિવડે છે.

૨ કેટલાક પુરૂષો કાંઇ કામનાની ખાતર દયા બતાવે છે અને જ્યારે તે કામના સિદ્ધ થતી નથી ત્યારે દયા કરતાં અટકે છે.

ઉપર બતાવેલા ત્રણે પક્ષોના ઉત્તર ટુંકમાં કહીએ તે. કર્મનો કાયમ હો, એ ઇશ્વરી નિયમ છે. એ નિયમથી જેઓ અજ્ઞાન છે, જેઓને એ ઉપર શ્રદ્ધા નથી, અને જેઓ પોતાની અલ્પ બુદ્ધિ અનુસાર કલ્પના કરી ભય યુક્ત થાય છે તેઓ ભગવદ્ગીતા અધ્યાય ૪ શ્લોક ૪૦ અજ્ઞ અશ્રદ્ધાવાન વળિ, સંશયિ પામે નાશ.

સંશયીને આ લોક નહીં.
નહીંપર નહીં સુખ આશ

આ શ્લોકમાં સુખનો લાભ નહીં જેનો આખરે નાશ પામે છે. પણ જે પુરૂષોને કર્મના મહાન નિયમનો અનુભવ થયો છે, જેઓને એ જ્ઞાન થોડે અગર વધારે અંશે પ્રાપ્ત થયું છે,

જેઓ એ નિયમ ઉપર લક્ષ આપે છે. તેઓ આવા સંજોગોને સુખરૂપ અથવા વિપત્તિ રૂપે ગણતા નથી. મનુષ્ય અગર પ્રાણીદ્વારા કોઇ વિપત્તિ અગર દુઃખ આવી પડે છે તો તેઓ તે મનુષ્ય તથા પ્રાણી તરફ ક્રોધ અથવા દ્વેષ કરતા નથી. તે મનુષ્ય અથવા પ્રાણીની વર્તણુક તેના સ્વચ્છંદીપણાને ગણતા નથી. પણ પોતાના પૂર્વકર્મના ભોગાયતનનું નિમિત કારણ છે એમ વિચારે છે. જે કાંઇ થાય છે તે યોગ્યજ છે. વિશ્વમાં સર્વત્ર ન્યાયજ પ્રવર્તે છે, જેનેજે ભોગવવું પડે છે તે કર્માનુસારજ છે એમજ ગણી તેઓ આડે માર્ગે નહિ દોરવાઇ શાંત રહે છે. શાંતિની વૃદ્ધિ થવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે.

"आत्मवत्सर्वभूतेषु" સર્વ પ્રાણી માત્રમાં ઇશ્વરી અંશ રહેલો છે. ઇશ્વરના આપણે બાળક છીએ. બીજા પ્રાણી આપણી ભાઇઓ, એકજ ઇશ્વરના અંશ છે. આપણા કોઇ સ્નેહી તરફથી આપણને કાંઇ નુકશાન થાય છે તો તે સ્નેહને લીધે થયેલું નુકસાન કાંઇ પણ ગણતા નથી. તેમ કર્મના કાયદાના અનુયાયીઓ પણ બીજા પ્રાણી તરફથી આવેલાં દુઃખો સંકટરૂપ ગણતા નથી. આપણા શરીર ઉપર ગોડથયું હોય તો તે ભાગને કાપી નાંખતા નથી. પણ તેને મટાડવા સારૂ ઇલાજો કરીએ છીએ, તેમ તે સુજ્ઞ પુરૂષો પોતાની મૃદુ તથા પ્રિયવાણી વડે તેમના દોષો સુધરે છે અને તેમને અવળે માર્ગે જતાં અટકાવ કરે છે.

કોઇ અંધ અપંગ વગેરે એવા માણસને કરેલી મદદનો જ્યારે ગેર ઉપયોગ થયેલો તથા તે કુપાત્ર નિવડેલો માલમ પડે છે ત્યારે ઉપર બનાવેલા સુજ્ઞ પુરૂષો પોતાના દાન કરવાના નિયમથી અટકતા નથી પણ આવા અંધ અપંગ પુરૂષો પોતાના પૂર્વજન્મોના દુષ્ટ કર્મોએ કરી આવી અધમ અવસ્થા પ્રાપ્ત થયા છતાં જ્યારે આવાં દુષ્ટ કર્મ કરતાં અટકતાં નથી તો એવું અનુમાન કરે છે કે તેઓ હજુ નીચ યોનિને પ્રાપ્ત થશે. એમ દયાની લાગણી આપણી ક્ષોભ પામે છે.

કેટલાક પુરૂષો જેઓનામાં કર્મના કાયદાનો અંશ થોડે અંશે અનુભવાયલો હોય છે તેઓનાં ઉપર જ્યારે કાંઇ દુઃખ અથવા વિપત્તિ આવી પડે છે, ત્યારે તેઓ ક્રોધના આવેશમાં આવે છે ખરા ? પણ આ નિયમનું ભાન થવાથી જેમ કોઈ સુઘડ માણસ જેને પોતાના કપડાં સાફ સુફ રાખવાની ટેવ પડી હોય છે તે બહારથી ફરી આવ્યા પછી પોતાના વસ્ત્ર ઉપર જે રજકણ વળગેલાં હોય છે તેને બ્રુશથી અગર ઝાટકીને સાફ કરી નાંખે છે તેમ આવા પુરૂષો પોતાનામાં ભરાયેલો આવેશ ખંખેરી કઢાડી તેની રજકણ પોતાના અંતઃકરણ વિષે ફરવા દેતા નથી. અને એવી અસર રૂપી રજકણોને બહાર કઢાડી પોતાના અંતઃકરણને નિર્મળ રાખે છે.

જે કામી પુરૂષોની કામના પૂર્ણ થતી નથી. તેનું કારણ પણ ઉપર બનાવેલો કર્મનો મહાન નિયમ છે. દયા એ પરમાત્માના નિર્મળ ઝરાનું ઝરણ છે. નિર્મળ પાણીમાં સ્નાન કરવાથી તથા વસ્ત્ર ધોવાથી જેમ શરીર તથા વસ્ત્ર સાફ થાય છે તેમ એ દયા રૂપી નિર્મળ ઝરણનો સ્પર્શ થવાથી મનુષ્ય પણ નિર્મળ થાય છે કોઇ પાત્રમાં નિર્મળ પાણી ભર્યું હોય તેમાં રહેજ ગંદો પદાર્થ પડવાથી તે નિર્મળ પાણી તમામ મલીન તથા ભ્રષ્ટ થાય છે તેમ આ દયા રૂપી નિર્મળ ઝરણમાં મલિન ભાવના મિશ્ર થવાથી નિર્મળતાનો અભાવ થાય છે અને એ મલિનતા દયાના પ્રભાવે યોગ્ય સત્કાર થતો નથી તે નવેસરથી જોવું નથી.

દયાનો પ્રયોગ.

દયા એ એક ઉત્તમ પ્રકારનું દાન છે દાન અનેક પ્રકારનાં છે. કોઈ પુરૂષ અન્નનું, કોઇ

પ્રાણી માત્ર વિષે શુભ ચિંતવન કરવું. જે પુરૂષો આ સંબંધી વિચાર કરતા રહે છે, તેઓને આપણા દયાળુ પ્રભુ દેવા તેવા કાર્ય કરાવવાના સંજોગોમાં મુકે છે ઉદ્યોગના કાર્ય વિઘ્ન રહિત છતાં નિષ્ફળ થાય છે કેટલાંક વિઘ્નો છતાં પાર પડે છે. કેટલાંક વિઘ્ન છતાં સફળ થાય છે. અભ્યાસે કરી આપણી દયાની મર્યાદા સામેના કાર્ય કરતાં વિશેષ બળવાન નહીં હશે તો નિષ્ફળતા થશે. તેથી નિરાશ થવાનું નથી. જેમ કોઇ પહેલવાન એક વરસ બીજાની સાથે કુસ્તીમાં હાર ખાય છે તો પછી તે નાસીપાસ નહીં થતાં બીજે વરસે હરાવવા સારૂ તેજ દીવસથી પોતાના શરીરને વિશેષ વિશેષ કસતો જાય છે અને જ્યારે તેને હરાવે છે ત્યારેજ આનંદ થાય છે. તેમ આપણ મનુષ્ય એક કાર્યમાં નાસીપાસ થાય તો તેને નારાજ થવાનું નથી પણ વિશેષ ધંતીલાઇથી તે કામો સિદ્ધ કરવા દૃઢના રાખવી.

આ દયાની હદ જે આપણો બ્રહ્માંડને વિષે પ્રસરેલી છે તે આપણ દરેકે તેમાં મર્યાદા ઢુંઢી ઢુંઢી કરતાં એટલી બધી કમી અંશે તેની હદ આપણા હૃદય વિષે રહેલી છે કે તે નહીંજ કહીએ તો ચાલે. આપણને આપણા સગા ભાઇ સાથેજ પ્રેમ હોતો નથી. જ્યાં એકજ માત પિતાના સંતાનમાં પ્રેમ નહીં હોય તો એ મર્યાદાની હદ કેટલી તે વિચારી લેવાનું છે.

આપણા ભરતખંડનો ઇતિહાસ આપણે વાંચીએ છીએ ત્યારે મહાન વીરલાઓ જેઓ એ પોતાના દેશની ઘાત ખાતર પોતાના દેહ અર્પણ કરેલા એવા પુરૂષોના ચરિત્ર આપણી નજર આગળ આવે આપણા શરીર વિષે તેઓનો શુરવીરપણાનો જુસ્સો પ્રવેશ કરે છે. દેહ અર્પણ કરવાની વાત કોરાણે મુકીએ પણ એવા દેશની ઘાત જાણનાર પુરૂષો આપણા ભરતખંડ વિષે પ્રાપ્ત થયેલા હોય તો તેમને આપણાથી બનતી મદદ નહીં આપીએ તો આપણે કૃતઘ્ની નથી એમ કોણ નહીં કહી શકે?

દયાને પ્રકુલિત કેમ કરવી તેનો વિચાર પ્રથમ કરતાં પહેલાં દયાની ન્યૂનતા યાને ખામી ક્યાં ક્યાં જોવામાં આવે છે તે વિષે વિચાર કરી તે ખામી દુર કરવા પ્રયાસ જરૂર રાખીશ તો એટલું કામ પણ બસ થયું એમ કહેવાને શંકા રહેશે નહીં.

૧ દયાની ન્યૂનતાને લીધે સરકાર દરબારમાં દાવાઓ તથા કરીઆદોની સંખ્યા વધવા માંડી છે.

૨ વ્યાપારી માણસ પોતાના વ્યાપારમાં ખરે ખરો નફો નહીં લેતાં ઘણો નફો ખાઇ ઘરકોને છેતરે છે.

૩ નોકર વર્ગ (સરકારી કિંવા ખાનગી) પોતાના ધણી અથવા શેઠ તરફથી મુકરર કરેલો જે દરમાયો મળે છે તેથી સંતોષ નહીં રહેતાં આડાં તેડાં હાંકાં મારી દ્રવ્ય હરણ કરે છે, પોતાના ધણીને એ બાતર નુકશાનમાં નાંખે છે તથા પોતાના ધણી પરત્વે બજાવવાની ફરજો માને ધર્મોમાં ચુકે છે.

૪ એકજ માતપિતાનાં તથા કુટુંબના સંતાન તેમજ એકજ જાતિનાં એકજ ગામના તથા એકજ દેશના મનુષ્ય એક બીજા સાથે દ્વેષ તથા કલેશ કરે છે.

૫ આપણા કુટુંબમાં જાતિમાં કે દેશમાં કોઇ પુરૂષ સારો ઉડેલો હોય તો તેને આપણી શુભ ઇચ્છાનું બળ અગર એવું બીજાનું કહાડી તેને જરૂરીનું સાધન આપણે પુરૂ પાડી શકતા હોઇએ તે આપી તેને આગળ વધારવાને બદલે તેનો દ્વેષ કરીએ છીએ.

૬ કોઈ વિદ્યા અગર મંત્ર અગર ઉપચાર જેવા પ્રયોગો કરી ઘણા મનુષ્યના જીવનો બચાવ થઇ શકે છે તે વિદ્યા મંત્ર અગર ઉપચાર કોઇ યોગ વિષયને નહીં બતાવતાં તેનો નાશ થવા દે છે, અગર જીવ લેવા માટે ઉપયોગ કરે છે.

૭ ધર્મ તથા મત પંથોના અધ્યક્ષો પોતાની મોજ શોખ પુરી પાડવા અનેક શિષ્યોનો વર્ગ બાંધી તેમને ધર્મનું રહસ્ય યથાસ્થિત નહિ સમજાવતાં પોતાની સેવા કેમ કરવી તે ઉપર વિશેષ લક્ષ અપાવી દ્રવ્ય હરણ કરે છે.

૮ આપણા દેશનો માલ ખડબચડો સફાઇ વગરનો તથા કીંમતે ભારી અને પરદેશનો માલ સફાઇદાર તથા કીંમતે ઓછો એ પ્રમાણે નફા લેવાનો હીસાબ દોરી પરદેશનો માલ ખરીદ કરીએ છીએ.

ઉપર બતાવેલી ખામીઓ દુર કરવાનો પ્રયાસ કરી તેમાં પાર પડીશું તો એક મહાન કાર્ય યાને શક્તિ પ્રાપ્ત કર્યા બરોબર છે. એ પ્રયાસ માત્ર વાંચી રાખવાથી થવાનો નથી. જેને જે લાગુ હોય તે તત્કાળ એ ખામી દુર કરવા આગ્રહ લેશે. તો તેમાં કાંઈ નુકશાન વેઠવાનું નથી. પણ આખરે તેમાં જય મળવાનો છે. તાત્કાળ બીજાએ એ વસ્તુ ઉપર ચડાવેલા ઓપની માફક છે. ઓપ ઉડી ગયે વસ્તુ મુળ સ્વરૂપે દેખાય છે, માટે પ્રિયબંધુઓ એવા જુદા રૂપો ઉપર મોહિત થશો નહીં. બંગાળાના વતનીઓ જે વસ્તુ પોતાના દેશમાં પ્રાપ્ત થયેલી તેને તિરસ્કારની નજરે જોતા હતાં. તથા પરદેશમાં ભભકા દાર વસ્તુથી મોહીત થઇ તેની ખાતર પોતાનું સર્વધન ખરચતાં હતા તેજ વતનીઓ પોતાના દેશની નિર્ધન અવસ્થા જોઈ તે સર્વ હાનો ત્યાગ કરી આપણાં દેશની વસ્તુઓ હજુ બરોબર વાપરવા જેવી સ્થિતિમાં નહીં આવ્યાં છતાં તેનો સ્વીકાર કરે છે તે શું બતાવે છે ! એ માત્ર પોતાના દેશની દયા એ. તેમની દેશ દાઝનો જુસ્સો આ ભરતખંડના એક નાકાથી બીજા નાકા સુધી પસરી ગયો છે. દયા જનકના હૃદય ભેદી કહાડયા છે, તેમની જે શુભ ઇચ્છા તે માર્ગમાં મુકાઈ ગઇ છે.

કેટલાક પુરૂષો જેઓને ટીકા કરવાને સારો અભ્યાસ હોય છે તેઓ કોઇ આવા કાર્ય પાછળ ટીકા કરવામાં પાછા હઠતા નથી. તેઓ માત્ર દોષ ના ભરેલા જોથી દોષની દૃષ્ટિએ જોયા કરે છે. લાંબી નજર પહોંચાડી વિચાર કરતાં હોય તો તેમાં છેવટે કઇ લાભ દાયક છે. તે જણાઇ આવશે.

આપણે જાણીએ છીએ કે કેટલાક સાધનો ની ખામીને લીધે આપણા હાલના વિચાર હજુ કોઇ દરજ્જે અપકવ હશે. અને તેવાં હોય તેમાં નવાઇ જેવું નથી. આપણા ઉપર રાજ્ય સત્તા રાજ્ય ચલાવે છે, તેમણે પોતાનું રાજ્ય બરોબર ચલાવવા સારૂ કાયદા બાંધનાર મંડળ રચાયેલાં છે. તેઓ અમુક મુદત સુધી વિચાર કરી કરી પછી અકેક કાયદો પસાર કરે છે એક કાયદો અહાર પ્રસિદ્ધમાં આવતાં પહેલાં વિદ્વાનો તે ઉપર પોતાના સુધારા કરે છે તે સુધારાના ઉપર ફરી વિચાર થઈ નક્કી કરવામાં આવે છે, ત્યારપછી છપાવવા હુકમ થાય છે આ પ્રમાણે બહુજ પ્રકારે જોવામાં આવે છે છતાં પણ કેટલાક સુધારા તથા હીસાબી સંબધીના કાયદા પ્રસિદ્ધ થયા પછી તેના ઉપર બીજા કુક મુદતમાં સુધારા ઉપર સુધારા નીકળ્યા જાય છે. તે સુધારા એટલા બધા વધી જાય છે કે જૂને તે ચોપડી ઉપર જોંટાડવાથી જેમ કોઇ બેલ્લા વસ વાળી સ્ત્રી જરા ચાલવા જાય છે કે તેની કચ્છ જેમ ફાટ ફાટ થાય છે તેમજ તે ચોપડી ઉઘાડવામાં આવેથી જાણે ફાડી જશે એવી ભીતિ રહે છે.

પ્રિયબંધુઓ આવી લાંબા કાળથી ચાલી

આવેલી રાજ્ય સત્તા જે અનેક અનુભવીના અનુભવ લઈ પુસ્તકો ભરાર પાડે છે તેમાં જ્યારે આવી ખોટ જણાય છે તો પછી આપણો જેવાની યોજનાઓ આમી વાંણી હોય તેમાં શી નવાઇ ! માટે એવી ખામીઓ વિષે વિચાર કરી દયાની મર્યાદા ટુંકી નહીં કરતાં એ પ્રફુલિત કેમ થાય તે તરફ વિશેષ લક્ષ રાખતા રહેવું એ આપણી મુખ્ય ફરજ છે.

આ દયાની જે મહાન મર્યાદા હતી તે સંકોચ થતી ટુંકી થઇ છે. તેને હવે ધીમે ધીમે વિસ્તારમાં મુકવાનો છે આપણે મનુષ્ય ટુંકી ટુંકી બાબતમાં ઘણાજ અલક્ષ હોઇએ છીએ ટુંકી ટુંકી અને નહાની નહાની બાબતથી જો બધવા કરીશું તોજ આગળ જતાં કલેહમંદ થવાનો સંભવ રહે છે. માટે પ્રથમ આપણે આપણો કુટુંબ ઉપર દયાનો ભાવ કેમ વિસ્તારવો તે યોજના શોધી કહાડી. તેને કર્મ માર્ગમાં મુકવી. એક એક કુટુંબમાં જ્યાં આપણી દયા બરોબર સામાન્ય પ્રમાણે કામ કરતી થયલી જણાય કે બીજા કુટુંબો સાથે તેનો ઉપયોગ બજાવવો. પછી એક સમગ્ર ન્યાત થતાં પછી દેશ ઉપર તેનો ખરો ઉપયોગ કરવો. એમ થતે આખી પૃથ્વી એ એક આપણું કુટુંબ રૂપ થઇ પડશે એજ ટોચ ઉપર જવું આપણ મનુષ્યનું મુખ્ય કર્તવ્ય છે.

દયાનું મૂળ સ્વરૂપમાં લય થવું.

૧. દયા એ એક નિર્મળ અરૂપ છે. ગંગા નદીમાં સ્નાન કરનાર પુરૂષ જેમ પાપમાંથી મુક્ત થાય છે તથા શરીરે સ્વચ્છ થાય છે તેમ દયાના ઝરણામાં સ્નાન કરનાર પુરૂષ ક્રોધાદિક વિકારોથી મુક્ત થાય છે.

કોઇ માણસની નિંદા, અવગણના અથવા તિરસ્કાર કરવામાં આવે અથવા કોઇના ઉપર ક્રોધ કરવામાં આવે, અથવા કોઇનું અકલ્યાણ ઇચ્છવામાં આવે, તો "ઇશ્વર સર્વ પ્રાણી માત્રમાં રહેલો છે." એ વાક્યનો તિરસ્કાર કર્યો એમ કહી શકાય. માત્ર એટલુંજ નહીં પણ સર્વ ભૂતોમાં રહેલા ઇશ્વરનો પણ તિરસ્કાર કીધો એમ નિશ્ચય છે. આ ઉપરથી ઇશ્વર ઉપર આપણો કેટલો પ્રેમ તથા ભક્તિ છે તે જણાઇ આવે છે. ઇશ્વર એ પૂર્ણ દયાનું રૂપ છે. એમાંથી એ શક્તિ નિરંતર દ્રવ્યાજ કરે છે. આવા વિકારી યાને પ્રતિકુળ પ્રવાહે કરી દયાની શક્તિ જો કે નિરંતર વહ્યા કરે છે તો પણ જેમ દીવેલના કોડીઆમાં પાણી પડવાથી દીવો જેમ બુજાઇ જાય છે તેમ તે શક્તિ પૂર્ણ પ્રકાશ આપી શકતી નથી.

પ્રાણી માત્ર તરફ દયાના વિચારોનું નિરંતર સેવન કરવાથી આપણે પરમાત્માના નિકટ સંબંધમાં આવતા જઇએ છીએ અને તે શક્તિનો લાભ મેળવવા યોગ્ય થતા જઇએ છીએ.

૨ દયા એ ઘીના જેવો નરમ પદાર્થ છે સૂર્ય અથવા અગ્નિનો સ્પર્શ થતાં ઘી પીગળી જાય છે અને ઠંડી પડે પાછુ ફરી જાય છે તેમ બીજા મનુષ્ય અગર પ્રાણીને દુઃખી જોઇ તે મનુષ્યનું હૃદય પીગળી જાય છે અને તે મનુષ્ય અગર પ્રાણી દુઃખમાંથી છુટે છે ત્યારે તેની ઠંડકથી તે ઠરે છે

૩. દાકાની મલમલ જેવી સુક્ષ્મ તંતુઓની બનેલી વજનમાં હલકી તથા વિસ્તારમાં મોટી હોય છે તેજ પ્રમાણે દયા પણ ઘણાજ સૂક્ષ્મ પરમાણુઓની તથા ઉંચા ગુણોનાજ બાપથી બનેલી વજનમાં હલકી અને વિકાશમાં ભરપૂર છે. મલમલ જેમ કુમાશમાં નરમ છે તેમ દયા પણ એક ઘણોજ નમ્ર ગુણ છે. કેટલાક પુરૂષો એમ જાણે છે કે ઇશ્વર પોતાના દાસનો દાસ છે. તો આપણ મનુષ્યોએ પણ આ ભૂમંડળ ઉપરે વસનાર મનુષ્ય તથા પ્રાણીની તે પ્રમાણે

સેવા કરવી જોઇએ. એ પ્રમાણે સેવા કરવી મહાન વિકટ છે છતાં એ પોતાનો હેતુ કેટલેક કેટલેક અંશે પાર પાડવા કેટલાક પુરૂષો ધર્મોક્ષયો ખંધારી તેમાં પેસવાના દ્વાર આગળ જડેલા પથ્થર ઉપર પોતાની છબી કોતરાવી તે ઉપર મનુષ્યો પગ મૂકી ધર્મોક્ષયોમાં જનઆવ કરે અને પોતાની છબી ઉપર પગ મુકે એ પગ પોતે સર્વના પગની રજ સમાન ગણી આનંદ માને છે.

૪ દયા એ એક પ્રકારની પ્રેમ બતાવનારી શક્તિ છે. ઘરની અંદર જેમ હવા બહારથી અંદર આવે છે અને અંદરથી બહાર જાય છે. તેમ આ પ્રેમ આ દેહમાંથી બહાર અન્ય દેહોમાં પ્રવેશ કરે છે અને અન્યનો પ્રેમ આ દેહ તરફ ખેંચાય છે.

આ દયાની વૃત્તિ કોમળતા તથા સમાન ભાવની વૃદ્ધિ કરે છે અહંતા મમતા તથા દ્વેષનો નાશ કરે છે. અન્યના સુખે સુખ તથા અન્યના દુઃખે દુઃખ માને છે. પોતાના ઉપર દુઃખ, વિપત્તિ આવી પડે તો કર્મના નિયમ પ્રમાણે આવ્યા થાય છે એમ માની સંતોષ રાખે છે. તેને કોઇ પણ પ્રકારે ક્ષોભ થતો નથી. સર્વ જીવનો તે સ્નેહી થાય છે. ભગવત ગીતા અધ્યાય ૬ શ્લોક ૨૯.

सर्व भूतस्थमात्मानं सर्व भूतानि चात्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥

એ પ્રમાણે તે પુરૂષ સર્વ જીવોમાં માત્ર આત્માનેજ દેખી રહે છે, જેથી હાનિકારક અથવા હિંસક પ્રાણી પણ તેના પ્રેમના દાસરૂપ થઇ રહે છે. દ્વેષની લાગણીનો જ્યાં અભાવ ત્યાં વૈરભાવ હોયજ ક્યાંથી. આપણ આપણામાં વૈરભાવથી વિશ્વાસ ઘટે છે. જેઓમાં આ પ્રમાણે જ્ઞાન હોય છે તેઓને કોઇ પણ પ્રકારની હાનિ થવાની ફીકર રહેતી નથી. તેમ નહી હોય તો ઋષિ મુનિઓથી જંગલમાં રહી શકાય નહિ. અંધારી રાત્રીએ નિડરપણે ફરી ફરી શકાય પણ નહીં.

આ પ્રમાણે જે પુરૂષે પોતાનામાં દયાની મર્યાદાનો વિસ્તાર તમામ ભાગ ઉપર ફેલાવી દીધો છે તે પુરૂષ.

ભગવત ગીતા અધ્યાય ૭ શ્લોક ૨૭.

प्रशांतमन संवेनं योगिनं सुखमुत्तमम् ।
उपैति शांतरजसं ब्रह्मभूतमकल्मषम् ॥

ઉપરોમાં ઉચું સુખ પ્રાપ્ત કરી એ દયા સર્વ વ્યાપક ઇશ્વરમાંથી નીકળેલી પાછી તેમાં લય થાય છે.

॥ ૐ ॥

શાંતિઃ શાંતિઃ શાંતિઃ

સભાવત.

લખનારઃ—મિ૦ બાપુજી દીનશાહજી પેજીકુદાર.

"દયા ધરમકો મૂળ હય, પાપ મૂળ અભિમાન."

"તુલસી દયા નહિં છાંડીએ, જબ તક ઘટમેં પ્રાન."

તુલસીદાસે.

"સભાવત" આ શબ્દ પૂર્વ દેશના લોકોનો મુદ્રાલેખ છે. આ મુદ્રાલેખને અનુસરી પૂર્વ દેશની જુદી જુદી પ્રજાઓ, જેવીકે હિન્દુ, પારસી, મુસલમાન વગેરે કોમો, પોતીકા વ્યવહારમાં

ચાલેછે, આપણો પૂર્વ દેશ, પશ્ચીમ કરતાં, ઘણી બાબતોમાં પછાત છે, પણ દયા, દાન, ધર્મ, ઇશ્વરી માર્ગ અને નીતિની બાબદમાં, પશ્ચિમ કરતાં, ઉંચ સ્થાન ભોગવે છે.

પશ્ચિમ દેશ વિદ્યા, સાયન્સ, એનજીનીયરીંગ અને બીજી જુદી જુદી કળાઓમાં ઘણો આગલ વધેલો છે, પણ નીતિ અને ધર્મની બાબદમાં પૂર્વ પશ્ચિમ પર સરસાઇ ભોગવે છે.

આ વિચારનાં ટેકામાં આપણે એક દાખલો તપાસીશું: આ જગતમાં જુદી જુદી પ્રજાઓને ઇશ્વરી માર્ગ દેખાડનારા ધર્મ મહાત્માઓ અને પયગંબરો, જેવા કે અશો જરથોસ્ત સાહેબ, હજરતમહમદસાહેબ, જીજસ ક્રાઇસ્ટ, શ્રી રામચંદ્રજી અને મહાત્મા ગૌતમ બુદ્ધનું સ્થાન પૂર્વ દેશજ છે તેથી પૂર્વ અને પશ્ચિમના ગોડાણમાંજ એકમેકનું હિત સમાયલું છે.

ખુદાએ જેઓને ધન સંપત્તિ અને ઉંચ સ્થાન આપ્યું છે, તેઓથીજ આ જગતમાં સારાં કામો થાય છે. કારણ પૈસારૂપી શસ્ત્ર વગર એકપણ પરમાર્થિક કાર્ય થઈ કેકે નહિ. જોકે વાચા અને સત્ય કર્મોથી પણ પરોપકાર થઇ શકે તેમ છે.

લંડન, ન્યુયોર્ક, મુંબઇ, કલકત્તા અને બીજામોટાં શેહરોમાં, સાર્વજનિક હિતના બાતાંઓ જેવાં કે યુનીવર્સીટીઓ, કોલેજો, સ્કુલો, હોસ્પીટલો, આંધળા, લુલાં લંગડાંઓ માટેનાં આશ્રમો અને એવાંજ જનસમાજના હિતના બાતાંઓ, શ્રીમંતોના પૈસાના પ્રતાપથી બીજો છે.

અમેરિકાના મહાન પુરૂષ, કુબેર જેવા શ્રીમંત મી૦ એનડ્રુ કારનેગીએ પોતે મેળવેલી દોલતનો સદુઉપયોગ, પોતીકા દેશીઓના સુખ કાજે ફ્રી કોલેજો, સ્કુલો, દવાખાનાઓ અને લાયબ્રરીઓ સ્થાપી કીધી છે, તો આજે અમેરિકા, બીજા સુધરેલા દેશોની હરોળમાં બીરાજે છે તે આવા પરોપકારી પુરૂષના કાર્યનેજ આભારી છે.

આપણી પવિત્ર ભારતભૂમિ, પરોપકાર અને સખાવતી કામોથી દુનીયાના બીજા દેશો અને પ્રજાઓમાં ઉંચ સ્થાન ભોગવે છે.

પણ ઘણીક વખતે સખાવત, સારે માર્ગે નહિ ખરચતાં બીજા ભલતાજ માર્ગે ખરચવાથી આલસાઇ, દરિદ્રતા અને ગરીબાઇ વધે છે.

આપણા દેશમાં રૂષ્ટ પુષ્ટ, વહેરે તો અગ્યાર પાડીયાં પડે તેવા ફકીરો અને પાંખડી સાધુઓને દાન આપી પાળવાથી, દેશની દરિદ્રતામાં વધારો થયો છે.

આ પાખંડી ફકીરો અને સાધુઓની એક મોટી ફોજ, જો પોતીકાં હાડકાં રોળી ઉદ્યમી બની, આ સંસારમાંજ રહી, સંસારના મોટાં કામો પર, વૈરાગ્ય લાવે, તો ઘણે અંશે દેશની ગરીબી કમી થાય.

કારણ આવા માણસો દેશનો પૈસો ખાનારા છે, તેથીજ ગરીબાઇ વધી ગઇ છે, આ વાતને અર્થ શાસ્ત્ર ટેકો આપે છે.

ખરી સખાવત અને ખરૂં પૂણ્ય આંધલા લુલાં લંગડાં અને નાચારોને પાળનારાજ જે આશીર્વાદ મેળે છે, તે પરમાત્માને પણ મંજુર છે, કારણ એવા નાચારોનોજ, પૈસાદારના પૈસા પર હક છે.

જે વીર પુરૂષો પોતીકું સર્વસ્વ ત્યાગી, પરોપકારી બાતાંઓ નીભાવે છે, અને જેઓ એવાં સત્યકામ કરનારાઓને મદદ આવે છે, તેઓને ધન્યવાદ ઘટે છે આવી રીતે મદદ કરવા-થીજ પુણ્ય મળે છે.

દરેક માણસની પવિત્ર ફરજ છે કે આવાં પરોપકારી ખાતાંઓ ચલાવનારા સત્યાગ્રહી પુરૂષોને યથાશક્તિ મદદ કરવી, કે જેનો બદલો પરમાત્મા આપ્યા વગર રહેતો નથી.

આપણા દેશમાંના મહાન દાનવીર અને પરોપકારી પુરૂષોના દાખલા લઇએ. પહેલા બારોનેટ સર. જમશેદજી જીજીભાઇ, પહેલા સર દીનશાહજી પીટીટ, મરહુમ દાનવીર મી૦ શેઠ જમશેદજી તાતા, હૈદરાબાદના મર્હુમ નીઝામ મીર મહેબુબઅલી ખાન, કલકતાવાળા ડૉ. રાસબિહારી ઘોશ, પંજાબવાળા દેશભક્ત વિરલા લાલા લજપતરાય, સુરત અશક્તાશ્રમના ઉમંગી પુરૂષ અને મરહુમ મી. બેરામજી મલબારી એઓએ પોતાના પૈસા અને ભગીરથ પ્રયત્નથી દેશનું દરિદ્ર કમી કીધું છે, તેઓ હમેશને માટે અમર છે.

પ્રભુ આવા વીર પુરૂષોને પોતાની મીલકત સમાન ગણે, તે વાજબીજ છે. ખુદા નૌને સુમતિ આપો, કે જેથી દેશનું દરિદ્ર કમી થાય.

મર્હુમ સાક્ષર મી. ડાહ્યાભાઇ પોળાજીએ એવા વીર પુરૂષોની પ્રશંસા કીધી છે તે વાજબી છે.

"જતે સુખ જેને તજી રાખ્યાં કડાં નામ"

"પરોપકારી પુરૂષને, લાખો વાર પ્રણામ"—"વીણા-વેલી"

ખાવું, પીવું અને મજહ કરવી એવું કેટલાકોનું માનવું છે તે ભૂલભરેલું છે, આ મનુષ્ય દેહ એવાં એકલપેટાં કાર્ય માટેજ નહિ, પણ સદ્‌ગુણ અને પરોપકારી કાર્યો માટેજ છે.

સુખની શોધમાં ફરનારા, દરેક માણસે આ સુવાક્યલેખ પોતાના અંતઃકરણમાં કોતરી રાખવો જોઇએ "સુખ તેને છે, કે જેનાથી સુખ બીજાને છે"

આ પ્રમાણે આપણે વ્યાવહારિક રીતે ચાલશું તો સુખ અને સંપતિ આપણીજ મીલકત થશે.

વ્હાલા "સત્સંગ" ના ઉમંગી વાંચનાર, છેવટના બે બોલ. તમારી શક્તિ મુજબ **ડૉ૦ દીનશાહજી ઈદલજી બેહરામના આ અંશક્તાશ્રમને, પોતાની શક્તિ મુજબ દાન આપશો તો તેના આશીર્વાદ ઘણા મળશે.**

—મુનશી "તાલીમ" ની નીચલી ચોપડીનો ટાંકી વ્હાલા વાંચનાર તમારી રજા ચાહીશ,

"દુનીયા સારી સમજને જુઠી, જુઠા સબ સંસારે"

"કાયા જુઠી માયા જુઠી જુઠા સબ વ્યવહારે"

સ્ત્રી કેવી જોઇએ!

મારે આજકાલના સુધરેલા વિચારથી ભરેલી સ્ત્રી જોઇએ છે. પરંતુ જો તે અમારા પુરાણા કાળની સંચિત થતા આવેલા સ્ત્રીઓના ગુણોને તજી કેવળ નવા રંગઢંગથી ચાલનારી હોય, તો નથી જોઇતી.

અમારે એવી સ્ત્રી જોઇએ છે, કે જે "**भोज्येषु माता, शयनेषु रंभा, कार्येषु मंत्री, वचनेषु दासी** હોય."

"વળી એવાજ સ્પૃહણીય ગુણોથી તો પુરાતન કાળની સ્ત્રીઓના સદ્‌ગુણો પોતાના અંગમાં સીંચી એમાં અધિકાધિક વૃદ્ધિ કરનારી તથા સફળતા પ્રાપ્ત કરનારી હોય."

"ભલી અને વિવેક શીલ માતા થવું એથી અધિક સ્ત્રીત્વ બીજી કશી વાતમાં નથી. પરંતુ એવી માતા બનવાને ઘણુંજ ચાતુર્ય અને સ્વાર્થત્યાગની જરૂર પડે છે."

"પુરૂષોના કાર્યની કૃતકાર્યતા, સ્ત્રીને સંસારને યોગ્ય સ્ત્રી અને પુત્રને સંસારને યોગ્ય પુત્ર બનાવવામાં છે. આ સાધન એમણે પ્રથમ સાધવું જોઇએ. એ પછી જે કરવું હોય તે કરે."

ધીઓડોર રૂઝવેલ્ટ (અમેરિકાના ભાજી પ્રમુખ.)

(ગતાંકથી ચાલુ)

અમીના.

લેખકઃ-મિ૦ દીવાન

ત્રયોદશ-પરિચ્છેદ.

ગર્મીની ઋતુ છે. પૂર્ણિમાની રાત્રિ છે. નીલાકાશ મંડલમાં પૂર્ણિમાનો ચંદ્ર પૂર્ણ કલા ફેલાવી હસી રહ્યો છે, ચંદ્રમાના હસવાથી હવે પૃથ્વીની સૌ દિશાઓમાં ઉજ્વળતા પ્રસરી ગઇ છે. રાત્રિનું અંધારૂં આવા હસવાનાં મોજાંમાં કેમ રહી શકે ? ચંદ્રમાના હસવા સાથેજ અંધારૂ કોણ જાણે કયા ખૂણામાં જઇ ભરાઇ ગયું ! પણ હું એક વાત પૂછું છું, ચંદ્રમા આજ આટલો કેમ હસી રહ્યો છે ? ચંદ્રમાની ચાંદની રાધાની કોટડીની અંદર ગઇ છે. એટલી ચાંદની ભરાઇ ગઇ છે કે ચાંદનીની લહેરોમાં તેનું બિછાનું હુબી ગયું છે અને તે લહેરો પર રાધા હવે પોતાના પતિ, પુત્ર અને પુત્રી સાથે તરી રહી છે ! પરંતુ તે સુન્દર ચાંદનીમાં હુબેલા બિછાના પર તરફડી રહી છે. તેથી શું આજ ચંદ્રમા આટલો હસી રહ્યો છે ? અરેરે !

ચંદ્રમા તમો તમારૂં તેવું હાસ્ય પોતાને ને ચાંદનીને સંતાડી રાખો. ને તમો આજ એટલું હસશો, અથવા એટલી ચાંદની ફેલાવશો તો એક તો તમને કલંક લાગ્યું છે, તેના ઉપર બીજા કલંકનું ધાબુ તમને લાગી જશે; તે કલંકને કેમ ઢાંકશો ? પોતાના પતિ, પુત્રોની સાથે રહેવા છતાં પણ તે અબળા તમારી કોમળ ચાંદનીમાં પડીને પણ તરફડી રહી છે, તેના હૃદયમાં શું થઇ રહ્યું છે ? તે તમો જાણતાં તમારૂં પથ્થર જેવું હૃદય તે બિચારીના દુઃખથી પીગળી જતું હોત તો તમારાથી આટલું હસાત નહીં !

રાધાથી સહી શકયું નહીં, હૃદયની જ્વાળાથી ગભરાઇ એવી થઇ ગઇ. બેહોશ થતાંજ સુખદેવી પર તેની દૃષ્ટિ પડી, આજ સુખદેવીનું તે હસતું, ફૂલ સમાન વિકસેલું મુખડું, કુમળાઇ ગિમળાઇ ગયું છે. રાધા સૌ કંઇ સહી લે છે, પરંતુ સુખદેવીનું સુકાઇ ગયેલું મુખ તેનાથી જોઇ શકાતું નથી. આજે ભોજન શિવાય પ્યારી કન્યાનું મુખ સુકાઇ ગયું છે. તેજ વાત અકસ્માત તેના મનમાં ઉદય થવા લાગી, આ વાતની શુદ્ધિ આવતાંજ માતાના પ્રાણ કેવા વ્યાકુલ થવા લાગ્યા હશે, તેનું વર્ણન થઇ શકે તેમ નથી. રાધા ફરી તૃષિત નેત્રોથી સુખદેવીનું મુખ જોવા લાગી. તે કુમળાઇ ગયેલું મુખ કમલ ભયથી વધુ સંકોચાઇ રહ્યું હતું. તેની બીકનું કારણ પણ માતા જાણે છે. એક નિશ્વાસ મુકી માતાએ પુત્રીનું માથું ખોળામાં લઇ પ્રેમ ચુંબન લીધું. તે નિશ્વાસ અને ચુંબન સાથેજ તેના હૃદયનું એક બંધન પણ તેજ. ક્ષણે તૂટી ગયું. ગાંડીની દૃષ્ટિ બીજી તરફ દોડી ગઇ. તે દૃષ્ટિએ શું તેનું છે ભાસતું અજ્ઞાન બાળક નિદ્રાથી અચેત પડયું છે. આજ તે ઘણું રડયું હતું. બહુ રડવાને લીધે હજુ પણ તે નિદ્રામાં હુસકાં ખાય છે. આટલા જ્ઞાનકડા બાળકમાં આટલો ભય કયાંથી આવી ભરાયો હશે ? માતાએ પુનઃ એક નિશ્વાસ મૂકયો. માતાએ પણ તે બાળકનું સુંદર પણ અત્યારે ફીકાશ મલિન થયેલું મુખ

ચુંબી લીધું. આ વખતે પણ તે નિશ્વાસ અને ચુંબન સાથે તેના હૃદયનો એક બંધ તૂટી ગયો. માતાએ ફરી પુત્ર તરફ ન જોયું. હવે તે બીજી તરફ જોવા લાગી તે તરફ તેણે શું જોયું ? જોયું—તેના આ લોકના સાક્ષાત્ દેવતા, તેના પરલોકના મુક્તિદાતા સ્વામી, તે વખતે પણ નશામાં અચેત પડ્યા છે. રાધા ઉભી થઇ તે નિર્દય નરપિશાચનાં ચરણો પકડી બોલવા લાગી–"સ્વામિન્! મારા સૌ અપરાધ ક્ષમા કરો. હું આજ જે કામ કરવા જઉં છું, તમો તેને ક્ષમા ન કરો તો બીજું તેના પાપથી મને કોણ ઉગારશે ? તમારી સેવા કરત તો આને ધર્મ મળત; પણ હું અભાગણી છું, મારા ભાગ્યમાં તે સુખ ક્યાં છે ? મને ક્ષમા કરો—મને ક્ષમા કરો !"

રાધાથી વધારે બોલી શકાયું નહિ, તેનો કંઠ સ્વર રૂદ્ધ થઈ ગયો. બે દીપાં આંસુ લૂછીને તેણે સ્વામીના ચરણો પર પોતાનું માથું ટેકવી દીધું.

આ શું ? રાધા ! તું આ શું કરે છે ? ગાંડી ! રે ગાંડી ! તેં કડામાં દોરડું કેમ જોરથી છે ? શું સતી નારી મનના અગ્નિથી ભસ્મ થઇને આત્મઘાત કરી રહી છે ? જે વાત વિચારવાથી પણ રૂવાંટાં ઉભાં થઇ જાય છે, જે વાતને મનમાં લાવતાંજ કંપી ઉઠાય છે, શું તેજ વાત આંખોથી જોવી પડશે ?

રાધા ! પાછી આવ–પાછી આવ ! એક વખત પાછી ફરીને આ તરફ જો ! પોતાના નરાધમ સ્વામીની તરફ ભલે ન જો .....પોતાના તે પ્રેમના પુતળાંનું જરા મુખ તો જો ! અને જેનું કુમળાયું મુખ જોઈ તારી આંખ્યો સામે અંધારૂં છાઇ જાય છે પોતાની તે પ્રાણ પ્યારી સુખદેવીનું મુખ તો જો ! જીવતી છતાં અર્ધ મુવેલી રાધામાં આટલું બળ ક્યાંથી આવ્યું ? તે તો અમો જાણતા નથી, પરંતુ રાધાએ પોતાના હાથોથી પોતાના ગળામાં ફાંસી પરોવી દીધી. રાધાએ, તે પતિપરાયણ–સાધ્વી રાધાએ હમારી વાત માની નહિં. રાધાએ કોઇનું પણ મુખ જોયું નહિં.

ઓ રાધા આ તું શું કરે છે ? જરા થોભી જા ! પરંતુ તે બોલેલી ચાંદનીમાં પતિ, પુત્ર અને પુત્રીનું મુખ જોઇને પણ તેનાથી મૃત્યુની લાલચ મુકી શકાઇ નહિં. 'મારૂં પણ હૃદય કેવું કઠિન છે. કે તેથી હું આ ભયંકર દ્રશ્યનું વર્ણન કરી રહ્યો છું. પણ નહિ, આગળ મારાથી પણ જોઇ શકાતું નથી. નથી કહી શકાતું. ઘણા અપશુકન સમયમાં મેં આ પ્રકરણ લખવું પ્રારંભ કર્યું હતું !

જોતાં જોતાં સતીના તે દુઃખ–મય જીવન પર અંતિમ પડદો પડી ગયો. સંસાર આકાશનો એક ઝગઝગતો તારો તૂટીને ન જાણે ક્યાં જઇ પડ્યો !!

ચંદ્રમાની તે સુખ-પ્રદ ચાંદની હવે નથી ! તે સમય ન જાણે ક્યાંથી એક વાદળાને ટુકડે આવીને ચંદ્રને ઢાંકી દીધો. જોતાં જોતાં ઘનઘોર ઘટાથી સંસાર ઢંકાઇ ગયું. મેઘ ગર્જના અને વજ્રનાદથી દશે દિશાઓ કંપિત થવા લાગી. સાથેજ સાથે તોફાન થવા લાગ્યું વરસાદ પણ વરસવા લાગ્યો. શું તે પ્રકૃતિનું આકસ્મિક પરિવર્તન છે–અથવા પ્રલયજ છે ?

ચતુર્દશ–પરિચ્છેદ.

સવારના સમય એક ખરાબ સ્વપ્નું જોઇ સુખદેવી ઉઠી ઉઠી– "માતા !"

પણ, ક્યાં ? માતા કયાં ગઇ ! સુખદેવી પાસે માતા તો નથી ! શું નિદ્રાના આવેશમાં માતાને જોઇ શકતી નથી ? પણ જ્યારે તે પિતા અને ભાઇને સાફ સાફ જોઇ શકે છે, ત્યારે માતાને કેમ નથી જોઇ શકતી ?

અરે ! અત્યારે તેણે એક ઘણુંજ ખરાબ સ્વપ્નું જોયું છે. અત્યારે સુધી તેનુ હૃદય ધડધડ થઇ રહ્યુ છે. માતા માટે તેનો અંતરાત્મા રડી રહ્યો છે. આ સમય સુખદેવીની માતા ક્યાં ગઇ.

વિસ્મિતા બાલિકા વિસ્મિત નેત્રોથી કોટડીમાં ચારે તરફ જોવા લાગી. યા અલ્લાહ ! આ કેવું ભયાનક દૃશ્ય છે ! બાલિકા નિદ્રિત છે અથવા જાગતી છે, શું તે હજુ પણ તેજ સ્વપ્નુ જોઇ રહી છે, અથવા ખરેખર તેની માતા તે વિભીષણ મૂર્તિથી આગે લટકી રહી છે ! સુખદેવીની બુદ્ધિ ઠેકાણે રહી નહિં. પ્રેમમયી માતાની ભયંકર મૂર્તિ સામે જોઇ સુખદેવી જોરથી રડી પડી. સુખદેવીની માતા મરી ગઇ છે કે જીવિત છે ? તે જાણવા માટે હૃદયમાં કંપતી કંપતી નેત્ર ઉઘાડી તે માતાનાં મુખ તરફ જોવા લાગી. તે સમય પણ સુખદેવીની માતા વિસ્ફારિત નેત્રોમાંથી સ્નેહના તરંગ ઉમડી રહ્યા છે. જોતાં જોતાં તેનાં ઉપર ચઢેલાં નેત્રો પણ સુખદેવીના મુખ પર આવી ઘોળી ગયાં. પરંતુ તેની લટકતી છબ્હાએ સુખદેવીને ગભરાવી દીધી. તેના પ્રાણ વ્યાકુલ થઇ ગયા. સુખદેવી ફરી ઉચ્ચ સ્વરથી રડી પડી. તે એટલા જોરથી રડવા લાગી કે નિશામાં બેશુદ્ધ મુરારીલાલની નિદ્રા પણ તૂટી ગઇ, અને નેત્રો સામે તે ભીષણ દૃશ્યને જોઇ તેજ ક્ષણ તેનો નશો પણ ઉતરી ગયો. તે આંખો ફાડી ફાડીને રાધાને જોવા લાગ્યો. પછી કોણ જાણે શું વિચાર કરી [illegible] છરી લાવી રાધાની દોરડી કાપી નાંખી અને તેને ધરતી પર ઉતારી. પરંતુ જે આશાએ નીચે ઉતારી, તે આશા કયારનીએ હવામાં ભળી ગઇ હતી. રાધાની દશા જોઇ મુરારીલાલ થર થર કંપવા લાગ્યો આ તરફ સુખદેવીના રડવા કકલવાથી આડોસી પાડોસીના કાન ફાટવા લાગ્યા. લોકોના કોનજ નહિં, સુખદેવીનું નહાનું નકકું કાલજું પણ ફાટવા લાગ્યું. તેની માતા શું તેને એકલી મુકી, કદી તેનાથી દૂર જઇ શકે તે તેણે સ્વપ્નામાં પણ વિચાર્યું ન હોતું. ઠીક, તે તેને કોઇની પાસે મુકીને ચાલી ગઇ છે ! પિતાની પાસે ! સુખદેવી. માતાને તજીને તે નિષ્ઠુર પિતાની પાસે એકલી કેમ રહી શકશે ! અને નહાના બાલકને પણ કોણ ઉછેરશે ? જે આ પાપી સંસારથી ચાલી જવાની એટલી ભારે આવશ્યકતા આવી પડી હતી, તો એકલી કેમ ગઇ, સુખદેવીને પોતાની સાથે કેમ ન લેતી ગઇ! સુખદેવીના નહાનકડા કાલજામાં તે વિચારો થવા લાગ્યા.

અને મુરારીલાલ ! ભયથી, વિસ્મયથી, આ સમય મુરારીલાલના પણ પ્રાણ વ્યાકુલ થવા લાગ્યા. જે નરાધમ પોતાની ચાલ બાજીની ગપ હાંકયા કરતો હતો, હવે તે પોતાની ગપ ભૂલી ગયો. તે ગમે તેટલો દુરાત્મા કેમ ન હોય, તે સમય તે પોતાનીજ કીર્તિને જોઇ ચકિત થઇ ગયો. જો ! પાપી જો !! કાલ રાતની તારી પૈશાચિક ક્રિયાનું ફલ જો !!! પાપીના મનમાં ભયનું વિશાળ રાજ ફેલાયલું રહે છે. મુરારીલાલ તે ભયથી વ્યાકુલ થઇ રહ્યો હતો. રાધાના મરવાથી તે તેટલો ન ગભરાયો. પોતાના પ્રાણ કેમ બચશે, હવે તેની યુક્તિ શોધવા લાગ્યો. આ સમય થાણે ખબર આપી દેવાની તેને આવશ્યકતા જણાઇ, જેથી તે વધારે વાર ન કરતાં તે રિપોર્ટ લખાવવા માટે ચાલ્યો ગયો.

ત્યારે સિપાઇઓની ધમાલ મચી ગઇ. દારોગા, જમાદાર, સિપાઇઓથી મુરારીલાલનું ઘર ભરાઇ ગયું. મહોલ્લાના સીધા સાદા ગરીબ માણસોએ પોતાનાં મકાનોનાં કમાડ બંધ કરી દીધાં. પરંતુ મુરારીલાલના ઘર સામે સડક પર માણસોની ભારે ઠઠ જામી ગઇ. તે ભીડમાં

મકાનના પણ ઘણાખરા માણસો હતા. તે પોતપોતાનામાં તરેહ તરેહની વાતો કરવા લાગ્યા. રાતના દશ વાગ્યા બાદ રડવા કુટવાનો અવાજ સંભળાતો હતો. તે વાત પણ તે લોકો કરવા લાગ્યા. મુરારીલાલની સ્ત્રીએ આત્મ હત્યા નથી કરી, મુરારીલાલેજ તેને મારી નાંખી હશે, લોક તેવું અનુમાન કરવા લાગ્યા અને તે વાતની ચર્ચા કરવા લાગ્યા. ઇન્સ્પેકટર સાહેબે પણ તેવું મકાનમાં પેસતાં પહેલાં તે વાત સાંભળી લીધી, ત્યારે ઘણી સાવધાનીથી દશે દિશાઓને કવિત કરતા કરતા જલદી પગ ઉઠાવી અંદર ગયા. પહેલાં લાશ તપાસવામાં આવી. રાધાના મૃત શરીર પર વાગવાના ચિન્હો અને વસ્ત્રમાં રૂધિર ખરડાયેલું જોઇ તેમના આનંદનો પાર રહ્યો નહિ તરત જમાદાર તરફ જોઇને બોલ્યા. જમાદાર સાહેબ? આ મામલો ખૂની જણાય છે. ગુન્હેગારને કબજે કરી લ્યો."

"જી હુકમ હજુર!" કહીને જમાદાર સાહેબે ગુન્હેગાર ખૂની મુરારીલાલને બે સિપાઇઓનીચોકીમાં રાખ્યો. ત્યારે મુરારીલાલનો પ્રાણ ગભરાવા લાગ્યો. હમો નથી જાણતા કે તેમણે મેડીકલ જ્યૂરિસ પૂડેન્સ વાંચ્યું છે, અથવા નહિં. પરંતુ રાધાના શરીરની પરીક્ષાથી તેમને આત્મઘાત કરવાનાં કોઇ ચિન્હો જણાયાં નહિં. જમાદારને પૂછવા લાગ્યા. આપને શું જણાય છે?'

જમાદાર સાહેબ વીશ વરસથી પોલિસની નોકરી કરી રહ્યા છે. તેમનાથી કોઇ વાત ગુપ્ત નહોતી. અને આ જીવનમાં તે ઘણાં આત્મઘાતોને ખૂન અને ખૂનને આત્મઘાતો બનાવી ચૂકયા છે. જોથી તે બુદ્ધિવાનની પેઠે દરોગા સાહેબના, કથનને પુષ્ટિ કરતાં બોલ્યા "હા, હજુર! આ સ્ત્રીનુ જરૂર ખૂન કરવામાં આવ્યું છે"

દારોગા સાહેબ ઘણાજ ખુશ થયા. આઠલા દિવસો બાદ આજ ખૂની મુકરદમો હાથ લાગી ગયો છે. જો આ ખૂનમાં મુરારીલાલને ગુન્હેગાર બનાવી શકશે તો મામલો ફતેહ થઇ જશે. તે કામ કરવા માટે તનિક સાવધાન થઇ ચિંતા કરવાની આવશ્યકતા છે, તે તરફ મકાન બ્હાર ઐવી ભીડ થઇ હતી, અને એટલી ઘૂમરાણ થઇ રહી હતી, કે કંઇ વિચાર કરી મતલબ ગઢી લેવી તે સહેજ ન હોતું. નારાજ થઇ સિપાઇઓને કહ્યું" સૌ લોકોને હઠાવી દ્યો"

ત્યારે સિપાઇજી હાથમાં ડંડો લઇને ભીડમાં કુદી પડ્યા. માણસો જોને જેમ ફાવ્યું તેમ નાસવા લાગ્યા, સિપાઇરામ રણક્ષેત્રમાં વિજય પ્રાપ્ત કરી ઘણા આનંદથી ફરી મકાનની અંદર ઘૂસી ગયા. અને સિપાઇના જવા પછી તરતજ લક્ષ્મીહીન વીરપુરૂષ તે જગ્યા પર જોગા થઇ ગયા. (અપૂર્ણ)

લાયબ્રેરિમાં સંગ્રહવા યોગ્ય

અમારે ત્યાં મળતાં ઉત્તમ પુસ્તકો.

૧ રાજયોગી અને પરમાર ધારાવર્ષદેવ ભા. ૧-૨ (ઐતિહાસિક અતિઉત્તમ નવલકથા) કિ. દરેક ભાગની રૂા. ૨-૦-૦
૨ દેવી અરૂણ અને ચિતોડની પુનઃપ્રાપ્તિ. (ઐતિહાસિક નવલકથા) કિ. રૂા. ૧-૮-૦
૩ સુકવિ સમિતિ. (પ્રહસન) રૂા. ૦-૪-૦
૪ રામવિયોગ. (બોધપ્રદ નાટક) ૦-૧૨-૦
૫ ચતુરમણિ રામાયણ (સરળ ભાષામાં રસિક કાવ્ય) ૦-૪-૦
૬ શાંત અને સાદું જીવન (મનન કરવા યોગ્ય નિબંધ) ૦-૪-૦
૭ આવતી કાલનું મોતમ-(આળસુઓને ઉપયોગી) ૦-૨-૦
૮ અહિંસા પ્રથમો ધર્મ. ૦-૨-૦
૯ સરસ્વતી (એક નાની પ્રેમકથા) ૦-૨-૦

લખોઃ-સત્સંગ ઓફીસ; ઓબાળરોડ-સુરત.

પરલોક ગત મહાત્મા

બુકર ટી. વૉશિંગ્ટન.

જે મહાપુરૂષનું જીવન ચરિત્ર તેની હયાતીમાંજ દુનીઆની સર્વ ભાષામાં નાના મોટાં પુસ્તકો તથા માસિકોમાં લેખ રૂપે પ્રકટ થઇ ચૂકયું છે, જેના નામ તરફ આજે સમસ્ત દુનિઆ ઘણા પ્રેમ ભરી દૃષ્ટિથી જુએ છે. તે **મહા પુરૂષ બુકર ટી. વૉશિંગ્ટન આજે આ સંસારમાં નથી.** આપણા દેશની હીંદી, મરાઠી, બંગાળી વગેરે બધી ભાષામાં એ મહાત્માનું ચરિત્ર આલેખાયલું છે. તેમજ આપણી ગુર્જરીગિરામાં પણ એમનું ચરિત્ર પુસ્તક રૂપે તેમ માસિક પત્રોમાં લેખ રૂપે પ્રકટ થઇ ચૂકયું છે.

બુકર ટી વૉશિંગ્ટનના પુનિત આત્માનો ગઇ તા૦-૨૭ મી નવેમ્બરને દીને આ અસાર સંસારમાંથી નાશ થઇ ગયો છે. અમેરિકાના અસભ્ય હબસીઓને એક મહાન જાતિમાં પરિણુત કરનાર એ મહાપુરૂષ અજ્ઞાત પિતાથી એક દાસીનું સંતાન હતું. એમનો જન્મ એક નાની સરખી ઝુપડી (Log Cabin) માં સને ૧૮૫૮માં અમેરીકાના વર્જનિયા પ્રાંતમાં થયો હતો. જે વખતની આ વાત છે. તે વખતે જોકે અમેરિકા સ્વતંત્ર થઇ ચૂકયો હતો, પરન્તુ એમણે પોતાને આધીન હબસી આદિ જાતિઓની સાથે એઓ પોતા જેવાં મનુષ્ય છતાં જનવરોના જેવો વર્તાવ કરતો છોડયો ન હતો.

બુકરની માતા એક ધનાઢય અમેરીકનની ખરીદ કરેલી દાસી હતી. અને તે પોતાના માલીકના અન્ય નોકરો માટે રસોઇ બનાવવાનું કામ કરતી હતી. એ બીચારી પાસે રહેવાને માટે રસોડાંના બપરડાનો એક ખૂણો અને સૂવાને માટે જમીનપર જૂના ચીથરાંની એક ગોદડી હતી. ટાઢના દિવસોમાં સેંકડો છિદ્રોમાંથી હવા આવી એને દુઃખી કરતી હતી. તેમજ ગરમીમાં સૂર્યના તાપ ઉપરાંત ચૂલાની ગરમી પણ તેને ખૂબ સતાવતી હતી. બાળક બુકર બાર વર્ષની ઉમરનો થયો ત્યાં સુધી માથા પર ટોપી પરમાત્માએ કાળી ચામડી વાળા બુલામોને પહેરવાને માટે બનાવી છે કે કેવળ સફેદ ચામડી વાળા માલીકોને માટે તેટલું પણ સમજી શકયો ન હતોઃ આ પરથી સહેલાઇથીજ અનુમાન કરી શકાશે કે એનો સંસાર કેટલો દરિદ્રાવસ્થામાં હતો. એક વારબાળક બુકરે પોતાના માલીકની પુત્રીઓને પુરી ખાતા જોઇ બીચારાના મ્હોંમાં પાણી ભરાઇ આવ્યાં. તેના મનમાં પ્રથમ વિચાર ઉદ્‌ભવ્યો તે એજ કે આવી રીતે પુરી ખાવાની જે દિવસે મને મળશે તે દિવસથી વધારે ઉજળો સુખી દહાડો મારે માટે સંસારમાં બીજો કોઇ પણ હશે નહિ.

બુકરનું બાળપણ ખેતરોમાં કામ કરતાં અને બાગોમાં ઝાડું કહાડતાં વીત્યું. જરા મોટી ઉમર થતાં માલીકોના બાળકો વખતે બાબીઓ ઉરાડવાના કામ પર તેની નિમણુક થઇ વાંચવા લખવાનો તો તેના મનમાં ખ્યાલજ શાનો હોય ! બુકરે સ્વપ્ને પણ ધાર્યું ન હતું કે મારા ભાગ્યમાં વાંચતાં લખતાં શીખવાનું પણ લખ્યું છે. એક બેવાર પોતાના માલિકોની ચોપડીઓ પહોંચાડવાને માટે તે ગયો, અને સ્કૂલના દરવે

એના મનમાં એ વિચાર ઉત્પન્ન કરી દીધો કે સ્કૂલમાં ભણવું એ સ્વર્ગલાભથી પણ અધિક આનન્દદાયક છે.

લગભગ એજ સમયમાં અમેરિકામાં ગુલામોને સ્વતંત્રતા આપનારા તથા ન આપનારા બને પક્ષોમાં વાગ્યુદ્ધ બાદ અસ્ત્ર શસ્ત્રનો ઉપયોગ કરવાની નોબત પણ વાગી ધમાસાણ યુદ્ધ થયું. પરન્તુ સત્યની સદા જયજય થાય છે. પરિણામ એ આવ્યું કે હબસી જાતિને સ્વતંત્ર કરી દેવામાં આવી.

સ્વતંત્રતા મળતાં બુકરની માતા પોતાના બીજા બાળકોના પિતાની પાસે માલ્ડેન નામના ગામમાં જઇ રહેવા લાગી બુકર પણ પોતાના સાવકા બાપ સાથે મીઠાંની ખાણમાં કામ કરવા લાગ્યો. સવારમાં સાત વાગ્યાથી જઇ રાતના આઠ વાગ્યા સુધી બુકરને ત્યાં કામ કરવું પડતું હતું. ભણવાની અતિશય જીજ્ઞાસા છતાં પણ એ બીચારાને લખવા ભણવા માટે વખત ક્યાંથી મળે! એથી તે બીજાં બાળકોને નિશાળે જતાં જોઇ મનમાં મુઝાયા કરતો હતો. ધારૂ એ કહેતાં સાંભળતા રાત્રિશાળામાં ભણવાને માટે એને રજા મળી. પરંતુ એવા શિક્ષણથી બુકરને સંતોષ વળ્યો નહિ. આખરે મહા મહેનતે દિવસની સ્કૂલમાં જવાની રજા એની ધણીને મળી કે તે નિશાળે જતાં પહેલા તથા પાછળ ઓ ગામમાં ઓછા ચાર કલાક કારખાનામા કામ કરવું. પરંતુ આ સૌભાગ્ય ઝાઝા દિવસ ટક્યું નહિ. એના લાવચુ સાવકા પિતાએ ફરીથી આખા દિવસના કામ પર લગાડી દીધો.

મીઠાંની ભઠ્ઠી છોડી તે કોયલાની ખાણમા કામ કરવા લાગ્યો. પણ આ કામથી તો તે અતિશય અસન્તુષ્ટ થયો. એક દિવસ એને ખબર મળી કે કાળા આદમીઓને માટે હેમ્પટન નામના સ્થાનમાં એક મોટી સ્કૂલ છે. આથી બુકરને જણાયું કે હેમ્પટનમાં શિક્ષણ પ્રાપ્ત કરતાં જતાં એની આશા પૂર્ણ થાય એમ છે. પણ ત્યાં જવું શી રીતે? એ વાતની તે રાત-દિવસ ચિંતા કરવા લાગ્યો. એટલામાં તેને ખબર મળી કે એક ગોરાંગ સ્ત્રીને એક નોકરની જરૂરીઆત છે. એ સ્ત્રીને ત્યાં આજસુધી કોઇ નોકર ટકી શકયો નથી. નોકરો તેની પાસે જતા કંપી ઉઠતા. પરંતુ બુકરે એ નોકરી સ્વીકારી લીધી અને કામ કરતાં થોડા દિવસમાંજ તે ગૌરાંગિની મહિલાને એટલી બધી પ્રસન્ન કરી દીધી કે તે બુકરને નોકર નહિ પણ પોતાના ઘરનું માણસ સમજવા લાગી. બુકરે પોતાનું જીવન (Up from slavery) મા લખ્યું છે કે આ સ્ત્રી પાસે મેં ઘણું એક જ્ઞાન પ્રાપ્ત કર્યું છે. દોઢ વર્ષ નોકરી કરી બુકરે થોડા એક રૂપીઆ બચાવ્યા. અને તે હેમ્પટન તરફ જવાને તૈયાર થઇ ગયો.

માલ્ડેનથી હેમ્પટન ૫૦૦ માઇલથી પણ વધારે દૂર હતુ. બુકરને રસ્તામા ઘણા મકર સહવાં પડયા એક રાત ચાલતાં ચાલતાં તે એક ઠેકાણે પહોંચ્યો. ત્યા કેવળ ગોરા આદમી જ રહેતા હતા. હોટલમા રહેવાને માટે પણ તેને ચોકખો" નહિ " નો ઉત્તર મળ્યો, બીચારો રાતે જાય ક્યાં? આખી રાત ગભીઓ અને સડકો પર દોડી દોડી એણે પોતાનો જીવ શરદીથી બચાવ્યો. આ રીતે બીજા અનેકો કષ્ટો સહન કરતા તે રિચમંડ નામક નગરમાં પહોંચ્યો. એ વખતે એની પાસે એક પૈસો પણ ન હતો ત્રણ દિવસ થયા તેણે ભોજન પણ કર્યું ન હતુ. પોતે ત્યાં રહેવાની જગા કયાંથી મળે? મકકના એક મોટા નાળાની પુલની નીચે તે સુઇ રહ્યો. સવારમાં ઉઠતાં તેણે જોયું કે એક વહાણ લોઢું ઉતારી રહ્યું છે. તે પણ તે ઉતારવા મંડયો. ત્યારે છેક ચોથે દિવસે માંડે તેને ભોજનની નોબત વાગી. એ પ્રમાણે તે રોજ મજૂરી કરવા લાગ્યો. ધીરે ધીરે એની પાસે

હેમ્પટન સુધી પહોંચવા જેટલું ધન એકઠું થયું. એ પ્રમાણે પરિશ્રમ કરતાં અનેક કષ્ટ ઝીલતાં ઝીલતાં તે હેમ્પટનની નિશાળમાં પહોંચ્યો પરંતુ ત્યાંની મુખ્યાધ્યાપિકાએ એને ઘણોજ મેલો ખડબચડો જોઇ દાખલ કરવાને આનાકાની કીધી. ઘણા કાલાવાલા કરતાં અધ્યાપિકાએ એને એક ઓરડામાં ઝાડું કાઢવાની આજ્ઞા આપી. બુકરે સાવરણી લઇ ત્રણ વાર ઝાડું કાઢયું. ફરી પાછી સાવરણી લઇ ત્રણ ચાર વાર ત્યાં રાખવામાં આવેલી ચીજોને સારી રીતે સાફ કરી. જ્યારે અધ્યાપિકા તે ઓરડો જોવાને આવી ત્યારે તેણે રૂમાલ કાઢી દરેક ચીજોને બંધેરી બંધેરીને જોયું કે કયાંએ પણ કંઇ ધૂળ તો નથી. પરંતુ તેને કંઇ મેલનું નામ સુદ્ધાં પણ મળ્યું નહિ. તે ખુશ થઇ અને નિશાળમાં બુકરને દાખલ કરવાને કબૂલ કર્યું. બીજા વિદ્યાર્થીઓના ઓરડામાં ઝાડુ કાઢવું, બીસ્તરા ઠીક કરવા, ભોજન બનાવવામાં મદદ કરવી વગેરે કામ તેને સોંપ્યું. તેના બદલામાં એને ભોજન તથા શિક્ષણ બંને મળવા લાગ્યાં, કારણ તે બીચારા પાસે પૈસા તો હતા નહિ કે જે ભોજન અને શિખવવાનો ખર્ચ આપી શકે?

ત્રણ વર્ષ સુધી બુકરે આ રીતે કામ કર્યું. રૂપીયા ન હોવાને લીધે તે રૂમમાં પણ ગેર જતો ન હતો. કયાંએ મજુરી કરી તે કપડાં વગેરેનો ખર્ચ કાઢતો. જેમ તેમ કરી ત્રણ વર્ષ વીતી ગયાં અને તે હેમ્પટનની બધી પરીક્ષાઓ સમાપ્ત કરી ગેર પાછો ફર્યો.

ગેર પાછો ફરી પોતાના ભાઇઓને માટે એણે એક સ્કૂલ ખોલી. તેમાં તેણે પોતાના ભાઇઓને તૈયાર કરી હેમ્પટન શાળાના ઉપલા વર્ગોમાં દાખલ કરાવ્યા.

૧૮૭૮માં તે આઠ માસને માટે અમેરિકાની રાજધાની વૉશિંગ્ટનમાં ભણવા ગયો. જ્યારે ત્યાંથી ભણી પાછો ફર્યો, ત્યારે હેમ્પટનની સ્કૂલની કમીટીએ બુકરને પોતાને ત્યાં ભણાવવા તથા બૉર્ડિંગ હાઉસની વ્યવસ્થા કરવાને માટે બોલાવ્યો. આ નિમંત્રણનું મુખ્ય કારણ એમાના ભાઇઓનું શિક્ષણ હતું કે જેને તૈયાર કરી બુકરે હેમ્પટનમાં મોકલ્યા હતા.

બુકરે હેમ્પટનમાં એવી સફળતાથી કામ કર્યું કે અલ્પાનિપા પ્રાંતમાં પણ જ્યારે એક હબશી સ્કૂલ ખુલ્લી મૂકવાનો ઠરાવ ગવર્નર મેટે કર્યો, ત્યારે તેના સંચાલક પદ પર બુકરની નિમણૂક કરવામાં આવી. સરકારે વાર્ષિક રૂપીઆ ૬૦૦૦) મદદ સિવાય બીજું કોઇપણ જાતનો સંબંધ રાખ્યો ન હતો. આ સ્કૂલને એક ઝૂંપડીથી વધારી અમેરિકાની એક પ્રસિદ્ધ કૉલેજ બનાવી દેવી એ બુકરના જીવનનું મુખ્ય કાર્ય છે. જરા વિચારી જુઓ, એ કેટલા બધાં પરિશ્રમનું કાર્ય છે. બુકર એક ભાંગાટૂટા ઓરડામાં બેસી વાંચી રહ્યો છે. વરસાદ વરસે છે. બધી ભીંતો ભીંજાઇ ગએલી છે, વિદ્યાર્થીઓ ભણે છે, અને ભીંજતા જાય છે. આ સ્કૂલનું પ્રથમ દૃશ્ય છે. અઢાર વર્ષ બાદ તે સ્કૂલ એક વિશાળ ઇમારતવાળી બની ગઇ. તે એક પ્રસિદ્ધ કૉલેજ બની ગઇ. તે કૉલેજનું ગૌરવ એટલું બધું વધ્યું કે અમેરિકાના પ્રધાન શાસક પ્રેસીડેંટે પણ એને જોઇ પોતાના નેત્રને સફળ માન્યાં છે.

પોતાનાં કાર્યમાં બુકરને અનેક કષ્ટ સહન કરવાં પડયાં. સર્વથી પહેલી વાત ધનનો અભાવ હતો. ગામ ગરીબ હતું. સ્કૂલને માટે ફી આપવામાં લોકો અસમર્થ હતા. બીજા નગરોમાં જ્યારે ફી માંગવામાં આવતી ત્યારે બીજું કોઇ કાર્ય કરતાં પહેલાં તરત હાજર કરવામાં આવતી. મનમેંટના ૬૦૦૦ રૂપીઆ કેવળ શિક્ષકોના પગાર પૂરતાજ હતા. આખરે બુકરે ગેર ગેર જઇ દરેક આદમી પાસે આવતી ચીજોનો કંઇ ભાગ

છોકરાની સંખ્યા પ્રથમપીજ ઘણી હતી. હવે ઘણે દૂર દૂરના વિદ્યાર્થીઓ ત્યાં ભણવા આવવા લાગ્યા. એમને રહેવાને સગવડ કરવાનો પ્રયત્ન કરવો પડ્યો. માટીની ભીતમાં વચ્ચેથી જેવો તેવો માળ બનાવ્યો. આજ ટસ્કેજીની વર્તમાન સમયની ઈમારતોનો પ્રારંભ હતો. હબસી જાત ગરિબ દરિદ્ર અવસ્થામાં હતી. ઘણાએ વિદ્યાર્થી જેઓ પહેલ વહેલા નિશાળમાં આવતા હતા તેમની પાસે પોતાની દરિદ્રાવસ્થા તથા જ્ઞાનપિપાસા સિવાય ઓટલા પાથરવા કાંઈ નહતું, આ કારણથી ઘણીએ વાર બીચારા વિદ્યાર્થીઓને આગની ધૂણી આગળ તાપી તાપીને આખી રાત ગુજારવી પડતી હતી. વળી એવા વિદ્યાર્થીઓ કે જેનું પાલન રહેલ કરી શકાતી નહિ તેમને માટે રાત્રિશાળા પોતાનામાંજ ચાલી.

ધીમે ધીમે સ્કૂલે ઘણી ઉન્નત દશામાં આવી બુકરે પોતાના પુરૂષાર્થનું ફલ પ્રાપ્ત કર્યું. તે કાળા કોલેજ થઇ ગઇ. એ વાત આજે કેવળ અમેરિકામાં નહી, પણ આખી દુનીઆને જાણીતી થઇ ગઇ છે. તે જેવી અધમાવસ્થાથી ઉચ્ચાવસ્થા પ્રાપ્ત થઇ છે, તેનો વિચાર કરતાં એમ કહેવું પડે છે, કે તે મહાત્મા બુકરના અગાધ અધ્યવસાયનું જીવતું જાગતું ઉદાહરણ છે. એણે પોતાની આશ્ચર્યજનક ઉન્નતિથી સંસારને વિસ્મય બનાવી દીધો છે. બુકર ખરેખર પુરૂષાર્થની પ્રત્યક્ષ મૂર્તિ છે. એમણે હબસી જાતિને કઇ અવસ્થામાંથી કઇ અવસ્થાએ પહોંચાડી, એ પ્લેટફોર્મ પર ખાલી બડબડ કરી રહી જનારાને અતિ શિક્ષાપ્રદ છે.

સ્કૂલોદ્વારા શિક્ષાપ્રચાર સિવાય બુકરે પોતાની જાત પર બીજી ઘણી રીતે ઉપકાર કર્યા છે. સમસ્ત હબસી જાતને એણે એક સૂત્રમાં સમાવેશ કર્યો. એની સ્ત્રીએ સ્ત્રીઓને માટે અને એમણે પોતે પુરૂષોને માટે જાતીય મહામંડળો સ્થાપન કરી. ઘણાએ હબસીઓને તૈયાર કરીને હબસી જાતના જન્મસ્થાન આફ્રિકામાં શિક્ષા તથા ધર્મના પ્રચાર સાથે મોકલ્યા. પરંતુ પોતાની જાતને માટે એ સર્વથી મહાન કાર્ય અમેરિકામાં કાળી અને ગોરી ચામડીવાળાઓમાં એક બીજા પ્રત્યે સદ્‌ભાવ ઉત્પન્ન કરવાનું છે. આજે અમેરિકામાં કાળા અને ગોરામાં એટલો બધો ભેદ નથી, કે જેટલો ગૃહ યુદ્ધ પૂર્વે હતો. વળી જ્યાં તેનો નિકટનો સંબંધ હતો, ત્યાં તો એ ભેદ તદ્દન નષ્ટ થઇ ચૂક્યો હતો. કોઇપણ મોટી સભામાં એને નિમંત્રણ થયા વિના રહેતું નહિ. નાચ રંગ, મોજ આદિ આમોદપ્રમોદના ઉત્સવોમાં તેને માનપૂર્વક નિમંત્રણ થતું. મોટી મોટી યુનિવર્સિટીઓએ એમને પોતાની ગોષ્ઠમાં મોટી ઓનરરી ડીગ્રીઓ આપી પોતાને કૃતાર્થ માની છે. દેશ સમસ્તે એનો યોગ્ય આદર કરવાને હાથ લંબાવ્યો. અમેરિકાના પ્રેસીડેંટે પોતે પણ એને પોતાની સાથે ભોજન કરવાને રાજભવનમાં નિમંત્રણ કર્યું હતું. જ્યારે તે સને ૧૮૯૮માં ઈંગ્લંડ ગયો હતો, ત્યારે નામદાર મહારાણી વિક્ટોરીઆએ પણ એમને પોતાની સાથે ચા પાણીને માટે નિમંત્રિત કર્યા. અરેખર તેજ આગળ વધે છે કે જે બીજાને આગળ વધારે છે, જે સ્વદેશ પ્રેમી છે, જેનું લક્ષ્ય પરોપકાર છે, અને જેને પુરૂષાર્થ તથા પરમાત્મા પર ભરોસો છે.

જ્યારે હબસી જાતિ સ્વતંત્ર થઇ હતી. ત્યારે દરેક વ્યક્તિને "પોલિટિકલ (રાજનીતિ) હક" પ્રાપ્ત કરવાની અતિ પ્રબળ ઇચ્છા હતી. અમેરિકામાં દરેક કાર્ય "વોટ" (સમ્મતિ)થી થતું હતું. હબસીઓની સંખ્યા પણ ઘણી હતી તેથી કોઇ હબસી ગવર્નર, તો કોઇ જજ વગેરે હોદ્દા પર નિયુક્ત થઇ ચૂક્યા હતા. એમણે પોતાના અને પોતાની જાતિની ઉન્નતિ કરવી એનેજ ખરી દેશભક્તિ અને ખરો રાજ પ્રેમ માન્યો.

કહેવાનો બુકર ગુજરી ગયો છે. પરંતુ જ્યાં સુધી હબસી જાતિ સંસારમાં મોજુદ છે, ત્યાંસુધી તે પ્રત્યેક વ્યક્તિના આત્મોપર રાજ્ય કરતો રહેશે એમનું દૃષ્ટાંત હૃદયમાં જ્યોતિ:સ્તંભની પેઠે કાર્ય કરતું રહેશે.—સન્માર્ગ બતાવતું રહેશે.

આપણા ભારતને પણ એવાજ સાચા કર્મ વીરોની આવશ્યકતા છે. પરમાત્મા આ દીન ભારતમાં પણ એવો એક બુકર ઉત્પન્ન કરવાની કૃપા કરે.

Chhotubhai

સ્ત્રીઓને અતિ શિક્ષાપ્રદ કથા

સંસાર–વિજયો વિજયા.

"ક્યાંએ પણ જુઓ. સ્ત્રીઓને પુરૂષો સમાન હક આપવા જોઇએ એમ સર્વનું કહેવું છે. કોઇપણ સુધરેલા તથા સુશિક્ષિત રાષ્ટ્રના સર્વ વિદ્વાન લોક પણ એમજ કહે છે."

"પણ તેની ના કોણ કહે છે? સ્ત્રીઓને જોઇએ છે તો કેવળ સમાન હકજ ને!"

"પણ એ એક વાતને અભાવે હિંદુસ્થાનમાંના સમાજમાં કેટલું બધું અંધેર જાણી ગયું છે! અને દેશની પ્રગતિના પગલાં આગળ પડવાને તેથી કેટલી બધી અડચણ નડે છે. દેશની સમાજોન્નતિનો પ્રારંભ એક ગામથી પ્રારંભ થાય છે. ગામની સમાજોન્નતિનો પ્રારંભ એક ગૃહથી થાય છે, તથા તે ગૃહની ઉન્નતિનો પ્રારંભ તેમાં વસતી મુખ્ય સ્ત્રી જે ગૃહિણી તેનાથી થાય છે. અને તે માટેજ ભક્ત શિરોમણિ કબીરે તેની યોગ્યતા જાણી કહ્યું છે કે,

नारियोकूं निन्दो नहीं, नारी रतनकी खान
जिस खानमे पैदा हुये, राम विभीषण हनुमान ॥

ત્યારે આવી ઉન્નતિનું મૂળ જે સ્ત્રીઓ તેનેજ પ્રથમ સુશિક્ષિત કરવી. અને તેને યોગ્ય હક આપવા, એજ અમે પુરૂષોનું કર્તવ્ય છે. પરન્તુ કોઇ વિરલ સુશિક્ષિત કુટુંબો જતાં બીજે નજર ફેરવતાં સ્ત્રીઓની બાબતમાં કેવળ જુલમ સિવાય કાંઇએ જણાતું નથી. પુરૂષોને જોઇએ તે અધિકાર અને સ્ત્રીઓને કાંઇજ નહિ-"

એટલામાં વચ્ચેજ વિજયા બોલી, "હાં હાં, જરા થોભો. એમ તદ્દન વગોવજ નહિ ભા! અશિક્ષિત અને જંગલી લોકોની તો વાત રહી પણ સુશિક્ષિતોના ઘરમાં તપાસ કરતાં પોતાની ચાલી આવતી પ્રાચીન નીતિ પ્રમાણે આચાર વ્યવહાર કરનારાં એવા કેટલાક કુટુંબો તો આપના આ બોલવાને અપવાદ રૂપ હશેજ! સ્ત્રીઓને કંઇજ અધિકાર નથી એમ આપ કહો છો, ત્યારે હું પુછું છું કે તેને કશો પણ ઉદ્યોગ ન કરવા છતાં પતિના ભાગ્યનો સમાનપણે ઉપભોગ કરવાને મળે છે એ અધિકાર શું ઓછા છે કે?

"પણ જો બન્નેના યોગથી ગૃહની શોભા સારી વધે છે, તો બન્નેને બહાર હક્કો પણ સરખેસરખા કેમ હોતા નથી?"

વિજયા હસતી હસતી બોલી, "મને લાગે છે કે આપની સમજણમાં કંઇ પણ ભૂલ થાય છે. પુરૂષનું ચિત્ત એક ક્ષણ બારમાં ઠરવ કરનારી ગુણવંત સ્ત્રીને ગૃહિણી એવું નામ લોઇ ગૃહના સર્વ અધિકારજ તેની પાસે નથી કે! પણ એમ શું કરવા! જરા ધ્યાનપૂર્વક જુઓ તો જણાશે કે સ્ત્રી પુરૂષમાં ખરો સંપ રાખવાનો અતિ સુંદર અને ઉપયુક્ત ગુણ સ્વાભાવિક રીતેજ ત્યાં રહેલો છે. એમ આપને નથી લાગતું કે!"

બાદ વિજયાને ચોટા ઘણા રંગમાં આવેલી જોઇ મોહનરાયે સવાલ પુછ્યું, "તે કઇ રીતે વારૂ? પ્રથમ પુરૂષ સ્ત્રી કરતાં શક્તિમાં શ્રેષ્ઠ છે, એ પણ હમણ!"

"અને સ્ત્રી સૌંદર્યમાં પુરૂષો કરતાં શ્રેષ્ઠ છે એ પણ કબૂલ છે?"

"પણ પુરૂષો પોતાના કર્તવ્યમાં કુશળ છે!"
"અને સ્ત્રીઓ સહન શીલતામાં કુશળ છે!"
"પુરૂષો ઉદ્યોગી અને વિશ્વાસુ છે!"
"તેમજ સ્ત્રીઓ સુશીલ અને વિનયી નથી?"
"પણ પુરૂષની કીર્તિનું તેજ ચારે બાજુએ પસરેછે, તેવું સ્ત્રીઓને બનવું શક્ય છે?"

"ખરીવાત! પરંતુ પુરૂષોના ઘરની ખરી શોભા દર્શાવનાર સ્ત્રીઓનુંજ તેજ છે, તેની પણ આપનાથી ના કહેવાશે નહિં."

"વારૂ તે રહેવા દે, પણ પુરૂષોનું બોલવું પૌરૂષ તથા દૃઢતાપૂર્વક હોય છે તેવું—"

"આગળ બોલશો મા! સ્ત્રીઓનું બોલવું નમ્ર અને સંતોષ દાયક છે, એ ખુલ્લુંજ છે!"

"પુરૂષોનું અંતઃકરણ કઠણ હોઇ તે સંકટમાં ધૈર્ય રાખી શકે છે!"

"એથી ઉલટું સ્ત્રીઓનું અંતઃકરણ નાજૂક તથા કોમળ હોઇ તે પોતાના પતિના સંકટમાં સહાયકારી થાય છે."

"વારૂ પણ પુરૂષો જેટલો ન્યાય અન્યાય સમજી શકે છે, તેટલો સ્ત્રીઓ સમજી શકે છે કે?"

"બેલ. બેલ. બીજી પરીક્ષા આપી એટલે સ્ત્રીઓ પણ સમજી શકે ન્યાય અન્યાય અધિક! પણ તેને શું કરવું છે? તેના કરતાં પણ મહત્વનો એવો સંસાર તો પુરૂષો કરતાં સ્ત્રીઓજ સારો સમજી શકે સમજ્યા!"

"હદ થઇ ભાઇ તારી આગળ! મને કંઈ પણ તું આજે બોલવા દેતી નથી! પણ સ્ત્રીઓ કરતાં પુરૂષ પ્રેમ અધિક જાણે છે, એ સિદ્ધ કરી બતાવું!" એમ કહેતાં મોહનરાયે વિજયાના હસતાં મુખારવિંદપર પ્રેમ ચુંબન દીધું. બાદ તે બોલ્યો, "કેમ હવે તો બોલતી બંધ થઇને?"

વિજયા લજ્જા પામતી બોલી," શું પણ બા! પુરૂષો અમારૂં આમ બ્હોદ્રુંજ બંધ કરી દે છે એટલે બોલીએ પણ શું?"

"એમ, આ એક બાજુમાં પણ પુરૂષો ચઢતા છે. એતો તને કબૂલ છે ને?"

"પણ પણ" એમ કહેતાં બને હસવા લાગ્યાં."

પ્રથમ શરૂ થએલ સાધારણ બોલવાંનું રૂપાંતર વાદમાં થઇ તેની પરિસમાપ્તિ આવી રીતે પ્રેમી તથા વિનોદી ભાષણમાં થઇ.

મોહનરાય અને વિજયા એ દંપત્ય વિનોદી તથા તરૂણ હોઇ તે બને વચ્ચે અત્યંત શુદ્ધ, સાત્વિક તથા નિરતિશય એવો પ્રેમ હતો. મોહનરાયની આમદાની તદન થોડી એટલે દર મહીને ત્રીસ રૂપીઆની હતી. મુંબાઇ જેવા ખરચાળ શહેરમાં આટલા પગારમાં સાધારણ રીતે ઠાઠમાઠથી રહેવું ઘણુંજ કઠણ કામ છે. તથાપિ ગુણવાન વિજયાને ફાજલ ફંજુસ પણું ન જણાવા દેતાં કરકસરથી ઘરસંસાર ચલાવવાની કળા એટલી ઉત્તમ રીતે જાણીતી હતી, કે જેને લીધે તે બંનેનો ચિમુકડો સંસાર આદર્શવત્ ચાલતો હતો. એકાદ ધોયલું ધાયલું ચોકખું વસ્ત્ર પહેરેલી તથા એક બે નજીવાં દાગીના અંગ પર ધારણ કરેલી સાદી સ્ત્રી જે પ્રમાણે અલંકાર તથા નખરાં ન હોવા છતાં પણ જોનારાને મોહક લાગે છે, તેજ પ્રમાણે મોજ શોખની વસ્તુના અભાવવાળી, પણ વિશેષ જરૂરી જણાતી વસ્તુને ટાપટીપથી તથા સ્વચ્છતાથી ગોઠવેલી વિજયાની સંસાર ભૂમિ, અંદર પગલું મૂકતાં જ જોનારાને આનંદદાયક લાગતી હતી.

કોઇપણ એકાદ આડોશી પાડોશી પાસે ગરજ વેળા આપણે બે ચાર આદા ઉઠીના લઇએ, તો તેનું ઋણ પરત ન કરીએ ત્યાં સુધી આપણે તેના કેટલાં બધા ઓશિયાળા રહીએ છીએ! તો પછી જે પરમેશ્વરે આપણને આ જગતમાં જન્મ આપ્યો, જેણે નાનપણમાં આપણું સંરક્ષણ કર્યું, મોટપણે વિચારશુદ્ધિ વગેરે આપી રસ્તો બતાવ્યો તથા આપણને સદાચારથી ચાલતાં અંતે પણ સદ્‌ગતિ આપનારો જે પરમેશ્વર તેને આપણાથી વીસરી કેમ જવાય? તેના અપાર પરોપકારનુ ઋણ ફીટે નહિ ત્યાં સુધી તેને ન વીસરતાં તેની સેવા કરતી જોઇએ. તથા તેને સંતુષ્ટ રાખવો જોઇએ, આવી તરેહના વિજયાના ઇશ્વર સંબધી વિચાર હતા.

વિજયા અને મોહનરાયનો લગ્ન સબંધ જોકે આપણી પદ્ધતિ પ્રમાણે માબાપેજ જોડેલો હતો. તેમજ પરણ્યા પૂર્વે તેમનો કયાંએ પણ મેળાપ થએલો ન હતો, છતાં સુશિક્ષણના પ્રભાવે તથા સાસરાંની સુશિક્ષિત મંડળીના પ્રભાવે તેના વિચાર પ્રૌઢ તથા સુજ્ઞ માણસને શોભે તેવા થયા હતા. આ સર્વથી તેનું એવું માનવું હતું કે, આ કંટકમય-દુઃખમય સંસારમાં પુરૂષને ભાર્યાજ ક્ષણિક સુખમાં પ્રેમાળ સખી તથા દુઃખમાં સ્નેહાળ સોબતી જેવી છે. પ્રત્યેક જન્મ લેનારને કેવળ ખાવાં પીવાં કરતાં, પરમેશ્વર વિષયે, પોતાના માબાપ વગેરે સ્નેહીવિષયે, પોતાની જ્ઞતિ વિષયે, એકંદર સમાજ વિષયે, તથા છેવટે પોતાના દેશ વિષયે, એવી બાબતોએ અનેક કર્તવ્ય કરવાનાં છે. પરંતુ કેટલાંક ગરીબ ગુરબાંથી કેવળ ઉદર ભરવાનું એક કર્તવ્ય પણ પુરૂં થઇ શકતું નથી. આવી વેળાએ તેના સુખદુઃખની સમભોગિની અર્ધાંગનાએ તેના સંસારની કાળજી પોતાને શિરે લઇ તેને પોતાના કર્તવ્ય ચોકડા પ્રમાણમાં પણ કરવાને મોકળો કરવો જોઇએ. પોતાના પ્રેમાળ આચરણથી તથા મધુર વાણીથી તેનો ભઠારતો શ્રમ હરી તેને પ્રફુલ્લિત કરવો જોઇએ, તથા કોઇ વાર ભૂલથી દુરાચરણ વર્તતો જોતાં તેને મીઠાં તથા વિનય યુક્ત ઉપદેશથી ઠેકાણે લાવવો જોઇએ. એવું વિજ્યાનું માનવું હતું, ઉપર પ્રમાણે તે બંને વચ્ચે વિનોદી ભાષણ ચાલતું હતું, છેવટે વિજ્યાએ મોહનરાયને પૂછ્યું, "પાર તમારે કહેવું? અત્યારે કોણ જીત્યું વારૂ?"

"હું જીત્યો!" મોહનરાય બોલ્યો.

"રે જુલમજ્ઞ બા આ તો! આખરે જીતી હું, ને નામ આપનું આગળ!"

"લવારો શો કરે છે! સ્ત્રીઓ પુરૂષોને શી રીતે જીતી શકે?

"એટલે શું?

"અત્યારે મહારાજ્ઞ પાંચમા જ્યોર્જનું રાજ્ય છે. વિક્ટોરિઆ મહારાણીનું નથી! સમજી?"

"ઓમ?" વિજયા હસતી હસતી બોલી. બાદ મોહનરાય કપડાં પહેરી હસતે મુખે બહાર નીકળ્યો. તથા વિજયા પણ તુર્ત પોતાને કામે વળગી. આ વખતે તેનાં બાળે મેરાયલાં મુખમંડળ પર જાણે અભિમાન યુક્ત આનંદની લહરો ઉછળતી હતી. તથા ધ્યાન પૂર્વક જોનારાને "સદ્‌ગુણી, સદાચારી તરૂણ તથા વિદ્વાન પતિની ભાર્યા થઇ, એટલુંજ નહી પણ તેના પ્રેમની સર્વ રીતે અધિકારિણી થઇ તે માટે મને ધન્ય છે" એવોજ તેના મનનો ભાવ સ્પષ્ટ વ્યક્ત થતો હતો.

પુસ્તક ૭ મું.
અંક ૮ મો.

सत्संग.

ફાલ્ગુન.
સં. ૧૯૭૨.

काव्यशास्त्रविनोदेन कालो गच्छति धीमताम् ।
व्यसनेन तु मूर्खाणाम् निद्रया कलहेन वा ॥

માસિક

જુદાઇનો ઝખમ !

સહેવાય નહિ વિભુ ! આપણી જુદાઇનો આવો ઝખમ !
કહેવાય નહિ પ્રભુ ! કોઇને અંતર તણો ઊંડો ઝખમ !
છુટો કરી તેં છેહ દીધો તે દિવસથી આ ઝખમ !
અય ! નાથ ! ને નજરે જરી કેવો પડયો કારી ઝખમ !
બાંધ્યો પ્રભુ ! તેં પ્રેમથી તે કેમ આવો દે જખમ ?
મમ બીજાનું દિલ કેમ સહેશે ઝુલમી આ તારો જખમ !
ઓ ઇશ ! સૂઝયું શું તને આવો કીધો કારી ઝખમ !
તું છે હકીમ હુશીઆર તો બતલાવ કયમ રૂઝે ઝખમ !
પાપી પુરો પણ નાથ ! તારો છું ઘટે ના આ ઝખમ :
ગ્રહુ વૈદ્ય આવી રૂઝવે પણ ના રૂઝે દિલનો ઝખમ !
મમ હૃદય દિલમાં નાથ ! બીજા કંઇ પહયા લાખો ઝખમ !
પણ આપણી જુદાઇનો જબરો અને ઝુલમી ઝખમ !
દિલદાર ! દઇને દિલ દગો છુટો કરી કીધો ઝખમ !
મરહમ પ્રભુ ! તુજ વસ્લનો તેથી રૂઝે [illegible] ઝખમ !
હું, તું, થશું જ્યાં એક ત્યાં તત્કાળ મટશે આ ઝખમ !
પ્રભુ ! દરગુઝર કર ! વાંક ને રૂઝાવ આ વસમો ઝખમ !

ભારતી મંદિર,
બરવાળા (ધંધુકા) } ધીરજ

સીતાનો પુત્ર–શોક.

(હરિગીત.)

ઋષિ આશ્રમે ચિન્તા કરે નિજ પુત્રની સીતા સતી,
"કુશ કેમ ના આવ્યો" કહી શ્વાસો શીતળ ભરતી હતી;
મુનિ પુત્રએ આવી સુણાવી તુર્ત લવ–બંધન કથા,
સૂણી સીતા બળી દુઃખના ભીષણ દવાનળમાં તથા.

મૂર્છિત થઈ ફરી ઉઠી તે વિલાપતી લવ-ગુણ લહી,
શું વિશ્વમાં મુજ માટ વિધએ તાપ ત્રણ સરજ્યા સહી;
દુઃખો સહ્યાં મેં સર્વ પણ આ એક જે બાકી રહ્યું,
તે પણ વિધિના ક્રોધથી–સન્મુખ આજ બહું થયું. ૨

હે નયનના આનન્દ મુજ લવ પ્રાણના પણ પ્રાણ તું,
દેખાઉ જરી તુજ મુખ લલિત કર દૂર મારી ત્રાણ તું;
તારા વિના પલ એક મારી તો અરે વીતતી નથી,
નિષ્ઠુરપણું આ વિધિ તણું મુજથી સહેવાતું નથી. ૩

દેખી ઉદાસી હસી હસી રે કોણ મુજને હસાવશે !
ઉજ્જડ થયું ઘર મારું ફરી રે કોણ પુનઃ વસાવશે ?
છુપ્યો તું ક્યાં ? આવી ભરાઈ ઐસ મારી ગોદમાં,
જરી તોતલી બોલી લવી કર મસ્ત મન વિનોદમાં ૪

કુશ પણ ગયો છે બહાર એ તુજને શું જણીતું નથી,
છોડી જવું મુજને ભૂલી અહીં એ તને ઉચિત નથી;
મુજ દુઃખીના આંસુ અરે લ્હોવા ન કો મારું અહીં,
તારા વિના જગમાં મને છાયું દીસે અંધારું હા. ૫

પ્રિય પુત્ર લવ ! મુજ દુઃખમાં તારો જરીએ દોષ ના,
રે દુઃખ દેવા મુજને વિધિને હજી સંતોષ ના;
થઈ રાજ્ય–પતિ–વિમુખ ઠોકર ખાઈ વન અથડાઉં છું.
કલ્પાંત કરી પલ કલ્પ તુલ્ય હું હાય કષ્ટે વિતાઉં છું. ૬

લવકુશ હું આ અંધની રે આંખની કીકી સહી,
રે એટલું સુખ પણ વિધિ ! તુજથી સહેવાયું નહી;
નિર્લજ્જ થઈ મુજ પ્રાણ જગમાં દુઃખ નાહકનું સહે,
છે અધમ મારો દેહ નહિં તો કેમ અલગ થઈ રહે, ૭

વન દેવ દેવીઓ ! ક્ષમા અપરાધની મુજને કરો,
ભૂતલથી કરી વિદાય સર્વે દુઃખ મારાં સૌ હરો;
માતૃભૂમિ તું ફાટ હું સૂઈ જાઉં તારી ગોદમાં,
પીછો છુટે વિધિથી અને બંને થઈશું સુખિઆં. ૮

છોટુભાઈ દાજીભાઇ દેશાઈ.

એક શંકાનો ઉત્તર.

મારા આત્મજ્ઞાન—ખરો ધર્મ એ નામક લેખ સંબંધી એક ભરૂચ નિવાસી ભાઈને કેટલીક શંકાઓ થઇ હતી અને તેનો ખુલાસો લખાવવા સા. 'સત્સંગ'ના તંત્રીને તેઓ લખે છે. તત્સંબંધે જણાવવાની રજા લઉં છું કે આ વિષય અતિગૂઢ છે તેમાં હું અલ્પમતિનો પ્રયત્ન કાગળના હોડકાથી સમુદ્ર તરવા જેવો બાલિશ છે. આત્મજ્ઞાન જેવા વિષયમાં પદે પદે શંકાઓ ઉપસ્થિત થાય અને તે શંકાઓનું નિર્મૂલન કરવાને તો કોઇ વેદવેદાંગવિદ્ મહાત્માની જરૂર છે, છતાં તેમણે 'લેખક' પ્રાંતેથી લખાવવાનો આગ્રહ કરેલો જણાય છે તેથી યથામતિ લખવા ધીમ્મન ધરું છું. મારો આ પ્રયત્ન गच्छतः स्खलनं क्वापि भवत्येव प्रमादतः। हसन्ति दुर्जनास्तत्र समादधति च पण्डिताः॥" એ ન્યાયે અનુકંપાને પાત્ર થશે. શંકાઓ નીચે પ્રમાણે છે (૧) આત્મજ્ઞાન શું સમજવું? (૨) મોક્ષ ક્યાં છે? (૩) ત્યાં જવાથી શું થતું હશે? અને (૪) કયો આત્મા મોક્ષે જઇ શકે!

આત્મજ્ઞાન શું સમજવું!:—આત્મજ્ઞાન એટલે આત્મા સંબંધી જ્ઞાન, આત્માનું જ્ઞાન. હું કોણ! ક્યાંથી આવ્યો? ક્યાં જવાનો છું? એકજ[1] પરમાત્માથી આ સર્વ વ્યુત્પન્ન થયું છે. એટલે મારામાં જે આત્મા છે તેજ ઇતર ભૂત માત્રમાં છે, એમ જાણી[2] આખી વસુધા મારૂ કુટુંબ છે, એવી ઉદારતા ભાવના, [3] વિષયો વિષ જેવા છે એમ જાણી તેનો ત્યાગ—તેનાથી ક્ષણિક સુખ છે અને મર્મ છે અને અંતે દુઃખદ છે, [4] જગત ક્ષણિક છે અને જીવ અને બ્રહ્મ જુદા નથી; એવી અદ્વૈતભાવના, [5] સંસારની લલચાવનારી લાલચોના પ્રતિબંધનો ક્ષય, હૃદયમાં ઉત્પન્ન થનારી ઇચ્છાઓનો ત્યાગ, [6] આ જડદેહ મનુષ્યની ક્ષણિક સ્થિતિ છે, વિકૃતિ અને મરણ એ સ્વાભાવિક છે એમ જાણી આ જડદેહ પરત્વેની અહંતા, મમતાનો ત્યાગ, જગતમાં વિચરવા છતાં જનકવિદેહીવત્ સર્વમાં આત્મવત બુદ્ધિ, અને [7] ત્યાગ વૃત્તિ. વિરોધ, કલહ, પ્રતિસ્પર્ધા, નિર્ઘૃણતા આદિ

---

૧ 'एकोऽहं बहुस्याम्'। 'एको देवः सर्व भूतेषुगूढः सर्व व्यापी सर्व भूतांतरात्मा'। सर्वभूतस्थितोयोमां भजत्येकत्वमास्थितः। एकं रूपं बहुधाय: करोति।

२ उदारचरितानां तु वसुधैव कुटुंबकम्।

३ विषयान् विषवत्त्यज। यदग्रे तदमृतम् यदग्रे तद्दुःखम्।

४ जगन्मिथ्या जीवो ब्रह्मैवनापरः। अनेनजीवेनात्मनानु प्रविश्य नामरूपे व्याकरवाणि।

५ तुच्छलज्जानमितिचेद्धि बंधपरिक्षयात्। यदासर्वे प्रभिद्यन्ते कामायेऽस्यहृदिश्रिताः। अथ मर्त्योऽमृतोभवत्यत्र ब्रह्मसमश्नुते। विमुक्तश्च विमुच्यते।

६ मरणंहिप्रकृतिः शरीरिणाम् विकृतिर्जीवितमुच्यतेबुधैः। आतरय हि ध्रुवोमृतुः।

७ त्यागेनैकेन अमृतत्वमानशुः

પ્રતિ તિરસ્કાર બુદ્ધિ, ૮ સુખ દુઃખ આદિ વ્યાધિ ને ઉપાધિ આદિ કોઇ આપતું નથી એમ જાણી અશોચત્વ " આદર્શમાં અને દૃષ્ટિગોચર સૃષ્ટિની પાછળ જે કાંઇ પણ ગૂઢને સૂક્ષ્મ, અગાધ, અનંત ને અગમ્ય તત્ત્વ રહેલું છે જે જગતના સર્વ આધિ ભૌતિક અને આધિ દૈવિક પદાર્થોને નિયંત્રણમાં રાખનાર છે તેના શોધન પ્રતિ બુદ્ધિ વિભવનો વ્યય " સર્વ સ્થિતિમાં શાંત, નિશ્ચલ, ગંભીરને સમ બુદ્ધિ એ સર્વ આત્મજ્ઞાન બોધક છે. આત્મજ્ઞાન વિશ્વાસસંપન્નને પ્રાપ્તવ્ય છે એમ નથી. એ વિષે લેખમાં ટૂંકું પણ સ્પષ્ટ લેખાણ છે પૂર્વ જન્મના સંચિતને લીધે તે સહજ પ્રાપ્ય છે. અથવા સાંસારિક કાર્યોમાં દૈવકૃપાથી વિરાગવૃત્તિ થાય છે અને તેથી આત્મજ્ઞાન તરફ ચિત્ત વળે છે—વ્યાવહારિક કાર્યો વારંવાર નિષ્ફલ થવાથી ચિત્ત વૈરાગ્ય તરફ વળે છે. વેદવેદાંગ નહિ પઢયા છતાં ગુજરાતી ભક્તકવિ નરસિંહ મહેતાને, અખાને અને મરાઠી કવિ તુકારામને આત્મજ્ઞાન પ્રાપ્ત થયું હતું.

મોક્ષ ક્યાં છે ?:—સંસારમાં પણ મોક્ષ છે અને મૃત્યુ પછી પણ છે. મોક્ષ मुच् ધાતુ પરથી સાધિત થયેલો શબ્દ છે. સંસારની આધિ વ્યાધિ ઉપાધિથી વિમુક્ત થવું તે મોક્ષ 'विमुक्तश्च विमुच्यते' પ્રતિપળે બનતા ઇષ્ટાનિષ્ટ પ્રસંગોના પરિણામથી હર્ષશોક ન કરતાં સદા સર્વદા ' सतोषादनुत्तमः सुखलाभः " એ ઉક્તિને અનુસરવું, અને ચિત્તની સ્થિરતાનો ભંગ નહિ કરતાં સર્વદા શાંત, નિર્વિકાર રહેવું એ મોક્ષ છે. સંસારમાં રહ્યા છતાં મુક્તતા અનુભવનાર જનક હીનું પુણ્ય નામ એ પ્રશસ્ત ઉદાહરણ છે. એ સ્વતંત્રતાવાચક પણ છે. સંસારમ વિષયોથી સ્વતંત્ર અને આત્માને બંધનક સર્વ પ્રસંગોને તાબે નહિ થતાં સ્વતંત્ર તે પણ મોક્ષ છે. સ્વામી વિવેકાનંદ કહે " જગતમાં વિહરવા છતાં પણ પોતાને અહિ અને મુક્ત હોવાનો સુખદ અનુભવ હોવા પ્રસંગ તમને મળશે—એના પ્રકારનો અનુ થવો તેજ ખરો મોક્ષ છે અને તેજ જીવનમુક્તિ છે, વળી આ સમસ્ત વિશ્વ માયાજ છે એવો એકવાર અનુભવપૂર્વક નિ કરી લ્યો—હૃદયમાં ધર્મબુદ્ધિની જાગૃતિ દ્યો—એટલે તમારી મુક્તિ થઇ જવાની. " ગવદ્ગીતા પણ એવા આશયનું વદે છે.... ' जीवन्मुक्तश्च विज्ञेयो देहांते परमं पद મરણ પછી મોક્ષ છે. એ તો સર્વ કોઈ જન્મવાદ સ્વીકારનાર વ્યક્તિને વિદિત છે.

ત્યાં જવાથી શું થતું હશે. ?:—મુ ચાર પ્રકારની છે, પરંતુ તેમાં અદ્વૈતવાદને બ્રહ્મભાવને પ્રાપ્ત થવું, બ્રહ્મરૂપ થવું, તેમાં મળી જવું, એ મોક્ષ માન્ય છે. निर्वाण અર્થ એક ઠેકાણે એવો કર્યો છે કે " निग वानंगमनं यस्मिन्प्राप्ये ब्रह्मणि " ભાષ્યક ભગવાન શંકર પ્રો મુખે વદે છે કે " आत्मा माचे त्वमेवास्मि इति मे निश्चिता मति ' चिदानंद शिवो ऽहं शिवोऽहम् ' ब्रह्मास्मि ' ' अयमात्मा ब्रह्म ' એ देहांते परमंपदं એટલે વિદેહ થયા પ આત્મા પરમાત્મામાં લીન થાય છે. સાધાર લોકોમાં પણ એવી માન્યતા છે કે પુણ્યાત્મા પરમપુણ્યાત્માનો પુનર્જન્મ થતો નથી

૮ सुखस्य दुःखस्य न कोऽपिदाता परोददातीति कुबुद्धिरेषा । अहो जंतुरनीशोऽय-मात्मनः सुखदुःखयोः । अनात्मविज्ञोचति । तरतिशोकमात्मवित् ।'

९ ते प्राप्नुवंति मामेव सर्व भूत हि रताः । निवसिष्यसि मय्येव । मामुपेत्यतु पुन र्जन्म न विद्यते ।

બ્રહ્મને પામે છે. અને અવિચળ શાંતિ પામે છે. એક સ્થળે કહ્યું છે કે [૧૦] જે કાળે અધિકારી પુરૂષ આ અદૃશ્ય, અનાત્મ્ય, અનિરૂક્ત, અનિલન બ્રહ્મ વિષે ભયથી રહિત સ્થિતિને પ્રાપ્ત થાય છે તે કાળે અધિકારી પુરૂષ પુનરાવૃત્તિના ભયથી રહિત બ્રહ્મભાવને પ્રાપ્ત થાય છે–તદ્રુપ થાય છે.

કયો આત્મા મોક્ષે જઇ શકે?:—તેને માટે એટલુંજ કહેવું બસ થશે કે આત્મજ્ઞાન જેને પ્રાપ્ત થયું છે એવો આત્મા મોક્ષે જઇ શકે.

(અત્રે એટલું કહેવું પ્રાપ્ત થાય છે કે સ્વામી વિવેકાનંદ વદે છે તેમ "મનુષ્યની જો એકજ સમયાવચ્છેદે વ્યુત્પન્ન અને ધાર્મિક થવાની ઇચ્છા હોય તો તો પછી તેના માટે આ વિશ્વમાં લાભદાયક માત્ર એકજ માર્ગ છે અને તે અદ્વૈતવાદ" અદ્વૈતવાદને સ્વીકારનાર, એકજ પરમાત્માને ભજનારને શાશ્વત શાંતિ મળે છે. ઇતર દેવને પૂજનાર મનુષ્યને "क्षीणे पुण्ये मर्त्य लोकं विशांति" એ ગીતા વચનાનુસાર માનવલોકમાં અવતરવું પડે છે.

ઇતિ શિવમ્. લિ૦ સેવક,

સામળદાસ નાનુંભાઇ યોગિક.

૧૦ यदाह्येवैष एतस्मिन् दृश्य ऽनात्म्ये ऽ निरुक्ते ऽ निलयने ऽ भयं प्रतिष्ठां विदते अथ्तसी अभयगतो भवति।

(ફરી છપાવી જ્ઞાન ફેલાવવાની દયા કરશો?)

પારસીઓ ચેતશો?

આપઘાત! ટુંક ઉમરમાં મરણ!! કોમનો પાયો ધસતો જાય છે!!!

કોમની દયાજનક સ્થિતિ.

"પારસી ગરીબાઇની તપાસ" એવા મથાળા નીચે એક લખાણ તા. ૨૩-૨-૧૪ના 'જામે જમશેદ'માં પ્રસિદ્ધ થયું હતું તેમાં નીચે પ્રમાણે વર્ણન હતું:—

"હાલ તો ઉધરતી ઓલાદનો ઘણો મોટો ભાગ કંગાળ, અને ગીન ઘરોમાં ઉધરીને નબળી સ્થિતિમાં મોટો થાય છે, અને ટુંક ઉંમરમાં મરણ પામે છે, અથવા તો મોટો થઇ કોમને માથે બોજા જેવો થઇ પડે છે. કેટલાકો પંદર-પચીસ રૂપીયા કમાઇને ધાકે-પાકે પોતાના દહાડા પુરા કરે છે, અને તેમને ઘેર જો છોકરાં હોય તો તેઓ બાપાપ કરતાં પણ વધારે નબળાં નીવડીને કંગાળ જીંદગી ગુજારે છે. આવી રીતે આપણી કોમનો પાયો ધસતો જાય છે."

આપઘાત!

"પારસી લાચારી" એવા મથાળા નીચે એક રીપોર્ટ તા. ૩૦-૧૦-૧૯૧૫ ના 'જામે જમશેદ' માં છપાયો હતો. તેમાં જણાવ્યા પ્રમાણે રૂ. ૫૦ નો પગાર કમાનારા એક પારસી ગૃહસ્થ, જેમને બે છોકરા છે, તેમણે "ગરીબાઇ અને માંદગીના સબબે આપઘાત" કર્યો હતો. જુરીની તપાસ વખતે તે કમનસીબ ગૃહસ્થની વિધવાએ કહ્યું હતું કે—"અમારી હાલત ઘણી ગરીબ છે. મરનાર તેથી ઘણા ઉદાસ હતા."

કોમનો ખોરાક.

"અસલ જમાનાઓથી આપણા લોકોમાં ધાર્મિક તેમજ ખુશાલીના પ્રંગામોપર ગોસ્ત અને દારૂ એક જરૂરી ચીજ ગણાતી આવી છે. ગોયા ગોસ્ત અને દારૂ ફરજીયાત જેવાં ગણાતાં આવ્યાં છે."—સાંજ વર્તમાન, તા. ૧૯-૭-૧૯૧૫.

અંગ્રેજો, જરમનો અને જાપાનીઓનો દાખલો લેશો?

માંસના ખોરાક કરતાં વેજીટેરીયન ખોરાક વધારે તંદુરસ્ત તથા સોંઘો છે એવી ખાત્રી થવાથી ઈંગ્લંડ, જરમની તથા જાપાન જેવા દેશોની સરકારો વટીક વેજીટેરીયન ખોરાકની હીમાયત કરે છે.

(૧) ઈંગ્લંડની સરકાર:—On September 23rd, an appeal to the people, issued by the Board of Agriculture, contained the following advice:—

"Replace meat by Milk, cheese, peas, beans, and lentils, which are as rich in flesh-formers as meat, and **much cheaper.**"—*Herald of the Golden Age*, London, October 1915

(૨) જરમનીની સરકાર:—"બરલીનના તારમાં જણાવે છે કે હવેથી દર અઠવાડીએ બે દહાડા દરેક રેસટોરાં અને દુકાનોમાં **માંસના વેચાણની મનાઈ કરવામાં આવી છે**"—સાંજ વર્તમાન, તા. ૨૭-૧૦-૧૯૧૫.

(૩) જાપાનની સરકાર:—"સારૂં અનાજ, ફળ, શાક અને તાજું ગાયનું દૂધ એ વસ્તુઓ તમામ રોજના ખોરાકમાં આવે એમ કરો. **માંસ બીલકુલ ખાવું નહીં.**"—સત્સંગ, સુરત, તા૦ ૧૨-૧-૧૯૧૪.

INDIAN NATIONAL CONGRESS.

The Reception Committee, National Congress, Allahabad, charges Rs. 1-8-0 *per diem* for the Vegetarian Diet, and Rs. 2 for the Flesh Diet."—*The Harbinger*, Lahore, 28-12-1910.

સ્વર્ગના ઉમેદવારોને અપીલ.

હજારો પારસી કુટુંબોનો ત્રસદાયક ગરીબાઇ તથા બીમારીના એક સંગીન ઉપાય વેજીટેરીઅન ખોરાક છે. યુરોપ તથા અમેરીકાના ઘણા સુધરેલા દેશોમાં સંખ્યાબંધ ડાકટરો તથા બીજા વિદ્વાનોએ માંસના ખોરાકનાં નુકસાન તથા વેજીટેરીઅન ખોરાકના ફાયદાઓ સંબંધી ઘણાં લખાણો પ્રસિદ્ધ કર્યાં છે, હજારો યુરોપીઅનો તથા અમેરીકનો **તેઓના અતિ ઠંડા મુલકોમાં પણ વેજીટેરીઅન થઇને ઘણી કરકસરથી સુખી તથા તંદુરસ્ત જીંદગી ભોગવે** છે. માટે તે બાબતનો અભ્યાસ કરીને **પારસી કોમને વેજીટેરીઅન બનાવવાનો** હમેશાં પ્રયાસ કરવાનું મહા પુણ્ય કમાવાની તમામ સ્વર્ગના ઉમેદવાર પારસીઓ મહેરબાની કરે એવી મારી પ્રાર્થના છે.

ગરીબ પારસીઓને દાખલો આપવાની ખાતર **સર જમશેદજી જીજીભાઇ; સર દીનશાહ માણેકજી પીટીટ** વગેરે આગેવાન તથા શ્રીમંત પારસીઓ વેજીટેરીઅન થવાની દયા કરે એ મારી પ્રાર્થના નંબર બે છે. આખી કોમના ભલાની ખાતર શ્રીમંતોએ એટલો આત્મભોગ આપવો ઘટે છે.

જુનાગઢ, તા૦ ૨-૧૧-૧૯૧૫. લાભશંકર લક્ષ્મીદાસ.

બ્રહ્મચર્ય.

મૂકં કરોતિ વાચાલં પંગું લંઘયતે ગિરિમ્ ।
યત્કૃપા તમહં વન્દે પરમાનન્દં માધવમ્ ।।

જ્યાંસુધી આ શરીર રોગવાળું અથવા વૃદ્ધાવસ્થાથી જર્જરિત થયું નથી, ત્યાંસુધી પાંચે ઇંદ્રિયો પોતપોતાના વિષયો સમજવાને સમર્થ છે. અને જ્યાં સુધી આ આયુષ્યનો ક્ષય થયો નથી ત્યાંસુધી હે જીવ! તું તારા કલ્યાણ માટે યત્ન કર કારણકે જ્યારે તળાવ તૂટી જઇ પાણી બહાર નીકળવા માંડશે, ત્યારપછી તું પાળ કેવી રીતે બાંધીશ? બ્રહ્મની પ્રાપ્તિ માટે સાધકે આચરવા યોગ્ય જે મન, વાણી, તથા કાયાના નિગ્રહ સાથે ઉપસ્થેંદ્રિયનો નિગ્રહ તે બ્રહ્મચર્ય કહેવાય છે.

ચાર આશ્રમરૂપી નીસરણીનો અતિ ઉત્તમ ફળ જે મોક્ષ કે અખંડ સુખ, તે પ્રાપ્ત થવાનો સર્વ આધાર બ્રહ્મચર્ય પર રહેલો છે. કારણકે સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળ્યા વિના સાધન કદી સિદ્ધ થઇ શકતું નથી. ઉંચી ને મજબુત ઇમારત બાંધવા માટે પ્રથમથીજ પાયો ઉંડો ને મજબુત કરવો જોઇએ, તેમ ઉત્તમ મનુષ્યદેહનું સર્વોત્કૃષ્ટ ફળ જે મોક્ષ અથવા સ્વસ્વરૂપમાં સ્થિતિ તે મેળવવા માટે શુદ્ધ અંતઃકરણથી દીર્ઘ સમય સુધી બ્રહ્મચર્ય પાળવું જોઇએ. બ્રહ્મચર્ય અથવા બ્રહ્મની સમીપ જવાના યોગ્ય માર્ગનું ઉલ્લંઘન કરવાથી મનુષ્ય બ્રહ્મને પહોંચી શકે નહિ, એ સ્વાભાવિકજ છે. વ્યાવહારિક કે પારમાર્થિક હરકોઇ બાબતમાં બ્રહ્મચર્યનું પાલન એટલું બધું ઉપયોગી છે કે અત્રે તેનું વર્ણન થવું અશક્ય છે. ગૃહસ્થાશ્રમી મનુષ્યો કયા સાધનવડે પરમ પદ પામી શકે એ બતાવવાનો જે આ લઘુ લેખનો હેતુ છે, તે ઉદ્દેશ અસ્ખલિત બ્રહ્મચર્ય પાળ્યા વિના પાર પડી શકે એમ નથી. જેમ પંગુ વર્ગનો માણસ ઉંચા પર્વતના શિખર પર ચઢી શકતો નથી, તેમ બ્રહ્મચર્યના ભંગથી જેનું મનોબળ ભાંગી ગયું હોય એવો અવ્યવસ્થિત ચિત્તવાળો મનુષ્ય મોક્ષના છેલ્લા માળ પર જઇ શકતો નથી. આ માટે આપણા મહાનશાસ્ત્રકારોએ અને પરમ પદમાં સ્થિત થએલા જીવન્મુક્ત મહાત્માઓએ બ્રહ્મચર્યનાં એકે અવાજે ભારે વખાણ કર્યાં છે તે મનન કરવા જેવાં છે. તે મુમુક્ષુ સાધકથી સહજ સમજાય એમ છે. આ બ્રહ્મચર્યનાં પાલન માટે મનુ ભગવાન કહે છે કે—બ્રહ્મચારીએ ગુરૂના આશ્રમમાં રહી જીતેંદ્રિય રહેવું, નમ્રતા રાખવી, શરીરને કસોટીમાં રાખવું. ત્રિકાળ સંધ્યા કરવી, અગ્નિ, ગુરૂ કે દેવની ઉપાસના કરવી.

ગુરૂની ઉપાસના માટે સવાર સાંજ જંગલમાંથી ફળ ફૂલ લઇ આવવાં, ભિક્ષા માગી લાવી ગુરૂને નિવેદન કરવી, સ્ત્રી સંબંધી વાત કરવી નહિ, તથા સ્ત્રીનો પ્રસંગ પણ કદિ ન રાખવો. પ્રાતઃકાળમાં વહેલા ઉઠી અભ્યાસ કરવો, અને ગુરૂની સેવા કરવી, આ નિયમ પાળવાથી સહન શીલતા, ઇંદ્રિય નિગ્રહ, શૌર્ય, તેજ, બુદ્ધિ અને બળ વધે છે. અને તેથી એટલે ગૃહસ્થાશ્રમમાં મનુષ્ય, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરૂષાર્થ સિદ્ધ કરવા ભાગ્યશાળી થઇ શકે છે. ઉંચા પ્રકારની વિદ્યાઓ પ્રાપ્ત કરવા ઇચ્છનાર જીજ્ઞાસુઓ પાસે સમર્થ ગુરૂઓ પોતાના સમીપ આવ્યા પછી અમુક મુદ્દત સુધી બ્રહ્મચર્ય પળાવે છે. જ્યારે ઇંદ્ર બ્રહ્મવિદ્યા મેળવવા બ્રહ્મા પાસે ગયા, ત્યારે બ્રહ્માએ ઇંદ્ર પાસે પ્રથમ ૧૦૧ વર્ષ બ્રહ્મચર્ય પળાવ્યું. અને પછી બ્રહ્મ વિદ્યાનો ઉપદેશ આપી સાધન સિદ્ધ

કરાવી બ્રહ્મ સાક્ષાત્કાર વડે જીવન્મુક્ત સ્થિતિમાં સ્થિત કર્યો.

હર કોઇ કાર્ય સિદ્ધ કરવામાં ન્યૂનાધિક એકાગ્રતાની જરૂર છે. અને તેમાં પણ આત્મજ્ઞાન જેવા સૂક્ષ્મ વિષયો ગ્રહણ કરવામાં તો સ્થિરતા અને એકાગ્રતાની ખાસ જરૂર છે પણ મન અને ઇંદ્રિયો શાન્ત સ્થિતિમાં હોય, ત્યારેજ એકાગ્રતા થઇ શકે છે. અને બ્રહ્મચર્યના ભંગથી મન તથા ઇંદ્રિયો એટલી બધી ચલાયમાન થાય છે કે તેથી ઘણા વખત સુધી પાછાં શાન્ત સ્થિતિમાં આવતા નથી. તેથી અનેક વખત કરેલા બ્રહ્મચર્યના ભંગથી સાધકનું યોગબળ એટલું બધું નાશ પામે છે કે ઘણી વખતે તે બધું મેળવવું મુસ્કેલ થઇ પડે છે. આ પ્રમાણે ઘણા પ્રયત્નથી મેળવેલું ઉત્કૃષ્ટ યોગબળ નાશ પામ્યાં વિષે આપણે પૂર્વનાં અનેક ઋષિ-મુનિઓનાં સમંધમાં જાણીએ છીએ. તેનું કારણ પણ ઉપર બતાવ્યું તેજ છે. વિશ્વામિત્રના મેનકા સાથેના પ્રસંગથી કેવી અવનતિ થઇ તે આપણે પુરાણાદિકથી જાણીએ છીએ.

જેમ આગગાડી લોઢાના મજબુત પાટા પર સહેલાથી ચાલી શકે છે. અને તૂટેલા તેમજ નબળા પાટાં પર ચાલી શકતી નથી તેમ આપણી યોગરૂપી ગાડી બ્રહ્મચર્ય રૂપી તૂટેલા નબળા પાટા પર ચાલી શકતી નથી. અને તેથી આગગાડી જેમ પાટા રહીત સડક ઉપર દોડીને આપણને ધારે તે સ્ટેશને પહોંચાડી શકે નહિ તેમજ આપણો સાધકક્રમ પણ દૃઢ બ્રહ્મચર્ય પાળ્યા વિના આપણને મોક્ષના દ્વાર સુધી પહોંચાડી શકે નહિ. વળી સાધકની મોક્ષ મેળવવાની જે તીવ્ર ઇચ્છા તે બ્રહ્મચર્યના ભંગથી ન્યૂન થઇ જાય છે. અને વારંવાર બ્રહ્મચર્યના ભંગ કરનાર એવા કામી પુરૂષોની બીજકુલ ઇચ્છાજ થતી નથી. આપણું સ્વરૂપનુ સંધાન તે દૃઢ બ્રહ્મચર્ય પાળ્યાવિના સિદ્ધ થઇ શકતું નથી. ઘણા સાધકો એ સિદ્ધ કરવા પ્રયત્ન કરે છે. પણ તે કાળે જો તેઓ બ્રહ્મચર્યનો ભંગ કરે છે. તો તત્કાળ તે બધ થઇ જાય છે. અને પ્રથમ જે સિદ્ધ કરેલું હોય તે ફરીથી સિદ્ધ થતાં મુસ્કેલી નડે છે. કારણકે બ્રહ્મચર્યના ભંગથી મોટો અંતરાય આવે છે. તો પછી આગળનાં બીજા સાધનો સિદ્ધ થવાની તો વાતજ શી? માટે બ્રહ્મચર્યના પાલન ઉપર દરેક મુમુક્ષુ સાધકે ધ્યાન આપવાની ખાસ જરૂર છે.

વીર્યને રહેવાનું મૂળ સ્થાન લલાટ છે. જ્યારે પુરૂષને કામ સંબંધી ઇચ્છા થાય છે ત્યારે લલાટમાં રહેલું વીર્ય વિકારી થઇને પતન થાય છે. અને તે વિકારી વીર્ય વીર્યાશયમાં (નીચેના વિર્યાશયમાં) એકઠું થઇ, પછી ઉંઘમાં, સ્વપ્નમાં, કે પેશાબમાં ગમે તે રીતે બહાર નીકળી જાય છે. શ્રી શંકર ભગવાન યોગેશ્વર અથવા કામજીત ગણાય છે. તેમણે લલાટમાં ધારણ કરેલું ચંદ્રનું ચિહ્ન એમ સુચવે છે કે તે ઉર્ધ્વરેતા અથવા વીર્યને લલાટમાં ટકાવી રાખનાર છે. સંસારનો ત્યાગ કરી વગડામાં રહેનાર અજર અને વ્યવહારમાં રહેલા અવિવાહિત મનુષ્યો શુદ્ધ અંતઃકરણથી દૃઢ બ્રહ્મચર્ય પાળીજ શકે છે એમ કંઇ કહેવાય નહી. કારણકે એવા માણસો કદાચ સ્ત્રી સમાગમથી દૂર રહે પણ સ્ત્રી સંબંધી વિચારોથી ભાગ્યેજ દૂર રહે છે. અને સ્ત્રી સંબંધી ઇચ્છા ઓનો જરા પણ અવકાશ આપવો એ સાક્ષાત બ્રહ્મચર્યના ભંગ કર્યા બરાબરજ છે. કારણ કે પાછળ બતાવ્યા મુજબ સ્ત્રી સમાગમથી ઇચ્છા પ્રગટ થતાં તત્કાળ વીર્યમાં ક્ષોભ ઉત્પન્ન થઇ વિકારી વીર્ય નીચે ઉતરી ગમે તે રસ્તે બહાર નીકળી જાય છે. વીર્ય શરીરમાં ટકી રહે અને કોઇ પણ રીતે શરીરમાંથી બહાર નીકળવા પામે નહિ, ત્યારેજ બ્રહ્મચર્યનો બરોબરો લાભ સમજાય છે. માટે આત્મજ્ઞાનની

ઇચ્છા રાખનાર પ્રત્યેક સાધકે એ વાત લક્ષમાં રાખી વીર્યનો શરીરમા નિરોધ કરવો આવશ્યક છે કૃત આત્મજ્ઞાન મેળવનાર સાધકનેજ બ્રહ્મચર્ય પાળવાની જરૂર છે. એમ કંઇ નથી. વ્યાવહારિક કાર્યોને ઉત્તમરીતે પાર પાડવા ઇચ્છનાર મનુષ્યને પણ બ્રહ્મચર્યનું પાલન અતિઅગત્યનું છે. વીર્યશબ્દ બળ, તેજ, પરાક્રમ વગેરેના અર્થમાં વપરાય છે. એ ઉપરથી દેખીતું છે કે આપણે બળ, તેજ વગેરે મેળવવા માટે વીર્યને શરીરમા ટકાવી રાખવું. અગાઉ રણસંગ્રામમાં જે જે મહાન યોદ્ધાઓ અતુલ પરાક્રમ દાખવી ગયા છે. તથા જેમનાં યશોગાન આજે દુનીયાની સમગ્ર પ્રજા ઓકે અવાજે કરી રહી છે. તે સર્વ મહાન પુરૂષે બ્રહ્મચર્યનું પાલન રૂડી રીતે કર્યુ હતું. હનુમાન, ભિષ્મપિતામહ, ભીમ, લક્ષ્મણ અને એના વિના બીજાં જે જે યોદ્ધાઓ ઉત્તમોત્તમ તનમનવાળા બની સાધારણ બુદ્ધિબળથી પોતાનું નામ અમર કરી ગયા છે તે બધું બ્રહ્મચર્યના પ્રતાપેજ. વળી વાલ્મીકિ, વસિષ્ઠ, શંકરાચાર્ય, ગૌતમ, વ્યાસ અને તેના બીજા અસંખ્ય મહા પુરૂષો કે જેઓ બ્રહ્મચર્યના પાલનથી પરાકાષ્ટાએ પહોંચ્યા હતા. તેઓએ અનેક સદ્ગ્રંથો રચી પોતાની અપરિમિત બુદ્ધિ બતાવી છે આ મહાન પુરૂષોના બનાવેલા ગ્રંથોમાં આપણા હાલના કાણા વિદ્વાનોની મતિ પ્રવેશ કરી શકતી નથી અને જ્યારે હાલનાં બી.એ., કે એમ. એ.ની ડીગ્રી મેળવનાર વિદ્વાનોની બુદ્ધિ એ ગ્રંથોનું ખરૂ રહસ્ય સમજવામાં ઘણીવાર ગોથા ખાઇ બેસે છે ત્યારે એ ગ્રંથો બનાવનાર મહાપુરૂષોની બુદ્ધિ કેટલી વિદ્વત્ત અને વિસ્તીર્ણ હશે તેનો ખ્યાલ તો સાધારણ મનુષ્યનાં મનમાં આવવો કઠિન છે.

બ્રહ્મચર્યના પાલનથી આપણા પૂર્વજો સો કરતાં વધારે વર્ષ જીવી શકતા. અને તે નિયમ તોડવાથી હાલ આપણામાંના ઘણા લોકો પચાસ કે સાઠ વરસ પણ ભલા મુશ્કેલીએ પહોંચી શકે છે. બ્રહ્મચર્યના પ્રતાપથી આપણા પૂર્વજોને સુતરાઉ કે ઉનના વસ્ત્રવડે શરીરને હુંફાળું રાખવાની જરૂર નહોતી, ફ્રેશનેબલ છત્રીઓ વડે વરસાદ કે તાપને અટકાવવાની જરૂર નહોતી, જુદા જુદા પ્રકારના કૃત્રિમ ગરમ મિજાના વડે શરીરને અધિક માચવવાની ઇચ્છા નહોતી, કાચું અનાજ ખાવાથી અજીર્ણ વિકાર થવાની ધારતી નહોતી, અને હજારો ગાઉ કાપવામાં ગાડી કે ઘોડાનો આશ્રય લેવાની જરૂર નહોતી. આપણા પૂર્વજો ઘણીવાર દિગંબર રહેતા અને કવચિત્ ખરબચડા વલ્કલ ધારણ કરતા, વરસાદ કે તડકામાં ફરતા, પૃથ્વીરૂપી બિછાના પર શયન કરતા, ખોરાકમાં જે મળે તે કાચું અગર શેકીને ખાતા, અને હજારો ગાઉ, પગે ચાલીને જતા. તો પણ હાલના સુધારકોના મનમા જગવી સ્થિતિમાં ગણાએલા આપણા પૂર્વજોએ જે કંઇ કર્યુ છે, જે કંઇ અનુભવ્યું છે અને આપણા વાસ્તે જે કંઇ વારસામાં મૂકતા ગયા છે, તે હાલ આપણાથી બની શકે તેમ નથી. આપણા પૂર્વજોએ અગાઉ જે જે મહાન વિજયો મેળવ્યા છે, તે હાલની સુધરેલી સૃષ્ટિની કોઇપણ પ્રજા હજી લગી મેળવી શકી નથી. જે વસ્તુઓ અને સિદ્ધાંતો માટે સુધરેલી દુનીયાના ગ્રેટ્ઇસરો પોતાની અમુલ્ય જીંદગી સાથે લાખો રૂપીયા ગુમાવે છે, હજારો ગાઉ દોડી મરે છે ! છતાં તેનો પાર પામી શકયા નથી. તે સિદ્ધાંતો તથા તે વસ્તુઓ આપણા પ્રતાપી પૂર્વજો આપણને નાનકડા ઘરેણું બતાવી ગયા છે. આપણા પૂર્વજો આપણને કહેતા ગયા છે કે હે પુત્રો ? તમે શુદ્ધ મનથી બ્રહ્મચર્ય પાળો કારણકે અમે તથા અમારા પૂર્વજો એ રીતે ઉન્નતી પામ્યા છીએ.

જેમ વરાળને યુક્તિપૂર્વક દાબી રાખવાથી તેનો બળમાં વધારો થાય છે. અને તે

બળ વડે આપણે ઘણાં મોટાં કાર્યો કરી શકીએ છીએ. તેવીજ મનુષ્ય યુક્તિથી પોતાના શરીરમાં વીર્યનો ઘણો જમાવ કરી ટકાવી રાખે છે. તે બુધ્ધિ બળનાં તમામ કાર્ય કરી શકે છે. વીર્યના સંગ્રહથી આપણા મનોબળમાં તથા શરીરબળમાં આશ્ચર્યકારક વૃધ્ધિ થાય છે. આપણું અંતઃકરણ સ્થિર તથા ગંભીર બને છે, સ્મરણ શક્તિ ઘણી તેજ થાય છે, આરોગ્યમાં અસાધારણ તથા કાયમનો સુધારો થાય છે, ઉત્સાહને સ્ફૂર્તિ વૃધ્ધિ પામે છે, અંતઃકરણ નિર્વિકારી બની તેમાં ઘણાં શુભ ગુણો પ્રગટી નીકળે છે, અને ઘણા વખત સુધી શરીરની કે મનની મહેનત કરી શકીએ છીએ. જેઓમાં વીર્યનો અભાવ હોય છે તેઓમાં ઉપર જણાવેલા પરિણામોથી વિપરીત પરીણામ આવે છે. વીર્યનું રક્ષણ કરવાથી શરીરબળ પોષાય છે. શરીરબળ પોષાવાથી મનોબળમાં વધારો થાય છે. અને મનોબળથી આધ્યાત્મબળ મેળવવાની યોગ્યતા આવે છે. માટે સર્વોત્તમ આધ્યાત્મબળ આપનાર મૂળ બીજ વીર્યનું રક્ષણ અર્થાત્ બ્રહ્મચર્યનું પાલન. જેથી આધ્યાત્મબળ અથવા આત્મજ્ઞાન મેળવવાની ઇચ્છા રાખનાર સાધકને પોતાનો હેતુ પાર પાડવામાં બ્રહ્મચર્યનું પાલન એ એક હથિયારરૂપ છે. એમ સ્પષ્ટ થયા વિના રહેશે નહિ.

અસારનો જમાનો એવો છે કે હાલની પ્રજાને યુવાવસ્થા વહેલી પ્રાપ્ત થાય છે. તેનાં કારણો શોધીશું તો માલમ પડશે કે આપણા લોકોમાં બાળપણમાં બાળલગ્ન પ્રથાનો ઘણો મોટો રિવાજ દાખલ થયો છે. જેથી ઘણે અંશે આપણી સંતતિ નિર્બળ ઉત્પન્ન થાય છે. અને તેથી તેમને યુવાવસ્થા વહેલી પ્રાપ્ત થાય છે. વળી હાલમાં શૃંગાર રસ પ્રધાન નાટકો તથા નવલકથાઓ વાંચવાથી અને મનમાં વારંવાર વિષય સંબંધી વિચારો કરવાથી તારુણ્ય વહેલું પ્રાપ્ત થાય છે. ડુંગળી, તથા બીજા ઉત્તેજક પદાર્થોનો બહુ ઉપયોગ પણ બ્રહ્મચર્યનો ભંગ કરવામાં મુખ્ય ભાગ લે છે. વળી આપણી પ્રજામાં હાલ વ્યાયામનો ઘણો અભાવ છે. તથા હાલની શિક્ષણ પદ્ધતિ છોકરાઓના જ્ઞાનતંતુ નબળા પાડી તેમના મનમાં કામ વહેલો જાગૃત કરે છે. અને તેથી અકાળે પુખ્તાવસ્થા આવી વીર્યનું સ્ખલન થઇ શરીર નિર્માલ્ય થઇ જાય છે. આપણે છોકરાંને મોડા પરણાવીએ પણ જ્યાં સુધી ઉપરના તમામ કારણોને દૂર કરીએ નહિ ત્યાં સુધી યુવાનો શુદ્ધ અંતઃકરણોથી બ્રહ્મચર્ય પાળી શકે એ અશક્ય છે. પ્રજોત્પત્તિને માટે જે યોગ કુદરતથી નિયત થએલો છે, તેનું પ્રધાન્ય છોડી હાલના ગૃહસ્થાશ્રમીઓ પોતાની કૃત્રિમ રાક્ષસી ઇચ્છાઓને તૃપ્ત કરવા ખાતર તે કર્મ આચરે છે.

પશુ પંખી તથા બીજા હલકા વર્ગનાં પ્રાણી પણ નિમિત્ત કાળેજ સંયોગ કરે છે. પણ સર્વમાં ઉત્તમ ગણાએલા મનુષ્યને કોઇ જાતનો નિયમ નથી. ઇચ્છા એજ આપણો નિયમ છે. અને મોહને વશ થએલો અસત્વર મનની મરજી એજ આપણો યોગ્ય વખત છે. પણ કુદરત એ આપણાં સ્વચ્છંદપણાને સાંખી શકી નથી. વિષયોના અસ્તિકપણાથી આજે ઉન્નતિના શિખર ઉપરથી અવનતિના ઉંડા ખાડામાં પડયા છીએ. વિષયો ભોગવવાથી છૂટશે એમ ધારીને જેઓ તેને ભોગવે છે. તે ઓ બળતામાં ઘી હોમીને અગ્નિને ઓલવવાનો પ્રયત્ન કરે છે. કારણ કે વિષયો ભોગવવાથી કોઇને તૃપ્તિ થતી નથી. પણ ઉલટો તેના મલિનસંસ્કાર પડી ઇચ્છા અધિક અધિક વધંતી જાય છે. શ્રીમત્શંકર ભગવાન્ કહે છે કે "કાળાનાગનો ઝેર કરતાં વિષય વધારે ભૂંડો છે" કારણ કે ઝેર તો ખાનારને મારે છે પણ

વિષય નો આંખથી જોનારને પણ મારે છે, આપણે સમજીને વિષો છોડીશું નહિતો આખરે તેતો જવાનાજ છે. તે પછી તેથી થતા અસહ્ય નુકશાનો ને સ્મરણમાં રાખી પહેલેથીજ તજી દેવામાં ડહાપણ છે

, વીસ-પચીસ વરસની ઉમરે જેનું શરીર પહાડને પણ પાટુ મારે એવું બળવાન હોવું જોઇએ. તેમના શરીર તથા મનની બ્રહ્મચર્યના ભંગથી કેવી માઠી હાલત આવી પડી છે તેનો જરા વિચાર કરીએ. જેમના ઉપર આપણા દેશની ચઢતીનો આધાર છે. તથા જેઓ ભવિષ્યમાં મહાપુરૂષો નીકળે એવી આપણે આશા રાખી બેઠા છીએ. એવા આ જુવાનીઆઓમાંના ઘણાખરા સીધી મરદન કે ટટ્ટાર છાતીથી ચાલી શકતા નથી. એક કે બે ગાઉ જવું હોય તો ગાડી કે ઘોડો શોધવાની જરૂર પડે છે અને આગગાડીમાંથી નીચે ઉતરીને યા ઘોડા માંથી પડીને ઘેર આવવું હોય તો પાય, જોરનું પોટલું લઇ ચલાતું નથી, સમુદ્રને ઓળંગી રણસંગ્રામમાં જનાર હનુમાન અને રણસંગ્રામમાં હાથીનાં પૂંછડાં હાથમાં ઝાલીને ઉગડનાર ભીમ સાથે આપણા હાલના જુવાનીઆ એની બળબુદ્ધિમાં જમીન આસમાન જેટલો ફેર પડી ગયો છે. એ વગર કહે સમજાય તેમ છે.

યુવાનોમાં બ્રહ્મચર્યની અભિરૂચિ પ્રગટ કરવી એ માબાપની સૌથી અગત્યની ફરજ છે. બાળાએ બ્રહ્મચર્યનું વૃત્તાંત યથાર્થ સમજવું જોઇએ. અને તે દૃઢ પણે પાળવું જોઇએ તેમજ મર્યાદાનો ભંગ ન થાય તેમ પોતાના પુત્ર પુત્રીઓને તેના જોખન માટે બોધ દેવો જોઇએ. તેમજ કેટલે અંશે તે પાળે છે તેની તપાસ રાખવી જોઇએ. વળી તેમને સારી સોબતમાં રાખવા જોઇએ કે જેથી તેમના વિચાર મલિન થવા પામે નહિ. શુદ્ધ મનથી બ્રહ્મચર્ય પાળવા ઇચ્છનારે મનને નબળું પડવા નહિ દેતાં શુદ્ધ વિચાર તથા શુભ કાર્ય કરવામાં રોકાએલું રાખવું, પ્રાકૃત મનુષ્યનો પ્રસંગ રાખવો નહિ, ઉત્તેજક પદાર્થો વાપરવા નહિ,કોઇપણ સ્ત્રી તરફ દૃષ્ટિ કરવી નહિ તેમજ સ્ત્રીઓ સાથે વાતચિત પણ કરવી નહી, બ્રહ્મચર્યથી થતા લાભોનું તથા તેનો ભંગ કરવાથી થતા ગેરલાભોનું સતત સ્મરણ રાખવું; અને તે મહાપાપમાં ન પડાય માટે શ્રી ઇશ્વરનું આરાધન કરવું, સાધકને જ્યારે જ્યારે દુષ્ટ વાસના પ્રગટેલી જણાય ત્યારે ત્યારે પરમાત્માના સર્વવ્યાપકપણાનો તથા સંસારના મિથ્યાપણાનો વિચાર કરવો. સદા ગુરૂઓની આજ્ઞા તથા પોતાના લક્ષસ્થાનનું સ્મરણ રાખવું. તેમ-ઇંદ્રિયોની વ્યાકુળતા નિવૃત્ત થતાં સુધી તે મહાવ્રતના બતાવ્યા પ્રમાણે પ્રાણાયામ તથા ઇષ્ટ મંત્રનો જપ આગ્રહથી કર્યા કરવો, બ્રહ્મચર્યવ્રત એ વ્રતોમાં શ્રેષ્ઠ વ્રત છે. જેમ હાથીનાં પગલાંમાં સર્વ પ્રાણીનાં પગલાં સમાઇ જાય છે. તેમ બ્રહ્મચર્ય વ્રતનો ભંગ થાય તો બીજા વ્રતો કોઇપણ ઉપાયથી યથાર્થ ફળ આપનાર થતાં નથી. આ વ્રત સર્વ રીતે ઉન્નતિના શિખરે દોરનારૂં છે. માટે પ્રત્યેક સાધકે બ્રહ્મચર્યનું આગ્રહથી પરિશીલન કરવા પ્રયત્ન કરવો અને વિષયવાસના નિવૃત્ત કરી પરમાનંદરૂપ આત્માના અપરોક્ષ અનુભવ વડે કૃતાર્થ થવું અસ્તુ

ધબુડકા ખુશાલદાસ હરકીદાસ પંડ્યા.

જેને દોસ્ત ધારતા હતા તે દુશ્મન નિવડયો.

દારૂની એક પરીક્ષા અને તેની નિષ્ફળતા.

એક વિદ્વાન ડોકટર 'હાર્મ્સવર્થ પોપ્યુલર સાયન્સ' માં લખે છે :—બાર વર્ષની વાત ઉપર જ્યારે હું એડીન્બરોની મોટી અને પ્રખ્યાત હોસ્પીટલ 'રોયલ ઇનફરમરી' માં હતો, ત્યારે ત્યાં ન્યુમોનિયા[1] જેવાં દરદોપર દારૂ અપાતો હતો, અને દર વર્ષનું એ હોસ્પીટલનું દારૂનું બીલ હજારો પાઉન્ડનું થતું હતું. પણ હમણા કદાચ ૭ પેન્સ[2]નો દારૂ ત્યાં મંગાવવામાં આવે છે! કેમકે એડીન્બરો યુનીવર્સીટીનો પ્રોફેસર સર થોમસ ફ્રેઝર જે પોતે એવી માંદગીમાં દારૂ આપતો હતો તેણે ત્રણ ચાર વર્ષ થયાં તે વાપરવો સમૂલો બંધ કીધો છે. એક દાયકામાં આટલો બધો ફરક પડી જવાનું કારણ એ છે જે પેરિસનાં પાસ્ટચર ઇન્સ્ટીટયુટના જગપ્રસિદ્ધ પ્રોફેસર મેચનીકોફે જાહેર કીધું છે કે શરીરમાં પેદા થતાં "ફેગોસાઇટ્રસ"[3] જેઓ લોહીમાં પેઠેલાં રોગનાં જંતુને મારી હઠાવનારાં છે તેમને દારૂ નુકશાન કરે છે. શરીરમાં રોગનું જંતુ પેઠું કે લોહીમાંનાં ફેગોસાઇટ્રસ તેને મારી હઠાવવા ઉભાં થાય છે, અને જેટલું તેમનું બળ તેટલો માણસનો બચાવ થાય છે,—જો એ ફેગોસાઇટ્રસ ફાવ્યાં તો માણસ બચ્યો—જો રોગનાં જંતુ ફાવ્યાં તો માણસ મૂવો.

ન્યુમનિયામાં શાની જરૂર છે?

ન્યુમોનિયામાં ઝેરી જંતુઓને મારતા ફેગોસાઇટ્રસની મોટી જરૂર છે. ત્યાં દારૂ ફેગોસાઇટ્રસને વધવા દેતો નથી, પણ તેમની વધ અને તેમની ક્રિયા ઉપર અટકાવ નાખે છે.

દારૂ નહિ પણ દૂધ જોઇયે.

આ શોધ એ મહાન રસાયણીએ કર્યા પછી હવે લન્ડનની બધી હોસ્પીટલોમાં દારૂનો વપરાસ ઘટી ગયો છે, અને દૂધનો વપરાસ ઘણો વધ્યો છે, કેમકે જ્યાં દારૂ પાતા હતા ત્યાં હવે દૂધ પાય છે. હવે ન્યુમોનિયા તો એક એવું દુઃખ છે કે જે મટાડવાનો બધો આધાર એ 'ફેગોસાઇટ્રસ' ઉપર છે,—દવાઓ એ રોગનાં જંતુઓને મારી શકતી નથી, અને ડોકટરો ફકત એમ કહે છે કે કૌવત ટેકવી રાખો, કૌવત ટકશે તો માણસ બચશે. તે કૌવત તે એ ફેગોસાઇટ્રસનું બીજું નામ માત્ર છે. ગયા દાયકામાં ડોકટરો પોતે કૌવત ટકાવી રાખવા દારૂ આપતા હતા,—હવે તેઓ દૂધ આપે છે. પણ અલબત હજી "અસલી વિચાર" ના ડોકટરો છે, અને અસલી વિચારનાં લોક છે, માટે કેટલાક ડોકટરો આગલી પદ્ધતિને વળગી રહે છે, અને કેટલાકો ગ્રાહકોને પોતાની મરજી માફક પોતાને ઘેરના કેસીસમાં દારૂનો ઉપયોગ કરવા દે છે, પણ સારામાં સારી હોસ્પીટલના ડોકટરો દારૂને માણસનો દોસ્ત સમજતા હતા તેઓ તેને હવે દુશ્મન ગણે છે, એ વાત સાધારણ લોકને સારીપેઠે સમજાવવાની જરૂર છે.

પ્રોફેસર મેચનીકોફના પોતાના બોલ.

ફેગોસાઇટ્રસ ઉપર દારૂથી કેવી અસર થાય છે તે ૧૮૦૬ માં લન્ડનમાં ભરાયલી

---

૧. ફેફસાંનું દરદ. ૨. ૭ આના. ૩. જંતુઓ.

આરોગ્યને લગતાં પ્રદર્શનમાં આપેલાં તેનાં ભાષણ દરમ્યાન તેણે નિચે પ્રમાણે સમજાવ્યું હતું:—

"ફેરોસાઇટ્રસ એ આપણાં લોહીનું મજબુતમાં મજબુત તત્ત્વ છે, તોપણ ઝેરોની અસરથી નાશ પામે નહિ એટલું તો મજબુત નથીજ. અને મેં તમોને પ્રયોગોથી દેખાડયું કે અરીષ્ટથી તેમનાપર માઠી અસર થાય છે, તેમજ દારૂથી સમજવી, કેમકે બન્ને ઝેર છે. હવડાં હું તમને ગણાવી શકતો નથી કે કેટલી ચીજો ફેરોસાઇટ્રસને નુકશાન કરે છે, પણ હું તમને દારૂ વિષે દાખલા આપી શકીશ. જાણીતી વાત છે કે તેમાં

જેઓ દારૂ પીનારા છે તેઓ ઉડતા રોગના મુખ્યત્વ ભોગ થઇ પડનારા છે.

ન્યુમોનિયાનો રોગ—જે વનસ્પતિ પદાર્થનાં ઉડતાં બી છે તે—લાગ્યો તો કદાચજ એવાઓ બચતા પામે છે. જ્યારે તદ્દન નહિ પીનારાઓને બચાવી શકાય છે. ઘેસાં કુતરાંથી કરડાયલાંઓની, અમો પાસ્ટચર ઇન્સ્ટીટયુટમાં સારવાર કરીએ છીએ ત્યારે પણ જોઇએ છીએ કે અમારી તયૈયાર કીધેલી રસી જ્યારે દારૂ નહિ પીનારાઓપર કેતેહમંદ થાય છે ત્યારે દારૂ પીનારાઓ રસી મુકાવી જવા છતાં લડખા થાય છે. વિદ્વાનોએ પ્રયોગો કરી બતાવ્યા પ્રમાણે ફેરોસાઇટ્રસ ઉપર ઝીણાંમાં ઝીણાં પ્રમાણમાં પણ દારૂની માઠી અસર થાય છે, અને તેઓ જાણે લકવાથી અડી ગયાં હોય એવાં બની જાય છે, અને રોગના જંતુને મારી હટાડનારૂં આપણાં લોહીમાંનું એ અમૂલ્ય તત્વ જે દારૂથી નિર્બળ થઇ જતું હોય તો દેખીતું છે કે દારૂનો ઉપયોગ કરનારાઓ ઉડતા અને ચેપી રોગના સપાટામાં સહેલથી ઝલાઇ જાય."

એવી રીતે મેચનીકોફનાં નવાં શિક્ષણથી ડોકટરોના વિચાર ફેરવાયા છે અને તેઓમાંથી કોઇજ હવે પોતાનાં ગ્રાહકોને દારૂ પીવા કહે છે. પહેલાં એમ સમજવામાં આવતું હતું કે દારૂ પણ એક ખોરાક છે, અને તાવમાં જ્યારે દરદી દુધ જેવી ચીજ પણ જરપત કરી શકે નહિ ત્યારે દારૂ આપ્યો હોય તો હોજરીમાં કંઇપણ પાચનક્રિયાની મદદ માંગ્યા વિના તે પાધરો લહ્યમાં અને નસોમાં જઇ તેમને તૃપ્તિ આપે. પણ હવે કોઇ એ વાત માનતું નથી, દારૂ **ખોરાક નથી, પણ દૂધ ખરો ખોરાક છે** જેને જરપત કરવાની જે દરદીને શક્તિ નહિ હોય તો તેને જરપત થયલું જેવુંજ કરીને પછી પાચની રીતો રસાયણીઓએ લોકને શીખવેલી છે, માટે કોઇપણ રીતે દુધજ આપવું જોઇએ.

દારૂ પાચનક્રિયામાં ખલલ કરે છે.

દારૂ હોજરીમાં ખટાણ થતું અટકાવે છે કે જે દારૂની એક શક્તિજ છે, પણ માણસની હોજરીમાં તો ખટાણની મોટી જરૂર છે કેમકે ખટાણો વડે તો પચેલા ખોરાકનું લોહી બને છે, પણ દારૂ આ ખટાણને તોડી નાખી માણસને સારા ખોરાક અને સારી હવાથી મળતા લાભ પણ લેવા દેતો નથી, માણસનાં શરીરની કુદરતી ગરમી ઓછી કરે છે અને તેને નબળો બનાવી મૂકે છે. જેટલાંક માણસને દારૂથી બદહજમી થાય છે તો કેટલાકો રોગાં થતાં જાય છે, કેમકે જે ચીજો શરીરમાંથી નીકળી જવી જોઇએ તે ખરાબ પાચનક્રિયાને લીધે શરીરમાં રહી જાય છે. બીર જેવા દારૂમાં ખોરાકનો ભાગ છે ખરો, પણ માંહે દારૂનો અર્ક (alcohol) હોવાને લીધે તે ખોરાક પણ માણસને પચતો નથી, અને એકઠો થઇ

માણસને ડોંગું બનાવે છે, તેથી તો આગલા વખતના ડોકટરો પાતળા માણસને ડોંગા થવા માટે બીઅર પીવા કહેતા હતા અને પોતાનાં ગ્રાહકોને મોટા ખર્ચમાં નાખી તેમની પાચનશક્તિ બગાડી, તેમને ડોંગા ને ભારે બનાવતા હતા.

ધવાડનારી માતાઓ ઉપર બીઅર પોર્ટરની અસર.

એવાજ ભૂલભરેલા ખ્યાલથી આગલા વખતના ડોકટરો ધવાડનારી માતાઓને બીઅર કે પોર્ટર પીવા કહેતા હતા, પણ હવે આજે સર્વ સારા ડોકટરો પોતાની ભૂલ યાદ કરી પસ્તાય છે. બીઅર પોર્ટર જેવાં પીણાંથી દૂધ વધતું આવે ખરું, પણ તેમ તો ફક્ત પાણી પીધાથી પણ આવે, કેમકે શરીરમાં ગયલું પાણી પાછું બહાર આવવુંજ જોઇએ ત્યારે

પૈસા ખરચીને દૂધમાં પાણી ભેળવવું

એ શું મુર્ખાઇ નહિ? અને તોયે આપણે બીઅર પોર્ટર પીને આપણું દુધ વધારવાનાં ફાંફાં મારતાં હતાં અને હજી મારીએ છીએ. શરીરમાં ગયલું પાણી પાછું બહાર તો આવવુંજ જોઇએ માટે ઉપલાં પીણામાં આપણે અર્ક (alcohol) જવા દઇએ છીએ જે તેનાં કરતાં શરીરને અતિ હાનિકારક છે.

દારૂડીઆને તરસ વધતી લાગે છે

કેમકે તેનાં શરીરમાં દારૂ સાથે પીધેલું પાણી શરીરમાંનું બીજું પાણી ચૂસી સુકવી નાખે છે, અને તેથી તમે જોજો કે દારૂડી સોડા, પીનારાઓને વારંવાર તરસ લાગે છે, જ્યારે માત્ર પાણી પીનારને એટલી લાગતી નથી. દારૂ શરીરમાંનું પાણી સુકવી નાખે છે એટલે શરીર બીજું પાણી માંગે છે, અને દારૂડીઓ જો બીજાં પાણીમાંએ દારૂ નાખીનેજ પીએ છે તો વળી પાછું પોતેજ શરીરમાં તેનાં શરીરમાંનું પાણી સુકાઇ જાય છે, જેથી તેને વધારે પીણું લેવાની ફરજ પડે છે. વળી તરસ લાગવાનું બીજું કારણ એ છે જે દારૂ પીનારનાં શરીરમાં કેટલાંક ઝેર ઉત્પન્ન થાય છે. ઉપર કહ્યું તેમ દારૂ બટાણુને તોડે છે. ખોરાક અણપચેલો પડી રહેવાથી લોહીમાં ધીમા ઝેર ભેગાય છે, અને લોહી ઝેરી થવાથી તરસ ઘણી લાગે છે તેથી પણ પીણાંની વધારેજ ગરજ પડે છે. તાવમાં તરસ વધારે લાગે છે એ પણ ઝેરનેજ લીધે છે. જેમ તાવવાળું માણસ પાણી પીએ છે તેમ ઝેરો ઘોવાઇને રોગ મટે છે એમ સમજવું. દારૂથી પેટમાં ઝમઝમાટ થાય છે અને આગ બળે છે તે શાથી? પેટમાંનું બધું પાણી સુકાઇ જવાથી. અને તેથીજ કેટલાકો દારૂમાં પાણી ભેળીને પીએ છે જે અલબત્ત નર્યો અર્ક પીવા કરતાં સારૂં છે ખરૂં, પણ નર્યું પાણી અર્ક કરતાં હજાર દરજ્જે સારૂં છે. નર્યું પાણી (અર્કથી કે બીજા કોઇપણ કારણથી શરીરમાં એકઠાં થયલા ઝેર ધોઇ કાઢે છે, અને શરીરમાં ઝેરો એકઠાં થવાનું એક કારણ આગલા અંકોમાં સમજાવ્યા પ્રમાણે શરીરની બટ્ટીને ગરમ રાખવા માટે જોઇએ તે કરતાં વધારે પુષ્ટિકારક ખોરાક ખાવાનું છે. જોઇએ તે કરતાં વધારે અને વધતી પુષ્ટિ આપનારો ખોરાકજ જે લોક બેસીને કામ કરે છે તેમનાં શરીરમાં ઘણાં ઝેર ઉત્પન્ન થાય છે જે બધાંજ કંઇ પાણીથી ધોવાઇ નીકળતાં નથી પણ ગાંઠે રહી દરદો ઉત્પન્ન કરે છે.

લોહીમાં ભેગાયલાં એવાં ઝેરો સાથે ઘણી ચોકી હવાદિનસવાળાં ઘરોમાં રહેવું એ લોહીને બગાડવામાં મદદ આપે છે અને એવાં માણસો જ્યારે ખુલ્લી હવામાં રહેતા હોય છે ત્યારે તેની અસર તેમને જલદી માલમ પડે છે. તેમનાં દરદ મટી જાય છે, અને તેમનો સ્વભાવ ખુશ થાય છે। (ક્રમશઃ)

વિદાય થતા વાઇસરૉય લૉર્ડ હાર્ડિંજની હિંદ–સેવા.

ગત માર્ચ માસનાં "હિંદુસ્થાન રિવ્યુ"માં શ્રીમતી બીસીસ એનીબિસેન્ટે વિદાય થતા વાઇસરાય લોર્ડ હાર્ડિંજે પોતાના અમલ દરમ્યાન કરેલા કાર્યોની સવિસ્તર નોંધ આપી છે તેનો મર્મોશ હમારા વાચકોની જાણ માટે અમે નીચે રજુ કરીએ છીએ.

ભારતવર્ષમાં અનેક વાઇસરાય અમલ કરી ગયા છે પરન્તુ તેઓ નામદાર લોર્ડ હાર્ડિંજ જેટલા પ્રજાપ્રિય થયા નથી. એવા વાઇસરાય આજે ભારતવર્ષથી વિદાય થાય છે. સહાનુભૂતિ, ભાવના, સાહસ, કાર્યપટુતા, રાજનીતિ વિશારદ, વગેરે ગુણોથી એ નામદાર વિભૂષિત હતા. અને એ સદ્‌ગુણો એમનામાં પરિપૂર્ણ હતા. સાડાપાંચ વર્ષના અમલમાં સંતોષપૂર્વક રીતિથી બીજા રાજનીતિજ્ઞોએ આવું કાંઇ કર્યું નહિ હશે! પરન્તુ આ નામદારે એવા કાર્યો કર્યા છે, તેથી પ્રજાવર્ગ આજે એ નામદાર ઉપર ભલાઇનો વરસાદ વર્ષાવે છે અને સંપૂર્ણ વિશ્વાસ રાખે છે.

આજે નામદાર વાઇસરાય ભારતવર્ષથી જુદા થાય છે પણ ભારતવર્ષની પ્રજાનું હૃદય કદિ પણ એમને ભૂલશે નહિ. શ્રીમાને ભારતી પ્રજાના અનેક કષ્ટો દૂર કર્યા છે તેથીજ આજે આ પ્રજા એમના ઉપર વિશેષ મોહિત થઇ છે.

લોર્ડ કર્ઝનના સમયમાં બંગભંગથી બંગાળા દુઃખી થયું હતું અને તે સમયે બંગાલીઓને વ્યર્થ નજરકેદ કર્યા હતા. બંગવાસીયોના મુખ ઉપર તાળું મારવામાં આવ્યું હતું. આ દુઃખ નામદાર લોર્ડ મીન્ટો અને નામદાર લોર્ડ મોરલીથી નિવારણ કરી શકાયું નહોતું પણ નામદાર લોર્ડ હાર્ડિંજ અને નામદાર લોર્ડ કુયુના હાથમાં ભારતનું શાસન આવતાંજ ભારતમાં ભારી પરિવર્તન થયું. અને એ ઉભય નામદારોએ જોયું કે નામદાર સરકારની પ્રતિષ્ઠા હઠથી નહિ પણ ન્યાયથીજ તેજોમયી છે. એવા વિચારપૂર્વક ઉભય નામદારોએ તત્રભવાન્ સમ્રાટ્ શ્રી પંચમ જ્યોર્જ મહારાજાને અનુમતિ આપી અને તેની પાછળ તરતજ દિલ્હી દરબારનો ચિરસ્મરણીય દિવસ આવ્યો અને બંગભંગ રદ કરવાની અને ભારતની રાજધાની દિલ્હી લઇ જવાની પોતાની પવિત્ર વાણીથી ઘોષણા કરી. આ વૃતાન્ત સર્વને સુવિદિત છેજ કે જ્યાં સુધી નામદાર લોર્ડ હાર્ડિંજ અને નામદાર લોર્ડ કુયુ ઉભય બાબતોમાં પરિવર્તન કરવાની અનુમતિ નહિ આપતે ત્યાં સુધી ભારતવાસીઓની આ મહેચ્છા પૂર્ણ થને નહિ.

દિલ્હી પ્રવેશના સમયે કોઈ દુષ્ટ અનાચારીના દુષ્ટ કૃત્યથી ઘાયલ થવા છતાં પણ શ્રીમાન નીતિથી કાંઇપણ ભ્રષ્ટ થયા નથી. ભારતવાસીઓ પ્રતિ ક્રોધની દૃષ્ટિએ જોયું નથી અને પોતે પહેલાના જેવાંજ ઉદારજ રહ્યા હતા અને પોતાના ઉદ્‌ગારમાં જણાવ્યું હતું કે **"વ્યક્તિગત રક્ષાને માટે હું એવું કાર્ય નહિ કરી શકું કે જે અંગ્રેજી શાસનને અયોગ્ય હોય"**

યુક્ત પ્રદેશના અધિકારીઓએ કાનપુરના મુશલમાનોમાં નારાજી પ્રસરાવી હતી અને તેઓની મુસીદની કેટલીક જમીન લઇ લીધી હતી. આ પ્રકરણને પણ સંતોષપૂર્વક દાન્ત કરવાનું મહત્ કાર્ય નામદારેજ કર્યું હતું.

દક્ષિણ આફ્રિકાના સંબંધમાં પણ ભારત વાસીઓનું હૃદય ઘણું દુઃખી થયું હતું. ભારત વિતૈષી શ્રીયુત્ ગાંધીજી પોતાના દેશવાસીયો

નાં દુઃખ દુર કરવાને નિષ્ફલ પ્રતિરોધ કરીને અનેક કષ્ટ સહન કર્યાં હતાં. અને દક્ષિણ આફ્રિકાના આ પ્રકરણથી રાજ્યની શાંતિમાં પૂરો ભય માલમ થતો હતો. આ સંબંધમાં ભારતવાસીઓએ ત્યાંની યુનિયન સરકારના આ કાર્ય માટે પ્રબલ ઉદ્યોગ કર્યો હતો. આ સમયે પણ નામદારે ભારતની પ્રજા સાથે સહાનુભૂતિ પ્રગટ કરી અને એમના કાર્યની પૂર્ણ રીતે પ્રશંસા કરી હતી. આ સમયે ટાઇમ્સ અને બીજા અંગ્રેજ ઇન્ડીયન વર્તમાનપત્રો ગર્જતા ગર્જતા રહી ગયાં પણ શ્રીમાન પોતાના કર્તવ્ય પક્ષથી લેશ પણ ચુક્યા નહોતા.

સ્વાયત શાસનના વિષયમાં યદ્યપિ શ્રીમાને કાંઇક વિલંબ બતાવ્યો છે તથાપિ પોતે કહ્યું છે કે "**સિવિલિયન અધિકારીઓ ધીરે ધીરે પોતાનો અધિકાર ભારતવાસીઓને સમર્પિત કરે!**' ભારતનું લક્ષ્ય સ્વશાસનજ છે.

રણક્ષેત્રમાં ભારતવાસીઓને મોકલીને ભારત માતાના ગૌરવની પતાકાઓ દિગન્તમાં શ્રીમાને પ્રસરાવી છે અને ભારત સૈનિકોનો જયધ્વનિ જગતને જણાવ્યો છે.

ગઇ શતાબ્દિના આરંભમાં જે ગર્હણીય નિયમો પસાર થવાથી તથા ભારતની હજી સુધી અપ્રતિષ્ઠા થઇ રહી છે અને તેને અનુસરીને લાલા લજપતરાય તથા અન્ય પુરૂષોને નજરકેદ કરવામાં આવ્યા હતા, જે કાનુનથી મનુષ્યોની સ્વતંત્રતા પોલિસને સ્વાધિન કરાય છે, તે કાનન આ દેશને માટે એક અપમાનજનક છે.

જો શ્રીમાન લોર્ડ હાર્ડિંજ આ કાનનને રદ કરત, જો શ્રીમાન પ્રુનિટિવ પોલિસ એક્ટ, પ્રેસ એક્ટ, રાજદ્રોહાત્મક સભા કાનૂન, શસ્ત્ર કાનૂન તથા બીજા એવા કાનૂનો રદ કરત, જો ભારતવાસીઓ માટે સૈનિક કોલેજ સ્થાપન કરી જાત, જો ભારતીઓમાં સૈનિક સ્વયંસેવાનો ઉત્સાહ દાખલ કરત, જો ભારતીય સૈનિક અમલદારોને સૈન્યમાં કમીશન અપાવવાનો ઉદ્યોગ કરત, તો શ્રીમાન્ લોર્ડ હાર્ડિંજ સાહેબ ભારતવર્ષના આકાશમાં સૂર્ય થઇ ઝળહળત. કારણ તેઓ ભારતીય સ્વતંત્રતાના વિધાતા થાત, જેમ હો તેમ. આ બેડી હજી સુધી ભારતવાસીયોના પગમાં કાયમ છે છતાં પણ હમે આજે શ્રીમાન્ વાઇસરાયના ચરણકમળમાં હમારી પ્રીતિ, અને કૃતજ્ઞતા સમર્પિત કરીએ છીએ. ભારતના ઇતિહાસમાં પ્રજાહિતના અનેક સારા કાર્ય કરીને ઉત્તમ કોટિના આદર્શ વાઇસરાય થયા છે. ચિરસ્મરણીય, પ્રજાહિત કાંક્ષિણી પત્ની અને સુયોગ્ય પુત્રના વિયોગથી પણ પોતાના કર્તવ્યપરથી ચલિત થયા વિના પ્રજાહિતના કાર્યો સદા કરતાજ રહ્યા છે.

આવા પ્રજાપ્રિય વાઇસરાય આજે આપણને છોડીને વિદાય થાય છે. કિન્તુ હમારો શુદ્ધ પ્રેમ પણ તેમની સાથેજ દોડતો જાય છે, અને ભારતીય રાષ્ટ્રની કૃતજ્ઞતા પણ એમની સાથે દોડે છે. વિલાયતમાં ભારતીય સ્વતંત્રતાના વિરોધીઓથી હમારા હિતનું રક્ષણ કરે, શ્રીમાને સ્વમુખે પોતાના ઉત્તરાધિકારીના વિષયમાં જે ઉદ્ગારો કહ્યા છે કે "**મને વિશ્વાસ છે કે તેઓ પણ મારી નીતિનું અનુસરણ કરશે જેથી ભારતવાસીયોને દુઃખ નહિ થશેજ**" નામદાર વિલાયત જેવા દુર દેશમાં રહીને આ ભારત વર્ષનો ઉત્તરોત્તર અભ્યુદય જુવે ભારતવર્ષ અને ઇંગ્લંડને પ્રેમસૂત્રથી ગાંઠવાની એઓએ જે ચેષ્ટા કરી છે તેની સફલતા પણ તેઓ જુવે.

શિવશંકર ઇચ્છાશંકર ત્રવાડી.

વિવિધ—વિષય.

બ્હેરો એડિસન વાતો સાંભળી શકે છે.

મિ. એડીસન જે અમેરિકાનો પ્રખ્યાત વિજ્ઞાન શાસ્ત્રી છે તે હાલમાં તદન બ્હેરો છે. તે અમેરિકાની એક દરીઆ ખાતાની સભાનો સંભાસદ છે. બ્હેરો છતાં પણ એડીસન તે સભામાં ભાગ લે છે. સભાનું કામ કાજ જાણવાને તેણે એક તારના દોરડા વિના ખબર પહોંચાડવાનું એક યંત્ર બનાવ્યું છે. તે જ્યારે સભામાં જાય છે ત્યારે એની સાથે એક મનુષ્ય એ યંત્ર લઇ બેસી રહે છે, જે સભાના કાર્યનો સર્વ હેવાલ એડીસનને સંભળાવે છે. યંત્રની હાલચાલના તરંગો એડીસનના ચૂંટણુને સ્પર્શ કરે છે. એ રીતે એક મિનિટમાં ૩૦ શબ્દ સાંભળી શકે છે, કે જેટલા એક મિનિટમાં બોલાવા મુસ્કેલ છે. બુદ્ધિવાનો શું ન કરી શકે? આપણા ગુજરાતમાં વધી પડેલા અને લોકોને અતિ અપ્રિય થઈ પડેલા કવિગણો જો પોતાની કલ્પના શક્તિનો આવી દિશામાં ઉપયોગ કરે તો અમે ધારીએ છીએ કે થોડાજ સમયમાં કંઇ નવું જુનું કરી બતાવે!

ટેલીફોનમાં પ્રશંસનીય સુધારો.

આજ સુધી ટેલીફોન મારફતે વાત કરનારને ઘણા ઉંચા સ્વરથી બોલવું પડતું હતું, જેથી કરીને પોતાના છાનાં ભેદની વાતો ટેલીફોન મારફતે થઇ શકતી નહિ. પરંતુ લંડનની એક કંપનીએ હાલમાં એક એવું યંત્ર બનાવ્યું છે કે જેની મદદથી ટેલીફોનમાં છાની વાત પણ નિડર રીતે કરી શકાય છે. તદન નજીક બેઠેલો માણસ પણ કંઇ સાંભળી શકતો નથી. આવી શોધને માટે શોધકને બેશક ધન્યવાદ ઘટે છે. ધંધાદારીઓને એથી વિશેષ સવડ સચવાશે.

"એ-એ" નામના જંગલી પશુ.

કુદરતી વિદ્યાને જાણનારા વિદ્વાનો કહે છે કે કુદરતે જે જે પ્રાણી કર્યા છે તેમાંનું એક માડાગાસ્કરનું "એએ" નામનું અતિ વિચિત્ર જંગલી પ્રાણી છે. એની લંબાઇ લગભગ ૩ ફુટ છે તથા એની ચામડીપર મેલા ભૂરા રંગના વાંસા અને મોટા વાળ હોય છે. એની પૂંછડી લાંબી અને ગુચ્છેદાર હોય છે. કાનોનો આકાર સર્વથી નિરાળોજ છે. હાથ-પગ બીજા કોઇ પણ પ્રાણી સાથે મળતા આવતા નથી. કારણ અંગુઠા સિવાયની હાથપગની આંગળીઓ ઘણી લાંબી અને પાતળી હોય છે, અને તે પાતળી જાળીની પેઠે જોડાયલી રહે છે. આ વિચિત્રતા સાથે એની આંખ પણ એક અજબ રંગ ઢંગની અને ચમકદાર હોય છે. જેનાથી એનું સ્વરૂપ અતિશય વિચિત્ર અને ભયંકર માલમ પડે છે. એ-એને એ પાતળી આંગળીઓથી પોતાનું ભોજન મેળવવામાં ઘણી સહાય મળે છે. નાના કીડાઓ એનો મુખ્ય આહાર છે. નારંગી મળી આવતાં તેના ઉપરની છાલમાં ગોળ કાણું પાડી તેને એક હાથમાં રાખી બીજા હાથની આંગળીથી અંદરનો ગર કાઢી લે છે.

પ્રકૃતિએ એના દાંત પરથી એને બીસકોલીનું જાતનું પ્રાણી ધારતા હતા, પરંતુ પાછળથી તે વાંદરાની જાતનું કર્યું છે.

માડાગાસ્કરની મૂળ પ્રજા એનાથી ઘણી બ્હીએ છે. તેઓ એમ સમજતા હતા કે જો એ જીવનો સ્પર્શ થાય, તો એક વર્ષમાં તેનું મરણ નીપજે છે. સાપની પેઠે એનું ઝેર પણ મંત્રથી ઉતારવાનો ત્યાંના લોકોમાંના કેટલાક દાવો કરે છે.

ચમત્કારી સરોવરો.

મિનેસોટા પ્રાંતમાં વિનિપેગ પાસે કેટલાંક ચમત્કારી સરોવરો જોવામાં આવ્યા

છે. હવામાં ઓછી વધતી ઉષ્ણતાના પ્રમાણમાં તેનું પાણી ઓછું વધતું થાય છે. સવારે દશ વાગ્યાને સુમારે પાણી તદન ઘેાડું હેાય છે. બપેારે ચાર વાગે અતિશય વધે છે. જો હવા વાદળાંવાળી હેાય છે, તેા તેની અસર પણ પાણી પર થાય છે. કેટલાંક સરેાવરનું પાણી વાદળાં ચઢી આવતાં ઘટ થાય છે. ત્યારે કેટલાંકના પાણી પીળાં અને કેટલાંકના લાલ થંઇ જાય છે.

અદૃશ્ય પ્રકારા.

ભારતના સુપ્રસિદ્ધ વિજ્ઞાન શાસ્ત્રી ડૉ. જગદીશચંદ્રબેાઝ પેાતાના એક ભાષણમાં મનુષ્યની જ્ઞાનેંદ્રિયની અપૂર્ણતાનેા ઉલ્લેખ કરતાં જણાવે છે કે કાન સર્વ પ્રકારનેા અવાજ સાંભળી શકતા નથી. જેવી રીતે તેજ અને મંદ અવાજ છે, તે પ્રમાણે પ્રકાશ પણ દૃશ્ય અને અદૃશ્ય (ન જણાય એવેા) છે. પથરના કંપને જોઇ શકવામાં આંખ તદન કમનસેબ છે. દર સેંકડે તે પથરના ૪ થી ૮ ઘર્ષ સુધીની લહરેા જોઇ શકે છે. એવી રીતે પથરના ધીમા કંપેાની અસર આંખપર થતી નથી. અને તેમાંથી જે પ્રવાહ નીકળે છે. તે વિદ્યુત્પ્રવાહ કહેવાય છે.

કેટલાંક પ્રાણીની આશ્ચર્યજનક ઉત્પત્તિ.

બહુધા બધાનું એવુંજ માનવું છે કે કેાઇ પણ પ્રાણીની ઉત્પત્તિ આપેાઆપ થતી નથી. પરંતુ ભૂમિપર કેટલાંક પ્રાણી એવાં મળી આવ્યા છે, કે જેણે લેાકેાને ચકિત કરી દીધા છે. વરસાદ વરસતાંજ હામે હામ નાની નાની દેડકી કૂદતી માલમ પડે છે. એની તૂર્તસિ કરતાં તેનેા જન્મ લેાકેાને દંગ કરી દેછે. કેાઇ પણ દેડકાનેા ચૂરેા કરી તેને ગાળી તેને એક શીશામાં ભરી મૂકીએ અને જ્યારે વરસાદ આવે ત્યારે શીશીને વરસાદમાં રાખી દઇએ તેા જેટલી રજ તેટલી દેડકીએા કૂદતી આપણી નજરે પડશે.

વળી કાચબાએા જમીનની માટીમાંથી આપેાઆપ પેદા થાય છે. સરેાવરના કીનારા પરની જમીન (૧) ચેાડી ઉંચી થાય છે (૨) ગેાળ થાય છે, (૩) કાણુ થાય છે, (૪) રંગ બદલે છે, (૫) ચળકવા લાગે છે, (૬) જમીનથી સંબંધ છૂટેા પડે છે, (૭) વૃદ્ધિ થાય છે, (૮) વળી રંગ બદલાય છે, (૯) વૃદ્ધિ થાય છે, (૧૦) ચૈતન્ય આવે છે, (૧૧) ગતિ આવે છે, (૧૨) અને કૂદવા લાગે છે, આ પ્રમાણે કાચબેા લગભગ ૧૧-૧૨ દિવસમાં તૈયાર થાય છે. વળી ચેામાસામાં લાખેાની સંખ્યામાં નજરે પડતાં અળસીયાં પણ આવીજ રીતે તૈયાર થાય છે.

ખાણ સાથે છાસના મિશ્રણથી સંખ્યાબંધ વીંછીઓ ઉત્પન્ન થાય છે.

આ સર્વ સત્યતા બાદ વિદ્વાનેા એવા નિર્ણય પર આવે છે કે મનુષ્યેાની ઉત્પત્તિ પણ પહેલ વહેલી એ પ્રકારેજ થએલી હેાવી જોઇએ. પુત્રયજ્ઞ કરતાં યજ્ઞમાંથી પુત્ર કે પુત્રીની ઉત્પત્તિ વિગેના ઘણાં દાખલાઓ આપણા પુરાણેામાં છે, તેમાં કાંઇ સત્યતા હેાવી જોઇએ એમ આથી પ્રતીત થાય છે.

આર્ય કયાંથી આવ્યા?

આર્યો પ્રથમ મધ્ય એશિયામાં રહેતા હતા, ત્યાંથી ચારે દિશામાં વેરાયા. અર્થાત્ એવી માન્યતા એવી છે કે દુનીઆમાં વસતા મનુષ્યેાનું આદિ સ્થાન મધ્ય એશિયા છે. જ્યારે લેા. તિલક કહે છે તેમ આર્યોનું આદિ નિવાસસ્થાન ઉત્તર ધ્રુવના પ્રદેશમાં હતું પરંતુ હાલમાં પંડિત રઘુનંદન શર્મા (બહુવદે રીસર્ચ ઓફ ફિમર) પેાતાના 'અક્ષર વિજ્ઞાન' નામના પુસ્તકમાં સિદ્ધ કરે છે કે મનુષ્યેાનું આદિસ્થાન એવે સ્થળે હેાવું જોઇએ કે જ્યાં સર્વ પ્રકૃતિના મનુષ્યેા સારી રીતે વસી શકે. તેઓ જણાવે છે કે હિમાલયનેા પ્રદેશ કે જ્યાંની હવા આખી દુનીઆના પ્રાણી, વનસ્પતિ વગેરેને માફક

અમલના વખતમાં આ ઝાડનો રસ લેવા ગુન્હેગારોને મોકલવામાં આવતાં, તેઓ જીવતા પાછા આવતા હતા. નેલશન માટે એમ કહેવાય છે કે જે નદીમાં આ ઝાડની થોડીએક ડાળી પડેલી હતી, તે નદીનું પાણી પીવાથી તેને ઝેર ચડયું હતું.

પરમકૃપાળુ પરમાત્માએ આવાં રાક્ષસી ઝાડો હામહામ નથી સરજ્યાં તે માટે તેનો આભાર માનવો ઘટે છે—આવાં ઝાડો દુનીઆમાં થોડેજ સ્થળે અને જંગલોમાં મળી આવ્યાં છે.

ચીનાઓનો નાટક.

ચીનાઓનો એકજ નાટક કોઇ કોઇ વાર બે મહીના સુધી પૂરો થતોજ નથી. આરટીમ્સ વૉર્ડ કહે છે કે એક વખત હું તેમની નાટકશાળામાં ગયો. જે વેળા એક ચીનાએ ગાવું શરૂ કીધું, જે પૂરું કરતાં તેને છ અઠવાડીઆં લગભગ દોઢ મહીનો લાગ્યો! આ ગાયનમાં બધા મળી ૧૨૦૦૦ લીટીઓ હતી. અને તે દરેક લીટીને છેડે "તુરાલ, લુરાલ, લુરાલ, રી, ફાલ દે!" એ પ્રમાણે બબ્બે વખત બોલવાની ટેક આવતી, જેથી તે ગાયન જ્યારે બરાબર પૂરેપૂરી રીતે ગવાઇ રહેતું, ત્યારે ૨૨૦૦૦ વખત એ લીટી ગવાતી એટલે આખા ગાયનમાં કુલ્લ ૩૩૦૦૦ લીટીઓ ગવાતી હતી. ગાયન ગાનાર તથા સાંભળનાર કેવા ધીરજવાન હશે તેનો જે કાંઇ પણ ખ્યાલ લાવવો હોય તો દરરોજ ૧૦૦ વારજ "તુરાલ, લુરાલ, લુરાલ, રી, ફાલ દે" એમ રાગડો કાઢી બોલી જવું.

ગુલામગીરીની હીમાયત.

ગુલામગીરીની હિમાયત કરનાર એક અમેરીકન પત્ર ઉપરથી માલમ પડે છે. તેકસાસ ખાતે એક નવાઇ સરખી એક જાતની ફીડી થાય છે જેઓ બીજી કીડીઓ પાસે પડાના આકારના ઘરો બંધાવે છે. જે ઘરો એટલા તો મજબૂત હોય છે. કે તેમની ઉપર બંદુકની ગોળીની પણ એકાએક અસર થઇ શકતી નથી. વળી શિઆળાને સારૂ અનાજનો જથ્થો પણ તેઓ ગુલામો પાસેજ એકઠો કરાવે છે. જે કોઇ ગુલામ કીડી પોતાના ધણીની સામે થતી જણાય, તો સઘળી સ્વતંત્ર કીડી મળી તેને મારી નાંખે છે.

ચમત્કારી વાંદરો.

એક મુસાફર આફ્રિકાની મુસાફરીએ જતી વેળા પોતાની સાથે એક પૂંછળીવાળો વાંદરો ભોમીઆ તરીકે લઈ ગયો હતો. જેની સગજ વિષે તે ઘણીજ ચમત્કારી વાતો કહે છે. કઇ કઇ દુકાને સૌથી સારૂં શરબત મળે છે તે દુકાનો તે સારી રીતે જાણતો હતો. જ્યારે તેના ધણીને છેલ્લીક રાત નાઇલ નદીના કીનારા ઉપર સૂવું પડયું હતું, ત્યારે તે તેનાં સૂતેલા ધણીની ચોકી કરતો હતો તથા તેની આગળ ભમતાં મચ્છર મારતો હતો. તે તેના ધણીના દરેક કામકાજમાં મદદ કરતો. તેણે યૂરોપમાં આવી ધણીએ વાર તેના ધણીનો જીવ બચાવ્યો હતો. તેજ ઘરમાં ચોરી થતી અટકાવી હતી. જે દિવસે તેનો ધણી મરણ પામ્યો, તે દિવસે તેનો શોક બતાવવા સારૂ બૂટ પોલીસની એક શીશી ફોડી નાંખી, તે પોતાના દીલપર લગાડી કાળો શાલી જેવો બની શોકાતુર દેખાયો હતો એ બીચારાં જનાવરને કાળો પોશાક કોણ આપે? તેથી તેણે આવી રીતે પોતાના અંગને કાળું કરી પોતાના ધણી તરફની વફાદારી બતાવી.

પ્રકીર્ણ.

ફ્રેંચ ભાષામાં ૪૦૦૦૦ શબ્દો છે. તેમાંના ધણું કરી ૨૦૦૦૦ નકામા છે. ૧૦૦૦૦ તો સાધારણ વપરાશને માટે ઘણાજ કઠણ છે. અને બાકી રહેલા ૧૦૦૦૦ શબ્દોથી એક ગામવાળો

પ્રેમમય કથા ! સરસ્વતી. ! મરાઠી પરથી

વસંતરાય પોતાની પત્ની સાથે હમણાં દીવાળીની રજામાં પોતાને ઘેર આવ્યો છે. એ તેના ભાઇઓમાં નાનો. એટલે એના આગમનથી માતા તથા ભાઇ ભોજાઇ વગેરેને આનંદ થાય તેમાં શી નવાઇ ! વસંતરાયની ઉમર અત્યારે ૨૪-૨૫ વર્ષની હોઇ તેણે પોતાનું લગ્ન જેટલું બની શકે તેટલું લંબાવ્યું હતું. પણ બી. એ. થયો, અને જ્યારે ઉદરનિર્વાહ માટે કશી હરકત નડે એમ નથી, ત્યારે માતુશ્રીની ઇચ્છાને માન આપવું વાજબી લાગ્યું. તદુપરાંત આ ઉમરમાં સાધારણ ભોડી, થોડી સુશિક્ષિત એવી છોકરી જોઇ પરણતાં તે સાસુ સસરા, દીયર, નણંદ જેઠાણી વગેરેની કેળવણીથી સંસારને યોગ્ય તૈયાર થશે ત્યાં સુધીમાં હું એલ. એલ. બીની પરીક્ષા પસાર કરીશ. એમ ભેવડા ફાયદાને ધોરણે વસંતરાયે નવા જુનાનો ભેગાલુમ સાધો સાંધ્યો.

વાત પણ તેના મનોવિચાર પ્રમાણે બની. તે મુંબઇમાં વકીલાત કરવા લાગ્યો. સુમારે ૭ સાત મહીના થયાં છતાં પણ તમારૂં "થાય છે થાય છે" હજી પૂરૂં થતું નથી, એવા આશયનો તેનો પત્ર આવતાં તેના વડીલોએ તેની સ્ત્રીને મુંબાઇ રવાના કરી. પહેલાં એક બે મહીના તો વસંતરાયની માતા આ નૂતન દંપતીનો સંસાર માંડી આપવાને માટે સાથે ગઇ હતી, પરંતુ ઘરમાં વચલી વહુની સુવાવડ આવ્યા પહેલાં તે પરત આવી હતી.

આજે વસંતરાય તથા સરસ્વતીને ગાડીમાંથી ઉતરી દ્વારમાં પગ મૂકતાં ડોસી ઓવાળણાં લેવા બહાર આવી. તો વિધિ પૂર્ણ થતાં સરસ્વતી ઘરમાં આવતાંજ સાસુજીએ "વહુ અરે આગળ ક્યાં જાય છે ! તું તો ગાડીએ અડકાયલી છે ને ! સરલા તો તને ભેટવા દોડી."

આવો કરડો ઇસારો કરતાં બંને દેરાણી જેઠાણી એકમેકની સામે જોઇ હસવા લાગી. તથા નાની વહુ તો "થઇ બોલવાની શરૂઆત" એમ જેઠાણી સાથે બબડવા લાગી. એટલામાં વસંતરાયની સ્વારી ગાડીમાંની ટ્રંક માળપર લઇ જવા માટે દાદર નીચે આવી. તેના કાન પર પણ આ શબ્દો પડયા હશે કે કેમ ! તેની બ્હીક લાગતાં સરસ્વતી ગભરાઇ "મને બદલવાનું લૂમડું આપોને" એમ કહી તેણે જેઠાણી સાથેનો વાતનો વિષય બદલી નાંખ્યો.

વસંતરાય અંદર આવતાં સરલાએ તો હસતાં હસતાં પૂછ્યું "ચાહ આણું કે"

'ભાભી હું ભુંભાઇ ગયો એટલે પહેલાંનું બધું છોડી દીધું નથી હં ! આમ જો સારૂ શેર-અચ્છેર દૂધ ગરમ કરી લાવ. બાકી મજાક કરતી અહીં ઉભી ન રહે !"

"શેર-અચ્છેર ! હં ! હું ! બંનેની સવડ કોણ લેતા હશો ?" એમ હસતી ડોળા મિચ મિચાવતી સરલા કહેલા કામે ગઇ.

સરલા કહેવા પ્રમાણે તાબડતોડ દૂધ ઉતું કરી વસંતરાયને માટે માળપર લઇ આવી. વસંતરાય આ વખતે પોતાના ભાઇઓના નાનાં નાનાં છોકરાંઓને પોતાની ટ્રંક પાસે ભેગાં કરી મુંબઇની રમતગમતની તરેહવાર ચીજો આપતો હતો. દૂધ આવતાં તેણે પોતાની ટ્રંક ગાડી પ્રમાણે "ચાલ, ચલ જલ્દ અબી" એમ કહી બંધ કરી દીધી, તથા દૂધ આગળ મૂકી "ભાભી બે ચાર પવાલાં આણવાં હતાં ને" એવો ઇસારો કર્યો. પવાલાં આવતાં છોકરાં સહિત દૂધ પીઇ સવારી વડિલ દર્શનાર્થ દિવાનખાનામાં ગઇ.

ઘરમાં અતિશય ગિર્દી, તેમાં મોટી વહુની સુવાવડ, વચલી વહુને માથે સ્વયંપાક. તેવે વસંતરાયની સાસુ અને સાળો તે બંનેને આવેલાં સાંભળી દિવાળી નિમિત્તે

સરસ્વતીને પીયર લઇ જવા તથા વસંતરાયને જમવાનું નિમંત્રણ કરવા આવ્યાં. આની અતિશય ગિર્દીમાં ચોટલો પાડવાનો તથા ગુચ્છા પાડવાનો વખતજ ન હતો. છતાં સરસ્વતી વખતમાંથી વખત કાઢીને પણ માળ પરથી કેશ કલાપ સાફ કરી ગુચ્છા પાડીને નીચે ઉતરી. ત્યાં પોતાની મા સાથે વાત કરતી હતી, તેવે બહાર સસરાજીના પગલાં વાગતાંજ ગભરાયલી ગભરાયલી એકદમ ઘરમાં ગઇ. રોસી સુવાવડીની ઓરડીમાંથી સરસ્વતીની પાછળ પાછળ આવી. સરસ્વતીને જોઇ તે બોલી, "વહુ આ મુંબાઇના નખરાં અહીં ન ચાલે હ! ગુચ્છા પાડવા જવા દે અને રીતસર વાળ હોરી વેણી ગૂંથ, જા

સરસ્વતી ચમકી અબોડાને હાથમાં લઇ છોડતી છોડતી પુનઃ માળપર ગઇ. ત્યાં જઇ જોતાં તેની મા ઉભી હતી. માને જોતાંજ "મા મારા વાળ હોરને! જોતી મારા વાળ તેમને ગમતાં નથી" એમ બહીકની મારી કહેતી હતી, એટલે તેની માએ તેના મોઢાંપર હાથ મુકી કહ્યું "અરે ચૂપ, જો તો ખરી પેલી તરફ તારા મોટાભાઇ બોડા છે તે?" એમ કહેતાંજ સરસ્વતી શરમાઇ પાછલે પગે વાળ સરખા કરતી પુનઃ નીચે ગઇ.

ભૂલ થવા લાગી એટલે એકની પાછળ એક થયાજ કરે છે. સરસ્વતીનું નીચે આવવું, અને છગનભાઇનું બજારમાંથી શાકભાજી લઇ આવવું થતાં બને અથડાતાં વિનાયકરાયે પૂછ્યું, 'કોણ સરસ્વતી, કેમ ક્યારે આવ્યાં!" ગાભરી બનેલી સરસ્વતી કાંઇપણ ઉત્તર ન આપતાં તેના હાથમાંથી શાકની પોટલી લઇ નળ નીચે સાફ કરવા ચાલી ગઇ. વિનાયકરાય "હં, મુંબાઇવાસી એટલે અડકાબોળાનો શો દોષ?" આ શબ્દ રોસીને કાને પડતાં તે બોલી "શું એટલામાં અડકાયલું લૂગડું બદલી નાંખ્યું, છે? કે વસવાયાંની અડકેલી શાકભાજી સમારવા બેઠી! શું કહું માણસને મારું કપાળ?"

આ શબ્દ સાંભળતાંજ સરસ્વતી-હમેશની આનંદી સરસ્વતી—એટલી બહીબી, કે તેના કપાળમાં રોળ પડયા. તેણે તે શાક ઉંચકી નળ નીચે મૂકી ધૂનમાં ધૂનમાં ઠંડા પાણીથી પોતેજ સ્નાન કર્યું.

વિનાયક આ સઘળું જોતો હતો. સરસ્વતી શરીર દોહોતી હતી, ત્યાં સુધી તે એક શબ્દ પણ બોલ્યો નહિ. તે લૂગડું બદલવાને જોરી અંદર આવી, એટલે વિનાયક તેને એટલુંજ કહ્યું કે "સરસ્વતી, તું સારી ભણેલી ગણેલી અને તને ઘડીભર માણસ પ્રમાણે રહેતાં સુદ્ધાં આવડતું નથી. હરે પાણીએ ન્હાઇ શરીર શા સારૂ બગાડે છે!"

કર્મધર્મ સંયોગે એજ વખતે વસંતરાય દૂધનું વાસણ લઇ પોતાની સાળાને મૂકવા નીચે આવ્યો. તેણે આ સર્વ જોયું ખરૂં. પરંતુ પરોણાને વિદાય કરવાની ગરબડમાં તે તરફ લક્ષ આપ્યું નહિ.

એક દિવસ એવો પણ હોય છે, કે તો ક્રોધને ધાતવારજ નીવડે છે. રોસી પોતાની વહેવાણને વળાવી ઘરના મધ્ય ભાગ તરફ વળી, એટલે રસોડામાંથી આવતી વચલી વહુ કંઇ કામ સારૂ બહાર આવતાં તેનો ભેટો થયો. સરસ્વતી વચલા ભાગમાંજ હતી. તેણે તેને લૂગડું બદલતી જોઇ સહજજ કહ્યું કે, "કેમ ચૂલે પાણી ગરમ થવા મૂક્યું છેને!" એ સાંભળતા રોસી બોલી "નહાવા દે, ઠંડા પાણીએ એને નહાવાદે. એને ફાવે તેમ કરે, તેની માએ આવા ઢોંગ કરતા શીખવ્યું હશે તે તેમ કરશેજ તો!"

માનું નામ સાંભળતાંજ સરસ્વતી પોતાનું ભાન વીસરી "મારા માનું નામ શા સારૂ"

એટલા શબ્દ બોલી કંઈ યાદ આવતાં ઓઢ બંધ કર્યો. એ શબ્દ નીકળતાં તેણે જીભ બંધ કરી, પરંતુ તે શબ્દો ડોસીના કાનપર અથડાયા તે અથડાયાજ. તે બોલી "જોઇ આ વસંતની વહુ! જવાબ કેવા આપે છે! કેવી શાણી થઇ છે હવે શીંગડા ફૂટવાજ બાકી છે, હવે તો!" એવા વચનોથી તેને વિભૂષિત કીધી, માળા પર જતાં જતાં વસંતે પણ એમાંનો થોડો ભાગ સાંભળ્યો ખરો.

થોડી વારમાં બધાએ સ્નાન કર્યું. મોટાભાઇ દેવપૂજન કરવામાં રોકાયા. એ જોઇ વસંતરાય સ્નાન કરવા નીચે આવ્યો. સરસ્વતીને પાણી ખેંચતી જોઇ તે પાણી ઉનું કરવાના બંબા પાસે જઇ ઉભો, તથા સરસ્વતીને હાથમાં તપેલી લઇ તુળસીને પાણી પાતી જોઇ વસંતરાયે પોતાની મેળે કુવામાંથી પાણી કાઢી લીધું. સરસ્વતી તેને પાણી કાઢતાં જોઇ મદદ કરવા આવી. પણ વસંતરાયે "કંઈ નહિ, એ તો હું કાઢી લઇશ, મને હાથ છે" એમ કહી પાણી કાઢી સ્નાન કરી લીધું.

સરસ્વતી ખસિયાણી પડી ગઇ. ઘરમાં પગ અફાળતી ગઇ એવું વસંતરાયને જણાયું કે શું? કારણ તે પાછું ફરી જરા હસતે ચહેરે તેના તરફ જોતો હતો. સરસ્વતીએ ઘરમાં જઇ ધોવાનાં લૂગડાં એકઠાં કર્યાં, તથા પોતાના પતિનું ધોતીયું લેવાની વાટ જોતી ઉભી રહી.

અહીં વસંતરાયે સ્નાન કરી પોતાનું ધોતીઉં પોતાની જાતેજ ધોવું શરૂ કર્યું. એટલે સરસ્વતી ધોવાના કપડાં કાખમાં મારી પાછલે બારણેથી નદીપર ધીરેધીરે પગ ઠોકતી અફાળતી ચાલતી થઇ. તેની જેઠાણીએ "બ્હેન, જલદી આવજે હું" એમ બાસ નોંધી કર્યું. પણ તે તરફ ધ્યાન આપે કોણ?

ડોસી દેવઘરમાંનું કામ આટોપી રસોડામાં જઇ "સરસ્વતી ક્યાં ગઇ!" એવી ચોકશી કરવા લાગી. "તે તો લૂગડાં ધોવાં નદી પર ગઇ છે" એમ વચલી વહુએ જવાબ આપ્યો. તે સાંભળી "તે શાસારૂ ગઇ આજે તો હું જવાની હતી!" એમ બબડતી તે સરસ્વતીને મદદ કરવાને માટે નદીપર ગઇ. સાસુવહુ બંને મળી જલદીથી કામ આટોપી જમતાં પહેલાં ઘેર પાછાં આવ્યાં.

નિત્ય ક્રમની ગાજવીજમાં દિવસ વીત્યો. ચરાચર સર્વને શાંતિસુખ આપનારી, સુખી દુઃખી ઉભયને મોહવશ કરનારી રાત્રિ પડી. સાંજનું વાળું પૂરું થઇ સર્વ કામ આટોપતાં અગીઆરના ટકોરા થયા.

થોડી વારે સરસ્વતી ઉપર આવી. આ વખતે વસંતરાય પોતાના બંધુઓ માટે મુબાઇથી આણેલાં કપડાં ટ્રંકમાંથી કાઢવાગાટે પોતાની રૂમમાં આવ્યોહતો સરસ્વતી મુંગે મ્હોંએ પથારી કરવા લાગી. તે જોઇ વસંતરાય બોલ્યો "કેમ આજે ઉપર શા શારૂ આવી! ના કહી હતી તે સાંભળી નહોતી"

"પણ પથારી તો કરું ને?"

"હું" વસંતરાય કપડાં ટ્રંકમાંથી કાઢતાં બોલ્યો.

"સાસુજીએ તો મારાપર આવવા સાથેજ ધોડા દોડાવવા માંડયા છે."

"હું"

"સઘળાનું જ મુંઉ "હું" જાણે હું ભીંતસાથે જ બોલું છું."

"બસ પૂરું કર હવે?" વસંતરાય એટલું બોલે છે, એટલે બાદર પરથી કોઇના આવવાના પગલાં સંભળાયાં. વસંતરાય ઘૂમ પાડી ઉઠયો, "કોણ છે? ભાભી! ઉપર આવ, જોઉ" સરલા ઉપર આવી. તેને જોઇ વસંતરાય ખીજવાઇ બોલ્યો. "કેમ ભાભી બોલ તું બારેદહાડા અહીં રહે છે તે સાસુજી તને કરડે છે ખરી કે?

"પણ તમને મારા સમ?" સરસ્વતી વચ્ચેજ બોલી.

"પણ હમણાં હમણાં સામુ જીવું બહુજ બોલે છે." સરલા હસતી હસતી બોલી.

હા પણ પતિ પાસે દાદ લેવાનું એ કહે છે કે નહિ ?" વસંતરાય બોલ્યો.

"મારા ગળાના સમ છે જો બોલે તો!"

"ભાભી, આમ જો, આ મારા હાથમાં ગુલાબનું ફૂલ છે. જોયું ? એની પાંખડીઓ જ્યાં સુધી જોડાએલી છે, ત્યાં સુધી આપણે એને માથે ધારીશું કે દેવને ચઢાવીશું, પરંતુ જ્યારે તે બધી છૂટી પડશે, ત્યારે ભંગી મુદ્દાં તેને લાત મારશે. તેમ જો આપણે બધા એક હોઇશું, ત્યાં સુધીજ આપણા ઘરનો મોભો જળવાશે. પરંતુ જ્યારે તમારી આવી ચાડી ચુગલીથી તે પાંખડીઓ છૂટી પડશે, ત્યારે ભંગી મુદ્દાં તમારા પર સત્તા ભોગવશે. માટે આવી ઘરની ખાણખોદ પુરૂષો આગળ ન કરો તો સારૂ !" એમ કહેતો વસંતરાય બહાર આવ્યો. અને સરસ્વતી આંખ લુછતી થએલો બનાવ જેઠાણીને કહેતી નીચે ગઇ.

× × ×

બીજે દિવસે સરસ્વતી પીયર ગઇ. તથા દીવાળી સાંગોપાંગ ઘણા આનંદ સાથે વીતી. રજા પૂરી થતાં વસંતરાય મુંબાઇ જવા પોતાને ધંધે ગયો. પતીને લઇ જવાની વાત નીકળતાં માતુશ્રીએ "આ તારી ભાભીની સુવાવડ પૂરી થાય ત્યાં સુધી મહીનો બે મહીના અહીં રહેવા દે તો સારૂ. પછી લઇ જજે." એમ કહ્યું. એટલે વસંતરાય એકલોજ મુંબાઇ ગયો. બિચારી સરસ્વતી થોડા દિવસમાં મુંબાઇના પોતાના સ્વતંત્ર સંસારમાં જઇશ, એવા વિચારે મનનું સમાધાન કરતી હતી. જેમ જેમ દિવસ જતાં તેમ તેમ તેની પ્રફુલ્લતા વધતી જતી દિવાળી પૂરી થતાં એક દિવસ તે સાસરે આવી. તેને ઘરમાં કયાંય ગમ પડે નહીં. જેઠાણી પણ ઘરમાં ન હતી. તેમાં વળી બહાનું કાઢી તે માળા પર ગઇ. પણ માળપર શું હોય ? પતિની ઠંઠ ન મળે, સામાન પણ ન મળે, ઘરમાં કોઇને પૂછવાની જગાએ નહીં. દીવા થતાં સામુ જોએ, કયું જ, પછી અંધારામાં શી રીતે જશે" અત્યાર સુધી નિમિત્તાનિમિત્ત રહી. પણ હવે તેને ત્યા રહેવું પણ ન પાલવે, અને જવાને પણ પગલું ન ઉપડે. આવી સ્થિતિમાં આખરે કારણ અંતઃકરણ કરી પાછળ ઘર તરફ જોતી પીયર જવા નીકળી. જતાં વચ્ચે જેઠાણી સામે મળતાં બોલી. "કેમ સ્વારી જાડી કે ?"

સરસ્વતીનો ચહેરો અત્યારે જોવા જેવો હતો. તેનાથી કશો ઉત્તર આપી શકાયો નહિ.

"પણ ભાઇની સ્વારી તો ગઇ છે ને, એક માણસને લીધા વિના—" સરલા હસતી હસતી બોલી.

સરસ્વતીનો આંખોમાંથી અશ્રુબિન્દુ ટપકવા લાગ્યાં, તેના મુખપર સંધ્યાસમયની જેમ સંપૂર્ણ પ્રતિબિંબિત થઇ. તેની આ સ્થિતિ જોઇ સરલા શરમાઇ કહેવા લાગી, "નહિ બ્હેન તને મૂકીને ગયા નથી હું, જેઠાણીજીની સવાવડ છે એટલે મહીનો પંદર દહાડા તારે અહીં રહેવું પડશે." એમ કહી તેણે તેના આંસુ લુછયાં તથા બેઉ એકબીજાના સંદેશા કહી પોતપોતાને રસ્તે વળી.

જે રાત સરસ્વતીએ એક લાંબોલચક પત્ર લખવામાં ગાળી, કારણ સવારે સાત વાગે 'હજુ બ્હાની બેન ઉઠયાં નથી,' એમ જાણી તેની ભાભી જોવા ઉપર આવી, ત્યારે બે ત્રણ કાગળ અસ્તાવ્યસ્ત પડેલા જોઇ સ્વાભાવિક રીતે તેણે તે વાંચ્યા. છેવટનો કાગળ તો બરાબર પૂરો પણ કર્યો ન હતો. કારણ બારીઆમાં શાહી પૂરી થઇ હતી, તથા કલમ પણ જાણે થોડી હોય તેમ ફરકતી હતી. આવી સ્થિતિમાં તેના ગેમાળ અંતઃકરણનું સર્વ

પ્રેમજળ આંખ વાટે બહાર પડી તેણે કાગળ પણ ભિંજાવી હતી.

પત્ર પૂર્ણ થતાં ભાભી હસતી હસતી ત્યાંથી ચાલી ગઇ, તથા થોડી વારે નણંદ પણ જાગી પોતાને નિત્ય ક્રમે લાગી.

સરસ્વતીને હવે પીયર રહેવું સારૂં લાગ્યું નહિ, જે કામને માટે ગને અહીં રાખી, તે મારે સારી રીતે કરવું જ જોઇએ. એ વિચારે દરરોજ બપોર પછી સાસરે જવાનો તેણે નિશ્ચય કર્યો. બપોરે જમવું ખાવું આટોપતાં રાત્રે તેને ઉંઘ ન આવેલી હોઇ ઝોકા આવવા લાગ્યાં, એટલે તે પોતાની ઓરડીમાં જંઇ તરત સૂઇ ગઇ. તેને સુતેલી અને બેદરકાર જોઇ તેની ભાભીએ હવે તેને સુધારવાના ઉપાયો યોજવા માંડયા.

ગ્યાસતેલનો ડબ્બો સળગી ઉઠતાં, તેના પર પાણી છાંટીએ તો તે વધારે ભભકી ઉઠે છે. તેમ સરસ્વતીનો આ બીજો દિવસ પણ ભાભીના તથા માના કટાક્ષોમાંજ વીત્યો.

તે રાત્રે પણ સરસ્વતીને ઉંઘ આવી નહી. તેની આંખ આગળ બે વાતો રમતી હતી. ચાડી કરતાં પતિએ કરેલી સંભાવના, તથા ભાભીનું વર્તન. વસંતરામનાં તે ચતનાં વર્તનનો તેને અત્યારે ખરો ખુલાસો જણાયો. તેણે એકદમ રડવું છોડી દીધું, સવાર થતાં ન થતાં તે ઉઠી નીચે આવી. પાણી ભરી ચૂલો સળગાવી પોતાની વેણી ગૂંથવા તે બેઠી.

એટલામાં તેની મા ઉઠી. સરસ્વતી આ વખતે તેને સાસરે જવાના ઉદ્દેશથી નીકળી. તે જોઇ તેની મા બોલી, "અરે! અત્યારમાં ક્યાં જાય છે તું? જવાશે એક બે દિવસે! જઇને પણ શું! વડીલોની બોલીજ સાંભળવાની છે ને! તે દિવસે હું આવી હતી ત્યારે કેવું મોઢું ફાડીને તે બોલતાં હતાં જો!"

"આ તું પણ શું એમ બોલે છે.?" એટલું જ બોલી તે ત્યાંથી ચાલતી થઇ. આખે રસ્તે સરસ્વતીના મનમાં શું હશે વારૂ? આમ અભિષ્ટ જોવી તે કેમ ચાલતી હશે? એમ આપણને સહજ પ્રશ્ન થશે. તે વખતે તે બેનાં બે ચિત્રો પોતાના મનમાં ચીતરતી હતી. કારણ સાસરે પગ મૂકતાંજ તેની આંખમાંથી આંસુ ટપક્યાં. તેને પોતાના વગડાંના છેડાથી જેમતેમ લૂછી અંદર ગઇ.

સરસ્વતી અત્યારે ઘરમાં એક દેવ માણસ જેવી ઠરી હતી. ડોસી દરરોજ કહેતી. કે આની બહેલી ગહેલી છોકરી છતાં પણ, બોલચાલમાં કેવી સીધી સાદી છે? સરસ્વતીએ પણ ડોસીના મુખથી એ શબ્દ સાંભળ્યા હતા. સરલાનો સ્વભાવ પણ મન મેળાઉ હોવાથી બંને દેરાણી જેઠાણી મળી ડોસીને જરા પણ કામ કરવા દેતી નહિ. સરસ્વતી બંને જેઠાણીના છોકરાંનો ઝાડોજંગલ ડોસીના ના કહેવા છતાં પણ કરતી. ડોસી જરા આડી પડે, અથવા સાંજે કથા સાંભળી આવે ત્યારે તેના હાથપગ ચાંપી સારી રીતે સુશ્રુષા કરવા લાગી.

સરસ્વતી આ સર્વ અંતરની ઉલટથી કરતી હતી, પરંતુ તેનું લક્ષ્ય બીજી જગાએ હતું. સાંજસવાર તે પોસ્ટમેનની સગડી પોતે લાંબી નજરે રાહ જોતી હતી. પોતાના લાંબા લચક પત્રનો કંઇપણ ઉત્તર આવે, પણ તેમાં તે દરરોજ નિરાશ થતી.

કદાચ પિયરથી તેના ભાઇએ લખેલા પત્રનો ઉત્તર આવે, એમ ધારી એકવાર તેણે પિયર જવાનો વિચાર કર્યો: અને નિમિત્ત શોધવા લાગી. એટલામાં પોતાની મા માંદી પડી છે, તથા પોતાને તેડું પણ આવ્યું છે એ કારણ પણ જડ્યું. વળી ડોસીએ પણ તેને પિયર જવાનો આગ્રહ કર્યો, એટલે તે અપ્રવૃત્તિએ પિયર તરફ વળી.

બા કેમ માંદી પડી હશે વારૂ ! બે દિવસ પહેલાં તો તે મને મળી ગઇ હતી ! આ વિચારે આખે રસ્તે તેને બડાવરી બનાવી દીધી.

ઘેર આવી જુએ છે તો બા તો ક્યાંએ મળે ના, પણ બાબી નીચે પથારી કરી પડેલી તેની નજરે પડી.

તે બાની શોધ કરવા લાગી. તેનો તેને ક્યાંએ પત્તો લાગ્યો નહિ, ત્યારે તે બાબીની પથારી પાસે જઇ "બા ક્યાં છે ?" એમ પૂછવા લાગી. 'હશે ક્યાંએ મસાણમાં ? મને શું માલુમ !' આવો રોકડો જવાબ મળતાં તે માળ પર ગઇ. ત્યાં બા પથારી નાંખી ઉંધી ગએલી જણાઇ. સરસ્વતીએ ઘણીવાર સુધી માતુશ્રીને પ્રેમાળપણે બોલી હકીકત સમજાવવાનો પ્રયત્ન કર્યો. ઘણીવાર સુધી મા બોલી નહિ. ઘણીવારે તે એકાએક ઉમળકો આવતાં બોલી, "બ્હેન મને તારી સાથે મુંબાઇ લઇ જાય તો હું આ પાપમાંથી છૂટું, મારાથી આ હવે નથી સહાતું. હું તારા ઘણીના લૂગડાં ધોઇશ, તારાં લૂગડાં ધોઇશ, રાંધીશ, દળીશ, વાસણ માંજીશ, તું કહેશે તે કરીશ, પણ મને આ નર્ક યાતનામાંથી છોડાવ !"

સરસ્વતી આ સાંભળી એકદમ રડી ઉઠી. બધી વાત જાણતા તે માના ખૂબ કાલાવાલા કરવા લાગી. છેવટે તેની મા બોલી, "અરે કંઇ નહિ, એતો મારે ને તેને પડેલાં જરા બોલચાલ થઇ તેમાં તે એકદમ ચીડાઇ ગઇ, અને પોતાના ઘણીને કોણ જાણે શું કહ્યું તે તે જાણે, પણ મારો કાળ તેનાપર કાઢી તેને બડબડી નાખી. અને મારાપર પણ ઘસો આવ્યો ! નહિ, નહિ, છોડાવ પ્રભુ મને આ દુઃખમાંથી !"

"શું મોટાભાઇ તારાપર પણ ઘસી આવ્યા ?" એવે અંદરથી એક જીણો અવાજ આવ્યો, બાઇ અંદર આવે છે એમ જાણી તે બોલી, "અરે કેમરે ભાઇ, બપરીનું કહ્યું માની વિચારી રોગીની આવી દશા કરે છે ?"

સરસ્વતીના મોઢામાંથી આવા શબ્દ નીકળ્યા ન નીકળ્યા એટલે નીચે દાદરમાંથી "હું હું છાના રહો હવે, ડાહ્યાં છો તે જાણ્યાં. ઘણીએ છોડી દીધાં તે અમથાં શું ! જાણે ચાડી તો હુંજ કરતી હોઇ ને ? તગારા પગ નીચે બળે છે તેતો બુઝાવો !" આ શબ્દ બાણ પેઠે સૂં સૂં કરતા આવ્યા.

"ઘણીએ છોડી દીધાં તે અમથાંજ શું ? આ શબ્દ સરસ્વતીના કર્ણમાં તપાવેલાં તેલ પ્રમાણે પડ્યા. તે એકદમ સ્તબ્ધ બનીગઇ. મારા પત્રનો ઉત્તર આ કારણથીજ ન મળ્યો હશે ! એવી વિષમય શંકા તેના મન સામે ખડી થવા સાથે તેનું આખું શરીર ધ્રુજી ઉઠ્યું. તેના અંગમાંથી ઘામ છૂટ્યો. તેની આંખ આગળ તેનો તારો ચમકવા લાગ્યો. પતિએ તે રાત્રે પોતાની જેઠાણીને સંબોધી કહેલી ગુલાબના ફુલની પાંખડીઓની કલ્પના અત્યારે તેને મૂર્તિમંત જણાઇ. તેના પતિનું તે રાત્રિનું ક્રુદ્ધ સ્વરૂપ તથા આજનું તેના ભાઇનું નારસિંહ સ્વરૂપ એ બંને ચિત્રો તેની આંખ સાથે સાક્ષાત્ ખડાં થયાં. મારૂં ત્યાં જવાનું ફરી થશે ખરૂં કે ? એ વિચાર તેને એક સરખો સંતાવવા લાગ્યો. તેની સામેનો દેખાવ તેનાથી જોવાઇ શકે નહિ અને પોતાના મનના ઉમળકા શમે નહિ, છેવટે તેના ભાઇ ભાભી વગેરેને "હુંતો જાઉંછું, એક બીજાનું સંભાળો. આથી કોઇના જીવને પણ લાભ થવાનો નથી." એમ કહી માને ભાઇને અને ભાભીને પગે પડીને ચાલતી થઇ.

આખે રસ્તે તે આંસુ લૂછતી હતી, આજે તે શૂન્ય મનથીજ ઘરમાંના સર્વ કામ આટોપતી હતી. વચ્ચે વચ્ચે ગળામાં તાર આવતાં બધુ કામ જપાડા બંધ કરી નાંખતી, તો વળી વચ્ચે એક જગ્યાએ સ્તંભ પ્રમાણે ઉભી થઇ રહેતી.

બપોરે રજા હોવાથી વિનાયકરાય ડોસી પાસે પોતાની મોટી ભાભીના જીવતા આગળ

બેઠો હતો. અને જેઠાણી એક બાજુએ પોત-પોતાના કામમાં હતી. ડોસી પોતાની નાની વહુની પ્રકૃતિ સબંધી વિનાયક આગળ બોલતી હતી. "તે આજે આમ અચકાતી અચકાતી કેમ ચાલતી હશે વારૂ. આજે મને એ ઈકીકૃચ જણાય છે. સરસ્વતી, અરે સરસ્વતી. તારૂં માથું બાથું દુઃખે છે કે શું? કેવી સાલસ છોકરી! તને શું થાય છે વારૂ, જે હોય તે કહી દેને? એમાં લાજ શાની?"

"આજે એ આટલી બધી ગરીબ જેવી કેમ થઇ ગઇ છે. હું સવારની જોઉંછું તો જાણે ચિત્તભ્રમ જેવી દેખાય છે. એક લાખવાર મેં કહ્યું હશે કે અરે જો જે તું પડી જશે? પણ નહી. આટલો બધો ગરીબ સ્વભાવ શું કામનો?" સરલા બોલી.

"બ્હેન, તારા જેવી સારી વહુઓ મળવાથી આમારો સંસાર સારી રીતે નભે છે. નહિતો કયારનીએ ભાંગ ફોડ થઇ ગઇ હોત! સરસ્વતીને જરા તરા કહેવું પડયું, પણ તને કંઇજ કહેવું પડયું નથી! ડોસી બોલી.

"નહીં પણ તમે બહુજ બોલો છો! પરમ દહાડે તે આવી, ત્યારે તમે કેટલું બધું બોલ્યા હતાં!" સરલા બોલી.

"એટલે, શુંકાંઇ રીતભાતનું ભાન ભુંન ન કરવું કે? એ ભણેલી છોકરી, અને તેમાં વળી સ્વતંત્ર પગે રહેલી, એટલુંજ નહીં પણ તેવું પ્રત્યક્ષ સિદ્ધ થયું, એટલે કહેવુંજ જોઇએ તો!" ડોસી બોલ્યાં.

"પણ બન્યું એવું કે તમારૂં દરેક વેણ દામરજીએ સાંભળ્યું અને તેમણે "કુ કુ" શરૂ કર્યું. પોતાનું ધોતીયું પોતાને હાથે ધોયું, મને કેવો સરસ ઉપદેશ કીધો? દેશાણીને અહીં મુકી ગયા? જોઇએ છે કેટલાક દિવસ રીસાય છે તે" સરલા સરસ્વતી તરફ જોઇ હસતી બોલી.

"એટલે શું તે આ છોકરીને રીમાઇન્ડ મૂકી ગયો છે? મને તો કહ્યું હતું કે અત્યારે તમને અડચણ પડે માટે એને રહેવા દો. શું મારે લીધે એને આવી શિક્ષા હું પણ મુઇ કેવી પાપની કરતી!" ડોસી બોલ્યાં

આવી વાતચિત્ત સ્વભાવિક રીતે હતી. પરંતુ તેનું પરિણામ સરસ્વતીના હૃદય પર સારૂં આવ્યું નહિ. તેના મને નક્કી થયું કે પતિ મને છોડીનેજ છે. નહીંતો બાબી બ્હેણું શા સારૂ દે! જેઠાણી પણ એમજ કહે છે! હૃદયમાં ધુંધવાઇ રહેલો અગ્નિ ડોસીબાના ઉદ્‌ગારથી એકદમ ભભકી ઉઠયો. તે એકદમ ઢાળી ઢાળીને રડવા કકલવા લાગી.

"અરે આ શું બ્હેન! અમે તો હજામાં બોલીએ છીએ! તું આમ શું કરવા કરે છે!" સરલા બોલી.

ડોસી સરસ્વતીને સમજાવવા લાગી એટલામાં સમરાજી ઓચીંતા ઘરમાં આવ્યા. તેમણે શું થયું એમ સ્વાભાવિક રીતે પૂછ્યું. ડોસીએ "વસંતીયાએ જોની, આ કેવો હાગો કર્યો!"

"આપણે શું કરીએ. જેનું માણસ તેને વઢવાની દેવું જોઇએ, આ ઉમરે જ્યારે બીજાનું મન સંભાળતા આવડતું નથી પછી સંસાર કેમ ચાલશે" એમ કહેતા બાળપર ગયા.

"તે મે કંઇ નહિ, વિનાયક તું પત્ર લખ, વસંતને લખ કે તાબડતોબ પત્ર દઇને આપ, જા, જલદી જા."

× × ×

નાટાલના દિવસ. ભાઇના પત્રથી વસંત ઘેર આવ્યો. આ વખતે સરલાએ એક બાળાને સંપ કર્યો હતો. આ સંપમાં સાસુજી, પોતાને પતિ તથા છોકરાં સુદ્ધાં સર્વને તેણે આમેજ કર્યાં હતાં. સરસ્વતી માને નહિ. તે રીતે પણ સરલાએ સાસુજી પાસે બાળરાજીની

સ્વસ્થ રાખી. ગોઠવણ એવી હતી કે વસંતરાય આવે, તેની સાથે કોઇએ પણ બોલવું નહિ, કે તેની સાથે કોઇએ કશો વ્યવહાર કરવો નહિ.

વસંતરાય આવતાં આ રંગિત કવાયત બરાબર અમલમાં મૂકાઇ. વસંતરાયથી કેમે કરી પણ આ કોયડો છૂટેજ નહિ. તે દૂધ માગવાને મુદ્દામ નીચે આવે તોપણ તેની કોઇ પૂછપરછ કરેજ નહિ. તેણે ઉપર નીચે ફેરા મારવા માંડયા કે સરસ્વતી તદન ગભરાઇ ઉઠી. તેનું ચિત્ત ધુંટાવા લાગ્યું. વસંતરાયે તેને ન પૂછતાં ભાભીને બુમ મારી. ભાભી કાંઇ ઓછી ચસ્કેલ ન હતી ? તે બોલી, "કહેને તમારે કહેવું હોય તેને, મારૂં શું કામ છે !" બિચારો વસંતરાય પાછો માળપર ગયો. અહીં સરસ્વતીએ બીલાડી પેઠે મોઢું ચડાવ્યું.

ભાભીએ આ વખતે ચાહ તૈયાર કરી તથા સરસ્વતીને લઇ જવા કહ્યું

'બ્હેન આ શું, ચાહ તો તે નહિ લેશે' સરસ્વતી બોલી

" તું ન જાય તો લે મારે હું જઇશ " એમ બોલી તે એકદમ ઉપર ગઇ તથા વસંતરાયને " લો આ ચાહ " એમ કહ્યું.

" હું તો ચાહ પીતોજ નથી ! ચાહ કરવાનું કોણે કહ્યું તને ? " વસંતરાય બોલ્યો.

" તે પૂછો આપનું હોય તેને ? મને શું માલુમ " સરલા બોલી. વસંતરાય ઘૂનમાં ને ઘૂનમાં ઠેઠ રસોડામાં પહોંચ્યો અને ચૂલા આગળ બેઠેલી માને કહ્યું, " મા, આ ચાહ કરવાનું કોણે કહ્યું છે ! "

ભાભી જે પાછળજ ઉભી હતી, તે હસતાં હસતાં ખુણામાં ઉભેલી પોતાની દેરાણી તરફ જોઇએ બોલી " આપનું હોય તેણે ! "

વસંતરાય રોસીના ઉત્તરની રાહ ન જોતાં ગુસ્સામાંજ પાછો ફર્યો. તે જોઇ સરસ્વતીએ પોતાની જેઠાણીને ડરામણે સ્વરે કહ્યું " આવું શું કરો છો બ્હેન ! " સરલાએ નાક પર આંગળી ધરી ચૂપ રહેવાની ઇસારત કરી.

આજે વસંતરાયને દૂધ મળ્યુ નહી. તેમ તેની સાથે કોઇ બોલતું સુદ્ધાં પણ નથી. વિનાયક તો બેગોજ થતો ન હતો. નહાતી વખતે તો કોઇ આવશે, શરીર લૂછવાનો કકડો તો કોઇ આપશે, પહેરવાનું ધોતીઉં તો કોઇ આણી આપશે, એમ વસંતરાયનું દૃઢ માનવું હતું. પણ કોઇએ કશી પણ દાદ દીધી નહી. સરસ્વતી એક બે વાર બે કામો કરવા જતી હતી. પણ સરલા દરેક વખતે તેનો પાલવ પકડી કામ કરતાં અટકાવતી અને માણસના છળ કોણ જાણી શકે ? એમ વારંવાર કહેતી.

જમતી વખતે વિનાયકરાવે જ્યારે બીડું પીરસવા લીધું, ત્યારે વસંતરાયનું બાણું કોરે રહેવા દીધું. બપોરે વસંતરાયે બેચાર વખતે માળપરથી નીચે અને નીચેથી માળપર ફેરા માર્યા કર્યા. ચસ્કેલ ભાભીના લક્ષ્યમાં તે જાણવામાં આવતાં 'જા બ્હેન ઉપર જા, અમારી પાસે બેસ મા " એવો તેણે સરસ્વતીને તડાકો કર્યો. આ પ્રકાર જોઇને સરસ્વતીના નેત્રમાંથી ગંગા જમુના ખળખળ વહેવા લાગી, અને " મને આજ તમે આવી રીતે શા સારૂ છેતરો છો " એમ તે બોલી.

વસંતરાય દાદર આગળ આ સૌ સાંભળતો હતો. તેને કશો ઉપાય સૂઝે નહી. રોસી પણ ક્યાં કથા પુરાણ સાંભળવા ગઇ હતી, જે તરત પાછી આવે એમ ન હતું. વારૂ જો પત્નીને ઉપર ~~બોલાવે તો~~ ભાભી તેને કેડો મૂકે એમ બનવું અશક્ય હતું. સરલા પર તો તેને આજ એટલો બધો ગુસ્સો ચઢયો હતો, કે તેને નજરે જોવા પણ ચહાતો ન હતો.

રાત્રિનું જમણ આટોપાયું વસંતરાય પત્નીની માર્ગ પ્રતીક્ષા કરતો નાનાવિધિ ચાળા કરતો માળ પરજ બેઠેલો હતો. તેને ખાતરી હતી કે પાસ નોંધીને કહ્યા વિના પત્ની આજ ઉપર આવવાની નથી, પણ હીક દૂધ આપવાને તો

આવશે એવું તેનું દૃઢ માનવું હતુ, કેટલીએ વાર તે દાદર આગળ ડોકાતી આવ્યો હતો.

આખરે સરસ્વતી દૂધ લઇ ઉપર આવી. તે આવતાંજ વસંતરાય કંઇ નિમિત્ત કાઢી બારણું બાહેર જઇ ઉભો રહ્યો. બિચારી સરસ્વતી અંદર જઇ પથારી કરવા લાગી.

વસંતરાયથી રહેવાયું નહી. એ પ્રથમ બોલી લે તો સારૂ..હું બોલવાની પહેલ કરૂં તો માન ખંડનની મોટી પંચાત. પથારી થઈ રહી, હવે તે નીચે ચાલી જશે એમ જોઈ વસંતરાય બારણું ઢાંકી બોલ્યો, "ઘરમાં કંઇ લડવાનો ધંધો માંડયો છે કે શું!" એનો કશો પણ ઉત્તર મળ્યો નહિ. તેણે એ પ્રશ્ન વધારે જોરથી પુછ્યો. સરસ્વતીની આંખોમાંથી ગળનારા અશ્રુબિન્દુ એજ વસંતરાયના પ્રશ્નનો ઉત્તર હતો. તે બીજવાઇ કંઇ પૂછવા જાય છે, એટલે ભાભી "સરસ્વતી ઓ સરસ્વતી, નીચે આવે કેટલીકવાર ઉપર બેસી રહેવાની? નીચે આ ઓઠવાડ કોણ કરશે?" એમ ગરજતી પગ અફાળતી જાણે ઉપર કોઇ બીજું છે તેની અને જાણજ નથી એમ ઉપર ચડી આવી. વસંતરાયનો ક્રોધ હાથમાં રહ્યો નહી; તે એકદમ અકળાઇ બોલ્યો. "જા, એનો નથી આવતી તને ઓઠવાડ કરતાં શું થાય છે?"

"એમ, તમે અહીંઆ દોડી તે હું શું જાણું બેસ બહેન ઉપરજ બેસ. બહેન પોતાની સાસુને ઓઠવાડ કાઢવાનો હુકમ કરે છે. બીજું વાર. આ સૌ કહું છું નીચે જાઓને સાસુજીને." સરલા બોલી.

વસંતરાય બીસીયાણો પડી ગયો. સરસ્વતી તો બહીકની મારી થરથર કાંપવા લાગી. વસંતરાયે "મેં ક્યારે તને દાસી કહી! આમ અમથી બીજવાય છે શા સારૂ!" એમ કરણ સ્વરે સરલાને કહ્યું.

"શું તમે નહિ બોલ્યા? તમારી એ વહુ 'એટલે ઓઠવાડ કરવાનું કામ મને સોંપો છો કેમ? ઠીક છે હું સસરાજીને કહું, કે અમારો પગાર થોડો એટલે અમારે ઓઠવાડ કાઢવાના કેમ?" સરલા આંખે પાલવ ધરતી બોલી.

"ભાભી એમ શું કરે છે વારૂ? ઇશ્વરના સોગન ખાઇ કહું છું, હું એવા ભાવથી નથી બોલ્યો" વસંતરાય બોલ્યો.

"યાદ છે તમને! ગઇ બેપે તમે ગુલાબના ફુલની પાંખડીનું ઉદાહરણ આપ્યું હતું તે" વચ્ચે સરસ્વતી બોલી.

"નહીં ભાભી. હવ પાલવ દૂર કર" વસંતરાય બોલ્યો. સરલાએ એકદમ આંખપરથી પાલવ દૂર કરી હસતી હસતી બોલી. "વારૂ હવે ધોતીયું હાથે ધોઇ લેશો કે?"

"પણ તેનો આ સાથે શો સંબંધ" વસંતરાય બોલ્યો,

"સરસ્વતીને આવી શિક્ષા કરી મુંબાઇ એકલા ચાલ્યા જશો ને!" સરલા બોલી.

"અરે પણ" વસંતરાય બોલ્યો.

"ના કબૂલ કરો તમે. હું સાસુજી અને સસરાનેજી તમે ઓઠવાડ કરવાનું કહ્યું તે તેમનું તે કહી આવું" એમ બોલતી સરલા ત્યાંથી નીચે જવા નીકળી.

તેને અટકાવી વસંતરાય બોલ્યો. "એ ભાભી, પણ જરા કહે તો ખરી કે આ બધું છે શું? આ શો ધોંટાળો કરી મને આજે બ્હાવરો બનાવ્યો છે"

સરલા પોતાનું હસવું ખાળી શકી નહિ. તે હસતાં હસતાં બોલી "આવી નજીવી બાબત સારૂ એને આટલી બધી કપરી શિક્ષા!"

પણ શું કરૂં ભાભી? એ ભણેલી છોકરી. એનાથી સાત આઠ માણસો બેગાં બે ચાર દિવસ પણ રહી શકાયું નહિ, તો પછી એના ભણવાનો શો ઉપયોગ વારૂ! એનું કારણ એ કે જ્યારે એ પરણી ત્યારે ઘણી મોટી હતી. અરે નાની નાનીબૂંટણસરણી છોકરી સુદ્ધાં સાસરાંના દશ બાર

માણસોના રગડામાં સપડાય, તો પણ તે શમાઇ શકે છે. એને સાસરાંમાં સાત આઠ માણસોના સહેવાસમાં રહેવાનો પ્રસંગ લગ્ન થયા પછી છમણુજ છ સાત મહિને થયો છે. એટલે અહીં પાંચ સાત મહીના રહેવા દઉં તો હથોડીના ઘા પડતાં મન માન્યો આકાર તૈયાર થાય. મોટા કુટુંબમાં દિવસ ગુજારવા એ એક પરીક્ષા છે. પણ ખરું કહે? તને ભાઇના સોગન છે. એણે કંઇ લડાઈ ટંટો મચાવ્યો હતો કે રીતસરજ રહીહતી?

તે તેને પૂછો? હું શું કહું બા? હું તો તદ્દન કંટાળી ગઇ છું." સરલા બોલી.

"એમ શું બહેન એમને છળો છો પણ" વચ્ચે સરસ્વતી બોલી.

"નહિ, ત્યારે તુંજ કહેને, સવારે હું નળપર હતો ત્યારે એવાજ શબ્દ મેં બેવાર સાંભળ્યાં હતા. તને છળે છે કોણ? વસંતરાય બોલ્યો.

"પૂછોને એને." સરસ્વતી બોલી.

"એટલે એને કહું છું તો કે તેને પૂછો, ને તેને પૂછું છું તો કે પૂછોને એને. આ છે શું સાળું!". વસંતરાય બોલ્યો.

"એ સ્ત્રીઓનું ભંડ" વચ્ચેજ બારણામાં જોરથી ધસી આવતો વિનાયક બોલ્યો.

"વિનાયક કે' ને આ શી ભાંગજડ છે. વાહ! પણ તું હસે છે તેથી તું પણ એમાં સામેલ હોવો જોઇએ. અરે શું મારી વિરુદ્ધ આખું ઘરજ છે કે શું.'

"અરે ગૃહલક્ષ્મીને છળે એટલે ધરતી ભીંત સુદ્ધાં વિરુદ્ધ થાય." વિનાયકની પાછળ પાછળજ ઉતાવળી અંદર આવી બોલી.

"અરે બાપરે, મારા પર આ શો ગજબ?

"પણ હરામખોર તે દહાડો છોકરીને મેં એવું તે કહ્યું શું? ને તું તેને આટલી બધી શિક્ષા કરવા શું નીકળ્યો? મોટાં શીંગડાં ફુટ્યાં છે તને! કેમ છોકરીઓ આ અદવાડ નીકળેજ કે નહિ? ઉતાવળી બોલી.

"પણ હું એને કેવી રીતે ઠામ પાડું?" વસંતરાય બોલ્યો.

"હું" "હું" જોતી હતી ને. હું કે સવારની કેવી ધાંધલ મચાવી છે? નીચેથી ઉપર, ઉપરથી નીચે, એક સરખી આવજા થતી હતી, ચાલ બ્રેઇન નીચે. પણ એક માણસનું મન કેવી રીતે મેળવી લેવું? સરલા બોલી.

"આ ચસ્કેલ આ સઘળા નાટકની સૂત્રધાર છે. એકંદરે આ બધામાંથી એક માણસ ગરીબ ગાય જેવું બન્યું છે, કેમ વસંતરાય, એક માણસનું મન કેમ મેળવી લેવું?" વિનાયક બોલ્યો.

"પણ એક કહેવા સરખી વાત છે. બા, તારી નાની વહુએ તારૂ મન કેમ મેળવી લીધું?" વસંતરાય બોલ્યો.

થયું. એક કહે કેમ મન મેળવી લેવું, તથા તે કહે કેમ મન મેળવી લેવું. આખી રાત સરસ્વતી તથા વસંતરાય વચ્ચે એજ ચકમક ચાલી રહી હતી. સરસ્વતી ના મુખમાં હવે માત્ર એકજ શબ્દ રહ્યું હતું, અને તે તેના પિયરનું ઉદાસ ચિત્ર.

"શારદા વિહાર." } છોટુભાઇ દાળભાઇ
અંબાજી રોડ સુરત. } દેશાઇ.

સાભાર સ્વીકાર—

—સમાલોચના.

ગોપાળકૃષ્ણ ગોખલે—લેખક અને પ્રકાશક રા. રા. જીવનલાલ અમરશી મહેતા. વ્યવસ્થાપક; જ્ઞાનવર્ધક ગ્રંથમાળા, અમદાવાદ રોયલ આઠ પેજી સાઇઝ, પૃષ્ટ ૮૩, પાંચ આદર્શ ચિત્રો. કિંમત બાર આના જ્ઞાનવર્ધક ગ્રંથમાળાના ગ્રાહકોને છ આના.

મેનેજર જ્ઞાનવર્ધક ગ્રંથમાળા, અમદાવાદ. ડેમી બાર પેજી પૃષ્ઠ ૧૨૮, કીંમત દશ આના, અને ગ્રંથમાળાના ગ્રાહકને જો લેવાની ઇચ્છા હોય તો અર્ધી કીંમતે.

ડૉ. હરિલાલ ધ્રુવનું નામ ગુજરાતી સાહિત્યના વિલાસીઓને અતિ જાણીતું છે. "કુંજ-વિહાર" ની કુંજોનો આનંદ જેણે અનુભવ્યો છે, તેને એમની લેખન શક્તિનો પરિચય કરાવવાની આવશ્યકતા નથી. એમનાં વિચાર નાટ્યશાસ્ત્રને અનુસરી દરેક પ્રકારના નાટકો લખી ગુજરાતી સાહિત્યને, સમૃદ્ધ કરવાનો હતો, અને તે અમલમાં પણ મૂકાયો હતો. પરંતુ ઇશ્વરેચ્છા આગળ મનુષ્ય પ્રયત્ન શું કરે. ચાળીશ વર્ષ જેવી વયમાંજ એમનો દેહાન્ત થયો. એમના નાટકો પૈકી ૩ આજ પૂર્વે પ્રકટ થઇ ચૂકયાં છે. જ્યારે આ ચોથું રા. જીવનલાલે હાલમાં પ્રકાશનમાં મેલ્યું છે. નાટકનો વિષય પુરાણનો છે. પદ લાલિત્ય અર્થે ગૌરવ સંગીતમાં પડતા આદિ કાવ્યના સર્વ ઓજસ્સ સ્વ, સાક્ષરશ્રી હરિલાલના લખાણમાં પ્રધાન રૂપે છે, અને તે સર્વ તેવીજ રીતે આ પુસ્તકમાં પણ વિદ્યમાન છે. અમે આશા રાખીએ છીએ કે "પૂર્ણં અપૂર્ણં એમની આવી બીજી કૃતિ પ્રકાશમાં મૂકવા રા. જીવનલાલ પ્રયત્ન કરશે.

પાપ પુંજ—લેખક છગનલાલ નારણજીભાઇ મેમ્બી પ્રકાશક હીરાભાઇ દાદાભાઇ દેશાઇ (લાજરસ નાંદોદ) રોયલ સોળપેજી પૃષ્ઠ ૧૩૪ કીંમત રૂ. ૦-૪-૦

આ જાસુસી નવલ કથા છે. પૈસાને માટે દુનીયામાં કેવાં કેવાં ભયંકર કામો થાય છે તેનો ચિતાર આ નાની કલ્પિત નવલકથામાં યથામતિ આપવામાં આવ્યો છે. જાસુસી નવલકથા વાંચવામાં જેમને રસ હોય, તેમને આ પુસ્તક વાંચવા ભલામણ કરવામાં આવે છે.

વનસ્પતિ ખોરાકનું મહત્વ—લેખક રા. રા. છગનલાલ વિ. પરમાનંદદાસ નાણાવટી. પ્રકાશક:—રા. રા. લલ્લુભાઇ ગુલાબચંદ ઝવેરી. ઓનરરી મેનેજર શ્રી જીવદયા જ્ઞાનપ્રસારક ફંડ, ૩૦૯ ગ્રાંટ બ્રીજ, મુંબાઇ.

માંસાહારથી કેટલો બધો ગેરફાયદો થાય છે, તે જાહેર પ્રજાને દર્શાવવા મુંબઇની દેશી કાપડના વેપારીઓની મંડળીની સહાયતાથી આ પુસ્તક લોકોમાં મફત વહેંચવા પ્રકટ કરવામાં આવ્યું છે. માંસાહાર અનેક મહાન્ રોગોનું કારણ છે, તથા ફળાહાર કેટલો ઉત્તમ ખોરાક છે. તેમજ શારીરિક શાસ્ત્ર સંબંધી વિજ્ઞાન શાસ્ત્રીઓના અભિપ્રાય આદિ દર્શાવી ફળાહારની ઉપયોગિતા સિદ્ધ કરી છે. છેવટે સંભવિત ડોકટરોના અભિપ્રાયો, વનસ્પત્યાહાર તથા માંસાહારમાં રહેલાં તત્ત્વોનાં પૃથક્કરણનો કોઠો આપવામાં આવ્યો છે. વેજીટેરિયન ડોકટરોની નામાવલિ જોતાં સર્વને જણાશે કે માંસાહારી પ્રજામાં પણ હવે કેટલું બધું પરિવર્તન થવા માંડયું છે. અમો આ પુસ્તકના પ્રકાશ માટે તથા તેના મફત વહેંચવાની કરેલી ગોઠવણ માટે રા. રા. લલ્લુભાઇને ધન્યવાદ તથા આભાર માનીએ છીએ.

સુરત જીલ્લાનો ભૂગોળ શિક્ષક—લેખક અને પ્રકાશક રા. રા. છગનલાલ મોતીરામ શાહ ગાહપોર, સુરત. રોયળ સોળ પેજી પૃષ્ઠ ૪૦ કિંમત રૂ. ૦-૧-૩.

સુરત જીલ્લાની ભૂગોળ માટે ખાતાં તરફથી એક પુસ્તક પ્રકટ થયું છે. પરંતુ તે બહુધા ઉપયોગી નીવડયું નથી. દરેક તાલુકા વીષે જાણવા જોગ બાબતોની શીખનારને ઘણીજ થોડી માહિતી મળે છે. આ પુસ્તક વાંચી જોતાં કદમાં જોકે નાનું છતાં સર્વ પ્રકારની માહિતી સમાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ પુસ્તક કાઠિયાવાડ એજન્સીની બધી સ્કૂલોની લાયબ્રરિ માટે કાઠીયાવાડના મહેરબાન એજંટ ટુ ધી

ગવર્નર સાહેબ બહાદૂરે મંજુર કર્યું છે. જો પુસ્તક બેગોજ સુરત જીલ્લાનો નકશો આપવામાં આવ્યો હોત તો પુસ્તક વધારે ઉપયોગી થઇ પડત એમ અમારૂં માનવું છે. અમો આશા રાખીએ છીએ કે આ પુસ્તક નામદાર સરકાર તરફથી પણ મંજુર થશેઅને ગુજરાતી સ્કૂલોના ઉપયોગમાં આવી લેખકનો આશય સફળ થશે.

આ સિવાય નીચે લખેલાં પુસ્તકો અમને મળી ચુક્યાં છે, તે આભાર સાથે સ્વીકારીએ છીએ.

૧ બ્રહ્મચારી, ૨ શ્રીમાન્ મહાત્મા નથ્થુ શર્માની અમૃતવાણી, ૩ આરોગ્ય વિષે સૂચનાઓ, ૪ મહાન્ અકબર, ૫ સુરત જીલ્લાનો નકશો, ૬ સુરત શહેર તથા ચોર્યાશી તાલુકાનો ભૂગોળ શિક્ષક, ૭ રાજ્ય છત્રશાલ, ૮ દાગે હસરત, ૯ યશોધર ચરિત્ર, ૧૦ બાળબોધ જૈન ધર્મ, ૧૧ ચતુરભાઇ, ૧૨ નડીઆદ અનાથાશ્રમનો રિપોર્ટ, ૧૩ વસો બાળ પુસ્તકાલયનો રિપોર્ટ, ૧૪ વિવેચકનો ખાસ અંક, ૧૫ ડહાપણનાં ખાસ અંક. તંત્રી.

સહાય–સ્વીકાર.

ગયા વર્ષમાં જીવદયા પ્રબોધક મંડળને નીચે પ્રમાણે મળેલી મેટની રકમો આભાર તથા સન્માનની લાગણી સાથે સ્વીકારીએ છીએ. આ ખાતું પારમાર્થિક છે, અને એનો આત્મા પ્રસંગોપાત આવી મદદથીજ સજીવન રહી શકે એ દેખીતુંજ છે. The mercy is universal religion દયા એ સર્વ ધર્મનું મૂળ છે. પ્રસંગોપાત આ સંસ્થા પ્રતિ પણ જાહેર પ્રજા દયાની લાગણી દર્શાવશે એવી આશા છે.

૨૪૮–૦–૦	શેઠ હીરાચંદ નેમચંદ ઝવેરી મોતીના ધર્મના કાંટાના પ્રમુખ સાહેબ તરફથી દર વર્ષના રાખેતા મુજબ સને ૧૯૧૫ની સાલના.
૫૧–૦–૦	શેઠ ઈંદુમલ્લ બાળમુકુંદદાસ ની પેઢી તરફથી.
૫૧–૦–૦	શેઠ. ખુશચંદ અમીચંદ ઝવેરી ગોપીપુરા સુરત.
૭–૮–૦	શેઠ. પરસોતમ વલ્લભ.
૫–૦–૦	શેઠ. તૈયબભાઇ મરતબી તરફથી.
૮૭–૦–૦	નામદાર સરકાર તરફથી આંટના
૬૦–૦–૦	મ્યુનિસિપાલિટિ તરફથી.
૫૦૧–૮–૦	તંત્રી.

અતિ ઉપયોગી દવાઓ.

દરેક ઘરમાં સંગ્રહાવી જોઇએ, કે જેથી વેળા કવેળા ઉપયોગમાં લેવાય.

બાળ સુધા—નાના બાળકોના દરેક રોગો માટે અકસીર દવા. કીમતી કિ. રૂ. ૦–૬–૦

વૃણારિ—ખસ, ખુજલી, ચાંદા વગેરે માટે મલમ. એક વખત લગાડવાથીજ ખજવાળ ઓછી થઇ ચોપડો વળવા માંડે છે. ત્રણ કે ચાર વાર ચોપડતાં તદ્દન આરામ થાય છે. કીમતી કિ. ૦–૪–૦

સ્વદેશી ચેંથોલ—માથું દુઃખતાં આ નામ ચોપડતાં પાંચ મિનિટમાં આરામ થાય છે આ દેશી ઔષધિમાંથી બનાવેલું હોઇ બીજા ચેંથોલોની પેઠે વારંવાર આરામ રહી પાછું દુઃખવાનો ભય નથી. કીમતી કિ. ૦–૪–૦

શરબતે બુલાબ—રાત્રે શરબતની ચમચી પીતાં પેટમાં ચુંથારો કે દુઃખાવો થયા વિના બુલાબેજ્થાય છે. શીશીની કિ. ૦–૬–૦

આ સિવાય દરેક જાતના શરબતો અહીંથી મળી શકશે.

લખો અથવા મળો—

સત્સંગ ઑફિસ, ઓળાજરોડ સુરત.

શ્રીમંતોના ઘરનો સુપ્રીન્ટેન્ડન્ટ કોણ ?

મેસર્સ ટી. અમીચંદની કું૦ની

ફાયરપ્રુફ તીજોરીઓ.

જો તમારા ધનમાલનું રક્ષણ કરવું હોય, ચોરોની અને ભયંકર આગની ધાસ્તીથી બચવું હોય, તેમજ દગાફટકાથી દૂર રહેવું હોય તો જરૂર હમારા જુના અને અનુભવી કારીગરોના હાથની બનાવેલી એકાદ તીજોરી વાપરવાની હમો ખાસ ભલામણ કરીએ છીએ. હમારે ત્યાં બીજા પણ ઘણી જાતનાં કામો બને છે. જેવાં કે નવો નવી ફેશનના જમાનાને અનુસરતા મન પ્રસન્ન તીજોરીના કેશબોક્ષના, કબોના તથા તાળાઓના ડીઝાઈનો એવાં તો સુંદર અને મજબુત બને છે કે માત્ર એક વખત જોવાથીજ ખાત્રી થઈ શકે છે. હાલમાં લડાઈને લીધે લોખંડના ભાવો ઘણાજ વધી ગયાં છે, છતાં હમોએ હમારા માલના ભાવો બીલકુલ વધાર્યા નથી માટે આવી તક ન ચુમાવતાં એકાદ તીજોરી ખરીદી લેવાની હમો ખાસ ભલામણ કરીએ છીએ. હમારી તીજોરી ફાયરપ્રુપ નથી એવું સાબિત કરનારને રૂા. ૧૦૦૦)નું ઈનામ આપવામાં આવે છે.

મેસર્સ ટી. અમીચંદ એન્ડ કું૦
કબુપીઠ બજાર—સુરત.

અતિ સસ્તુ સાહિત્ય !

રૂા. બેમાં ૧૫૦૦ પૃષ્ઠ !

પ્રત્યેક નવલકથા એક એક રત્ન સમાં છે ! વારસોને માટે ઉત્તમ બક્ષીસ છે !

ત્રીજું વર્ષ !

સસ્તી વાર્તામાળા.

અમુલ્ય લાભ !

પ્રત્યેક નવલકથાઓ સ્ત્રી પુરૂષોને વાચવા લાયક, નીતિધર્મબોધક છે. ચાલુ વર્ષમાં નીચલી નવલકથાઓ મળશે:—૧. શાંતિનિકેતન અથવા સુખપ્રાપ્તિનો મહામંત્ર સામાજિક-ધાર્મિક-બહુ ઉત્તમ-મઝદાર થયું છે. ૨. મુંબેરલી સીતા !-સામાજિક. ૩. છત્રપતિ રાજારામ અને તારાબાઈનો ઘેરો—ઐતિહાસિક ૪. સંસાર કથાકુંજ—બોધક નાની વાર્તાઓ. જાપાની જાસુસ-જાપાનની ચાલાક ત્રીગણી સ્ત્રીઓનાં અદ્‌ભુત પ્રસંગો. વાર્ષિક મુલ્ય —કાચા જાડા પૂઠાના રૂા. બે, પાકા સુંદર પૂઠાના રૂા. ત્રણ. પોસ્ટેજ સાથે વી. પી. ખર્ચ ૦-૧-૦ વધુ. આફ્રિકાના ગ્રાહકો માટે રૂા. ૨-૧૦-૦, પાકા પૂઠાના રૂા. ૪-૦-૦. પ્રભાવિક એજન્ટો જોઇએ છે. પરદેશના ગ્રાહકોએ પોસ્ટખરચ કરવાનું સરનામું.

ડાહ્યાભાઇ રામચંદ મહેતા.
મેનેજર-સસ્તી વાર્તામાળા-અમદાવાદ.

સુરત રા. રંગીલદાસ હાથીભાઇ
બરાનપુરી બાગળ—સુરત.

એકવાર ગ્રાહકને સંતોષ આપવો, એજ ગ્રાહકને સાચવી રાખવાનું મૂળ છે.

છપાવનારાઓને નવી સગવડ. એકવાર જરૂર પ્રસંગ પાડો.

શારદા વિહાર પ્રિન્ટિંગ વર્કસ એજન્સી.

જેમાં

અંગ્રેજી, ગુજરાતી અને બાળબોધ લિપિમાં

ટોપડી, ચોપાનીયાં, હેન્ડબીલ, કાર્ડ, કવર, કંકોતરી, બીલબુક, રસીદબુક વગેરે

વાયદાસર અને વાજબી ભાવે છપાવી આપવામાં આવશે.

એજન્સી મારફતે છપાવવાથી લાભ શો ?

બે ત્રણ વાર પ્રુફ વાંચવાની કડાકૂટ મટશે.

કામ વાયદાસર તથા વાજબી ભાવે થશે.

સુંદર ઓર્ડરો તથા બ્લોકોથી શણગારી કામ સારૂં અને સફાઇદાર બનશે

લેખકની મરજી હશે, તો લખાણમાં યોગ્ય સુધારો વધારો પણ કરી આપવામાં આવશે

વળી બહારગામના ઓર્ડરો ઉપર સંપુર્ણ કાળજી રાખવામાં આવે છે.

મળો:—દલતરાય દાજીભાઇ દેશાઇ. પ્રોપ્રાયટર

શ્રી શારદા વિહાર પ્રિન્ટિંગ વર્કસ એજન્સી.

અબાજીરોડ, સુરત.

રા. બા. હરગોવિંદદાસ કાંટાવાળાનો અભિપ્રાય—

સ્ત્રીબોધ—એ માસિક એટલુ ઉપયોગી ને લોકપ્રિય છે કે તેનાં હિંદુ ગ્રાહક ઘણા છે. એની જોડમાં મૂકી શકાય એવું એક પણ માસિક ગુજરાતીઓને હાથ નિકળતું નથી."

'સાહિત્ય' માસિકનો અભિપ્રાય—

"સ્ત્રીબોધનો ઓગસ્ટનો અંક ઘણો સુંદર છે. ચાલુ વાતો 'ગુમાસ્તાની મની તથા 'સ્નેહ કે મોહ' પ્રતિની નવલકથાઓ છે."

સ્ત્રી બોધનું વાર્ષિક લવાજમ રૂા. ૧॥.

રસિક વાર્તાઓ. પ્રસિદ્ધ લેખક રા. ભોગીન્દ્રરાવ દીવેટીયા કૃત.

ચમેલી—(આજ પુસ્તકમાં બીજી ૩૫ વાર્તા અને ૮૨ ચીત્રો પણ છે રૂ. ૧॥, ટપાલ ખર્ચ ચાર આના.

તરલા—બીજી ૩૭ વાર્તા અને ૧૧૧ ચિત્રો સહિત રૂા. ૨ (ટપાલ ખર્ચ ચાર આના)

સ્નેહ કે મોહ (સ્ત્રીબોધમાં જુન ૧૯૧૫થી ચાલુ છે)

લખો—સ્ત્રીબોધ આફીસ, પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઇ (૨)

Regd. No. B 910.

વાર્ષિક લવાજમ રૂ. ૧-૦-૦] [આકારાર્થે ઇચ્છાનુસાર.

सत्संग.

संगः सतां किमु न मंगलमातनोति ।

શ્રી "દુર્વ્યસન નિષેધક, જીવદયા પ્રબોધક અને નીતિવર્ધક મંડળ"
તરફથી પ્રકટ થતુ માસિક.

વર્ષ ૭ મું. ચૈત્ર સં. ૧૯૭૨. અંક ૯.

Abstinence - Mercy & Morality.

વિષયાનુક્રમ.

વિષય.	લેખક	પૃષ્ઠ.
૧ પરશુરામ ઐશ્વર્ય હરણ-	રા. રા. ણીભાઇ ખંડુભાઇ દેશાઇ	-૨૭૩
૨ પ્રતિજ્ઞા	રા. રા. પતરાય લક્ષ્મણજી ઠાકોર	-૨૭૫
૩ દારૂ અને પ્રખ્યાત પુરૂષો ...	... ...	
૩ ગમીતા	...મિ. દી[illegible]	-૨૮૦
૪ હિંદમાં જનવરોની થતી	કતલમાં પડ્યારે દર્શાવનારૂં પત્રક...	-૨૮૩
૫ દરિદ્રિ હિંદ... ...	ભાઇ છોટુભાઇ [illegible] દેશાઇ	-૨૮૫
૬ સદ્‌ગુણ.	ભાઇ છોટુભાઇ દાજીભાઇ દેશાઇ	-૨૯૪
૭ વિવિધ વિષય ...	...તંત્રી તથા બીજા.	-૩૦૦
૮ સ્વામી રામતીર્થજીના ઉદ્‌ગાર	તંત્રી	-૩૦૪

તંત્રી અને પ્રકાશક:—દોલતરાય દાજીભાઇ દેશાઇ.

રાંદાજીરોડ-સુરત.

એક ઉત્તમ સલાહ.

પૈસાનો મ ચાવ,ખાનીવાયક માલ અને તમારા માલનો રક્ષણકર્તા ? જો તમે તમારી માલમી લકત, તદ્દન સહીસલામત રાખવા ઇચ્છતા હો, ચોર આગ, અને ઘરફાહુના નામથી બચવુ હોય તો લાખા લચક ટાયલા લણાણુથી નફોભાતા દાવજીભિલડીંગ સ્ટેશનરોડ પનસાણા બાળા મિ મોરા ર ઉકાની ફાયરપ્રુફ સ્ટીલ્લેરીઓ જ વાપરો જેના ઉત્તમ મજબુત કામો માટે સર્ટીફીકેટ અને પ્રદર્શનમાંથી સોનાના ચાદ મળ્યા છે દરેક રીતનુ સતોષકારક કામ તૈયાર તેમ ઓરડરથી મળશે પ્રાઇસલીષ્ટ મફત મોકલીશુ

મિ મોરાર ઉકા
ફાયરપ્રુફસ્ટીલ્લેરી બનાવનાર
દાવજીબિ ડીંગ સ્ટેશનરોડ સુરત.

એક નવીન સંદેશો.

આથી સર્વે સદગૃહસ્થો ને અજર આપવામાં આવેછે કે હમો સોના તથા ચાદીના પતરા મશીનરી ખેચી આપીએ છીએ તથા સરવે જાતની ટીકીઓ પાડી આપીએ છીએ તથા પાટો ખેચીને ટી કીઓ પાડી આપીએ છીએ જેવા કે ફેન્સી છેડાઓ, તરેહવાર બગડીઓ, નેકલેસો, ચેનો, બુટ્ટીઓ, બટન તરેહવાર પન્નાનો વીંટીઓ તથા મે તી પોરવવાના ચાદીના ખોખા સરવે જાતના કાપી આપીએ છી વિગેરે સોનીનુ કામ કરવામા આવે છે માટે હમારે ત્યા એક વખત પધારી કામ જોવ થી ખાત્રી થશે તથા મોતી પોરવવાના ખોખા સરવે જાતના તૈયાર મળશે બનાવનાર –

સોની ચુનીલાલ મોહનલાલ
ઠે ગધરપ કણીઆ સુરત

નસીબ અને તેના છુપા ભેદ

આજકાલના સુધારાવાળા લોકો જ્યોતિષ્ય વિદ્યાને ખોટી માને છે, તો તેવા સજ્જનોને પણ એક વખત અમારી મુલાકાત લેવા ભલામણ છે માટે પણ જગ્યાએથી નિરાશ થયેલાઓને એક વખત અમો પ્રત્યક્ષ પુરાવો કરી આપીને જ્યોતિષ વિદ્યાનો અદભૂત ચમત્કાર બતાવીશુ જન્મોત્રી,જન્માક્ષર પ્રશ્નોથી વર્ષફળ વગેરે બનાવી તેમજ અંક ઉપરથી આખી જીંદગીનો દોરો ભુત, ભવિષ્ય અને વર્તમાન કાળ સાથે હરકોઈ પ્રશ્નનો ખુલાસો કરી આપીશુ, અનેક દુ ખથી પીડાતા મનુષ્યોને માટે આ એક ઉત્તમ તક છે વધુ વિગત માટે બાર આના ની ટીકીટ મોકલી પ્રાઇસ લીષ્ટ મગાવો

જ્યોતિષી રેવાશકર ભવાનીશકર
ઠે ગોપીગોરી-સુરત

સ્ત્રીઓ માટે ટોનીક દવા.

રજીષ્ટર્ડ
પ્રદર, (નબળાઇ)
અનિયમિત ઋતુસ્રાવ
ગર્ભાશયનો સોજો;

નં. ૩૧૦
પ્રદર વિનાશક
દવા વાપરો

ઉપર બતાવેલા દરદો અને બીજા રોગો માટે જોવા કે, રક્તપ્રદર કમુવાવડ, ઉોડ ડીસટીરીયા, પેડુનો દુ ખાવો, છાતીમા દાહ હાથપગનુ કળતર અને સુવારોગથી થતાં જુના હઠીલા દુખો વગેરે મટાડવા માટે અમારી જગપ્રસિદ્ધ પ્રદર વિનાશક દવા એક અકસીર ઇલાજ છે ફકત આઠ દિ દવાનો ચોક્કસ માલમ પડે છે આઠ દિવસની દવાના રૂ ૧–૭–૦ પોસ્ટેજ સાથે બાટલી ૧ની કીમત રૂ ૨–૭–૦ પોસ્ટેજ

સ્ત્રીરોગ ચિકિત્સાનુ પુસ્તક મફત મગાવો.

એજન્ટ—
મેસર્સ ડી. પી ભાદ
નની કુ ઠે. કણપીઠ
સુરત

પ્રદર ફ
ઓફીસ,
અભાત
।

પુસ્તક ૭ મું.
અંક ૯ મો.

सत्संग.

ચૈત્ર.
સં. ૧૯૭૨.

काव्यशास्त्रविनोदेन कालो गच्छति धीमताम् ।
व्यसनेन तु मूर्खाणाम् निद्रया कलहेन वा ॥

માસિક

પરશુરામ ઐશ્વર્ય હરણ.

હરિગીત.

(૧)

ઘન. વિખરાતાં જેમ નીકળે સૂર્ય તેજ પ્રકાશતું,
વંટોળીઓ વહી જતાં દૂરથી આવતું કો ભાસતું;
સુર ચાપ સમ સુશોભતું ત્યમાં ધરી ધનુ વિષ્ણુનું,
પછી નિકટ આવ્યે જણાયો સુપ્રચંડ જમદગ્નિસુતું,

(૨)

તે દેખતાં થરથર ધ્રુજે બહુ સૈન્ય આખું ન કંઇ સૂઝે,
ભયત્રસ્ત દશરથરાય જઈ અગાડી વિધથી પૂજે;
પરવા ન આદરમાનની કો ક્રોધથી આગળ ધસે,
રે કોણ અવરોધે, સહુ એ રોષથી આઘા ખસે;

(૩)

પછી રઘુપતિ સામીપ્ય આવી આમ ભૃગુપતિ ઊચરે,
તેં જગાડ્યો સૂતો ભુજંગમ સ્તવ ધનુ ભંગસ્વરે;
હું જન્મ શત્રુ ક્ષત્રીનો, ઉન્માદથી શિખરે ચઢી,
નક્ષત્રી પૃથ્વી એક ને વીશ વખત મેં ઠીંકી લઈ,

(૪)

ઉન્મત્ત ક્ષત્રીય વંશનો કરું ધ્વંસ, શું હિમાણમાં
વિધ્વંસ કીધું જર્જરિત, શિવ ચાપ તેં રૂઆણમાં
દેખાડ પણ બળ હોય તો કોદંડ લઇ આ વિષ્ણુનું,
હું રામ પરશુધર સમીપ કર્યા રામ તું દશરથ સુનુ !

(૫)

અથવા નહિ ગતિ હોય તો કર અંજલિ કર ઉભયની
હું જીવતાં વીર અવનીમાં જીવે નહિ હો નરમણિ;
એવું વદ્યા ભગવાન ભાર્ગવ વજ્ર જેવું લાગવે,
ઉત્તર દીધા વિષ્ણુ શરાસન કર સદ્ય લીધું રાઘવે.

(૬)

પછી તર્ત પ્રત્યંચા ચઢાવી કર્ણ સૂધી ખેચ્યું સીધું,
આકર્ષતાં ધનુ વિષ્ણુનું ઐશ્વર્ય આકર્ષી લીધું;
હે બ્રહ્મ શુદ્ધિ વૈર અર્થે ક્ષત્રી નિકંદન કર્યા,
તે યોગ્ય કીધું, મુજ પ્રતિ પણ વચન કેવાં ઊચર્યા.

(૭)

રઘુકુળમાં જન્મેલનું અપમાન કીધું લાઘવે,
ભાર્ગવ મુનિ તે કદાપિ નહિ સહું જાઓ રાઘવે;
ક્રોદંડ જોડયું બાણ તો છોડયા વિના નહિ હું ચુકું,
દઉં દ્વિજ જાણીને જવા તવ કહો હોના પર મૂકું,

(૮)

તવ ભૃગુકુલોદ્ભવ વદે રઘુવંશ તું અવતંશ હા !
મેં ઓળખ્યો તું છે ખરેખર પુરાતન પુરૂષ મહા !
ઊગાર મારી જાત થાથી પુણ્ય તીર્થે વિચરવા,
હણ સ્વર્ગપથ, મુજ વાસના નથી નથી મન સ્વર્ગે જવા.

(૯)

સુણી વચન પરશુરામના શ્રી પૂર્વમાં ભૂકયું, ગયું,
રણી કીર્તિ ગઈ મણી ધૂળમાં, જણ પુણ્ય જોતામાં થયું;
પછી નમન કરવા યોગ્ય ભાર્ગ, બ્રહ્મની પૂજા કીધી,
ગિરિ મહેંદ્રે કીધ ગમન એણે [illegible] પૂજન લિધિ.

(૧૦)

પ્રતિષ્ઠા.

લેખકઃ—રા. રા. શ્રીપતરાય હુકુમતરાય ઠાકોર

પ્રતિષ્ઠા એ શબ્દ પ્ર-તિષ્ઠનો બનેલો છે પ્ર-એટલે સન્મુખ અને તિષ્ઠ-એટલે મક્કમપણે સ્થિર રહેવું. સામાન્ય અર્થ મક્કમપણે સન્મુખ સ્થિર રહેવું એવો થાય છે.

તક્તા આગળ જેવી આકૃતિ આપણા શરીરની કે ચહેરાની રાખી તેમાં જોઇએ છીએ તેવી પ્રતિમા આપણી સન્મુખ દેખાય છે. એ પ્રમાણે આ જગતરૂપી તક્તામાં આપણા (સત્) ગુણ તથા કર્મની જે પ્રતિમા (પ્રતિબિંબ) પડે છે તેને પ્રતિષ્ઠા કહે છે.

એ શબ્દનો પ્રતાપ ત્રેતાયુગથી જોવા જઇએ તો જે મનુષ્યના—જે ન્યાતના—જે વર્ણના—જે દેશના—જે રાજના બાહ્ય દેખાવ શરીર વિષે (બોટાં રૂપમાં) પ્રવેશ કર્યો અંગર કરે છે તે મનુષ્ય—તે ન્યાત—તે વર્ણ દેશ તથા તે રાજમાં હાડગારી તથા પાયમ કરી મુકે છે. એવાં દ્રષ્ટાંતો જોવા જઇએ રામાયણ તથા મહાભારતમાંથી ઘણા મળી આ

કેટલાક મોટી વયના વડીલ તથા પુરૂષો, યુવકો કરતાં વધારે અનુભવી સમજુ છે એમ માની પોતે પ્રતિષ્ઠા ધારણ કરે છે. કેટલાક યુવકો નહાનાં બાળકો કરતાં વિદ્યાભ્યાસમાં ઉપરના ધોરણમાં હોવાથી તેઓ નહાના બાળકોથી વિશેષ વિદ્વત્તા ધરાવતા સમજી પોતે પ્રતિષ્ઠિત છે એમ માને છે. તથા કેટલાક યુવકો પોતે એમ સમજે છે કે ઘરડાઓની બુદ્ધિ કહેવત પ્રમાણે (૬૦) સાઠે બુદ્ધિ નાઠી એ નિયમાનુસાર ઘરડાઓ માત્ર બોટી બકબક અને લવારો કરે છે, આપણે યુવકો હાલના ચાલતા રીવાજ પ્રમાણે જે વર્તણુક ચલાવીએ છીએ તેજ માન્ય છે અમે માની પોતે વૃદ્ધના કરતાં ડાહ્યા છે એમ ગણી પોતે પ્રતિષ્ઠા ધારણ કરે છે. આ પ્રમાણે વૃદ્ધો તથા યુવકો પ્રતિષ્ઠાનું માન ધારણ કરી બેઠા છે.

કેટલાક પુરૂષો તથા સ્ત્રીઓ એમ માને છે કે સારા કપડાં અને ઘરેણાં પહેરવાથી, સારા ન્યાતવરા કરવાથી, સારા વરઘોડા કઢાવવાથી, સારા વાજાં વગડાવવાથી, સારા ઠાઠમાઠમાં રહેવાથી, મ્હોટાઓની સંગતમાં બેસવાથી, મ્હોટી મ્હોટી વાતો કરવાથી, મ્હોટા લેખ લખવાથી, મ્હોટા ભાષણો આપવાથી, મંડળોમાં મુખ્ય કારભારી તરીકે ભાગ લેવાથી પ્રતિષ્ઠા મળે છે.

ધર્મના કેટલાક પંથના આચાર્યો તથા અનુયાયીઓ કહેતા ફરે છે કે હમારો ધર્મ બીજા પંથો કરતાં શ્રેષ્ટ છે. હમારો પંથ મૂળ છે બીજા પાછળથી ઉત્પન્ન થયલા છે. ધર્મના મૂળ સિદ્ધાંતો બીજા ધર્મમાં નથી. બીજા ધર્મની નિંદા-અવગણના કરી પોતાના પંથની પ્રશંસા કરી માન ધારણ કરે છે.

કેટલાક પુરૂષો ખાવામાં વધારે કોણ ખાય છે, પીવામાં કોણ વધારે પીએ છે, અને એવી રસરશાઇમાંજ ચઢીઆતા થાય છે ને પ્રતિષ્ઠિત ગણાય છે એમ માને છે. કેટલાક પુરૂષો વખતે ઉંચ કુળમાં જન્મ્યા છે અગર તેમના બાપદાદા તરફથી સારો માલ મળ્યો હોય છે તો તેઓ પ્રતિષ્ઠિત છે એમ માને છે કેટલાક પુરૂષો બીજાઓને નુકશાન કરવામાં, કુટુંબોમાં કલેશ ઉલાવવામાં, બીજાને દુઃખ આપવામાં અગ્રેસર થવું તેમાં માન સમજે છે, કેટલાક પુરૂષો પોતાને ઘેર દોસ્તાર ભાઇબંધોને ભેગા કરવાથી, ગુરૂ આચાર્ય અધિકારી અગર એવા સારા પુરૂષોને ઘેર બોલાવવાથી પ્રતિષ્ઠા મળે છે એમ માને છે.

કેટલાક પુરૂષો પોતે પ્રતિષ્ઠિત છે એમ (ખોટી રીતે) માની લઇ (પોતે માની લીધેલા) હલકા વર્ગ અગર તેવી સ્થિતિના પુરૂષો (ચોર જેમ ધન ચોરી જાય છે તેમ) પોતાની પ્રતિષ્ઠા ચોરી જશે એવા ભયથી તેઓના સમાગમથી દૂર રહે છે; સારા કાર્ય કરવાના હોય તે પ્રસંગે પણ તેમના સમાગમમાં આવવા ઇચ્છતા નથી; પોતે પવિત્ર અને બીજા અપવિત્ર-તેમના સ્પર્શથી અભડાઇ જવાશું એવા અનેક કુતર્કો ઉત્પન્ન કરે છે. હાગડો હંસના ટોળામાં ભળવા જતાં પોતાની હાંસી થઇ જનમાંથી દૂર થાય છે તે પ્રમાણે શ્રીમંત અને વિદ્વાન મંડળમાં ભળતા તેઓની હાંસી થવા છતાં પણ તે મંડળમાં રહેવાથીજ આપણી પ્રતિષ્ઠા લોકોમાં વધે છે એમ માને છે.

કેટલાક પુરૂષો એમ સમજી પ્રતિષ્ઠા ધારણ કરે છે કે-

અ. વિદ્વાન તે એ કે જે વિદ્યા ઘણી ભણી પોતે વિદ્વાન કહાવે છે તે, તો બીજા એમ સમજે છે કે જે પોતે વિદ્વાન થઇ બીજાને તેવા બનાવે છે તે.

બ. શ્રીમંત એજ કે જે પોતે લક્ષાધિપતિ કહાવે છે તે, તો બીજાઓ એમ સમજે છે કે જે પોતાના પૈસાથી અનેક ઉદ્યોગો તથા શાળાઓ ખોલાવી બીજાઓને તેવા બનાવવા પ્રયત્ન કરે છે તે.

ક. દાતારી એ કે જે કુંડોની નાદી બહાર ન્યુશપેપરોમાં પ્રસિદ્ધ થઇ તમામ લોકોના જાણવામાં આવે છે તે, તો બીજા એમ સમજે છે કે જે પુરૂષ જ્યાના અગર જ્યાં મોટા કાર્યો જ્યાં ખરેખરી જરૂર છે તેવાં સ્થાનોમાં પ્રવેશ કરી સહાયતા આપે છે તે.

ડ. સત્યવાદી કોણ કે જે પોતે એમ કહે છે કે હું અસત્ય બોલતો નથી અથવા અસત્ય કાર્ય કરતો નથી તે; તો બીજાઓ એમ સમજે છે કે સત્યવાદી તે એકજ પુરૂષ પોતે સત્ય વક્તા છે એમ નહીં બોલતાં પોતાની સારી રહેણી તથા કરણીથી જગતમાં આદર્શરૂપ નિવડે છે તે.

તુલશીદાસ કહે છે કે:—

કહેતે સો કરતે નહીં, મુખકે થોડે લબાડ;
કાગે મુખ સે જનાઈયે, શાહેબકે* ઘરબાર.

કેટલાક યુવકો એવી ઉમેદ રાખે છે કે-

અ. હું મ્હારા કુટુંબમાં એવો થાઉં કે મ્હારૂં કુટુંબ મને માન આપે. તો કેટલાક યુવકો એવી ઉમેદ રાખે છે કે હું એવો થાઉં કે મ્હારૂ કુટુંબ પ્રતિષ્ઠિત થાય.

બ. હું જ્ઞાતમાં એવો થાઉ કે જ્ઞાત મને માન આપે, તો કેટલાક એવી ઉમેદ રાખે છે કે હું એવો થાઉં કે મ્હારી જ્ઞાતની પ્રતિષ્ઠા વધે.

ક. હું દેશમાં એવો થાઉ કે આખો દેશ મને માન આપે, તો કેટલાક એવી ઉમેદ રાખે છે કે હું એવો થાઉ કે મ્હારો દેશ હુનર કામ વગેરેથી બીજા દેશો કરતાં સારી આબાદ સ્થિતિમાં લાવી પ્રતિષ્ઠિત બનાવું.

ડ. હું રાજાનો એવો કારભારી થાઉં કે રાજા મને પુછ્યા સિવાય પાણી પણ પીએ નહીં હું કહું તેજ માને અને મુનેજ પ્રતિષ્ઠા આપે, તો કેટલાક એમ ઉમેદ રાખે છે કે હું એવો કારભારી થાઉં કે રાજાની તથા પ્રજાની પ્રતિષ્ઠા વધારી સર્વ દેશમાં એમની કીર્તિ ફેલાઉં.

હાલના જમાનામાં ઘણા પુરૂષો પ્રતિષ્ઠાને માટે કાર્ય કરવા તૈયાર થાય છે. કદાચ કોઇ વિઘ્ન આવી પડયું તો તે કાર્ય અધવચ્ચ પાડું મુકે છે, અગર વિઘ્ન નાખનાર સામે વેર ઉત્પન્ન કરે છે અને કોઇને આગળ વધવા નહીં દેતાં તેમાં વિક્ષેપ લાવી મુકે છે, બાકી

આવનારને નિંદે છે અગર તેનું અપમાન કરે છે. અને એમાંજ પોતે પ્રતિષ્ઠા માને છે. પણ ડાહ્યા અને શાણા પુરૂષો આવતા વિઘ્નને પોતાના પૂર્વ જન્મના કરેલા કર્મનો પ્રત્યાઘાત સમજે તથા જે (મનુષ્ય) દ્વારથી તે વિઘ્ન આવ્યું હોય છે, તે (મનુષ્ય)નું અપમાન નહીં કરતાં ખરૂં શું છે તે શોધી કહાડી અનુભવ મેળવી વિઘ્ન આવનારનો અપકારને બદલે ઉપકાર માને છે

આપણે જે ઝડપથી દોડવું હોય છે અને દોડવાની જમીન રેતાળ અગર કાદવવાળી પોચી હોય છે તો આપણે ઝડપથી દોડી શકતા નથી પણ જલદીથી થાકી જઇએ છીએ. પણ જે એ જમાન વિઘ્નકર્તા શક્તિ માફક કઠણ હોય છે તોજ ત્વરાથી દોડી શકાય છે. એવા વિઘ્નો જેમણે અનુભવ રૂપ ગણ્યા છે તેઓજ આગળ જવાના માર્ગે પણ ચઢ્યા છે. તે પુરૂષોની કીર્તિ અમર થઇ છે. તેમણે શું પોતાના દેહને ખવડાવી પીવડાવી તર કર્યા છે? શું તેમણે લુગડાં ઘરેણાથી પોતાનાં શરીરને શણગાર્યા છે? શું પોતાને મુખે "હું પ્રતિષ્ઠિત છું" એવું બોલતા સાંભળ્યા છે? જે પુરૂષો સારા થયા છે અગર થાય છે તેઓ પોતાની પ્રશંસા કોઇ પણ દીવસ કરતા નથી પણ તેમની કીંમત જગતજ કરી લે છે.

તુળસીદાસ કહે છે કે:—

બડો બડાઇ નવ કરે, બડા ન બોલે બોલ.
હીરા મુખસે ના કહે, લાખ હમેરા મોલ.

મનુષ્ય એ બે ભિન્ન જાતના અનેકો પ્રાણી છે, એક ભાગ દૂર છે અને બીજો ભાગ દૂરે પેદરેલો કોશ યાને આ શરીર છે. શરીરને માન આપનાર લુગડાં ઘરેણાં વગેરે બહારના શણગાર છે અને જીવને શોભા આપનાર (સત)ગુણ તથા (સત) કર્મ છે. સત્ શબ્દનો અર્થ અવિનાશી, નિર્વિકાર, નિરંજન, એવા જે ઇશ્વરી-દૈવી પ્રતાપવાળા ગુણ તથા કર્મ તેનેજ સદ્‌ગુણ કહેવામાં આવે છે. જે પુરૂષો લુગડાં ઘરેણાં પહેરવાના શોખીન હોય છે, જે પુરૂષો મ્હોટા ન્યાત વરા કરવા, વરઘોડા કહાડવા વગેરેમાં માન સમજે છે, તેમને શું આપણે મુખે કહી શકીશું! ના. ના. પ્રિય બંધુઓ એવા હલકા વિચાર લેવાના નથી. જે પુરૂષો પોતાના પહેરવાના લુગડાં ઘરેણાંને સ્વચ્છ તથા નિયમિત સ્થિતિમાં રાખવા જેટલી કાળજી રાખે છે એ પ્રમાણમાં તે લુગડાં તથા ઘરેણાં તેના શરીરને તેટલો કાળ માન આપે છે. મ્હોટા ન્યાતવરા કરનારા, મ્હોટા વરઘોડા કહાડનારાને પણ તેટલો સમય તે સાધનો માન આપે છે. એ સંબધી ટીકા કરવાની જરૂર નથી પણ કહેવાનું એટલું છે કે એવા ખરચો સ્થિતિ ઉપરાંત થાય છે અને માત્ર માન મેળવવાના એજ ઉત્તમ સાધન છે એમ ગણી કરવામાં આવે છે, પણ કોઇ પણ સારા ઉદ્દેશ અનુસાર થતા નથી. તો એવા એક વખતે કરેલા ખર્ચ ફરી કોઇ એવો પ્રસંગ ભવિષ્યમાં આવે છે અને જે તે પ્રસંગે પૈસાની અગર બીજા સાધનના સંકોચને લીધે તેવો હાઠ થતો નથી તો તે ગયલો પ્રસંગ યાદ રાખી મહાન ચિંતા ઉત્પન્ન કરાવે છે. સ્થિતિ તથા સારા ઉદ્દેશ અનુસાર કરેલાં ખર્ચ કોઇપણ દીવસ અશાંતિ ઉત્પન્ન કરતા નથી.

લંકાનો અધિપતિ રાવણ જેને વાયુ, અગ્નિ, વરૂણ વગેરે દેવતાઓ વશ રહી તેની આજ્ઞાનુસાર કાર્ય કરતા હતા. એ વાત હાલ સુધી સુધરેલી દુનિયાના લોકો અતિશયોક્તિ માનતા હતા. વાયુ, અગ્નિ અને જળ વગેરે તત્વોના થતા પ્રયોગોથી તેઓના વિચાર કાંઇક દરજ્જે શાંત થઇ એ વાતમાં કાંઇક સત્ય હશે એનો ખ્યાલ તેમને આવ્યો છે. દેવતાનાં ઉપર

સત્તા તથા સર્વ ભૂમંડળ ઉપર શ્રેષ્ઠતા ધરાવનાર શૌર્ય તથા સર્વસમૃદ્ધિથી ભરપુર એવા મહાન પ્રતાપી અને પરાક્રમી રાવણ રણક્ષેત્રના વિષે રગદોળાયા અને તેમની કીર્તિ તેમના દેહની સાથે ગંગાઇ ગઇછે તો રાવણ જેને મુકાબલે આપણે કશી ગણત્રીમાં નથી તેઓ મિથ્યા દેહાભિમાની થઈ પ્રતિષ્ઠા ધારણ કરીશું તો આપણી હાલત કેવી દુર્બળ થશે, તે વિષે દરેક પ્રિય બંધુ પોતાની નિર્મળ બુદ્ધિ અનુસાર વિચાર કરી લેશે.

કેટલાક પુરૂષો એવો વિચાર કરે છે કે યોગ્ય અથવા અયોગ્ય માર્ગથી સંચય કરી રાખેલું ધન સંચય કરનારનું છે. તથા કેટલાક પુરૂષો એવા વિચારો કરેછે કે ધનને યોગ્ય માર્ગથી સંધરવું અને તેનો વ્યય પણ જેટલો યોગ્ય માર્ગે કર્યો તેટલાનો અધિકારી છે. એમ ધારો કે એક માણસ કરોડાધિપતિ કહાવે છે ધન સંધરતોજ જાયછે. યોગ્ય માર્ગે વાપરતો નથી તો શું તે ધન તેનું સમજી તેના મરણ સમયે તેની કરકટી સાથે બાંધી લઇ જવામાં આવેછે ? તે ધન પછી તેના વારસો અગર છોકરાઓ જેઓને હાથ આવે અને તેઓ પછી ગાડે ઘોડે ફરે મોજ શોખ કરે અગર સારા કાર્યમાં ખરચે કે પછી વારશે વારશો લડાઇ કરી દાવાઓમાં ખર્ચે તેનું છે; કહેવત છે કે "હાર્યે તે સાથે" એ કહેવત ખરી માનતા હોઇએ તો જે પુરૂષ પોતાના હાથે મેળવેલું ધનનો અગર વસ્તુનો જેવો ઉપયોગ કરે છે તેટલાનોજ તે અધિકારી થાય છે. શિવાયનો થતો નથી. તો શું પ્રતિષ્ઠા એવી રીતે રાખેલી રહેતી હશે ખરી ?

કેટલાક પુરૂષ તથા સ્ત્રીવર્ગના જોશો યુવકો વડીલો પોતાની સ્થિતિ અનુસાર આવાનું પીવાનું કે પહેરવાનું મળે છે તે વસ્તુ ખાતા પીતા તથા પહેરતાં એમ કહે છે કે આમાં તે શું ખાવું ? આમાં તે શું પીવું ? આમાં તે શું પહેરવું ? ઉદ્યોગ અગર ધંધો મળી આવે તો એમ કહે કે આવો ઉદ્યોગ અગર આવો ધંધો કોણ કરે ? આ પ્રમાણે મળી આવેલી વસ્તુનો આનાદર અગર તિરસ્કાર કરે છે તો શું તે વસ્તુ તેનો તિરસ્કાર કરનાર પાસે રહેતી હશે ખરી ? હું બીજાને માન નહીં આપું તો શું બીજા મને માન આપશે ખરા ? પ્રેમે કરી કોઇ પણ વસ્તુનો સ્વીકાર થતો નથી તથા યોગ્ય આદર સત્કાર આપાતો નથી તો શું તે વસ્તુ તેના યોગ્ય અધિકારી તરફ નહીં વળતાં આવા તિરસ્કારના સંગમાં રહેતી હશે ખરી ? કોઇને માન આપવાના પ્રસંગે-આપણે તિરસ્કાર આપતા રહીયું તો-લક્ષ્મીવાનનો બ્રાહ્મનો લક્ષ્મીથી ભરેલો ગણાય છે તેમ-આપણો બ્રાહ્મનો તિરસ્કારનો ભરેલો ગણાવવામાં માન સમજીશું ?

કેટલાક કન્યાના માતપિતા પોતાની કન્યાને પરણાવવા માટે કોઇ ૬૦ સાઠ વરસનો અગર એવો કોઇ બુઢ્ઢો પણ શ્રીમંત માણસ પરણવા તૈયાર થાય છે તો તે કન્યા તે બુઢ્ઢા સાથે પરણાવવા તૈયાર થાય છે અને એવો વિચાર કરે છે કે ભલે તેની ઉમ્મર ઘણી થઇ છે હુંક સમયમાં તેનો કાળ આવી પોંચશે. એ બુઢ્ઢાના મરણ પછી છોકરીને ઘરબાર તથા પૈસા મળશે. છોકરા નાગા ઉઘાડા રહેશે નહી, અને પોતાના પૈસાથી આનંદમાં ગુજારો કરશે. અને આપણને પણ કાંઇક લાભ થશે. કેટલીક કન્યાઓ પણ એજ વિચાર કરે છે કે બુઢ્ઢો બે ચાર વરશ જીવશે અને તેના મરણ પછી સઘળું ધન આપણને સ્વાધીન થશે પછી જોઇતી મોજ મઝા મારી શકાશે.

કેટલીક કન્યાઓ તથા તેના માત પીતા કોઇ સારો દેખાવડો યુવક સારા કોટપાટલુન પહેરી સારા કોલર ઘાલી સુંદર ચશ્મા ચઢાવી હાથમાં લાકડી લઇ ફરતો ફરતો જુવેછે એટલે તેના આવા ઠાઠમાઠ ઉપર મોહિત થઇ તે છોકરા સાથે તે કન્યા ખરે પરણવા અગર તેના માતપાતા તેને પરણાવવા તૈયાર થાયછે.

શું પ્રતિષ્ઠા-આવા શ્રીમંત બુઢ્ઢા સાથે અગર સારા દેખાવડા યુવકને વરમાળ પહેરાવના તૈયાર થની હશે ? શું ન્હાના બાળકો જેઓ આમ તેમ રમત ગમત કરતા ફરતા હશે તેઓને કાંકરા મારક ગણી કહાડી નાંખતી હશે ? શું તેઓના બીજા ચરિત્ર ઉપરથી ચિકિત્સા બાંધી કોઇ વિચાર કરતા હશે નહીં ?

અપૂર્ણ.

દારૂ અને પ્રખ્યાત પુરૂષો.

આપણે ઓસ્ટ્રીઆ અને જર્મની સાથે યુદ્ધ કરવાનું છે. તેમજ આપણા કટ્ટા શત્રુ દારૂ સાથે પણ યુદ્ધ કરવાનું છે. આ સર્વ શત્રુઓમાં છેલ્લો શત્રુ મોટા ભયંકર છે.

—લોર્ડ જ્યોર્જ—

અફીણ જેવી કેટલી ચીજનો વપરાશ ધીમે ધીમે વધે છે, તેનાથી થતું નુકશાન વર્ણનાતીત છે. વળી કેટલાક લોકો ઉપર તો કોકેન જેવી જીવલેણ ચીજે સંપૂર્ણ સત્તા બેસાડી છે. તે જર્મનીથી આવતું હતું પણ યૂરોપીય યાદવાસ્થલીને લીધે આવતું અટકી પડયું છે. આથી વિગ્રહ પછી એવો સમય આવશે કે તે જીવલેણ ચીજનો વપરાશ બંધ થઈ જશે. જો દારૂનો વપરાશ ઓછો કરવો હોય તો આવી બધી વસ્તુનો ઉપયોગ બંધ કરવો જોઇએ. **મેં મારી નજરે દારૂ પીવાથી આખા વીખી થઈ ગયલા ઘણા મનુષ્યોને જોયા છે.** કેટલાક વર્ષ થયા સુધરેલા અને કેળવાયલા એક વર્ગે પાશ્ચાત્ય સુધારાની નકલ કરવી એમ વિચાર્યું. તે વર્ગે જેની ખાસ નકલ કરવાની તેની નકલ ન કરતાં તેઓની દારૂ પીવાની ટેવનું અનુકરણ કર્યું છે, કામ કરનાર વર્ગમાં પણ આ નાશ કારક ટેવ છે.

જો ઓલ્કોહોલ, અફીણ અને કોકેન જેવી ચીજો દુનીયામાં હોતજ નહીં તો હાલના કરતા દુનીયાની હાલત કંઈ વધુ સારી હોત। ઘણાં કીમતી જીવનોનો એ દુષ્ટ ભોગ લીધો. હું ઇંગ્લંડ આવ્યો તે કરતાં હાલ જે ફેરફાર થયો છે તે ઘણીજ સારી વાત છે પહેલાં મીજબાનીઓમાં દારૂ વાપરવો એ ખાસ રિવાજ હતો પણ હાલ તેમાં બહુ ફેરફાર થયો છે. આ દુશ્મનનો નાશ કરવા હિંદમાં ઘણી સંસ્થાઓ પોતાથી બનતું કરે છે અને મને આશા છે કે આ સંસ્થાઓ આ મોટા દુશ્મનનો નાશ કરવામાં કૃણી ભૂત થશે.

સર કૃષ્ણા જી. ગુપ્તા.

લોર્ડ કીચનર હાલ ૬૩ વર્ષની વયના છે. તેઓ ભયપાન નિષેધકોને ખાસ ટેકો આપે છે. જ્યારે તે હિંદના લશ્કરનો નેતા હતો, ત્યારે તેણે (The Royal army Temperance association.) રાજસૈનિકોમાં દુર્વ્યસન અટકાવનારી સંસ્થા. તરફ ખાસ લાગણી બતાવી હતી. જ્યારે યુરોપીય યાદવાસ્થળીનો આરંભ થયો. ત્યારે તેણે તમામ સૈનિકોને આ કુટેવથી દુર રહેવા ખાસ ભલામણ કરી હતી નામદાર સમ્રાટ જ્યાર્જનું અનુકરણ કરનારમાં લોર્ડ કીચનર પણ હતા.

બાળમુકુન્દ ગિરધરલાલ મોદી.

Abkari ને આધારે છે.

લાયબ્રેરિમાં રાખવા યોગ્ય

અમારે ત્યાં મળતાં ઉત્તમ પુસ્તકો.

૧ રાજયોગી અને પરમાર ધારાવર્ષાદેવ ભા. ૧-૨ (ઐતિહાસિક અતિઉત્તમ નાટકથા) કિ. દરેક ભાગની રૂા. ૨-૦-૦
૨ દેવી ખડ્ગ અને ચિનોડની પુનઃપ્રાપ્તિ. (ઐતિહાસિક નવલકથા) કિ. રૂા. ૧-૮-૦
૩ સુકવિ સમિતિ. (પ્રહસન) ૦-૪-૦
૪ [illegible] (બોધપ્રદ નાટક) ૦-૧૨-૦
૫ અનુક્રમણિ રામાયણ (સરળ ભાષામાં રસિક કાવ્ય) ૦-૪-૦
૬ શાંત અને સાદું જીવન (મનન કરવા યોગ્ય નિબંધ) ૦-૪-૦
૭ આવતી કાલનું ભાનમ-(બાળમુઓને ઉપયોગી) ૦-૨-૦
૮ અહિંસા પ્રથમો ધર્મ ૦-૨-૦
૯ સરસ્વતી (એક નાની પ્રેમકથા) ૦-૨-૦

લખો:-સત્સંગ ઑફીસ, એંભાળરોડ-સુરત.

અમીના

પંદર પરિચ્છેદ.

દારોગા સાહેબ પહેલાં તો દશ વર્ષની છોડી સુખદેવીનેજ સતાવવા લાગ્યા. તે બિચારી બીકથી ગભરાવા લાગી. દારોગાએ પૂછ્યું-" તમારી માને કોણે મારી નાખી છે, બતાઓ."

પોલિસની લાલ પાઘડી જોઇનેજ સુખદેવીનો પ્રાણ ઉડી ગયો હતો, તેનાથી બોલી શકાયું નહિ. તેને ચૂપચાપ જોઇને દારોગા સાહેબે એક ડાંગ બતાવી. તેને જોતાંજ સુખદેવીથી રડાઇ જવાયું. જમાદાર પોલિસનો જુનો નોકર હતો. તેણે સુખદેવીને સમજાવીને કહ્યું-" તું કશી બીક રાખીશ નહિ હું. તને જે પૂછીએ તેના જવાબ આપ." જમાદારે દારોગા સાહેબના કાનમાં પણ કંઇ કહ્યું. દારોગા સાહેબ પૂછવા લાગ્યા—" કાલે રાતે તમારી મા અને બાપ વચ્ચે તકરાર થઇ હતી ?"

સુખદેવી—" હા "

દારોગા સાહેબ તેને ઝટપટ લખતા જતા હતા. પરંતુ જમાદાર સાહેબે તેમને લખતાં કશારાથી અટકાવી દીધા. દારોગા સાહેબે અત્યારે ચોપડા વગેરેમાં પોલીસની ચોપડીમાં જોડાયા હતા. મુકદમો કેમ ઘડવો તે તમને અત્યારે બરોબર યાદ નહોતું ત્યારે જમાદાર સાહેબ દારોગા તરફથી પૂછવા લાગ્યા-" રાતે અહિં કોણ કોણ હતું ?"

સુખદેવી-" હું, બાપુજી, માતા અને મારો આ નાનો ભાઇ."

જમાદાર—" રાતના દશ વાગે તમો રડતાં કેમ હતા ?"

સુખદેવી—" બાપુજીએ મારી હતા."

જમાદાર—" કોને મારી હતા ?"

સુખદેવી—" માતાને અને મને."

જમાદાર—" કેમ મારી હતાં ?"

સુખદેવી—" રસોઇ બનાવવામાં વાર થઇ ગઇ હતી."

જમાદાર—" પહેલાં કોને મારી."

સુખદેવી—" માતાને."

જમાદાર—" શાથી મારું ?"

સુખદેવી—" હાથવતી "

દારોગા સાહેબથી ચૂપ ના રહી શકાયું. સુખદેવીની જબાની સાંભળી તેમના મનમાં આવ્યું કે ઉઠીને થોડુંક નાચી લઉં. તે જલદીથી પૂછવા લાગ્યા—" તેજ મારથી તમારી મા મરી ગઇ છે ને ?"

દારોગા સાહેબનો પ્રશ્ન સાંભળી જમાદાર મનમાંને મનમાં ઘણા ગુસ્સે થયા—બોલ્યા, પણ પોતાના અધિકારીની વાત કેમ કાપી શકે ?—ચૂપજ રહેવું પડ્યું. સુખદેવી બોલી—" નહી. માતા તેનાથી નથી મર્યા."

બાલકીનો જવાબ સાંભળી દારોગા સાહેબ જમાદારનું મોહું તાકવા લાગ્યા. તે તાકવાનું જે હતું—" હું હવે કંઇ પણ બોલીજ નહી, જેવો થાય તેવો મુકદમો તમો કાઢી નાખો."

જમાદાર સાહેબે ત્યારે કંઇક ગંભીર થઇ, મુંછો પર તાવ દઇ પુનઃ પૂછવા લાગ્યા " તમોએ તે કેમ જાણ્યું ?"

સુખદેવી-" સવારમાં જાગીને જોયું. માતા મારી પાસે નથી."

જમાદાર-" તમારો બાપ ક્યાં હતો ?"

સુખદેવી-" બાપુજી ત્યારે ઘરમાં સુઇ રહ્યા હતા."

જમાદાર-" તમોએ તમારી માતાનો તેવો હાલ જોઇને શું કર્યું ?"

સુખદેવી-" હું રડવા લાગી."

જમાદાર-" અને તમારો બાપ સુખથી ઉંઘ લેતો હતો ?"

સુખદેવી–" મારૂં રડવું સાંભળી બાપુજીની ઉંઘ તૂટી ગઇ."

જમાદાર–" ઉંઘ તૂટયા બાદ તેમણે શું કર્યું?"

સુખદેવી–" ઝટપટ ગળાનું દોરડું કાપી નાંખ્યું."

જમાદાર–" બગતાંજ દોરડું કાપી નાખ્યું અને કંઇ ન બોલ્યા?"

સુખદેવી આ પ્રશ્નનો ઉત્તર ન આપી શકી. તે બાલિકા હતી તેવી દશામાં એટલા પ્રશ્નનો ઉત્તર આપી શકી, એટલુંજ તેને માટે બસ હતું. એવી બાલિકાથી બીજી વધારે શી આશા રાખવામાં આવે? તેને ચૂપ જોઇને જમાદાર રૂક્ષતિથી બોલ્યા " આ છોડી સામે ખૂન થયું નથી. પણ છોડીની જુબાનીથી સાફ જણાય છે કે તે બદમાશે તે સ્ત્રીનું ખૂન કર્યું છે."

દારોગા સાહેબ ખુશીથી ફુલી ઉઠયા અને તુરતે લાલની સાથે ખૂનીને કબજે કરવાનું આવ્યું. જમાદાર સાહેબ ત્યારે ફળિયામાંથી ચાર પાંચ સાક્ષીઓને બોલાવી લાવ્યા. તે લોકોએ આગલ રાત્રે મુરારીલાલની શરાબ પીને ગરબડ મચાવવાની વાત કહી અને દશ વાગે તેના ઘરમાં રડવા પીટવાનો અવાજ સંભળાયો તે જુબાનીમાં પણ જાહેર થયું. ત્યારે મુરારીલાલજ ખૂની છે તેમ પુરવાર થયું. તેને બેડીઓ પહેરાવવામાં આવી, પહેલાં તો મુરારીલાલ ડરાઇ ચૂપ થઇ ગયો હતો, પણ ચાલતી સમય કોઇ પારોસી સાથે મીરજા મહંગદને પોતાની આપત્તિના સમાચાર મોકલતાં ભૂલ્યો નહિ.

સોળમું.

મીરજાં નોકરી પર જવાની તૈયારી કરી રહ્યા હતા. એટલામાં એક માણસે આવીને મુરારીલાલની તે આકસ્મિક વિપત્તિના સમાચાર કહ્યા. મીરજાં તે સમાચાર સાંભળી ગોરીવારને માટે કક્કા થક્કા થઇ ગયા. પછી નોકરી પર ન જતાં મુરારીલાલના ઘર તરફ દોડયા. કોઇની વિપત્તિની વાત સાંભળતા તો, તેમનાથી ચૂપ બેસી રહેવાતું નહીં. તેને મદદ કરવા માટે તેમના મનમાં દયા આવતી. વિપત્તિના સમય તેમની કોઇ સહાયતા માગતું તો પોતાનો કામ ધંધો મુકી તેને વિપત્તિમાંથી બચાવવા માટે દોડતા. એ મીરજાંનો સ્વભાવ હતો. પોતાનાં સહલ્લો કામ બગાડી બીજા કોઇનું બોડુ સું કામ થતું તો તેમને ઘણું સુખ મળતું. પરોપકાર કરવો એક ધર્મ અવશ્ય છે, પરંતુ મીરજાં સ્વભાવમાં પરોપકારની માનતા એટલી અધિક જણાય છે કે બહુધા તેને હલકો ધર્મ કહેતાં પણ અચકાઇએ છીએ.

મીરજાંએ મુરારીલાલના ઘેર જઇને જોયું તો તેનાં બે છોકરાં સિવાય બીજુ કોઇ નથી. મીરજાંને જોતાંજ તે જોરથી રડવા લાગ્યાં. સમજાવવાથી તે ચુપ થયાં. ત્યારે તેમનાથી મીરજાંએ કાલરાતની સૌ વાતો સાંભળી, સુખદેવીનાં આંસુ પોતાના હાથથી લુંછીને તેમણે કહ્યું. " જે થવાનું હતું તે થઇ ગયું. હવે બીજુ સું થઇ શકેછે? પણ તમારા બાપ માટે કંઇ ચિંતા ન કરો. હું હાલ ઘડી જઇને તેમને છોડાવી લાવીશ પણ તું અહિં એકલી કેમ રહી શકીશ? ચાલ, પહેલાં તને મારે ઘર મુકી આવું, પછી તારા બાપને છોડાવી લાવીશ.

એવી વિપત્તિના સમય એવું કોણ કહે, પણ મીરજાંનું જ સુખદેવીને બીજુ કંઇ નહિં તો દિલાસોતો આપે. સુખદેવીના જીવનનો એક માત્ર આધાર તેની માતા રાધા હતી. આજ તેણે અકસ્માત તેને પણ ગુમાવી દીધી છે. પછી ભલું થાય કે બુરૂં થાય, આવી વિપત્તિમાં તે પોતાના પિતાનો ભરોશો કરી શકતી હતી. તો તેને પોલિસવાળા પકડી ગયા. હવે તેના આ નાના ભાઇનો શી વલે થશે? એટલામાંજ તે ભૂખથી ગભરાઇને રડી રહ્યા

છે. કાલ રાતથી સુખદેવી પણ ભૂખી છે. પરંતુ તેની દરકાર પોતાને જરા પણ નથી તેની પાસે એક પૈસો પણ નહોતો, જેનું દુઃખ લાવીને પોતાના નાના ભાઇને પાસ અને પૈસો હોત તો પણ તેને કોની પાસે મુકી જ્યત! બાલિકા જે તરફ જોતી હતી તે તરફ આંધો સામે અંધારું છાઇ જતું હતું. તેની ઉમ્મર ફક્ત દશ વરસની હોવા છતાં પણ તેના પોતાના નાના કલેજામાં અપાર ચિંતા સાગરની મોટી મોટી લહેરો ટક્કર મારી રહી હતી. પરંતુ નિરાશ્રયોના આશ્રયદાતા, નિરાવલંબોના અવલંબ, સર્વ મંગલમય, જગદીશ્વરને તે અનાથ બાલિકાની શુદ્ધિ નથી? નારાયણરૂપ મીરજાંના સ્વરૂપમાં તેની સામે આવી પહોંચ્યા.

મીરજાંના મધુર સંભાષણથી ઉંડા પાણીમાં ડૂબતી સુખદેવીને ઉભા થવા માટે ધરતી મળી ગઇ. તેણે રડતાં રડતાં પૂછ્યું— "શાહજી! શું મારી માતા હવે નહિં આવે"

જે કાતરતાથી આ શબ્દો ઉચ્ચારાયા, તેને જોઇ મીરજાંનું કલેજું ફાટવા લાગ્યું. જે આંસુઓને તેમણે અત્યાર સુધી ઘણી કઠિનાઇથી રોકી રાખ્યાં હતાં, હવે તે આંસુ તેમના રોકવા છતાં પણ રોકી શકાયાં નહિં. તેમણે પોતાનાં નેત્રો લૂછીને કહ્યું—" પુત્રી! તું રડ નહિં. આગળ ચાલ, તને મારે ઘેર પહોંચાડી આવું, પછી જે થશે તે હું કરીશ. હવે અહિં વખત ગુમાવવાથી શું થશે?"

સુખદેવી આંસુ લૂછીને પોતાનાં ભાઇને છાતીએ ચાંપીને ઉભી થઇ અને મીરજાંની સાથે તેમને ઘેર જવા માટે ચાલવા લાગી. ત્યારે મીરજાંએ હમાલ બોલ કરી તેના મકાનને તાળું વાસી દીધું. એક ગાડી બોલાવી, અને તેમાં સુખદેવી સાથે બેસીને પોતાને ઘેર ચાલ્યા ગાડીના ઘોડેદડ્ડ જતાં જતાં સુખદેવીના ગોલમાં તે બાલક સુઇ ગયું.

બે ચાર વાતોમાં સઘળા સમાચાર સંભળાવી મીરજાંએ સુખદેવી અને તેના ભાઇને હસીનાને સોંપી દીધાં અને પોતે તુરત મુરારીલાલની તલાશમાં ચાલ્યા. હસીના સિવાય બીજાં કોઇને આ વાત કહી નહિં, ભાઇ બહેનને ઓળખતા હતા, અને બહેન પણ ભાઇને ઓળખી હતી. તેથી હસીનાએ પણ નવા સગપણ કંઇ બાંધો લીધો નહિં, અને એ સંબંધી પૂછપરછ કરવાનું વાજબી ધાર્યું નહિં.

કોટવાળ સાથે મીરજાંનો પરિચય હતો તેમણે કોટવાળ સાથે મુલાકાત કરીને સૌ વૃત્તાંત કહ્યો. કોટવાળે પોતાના અધિક એક ઓફીસરને કંઇ કહી મીરજાંને તેની સાથે મોકલી દીધા મીરજાં પહેલાં થાણામાં ગયા ત્યાં કંઇ પૂછપરછ કરી ડોકટરને ત્યાં ચાલ્યા ગયા. ત્યાં મુર્દાની તપાસનું પરિણામ જાણવા માટે તેમને ઘણો બખત બેસી રહેવું પડ્યું. પરંતુ ઘણું કંઇ પ્રયત્ન કરવા છતાં પણ તે તેમનાથી કંઇ જાણી શકાયું નહિં. નિદાન હારીને છેવટે તેના દશ વાગે ઘેર પાછા આવ્યા. દીનબંધુ.

લાયબ્રેરિમાં સંગ્રહવા યોગ્ય

નમારેત્યાં મળતાં ઉત્તમ પુસ્તકો.

૧ રાજયોગી અને પરમાર ધારાવર્ષાદિત્ય
૨ ભા ૧–૨ (ઐતિહાસિક અતિઉત્તમ નવ-
૧ લકથા) કિ. દરેક ભાગની રૂ. ૨–૦–૦
૨ દેવી અહલ્યા અને વિતોડાની પુનઃપ્રાપ્તિ.
(ઐતિહાસિક નવલકથા) કિ. રૂા. ૧–૮–૦
૩ સુકવિ સમિતિ. (પદ્યસંગ્રહ) ૦–૪–૦
૪ રામવિયોગ (બોધપ્રદ નાટક) ૦–૧૨–૦
૫ અનુક્રમણિકા રામાયણ (સરળ ભાષામાં
ટિપ્પણિ સહિત) ૦–૪–૦
૬ શાંત અને કાંઇ ખરું (મનન કરવા યોગ્ય
નિબંધ) ૦–૪–૦
૭ આવતી કાલનું મોતમ—(બાળસુબોધ
ઉપયોગી) ૦–૨–૦
૮ અહિંસા પરમો ધર્મ ૦–૨–૦
૯ સરસ્વતી (એક નાની પ્રેમકથા) ૦–૨–૦

મળોઃ-સારસંગ ઓફીસ, અંબાજીરોડ-સુરત.

હિંદુસ્થાનના જુદાં જુદાં શહેરોમાં મનુષ્યના ખોરાક માટે જાનવરોની થતી કતલમાં ઘટાડો દર્શાવનાર પત્રક.

ઉપરના આસનમાં બેસી બે સાલ વચ્ચેની કતલના ઘટાડાની સંખ્યા મુકવામાં આવી છે અને કુલ કતલનો ઘટાડો નીચે જોવામાં આવશે તે પ્રમાણે ૨૮૩૦૩૬ જનવરોને. બચાવી તેનાં જાનવરોનો આ સાલમાં બચાવ થયો છે.

અ૨.	શહેરનું નામ.	ઇસવી ૧૯૧૩	ઇ વી ૧૯૧૪	ઇસ્વી ૧૯૧૫	બરાબર બે સાલમાં થયેલો કતલનો ઘટાડો.
૧	મદ્રાસ	*	૪૩૭૪૭૩	૩૪૪૬૧૭	૧૮૫૬
૨	મુંબઈ	૭૮૪૬૫૧	૭૫૫ ૧૯	૭૮૪૭૧૩	૩૧૦૬
૩	અલીગઢ	૮૩૮૭૬	૧૦૩૦૧૯	૮૩૫૨૮	૧૪૯૧
૪	જોનપુર	*	૧૫૩૩૭	૪૬૬૪	૧૬૪૩
૫	શોલાપુર	*	૬૫૬૩૬	૫૫૩૪૬	૧૦૫૯૦
૬	રંગુન	૧૧૮૬૬૧	૧૨૩૦૭૮	૧૧૨૮૦૩	૧૦૨૭૫
૭	બેંગલોર (સ્ટેશન) ...	૧૭૮૩૪૦	૬૫૨૬૭૨	૧૪૩૬૧૦	૮૦૬૨
૮	હાંકિન	૩૧૦૩૬	૨૮૫૧૬	૧૬૫૦૦ અં.	૬૦૫૬
૯	સક્કર	૩૭૪૮૧	૩૨૬૬૫	૨૪૦૨૫	૮૮૧૦
૧૦	કાંજીવરમ	*	૨૬૮૭૯	૧૬૯૮૫	૬૮૬૪
૧૧	સુરત	૬૦૦૬૫	૮૭૩૬૬	૮૨૧૫૮	૫૨૦૮
૧૨	બેંગલોર (સીટી) ...	*	૩૮૭૩૫	૩૩૮૦૬	૪૬૨૬
૧૩	બેટીઆહ	૪૧૪૭૨	૩૬૫૮૬	*	૪૮૮૩
૧૪	મડુ	*	૨૩૨૭૬	૧૮૫૫૮	૪૭૨૧
૧૫	ગોરખપુર	*	૩૭૫૦૦	૩૨૮૬૬	૪૬૮૧
૧૬	પુના (સીટી) ...	૬૪૪૭૮	૫૬૦૫૦	૫૧૬૧૦	૪૧૪૦
૧૭	સીકંદરાબાદ... ...	૬૫૫૧૬	૬૭૫૦૨	૬૩૪૨૩	૪૦૭૬
૧૮	મથુરા	*	૧૬૪૪૬	૧૫૪૨૬	૪૦૨૦
૧૯	મીરત	*	૨૪૬૦૫	૨૧૨૨૧	૩૪૮૪
૨૦	સીયાલકોટ સીટી ...	*	૨૮૬૫૫	૨૫૬૦૬	૩૩૪૬
૨૧	(અશુદ્ધ નામ) ...	૧૬૭૨૦	૧૫૫૧૧	૧૩૧૭૫	૩૩૩૮
૨૨	લોનાવલા	*	૨૪૦૫૨	૨૦૮૦૮	૩૨૪૪
૨૩	લલીતપુર	૭૦૫૯	૭૦૬૩	૩૮૪૯	૩૨૧૪
૨૪	લ્યાલપુર	૧૩૨૩૦	૧૪૬૨૮	૧૫૨૦ અં	૭૧૦૮
૨૫	સહરાનપુર	*	૨૪૦૧૩	૨૧૪૦૩	૨૬૧૦
૨૬	કાંપટી	*	૧૫૧૨૧	૧૨૫૮૭	૨૫૩૪
૨૭	મારીઆરી	૭૭૦૦	૬૬૨૦	૪૬૮૦	૨૨૪૦
૨૮	હેનઝાડા	*	[illegible]	૨૪૦૬	૨૦૧૮
૨૯	મુલતાન	૪૦૭૮૬	૪૬૧૯	૩૮૬૧૮	૨૦૦૧
૩૦	ફૈઝાબાદ	૨૧૬૮૦	૧૮૫૫૭	૧૬૬૦૩	૧૬૫૪
૩૧	અમરોહા ...	૧૪૨૭૮	૧૩૧૩૬	૧૨૪૪૨	૧૮૬૪
૩૨	બીનાઇટાચા	૪૫૫૬	૩૮૧૩	૧૬૫૫	૨૮૫૮
૩૩	ડીસા	૭૧૩૫	૩૮૫૨	૨૦૩૫	૧૮૧૭
૩૪	નીમાહેરા	૧૬૪૭	૨૦૬૭	૨૬૨	૧૮૦૫
૩૫	બેઝવાડા	*	૨૧૬૮૬	૨૦૨૪૫	૧૭૪૧
૩૬	રરકી	૪૬૫૦	૫૨૬૬	૩૬૧૩	૧૬૫૬
૩૭	હાંસી...	૪૦૨૬	૪૧૨૭	૨૬૨૫એંઘાજો	૧૫૦૨
૩૮	મુલમેઇન	૩૬૮૦	૩૧૬૭	૧૭૮૩	૧૪૦૭
૩૯	અમદાવાદ	*	૬૮૬૪૬	૬૭૩૧૩	૧૩૨૩

નંબર.	શહેરનું નામ	ઇસ્વી ૧૯૧૩	ઇસ્વી ૧૯૧૪	ઇસ્વી ૧૯૧૫	છેવટની બે સાલમા થયલો કતલનો ઘટાડો.
૪૦	કુટીકોરીન	૧૦૮૫૪	૯૬૩૮	૮૭૬૮	૧૧૭૦
૪૧	અકયાબ	*	૬૫૦૨	૫૩૩૩	૧૧૬૯
૪૨	કુરમા	૪૨૦૨	૬૨૩૪	૫૦૮૩	૧૧૫૧
૪૪	બારૂચ	૨૧૪૩૭	૨૦૦૪૩	૧૮૯૦૩	૧૧૪૦
૪૪	વડોદરા	*	૨૪૮૮૨	૨૩૮૨૮	૧૦૫૪
૪૫	એલોર	*	૧૯૯૬૫	૧૮૯૧૫	૧૦૫૦
૪૬	ગોંડીયા	૨૬૩૭	૨૬૩૮	૧૭૫૩અંદાજે	૮૮૫
૪૭	સાહજહાનપુર ...	*	૩૩૬૩૧	૩૨૬ ૫	૯૭૪
૪૮	નગીના	*	૩૦૫૪	૨૦૬૬	૬૫૮
૪૯	ખુર્જાપુર	૨૧૧૨૫	૧૯૨૧૬	૧૮૨૬૪ આ.	૬૪૭
૫૦	બરહાનપુર	*	૧૧૨૭૨	૧૦૩૪૪	૬૨૮
૫૧	હાથરસ	*	૪૬૫૧	૪૦૩૩	૬૧૮
૫૨	અલવર	*	૯૭૫૧	૮૮૬૨	૮૫૬
૫૩	બીલાસપુર	૫૭૬૩	૩૬૬૪	૩૧૭૬અંદાજે	૭૮૮
૫૪	દારજીલીંગ	૧૦૬૬૭	૬૬૫૦	*	૭૪૭
૫૫	ભુસાવળ	*	૧૦૭૬૮	૧૦૦૫૬	૭૪૨
૫૬	હરદ્વાર	*	૩૮૬૦	૩૨૮૭	૫૭૩
૫૭	વરધા	૫૨૬૭	૫૨૬૪	૪૭૭૧	૪૬૩
૫૮	હુશંગાબાદ	*	૨૬૫૪	૨૫૧૨	૪૪૨
૫૯	ડીંગા	૧૮૩૭	૧૬૦૪	૧૫૦૨	૪૦૨
૬૦	બેનરબઝાર (રાયપુર)...	*	૨૦૩૫	૧૭૫૩	૨૮૨
૬૧	કાઝીલકા	*	૫૨૦૪	૪૬૩૪	૨૭૦
૬૨	હુબલી	૧૫૩૦૬	૬૦૬૩	૧૫૮૫૩	૨૪૦
૬૩	મીગનાન	૮૧૩	૮૭૬	૬૭૨	૨૦૭
૬૪	બસીન	*	૫૪૦૪	૫૨૦૨	૨૦૨
૬૫	ઝાંગ	૧૧૦૦	૧૨૦૦	૧૦૦૦	૨૦૦
૬૬	બેરા	*	૫૬૫૫	૫૪૫૬	૧૬૬
૬૭	હરદોઇ	૫૧૬૧	૬૩૩૧	૬૧૫૬	૧૭૫
૬૮	નેગાપટ્ટમ		૨૦૩૬૦	૨૦૨૫૦	૧૪૦
૬૯	બીઝાગાપટ્ટમ ...	૧૭૪૧૮	૪૦૨૬	૧૩૬૨૪	૧૦૫
૭૦	ગોળબઝાર (રાયપુર)...	*	૧૭૬૨	૧૧૬૬૪	૬૮
૭૧	પાપાલ	૧૦૬૨	૧૧૬૦	૧૧૦૭	૮૩
૭૨	હીંગાનઘાટ	[illegible]	૧૩૨૦	૧૨૪૦	૮૦
૭૩	દીનાજપુર	૩૫૨૦	૩૫૧૮	૩૪૪૦	૭૮
૭૪	પુલગાંવ	૧૧૭૩	૧૨૦૫	૧૧૩૬	૬૬
૭૫	દીયોઘર	૭૮૦	૭૮૦	૭૨૦	૬૦
૭૬	ધુલીયા	*	૧૨૩૭૬	૧૨૩૦	૪૬
૭૭	એરોડ	૨૭૦૩	૨૮૬૫	૨૮૮૪	૧૧
૭૮	એમીનાબાદ... ...	*	૫૨	૪૬	૬
૭૯	મરગુજ	૩૨૫	૩૧૪	૩૧૧	૩
૮૦	હોડાલ	૧૨૩૫	૯૮૮	૯૮૭	૧
					૨૮૩૦૩૬



બે હજાર વર્ષ પહેલાં અથવા તેનીએ આગળના – સમયમાં હિંદના ઉદ્યોગ-ધંધા ઘણીજ ઉન્નત દશામાં હતા. કાચા માલની ૧૦૦ ગણી કીમત ઉપજે એવો માલ કેવળ મેં બદલામાં લઇ હિંદુસ્થાન રોમની સંપત્તિને ઠર વર્ષે ઘણાં ભયંકર પ્રમાણમાં ખેંચી લઇ જાય છે. આવી તકરાર પ્લીનીએ કરેલી છે.

ચંદ્રગુપ્તની કારકિર્દિમાં તેના રાજ્યમાં સ્વતંત્ર વ્યાપારી ખાતું હતું, તથા ગ્રીસ, રોમ, ચીન વગેરે દેશોથી આવનારા પ્રવાસી હીંદી લોકોનું કળા-કૌશલ્ય જોઇ છક થઇ જતા હતા. રત્ન, ઉંચું સુવર્ણ તથા નાજુક કામની કરેલી મલમલ એનો ચીન, ઇરાન, બજીપ્ત તથા રોમ વગેરે દેશોમાં પુષ્કળ ખપ હતો. સુગંધી સામાન, મધ, લોખંડ, ગળી, લાખ, ઔષધિ, મીલુ, સાકર તથા મસાલાના પદાર્થો એ વગેરે સામાન્ય વ્યાપારના કેટલાક પદાર્થ હતા. ઇ. સ. ના છઠ્ઠા સૈકા પહેલાં પાકા રંગ, ગળી-માંથી ઇંડિગોટિન તૈયાર કરવું તથા લોખંડને ભિન્ન ભિન્ન રીતે પાણી ચઢાવવું એ શોધ હિંદી લોકોને હાથ લાગી હતી. મુસલમાની અમલ લગી હિંદના ઉદ્યોગ ધંધાને કશો ધોકો લાગ્યો નથી. ઉલટું મુસલમાની બાદશાહો હિંદી ઉદ્યોગ ધંધાને ઉત્તેજન આપતા હતા. તુર્કસ્થાનમાંના ગાલીચા વણવાનાં તથા ઇરપડાનમાંના ઝભ્ભકદાર વામણો બનાવવાનાં વગેરે કેટલાક નવીન ધંધાઓ અત્રે પ્રચાર પામ્યા.

અકબરની કારકિર્દીમાં સામાન્ય મજુર એક ભહિનામાં કેવળ ૭ આનાથી પોતાનું ગુજરાન કરી શકતો હતો. તેની તપસીલઃ–

	શેર	રૂ.	આ.	પા.
બાજરીનો લોટ	૨૫	૦	૩	૦
દાળ	૫	૦	૦	૭॥
ઘી	૧	૦	૧	૦
મીઠું		૦	૦	૨॥
પરચુરણ		૦	૧	૨
		૦	૬	૦

મજુરોની મજુરીનું એક દિવસનું સામાન્ય પ્રમાણ નીચે પ્રમાણે હતું.

	આ.	પા.	આ.	પા.
સુતાર	૨	૯½થી	૦	૯½
ભાર વહેનાર.	૧	૪½થી	૧	૨½
બરોડીઆ.	૦	૯½		
ગૃહસેવક.	૧	૨½		
પરચુરણ.	૧	૨½થી	૦	૯½

કારીગર લોકોની ઉન્નત દશાનું મુખ્ય કારણ યુરોપ સાથે વધતો જતો વ્યાપાર તથા મુસલમાન રાજાઓ તરફથી મળતું ઉત્તેજન હતું. ૧૫મા સૈકામાં કેપ ઓવ ગુડ હોપ ઓળંગી હિંદુસ્થાનમાં આવવાનો રસ્તો વાસ્કો-ડા-ગામાએ શોધી કાઢ્યા પછી યુરોપ સાથે હિંદુસ્થાનનો વ્યાપાર ઘણા જોર પર આવ્યો.

ઇ. સ. ૧૪૨૦ને સુમારે હિંદુસ્થાનમાં આવેલો પ્રવાસી **નિકોલી-ડી-કૉંટી** એ ગંગા કાંઠે આવેલાં મોટાં મોટાં શહેરો તથા ઉદ્યાનોથી તથા સોનું, રૂપું તથા મોતી વગેરેથી ઝુલી **મારેઝિયાં** (?) શહેરનું વર્ણન કરે છે. ૧૬મી સૈકાના આરંભમાં હિંદુસ્તાનમાં આવેલો બેબર આ દેશને તવંગર તથા સોના રૂપાંથી સમૃદ્ધ બનેલો લખે છે, તથા અહીંના પ્રત્યેક ધંધામાં વળગેલા અસભ્ય કારીગર તથા ગીચ વસ્તી જોઇ ચકિત થાય છે. ૧૬૧૨ને સુમારે આ દેશમાં પ્રવાસે આવેલો સોબેંદિકમન

મોરિસ એ બંગાલમાંથી પશ્ચિમ તરફ જતાં ઉત્કૃષ્ટ સુતરાઉ કાપડનું વર્ણન કરે છે, તથા 'તે વખતની બંગાળની રાજધાની ઢાકા એમાં પ્રત્યેક દેશના લોકો આવી રહેલા નજરે પડે છે, અને એની વસ્તી બે લાખ જેટલી છે' એમ જણાવે છે. લાહોરથી મુલતાન પર્વતના પ્રવાસમાં તેને સર્વ પ્રદેશ ઘઉં, ચોખા, ભાજીપાલો, કપાસ વગેરે લીલોતરીથી ભરપૂર જણાયો હતો. સર્વત્ર અતિશય પ્રમાણમાં એની પ્રસરેલી હતી, અને તેમાં સર્વોત્કૃષ્ટ પાક ઉત્પન્ન થતો હતો. એક મહિનો ભર વસવાટ કરેલું એવું ઠઠ્ઠા (સિંધ) શહેર અમર્યાદ તવંગર છે. વગેરે વર્ણન તેણે પોતાના પ્રવાસ વર્ણનમાં લખ્યાં છે. ૧૬૩૮ને સુમારે આવી આવેલા જર્મન પ્રવાસી મેન્ડેલ્સ્લોને ભરોચ (ભરૂચ) શહેર ઘણી ગીચ વસ્તી તથા સુતરાઉ કાપડ બનાવનારા અસંખ્ય વણકરોથી ભરેલું જણાયું હતું. ત્યાંથી અમદાવાદ જતાં તેણે વણકરો તથા રંગારા લોકોથી ભરેલું ઓડેરા (બરોડા) એ બીજું શહેર જોયું હતું. અમદાવાદનો વૈભવ તથા સૌંદર્ય જોઇને તો તે છક્ક થઇ ગયો હતો. રેશમી તથા સુતરાઉ માલ તૈયાર કરવો એ આ શહેરનો મુખ્ય ધંધો હતો. ખંભાયત એ સુરત કરતાં મોટું બાજારી શહેર હતું. આગ્રા એ તો ઈસ્પિહાનથી બમણું મોટું તથા સમૃદ્ધ શહેર હતું. એક મનુષ્ય ઘોડાની મદદથી પણ એક દિવસમાં તે શહેરની પ્રદક્ષિણા કરી શકે એમ નથી. રસ્તા મોટા અને સુંદર હતા. ફતેપુર ... પા ગેલ લાંબી દુકાનોની ગોઠવેરી એકસરખી રીતે આવેલી હોઇ તે પર વેચવાનો માલ ગોઠવવામાં આવતો હતો. આવી માહિતી તેણે આપી છે.

૧૭મા સૈકાનાં મધ્ય ભાગમાં બેર્નિયર નામનો પ્રવાસી હીંદુસ્થાનમાં આવી કેટલાક વર્ષ રહ્યો હતો. તે લખે છે કે "હીંદુસ્થાન એ એક એવો અગાધ ઉંડો ખાડો છે જગતમાંના સર્વ સુવર્ણ તથા રૂપાનો પ્રવાહ તે તરફ વહી તેમાં ગરક થઇ જાય છે. યુરોપ માંથી તેમાં ઠલવાતો બધો પ્રચંડ દ્રવ્યનિધિ જાય છે કે તેમાંથી જરા પણ ત્યાંથી પરત થતું નથી" "સોનાનો ઘણો ભાગ કેવળ કાન, નાક, હાથ, પગના દાગીના કરવામાં ખર્ચ થાય છે, એટલું જ નહિ પરંતુ ઉમરાવથી તે તદ્દન હલકા દરજ્જાના સિપાઇના કપડાં પર પણ જરી કામ કરવામાં તેનો પુષ્કળ વ્યય થાય છે."

૧૮મા સૈકાની આખર સુધી યુરોપનો સુધારો હિંદી સુધારા કરતાં આધ્યાત્મિક, કારીગરી, વ્યાપાર, રાહદારીની સગવડ વગેરે કોઇ પણ બાબતમાં શ્રેષ્ઠ દરજ્જાનો ન હતો. "ખેતીની ઉત્તમ પદ્ધતિ, અતુલનીય કૌશલ્ય—કારીગરો, પોતાની સવડ અને વિચારને માટે આવશ્યક વસ્તુઓ પોતાની મેળેજ તૈયાર કરી લેવાનું સામર્થ્ય, લેખન-વાચન તથા ગણિત શીખવવાને માટે ગામેગામ નિશાળ, સામાન્ય વર્તનમાં એક બીજા પ્રત્યે આદરાતિશય-બુદ્ધિ તથા ઔદાર્ય, અને સર્વમાં મુખ્ય કહીએ તો સ્ત્રી વર્ગ પ્રતિ વિશ્વાસ, આદર તથા સૌજન્ય ભર્યું વર્તન, એ જો સુધરેલા સંસારનું લક્ષણ હોય તો હિંદુઓ યુરોપીઅન રાષ્ટ્રોથી કોઇ પણ રીતે પાછળ નથી. ઇંગ્લંડ અને હિંદુસ્થાન એમણે પોતપોતાના સુધારા-મોજબ વેપાર કરવો નક્કી કર્યું હોય તો ન્યાયાતથી ઇંગ્લંડને ફાયદોજ થશે એવી સારી ખાત્રી છે" એમ સર થોમસ મનરોએ લખ્યું છે.

ઇંગ્લંડમાં સુદ્ધાં આ વખતે તેના બેત્યારના વ્યાપારી સાધનોમાં કશાં લક્ષણ જણાતાં ન હતાં. આવતના

સાધનો—સડકો હિંદુસ્થાન કરતાં વધારે સારી ન હતી. હિંદુસ્થાનમાં જે પ્રમાણે બૈલગાડાંનો તેજ પ્રમાણે ઇંગ્લંડમાં શિયાળાના બોકની સરખામણીથી કરવી પણ બહુધા અશક્ય હતી. લંડનમાં જોઇતી અન્ન સામગ્રી ઘણે ભાગે ઘોડાપર ગુણો મારફતે લઇ જવામાં આવતી હતી ખેતીવાડીમાં જમીન પરનાં પાણીના વહેવની વ્યવસ્થા સમાધાનકારક ન હોવાથી હિંદુસ્થાન પ્રમાણે ત્યાં પણ તાવ વગેરેના રોગોથી ભયંકર અનર્થ થતા હતા. હિંદુસ્થાન કરતાં ઇંગ્લંડના રહેઠાણો વધારે સ્વચ્છ ન હતાં. ઇંગ્લંડને છીટ લાંબા કાળ સુધી હિંદુસ્થાનથી લાવવી પડતી હતી. રંગ કામનો ધંધો હિંદુસ્થાનમાં અત્યંત જોર પર હતો. ત્યારે કાપડ સફાઇદાર કરવાને માટે તથા રંગ ચઢવાને માટે ઇંગ્લંડને હોલંડમાં મોકલવાની જરૂર પડતી હતી.

૧૭૬૪માં ફ્રેંચ રેશમની આયાત બંધ કરી ઇંગ્લંડમાંના રેશમના વ્યાપારનું સંરક્ષણ કરાયું. રેશમી વસ્ત્ર માટે એ વખતે ઇંગ્લંડને ફ્રાંસની તથા એશ્યમ ઉપર અવલંબવું પડતું હતું. ત્યારે હિંદુસ્થાનમાં રૂપિયાર લંબુ કાપડ કેવળ ૬–૭ તોલા વજન થાય એવી મલમલ તૈયાર કરવામાં આવતી હતી. ઇંગ્લંડને પોતાને જોઇતું ઊનું, રૂ લોખંડી સામાન તથા વાસણો પરદેશથી આણવા પડતાં હતાં.

યુરોપિયન કંપનીઓના વ્યવહારને લીધે હિંદુસ્થાનનો સમુદ્ર કાંઠાનો વ્યાપાર ઘણા જોર પર આવ્યો. ઇસ્ટ ઇંડીયા કંપનીને લીધે ઘોડા વખત રેશમના વ્યાપારમાં બંગાળામાં પ્રગતિ થઇ આ ૧૮મા સૈકાની આખરે કાકાનો વણાટ કામનો ધંધો જોરપર આવ્યો હતો. ૧૬૮૭ની સાલમાં ૧૨ લાખ રૂપીઆનું કાયદેસર વ્યાપાર દેશ વર રવાના કર્યાનો દાખલો ત્યાંના કસ્ટમ હાઉસમાં નોંધવામાં આવેલો છે.

પરદેશમાંથી આવતી મખમલ તથા સાટીનના કાપડે આ પ્રકારે દેશી કાપડના ધંધાને હજી સુધી મચક આપી નહતી. ગળી, મસાલાના પદાર્થ, સાકર, એ સિવાય કાયમ નવા રેશમ એની પણ નિકાસ થતી હતી. આ ધંધામાં પણ મોટા ગુંથાએલા હોવા જોઇએ. ૧૮૦૮–૯ વર્ષ પહેલાંના ૬૬ વર્ષની સરાસરી કાઢતાં ઇસ્ટ ઇંડીયા કંપની દર વર્ષે ઇંગ્લંડમાં નીચે બતાવ્યા પ્રમાણે માલનું વેચાણ કરતી હતી.

કાપડ વગેરે	પીંટ	૧૧,૩૯,૪૭૮
રેશમી ગાલ		૧૩,૪૪૩
મરી		૩,૯૫,૪૬૧
મોરોબાર		૧,૮૦,૦૬૬
મસાલાના પદાર્થ		૧,૧૨,૫૬૬
સાકર તથા ગળી		૨,૬૨,૪૪૨
કાફી		૬,૬૨૪

મલમલ તથા છીટ એની નીપજ હિંદુસ્થાનના સર્વ ભાગમાં વિશેષે કરીને બંગાળ તથા કારોમાંડળ કિનારાના ભાગમાં પુષ્કળ થતી હતી. ઉત્તર સરકાર તથા મછલી પટ્ટનની આસપાસનો મુલક એ અનેક પ્રકારની છીટનો તથા રંગિત કાપડની નીપજનો અને કાકા એ મખમલના કાપડનું મુખ્ય સ્થળ હતું ! આ ધંધા ઘણે ભાગે હિંદુ કારીગરોના હાથમાં હતા.

પરંતુ આ સૈકાના ઉત્તરાર્ધમાં યુરોપની ઔદ્યોગિક પ્રવૃત્તિ ઘણીજ ઉતાવળથી આગળ વધી. તેની હિંદુસ્થાનની જરાએ ખબર પડી નહિ. ૧૭૬૪ માં જેમ્સવૉટે એંજીનમાં સુધારો કર્યો. ૧૭૮૭ માં કાર્ટ રાઇટે વરાળ શક્તિથી ચાલતું યંત્ર તૈયાર કર્યું. તેને લીધે ઇંગ્લંડનો સુતરાઉ કાપડ વણવાનો ધંધો એકદમ આગળ વધ્યો. ૧૮ મા સૈકાના મધ્ય ભાગે ઇંગ્લંડની ૪૫ હજાર